ॐ

# ચૈત્યવંદન ચોવીશી

(અર્થ સહિત)

ભાગ-૧



સંયોજક

પારસભાઈ જૈન

પ્રકાશક

શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર, બેંગ્લોર

## આ ગ્રંથ પ્રકાશનના બે ભાગમાં ભાગ લેનાર દાતાઓની યાદી

"દાન છે તે વાવવા જેવું છે. એક દાણો વાવે તો હજાર દાણા થાય. અદત્તા-દાન એટલે આપ્યા વગર લેવું તે ચોરી છે. દાન કરે તો પુણ્ય થાય છે, અદત્તાદાનથી પાપ થાય છે. મુનિને દાન કરે—શાસ્ત્રનું દાન, ઔષધદાન, અભય-દાન, આહારદાન એ બધાં પુણ્યનાં કારણ છે. જેમાં પાપ થાય તેવું દાન દેવા યોગ્ય નથી. કરુણાદાનમાં દયાભાવ હોય છે અને પાત્રદાનમાં પૂજ્યભાવ હોય છે. કૂવાનું પાણી વપરાતું સારું રહે, તેમ દાનમાં પૈસા વપરાય તો સારું રહે. જેણે આપ્યું ન હોય તેના ઘરમાં પછી આપવાનુંય ન રહે." —બોધામૃત ભાગ-૧ (પૃ.૨૯૪)

| | | |
|---|---|---|
| ૬૧,૦૦૦/- | શ્રી સંતોકચંદજી હસ્તીમલજી કુસીપવાલા તથા પરિવાર | સુરત |
| ૩૫,૦૦૦/- | શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર | બેંગ્લોર |
| ૨૫,૦૦૦/- | શ્રી વર્ષાબેન હરિશ્ચંદ્ર હસ્તે જય કૃષ્ણરાજ હરિશ્ચંદ્ર પટેલ | અમેરીકા |
| ૨૧,૦૦૧/- | શ્રી લક્ષ્મીબેન નાથુભાઈ પટેલ | સુરત |
| ૨૦,૦૦૧/- | શ્રી મુમુક્ષુબેન | અગાસ આશ્રમ |
| ૧૮,૧૦૧/- | શ્રી સોનલબેન જયેશભાઈ પટેલ | અમેરીકા |
| ૫,૦૦૧/- | શ્રી ભાવનાબેન પારસભાઈ જૈન | અગાસ આશ્રમ |
| ૧,૧૦૧/- | શ્રી શાંતિલાલજી હસ્તીમલજી હુંડિયા | બેંગ્લોર |
| ૧,૧૦૧/- | શ્રી સૂરજબેન શાંતિલાલજી હુંડિયા | બેંગ્લોર |
| ૧,૦૦૧/- | શ્રી રાજેશકુમાર શાંતિલાલજી હુંડિયા | બેંગ્લોર |
| ૧,૦૦૧/- | શ્રી શિલ્પાબેન રાજેશકુમાર હુંડિયા | બેંગ્લોર |
| ૧,૦૦૧/- | શ્રી કવિતાબેન રાજેન્દ્રકુમાર મુથા | અમેરીકા |
| ૧,૦૦૧/- | શ્રી રેખાબેન મનીષકુમાર કુહાડ | બેંગ્લોર |
| ૧,૦૦૧/- | શ્રી બિન્દુબેન અભયકુમાર મુથા | જલગાંવ |
| ૧,૦૦૧/- | શ્રી સ્વીટીબેન શાંતિલાલજી હુંડિયા | બેંગ્લોર |

પ્રાપ્તિસ્થાન

| શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર | પ્રકાશક | શ્રીમદ્ રાજચંદ્ર |
|---|---|---|
| શ્રીમદ્ રાજચંદ્ર માર્ગ | શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર | જ્ઞાનમંદિર |
| આર.બી.મેતા રોડ, | રાજ કોમ્પલેક્ષ, પાંચમા માળે, | આકાશવાણી રોડ, |
| ઘાટકોપર (ઈસ્ટ) | નં.૭ આરકોટ, | રાજકોટ (ગુજરાત) |
| મુંબઈ ૪૦૦ ૦૭૭ | શ્રી નિવાસાચાર સ્ટ્રીટ, | પીનકોડ ૩૬૦ ૦૦૧ |
| | બેંગ્લોર-૫૬૦૦૫૩ | |

પ્રથમાવૃત્તિ, પ્રત ૨૦૦૦, ઇસ્વી સન્ ૨૦૦૭

વેચાણ કિંમત રૂા. ૫/-

# પ્રથમાવૃત્તિનું નિવેદન

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથના પૃષ્ઠ ૬૭૧ ઉપર પરમકૃપાળુદેવે ઉપદેશનોંધમાં શ્રી મનસુખભાઈ કિરતચંદને જણાવેલ છે કે –

**"આનંદઘનજી ચોવીશીના અર્થ પણ વિવેચન સાથે લખશો."**

આ ચૈત્યવંદન ચોવીશી નામના ગ્રંથમાં શ્રી આનંદઘનજી, શ્રી દેવચંદ્રજી, શ્રી યશોવિજયજી અને શ્રી મોહનવિજયજી મહારાજ વગેરેના મળી કુલ ૨૧૧ સ્તવનો છે, તે બધાનો સંક્ષિપ્ત અર્થ એક સાથે અત્રે આપીએ છીએ.

અગાસ આશ્રમમાં પ્રતિદિન યોજાયેલ સવારના ભક્તિક્રમમાં પ્રત્યેક તીર્થંકર ભગવાનના ૪-૪ સ્તવનો ૮૫ વર્ષથી બોલાય છે. ૫-૬ વર્ષ પહેલાં અગાસ આશ્રમના સભામંડપમાં આ બધા જ સ્તવનોના અર્થ સંક્ષેપમાં કરી વાંચવામાં આવેલા. તે સમયે ઘણાએ એવી ભાવના દર્શાવેલી કે આ બધા સ્તવનોના અર્થ જો પુસ્તકરૂપે છપાય તો ઘણાને આ સ્તવનોના અર્થ પૂરા સમજાતા નથી તે સમજાય; અને તે સ્તવનો બોલતા વિશેષ ભાવવૃદ્ધિનું કારણ થાય.

એ વિચારને ધ્યાનમાં લઈ ફરીથી સુધારી ટૂંકાણમાં સરળતાથી જિજ્ઞાસુ ભવ્યોને તેનો અર્થ કિંચિત્ સમજાય એવો પ્રયાસ કરેલ છે. સ્તવનની પ્રત્યેક ગાથાની લીટી ક્રમપૂર્વક એક પછી એક સમજાય તે પ્રમાણે મોટા ભાગે અર્થ લેવાનો પ્રયત્ન કર્યો છે. તથા સ્તવનોનો ક્રમ પણ નિત્યક્રમ પ્રમાણે રાખેલ છે.

શ્રી આનંદઘનજી મહારાજના સ્તવનોના અર્થ શ્રી જ્ઞાનવિમલસૂરિના આધારે કરવામાં આવ્યા છે. શ્રી દેવચંદ્રજી મહારાજના સ્તવનોના અર્થ શ્રી દેવચંદ્રજી મહારાજે સ્વયં વિસ્તારથી કરેલ છે તેના આધારે, તથા શ્રી કલાપૂર્ણસૂરિના કરેલ અર્થના આધારે કર્યાં છે. શ્રી યશોવિજયજી મહારાજના સ્તવનોના અર્થ શ્રી દુર્લભદાસ કાલિદાસ શાહના આધારે તથા શ્રી મોહનવિજયજી મહારાજના સ્તવનોના અર્થ શ્રી રામવિજયજી મહારાજના આધારે કરેલ છે.

તથા વીસ વિહરમાન સ્તવનોના અર્થ શ્રી ગાંગજી વીરજીના આધારે તથા અતીત ચોવીશીના અર્થ ડૉ. શ્રી વલ્લભભાઈ મહેતાના આધારે કરેલ છે.

આ કરેલ અર્થોમાં ક્યાંય પણ ભાવોમાં ફેર જણાય તો તે પ્રત્યે ધ્યાન દોરવા વિનંતિ છે. અંતમાં શ્રી આનંદઘનજી, શ્રી દેવચંદ્રજી, શ્રી યશોવિજયજીના જીવનચરિત્રો પણ ઉમેરેલ છે. સુજ્ઞ વાચકવર્ગ આ અર્થોને વાંચી, શ્રદ્ધાપૂર્વક પ્રભુ પ્રત્યે ભક્તિમાન બને એ જ શુભેચ્છા સહ વિરમું છું.

–આત્માર્થ ઇચ્છક, પારસભાઈ જૈન



# અનુક્રમણિકા

શ્રી આનંદઘનજી, શ્રી દેવચંદ્રજી,
શ્રી યશોવિજયજી, અને શ્રી મોહનવિજયજી કૃત સ્તવનો :–


| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | શ્રી ઋષભદેવ સ્વામી | ૧ |
| ૨. | શ્રી અજિતનાથ સ્વામી | ૧૪ |
| ૩. | શ્રી સંભવનાથ સ્વામી | ૨૭ |
| ૪. | શ્રી અભિનંદન સ્વામી | ૩૭ |
| ૫. | શ્રી સુમતિનાથ સ્વામી | ૫૧ |
| ૬. | શ્રી પદ્મપ્રભ સ્વામી | ૬૪ |
| ૭. | શ્રી સુપાર્શ્વનાથ સ્વામી | ૭૫ |
| ૮. | શ્રી ચંદ્રપ્રભ સ્વામી | ૮૯ |
| ૯. | શ્રી સુવિધિનાથ સ્વામી | ૧૦૩ |
| ૧૦. | શ્રી શીતલનાથ સ્વામી | ૧૧૯ |
| ૧૧. | શ્રી શ્રેયાંસનાથ સ્વામી | ૧૩૨ |
| ૧૨. | શ્રી વાસુપૂજ્ય સ્વામી | ૧૪૪ |
| ૧૩. | શ્રી વિમલનાથ સ્વામી | ૧૫૬ |
| ૧૪. | શ્રી અનંતનાથ સ્વામી | ૧૬૮ |
| ૧૫. | શ્રી ધર્મનાથ સ્વામી | ૧૮૩ |
| ૧૬. | શ્રી શાંતિનાથ સ્વામી | ૧૯૭ |
| ૧૭. | શ્રી કુંથુનાથ સ્વામી | ૨૧૫ |
| ૧૮. | શ્રી અરનાથ સ્વામી | ૨૨૯ |
| ૧૯. | શ્રી મલ્લિનાથ સ્વામી | ૨૪૫ |
| ૨૦. | શ્રી મુનિસુવ્રત સ્વામી | ૨૫૯ |
| ૨૧. | શ્રી નમિનાથ સ્વામી | ૨૭૪ |
| ૨૨. | શ્રી નેમિનાથ સ્વામી | ૨૮૯ |
| ૨૩. | શ્રી પાર્શ્વનાથ સ્વામી | ૩૦૧ |
| ૨૪. | શ્રી મહાવીર સ્વામી | ૩૧૮ |
| ૨૫. | શ્રી આનંદઘનજી આદિના જીવનચરિત્રો | ૩૪૧ |
| ૨૬. | સ્તુતિઓ | ૩૫૬ |

# (૧) શ્રી ઋષભદેવ સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(રાગ મારુ—કરમ પરીક્ષા કરણ કુંવર ચલ્યો રે—એ દેશી)

**[૧]ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;**
**રીઝ્યો સાહેબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત. ઋ૦૧**

**સંક્ષેપાર્થ :—** શ્રી આનંદઘનજીની ચૈતન્યવૃત્તિ જાણે શ્રદ્ધારૂપ પોતાની સખીને કહે છે કે હે સખી! મારા ખરા પ્રીતમ કહેતા સ્વામી તો શ્રી ઋષભ જિનેશ્વર પરમાત્મા છે કે જેણે સંપૂર્ણ રાગ દ્વેષનો ક્ષય કરી અનંત અવ્યાબાધ સુખમાં સ્થિતિ કરી છે. તેથી હવે હું બીજા કોઈ સાંસારિક કંત એટલે પતિની ઇચ્છા રાખતી નથી.

સાંસારિક પતિ તો પોતે પણ જન્મ જરા મરણ રોગાદિથી ગ્રસિત છે તેથી તેમનો વિયોગ પણ થાય; જ્યારે આ સાહેબરૂપ ભગવાન તો એકવાર રીઝયા અર્થાત્ પ્રસન્ન થયા તો ભવિષ્યમાં કોઈ કાળે મારો સંગ છોડનાર નથી. એમની સાથેનો મારો સંબંધ સાદિ અનંતના ભાંગે છે, અર્થાત્ એ સંબંધની આદિ એટલે શરૂઆત છે પણ એનો કોઈ કાળે અંત નથી. એવા ભાંગાનો એટલે એવા પ્રકારનો આ સંબંધ હોવાથી મારે તો એ સિવાય જગતમાં હવે બીજા કોઈ સાથે પ્રીતિ બાંધવાની ઇચ્છા જ નથી. શાશ્વત સુખ પ્રાપ્તિનો સાગર મળી ગયો તો હવે ખાબોચિયા જેવા ઇન્દ્રિય સુખની ઇચ્છા કોણ કરે? ।।૧।।

**પ્રીતસગાઈ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઈ ન કોય;**
**પ્રીત સગાઈ રે નિરુપાધિક કહી રે, સોપાધિક ધન ખોય.ઋ૦૨**

**સંક્ષેપાર્થ :—** જગતમાં સર્વ જીવો બેટાબેટીના સંબંધ જોડી પ્રેમનું સગપણ કરે છે. પણ તે પ્રીત સગાઈ સાચી નથી. કારણ કે તે ક્ષણિક છે, રંડાપો પણ આપી દે અથવા પરસ્પર મોહ વધારી અંતે ચારગતિમાં જ રઝળાવનાર છે.

સાચી પ્રીત સગાઈ તો ઉપાધિરહિત હોવી જોઈએ. **'જ્યાં ઉપાધિ છે ત્યાં અનાથતા છે.'** સંસારી જીવોનું સગપણ કુટુંબને વધારનાર હોવાથી વ્યવહાર અને વ્યાપારની અનેક પ્રકારની ઉપાધિને આપનાર છે. અને ઉપાધિ સહિત

[૧]આ સ્તવનનો અર્થ 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ—પત્રાંક ૭૫૩ માં વિસ્તારથી છે ત્યાંથી વાંચી લેવો.



જીવન તે દ્રવ્યધન તેમજ આત્મધન બન્નેને ખોનાર છે. માટે કહ્યું છે કે—

**"સાચી સગાઈ સૃષ્ટિમાં, છે સદ્ગુરુની`ક;**
**બીજી તેના ભક્તની, બાકી ઝૂઠી અનેક."**-પૂ.શ્રી બ્રહ્મચારીજી ।।૨।।

**કોઈ કંત કારણ કાષ્ઠભક્ષણ કરે રે, મિલશું કંતને ાય;**
**એ મેળો નવિ કહિયે સંભવે રે, મેળો ઠામ ન ઠાય. ઋ૦૩**

**સંક્ષેપાર્થ :—** કોઈ સ્ત્રીઓ પોતાના કંત એટલે પતિને મળવાની ઇચ્છાથી કાષ્ઠભક્ષણ કરે છે અર્થાત્ પતિની સાથે બળી મરીને સતી થવા ઇચ્છે છે; અને એમ કરવાથી અમે અમારા કંતને ધાય એટલે દોડીને જાણે શીઘ્ર મેળવી લઈશું એમ માને છે.

પણ એ મેળાપનો કંઈ સંભવ નથી. કારણ કે મળવાનું ઠામ કહેતા સ્થાન તે ન ઠાય કહેતાં તેની ખબર નથી. પતિએ પોતાના કર્માનુસાર ક્યાં જન્મ લીધો તેની ખબર નથી. અને પોતે પણ પોતાના કર્મ અનુસાર ક્યાં જન્મ લેશે તેની પણ ખબર નથી. માટે નાશવંત પતિનો આ મોહ મૂકી દઈ શાશ્વત પતિસ્વરૂપ ભગવાનમાં જ પ્રીતિ કરવી યોગ્ય છે. ।।૩।।

**કોઈ પતિરંજન અતિ ઘણું તપ કરે રે, પતિરંજન તન ।પ;**
**એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુમિલાપ. ઋ૦૪**

**સંક્ષેપાર્થ :—** કોઈ સ્ત્રીઓ પોતાના પતિને રંજન કરવાના લક્ષથી ઘણું તપ કરે, પણ એ માત્ર તનતાપ એટલે કાયક્લેશ જ છે.

તેથી એ પ્રકારે પતિને રંજિત કરવાનું મેં મનમાં ધાર્યું નથી; પણ બન્નેની પ્રકૃતિનો મેળાપ થાય તો જ પતિ રંજિત થાય. ધાતુ મિલાપ એટલે સ્ત્રી પોતાની પ્રકૃતિને પતિની પ્રકૃતિ અનુસાર ફેરવી શકે તો તે રંજિત થાય. તેમ ભગવાનરૂપ પતિને રાજી કરવા હોય તો સંસારની રુચિ મટાડી ભગવાનના શુદ્ધ સ્વરૂપનું સહજાત્મસ્વરૂપે ધ્યાન કરી, ભગવાનની શુદ્ધસ્વરૂપમય ધાતુ એટલે મૂળ વસ્તુ સાથે મેળાપ કરે તો ભગવાન જરૂર પ્રસન્ન થાય. ।।૪।।

**કોઈ કહે લીલા રે અલખ અલખ તણી રે, લખ પૂરે મન આશ;**
**દોષરહિતને રે લીલા નવિ ઘટે રે, લીલા દોષવિલાસ. ઋ૦૫**

**સંક્ષેપાર્થ :—** કોઈ વળી એમ કહે છે કે આ જગત છે તે તો અલખ એટલે જેનો આપણને લક્ષ ન થઈ શકે, કળી ન શકાય એવા અલખ તણી એટલે ઈશ્વરની લીલા માત્ર છે. અને જેનું સ્વરૂપ આપણા લક્ષમાં ન આવી શકે એવા

ભગવાન જ લખ એટલે લાખો લોકોના મનની ઇચ્છાઓને પૂરી કરે છે.

પણ અઢાર દૂષણથી રહિત સર્વ સુખને પામેલા એવા ભગવાનમાં આવી લીલા કરવારૂપ સ્વભાવ ઘટતો નથી. નિરંજન, નિરાકાર પરમાત્મા તો સર્વ કર્મમળથી રહિત છે. તેમાં આ જગતનું કર્ત્તાપણું સંભવતું નથી. કેમકે લીલા કરવી એ રાગીદ્વેષી જીવોનું કામ છે; તેથી દોષરૂપ છે. એવો દોષનો વિલાસ ભગવાન કદી કરે નહીં; અને કરે તે ભગવાન હોય નહીં. ।।૫।।

**ચિત્તપ્રસન્ને રે પૂજનફલ કહ્યું રે, પૂજા અખંડિત એહ;**
**કપટરહિત થઈ આતમ અરપણા રે, આનંદઘનપદ રેહ. ઋ૦૬**

**સંક્ષેપાર્થ :–** પૂજાનું ફળ ચિત્ત પ્રસન્નતા છે અને એ જ અખંડિત પૂજા છે. પતિની સેવાના ઘણા પ્રકાર છે. પણ સર્વમાં શ્રેષ્ઠ તે ચિત્ત પ્રસન્નતા છે. કપટરહિત થઈને ખરા આત્મભાવે પતિની સેવા કરવામાં આવે તો ખરેખર ચિત્ત પ્રસન્ન થાય; અને તે સેવાનો ભાવ પણ અખંડ રહે એમ છે.

તેમ ભગવાનરૂપ પતિની સેવાના પણ દ્રવ્યપૂજા, ભાવપૂજા વગેરે અનેક પ્રકાર છે. પણ સર્વમાં શ્રેષ્ઠ પૂજા તો કપટરહિત થઈ એટલે કષાયભાવ ઉપશાંત કરીને પોતાની ચૈતન્યવૃત્તિને ઘણા ઉલ્લાસભાવે ભગવાનના શુદ્ધ સ્વરૂપમાં તન્મય કરવી તે છે. તે વડે આપણું ચિત્ત નિર્વિકાર થઈ પ્રસન્ન થાય છે. તે ખરી ચિત્ત પ્રસન્નતા છે. અને તે જ અખંડિત પૂજા છે. કારણ કે મન ભગવાનમાં લીન છે તો વચન કાયાના યોગ પણ મનને જ આધીન હોવાથી તે પણ બીજે જાય નહીં. એમ મન વચન કાયાના ત્રણેય યોગ ભગવાનમાં જ લીન રહેવાથી જગતના ભાવોની વિસ્મૃતિ થઈ બધા વિકલ્પો મટે છે. અને તેવા ભાવથી જ્ઞાનીપુરુષની આજ્ઞા ઉઠાવવારૂપ અખંડ સેવાનું સ્વરૂપ ધારણ કરે છે. માટે ધનાદિ બીજું બધું ભગવાનને અર્પણ કરે પણ આત્માની વૃત્તિ ભગવાનમાં લીન ન કરે તો તે માયાકપટ છે. ભગવાનમાં ચિત્તવૃત્તિની લીનતા કરવી એ જ ખરી આત્મ-અરપણતા છે. અને તેવી પૂજાથી ચિત્તને શાંતિ મળે છે. એજ આનંદઘન પદ પ્રાપ્તિની રેખા છે; અર્થાત્ મોક્ષના આનંદઘનસ્વરૂપ અનંત સુખને પામવાની નિશાની છે. ।।૬।।

---

## (૧) શ્રી ઋષભદેવ સ્વામી

### શ્રીમદ્ દેવચંદ્રજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન



(નીંદરડી વેરણ હુઈ રહી.......એ દેશી)

**ઋષભ જિણંદશું પ્રીતડી, કિમ કીજે હો કહો ચતુર વિચાર;**
**પ્રભુજી જઈ અલગા વસ્યા, તિહાં કિણે નવિ હો કો વચન ઉચ્ચાર. ઋ૦૧**

**સંક્ષેપાર્થ :–** ચતુર એટલે મોક્ષસુખ મેળવવામાં ચતુર એવા હે જ્ઞાની-પુરુષો! આ નીરાગી પરમાત્મા શ્રી ઋષભ જિણંદ સાથે મારે પ્રીતિ કેવી રીતે કરવી. કેમકે પ્રભુ તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી સર્વ પ્રકારે મારાથી ઘણા દૂર છે, અર્થાત્ લોકાન્તે મોક્ષમાં જઈ બિરાજ્યા છે. ત્યાં સિદ્ધ અવસ્થામાં વચન યોગ પણ નથી. તો મારે તેમની સાથે પ્રીતિ કરવાનો કયો પ્રકાર યોગ્ય છે તે આપ કૃપા કરી જણાવો. ।।૧।।

**કાગળ પણ પહોંચે નહિ, નવિ પહોંચે હો તિહાં કો પરધાન;**
**જે પહોંચે તે તુમ સમો, નવિ ભાખે હો કોનું વ્યવધાન. ૦૨**

**સંક્ષેપાર્થ :–** સિદ્ધ ગતિમાં કાગળ પણ પહોંચતો નથી અથવા કોઈ પ્રધાન પુરુષને મોકલીએ તો તે પણ ત્યાં જઈ શકે નહીં. અને જે ત્યાં પહોંચી શકે તે બધા આપ જેવા વીતરાગ, અયોગી અને અસંગ હોવાથી કોઈનું વ્યવધાન એટલે સંદેશો પણ ત્યાં ભાખતા નથી અર્થાત્ જણાવતા નથી. ।।૨।।

**પ્રીતિ કરે તે રાગીઆ, જિનવરજી હો તુમે તો વીતરાગ;**
**પ્રીતડી જેહ અરાગીથી, ભેળવવી હો તે લોકોત્તર માર્ગ. ઋ૦૩**

**સંક્ષેપાર્થ :–** જે આપની સાથે પ્રીતિ કરે તે રાગી જીવ રાગ સહિત છે, જ્યારે જિનવરજી એવા પ્રભુ તો વીતરાગ છે—રાગ રહિત છે. એવા નીરાગી પરમાત્મા સાથે પ્રીતિ કરવી તે અસામાન્ય, અદ્ભુત એવો લોકોત્તર માર્ગ છે. લોકોમાં રાગી સાથે પ્રીતિ કરવી સહેલી છે પણ જેનામાં રાગનો અંશ પણ નથી એવા પ્રભુ સાથે પ્રીતિ ભેળવવી એટલે કરવી તે તો અતિ આશ્ચર્યકારક લોકોત્તર માર્ગ જણાય છે. ।।૩।।

**પ્રીતિ અનાદિની વિષ ભરી, તે રીતે હો કરવા મુજાવ;**
**કરવી નિર્વિષ પ્રીતડી, કિણ ભાંતે હો કહો બને બનાવ. ઋ૦૪**

**સંક્ષેપાર્થ :–** સંસારી જીવોને અનાદિકાળથી પુદ્ગલના વિષયો પ્રત્યેની વિષમય પ્રીતિનો અભ્યાસ છે. તેવો આપની સાથે વિષમય પ્રેમ કરવાનો મારો અનુરાગ છે. પણ હે નાથ! હવે તો આપની સાથે વિષયાભિલાષ કે આલોક પરલોકની ઇચ્છા રહિત એવી નિર્વિષ માત્ર સ્વસ્વરૂપ પ્રાપ્તિ અર્થે રાગદ્વેષરૂપ

વિષથી રહિત પ્રીતિ કરવી હોય તો તે કેવી રીતે બની શકે ? તેનો ઉપાય હે કૃપાળુ કૃપા કરી મને દર્શાવો. ।।૪।।

**પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ;**
**પરમપુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણ-ગેહ. ઋ૦૫**

**સંક્ષેપાર્થ :–** હવે જ્ઞાનીપુરુષો નિર્વિષ પ્રીતિનો ઉપાય દર્શાવે છે :–

પરપુદ્ગલિક પદાર્થો સાથે અનાદિનો જે અનંતો પ્રેમ છે તેને જે તોડી શકે તે જ જીવ પરમપુરુષ પરમાત્મા સાથે સાચો પ્રેમ જોડી શકે.

પરમપુરુષ એટલે પરમાત્મા સાથેનો પ્રેમ એ રાગરૂપ હોવા છતાં પરમાત્મા સાથે એકત્વતા એટલે તન્મયતા પ્રગટાવવામાં ખાસ કારણરૂપ હોવાથી એ પ્રીતિને ગુણોના ઘરરૂપ કહી છે. કારણ કે એ પ્રીતિ વડે જ આત્મા પોતાની અનંત ગુણ-સંપદાને પામી શકે છે. ।।૫।।

**પ્રભુજીને અવલંબતાં, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ;**
**દેવચંદ્રની સેવના, આપે મુજ હો અવિચળ સુખવાસ. ઋ૦૬**

**સંક્ષેપાર્થ :–** ઉપરોક્ત રીતે પ્રભુ સાથે પ્રેમ જોડી તેમનું સાચું શરણ લેવાથી આત્માની જે અનંતગુણ પર્યાયમય પ્રભુતા એટલે આત્માનું અનંત ગુણરાશીમય ઐશ્વર્ય છે તે સર્વ પ્રગટ થાય છે. દેવોમાં ચંદ્રમા સમાન એવા શ્રી અરિહંત પ્રભુની સેવા-ભક્તિ મને જરૂર, અવિચળ એટલે આત્માના સુખમાં સ્થિરવાસ આપશે એવી મને પૂર્ણ ખાતરી છે.

અહીં 'દેવચંદ્ર' એટલે દેવોમાં ચંદ્ર સમાન પ્રભુ અથવા એવા સ્તવનવડે સ્તુતિકર્તા શ્રી દેવચંદજીએ પોતાનું નામ સૂચવ્યું છે. આગળના બધા સ્તવનોમાં આ પ્રમાણે સમજી લેવું. ।।૬।।

---

# (૧) શ્રી ઋષભદેવ સ્વામી

## શ્રી યશોવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(મહાવિદેહ ક્ષેત્ર સોહામણો—એ દેશી)

**જગજીવન જગવાલહો, મરુદેવીનો નંદ લાલ રે;**
**મુખ દીઠે સુખ ઊપજે, દર્શન અતિહિ આનંદ લાલ રે. જ૦૧**

**અર્થ :–** જગતના જીવનરૂપ, જગતને વહાલા એવા શ્રી ઋષભ પ્રભુ



મરુદેવી માતાના પુત્ર છે; તેમનું મુખ કમળ જોવાથી નિરાકુલ સુખ ઊપજે છે અને તેમનું ભાવપૂર્વક દર્શન તો અત્યંત આનંદનું કારણ થાય છે.

**ભાવાર્થ :–** કેવળીભગવાનમાં સર્વોપરી એવા શ્રી ઋષભદેવ ભગવાન તે તીર્થંકર નામકર્મથી યુક્ત છે. એવા પ્રભુની સ્તવના કરતાં ઉપાધ્યાય શ્રીમાન યશોવિજયજી મહારાજ કહે છે કે સંસારમાં આધિ એટલે માનસિક પીડા, વ્યાધિ એટલે શારીરિક પીડા અને ઉપાધિ એટલે બીજી અનેક પ્રકારની કુટુંબ આદિ સંબંધી પીડાથી પીડાતા જગતના જીવોને ધર્મોપદેશ આપી શાતા ઉપજાવી, સાચું જીવન જીવવાનો માર્ગ બતાવનાર એવા શ્રી ઋષભદેવ પ્રભુ જગતના જીવનરૂપ છે એટલે આધારરૂપ છે. તેથી જગતના જીવોને પ્રાણથી પણ અધિક પ્રિય હોવાથી 'જગવાલહા'નું બિરૂદ ધરાવનાર છે. એવા શ્રી ઋષભદેવ શ્રી મરુદેવી માતાના પુત્ર છે અને 'લાલ' એટલે ગુણે કરી શોભતા એવા મારા પ્રભુ છે. એ પ્રભુની નિર્વિકાર મુખમુદ્રાની પ્રભાને સંસાર તાપથી તપ્તજનો માત્ર સ્થિર દૃષ્ટિથી જોતાં પરમશાંતિ સુખને અનુભવે છે અને પોતાની પીડા માત્ર ભૂલી જાય છે. વળી ભાવથી તેમના આત્માનું દર્શન કરતાં શ્રદ્ધારૂપ સમકિતની પ્રાપ્તિ કરે છે અને પરંપરાએ સાચા આત્મસુખરૂપ નિશ્ચય સમકિતને પામી કેવળજ્ઞાનને વરે છે. ।।૧।।

**આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશી સમ ભાલ લાલ રે;**
**વદન તે શારદ ચંદલો, વાણી અતિહિ રસાલ લાલ રે, જગ૦૨**

**અર્થ :–** એ પ્રભુના ચક્ષુઓ કમળની પાંખડી સમાન છે, કપાળ અષ્ટમીના ચંદ્રમા જેવું છે, તથા મુખ તો શરદઋતુના ચંદ્ર જેવું છે અને વાણી તો અત્યંત આત્મરસથી ભરપૂર છે.

**ભાવાર્થ :–** એ પ્રભુના ચક્ષુઓ કમળના પુષ્પની પાંખડી જેવા વિકસિત-ખીલેલા છે, એમનું કપાળ અષ્ટમીના ચંદ્રમા જેવું અર્ધ ગોળાકાર છે. વળી એમનું મુખ તો આસો માસની પૂર્ણિમાના પૂર્ણ ચંદ્ર જેવું ગોળાકૃતિવાળું, પ્રકાશમાન અને અત્યંત શીતલતા ઉત્પન્ન કરનાર છે. જો કે દર માસે પૂનમની રાત્રિએ ચંદ્ર પૂર્ણ હોય છે છતાં શરદ પૂનમની રાત્રિએ ચંદ્રમા વિશેષ રળિયામણો તથા વિશેષ શીતલતાકારક હોય છે, તેથી અત્ર એ ચંદ્રમાની ઉપમા આપી છે. વળી એમની પાંત્રીસ ગુણયુક્ત વાણી તો પરમ અમૃતરસને આપનારી છે. એને સાંભળતા તૃપ્તિ જ થતી નથી અને ફરી ફરી તેને શ્રવણ કરવાની ઇચ્છા રહ્યા કરે છે. ।।૨।।

**લક્ષણ અંગે વિરાજતાં, અડહિય સહસ ઉદાર લાલરે;**
**રેખા કર ચરણાદિકે, અભ્યંતર નહિ પાર લાલ રે, જગ૦૩**

**અર્થ :–** એ પ્રભુના શરીર ઉપર એક હજારને આઠ મોટા લક્ષણો શોભી રહ્યા છે. હાથ પગના તળીયાં ઉપર અનેક પ્રકારની શુભ રેખાઓ દેદીપ્યમાન છે, અને શરીરની અંદરનાં લક્ષણો તો પાર વિનાનાં છે.

**ભાવાર્થ :–** એ પ્રભુના હસ્ત અને પાદને વિષે છત્ર, ચામર, પદ્મ, શ્રીવત્સ, સ્વસ્તિક અને ચક્ર આદિ અનેક પ્રકારની રેખાઓ હોય છે. શરીર ઉપર એક હજારને આઠ શ્રેષ્ઠ તથા મનોહર લક્ષણો-ચિહ્નો હોય છે કે જે પ્રભુની ઉત્તમ સત્પુરુષતાનું સૂચન કરે છે. લોકોત્તર પુરુષ વિના એવાં બાહ્ય લક્ષણોનો સદ્ભાવ હોતો નથી. આ તો અંગના બાહ્ય લક્ષણોની વાત કરી, બાકી એમનાં અંતર્ગત લક્ષણો એટલે આત્મિક ગુણોનો તો પાર જ નથી એટલે તે તો અનંતા છે. ।।૩।।

**ઇંદ્ર, ચંદ્ર રવિ ગિરિતણા, ગુણ લહી ઘડીયું અંગ લાલ રે;**
**ભાગ્ય કિહાં થકી આવીયું, અચરિજ એહ ઉત્તંગ લાલ રે, જગ૦૪**

**અર્થ :–** ઇંદ્ર, ચંદ્ર, સૂર્ય અને પર્વતના ગુણો લઈ એ પ્રભુનું અંગ ઘડવામાં આવ્યું તે તો બરાબર છે. પરંતુ આવું ઉત્કૃષ્ટ ભાગ્ય ક્યાંથી આવ્યું ? એ ઉત્તંગ એટલે મોટું આશ્ચર્ય છે. કેમકે ઇંદ્ર ચંદ્રાદિકનું પણ ભાગ્ય તેવું હોતું નથી.

**ભાવાર્થ :–** વિધાતાએ, ઇંદ્રનો રૂપગુણ લઈ, ચંદ્રનો શીતલતા ગુણ લઈ, સૂર્યનો પ્રતાપ એટલે ઉગ્રતેજ ગુણ લઈ તથા પર્વતનો ધૈર્ય એટલે અડગ સહનશીલતા ગુણ લઈ એ પ્રભુના શરીરનું નિર્માણ કર્યું છે, તે તો બરાબર છે. ઉત્કૃષ્ટ પુણ્યયોગે એવી શરીર રચના થાય છે. કોઈપણ અન્ય પુરુષના સંબંધમાં આવી ભવ્ય અંગ રચનાની સ્થિતિ બનતી નથી. પરંતુ પ્રભુનું જે અદ્ભુત ભાગ્ય છે તે ક્યાંથી આવ્યું ? એ મહદ્ આશ્ચર્ય ઉપજાવે છે. કેમકે ઇંદ્ર, ચંદ્ર, રવિ કે ગિરિનું ભાગ્ય તો એમના કરતાં અત્યંત ન્યૂન છે. પ્રભુને તો એ ઇંદ્રાદિ સર્વ પૂજે છે, કેવળજ્ઞાન છે, સર્વ જીવો પોતપોતાની ભાષામાં સમજી શકે એવી વાણીની લબ્ધિ છે અને પોતાની આસપાસ ૫૦૦ ગાઉમાં રોગનો અભાવ કરે આદિ અતિશયરૂપ મહાભાગ્ય પ્રભુનું છે, તે ક્યાંથી આવ્યું ? એ મહાન આશ્ચર્યકારક છે. ।।૪।।

**ગુણ સઘળા અંગે કર્યા, દૂર કર્યા સવિ દોષ લાલ રે;**
**વાચક યશવિજયે થુણ્યો, દેજો સુખનો પોષ લાલ રે, જગ૦૫**

**અર્થ :–** હે પ્રભુ ! આપે સર્વ ગુણોને સ્વાધીન કર્યાં અને દોષ માત્રને



દૂર કર્યાં છે. માટે વાચક યશોવિજયજી પ્રભુની સ્તવના કરતા કહે છે કે હે પ્રભુ ! અમને પણ સાચું આત્મિક સુખ પ્રાપ્ત થાય એવું પોષણ આપો.

**ભાવાર્થ :–** પ્રભુએ આત્માના જ્ઞાન, દર્શન તથા ચારિત્રાદિ અનંત ગુણોને સર્વ ઘાતીકર્મોનો નાશ કરી પ્રગટાવ્યા. તથા મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, કામ, રાગ તથા દ્વેષાદિ અનંત દોષોનો આત્યંતિક વિનાશ કર્યો. તેથી શ્રી યશોવિજયજી મહારાજે પ્રાર્થના કરીને પ્રભુ પાસે માંગ્યુ કે હે પ્રભુ ! અમને પણ અમારું સાચું આત્મિક સુખ પ્રાપ્ત થાય એવું પોષણ આપો અર્થાત્ અમારા આત્મિક ગુણોને આચ્છાદિત કરીને રહેલા એવા કર્મોને અમે હણી શકીએ એવું બળ અમારામાં પ્રગટાવો જેથી અમે પણ આપની કૃપાએ શાશ્વત સુખશાંતિ સ્વરૂપ એવા મોક્ષપદને પામીએ. ।।૫।।

---

# (૧) શ્રી ઋષભદેવ સ્વામી

## શ્રી મોહનવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

**બાળપણે આપણ સસનેહી, રમતા નવ નવ વેષે;**
**આજ તુમે પામ્યા પ્રભુતાઈ, અમે તો સંસાર-નિવેશે.**
**હો પ્રભુજી ! ઓલંભડે મત ખીજો. ૧**

**અર્થ :–** હે પ્રભુજી ! બાળપણમાં આપણે સ્નેહપૂર્વક નવા નવા વેષ એટલે અનેક પ્રકારની રમતો રમતા હતાં. તે સંબંધ છોડી દઈ આપ તો ત્રણ ભુવનની ઠકુરાઈ એવા મોક્ષપદને પામ્યા, અને અમે તો સંસારની ચારગતિઓમાંજ ભટકતાં રહ્યાં. આપની સાથે આવા પ્રકારનો ઘણો સંબંધ છતાં આમ કરવું તે ઉચિત નહોતું. આવા ઓલભંડાથી પ્રભુજી મારા ઉપર કોપ કરશો નહીં.

**ભાવાર્થ :–** આ અસાર અને અનાદિ સંસારમાં એક એક જીવની સાથે બધા સંબંધો થઈ ચૂક્યા છે. એ ન્યાયથી આપણા આત્માની સાથે પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનનાં આત્માનો સંબંધ પણ થઈ ગયો છે એ વાત સત્ય છે.

કોઈ વખતે પૃથ્વીકાયમાં, કોઈ વખતે અપકાયમાં તેમજ તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય, નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવ એવી રીતે ચોરાશી લાખ જીવયોનિમાં અનંતી અનંતી વાર સંબંધો જોડાયા છે. તેથી શ્રી મોહનવિજયજી મહારાજ કહે છે કે ‘‘પ્રભુ આપણે એક વખત

બાળપણામાં નવા નવા વેષ કરી રમતા હતાં. તે સંબંધ છોડી દઈ આપ મોક્ષે પધાર્યા અને અમે તો સંસારમાં જ રખડતા રહ્યાં. દુનિયામાં મનુષ્યોનો એવો વ્યવહાર છે કે પ્રથમ અલ્પકાળનો સ્નેહ હોય અને ઘણા વખત પછી ફરી મળવાનું થાય તો તે વખતે પ્રેમની ઊર્મિઓ ઊછળે છે. જ્યારે તમે તો તેનાથી ઊલટું કર્યું. ઘણા કાળનો પ્રેમથી ભરપૂર એવો તમારી સાથે અમારો સંબંધ હતો, તે છોડી દઈ અમને સંસારમાં જ પડતા મૂકી તમે એકલા શિવ મંદિરમાં ચાલ્યા ગયા, તે ઠીક કર્યું નહીં. આવા ઓલંભાથી હે પ્રભુ ! તમે કોપ કરશો નહીં. આ મારી ભક્તિરસથી ભરેલી હૃદયની ઊર્મિઓ તમારા સિવાય હું કોને કહું, તેથી આપને સંભળાવી હૃદય ખાલી કરું છું. ।।૧।।

**જો તુમ ધ્યાતાં શિવસુખ લહીએ, તો તુમને કેઈ ધ્યાવે;**
**પણ ભવસ્થિતિ પરિપાક થયા વિણ, કોઈ ન મુક્તિ જાવે.**
**હો પ્રભુજી ! ઓ૦૨**

**અર્થ :–** હે પ્રભુ ! તમારું ધ્યાન કરતાં મોક્ષસુખ મળતું હોય તો તમારું કેટલાએ મનુષ્યો ધ્યાન કરે; પણ ભવસ્થિતિનો પરિપાક થયા વિના કોઈ મોક્ષે જતું નથી. આવા ઓલંભાથી હે પ્રભુ ! આપ ખીજશો નહીં.

**ભાવાર્થ :–** જીવોને મોક્ષ મેળવવાને માટે પ્રથમ ધ્યાન અને સાથે ભવસ્થિતિનો પરિપાક થાય, એમ બન્ને કારણ સાથે મળે તો જ મોક્ષ પ્રાપ્ત થાય એમ કહ્યું છે. તો તે ભવસ્થિતિનો પરિપાક ક્યારે થશે ? તેમાં અનંતો કાળ વહી ગયો. તોપણ હજુ સુધી મારું કાર્ય થયું નહીં. જો ભવસ્થિતિના પરિપાકથી જ મોક્ષ મળે એમ હોય તો આપે મારા જીવ પ્રત્યે કઈ રીતે મદદ કરી કહેવાય. તમારો કયા પ્રકારે ઉપકાર કહેવાય. હું આપને હાથ જોડીને કહું છું કે સ્વાર્થીજનો ઉતાવળા હોય છે તેમ મારું ધ્યાનબળ ભલે કાચું હોય, ભવસ્થિતિનો પરિપાક ન થયો હોય, તો પણ આપની પાસેથી મારે મોક્ષ તો લેવો જ છે અને તે આપવાની શક્તિ પણ આપનામાં જ છે, બીજા કોઈ દેવોમાં નથી. તો પછી આપ મારી વાતમાં બેદરકારી કરો તે કોઈ રીતે મને ગોઠતું નથી. પ્રભુજી આવા ઓલંભાથી આપ ખીજશો નહીં. મારે તો આપની પાસેથી જ મોક્ષપદ લેવું છે એ સો ટકાની સાચી વાત છે.

જેમ એક કાચું ગુમડું હોય તેને પકવ્યા વિના તે મટે નહીં. એવા ગુમડાને પકાવવાને માટે મલમ તથા ઘઉંની પોટિસ લગાડવામાં આવે છે. આ પ્રયોગથી ગુમડું પાકી જાય ત્યારે તરત મટી જાય છે. આ દૃષ્ટાંતથી ભવસ્થિતિરૂપ ગુમડાને



પકાવવાને ધ્યાનરૂપ પોટિસની ઘણી જરૂર છે, આ વાત સ્વાભાવિક છે. તો ઉત્તમ પ્રકારના શુક્લ ધ્યાન વિના અને ભવસ્થિતિનો પરિપાક થવા અર્થે પુરુષાર્થ-રૂપ ક્રિયા કર્યા વિના કોઈ દિવસ આત્માનું કાર્ય સિદ્ધ થવાનું નથી. આમ છતાં પણ ઉપર કહેલું કાર્ય સાધવા માટે અથવા પ્રભુ પ્રત્યે પ્રીતિભક્તિ ઉત્પન્ન કરવાને અર્થે આ ઓલંભાઓ તે નિશાળની પ્રથમ ક્લાસના એકડીયારૂપ છે. એ ભક્તિરસ સુસ્થાને છે, પણ માર્ગની બહાર નથી; એમ કર્તા પુરુષ માને છે. ।।૨।।

**સિદ્ધનિવાસ લહે ભવિ સિદ્ધિ તેમાં શો પાડ તમારો ?**
**તો ઉપકાર તમારો લહીએ, અભવ્યસિદ્ધને તારો.**
**હો પ્રભુજી ! ઓ૦૩**

**અર્થ :–** ભવ્યજીવોમાં યોગ્યતા હોવાથી તે મોક્ષે જઈ શકે છે. પણ તેમાં કંઈ તમારો ઉપકાર કહેવાય નહીં. તમારો ઉપકાર ક્યારે કહેવાય કે અભવ્ય જીવને પણ તમે મોક્ષ પમાડી શકો; તો ખરા ઉપકારી કહેવાઓ. હે પ્રભુજી ! આવા ઓલંભાથી કોપ કરશો મા.

**ભાવાર્થ :–** આ અનાદિ અનંત સંસારમાં જીવોના ઘણા પ્રકાર છે. તેમાં મુખ્ય બે પ્રકાર છે. એક ભવ્ય જીવો અને બીજા અભવ્ય જીવો. તેમાં ભવ્ય જીવોની ભવ્યતાની છાપ તો અનાદિકાળથી સિદ્ધ છે, તેથી ગમે તેવા સંજોગોમાં પણ તે અભવ્ય થવાના નથી, તેમજ અભવ્ય સ્વભાવવાળા જીવો પણ ભવ્ય થવાના નથી. આ બન્ને પ્રકારના સ્વભાવોનું પલટવાપણું નથી, એમ કેવળજ્ઞાની પ્રભુએ કહ્યું છે. આ બન્ને પ્રકારના જીવોમાં ભવ્ય જીવોને મોક્ષની યોગ્યતા છે. અનંતકાળમાં જે અનંત જીવો મોક્ષે ગયા છે, તે ભવ્ય જીવો ગયા છે. અને ભવિષ્યકાળમાં પણ ભવ્ય જીવો જ મોક્ષે જશે. અભવ્ય જીવોનો સ્વભાવ નહિ પલટાવાથી તેઓ મોક્ષે ગયા નથી અને જશે પણ નહિ. તેના માટે દૃષ્ટાંત છે કે કોરડું મગ હોય તેને અગ્નિદ્વારા સીઝવવામાં આવે તો પણ તેનો કઠિન સ્વભાવ હોવાથી ગમે તેવા સંયોગોથી પણ તે સીઝી શકે નહીં. તેમ આ ગાથાના કર્તા પુરુષ કહે છે કે ભવ્ય જીવ મોક્ષે જાય તેમાં મુખ્યત્વે તેનો ભવ્ય સ્વભાવ કામ કરે છે. તો એમાં કાંઈ પ્રભુનો ઉપકાર કહેવાય નહીં. પણ અભવ્ય જીવોને તારે તો જરૂર ઉપકાર કર્યો કહેવાય. પણ આ વસ્તુ કદી બનતી નથી. અને બનશે પણ નહીં. છતાં ભક્તિભર્યા ઓલંભા, પ્રીતિ અને ભક્તિ વધારવાને માટે આ શબ્દોનો પ્રયોગ કરી કરવામાં આવ્યા છે. તેમાં કોઈ દોષ નથી. આવા વચનો નિશ્ચયનયથી નહીં પણ વ્યવહારનયથી શુદ્ધ આશયપણે ભક્તિરસથી કહેવાયા છે. વાસ્તવિક તો એમ જ છે કે ભવ્ય જીવ મોક્ષે જાય છે, અભવ્ય જીવ કદી પણ મુક્તિને

મેળવી શકતા નથી. ।।૩।।

**નાણરયણ પામી એકાંતે, થઈ બેઠા મેવાસી;**
**તે માંહેલો એક અંશ જો આપો, તે વાતે સાબાશી.**
**હો પ્રભુજી ! ઓ૦૪**

**અર્થ :—** કેવલજ્ઞાનરૂપ રત્ન મેળવીને એકાંતમાં આપ સ્વતંત્ર અને મેવાસી એટલે મોટા થઈ બેઠા . પણ તેમાંથી એક અંશ પણ અમને આપો તો આપને જરૂર શાબાશી ઘટે.

**ભાવાર્થ :—** પ્રભુ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષ સ્થાનમાં બિરાજમાન થયા. તેથી કોઈની સાથે પણ લેવડદેવડ કરવાની પરિસ્થિતિ રહી નહીં. આવી સ્થિતિમાં કેવળજ્ઞાનનો એક અંશ પણ જો આપો તો અમે એવા અંશરૂપ બીજમાંથી મોક્ષરૂપી વૃક્ષ પેદા કરીએ. કારણ કે કેવળજ્ઞાનનો એક અંશ તે અમારે માટે બીજ જેવો છે. જેમ આમ્રવૃક્ષનો એક જ ગોટલો બીજ રૂપે હોય તો તેને વાવ્યા પછી અંકુર, થડ, શાખા, પ્રશાખા, પાંદડા, ફુલ અને ફળ વિગેરે રૂપ બની એક મહાન વૃક્ષ તેમાંથી પેદા થાય. કારણ કે એક બીજમાં વૃક્ષ થવાની શક્તિ તિરોભાવે એટલે ગુપ્તભાવે સત્તારૂપે તેમાં રહેલી છે. પરંતુ જો અંશરૂપ બીજ જ ન હોય તો અંકુરાદિક વસ્તુ થઈ શકે નહીં. માટે અમને જો એક અંશરૂપ બીજ આપો તો અમને એક આંબાનું આખું ઝાડ આપ્યું એમ અમે નિઃશંકપણે માનીશું. તેથી કર્તા પુરુષ કહે છે કે અમને ભલે કેવળજ્ઞાનરૂપ મોક્ષ ન આપો પણ મોક્ષના બીજસ્વરૂપ સમ્યક્દર્શનરૂપ એક ગોટલો જ આપો તો પણ આપની શાબાશી સાચા હૃદયથી અમે માન્ય કરીશું. ।।૪।।

**અક્ષય પદ દેતાં ભવિજનને, સંકીર્ણતા નવિ થાય;**
**શિવ પદ દેવા જો સમરથ છો, તો જશ લેતાં શું ય ?**
**હો પ્રભુજી !ઓ૦૫**

**અર્થ :—** હે પ્રભુ ! આપ મને અક્ષયપદ આપો તો મોક્ષ સ્થાનમાં સંકીર્ણતા એટલે સંકડાશ તો નહીં થાય. જો આપ મોક્ષપદ આપવા સમર્થ છો, તો તેમ કરી યશ લેતાં આપનું શું જાય છે ?

**ભાવાર્થ :—** અનંત જીવો મોક્ષે ગયા અને અનંત જીવો ભવિષ્યમાં મોક્ષે જશે. એ બધા લોકના અગ્ર ભાગે રહેલી સિદ્ધશીલા ઉપર બિરાજમાન થાય છે. તે સિદ્ધશીલા પીસ્તાલીશ લાખ યોજન પ્રમાણ લાંબી પહોળી છે. અને



તે આઠ યોજન વચમા જાડી છે. પછી પ્રદેશે પ્રદેશે ઘટતી ઘટતી છેડા ઉપર માખીની પાંખ કરતાં પણ પાતળી છે. આ સિદ્ધશીલા સુવર્ણમય સફેદ રંગવાળી છે. સફેદ રંગની વસ્તુમાં આના કરતાં વિશેષ ઊજળી એવી વસ્તુ લોકાકાશમાં નથી માટે આ સિદ્ધશીલા અતિ ઊજવળ કહેવાય છે. આ સ્થાન ઉપર અનંતા જીવો મોક્ષે ગયા અને અનંતા જીવો મોક્ષે જશે તો પણ સંકડામણ થઈ નથી અને થશે પણ નહીં. કારણ કે અરૂપી એવા આત્માઓ આકાશ ક્ષેત્રમાં રહે છે, તે ઘણા ઘણા ભેગા મળતા છતાં પણ એકબીજાને સંકડામણ કરતા નથી. જેમકે દીવાના પ્રકાશમાં ઘણા બીજા દીવાઓનો પ્રકાશ આવ્યો હોય તો પણ એક બીજામાં ભળી જાય છે. તે વધારે જગ્યા રોકતો નથી. આવી અજવાળા જેવી રૂપી વસ્તુમાં ઘણો પ્રકાશ મળ્યા છતાં પણ સંકડાશ થતી નથી તો અરૂપી વસ્તુમાં સંકડાશ ક્યાંથી થાય ? આ દૃષ્ટાંત શાસ્ત્રમાં કહેલું પ્રત્યક્ષ અનુભવીએ છીએ. હવે કર્તા પુરુષ કહે છે કે તમે મને જો શિવપદ આપો તો કંઈ સંકડાશ થઈ જવાની નથી. તથા મોક્ષ પદ આપવા આપ સમર્થ છો, તો કાંઈ પણ મહેનત વિના આવો અપૂર્વ જશ આપને પ્રાપ્ત થાય તો તે ઉપર ધ્યાન કેમ આપતા નથી. આવો જશ લેતા તમારું શું જાય છે. આપ તો પરમ ઉપકારી સ્વભાવવાળા જ છો તો મારી આ ધારણા ઉપર જો લક્ષ આપો તો આપના આ સેવકને આનંદનો કોઈ પાર રહે નહીં. ।।૫।।

**સેવા ગુણ રંજ્યા ભવિજનને, જો તુમ કરો વડભાગી;**
**તો તમે સ્વામી કેમ કહાવો, નિર્મમ ને નિરાગી.**
**હો પ્રભુજી ! ઓ૦૬**

**અર્થ :—** ભવિજનના સેવાગુણથી આપ રાજી થઈ જો સેવકજનને મોટા બનાવો તો હે સ્વામી ! તમે મમતા વિનાના અને રાગ વિનાના છો એમ કેમ કહી શકાય ?

**ભાવાર્થ :—** દુનિયામાં વિશેષ આપની જે સેવા કરે તેને તમે મોટા બનાવો અને જે સેવા ન કરે તેને મોટા કરો નહીં; તો આપની જે સેવા કરે તેનાં ઉપર આપને રાગ થયો કહેવાય. તથા આપને સેવા વહાલી લાગતી હોવાથી મમતાવાળા પણ કહેવાઓ. તેથી ‘‘નિર્મમ’’ અને ‘‘નિરાગી’’ એવા બે વિશેષણો આપને ત્રણ જગતના જીવો આપે છે તે બરાબર ઘટી શકે નહીં. પણ ખરા આપ નિર્મમ અને નિરાગી તો ક્યારે કહેવાઓ કે જ્યારે આપ સેવા કરનારને કે સેવા નહીં બજાવનારને બધાને સરખા માનો. પરંતુ આપનામાં આવો સરખો ભાવ

દેખાતો નથી. જ્યારે ચન્દ્ર, સૂર્ય, ગંગા નદી અને વૃક્ષોમાં પણ આવું સમતોલપણું જણાય છે. જેમ રાજાના મહેલ ઉપર કે ગરીબના ઝુંપડા ઉપર ચંદ્રનો પ્રકાશ એક સરખો પડે છે અને સૂર્ય પણ આ પ્રકારે વર્તે છે. વળી ગમે તેવા મુસાફરોને ભલે તે સજ્જન હોય કે દુર્જન હોય તો પણ વૃક્ષો છાયા એક સરખી આપે છે, તેમજ રાજા અને રંક તાપથી પીડાએલા હોય અને ગંગાનદીમાં નાહવા જાય તો બન્નેને શીતલતા સરખી જ પ્રાપ્ત થાય છે. આવી લૌકિક વસ્તુઓમાં જ્યારે સમતોલપણું દેખાય છે ત્યારે હે કૃપાળુ પ્રભુ! આપ અનંત ગુણ નિધાન અને લોકોત્તર પુરુષની ગણત્રીમાં ગણાયા છતાં સમતોલપણું ન રાખો, તો આપને તે શોભે નહીં. મારા જેવા પામર જીવ ઉપર અને જે આપની ભક્તિ કરે એવા જીવો ઉપર સરખી દૃષ્ટિ રાખીને જો મને તારો તો આપનામાં ''નિર્મમ'' અને ''નીરાગી'' એવા જે બે પરમ ગુણદાયક વિશેષણો કહ્યા છે તે યથાર્થ રીતે ઘટી શકે! અને મારું પણ કાર્ય સિદ્ધ થાય. ।।૬।।

**નાભિનંદન જગવંદન પ્યારો, જગગુરુ જગજયકારી;**
**રૂપ વિબુધનો મોહન પભણે; વૃષભલંછન બલિહારી.**
**હો પ્રભુજી! ઓ૦૭**

**અર્થ :—** હે પ્રભુ! આપ નાભિરાજાના પુત્ર છો. જગતમાં વંદનીય છો, પ્યારા છો, તથા જગતના ગુરુ છો, તેમજ રાગદ્વેષરૂપ અંતરંગ જગતને જીતવાવાળા છો. માટે કવિરત્ન શ્રી રૂપવિજય પંડિતના શિષ્ય શ્રી મોહનવિજયજી આ પ્રમાણે કહે છે કે વૃષભ લંછનના ધરનાર એવા હે પ્રભુ આપની તો સદા બલિહારી જ છે.

**ભાવાર્થ :—** નાભિનંદન શ્રી ઋષભદેવ પ્રભુ જગત જીવોના પ્યારા છે. તથા જગતના ગુરુ છે. અવસર્પિણી કાળના પ્રથમ તીર્થંકરનો એવો નિયોગ હોય છે કે તે ભોગ ભૂમિમાં રહેલા યુગલિકોને ધર્મનીતિ સાથે વ્યવહારનીતિનો પણ બોધ કરે, કેમકે ત્રીજા આરાના અંતમાં કલ્પવૃક્ષો ફળ આપતા નથી માટે. પહેલાના ત્રણ આરાના નવ કોડાકોડી સાગરોપમ જેટલા વિશાળ કાળ પર્યંત ભરત ઐરાવત ક્ષેત્રોમાં જીવોને વ્યવહારનીતિ કે ધર્મનીતિનું ભાન હોતું નથી. તેવા જીવોને ધર્મ કર્મનો વિધિ બતાવવાથી જગત જીવોના આપ પરમ ઉપકારી તથા પ્યારા છો. તેમજ જગતગુરુ હોવાથી જગતમાં આપની સદા જયજયકાર થાય છે. માટે શ્રી રૂપવિજયજીના શિષ્ય શ્રી મોહનવિજયજી મહારાજ કહે છે કે એવા વૃષભ લંછનવાળા પ્રભુની તો સદા બલિહારી જ છે. ।।૭।।

---



# (૨) શ્રી અજિતનાથ સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(રાગ આશાવરી—મારું મન મોહ્યું રે શ્રી વિમલાચલે રે—એ દેશી)

**પંથડો નિહાળું રે બીજા જિનતણો રે, અજિત અજિત ગુણધામ;**
**જે તેં જીત્યા રે તેણે હું જિતિયો રે, પુરુષ કિશ્યું મુજ નામ? પં૦૧**

**સંક્ષેપાર્થ :—** હે સખી! હું બીજા તીર્થંકર ભગવાન શ્રી અજિતનાથનો બોધેલો વીતરાગસ્વરૂપ મોક્ષનો માર્ગ જોઉં છું, ત્યારે તે મુક્તિના માર્ગ ઉપર ચાલવા માટે મોહાદિ શત્રુઓને હું જીતી શકું એમ નથી. જ્યારે ભગવાને તો રાગદ્વેષાદિ સર્વ શત્રુઓને જીતી લીધા છે. તેમને કોઈ શત્રુઓ જીતી શક્યા નહીં માટે એમનું અજિત નામ સાર્થક છે. તેમજ પોતે અનંત ગુણના ધામ હોવાથી ગુણધામ એવું નામ પણ એમનું યથાયોગ્ય છે.

પણ હે નાથ! આપે રાગદ્વેષ, અજ્ઞાન, ક્રોધ, માન, માયા, લોભાદિ દોષોને જિત્યા; તે દોષોએ જ મને જીતી લીધો. માટે મારું પુરુષ એવું નામ પણ સાર્થક નથી, અર્થાત્ મિથ્યા છે. કેમકે મેં મારું પૌરુષત્વ વાપરીને તે કષાયભાવોને જીત્યા નથી. માટે મારું પુરુષ એવું નામ કહેવું તે યોગ્ય જણાતું નથી. ।।૧।।

**ચરમ નયણ કરી મારગ જોવતાં રે, ભૂલ્યો સયલ સંસાર;**
**જેણે નયણે કરી મારગ જોઈએ રે, નયણ તે દિવ્ય વિચાર.પં૦૨**

**સંક્ષેપાર્થ :—** હે સખી! ભગવાન અજિતનાથ જે માર્ગે મોક્ષે પધાર્યા તે માર્ગને આ ચરમ નયણ એટલે ચર્મ ચક્ષુથી જોવા જતાં સકળ સંસારના જીવો ભૂલ્યા છે.

જે નયનો વડે એ માર્ગ જોવો જોઈએ તે તો દિવ્ય વિચારરૂપ જ્ઞાનચક્ષુ છે. કેમકે એ માર્ગ દિવ્ય છે, અને એવા દિવ્ય માર્ગને અંતરાત્મદૃષ્ટિ વડે જ માત્ર જોઈ શકાય એમ છે. જેમ એક ગામથી બીજે ગામ જવાના માર્ગ દેખાય તેમ આ અગમ અગોચર અતીન્દ્રિય અંતરંગ માર્ગ દેખાય એમ નથી. અનુભવી એવા જ્ઞાનીપુરુષો દ્વારા આપેલ જ્ઞાનચક્ષુવડે જ એનો ખ્યાલ આવે એમ છે. ।।૨।।

**પુરુષ પરંપર અનુભવ જોવતાં રે, અંધો અંધ પલાય;**
**વસ્તુ વિચારે રે જો આગમે કરી રે, ચરણ ધરણ નહિ ઠાય.પં૦૩**

**સંક્ષેપાર્થ :—** અનુભવી એવા ગૌતમાદિ જ્ઞાનીપુરુષોની પરંપરા હતી

તે સત્ય હતી; પણ હવે એક પછી એક ક્રિયાજડ પુરુષો કે મતાગ્રહી આચાર્યોની પરંપરાનો અનુભવ કરી જોતાં, માત્ર એક આંધળાની પાછળ બીજો આંધળો ચાલ્યો જાય અથવા એક આંધળો બીજા આંધળાને માર્ગ બતાવે તેવું જણાય છે.

વળી વસ્તુતત્ત્વનો વિચાર જો આગમ એટલે શાસ્ત્રોના આધારે કરીએ તો ગુરુગમ વગર તે શાસ્ત્રોનું રહસ્ય સમજાય તેમ નથી. ઊલટું **'ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે.'**—એમ શ્રીમદ્જીએ કહ્યું. અથવા ગુરુગમ વિના શાસ્ત્રો શસ્ત્રરૂપ થઈ પડે છે. માટે ક્યાંય **'ચરણ ધરણ નહીં ઠાય'** અર્થાત્ ક્યાંય આરાધના માટે પગ મૂકવાનું સાચું સ્થાન જણાતું નથી અથવા ચરણ એટલે ચારિત્ર અંગીકાર કરવા માટે કોઈ સત્પુરુષ નજરે ચઢતા નથી. કેમકે **'શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે, પણ મર્મ તો સત્પુરુષના અંતર્આત્મામાં રહ્યો છે.'** માટે હવે કેમ કરવું ? ।।૩।।

**તર્ક વિચારે રે વાદ પરંપરા રે, પાર ન પહોંચે કોય;**
**અભિમત વસ્તુ વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય. પં૦૪**

**સંક્ષેપાર્થ :–** મોક્ષમાર્ગ મેળવવા માટે પોતાની મેળે તર્કથી વિચાર કરતા તો વાદની પરંપરા જન્મે છે. એક તર્કમાંથી બીજો અને બીજામાંથી ત્રીજો એમ થયા કરે છે. એ રીતે તો વસ્તુ તત્ત્વને પાર પહોંચી શકાય એમ નથી.

અભિમતવસ્તુ એટલે ઇષ્ટ, પ્રિય એવી આત્મવસ્તુને, વસ્તુગતે એટલે જેમ છે તેમ સ્યાદ્વાદપૂર્વક કહેનાર તો આ જગતમાં કોઈ વિરલા જ દેખાય છે. બાકી તો રાગદ્વેષથી યુક્ત, મતાગ્રહરૂપ ગ્રાહથી ગ્રસાયેલા એવા કહેવાતા ધર્મરક્ષકો પાસેથી શાસ્ત્ર શ્રવણ કરી ભગવાનનો મૂળમાર્ગ પામવો તે તો સર્પ પાસેથી અમૃત પામવા બરાબર છે. શ્રીમદ્જીએ કહ્યું : **'આધુનિક મુનિઓના સૂત્રાર્થ પણ શ્રવણને અનુકૂળ નથી.'** (પત્રાંક ૧૭૦) ।।૪।।

**વસ્તુ વિચારે રે દિવ્ય નયનતણો રે, વિરહ પડ્યો નિરધાર;**
**તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર. પં૦૫**

**સંક્ષેપાર્થ :–** આત્માદિ વસ્તુનો વિચાર કરવા માટે દિવ્યદૃષ્ટિને આપનાર એવા જ્ઞાનીપુરુષોનો નિર્ધાર એટલે નક્કી વિરહ પડ્યો છે.

વર્તમાનમાં કોઈ તરતમ જોગ કહેતાં વિશેષ મન વચન કાયાના યોગ બળવાળા પુરુષ ધર્મમાર્ગના ધોરી થઈ મોક્ષમાર્ગ બતાવતા હોય, પણ જેવા તેના મનોબળ અને વચનબળ હોય તેવી જ પાછી તરતમ એટલે વિશેષ તેમની



મનાવા પૂજાવાની અંતરમાં વાસના હોય. તેથી તેવા **'વાસનાવાળાનો બોધ વાસિત બોધ થયો; 'કષાયયુક્ત બોધ થયો, વિષયાદિની લાલસાવાળો બોધ થયો; માનાર્થ થયો, આત્માર્થ બોધ ન થયો.'** - શ્રીમદ્ રાજચંદ્ર એવા બોધનો માત્ર આ કળિયુગમાં જીવોને આધાર રહ્યો છે. પણ મારે તો વિષયકષાયથી રહિત બોધ જોઈએ છે અને તે તો જેણે વાસના વિષય કષાયાદિ જીત્યા છે એવા હે જિન વીતરાગ અજિતદેવ ! તારો છે. એવા તારા પંથને હું ખોજી, નિહાળી રહ્યો છું. તે આધાર મારે જોઈએ છે. કારણ કે પ્રગટ સત્યથી ધર્મપ્રાપ્તિ થાય છે. ।।૫।।

**કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ;**
**એ જન જીવે રે જિનજી જાણજો રે, આનંદઘન મત અંબ. પં૦૬**

**સંક્ષેપાર્થ :–** પાંચ સમવય કારણ મળે ત્યારે કાર્યસિદ્ધિ થાય છે. (૧) તે કાળ લબ્ધિ એટલે ભવસ્થિતિ (૨) સ્વભાવ એટલે ભવ્ય કે અભવ્યપણું. (૩) નિયતિ એટલે ભવિતવ્યતા અથવા હોનહાર, (૪) પૂર્વકૃત એટલે પૂર્વભવમાં કરેલું તે. અને (૫) પુરુષાર્થ છે. તેમાં પુરુષાર્થવડે કરીને કાળલબ્ધિ જ્યારે પાકશે ત્યારે કોઈ જ્ઞાનીપુરુષનો યોગ આ ભવમાં કે ભવાન્તરમાં મળતાં હે અજિતનાથ પ્રભુ ! આપનો બોધેલો મૂળમાર્ગ નિહાળશું અર્થાત્ સત્ય રીતે જોઈ શકીશું. એવી આશાના અવલંબનથી જ અમો આ સંસારના ત્રિવિધ તાપથી તપેલા જીવો જીવી રહ્યા છે, તે તમો જિનજી જાણજો. આપ આનંદઘન એટલે આત્માનંદથી ભરપૂર એવા પ્રભુનો મત આંબા જેવો મધુર છે. સાચા મોક્ષમાર્ગને બતાવનાર છે. માટે એને જ અમે વળગી રહીશું પણ શ્રદ્ધાને મલીન થવા દઈશું નહીં. ।।૬।।

---

# (૨) શ્રી અજિતનાથ સ્વામી

## શ્રી દેવચંદ્રજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(દેખો ગતિ દૈવની રે.......એ દેશી)

**જ્ઞાનાદિક ગુણસંપદા રે, તુજ અનંત અપાર;**
**તે સાંભળતાં ઊપની રે, રુચિ તેણે પાર ઉતાર.**
**અજિત જિન તારજો રે, તારજો દીનદયાળ. અ૦૧**

**સંક્ષેપાર્થ :–** આ સ્તવનમાં કારણ-કાર્યભાવની વ્યવસ્થાનું સુંદર શૈલીથી વર્ણન કરી ઉપાદાન કારણ કરતાં પણ નિમિત્ત કારણની પ્રધાનતા ઉપર અધિક

ભાર મૂક્યો છે. અહીં ઉપાદાન કારણ આત્મા છે, જ્યારે નિમિત્ત કારણ ભગવાન છે.

હે ભગવાન! જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય ગુણોની સંપત્તિ આપની પાસે અનંત અને અપાર છે. તે આગમ દ્વારા સાંભળતા મને પણ તે ગુણો પ્રગટાવવાની રુચિ ઉત્પન્ન થઈ છે, માટે મને પણ પાર ઉતારો. હે દીનદયાળ અજિન જિન પ્રભુ! મને આ સંસાર સાગરથી તારો - જરૂર પાર ઉતારો એવી આપ પ્રભુ પ્રત્યે મારી ભાવભીની પ્રાર્થના છે. ।।૧।।

**જે જે કારણ જેહનું રે, સામગ્રી સંયોગ;**
**મળતાં કારણ નીપજે રે, કર્તા તણે પ્રયોગ. અ૦૨**

**સંક્ષેપાર્થ :–** કોઈપણ કાર્યની ઉત્પત્તિ, તેની કારણરૂપ સામગ્રી મળવાથી, કર્ત્તાના પ્રયોગ દ્વારા થાય છે. જેમકે ઘડો બનાવવારૂપ કાર્યમાં માટી ઉપાદાન કારણ છે, જ્યારે દંડ, ચક્ર આદિ નિમિત્ત કારણ છે અને કુંભાર તેનો કર્ત્તા છે.

જે જે કાર્યનું જે કારણ હોય અને તે કાર્ય કરવામાં બીજી પણ જે જે ઉપયોગી સામગ્રી હોય તેનો યોગ મળવાથી કર્ત્તાના પ્રયોગ એટલે પ્રયત્ન દ્વારા તે કાર્ય નીપજે છે અર્થાત્ સિદ્ધ થાય છે.

**કાર્યસિદ્ધિ કર્તા વશુ રે, લહી કારણ સંયોગ;**
**નિજપદકારક પ્રભુ મિલ્યારે, હોય નિમિત્તહ ભોગ. અ૦૩**

**સંક્ષેપાર્થ :–** કાર્યની સિદ્ધિ કર્ત્તાને આધીન છે, કારણરૂપ સામગ્રીનો સંયોગ મળી જાય તો પણ. માટે મોક્ષરૂપ નિજપદ પ્રાપ્તિના પુષ્ટ કારણ એવા પ્રભુ મળ્યા છે, તો એવા નિમિત્ત કારણનો ઉપભોગ કરી મારા આત્માનું અવશ્ય કલ્યાણ સાધી લઉં.

મોક્ષરૂપ કાર્યનો કર્ત્તા આપણો આત્મા છે, અને ઉપાદાન કારણ પણ આપણા આત્માના જ્ઞાનાદિ ગુણો છે. જ્યારે નિમિત્તકારણ દેવાધિદેવ પરમાત્મા અને સદ્ગુરુ છે તથા આર્યદેશ, ઉત્તમ કુળ આદિ તેની સામગ્રી છે.

ઉપાદાનકારણ એટલે જે કારણ, નિમિત્ત પામીને કાર્યરૂપે અભિન્નપણે પરિણમે તે. અને નિમિત્તકારણ એટલે જે કારણ, કર્ત્તાના પ્રયોગ દ્વારા કાર્યોત્પત્તિમાં સહકારી બને તે નિમિત્તકારણ કહેવાય છે. ।।૩।।

**અજકુલગત કેશરી લહે રે, નિજપદ સિંહ નિહાળ;**
**તિમ પ્રભુભક્તે ભવિ લહે રે, આતમશક્તિ સંભાળ. અ૦૪**



**સંક્ષેપાર્થ :–** અજકુલગત એટલે બકરાના ટોળામાં રહેલ કેશરી સિંહના બચ્ચાને બીજો સિંહ જોતા પોતે પણ સિંહ છે એવું ભાન થાય છે. તેમ પ્રભુભક્તિના બળે ભવ્યાત્માને પણ પોતાનો આત્મા ભગવાન જેવો અનંતશક્તિનો ધારક છે તેનું ભાન થાય છે. પછી તેની સંભાળ લેવાનો અર્થાત્ તે સ્વરૂપ પ્રાપ્ત કરવાનો તેને પુરુષાર્થ જાગે છે. ।।૪।।

**કારણપદ કર્તાપણે રે, કરી આરોપ અભેદ;**
**નિજ પદ અર્થી પ્રભુ થકી રે, કરે અનેક ઉમેદ. અ૦૫**

**સંક્ષેપાર્થ :–** પરમાત્મપ્રભુ મુક્તિના અનન્ય પુષ્ટ નિમિત્ત કારણ છે. માટે કારણરૂપ એવા પ્રભુમાં કર્ત્તાપણાનો અભેદરૂપે આરોપ કરીને, નિજ આત્મપદ મેળવવાનો અર્થી એવો મુમુક્ષુ, પ્રભુ પાસે અનેક સમ્યક્દર્શનાદિ ગુણોની ઉમેદ એટલે આશા રાખે છે કે હે પ્રભુ! મને સમકિત આપો, મોક્ષ આપો. આમ નિમિત્તકારણમાં પણ કર્ત્તાપણાનો આરોપ કરીને પોતાના અહંનો ભવ્યાત્મા નાશ કરે છે. ।।૫।।

**એહવા પરમાતમ પ્રભુ રે, પરમાનંદ સ્વરૂપ;**
**સ્યાદ્વાદ સત્તા રસી રે, અમલ અખંડ અનુપ. અ૦૬**

**સંક્ષેપાર્થ :–** એવા શુદ્ધ આત્મસ્વરૂપને પામેલા પ્રભુ સદા પરમાનંદ-સ્વરૂપ છે. તથા સ્યાદ્વાદમય એવી શુદ્ધ આત્મસત્તાના રસિક છે અર્થાત્ તેમાં જ રમણતા કરનારા છે. તથા અમલ એટલે કર્મમળથી રહિત, અખંડ એટલે સ્વરૂપસુખે અખંડિત ધારા પ્રવાહ છે જેનો એવા તથા અનુપમ એટલે જેની ઉપમા કોઈની સાથે આપી ન શકાય એવા પ્રભુ વીતરાગ છે. ।।૬।।

**આરોપિત સુખ-ભ્રમ ટળ્યો રે, ભાસ્યો અવ્યાબાધ;**
**સમર્યું અભિલાષીપણું રે, કર્તા સાધન સાધ્ય. અ૦૭**

**સંક્ષેપાર્થ :–** ઇન્દ્રિયોમાં સુખ છે એવું મારું કરેલું આરોપણ, તે ભ્રમ એટલે ભ્રાંતિ હતી. તેનો નાશ થઈ આત્માનું અવ્યાબાધ એટલે બાધા પીડા રહિત સુખનો ભાસ થયો. જેથી તે સુખ પ્રાપ્ત કરવાની અભિલાષા ઉત્પન્ન થઈ. તેથી તે સુખને સાધ્ય માની તે મેળવવાના સાધનોમાં તત્પર બની હવે તેનો હું કર્ત્તા બન્યો છું. ।।૭।।

**ગ્રાહકતા સ્વામિત્વતા રે, વ્યાપક ભોક્તા ભાવ;**
**કારણતા કારજ દશા રે, સકલ ગ્રહ્યું નિજભાવ. અ૦૮**

**સંક્ષેપાર્થ :–** આજ સુધી હું ઇન્દ્રિય વિષયસુખનો ગ્રાહક હતો. તેના કારણે ધન, સ્ત્રી આદિમાં સ્વામીપણું કરતો હતો, તેમાં વ્યાપેલો હતો, અને તેનો જ ભોક્તા હતો. પણ અવ્યાબાધ સુખના સ્વામી એવા પ્રભુને જોઈ હવે તે સ્વાભાવિક સુખનો અને તેના સાધનો દેવ-ગુરુની ભક્તિ, તત્ત્વ શ્રદ્ધા આદિની ઉપાસનાનો ગ્રાહક બની, તેમાં જ વ્યાપક એટલે ઓતપ્રોત થઈ તેનો ભોક્તા થયો છું.

આટલા સમય સુધી મારો આત્મા આઠ કર્મરૂપ ઉપાધિનું કારણ હતો, અને કર્મબંધનરૂપ કાર્યદશાનો કર્ત્તા હતો. પણ શુદ્ધ સ્વરૂપી નિષ્કર્મા એવા વીતરાગ પરમાત્માની ઓળખાણ થયા પછી મારો આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપપ્રાપ્તિનું ઉપાદાન કારણ તથા કર્મના સંવર અને નિર્જરારૂપ કાર્યનો કર્ત્તા થયો. ।।૮।।

**શ્રદ્ધા ભાસન રમણતા રે, દાનાદિક પરિણામ;**
**સકલ થયા સત્તારસી રે, જિનવર-દરિસણ પામ. અ૦૯**

**સંક્ષેપાર્થ :–** વીતરાગ પરમાત્મા મળ્યા પહેલા શાતાવેદનીય જે પુણ્યપ્રકૃતિ છે તેને સુખદ માનતો હતો એવી શ્રદ્ધા હતી; પણ હવે અવ્યાબાધ એવા આત્માના સુખની શ્રદ્ધા થઈ. અત્યાર સુધી શાસ્ત્રોની વિગતોને જ્ઞાન માનતો હતો; પણ હવે સહજાત્મસ્વરૂપ એવું સિદ્ધ પદ એ જ મારે સાધ્ય છે, એનું ભાસન અર્થાત્ જ્ઞાન થયું. તેમજ અત્યાર સુધી પુદ્ગલ પદાર્થના રૂપ, રસ, ગંધ, સ્પર્શમાં રમણતા હતી; પણ હવે સ્વભાવસ્વરૂપ ક્ષમાદિક ગુણોમાં રમણતા થઈ. દાનાદિક પણ પૂર્વે પુદ્ગલાદિના થતા હતા; પણ હવે તે સ્વઆત્મસત્તાના રસિક બન્યા છે. એ સર્વ થવાનું કારણ પ્રભુ આપના વીતરાગ દર્શનનો જ પ્રતાપ છે. ।।૯।।

**તિણે નિર્યામક માહણો રે, વૈદ્ય ગોપ આધાર;**
**દેવચંદ્ર સુખ સાગરુ રે, ભાવ ધરમ દાતાર. અ૦૧૦**

**સંક્ષેપાર્થ :–** હે પરમાત્મા ! આપ નિર્યામક છો. નિર્યામક કહેતા સંસાર સમુદ્રથી પાર ઉતારનાર જહાજના ચાલક સમાન છો. માહણ=પરમ અહિંસા ધર્મનો ઉપદેશ આપનાર હોવાથી આપ માહણ છો. માહણો માહણો એવા શબ્દના કરનાર છો. વૈદ્ય=સંસારરૂપી રોગના નિષ્ણાત વૈદ્ય છો. ગોપ=સર્વ જીવોની રક્ષા કરનાર હોવાથી ગોપ એટલે ગોવાળ સમાન છો. આધાર=સંસારના દુઃખોમાં સાંત્વના આપનાર હોવાથી અમારે આધારરૂપ છો. દેવચંદ્ર એટલે



દેવોમાં ચંદ્ર સમાન એવા આપ સાચા સુખના સાગર છો. તેમજ ભાવધર્મ એટલે રત્નત્રયરૂપ સમ્યક્દર્શનાદિ આત્મધર્મના દાતાર પણ આપ જ છો. ।।૧૦।।

માટે હે અજિતનાથ ભગવાન ! આ ભીષણ ભવસાગરથી તારી મારો જરૂર ઉદ્ધાર કરો, ઉદ્ધાર કરો.

---

# (૨) શ્રી અજિતનાથ સ્વામી

## શ્રી યશોવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(નિંદ્રડી વેરણ હોઈ રહી—એ દેશી)

**અજિત જિણંદશું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે;**
**માલતી ફૂલે મોહીઓ, કિમ બેસે હો બાવલ તરુ ભૃંગ કે. અ૦૧**

**અર્થ :–** મને શ્રી અજિતનાથ ભગવાન સાથે સાચી પ્રીત થઈ છે. તેથી બીજાનો સંગ મને ગમતો નથી; શું માલતીનાં પુષ્પમાં મોહ પામેલો એવો ભૃંગ એટલે ભમરો તે વળી બાવળના ઝાડ ઉપર જઈ બેસે ? ન જ બેસે.

**ભાવાર્થ :–** ઉપસર્ગ પરિષહાદિ વડે નહિ જીતાયેલા એવા શ્રી અજિતનાથ પ્રભુની સ્તુતિ કરતાં ઉપાધ્યાય મહારાજ ભવ્યજનો સમક્ષ અથવા પોતાને કહે છે કે મને ખરો પ્રેમ શ્રી અજિતનાથ પરમેશ્વર સાથે જાગ્યો છે. તેથી એ પ્રભુ વિના અન્ય હરિહરાદિ દેવોની સંગતિ અર્થાત્ મિથ્યાત્વી દેવોની સંગતિ મને ગમતી નથી; કારણ કે પ્રીતિ ઉત્પન્ન થવાનાં જે નિમિત્ત કારણો શ્રી અજિતનાથ પ્રભુમાં છે તેવાં હરિહરાદિક અન્ય મિથ્યાત્વી દેવોમાં નથી. જ્યાં ગુણ હોય ત્યાં જ સ્વાભાવિક પ્રીતિ થાય છે. ગુણની હીનતા હોય અને દોષો વર્તતા હોય ત્યાં પ્રીતિ કેવી રીતે થાય ? આ બાબતના સમર્થનમાં અત્ર દૃષ્ટાંતો આપે છે કે—જે ભ્રમર માલતીના પુષ્પની સુગંધથી આકર્ષિત થઈ તેમાં લુબ્ધ થયેલો હોય તે બાવળના ઝાડ ઉપર બેસે ? બાવળના ઝાડમાં માલતીના ફૂલની જેમ ભ્રમરને આકર્ષવા જેવો સુગંધ ગુણ જ ક્યાં છે ? કે જેથી ભમરો ત્યાં વિશ્રાંતિ લેવા લલચાય ? ન જ લલચાય. જેથી અજિતનાથ ભગવાનના ગુણોમાં જ મારું મન તો સ્થિર થયું છે. ।।૧।।

**ગંગાજળમાં જે રમ્યા, કિમ છીલ્લર હો રતિ પામે મરાળ કે;**
**સરોવર જળધર જળ વિના, નવિ ચાહે હો જગ ચાતકબાળ કે. અ૦૨**

**અર્થ :–** શું ગંગાના જળમાં રમેલો મરાળ એટલે રાજહંસ તે

ખાબોચિયાના જળમાં આનંદ પામે ? વળી મેઘના જળ વિના ચાતકનું બાળક શું સરોવરનાં જળને ચાહે ? ન જ ચાહે.

**ભાવાર્થ :–** ગંગાનદીના બ્હોળા અને નિર્મળ પાણીમાં ક્રીડા કરેલો એવો રાજહંસ ખાબોચીયાના ગંદા અને છીછરા પાણીમાં ક્યાંથી આનંદ પામે ? વળી બાળ એવું ચાતક પક્ષી પણ વરસાદની ધારાના જળ વિના સરોવરના પાણીથી તૃપ્તિ પામે નહીં. કારણ કે ચાતકબાળના ગળામાં એક છિદ્ર હોય છે તેથી તે ગમે તે જળાશયનું પાણી પીએ તો પણ તે છિદ્ર દ્વારા બહાર નીકળી જાય છે; તેના પેટમાં ઊતરતું નથી, તેથી તે બિચારાને તૃપ્તિ થતી જ નથી. તૃષા સદાને માટે રહે છે. પણ વર્ષાઋતુ વખતે તે એવી રીતે આડું શયન કરીને પડી રહે છે કે વરસાદની ધાર તે છિદ્ર દ્વારા તેના ઉદરમાં પહોંચે છે, અને ત્યારે જ તે પૂર્ણ રીતે પોતાની તૃષા છીપાવી શકે છે. સ્થિતિ આમ હોવાથી તેને બીજા જળાશયના જળથી તૃપ્તિ થતી નથી. તેમ મને પણ અજિતનાથ ભગવાનના સંગ વિના બીજે ક્યાંય તૃપ્તિ થતી નથી. ।।૨।।

**કોકિલ કલકૂજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે;**
**ઓછાં તરુવર નવિ ગમે, ગિરુઆશું હો હોયે ગુણનો પ્યાર કે. અ૦૩**

**અર્થ :–** કોકિલ એટલે કોયલ. સહકાર એટલે આંબો તેની મંજરી એટલે મોર ખાઈને કોકિલ એટલે કોયલ કલકૂજિત એટલે મધુર શબ્દ કરે છે, તેને બીજા વૃક્ષો ગમતાં નથી, તેમ મને પણ મોટાઓની સાથે તેમના ગુણાનુરાગને લઈને પ્રીતિ થઈ છે તેથી બીજા કોઈનો પણ સંગ મને ગમતો નથી.

**ભાવાર્થ :–** કોયલ પક્ષી જ્યારે આમ્રવૃક્ષનો મોર ખાય છે ત્યારે તેનો પંચમ સ્વર અતિ સ્વચ્છ રૂપમાં ખીલી ઊઠે છે. તે વખતનો તેનો અવાજ શ્રોતાઓના કાનને બહુ પ્રિય લાગે છે, જે અનુભવસિદ્ધ છે. આવું સ્વરને પૂર્ણ રીતે સુધારનારું સાધન જે વૃક્ષોમાં ન હોય તે વૃક્ષો પછી ભલેને શ્રેષ્ઠ વૃક્ષોની ગણનામાં ગણાતા હોય તો પણ તે કોયલને કશાં કામનાં નથી. કોયલને તેના ઉપર પ્રીતિ થતી નથી. કેમકે ગુણોવડે મોટા હોય તેમની સાથે જ ગુણોની પ્રાપ્તિ અર્થે પ્રીતિ થાય છે. પણ ગુણ વગરના હોય તે મોટા ગણાય નહિ અને તેઓની સાથે પ્રીત થાય નહિ, એમ કહેવાનો આશય છે. પણ આપ તો હે અજિતનાથ પ્રભુ ! ગુણોના જ ભંડાર છો માટે આપની સાથે મારી સદા પ્રીતિ બની રહો એ જ પ્રાર્થના છે. ।।૩।।



**કમલિની દિનકર-કર ગ્રહે, વળી કુમુદિની હો ધરે ચંદ્રશું પ્રીત કે;**
**ગૌરી ગિરીશ, ગિરિધર વિના, નવિ ચાહે હો કમલા નિજ ચિત્ત કે. અ૦૪**

**અર્થ :–** કમલિની એટલે સૂર્ય વિકાસી કમળ. તે સૂર્યનાં કિરણોને ગ્રહણ કરે છે અને કુમુદિની એટલે ચંદ્ર વિકાસી કમળ તે ચંદ્ર સાથે પ્રીતિ ધરાવે છે. તેમ ગૌરી એટલે પાર્વતી તે ગિરીશ એટલે શંકર વિના અને કમલા એટલે લક્ષ્મી તે ગિરિધર એટલે વિષ્ણુ વિના બીજાને પોતાના ચિત્તથી ચાહતી નથી. તેમ હું પણ આપના વિના બીજા કોઈને મનથી ઇચ્છતો નથી.

**ભાવાર્થ :–** સૂર્યના ઉદયથી જેની વિકસ્વરતા થાય છે એવી કમલિનીને સૂર્ય વિના બીજું કોણ ખીલવવા સમર્થ છે ? તેમજ ચંદ્રના ઉદયથી જેની વિકસ્વરતા થાય છે એવી કુમુદિની ચંદ્ર ઉપર પ્રેમ ધરાવે છે. વળી પાર્વતી શંકરને અને લક્ષ્મી વિષ્ણુને ચાહે છે. જેનાં મનોવાંછિત જેનાથી ફળે તે તેને ચાહે; બીજાને ન ચાહે એમાં નવાઈ નથી. કારણ કે પ્રીતિ થવામાં અમુક વિશિષ્ટ હેતુ રહેલો હોય છે. હેતુ વિના કોઈ તરફ પક્ષપાત થવા સંભવતો નથી. આજ પ્રમાણે સતી સીતાનું રામચંદ્રજી ઉપર તથા રાજિમતિનું નેમિનાથ પ્રભુ ઉપર પ્રેમનું દૃષ્ટાંત પણ અહીં બંધ બેસે છે. તેમનો પ્રેમ વીતરાગ તરફ હોવાથી તેમને પણ વીતરાગ બનાવ્યા. એ જ કારણથી મને પણ અજિતપ્રભુ જ વહાલા લાગે છે. ।।૪।।

**તિમ પ્રભુશું મુજ મન રમ્યું, બીજાશું હો નવિ આવે દાય કે;**
**શ્રી નયવિજય સુગુરુતણો, વાચક જશ હો નિત નિત ગુણ ગાય કે. અ૦૫**

**અર્થ :–** તે જ પ્રમાણે મારું મન પણ પ્રભુ સાથે મળી ગયું છે; તેથી હવે બીજાની સાથે મેળ આવે એમ નથી. માટે શ્રી નયવિજયજી પંડિતના શિષ્ય વાચક શ્રી યશોવિજયજી કહે છે કે હું તો નિરંતર એ પ્રભુના જ ગુણગાન કરું છું. ।।૫।।

**ભાવાર્થ :–** કર્તા મહાશયે ચાર ગાથામાં જણાવેલાં સર્વ દૃષ્ટાંતો ગણીએ તો આઠ થાય છે; તે આ પ્રમાણે :– ભૃંગ એટલે ભ્રમરનું, મરાલનું એટલે હંસનું, ચાતકનું, કોકિલનું, કમલિનીનું, કુમુદિનીનું, ગૌરીનું અને કમલાનું. એ દૃષ્ટાંતો આપી એઓ એમ જણાવવા માગે છે કે આ આઠે જીવોની પ્રીતિનાં પાત્રો પણ આઠ છે, ઉપરની ગાથાઓ તપાસતાં જે સહજ જાણી શકાય છે. એ આઠ પ્રીતિના પાત્રોને, પ્રત્યેકે પોતપોતાનાં હૃદયમાં સ્થાન આપ્યું છે. અને એ આઠ વિના અન્ય કોઈની સાથે તેમને દરકાર કરી નથી; તેમ મારા મનમંદિરમાં પણ શ્રી અજિતનાથ પ્રભુ વિના અન્ય કોઈને સ્થાન મળે તેમ નથી. એ પ્રભુ વિના

અન્ય કોઈ સ્થાને મારું મન રીઝે એમ નથી. હું જ્યારે ત્યારે એ પ્રભુના ગુણગ્રામ કરીને મારો અમૂલ્ય સમય સફળપણે વ્યતીત કરું છું. મારું તો સર્વસ્વ એ જ છે અને મારો જન્મ પણ એથી જ સફળ છે. ખરી પ્રીતિ તો આવી હોય. અન્ય પ્રકારની જગતની પ્રીતિ તે સ્વાર્થમય પ્રીતિ છે; અને તે સંસારવર્ધક હોવાથી ત્યાગવા યોગ્ય છે. કર્તાએ આ અંતિમ ગાથામાં પોતાના ગુરુ શ્રી નયવિજયજીનું નામ પણ સૂચવ્યું છે. ।।૫।।

---

# (૨) શ્રી અજિતનાથ સ્વામી

## શ્રી મોહનવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(મોતીડાની—દેશી)

**અજિત અજિત જિન અંતરજામી, અરજ કરું છું પ્રભુ શિરનામી;**
**સાહિબા સસનેહી સુગુણજી; વાતલડી કહું કેહી. સા૦૧**

**અર્થ :—** હે અજિતનાથ ભગવાન! આપ કોઈથી જિતાઓ એવા નથી. રાગદ્વેષથી આખું જગત જીતાયેલ છે. તેવા રાગદ્વેષને જ આપે જીતી લીધા છે; માટે આપ અજિત જિનેશ્વર છો. અંતર્યામી એટલે સામાની મનોવૃત્તિ જાણનાર એવા પરમાત્મા છો. આપને હે પ્રભુ! શિર નમાવીને હું અરજ કરું છું. હે સાહિબા! આપ સહુ સાથે સાચો સ્નેહ રાખનારા છો, સમ્યક્ ગુણોના ભંડાર છો, માટે આપના ગુણો વિષેની હું કેટલી વાત કહું. જેટલી કહું તે સર્વ ઓછી જ છે. ।।૧।।

**આપણ બાળપણાના સ્વદેશી, તો હવે કેમ થાઓ છો વિદેશી?**
**પુણ્ય અધિક તુમે હુવા જિણંદા; આદિ અનાદિ અમે તો બંદા. સા૦૨**

**અર્થ :—** આપણે બાળપણમાં આ સંસારરૂપ સ્વદેશમાં જ રહેતા હતા. તો હવે આપ વિદેશરૂપ મોક્ષમાં વસવાટ કરીને વિદેશી કેમ થાઓ છો. હે પ્રભુ! આપ તો આપની અધિક પુણ્યાઈને લીધે જિનેશ્વર બની ગયા અને હું તો અનાદિકાળથી તે છેક આજ સુધી બંદગી કરવાવાળો એવો સેવક જ રહ્યો એટલે સંસારની ગુલામી કરવાવાળો એવો દાસ જ રહ્યો. ।।૨।।

**તાહરે આજે મણાઈ છે શાની? તું હી જ લીલાવંત તું જ્ઞાની;**
**તુજ વિણ અન્યને કો નથી ધ્યાતા; તો જો તું છે લોક વિખ્યાતા. સા૦૩**



**અર્થ :—** હે પ્રભુ! મોક્ષ નગરીમાં વસવાટ મને કરાવવામાં શું વિઘ્ન નડે છે કે જેથી મને ત્યાં લઈ જતા નથી. તુંહી જ લીલાવંત એટલે સર્વ શક્તિશાળી હોવાથી ધારે તેમ કરી શકે. તો પછી અમને મોક્ષ કેમ આપતા નથી. તારા વિના અમે બીજા અન્ય કોઈ કુદેવો વગેરેનું ધ્યાન ધરતા નથી. કેમકે તું તો ત્રણ લોકમાં વિખ્યાત એવો પ્રભુ છો. કોઈ રાજાને મીઠા વચનોથી પ્રસન્ન કરવામાં આવે તો તે ખુશ થઈને ઈનામમાં ગામ વગેરે આપી દે તો તમે અમને સંસાર સમુદ્રથી તારીને મોક્ષ ન આપી શકો? ।।૩।।

**એકને આદર એકને અનાદર, એમ કેમ ઘટે તુજને કરુણાકર;**
**દક્ષિણ વામ નયન બિહું સરખી; કુણ ઓછું કોણ અધિકું પરખી સા૦૪**

**અર્થ :—** છતાં એકને આદર એકને અનાદર આપો એ પ્રકાર હે કરુણાનિધિ! આ તમને કેમ ઘટે? એક શેઠના બે દિકરા હોય તો એકને ગણે ને એકને અવગણે એ કેમ શોભા પામે. કારણ જમણી કે ડાબી આંખ બેય સરખી છે. તેમ તમારે પણ મારા જેવા પાપી કે બીજા ધર્મી પ્રત્યે સરખી જ દૃષ્ટિ રાખવી જોઈએ; જેમ બેય હાથ સરખા છે તેમ. ।।૪।।

**સ્વામિતા મુજથી ન રાખો સ્વામી, શી સેવકમાં જુઓ છો ખામી?**
**જે ન લહે સન્માન સ્વામીનો; તો તેને કહે સહુકો કમીનો. સા૦૫**

**અર્થ :—** હે ભગવંત! હવે મારાથી આપ સ્વામીપણું ન રાખો. મને પણ આપના જેવો સ્વામી બનાવો. હજુ સેવકમાં કઈ ખામી જુઓ છો? જેમ ખરા શેઠ, સેવકને પણ સ્વામી થયેલો જોવા ઇચ્છે, તેમ તમે મને તમારા જેવો ન બનાવો તો તમારું સ્વામીપણાનું બિરુદ કેમ રહેશે? પણ જે સ્વામીનું સન્માન ન કરે, તેમની આજ્ઞા ન ઉઠાવે તો તેને બધાથી હલકો દુર્ભાગી ગણવો. જેમ કોઈ વ્યવહારમાં પણ પોતાના વડીલોનો વિનય ન કરે તે હલકો ગણાય છે તેમ. ।।૫।।

**રૂપાતીત જો મુજથી થાશો, ધ્યાશું રૂપ કરી જ્યાં જાશો;**
**જડ પરમાણુ અરૂપી કહાયે; ગહત સંયોગે શું રૂપી ન થાયે. સા૦૬**

**અર્થ :—** જો આપ રૂપાતીત એટલે સિદ્ધ દશાને પામી જશો, તો પણ આપની રૂપી એવી પ્રતિમા બનાવીને અમે આપનું ધ્યાન કરીશું. ભલે જડ પરમાણુ મૂળ સ્વરૂપે દેખાતા નથી. પણ ગહત સંયોગે એટલે તેના પરમાણુઓનો સ્કન્ધ કરવામાં આવે તો શું તે મૂર્તિરૂપ થતાં નથી? અવશ્ય થાય છે. તેમ મૂર્તિ-રૂપે આપને પ્રગટ કરી અમારા આત્માનું કલ્યાણ કરીશું. ।।૬।।

**ધન તો ઓળગે કિમપિ ન દેવે, જો દિન મણિ કનકાચલ સેવે;**
**એવું જાણી તુજને સેવું; તાહરે હાથ છે ફળનું દેવું. સા૦૭**

**અર્થ :–** કોઈ શેઠ કદાચ ઓળગ એટલે સેવા કરવાથી ધન ન પણ આપે. પણ જેમ દિનમણિ એટલે સૂર્ય હમેશાં મેરૂપર્વતની પ્રદક્ષિણા કર્યા જ કરે છે, તેમ હું પણ આપની સેવા કર્યા જ કરીશ. કારણ કે મોક્ષરૂપી ફળ આપવાનો અધિકાર તો તમારા હાથમાં છે. મોક્ષ ન થાય ત્યાં સુધી પણ સ્વર્ગાદિ સુખો આપી આપ એને અંતે મોક્ષે પહોંચાડો છો, એવું જાણીને હું આપની સેવા કરવાનું છોડવાનો નથી. ।।૭।।

**તુજ પદપંકજ મુજ મન વળગ્યું, જાયે કિહાં છંડીને અળગું?**
**મધુકર મયગલ યદ્યપિ રાચે; પણ સુને મુખે લાલ નવિ માચે. સા૦૮**

**અર્થ :–** તેથી મારું મન તો હે પ્રભુ! તારા ચરણ કમળમાં જ વળગેલું છે. તે તને છોડી બીજે ક્યાં જાય? "જૈસે સમુદ્ર જહાજ વિણ સૂજત ઔર ન ઠૌર" કારણ કે બધે ત્રિવિધ તાપરૂપ બળતરા જ છે.

જેમકે ભમરો હોય તે મયગલ એટલે મદઝરતા હાથી ઉપર ભમે; નહીં કે સુને એટલે કૂતરાની ઝરતી લાળમાં આનંદ માને. તેમ પાંચ ઇન્દ્રિયના વિષયો કૂતરાની લાળ જેવા છે. તો આપ મળ્યા પછી હવે મન તેવા તુચ્છ પદાર્થોમાં કેમ રુચિ કરે? ।।૮।।

**તારક બિરુદ કહાવો છો મોટા, તો મુજથી કિમ થાશો ખોટા;**
**રૂપ વિબુધનો મોહન ભાખે; અનુભવરસ આનંદશું ચાખે. સા૦૯**

**અર્થ :–** હે ભગવંત! આપ તારકનું મોટું બિરુદ એટલે મોટી પદવી ધરાવો છો તો મને નહીં તારીને તમારા બિરુદમાં ખોટ કેમ આણશો, અર્થાત્ નહીં જ આણો. એમ હું નિઃશંકપણે માનું છું કે આપ મારો ઉદ્ધાર અવશ્ય કરશો, એવી મને પૂર્ણ ખાત્રી છે. પંડિત શ્રી રૂપવિજયજીના શિષ્ય એવા શ્રી મોહનવિજયજી ઉપરોક્ત વાત કહે છે અને પ્રભુ પ્રત્યેની ભક્તિના અનુભવરસને આનંદપૂર્વક માણે છે. ।।૯।।

(૨)

**ઓળગ અજિત જિણંદની, માહરે મન માની;**
**માલતી-મધુકરની પરે, બની પ્રીત અછાની,**
**વારી હું જિતશત્રુસુત તણા, મુખડાને મટકે. વારી૦૧**



**અર્થ :–** અજિત જિણંદ ભગવાનની ઓળગ એટલે સેવા મારે મનને પ્રિય છે. કેવી રીતે? તો કે માલતી પુષ્પ ઉપર મધુકર એટલે ભમરાને જેવી પ્રીત હોય છે તેમ અમારી પ્રભુ પ્રત્યે પ્રીતિ છે. તે છાની નથી, સાવ પ્રગટ છે. માટે હું તો જિતશત્રુ રાજાના પુત્ર શ્રી અજીતનાથ ભગવાનના મુખના દર્શન માત્રથી તેમના પર વારી જાઉં છું. ઘણો ખુશ થાઉં છું. ।।૧।।

**અવર કોઈ જાચું નહીં, વિણ સ્વામી સુરંગા;**
**ચાતક જેમ જલધર વિના, નવિ સેવે ગંગા. વારી૦૨**

**અર્થ :–** ઉત્તમ ગુણોથી સુરંગા એટલે સુંદર એવા મારા સ્વામી વગર મારે બીજું કાંઈ જોઈતું નથી. ચાતક પક્ષી જેમ મેઘ જળ વિના કદી ગંગાજળને પણ સેવે નહીં; તેમ હું પણ મારા આ સ્વામી વિના બીજે ક્યાંય ચિત્ત જોડું નહીં. ।।૨।।

**એ ગુણ પ્રભુ કેમ વિસરે, સુણી અન્ય પ્રશંસા;**
**છિલ્લર કિણ વિધ રતિ ધરે, માનસરના હંસા. વારી૦૩**

**અર્થ :–** પ્રભુના જે મહાન અનેક ગુણો છે તે બીજા કુદેવ કુગુરુકુધર્મની પ્રશંસા સાંભળીને તેને કેમ વિસરાય. માનસરોવરના રાજહંસ ખાબોચિયાના જળમાં કેવી રીતે ક્રીડા કરે; તેમ હું પણ પ્રભુના નિર્મળ ગુણો વિના બીજા અન્ય દેવોમાં પ્રીતિ કરું નહીં. ।।૩।।

**શિવ એક ચંદ્ર કળા થકી, લહી ઈશ્વરતાઈ;**
**અનંત કળાધર મેં ધર્યો, મુજ અધિક પુણ્યાઈ. વારી૦૪**

**અર્થ :–** શિવ એટલે શંકર એક ચંદ્રકલાને પામવાથી એટલે કે અમુક વિદ્યાઓ પામવાથી મહાદેવરૂપ ઈશ્વર પદવીને પામ્યા; જ્યારે મેં તો એવી અનંત કળાના ધારક પ્રભુ શ્રી અજિતનાથને મારા મસ્તકે ધારણ કર્યા છે. તો તેના કરતાં મારી પુણ્યાઈ ઘણી અધિક છે. ।।૪।।

**તું ધન, તું મન, તન તુંહી, સસનેહા સ્વામી;**
**મોહન કહે કવિ રૂપનો, જિન અંતરજામી. વારી૦૫**

**અર્થ :–** સાચી પ્રીત રાખનારા પ્રભુ! મારે મન તો તું જ ધન છે, તું જમારું મન છે અને તું જ મારું તન છે. એમ કવિ શ્રી રૂપવિજયજીના શિષ્ય કહે છે કે એ જિન તો અંતર્જામી છે અર્થાત્ મારા અંતરની સર્વ ઊર્મિઓને જાણનાર છે. એવા જિતશત્રુ રાજાના પુત્રના મુખ પર હું સદા વારી જાઉં છું. ।।૫।।

# (૩) શ્રી સંભવનાથ સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(રાગ સામગ્રી—રાતડી રમીને કિહાંથી આવિયા રે—એ દેશી)

**સંભવદેવ તે ધુર સેવો સવે રે, લહી પ્રભુસેવન ભેદ;**
**સેવન કારણ પહેલી ભૂમિકા રે, અભય અદ્વેષ અખેદ.સં૦૧**

**સંક્ષેપાર્થ :—** હે ભવ્યો! તમે તમારું સ્વાભાવિક અનંત અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરવા ઇચ્છતા હો તો ભગવાનની સેવાના ભેદ સમજીને ધુર એટલે પ્રથમ તેમની ભક્તિ સહિત સેવા એટલે આજ્ઞા ઉપાસવા પ્રયત્ન કરો.

ભગવાનની આજ્ઞા ઉપાસવી હોય તો પહેલી ભૂમિકામાં અભયપણું, અદ્વેષપણું અને અખેદપણું આત્મામાં આવવું જોઈએ. આ ત્રણે ગુણો કયા કારણથી પ્રાપ્ત થતા નથી તે હવે આગળની ગાથામાં જણાવે છે. ।।૧।।

**ભય ચંચળતા હો જે પરિણામની રે, દ્વેષ અરોચક ભાવ;**
**ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકિયે રે, દોષ અબોધ લખાવ. સં૦૨**

**સંક્ષેપાર્થ :—** પરિણામ એટલે ભાવોમાં સંસારમોહના કારણે ચંચળતા રહ્યા કરે છે. તેને લઈને જીવ ભયથી ગ્રસિત છે અને ચિત્તની આવી સ્થિતિ હોવાથી વિચારરૂપ ધ્યાનમાં પણ વિક્ષેપ પડે છે. તથા પ્રભુની આજ્ઞા ઉપાસવામાં અરોચક ભાવ એટલે અણગમો રહે છે તે દ્વેષનો ભાવ છે.

વળી પ્રભુભક્તિ અથવા જ્ઞાન આદિના અભ્યાસની પ્રવૃત્તિ કરતા થાક લાગે તે ખેદનો પ્રકાર છે. આ ત્રણેય દોષો અબોધ એટલે અજ્ઞાનતાના કારણે વિદ્યમાન છે. ।।૨।।

**ચરમાવર્ત હો ચરમકરણ તથારે, ભવપરિણતિ પરિપાક;**
**દોષ ટળે વળી દૃષ્ટિ ખૂલે ભલી રે, પ્રાપ્તિ પ્રવચન-વાક. સં૦૩**

**સંક્ષેપાર્થ :—** જેને ચરમાવર્ત એટલે છેલ્લું પુદ્ગલ પરાવર્તન વર્તતું હોય, અને ચરમકરણ એટલે જેણે અપૂર્વકરણ પછી અનિવૃત્તિકરણ કર્યું હોય તથા જેની ભવપરિણતિ એટલે ભવસ્થિતિ પરિપક્વ થઈ હોય ત્યારે ભય, દ્વેષ અને ખેદ એ ત્રણેય દોષો ટળે છે. અને તેમની ભલી દૃષ્ટિ એટલે પોતાનું કલ્યાણ કરવાની દૃષ્ટિ ખુલે છે. એવા સમ્યક્દૃષ્ટિને જ ભગવાનના પ્રવચન-વાક કહેતા પ્રકૃષ્ટ વાણીની પ્રાપ્તિ થાય છે; અર્થાત્ તેનું રહસ્ય સમજાય છે. ।।૩।।



**પરિચય પાતિક-ઘાતિક સાધુશુંરે, અકુશળ અપચય ચેત;**
**ગ્રંથ અધ્યાત્મ શ્રવણ મનન કરી રે, પરિશીલન નયહેત. સં૦૪**

**સંક્ષેપાર્થ :—** જેનો પરિચય કરવા યોગ્ય છે એવા પાતિક-ઘાતિક કહેતા પાપનો નાશ કરનાર એવા સાધુશું એટલે સત્પુરુષનો પરિચય કરવાથી, તેની અકુશળ એટલે અકલ્યાણકારી એવી બધી વિપરીત માન્યતાનો ચેત એટલે ચિત્તમાંથી અપચય કહેતા નાશ થાય છે અને ચિત્ત શુદ્ધ શ્રદ્ધાવાળું બને છે.

તેવા જીવો અધ્યાત્મ ગ્રંથોનું નયપૂર્વક શ્રવણ-મનન અને પરિશીલન એટલે નિદિધ્યાસન કરતાં પોતાના આત્મસ્વરૂપની ઉન્નતિને સાધે છે. ।।૪।।

**કારણજોગે હો કારજ નીપજે રે, એમાં કોઈ ન વાદ;**
**પણ કારણ વિણ કારજ સાધિયે રે, એ નિજ મત ઉન્માદ. સં૦૫**

**સંક્ષેપાર્થ :—** કારણના યોગથી કાર્યની સિદ્ધિ થાય છે. એમાં કોઈ વાદવિવાદ નથી. જેમકે સ્વસ્વરૂપની પ્રાપ્તિ કરવામાં કે મુક્તિ મેળવવાનું કાર્ય કરવામાં ઉપાદાનરૂપ આત્માને સદ્ગુરુની આજ્ઞા ઉપાસવી અને જિનદશાનો લક્ષ રાખવો, એ રૂપ પરમ ઉપકારી નિમિત્ત કારણની આવશ્યકતા છે જ.

પણ કારણ વગર આત્મારૂપ ઉપાદાનને બળવાન બનાવી લઈશું એમ કહેવું તે માત્ર પોતાની માન્યતાનું ગાંડપણ અથવા ઉન્માદ છે. જેમ ઘડો બનાવવામાં, ઉપાદાન કારણ માટી છે. પણ તેના નિમિત્ત કારણ તે કુંભાર, ચાક, ઠંડુ પાણી, દંડ વગેરે છે. તે મળે તો ઘડો બની શકે. તેમ ઉપાદાન કારણ આત્મા પોતે જ છે, પણ નિમિત્ત કારણરૂપ જ્ઞાનીપુરુષ, સત્સંગ, ભક્તિ, સ્મરણ આદિ પ્રાપ્ત થાય તો જ આત્મસ્વરૂપ પ્રાપ્ત થઈ શકે. નિમિત્ત વગર આત્મસ્વરૂપ પ્રાપ્ત થઈ જશે એમ માનવું તે માત્ર મનનું ગાંડપણ છે. ।।૫।।

**મુગ્ધ સુગમ કરી સેવન આદરે રે, સેવન અગમ અનુપ;**
**દેજો કદાચિત્ સેવક યાચના રે, આનંદઘન રસ રૂપ. સં૦૬**

**સંક્ષેપાર્થ :—** મુગ્ધ એટલે ભોળા લોકો ભગવાનની સેવાને સુગમ માની આદરે છે. પણ ભગવાનની સેવા તો અગમ્ય અને અનુપમ છે. માટે હે પ્રભુ! કોઈકવાર કૃપા કરીને મને પણ આપની સેવા એટલે આજ્ઞાને દૃઢપણે મરણની છેલ્લી ઘડી સુધી ઉઠાવવાનો યોગ આપજો. કેમકે આપની આજ્ઞા ઉઠાવવી તે જ આનંદઘનરસરૂપ એવા મોક્ષપદ પ્રાપ્તિનું પ્રબળ કારણ છે. ।।૬।।

# (૩) શ્રી સંભવનાથ સ્વામી

## શ્રી દેવચંદ્રજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(ધનરા ઢોલા......એ દેશી)

**શ્રી સંભવ જિનરાજજી રે, તાહરું અકલ સ્વરૂપ જિનવરપૂજો,**
**સ્વપર-પ્રકાશક દિનમણિ રે, સમતા રસનો ભૂપ; જિન૦**
**પૂજો પૂજો રે ભવિક જન પૂજો, પ્રભુ પૂજ્યા પરમાનંદ. જિન૦ પૂ૦૧**

**સંક્ષેપાર્થ :–** હે શ્રી સંભવનાથ જિનરાજ પ્રભુ! આપનું સ્વરૂપ કોઈ છદ્મસ્થથી કળી શકાય એવું નથી. આપ પોતાના આત્માને તથા બીજા જગતના સર્વ પર પદાર્થોને જાણવામાં દીનમણિ એટલે સૂર્યસમાન છો. તેમજ સમતા રસના રાજા છો-ભંડાર છો. માટે હે ભવ્ય જીવો! તમે એવા ભગવાનને ભાવથી પૂજો. કારણ કે એવા પ્રભુને પૂજતાં સહજ અવિનાશી એવા આત્મિકસુખની પ્રાપ્તિ થાય છે. ।।૧।।

**અવિસંવાદી નિમિત્ત છો રે, જગતજંતુ સુખકાજ; જિન૦**
**હેતુ સત્ય બહુમાનથી રે, જિન સેવ્યાં શિવરાજ. જિન૦ પૂ૦૨**

**સંક્ષેપાર્થ :–** જેમાં કોઈ વિવાદ નથી, બે મત નથી. એવા આપ ઉત્તમ નિમિત્ત છો. કોના માટે? તો કે જગતના જીવોને આત્મિકસુખનું કાર્ય કરવાને માટે. આપ મોક્ષના સાચા હેતુ એટલે કારણ સમાન છો. તેથી જિનરાજની બહુમાનપૂર્વક સેવા એટલે આજ્ઞા ઉઠાવી નિરુપદ્રવ એવા મોક્ષના રાજ્યને પામીએ. ।।૨।।

**ઉપાદાન આતમ સહી રે, પુષ્ટાલંબન દેવ; જિન૦**
**ઉપાદાન કારણપણે રે, પ્રગટ કરે પ્રભુ સેવ. જિન૦ પૂ૦૩**

**સંક્ષેપાર્થ :–** સર્વ જીવ પોતપોતાની સિદ્ધતારૂપ કાર્યના ઉપાદાન કારણ જરૂર છે. પણ તે ઉપાદાનને પ્રગટ કરવામાં પ્રભુ પરમ પુષ્ટ અવલંબન છે. જીવમાં અનાદિકાળથી ઉપાદાન કારણપણે રહેલું છે, પણ તેનું પ્રગટપણું તો પ્રભુની સેવાના નિમિત્તથી જ થાય છે. ।।૩।।

**કાર્ય ગુણ કારણપણે રે, કારણ કાર્ય અનુપ; જિન૦**
**સકલ સિદ્ધતા તાહરી રે, માહરે સાધનરૂપ. જિન૦ પૂ૦૪**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! આપ શુદ્ધ સ્વરૂપને પામ્યા એ આપનો કાર્યગુણ છે અને તે સાધકને કારણપણે પરિણમે છે. સાધકના સમ્યક્‌દર્શનાદિ ઉપાદાન



કારણ તેને જાગૃત કરવા માટે પ્રભુનો શુદ્ધસ્વરૂપમય કાર્યગુણ અનુપમ છે.

હે પ્રભુ! આપની સંપૂર્ણ સિદ્ધતા તે મારી સિદ્ધતા પ્રગટાવવા માટે મને પરમ સાધનરૂપ છે. ।।૪।।

**એક વાર પ્રભુવંદના રે, આગમ રીતે થાય; જિન૦**
**કારણ સત્યે કાર્યની રે, સિદ્ધિ પ્રતીત કરાય. જિન૦૫**

**સંક્ષેપાર્થ :–** આગમ અનુસાર ભાવભક્તિથી એકવાર પણ પ્રભુને વંદન થાય તો જિનેશ્વર જેવા સત્ય કારણ મળવાથી આત્મકાર્યની સિદ્ધિ થઈ શકે, એવી પ્રતીતિ કરી શકાય. ઉપાદાન અને નિમિત્ત બન્ને સત્ય હોય તો કાર્ય સિદ્ધિ જરૂર થઈ શકે. ।।૫।।

**પ્રભુપણે પ્રભુ ઓળખી રે, અમલ વિમલ ગુણ ગેહ; જિન૦**
**સાધ્યદૃષ્ટિ સાધકપણે રે, વંદે ધન્ય નર તેહ. જિન૦૬**

**સંક્ષેપાર્થ :–** પ્રભુના ગુણોવડે પ્રભુને ઓળખી, જેમકે પ્રભુ કર્મમળથી રહિત અમલ છે, વિમલ એટલે ગુણો વડે નિર્મળ છે તથા ગુણોના ઘરરૂપ છે. આ પ્રમાણે તેમની પ્રભુતાને જાણી પોતાની આત્મપ્રભુતા પ્રગટાવવારૂપ સાધ્યને નજરમાં રાખી, સાધક થઈ પ્રભુને વંદન કરે તે ધન્ય છે. ।।૬।।

**જન્મ કૃતારથ તેહનો રે, દિવસ સફલ પણ તાસ; જિન૦**
**જગત શરણ જિનચરણને રે, વંદે ધરિય ઉલ્લાસ. જિન૦ પૂ૦૭**

**સંક્ષેપાર્થ :–** તેનો જ જન્મ કૃતાર્થ છે, તેમજ દિવસ પણ તેનો જ સફળ છે કે જે જગતના શરણરૂપ એવા જિનેશ્વરના ચરણને ઉલ્લાસભાવ સહિત વંદન કરે છે. ।।૭।।

**નિજ સત્તા નિજ ભાવથી રે, ગુણ અનંતનું ઠાણ; જિન૦**
**દેવચંદ્ર જિનરાજજી રે, શુદ્ધ સિદ્ધ સુખખાણ. જિન૦ પૂ૦૮**

**સંક્ષેપાર્થ :–** પ્રભુની નિજ આત્મસત્તા તે પોતાના સ્વભાવથી જોતાં અનંતગુણનું સ્થાન છે. દેવોમાં ચંદ્ર સમાન શ્રી જિનરાજ તે શુદ્ધ છે, સિદ્ધ છે અને સુખની જ ભરપૂર ખાણ છે. ।।૮।।

---

# (૩) સંભવનાથ સ્વામી

## શ્રી યશોવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(મન મધુકર મોહી રહ્યો—એ દેશી)

**સંભવ જિનવર વિનતી, અવધારો ગુણ જ્ઞાતા રે;**
**ખામી નહિ મુજ ખિજમતે, કદીય હોશો ફલ દાતા રે. સં૦૧**

**અર્થ :—** હે સંભવનાથ જિનેશ્વર ! હે ગુણજ્ઞ પ્રભુ ! મારી વિનતિ સ્વીકારો. મારી ખીજમતે એટલે આપની સેવાચાકરીમાં હું ખામી રાખતો નથી તો આપ હે પ્રભુ ! મને મોક્ષ ફળના દાતાર ક્યારે થશો ?

**ભાવાર્થ :—** હે ગુણજ્ઞ પ્રભુ ! મુજ સેવકની એક નમ્ર અરજ છે તે ઉપર લક્ષ આપી મારી વિજ્ઞપ્તિની ફળીભૂતતા થાય તેમ કરો. હું આપની અનન્ય ભાવે, પૂર્ણ શ્રદ્ધાપૂર્વક ભક્તિ કરું છું. અને આશામાં ને આશામાં સમય વ્યતીત કરું છું. તે આશા એવી છે કે પ્રભુ મારા ઉપર પ્રસન્ન થશે, મુજ રંક ઉપર કરુણા ભરેલો દૃષ્ટિપાત કરશે. પણ મારી એ આશા હજી સુધી ફળીભૂત થઈ નથી. તેથી હવે અધીરજ આવવાથી લઘુત્વભાવે આપને પૂછવા જેટલી અનુજ્ઞા લઉં છું કે હું આપની ખીજમત એટલે સેવા ઉઠાવું છું તેનું ફળ આપ ક્યારે આપશો ? મારી સેવાચાકરીમાં કાંઈપણ ખામી રાખતો નથી. પ્રભુ ઉપર પૂર્ણ વિશ્વાસ છે માટે આવા પ્રકારે પ્રભુની ભક્તિ કરી છે. ॥૧॥

**કર જોડી ઊભો રહું, રાત દિવસ તુમ ધ્યાનો રે;**
**જો મનમાં આણો નહીં, તો શું કહીએ છાનો રે, સં૦૨**

**અર્થ :—** રાતદિવસ હાથ જોડીને આપનું ધ્યાન ધરી ઊભો રહું તો પણ મારી વિનતિને આપ ધ્યાન ઉપર ન લો તો હું એકાંતમાં છાની રીતે આપને વિશેષ શું કહું ?

**ભાવાર્થ :—** વળી હે પ્રભુ ! હું બીજાં સર્વ કાર્યમાં મુખ્ય કાર્યરૂપ માત્ર આપના ધ્યાનમાં જ મારો કાળ નિર્ગમન કરું છું. આપ મારી આ સ્થિતિ પ્રત્યક્ષ જુઓ છો. આમ છતાં પણ મારા પર આપ કૃપા ન કરો તો મારી મનોવાંછિતની સિદ્ધિ માટે ખાનગીમાં ફરી શું કહેવું ? કોઈ માણસને કાંઈ અરજ કરવી હોય તો તેને પ્રથમ ખાનગીમાં કહેવાય અને પછીથી લોકોની હાજરી વચ્ચે કહેવાય અને તેમ છતાં અરજનો સ્વીકાર ન થાય તો પછી ફરી ખાનગીમાં કહેવાથી કાંઈ જ ફળ નથી, એવી લૌકિક પદ્ધતિ છે. એ પદ્ધતિને અનુસરીને જ મેં મારું વક્તવ્ય આપની સમક્ષ રજૂ કર્યું છે. માટે હે પ્રભુ ! મારી વિનતિને સ્વીકારી મને મોક્ષ પદના આપનાર થાઓ. ॥૨॥



**ખોટ ખજાને કો નહીં, દીજીએ વાંછિત દાનો રે;**
**કરુણાનજર પ્રભુજી તણી, વાધે સેવક વાનો રે, સં૦૩**

**અર્થ :—** હે પ્રભુ ! આપના ખજાનામાં કાંઈ ખોટ નથી તો ઇચ્છિત વસ્તુનું દાન આપો ! જો પ્રભુની દયા દૃષ્ટિ હોય તો સેવકનો વાન એટલે આત્મિક રંગ શીઘ્ર વધી શકે.

**ભાવાર્થ :—** હે કરુણાનિધિ ! હું જે વસ્તુની માગણી કરું છું તેની આપના ભંડારમાં જરા પણ ઊણપ નથી. તેમ તે વસ્તુ આપવાથી, ખુટી જવાનો કોઈ ભય નથી. માટે આ સેવક ઉપર કૃપા કરી તેના આત્મિક ગુણો પ્રગટ કરાવી આપવાની માગણીને પૂરી કરો. આપની કૃપા દૃષ્ટિ વિના આ કાર્ય સિદ્ધ થઈ શકે એમ નથી. આપની મહેરબાની હશે તો જ મારી આત્મિક નિર્મળતા થશે અને ક્રમે કરીને તે વધશે. એમ હું મારા મનમાં નિઃશંકપણે સમજું છું. તેથી આટલી અરજ કરું છું. તો એ ઉપર આપ જેવા મહાપુરુષે અવશ્ય ધ્યાન આપવું જોઈએ. ॥૩॥

**કાળલબ્ધિ મુજ મતિ ગણો, ભાવલબ્ધિ તુમ હાથે રે;**
**લડથડતું પણ ગજબચ્ચું, ગાજે ગયવર સાથે રે, સં૦૪**

**અર્થ :—** હે પ્રભુ ! મારી કાળલબ્ધિ એટલે ભવસ્થિતિ પાકી નથી એમ આપ ગણશો નહીં. કારણ કે ભાવલબ્ધિ તો આપના હાથમાં છે. જેમકે લડથડતું એવું ગજ એટલે હાથીનું બચ્ચું તે મોટા ગયવર એટલે ગજવર અર્થાત્ મોટા હાથી સાથે ગાજે છે. તેમ અમે પણ આપના બોધબળે કર્મોની સામે હાકલ કરીશું.

**ભાવાર્થ :—** હે પ્રભુ ! અમારી કાળલબ્ધિ એટલે ભવસ્થિતિ પાકી નથી એમ આપ ગણશો નહીં. કારણ કે ભવસ્થિતિ પકાવવાનું કારણ એવી ભાવલબ્ધિ એટલે ઉત્તમ ભાવોની પ્રાપ્તિ કરાવવાનું સામર્થ્ય તો આપના હાથમાં છે. તેનું દૃષ્ટાંત કે લડથડીયાં ખાતું એક હાથીનું બચ્ચું જેમ પોતાના મોટા હાથી સાથે ગાજે છે, તેમ હું પણ આપના દ્વારા પ્રાપ્ત થયેલા બોધના બળવડે કર્મો સમક્ષ ગર્જના કરીશ. અને તેના ફળ સ્વરૂપ તે કર્મોનો નાશ કરીને આપ જેવો થઈશ. ॥૪॥

**દેશો તો તુમહિ ભલા, બીજા તો નવિ યાચું રે;**
**વાચક યશ કહે સાંઈશુ, ફળશે એ મુજ સાચું રે, સં૦૫**

**અર્થ :—** હે પ્રભુ ! આપશો તો આપ જેવા ભલા એટલે પરોપકારી

પુરુષો જ આપી શકે. તેથી બીજા પાસે યાચવાનું કોઈ પ્રયોજન નથી. માટે વાચક એટલે ઉપાધ્યાય એવા યશોવિજયજી મહરાજ કહે છે કે મારો નિશ્ચય જરૂર ફળશે એમાં શંકાને કોઈ સ્થાન નથી.

**ભાવાર્થ :–** હે કૃપાનિધાન ! મને એ બાબતની ચોક્કસ ખાત્રી છે કે હું જે માંગું છું તે ભલી વસ્તુ જો દેશો તો આપ જ દેશો ! આપ વિના અન્ય કોઈપણ તે આપવા સમર્થ નથી. કારણ કે આપ વિના અન્ય કોઈની પાસે તે વસ્તુ જ નથી, તો પછી તે ક્યાંથી આપે ? માટે બીજા પાસે યાચવાનું કાંઈ ફળ નથી. એવો મને દૃઢ નિશ્ચય હોવાથી હું બીજા કોઈની પાસે યાચવા જવાનો પણ નથી. તેથી વાચક યશોવિજયજી મહારાજ અંતમાં સાંઈ એટલે યોગીશ્વર એવા શ્રી સંભવનાથ પ્રભુને કહે છે કે મારો ઉપર કહેલો નિશ્ચય ગમે ત્યારે વહેલો કે મોડો પણ ફળશે જ. એમાં લેશ માત્ર મને સંશય નથી. ।।પ।

---

## (૩) શ્રી સંભવનાથ સ્વામી

### શ્રી મોહનવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(આઘા આમ પધારો પૂજ્ય–એ દેશી)

**સમકિત દાતા સમકિત આપો, મન માગે થઈ મીઠું;**
**છતી વસ્તુ દેતાં શું શોચો, મીઠું જે સહુએ દીઠું;**
**પ્યારા પ્રાણ થકી છો રાજ, સંભવ જિનજી મુજને. ૧**

**અર્થ :–** હે સમકિત દાતા પ્રભુ ! મને સમકિત આપો, મારું મન રાજી થઈને એ જ માગે છે. આપની પાસે વસ્તુ હોવા છતાં આપવામાં શા માટે લાંબો વિચાર કરો છો ? કારણ કે સમકિત તો ઘણું મીઠું છે એવું બધા આત્માર્થીઓ જાણે છે. મારા પ્રાણ થકી પણ પ્યારા એવા હે સંભવનાથ ! ભગવાન તમે છો, માટે મને જરૂર સમકિત આપો.

**ભાવાર્થ :–** સમકિત કેવું છે ? તો કે શુદ્ધ દેવગુરુધર્મની શ્રદ્ધારૂપ તેમજ મોક્ષરૂપી વૃક્ષના બીજરૂપ, વળી સંસારનાં ભવભ્રમણને અટકાવનાર અને આત્માનું સાચું સ્વરૂપ જણાવનાર એવું સમકિત છે તે મને આપો. તમારા સિવાય અન્ય હરિહરાદિક દેવો સમકિત વિનાનાં છે, મિથ્યાત્વરૂપ કચરાથી ખરડાયેલાં છે. વળી વિષયરૂપી કાદવમાં ખુંચી ગયેલા છે. તેઓની પાસે સમકિત



હોતું નથી. જેની પાસે વસ્તુ છે જ નહીં તે બીજાને કેમ આપી શકે ! તેથી મોક્ષના સાધનભૂત અને સર્વ ગુણની ખાણરૂપ એવું સમકિત તો આપની પાસે જ છે. તો પછી આપવામાં શો લાંબો વિચાર કરો છો. આ સમકિતને મારું મન રાજી થઈને માગે છે. જે દુનિયામાં મીઠું એટલે મનગમતું હોય તેના ઉપર દરેકની દૃષ્ટિ જાય છે. તેમ સમકિત દરેકને પ્રિય લાગે છે. તે કારણથી હું સમકિતની આપની પાસે યાચના કરું છું. કારણ કે હે સંભવનાથ ભગવાન ! મને આપ પ્રાણ થકી પણ વહાલા છો. ।।૧।।

**એમ મત જાણો જે આપે લહીએ, તે લાધ્યું શું લેવું;**
**પણ પરમારથ પ્રીછી આપે, તેહિજ કહીએ દેવું. પ્યારા૦૨**

**અર્થ :–** હે પ્રભુ ! એમ આપ જાણો નહીં કે પરમાવગાઢ સમકિત આપને મળી ગયું, તેથી હવે સહજ દશા થઈ જવાથી લેવા દેવાનું કંઈ રહ્યું નહીં. પણ તે સમકિતને તો પરમ પદાર્થ સમજી બીજાને પણ જરૂર આપો કે જેથી કંઈ આપ્યું કહેવાય.

**ભાવાર્થ :–** હે પ્રભુ ! આપ એવું જાણશો મા કે આપ તો સંપૂર્ણ કેવળજ્ઞાનને પામી ગયા તેથી અમારે હવે કંઈ લેવા દેવાનું હોય નહીં. વિભાવથી મુકાઈ સંપૂર્ણ શુદ્ધ સ્વભાવમાં આવી ગયા માટે અમારે લેવા દેવાની કડાકૂટ હોય નહીં; તેથી તો અમે છૂટા થયા છીએ. જે ત્યાગવાનું હતું તે ત્યાગી દીધું અને લેવાનું હતું તે લઈ લીધું. હવે કોઈ નવીન કામ કરવાનું ક્યાં બાકી રહ્યું છે. પણ હે પ્રભુ ! અમને તારવાનું કામ બાકી રહ્યું છે. માટે પરમાર્થ પ્રીછી એટલે સમકિતને જ પરમાર્થ સમજી અમને આપો કે જેથી તમે કંઈ આપ્યું કહેવાય. અને એથી અમારું પણ કલ્યાણ થઈ જાય. ।।૨।।

**અર્થી હું, તું અર્થ સમર્પક, ઇમ મત કરજો હાંસુ;**
**પ્રગટ હતું તુજને પણ પહેલાં, એ હાંસાનું પાસું.પ્યારા૦૩**

**અર્થ :–** હું અર્થી છું અને તમે અર્થના આપનાર છો. એમ જાણીને મારી હાંસી એટલે મશ્કરી કરશો નહીં. કેમકે એવી હાંસીનું કારણ તો તમારામાં પણ પહેલા હતું અર્થાત્ પહેલાં તમે પણ મારા જેવા સમકિત માટેના યાચક હતા. હે સંભવનાથ ભગવાન ! આપ મને મારા પ્રાણ થકી પણ વધારે પ્યારા છો.

**ભાવાર્થ :–** કવિરત્ન શ્રી મોહનવિજયજી મહારાજ ભક્તિરસને વધારનારો એક જાુદો ઓલંભો પ્રદર્શિત કરે છે કે હું અર્થી એટલે વસ્તુની માગણી કરનારો અને આપ તે વસ્તુને આપનારા છો એમ જાણીને મારી હાંસી

કરશો નહીં. કારણ કે હું વસ્તુ મેળવવાને યોગ્ય નથી છતાં માંગું છું એમ જાણી મારી હાંસી કરશો નહીં. કારણ કે જે વૃત્તિથી હું બીજાની પાસે અર્થી થઈને અને બીજાને અર્થ આપનારા બનાવીને વસ્તુ મેળવવા પ્રયત્ન કરું છું તેવો જ પ્રયત્ન આપે પણ સમકિત પામ્યા પહેલા કર્યો હતો. તો પછી આપની અને મારી પહેલાની અવસ્થા સરખી થઈ. બીજાની પાસેથી આપે પણ સમકિત મેળવ્યું હતું. તેવી રીતે મારે પણ આપની પાસે તે મેળવવાનું છે. ઓલંભાદર્શક શબ્દોમાં આવી આશ્ચર્યજનક ઘટના સાંભળીને કે વિચારીને ભક્તજનોએ પ્રભુનો કાંઈ અવિનય થાય છે એવું મનમાં લાવવું નહીં. કેમકે પ્રીતિ અનુષ્ઠાન અને ભક્તિ અનુષ્ઠાન પ્રાપ્ત કરવામાં આવા શબ્દોની રચના ભક્તિના નિર્દોષ આશયને કારણે અસ્થાને ન ગણાય; પણ યોગ્ય ગણાય છે. ।।૩।।

**પરમ પુરુષ તુમે પ્રથમ ભજીને, પામ્યા ઇમ પ્રભુતાઈ;**
**તેણે રૂપે તુમને અમે ભજીએ, તેણે તુમ હાથ વડાઈ. પ્યારા૦૪**

**અર્થ :–** પરમ પુરુષને તમે પ્રથમ ભજીને આ પ્રભુતાઈ પામ્યા છો. તે જ પ્રકારથી અમે પણ તમને ભજીએ છીએ. હવે તમારી વડાઈ એટલે મોટાઈ રાખવી તે તમારા હાથમાં છે.

**ભાવાર્થ :–** હે ભગવાન! તમે પણ પ્રથમ સંસારી અવસ્થામાં મારી માફક પ્રભુની સેવા કરીને આ પ્રભુત્વને પામ્યા છો. મારી માફક જ પ્રભુ પાસે પહેલા સમકિતને માટે યાચક બન્યા હતા. અને પ્રભુને દાતાર બનાવ્યા હતા. આવી પ્રવૃત્તિ કરવાથી જ આપે ત્રણ જગતની પ્રભુતાઈ આજે મેળવી છે. તેવા જ પ્રકારથી અમે તમને ભજીએ છીએ. અને આવી રીતે તમને ભજવાથી અમને પણ આપના જેવી સ્થિતિ પ્રાપ્ત કરાવી પોતાની મોટાઈ રાખવી એ તો પ્રભુ તમારા હાથમાં છે. ।।૪।।

**તમે સ્વામી હું સેવાકામી, મુજરે સ્વામી નિવાજે;**
**નહિ તો હઠ માંડી માગંતાં, કિણવિધ સેવક લાજે. પ્યારા૦૫**

**અર્થ :–** તમે મારા સ્વામી છો અને હું તમારી સેવાનો ઇચ્છક છું. મુજરો કરવાથી સ્વામી નિવાજે એટલે તુષ્ટમાન થાય છે. અને જો તુષ્ટમાન ન થાય તો પણ હઠ માંડીને માગી લેતા સેવકને કાંઈ લાજ આવે નહિ.

**ભાવાર્થ :–** હે પ્રભુ! તમે મારા સ્વામી છો, અને હું તમારો સેવક છું. આ સેવક સ્વામીભાવમાં બીજા દેવો પાસે મેં ઘણા ભવમાં ફોગટ કાળ ગુમાવ્યો. પણ જે વસ્તુથી ભવભ્રમણ ટળે એવી વસ્તુ મને મળી નહીં. કારણ કે સાચી



વસ્તુ ફક્ત નામ ધરાવનારા દેવો પાસે હોતી નથી. હવે તો આપના જેવા સાચી શાન્તિના દાતા સ્વામી મળ્યા અને મારા જેવો સેવક આપને મળ્યો. તો મારો મુજરો સ્વીકારી મારું કાર્ય જરૂર સિદ્ધ થાય એમ કરો. જો આપ કદાચ મારો મુજરો ન સ્વીકારો તો પણ હઠ માંડીને આપની પાસે વસ્તુ મેળવવામાં સેવકને કાંઈ લાજ આવવાની નથી. ।।૫।।

**જ્યોતે જ્યોતિ મીલે મન પ્રીછે, કુણ લહેશે કુણ ભજશે;**
**સાચી ભક્તિ તે હંસ તણી પરે, ખીર-નીર નય કરશે. પ્યારા૦૬**

**અર્થ :–** હે ભગવાન! આપની આત્મજ્યોતિ સાથે જ્યારે મારી આત્મ-જ્યોતિ મળી જશે પછી તો આપ આપશો તો પણ કોણ લેશે, અને કોણ આપને ભજશે. કેમકે સાચી ભક્તિ તો હંસની સમાન ક્ષીર નીર વિવેક પ્રગટાવી આત્માને જડ એવા દેહથી ભિન્ન કરી પોતાના સ્વસ્વરૂપમાં સ્થિતિ કરાવી દેશે.

**ભાવાર્થ :–** જ્યારે આપની આત્મજ્યોતિ સાથે મારી આત્મજ્યોતિ મળી જશે એટલે કે તમે મોક્ષ સ્થાનમાં પહોંચશો અને હું પણ ત્યાં આવી જઈશ, પછી તમે મારા સ્વામી અને હું તમારો સેવક એવી ગણતરી ત્યાં રહેશે નહીં. માટે આવી સ્થિતિ જ્યાં સુધી પ્રાપ્ત થઈ નથી, ત્યાં સુધી મારી સેવકવૃત્તિ આપ સ્વીકારી આપનું સ્વામીપણું મારા પ્રત્યે પ્રસિદ્ધ કરો, અને યશ મેળવો. નહીં તો મોક્ષમાં ગયા પછી આપ મારા સ્વામી બની શકશો નહીં. અને આ વખતે જો આપ મારું સેવકપણું નહીં સ્વીકારો તો પણ મારી સાચી ભક્તિ જરૂર હંસ પક્ષીની પેઠે ક્ષીરનીર વિવેક કરશે. એટલે જેમ હંસ દૂધ અને પાણીને જુદા કરી શકે છે, તેમ આપની સાચી ભક્તિ તે જરૂર મારા આત્માને વિવેકી બનાવી દેહથી પોતાના આત્મસ્વરૂપને જરૂર ભિન્ન કરાવશે. એવી રીતે પણ ભક્તો તમારી સેવાથી કાર્ય સાધશે, આમાં પણ હે પ્રભુ! તમારી જ છૂપાયેલી કૃપાદૃષ્ટિ છે એમ હું તો માનું છું. ।।૬।।

**ઓલગ કીધી તે લેખે આવી, ચરણ ભેટ પ્રભુ દીધી;**
**રૂપ વિબુધનો મોહન પભણે, રસના પાવન કીધી. પ્યારા૦૭**

**અર્થ :–** મેં જે પ્રભુની સેવા કરી કે ભક્તિપૂર્વક વિનતિ કરી તે લેખે આવી અને પ્રભુએ મને ચારિત્રની ભેટ આપી. શ્રી રૂપવિજય પંડિતના શિષ્ય મુનિશ્રી મોહનવિજયજી મહારાજ કહે છે કે આપના ગુણગાન કરીને આજે મારી રસના એટલે રસેન્દ્રિય અર્થાત્ જીભ તે પવિત્ર થઈ ગઈ.

**ભાવાર્થ :–** જગતમાં એકપણ એવું કાર્ય નથી કે ઉદ્યમ કરવામાં આવે

તો સિદ્ધ ન થાય. કર્તા પુરુષ શ્રી મોહનવિજયજી કહે છે કે સાચા ભક્તિભાવે પ્રાર્થના કરવામાં આવી તો તે લેખે લાગી અને તેના ફળમાં ઉત્તમ ચારિત્રની ભેટ મને પ્રભુએ આપી, અર્થાત્ પ્રભુ પ્રત્યે ભક્તિ વધવાથી જગત ભુલાઈ ગયું, અને પ્રભુ કૃપાથી સંકલ્પ વિકલ્પ ઘટી જઈ આત્મામાં સ્થિરતારૂપ ચારિત્રની ભેટ મને પ્રાપ્ત થઈ. આવા પ્રકારે પ્રભુના ગુણગાન કરીને મારી જીભે પહેલા જે અસત્ય બોલેલું કે ભોજનરસના આસ્વાદનવડે કર્મરૂપી ઝેર ગ્રહણ કરેલું; તેને આ પ્રભુના ગુણગાન વડે ઉતારી દઈ જીભને અમૃતના લેપમય બનાવી પાવન કરી. ।।૭।।

---

# (૪) શ્રી અભિનંદન સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(આજે નિહજો રે દીસે નાહલો—એ દેશી)

**અભિનંદનજિન ! દરિશણ તરસીએ, દરિશણ દુર્લભ દેવ;**
**મત મત ભેદે રે જો જઈ પૂછીએ, સહુ થાપે અહમેવ. અ૰૧**

**સંક્ષેપાર્થ :—** હે અભિનંદન પ્રભુ ! આપ જે શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છો તે સ્વરૂપ પ્રાપ્તિના કારણરૂપ જિન દર્શનને માટે અમે તરસીએ છીએ, અર્થાત્ તે પામવા માટે અમારી ખરેખરી અંતરની દાઝ છે. પણ તે શુદ્ધ આત્મારૂપ દેવનું દર્શન પામવું તે અતિ દુર્લભ જણાય છે. કેમકે —

આ વિષયમાં જુદા જુદા મતપક્ષવાળાઓને જઈને પૂછીએ છીએ તો સહુ મતવાળાઓ પોતાનું અહંપણું સ્થાપે છે અર્થાત્ અમે જે અમારા મત પ્રમાણે પ્રવર્તીએ છીએ એ જ મોક્ષનો સાચો માર્ગ છે બાકી બીજા બધા મિથ્યામાર્ગ છે એમ પ્રતિપાદન કરે છે. તો હવે ખરેખર સાચો માર્ગ કયો ? તે જાણવા માટે હે પ્રભુ ! આપના દ્વારા નિષ્પક્ષપાતપણે ઉપદિષ્ટ એવા શુદ્ધ જૈન દર્શનને જાણવા માટે તરસીએ છીએ.

**"અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક;**
**તેમાં મત સાચો કયો, બને ન એહ વિવેક."** -શ્રીમદ્ રાજચંદ્ર ।।૧।।

**સામાન્યે કરી દરિશણ દોહિલું, નિર્ણય સકલ વિશેષ;**
**મદ મેં ઘેર્યો રે અંધો કેમ કરે, રવિશશીરૂપ વિલેખ. અ૰૨**



**સંક્ષેપાર્થ :—** સામાન્યપણે પણ વીતરાગદર્શન એટલે વીતરાગનો કહેલો ધર્મ પામવો દોહ્યલો છે, તો તેનો નિર્ણય સકલ વિશેષ એટલે સંપૂર્ણ સ્યાદ્-વાદપૂર્વક કરવો એ તો અતિ કઠીન કાર્ય છે. જેમ કોઈ માણસ મદિરા પીને મદમાં ઘેરાયેલો હોય અને વળી જન્માંધ હોય, તે સૂર્ય અને ચંદ્રમાના સ્વરૂપનું વિલેખ કહેતા વિશેષપણે વર્ણન કેવી રીતે કરી શકે ? તેમ અજ્ઞાનરૂપ અંધાપાથી યુક્ત એટલે આત્મજ્ઞાન રહિત એવા મતવાદીઓ, જે વળી ગચ્છમતના આગ્રહરૂપી દારૂ પીધેલા હોવાથી તે સામાન્યપણે કે વિશેષપણે જૈન દર્શનનું મૂળ રહસ્ય નિષ્પક્ષપાતપણે કેવી રીતે પ્રતિપાદન કરી શકે ? માટે આ કળિકાળમાં જૈન દર્શનનું વાસ્તવિક સ્વરૂપ જાણવું અતિ કઠિન થઈ પડ્યું છે. ।।૨।।

**હેતુ વિવાદે હો ચિત્ત ધરી જોઈએ, અતિ દુર્ગમ નયવાદ;**
**આગમવાદે હો ગુરુગમ કો નહીં, એ સબલો વિષવાદ.અ૰૩**

**સંક્ષેપાર્થ :—** પોતાના આત્મસ્વરૂપને પ્રાપ્ત કરવાના હેતુ એટલે કારણો માત્ર વિચારવા તે આત્મસ્વરૂપથી પ્રાપ્ત થાય એમ જણાતું નથી. અથવા વિવાદ એટલે અપેક્ષાવાદ અથવા સ્યાદ્વાદને ચિત્તમાં ધારણ કરીને જોઈએ તો પણ એ સાત નયોની સમજણ પડીને અનેકાંતપૂર્વક વસ્તુનું સ્વરૂપ યથાર્થ સમજાય તે અતિ દુર્ગમ જણાય છે. કારણ કે અનુભવથી જણાય એવું આત્મસ્વરૂપ કે જૈન દર્શન, તે માત્ર હેતુ કારણો વિચારવાથી પ્રાપ્ત થાય તેમ લાગતું નથી. કેમકે નયવાદ છે તે અતિ દુર્ગમ છે.

વળી ભગવાને આગમો ભાખેલા છે. તેને વાંચી વિચારીને આત્મદર્શન પામી શકાશે એમ માનીએ તો એ આગમવાદ એટલે ભગવાનના કહેલા સિદ્ધાંતોને સમજવા માટે ગુરુગમની જરૂર છે. એ ગુરુગમ એટલે આગમોના રહસ્યને સમજવારૂપી કુંચી બતાવનાર એવા સદ્ગુરુની અત્યંત આવશ્યકતા છે. પણ વર્તમાનમાં એવા આત્મજ્ઞાની પુરુષોનો લગભગ અભાવ જેવો આ કાળ વર્તે છે. માટે સાચા આત્મજ્ઞાની ગુરુ દ્વારા ગમ એટલે સમજણ નહીં મળવાથી આત્મકલ્યાણ કરવામાં એ સબળો વિષવાદ એટલે બળવાન વિખવાદ અર્થાત્ વિરોધ ઊભો થયો. ।।૩।।

**ઘાતી ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિશણ જગનાથ;**
**ધીઠાઈ કરી મારગ સંચરું, સેંગૂ કોઈ ન સાથ. અ૰૪**

**સંક્ષેપાર્થ :–** હે જગતના નાથ એવા અભિનંદન પ્રભો! આપના શુદ્ધ- સ્વરૂપના દર્શન કરવામાં વિઘ્ન કરનાર તેમજ આત્માના ગુણોની ઘાત કરનાર એવા મતાગ્રહ કે કુલના આગ્રહ કે ચાર ઘાતીયારૂપ કર્મોના પર્વતો ઘણા આડા આવે છે. તેમાં આત્મદર્શન પામવામાં દર્શનમોહનીયકર્મ મહા વિઘ્ન કરનાર છે. તેનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય નહીં થાય ત્યાં સુધી આત્માનું દર્શન યથાર્થ રીતે કેમ થઈ શકે?

વળી ધીઠાઈ એટલે નીડર બની આ ઘાતીયા કર્મરૂપ પર્વતોને ઓળંગવાને માટે બળ કરી યોગમાર્ગે આગળ વધું તો કોઈ મને આ મોક્ષમાર્ગ બતાવનાર સેંગૂ એટલે ભોમિયારૂપ સત્પુરુષનો સંઘાત નથી. માટે હવે કેમ કરવું? ।।૪।।

**દરિશણ દરિશણ રટતો જો ફરું, તો રણરોઝ સમાન;**
**જેહને પિપાસા હો અમૃતપાનની, કિમ ભાંજે વિષપાન.અ૦૫**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભો! 'દર્શન-દર્શન' એમ શબ્દ માત્ર એક જંગલી પશુ રણરોઝ જેવો હું બધા આગળ રટતો ફરવાથી કંઈ આપના સ્વરૂપનું દર્શન થઈ શકે એમ નથી. અર્થાત્ જુદા જુદા અજ્ઞાની એવા મતવાદીઓને પૂછવાથી તો કાંઈ વળે એમ નથી. આ વિષે શ્રીમદ્ રાજચંદ્રજીએ પત્રાંક ૬૩૧માં કહ્યું છે કે–

**"જેમ માત્ર કથનજ્ઞાનીઓ કહે છે તેમ નથી; માટે ઠેકાણે ઠેકાણે જઈને કાં પૂછે છે? કેમકે તે અપૂર્વભાવનો અર્થ ઠેકાણે ઠેકાણેથી પ્રાપ્ત થવાયોગ્ય નથી."**

તે તો માત્ર અનુભવી જ્ઞાનીપુરુષોથી મળવા યોગ્ય છે. જેને આત્મઅમૃત રૂપરસ પીવાની પિપાસા એટલે તીવ્ર જિજ્ઞાસા હોય તેની તરસ અસત્ એવા મતાગ્રહીઓના રાગીદ્વેષી વચનોરૂપ વિષનું પાન કરવાથી કેમ મટી શકે? ન જ મટી શકે. ।।૫।।

**તરસ ન આવે હો મરણ જીવન તણો, સીઝે જો દરિશણકાજ;**
**દરિશણ દુર્લભ સુલભ કૃપા થકી, આનંદઘન મહારાજ. અ૦૬**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! જો મારા આત્મસ્વરૂપનું મને દર્શન થાય અથવા વીતરાગ ધર્મ પર સાચી શ્રદ્ધા થાય તો જન્મમરણનો તરસ કહેતા ત્રાસ લાગે નહીં. અને કાલાંતરે પણ હું મુક્તિસુખને પામું. પણ આત્મસ્વરૂપનું સાક્ષાત્દર્શન થવું તો અતિ દુર્લભ જણાય છે. છતાં આત્મસ્વરૂપને પામેલા એવા જ્ઞાનીપુરુષોની



કૃપાવડે આત્મશ્રદ્ધા કે આત્મદર્શન પામવું સુલભ પણ છે, એમ આનંદઘનજી મહારાજ કહે છે. માટે હે પ્રભુ! આપની કૃપાવડે મને શુદ્ધ આત્માનું દર્શન કરાવી જન્મમરણથી સદાને માટે મુક્ત કરો. ।।૬।।

# (૪) શ્રી અભિનંદન સ્વામી

## શ્રી દેવચંદ્રજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(બ્રહ્મચર્ય પદ પૂજિયે.....એ દેશી)

**ક્યું જાણું ક્યું બની આવશે, અભિનંદન રસ રીતિ હો મિત્ત;**
**પુદ્ગલ અનુભવ ત્યાગથી, કરવી જસુ પરતીત હો મિત્ત. ક્યું૦૧**

**સંક્ષેપાર્થ :–** મિત્ત એટલે હે મિત્ર! કોણ જાણે શ્રી અભિનંદન પરમાત્મા સાથે રસ જામે એવી પ્રીતની રીત કેવી રીતે બનશે? હાં હવે જાણ થઈ કે પૌદ્- ગલિક ભોગોના અનુભવનો ત્યાગ કરવાથી પ્રભુ સાથે રસીલી પ્રીત થઈ શકે, એવી પ્રતીતિ કરવા યોગ્ય છે. ।।૧।।

**પરમાતમ પરમેશ્વરુ, વસ્તુગતે તે અલિપ્ત હો મિત્ત;**
**દ્રવ્યે દ્રવ્ય મિલે નહીં, ભાવે તે અન્ય અવ્યાપ્ત હો મિત્ત. ક્યું૦૨**

**સંક્ષેપાર્થ :–** શ્રી અભિનંદન પ્રભુ તો કર્મથી રહિત હોવાથી પરમાતમા છે. સંપૂર્ણ સ્વાધીન હોવાથી પરમેશ્વર છે, વસ્તુતાએ સ્વભાવથી અલિપ્ત છે. નિશ્ચયનયથી જોતાં કોઈપણ દ્રવ્ય બીજા સાથે મળતું નથી. તેમજ અન્યનો ભાવ પણ અન્યમાં વ્યાપી શકતો નથી. એથી પ્રભુ, દ્રવ્યથી જોતાં બીજા દ્રવ્ય સાથે અલિપ્ત છે અને ભાવથી પણ પ્રભુ સર્વથા અવ્યાપ્ત છે! કેમકે–

**"જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;**
**કોઈ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ."** –શ્રીમદ્ રાજચંદ્ર ।।૨।।

**શુદ્ધ સ્વરૂપ સનાતનો, નિર્મલ જે નિઃસંગ હોમિત્ત;**
**આત્મવિભૂતિ પરિણમ્યો, ન કરે તે પરસંગ હો મિત્ત. ક્યું૦૩**

**સંક્ષેપાર્થ :–** પ્રભુ તો શુદ્ધ સ્વરૂપી છે. સનાતન એટલે નિત્ય છે, નિર્મળ છે તેમજ નિસંગ કહેતા સંગરહિત છે. તેમજ આત્મવિભૂતિને વરેલા હોવાથી કદાપિ પરનો સંગ કરતા નથી. તો આવા પ્રભુને કઈ રીતે મળી શકાય? ।।૩।।

**પણ જાણું આગમબળે, મિલવું તુમ પ્રભુ સાથ હો મિત્ત;**
**પ્રભુ તો સ્વસંપત્તિમયી, શુદ્ધ સ્વરૂપનો નાથ હો મિત્ત. ક્યું૦૪**

**સંક્ષેપાર્થ :–** આગમમાં કહ્યું તે ગુરુમુખે સાંભળ્યું છે કે પ્રભુ સાથે મળવું તો જરૂર છે. પણ પ્રભુ તો પોતાની અનંતજ્ઞાનાદિક ગુણસંપત્તિમાં સ્થિત છે અને સ્વસ્વરૂપના નાથ એટલે ધણી છે. તે કોઈથી મળતા નથી. માટે કોણ જાણે કેવી રીતે મળાશે ? ।।૪।।

**પરપરિણામિકતા અછે, જે તુજ પુદ્ગલ જોગ હો મિત્ત;**
**જડ ચલ જગની એંઠનો, ન ઘટે તુજને ભોગ હો મિત્ત ક્યું૦૫**

**સંક્ષેપાર્થ :–** હે ભવ્યાત્મા ! પ્રભુ સાથે મળવું હોય તો પુદ્ગલના યોગથી પર પદાર્થોમાં જે તું પરિણમન કરે છે તે દોષ છે તે તારે છોડવો પડશે. એ પુદ્ગલ તો જડ છે અને ચલ કહેતા નાશવંત છે. સર્વ જીવોએ અનેકવાર તેનો ભોગ કરેલો હોવાથી જગતની તે એંઠ છે, એંઠવાડો છે. તેનો ભોગ હે ચેતન ! તને ઘટતો નથી. કેમકે હંસ જેવો આત્મા તે કોઈ દિવસ પણ કચરામાં ચાંચ ઘાલે નહીં. આ પ્રમાણે વિચારી પ્રથમ આત્માને વૈરાગ્યવાન બનાવવો. તો ભાવે કરીને પ્રભુનું સ્વરૂપ પ્રાપ્ત કરી શકાય. ।।૫।।

**શુદ્ધ નિમિત્તી પ્રભુ ગ્રહો, કરી અશુદ્ધ પર હેય હો મિત્ત;**
**આત્માલંબી ગુણલયી, સહુ સાધકનો ધ્યેય હો મિત્ત. ક્યું૦૬**

**સંક્ષેપાર્થ :–** સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપને પામેલા એવા શુદ્ધ નિમિત્તરૂપ પ્રભુનું અવલંબન લો અને પુદ્ગલાદિક પર ભોગપણાના અશુદ્ધ નિમિત્તનો ત્યાગ કરો. એ પ્રભુ કેવા છે ? તો કે શુદ્ધઆત્માને જ અવલંબીને રહેલા છે, તથા સર્વ આત્મિકગુણોમાં જ લય પામેલા છે. સહુ સમ્યગ્દૃષ્ટિ, દેશ વિરતિ, મુનિ વગેરે સર્વ સાધકોએ એવા પ્રભુના શુદ્ધસ્વરૂપને પામવાનો જ ધ્યેય રાખેલ છે. ।।૬।।

**જિમ જિનવર આલંબને, વધે સધે એક તાન હો મિત્ત;**
**તિમ તિમ આત્માલંબની, ગ્રહે સ્વરૂપ નિદાન હો મિત્ત; ક્યું૦૭**

**સંક્ષેપાર્થ :–** સાધકની જેમ જેમ જિનેશ્વર પરમાત્માની ભક્તિના આલંબને એકાગ્રતા વધતી જાય છે તેમ તેમ પ્રભુ સાથેની એકતાનતા એટલે તન્મયતાની પણ સિદ્ધિ થતી જાય છે. અને તેના દ્વારા સાધક પોતે સ્વ આત્માલંબી બની સ્વસ્વરૂપ પ્રાપ્તિના નિદાન એટલે કારણોને મેળવતો જાય છે. અર્થાત્ સહજાત્મ-



સ્વરૂપનું સ્મરણ કરતાં, ચિંતન કરતાં તે આત્મધ્યાનમાં લીન થતો જાય છે. ।।૭।।

**સ્વસ્વરૂપ એકત્વતા, સાધે પૂર્ણાનંદ હો મત્ત;**
**રમે ભોગવે આતમા, રત્નત્રયી ગુણવૃંદ હો મિત્ત; ક્યું૦૮**

**સંક્ષેપાર્થ :–** જ્યારે જીવ પોતાના આત્મસ્વરૂપમાં એકત્વતા એટલે તન્મયતા કરે છે ત્યારે તે આત્માના પૂર્ણ આનંદને સાધે છે, અર્થાત્ પામે છે. પછી તે સદાકાળ આત્મગુણોના સમૂહરૂપ જ્ઞાન-દર્શન-ચારિત્રમય રત્નત્રયાદિ ગુણોમાં જ રમે છે અને તે ગુણોને જ ભોગવે છે અર્થાત્ તે ગુણોનો જ તે ભોક્તા થાય છે. ।।૮।।

**અભિનંદન અવલંબને, પરમાનંદ વિલાસ હો મિત્ત;**
**દેવચંદ્ર પ્રભુ-સેવના, કરી અનુભવ અભ્યાસ હો મિત્ત. ક્યું૦૯**

**સંક્ષેપાર્થ :–** શ્રી અભિનંદન પ્રભુના અવલંબનથી આત્માને પરમાનંદ-મય આત્મસમાધિ પ્રાપ્ત થાય છે માટે દેવોમાં ચંદ્ર સમાન પ્રભુની સેવા આત્મ અનુભવના અભ્યાસપૂર્વક કરવી જોઈએ. જેથી આત્માનું પરમ કલ્યાણ થાય. ।।૯।।

---

# (૪) શ્રી અભિનંદન સ્વામી

## શ્રી યશોવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(સુણજો હો પ્રભુ—એ દેશી)

**દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ તુજ,**
**મૂરતિ હો પ્રભુ, મૂરતિ મોહન વેલડીજી;**
**મીઠી હો પ્રભુ, મીઠી તાહરી વાણ,**
**લાગે હો પ્રભુ, લાગે જેસી સેલડીજી. ૧**

**અર્થ :–** હે પ્રભુ ! હે જગદ્ગુરુ ! આપની મોહનવેલ સમાન મૂર્ત્તિ જોઈને હું ખૂબ આનંદ પામું છું. અને વળી આપની વાણી તો મારા મનને શેરડીના રસ જેવી મીઠી લાગે છે. આ જગતમાં ભવિજનોના કલ્યાણ માટે આ જિનબિંબ અને જિનાગમ જ આધારભૂત છે એ વાત આજે સ્પષ્ટ જણાય છે.

**ભાવાર્થ :–** દેવેંદ્રો વડે જેમનું અભિનંદન એટલે હર્ષથી વધાવી લેવું થાય છે એવા અભિનંદન પ્રભુની સ્તુતિ કરતાં શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે હે પ્રભુ ! હે ત્રણ જગતના તારક ! આ પંચમ કાળમાં જિનમૂર્તિ અને જિનવાણી

એ બેનો જ મને ખરો આધાર છે. તે બંને વાનાં મને પ્રાપ્ત થયા છે. તમારી મોહનવેલ સમાન મનોવાંછિતને આપનારી મોહક અને આકર્ષક એવી પ્રતિમાને મેં જોઈ, તેથી મને ઘણો હર્ષ થયો. સ્તવનમાં એક જ શબ્દના બે વાર કરેલ પ્રયોગ તે ભાવની ઉત્કૃષ્ટતા સૂચવે છે. વળી હે પ્રભુ! તમારી શાંત રસોત્પાદક, વૈરાગ્યજનક, મોહોચ્છેદક અને સંસારતારક એવી વાણી—વચનામૃતો તો મને શેરડીના રસ જેવાં અતિ મિષ્ટ લાગે છે. ફરી ફરી તેનો આસ્વાદ લેવાનું મન થાય છે. અને ફરી ફરી તેનું શ્રવણ કરતાં છતાં પણ તૃપ્તિ થતી નથી. તે સાંભળવાની જ ઇચ્છા હમેશાં બની રહે છે. ।।૧।।

**જાણું હો પ્રભુ જાણું જન્મ કયથ્થ,**
**જો હું હો પ્રભુ, જો હું તુમ સાથે મિલ્યોજી;**
**સુરમણિ હો પ્રભુ, સુરમણિ પામ્યો હથ્થ,**
**આંગણે હો પ્રભુ, આંગણે મુજ સુરતરુ ફલ્યોજી. ૨**

**અર્થ :—** હે પ્રભુ! જો હું તમારા શુદ્ધ સ્વરૂપ સાથે મળી ગયો તો આ મારો જન્મ કૃતાર્થ થયો એમ જાણીશ. અને મને હાથમાં ચિંતામણિ રત્ન આવી મળ્યું અથવા મારા આંગણામાં કલ્પવૃક્ષ ઊગી નીકળ્યું એમ જ માનીશ.

**ભાવાર્થ :—** હે દીનાનાથ પ્રભુ! જો હું ભક્તિના બળે આપના સ્વરૂપમાં કોઈ અંશે તન્મય થઈ ગયો, તો મારું ઉગ્ર ભાગ્ય ખીલ્યું એમ હું જાણીશ, અને મહાપુણ્ય યોગે મનુષ્ય ભવ પ્રાપ્ત કર્યો તો તેની સાચી સફળતા થઈ ગઈ એમ માનીશ. વળી ચિંતામણિ રત્ન જે ચિંતિત વસ્તુ પૂરી પાડે છે તે વગર પ્રયાસે હાથમાં આવી ચડ્યું તેમજ ઇચ્છાનુસાર ભોગસામગ્રી પૂરી પાડનાર એવું સુરતરુ એટલે કલ્પવૃક્ષ સહેજે મારા ઘરના ફળિયામાં જ ફળવાન થયું એમ માનીશ. પણ આ બધું આપની કૃપા થાય તો જ શક્ય છે. ।।૨।।

**જાગ્યા હો પ્રભુ, જાગ્યા પુણ્ય અંકુર,**
**માગ્યા હો પ્રભુ મુહમાગ્યા પાસા ઢલ્યાજી;**
**વૂઠ્યા હો પ્રભુ, વૂઠ્યા અમીરસ મેહ,**
**નાઠા હો પ્રભુ, નાઠા અશુભ શુભ દિન વલ્યાજી. ૩**

**અર્થ :—** હે પ્રભુ! જો આપની સાથે મારો પ્રેમ પ્રગટ્યો તો મારા પુણ્યના અંકુર ફુટ્યા, મુંહ માગ્યા એટલે મારી ઇચ્છાનુસાર પાસા ઢલ્યા એટલે જે પાસા નાખું તે સવળા જ પડે છે. અમૃત રસના મેઘ વર્ષ્યા, નબળા દિવસ દૂર થયા અને ઉત્તમ દિવસોનો ઉદય થયો એમ માનું છું.



**ભાવાર્થ :—** બીજી ગાથા સાથે આ ગાથાનો સંબંધ છે. શુભ કર્મને પુણ્ય કહેવામાં આવે છે. એવા શુભકર્મ પુષ્ટ થાય તો તે મુક્તિ મેળવવામાં સહાયકારી થાય છે. પુણ્યાનુબંધી પુણ્ય મોક્ષ મેળવી આપે છે. હે પ્રભુ! મારા પુણ્યના અંકુર ફૂટ્યા. અંકુર ફૂટે તો વહેલું મોડું તે ઝાડ બની તેના ઉપર ફળ આવે. તેમ કાળે કરીને મોક્ષરૂપી ફળ આવશે એમ મુહમાગી વસ્તુ મને પ્રાપ્ત થઈ. અમૃત રસના વર્ષાદની વૃષ્ટિ થઈ એટલે અમૃતરૂપ જળ વરસવાથી વિપુલ ધાન્યાદિની ઉત્પત્તિ થાય તથા અમૃતના પાનથી અમરતા પ્રાપ્ત થાય એમ અન્ય મતમાં મનાય છે તેમ હું આપની કૃપાથી અમરપદને પામીશ. મારા નબળા દુઃખના દહાડા પસાર થઈ ગયા, અને સારા સુખના દિવસો પ્રાપ્ત થયા; અર્થાત્ મારી અજ્ઞાન અવસ્થા દૂર થઈ. હવે મારા સ્વરૂપને ઓળખવાની સ્થિતિ પ્રાપ્ત થશે એમ હું માનું છું. ।।૩।।

**ભૂખ્યાં હો પ્રભુ, ભૂખ્યાં મલ્યાં ઘૃતપૂર,**
**તરસ્યાં હો પ્રભુ, તરસ્યાં દિવ્ય ઉદક મિલ્યાજી;**
**થાક્યાં હો પ્રભુ, થાક્યાં મિલ્યાં સુખપાલ,**
**ચાહતાં હો પ્રભુ, ચાહતાં સજ્જન હેજે હલ્યાજી.૪**

**અર્થ :—** હે પ્રભુ! ભૂખ્યાને જેમ ઘૃતપૂર એટલે ઘીથી ભરપૂર ઘેવર મળે, તરસ્યાને દિવ્ય ઉદક એટલે અમૃત મળે, થાકેલાને સુખપાલ એટલે પાલખી મળે અને સ્વજનોને મળવાની જેની ઇચ્છા હોય તેને સ્વજનો મળી આવે તેમ આપના મળવાથી મને પણ તેવો જ લાભ થયો છે એમ હું માનું છું.

**ભાવાર્થ :—** આનો પણ સંબંધ બીજી ગાથા સાથે છે કે હે પ્રભુ! વળી હું એમ માનું છું કે ભૂખ્યા મનુષ્યને ઘેવરનું ભોજન મળ્યું. ભૂખ્યાને સૂકો રોટલો પણ સાકર જેવો લાગે તો ઘેવર જેવી ઉત્તમ ગણાતી વસ્તુ મળે તો તેથી થતા આનંદની તો શી વાત કરવી? તૃષાતુરને અમૃત એટલે દેવતાઈ જળ મળ્યું. સામાન્ય પાણી કરતાં અમૃતના પાનથી ઘણી તૃપ્તિ થાય. થાકેલા માણસને જેમ પાલખી મળી. પત્થર અને ટેકરાવાળી ભૂમિ ઉપર ગાડું મળી આવે તો તે પણ થાકેલા માણસને એક આશીર્વાદરૂપ થઈ પડે તો પછી પાલખી-સુખાસન મળે તેથી તેને જે વિશ્રાંતિ પ્રાપ્ત થાય તેનું તો વર્ણન જ શું કરવું? અને ઇચ્છા કરવાની સાથે જ સ્વજનો મળી ગયા, એટલું જ નહિ પણ તેઓ ખરા હેતપૂર્વક મળ્યા. તેમ હું પણ આપના સમાગમથી ઘણો જ હર્ષ પામ્યો છું.

પરમકૃપાળુ અને પરોપકાર કરવાના સ્વભાવવાળા સંત પુરુષો મળી

જાય તો હિંમત હારી બેઠેલા એવા દુઃખી મનુષ્યોને પણ આશ્વાસન આપી તેની મૂંઝવણ દૂર કરે છે. એવાનો મેળાપ થાય તો આપણું જરૂર કલ્યાણ થઈ જાય એમ છે. માટે દરેકે પોતાના આત્મહિતાર્થે આવા જ્ઞાનીપુરુષોની ત્રિકરણ યોગે ભક્તિ કરવામાં સદા તત્પર રહેવું એ ખાસ જરૂરનું છે. એ પ્રમાણે થાય તો પછી આપણને સંસારસમુદ્રમાં ડૂબવાનો ભય રહે નહીં. ।।૪।।

**દીવો હો પ્રભુ, દીવો નિશા વન ગેહ,**
**સાખી હો પ્રભુ સાખી થલે જલનૌકા મળીજી;**
**કલિયુગે હો પ્રભુ, કલિયુગે દુલ્લહો મુજ,**
**દરિશણ હો પ્રભુ, દરિશણ લહ્યું આશા ફળીજી. ૫**

**અર્થ :–** વળી હે પ્રભુ! જેમ રાત્રિના અંધકારમાં દીવો મળે, જંગલમાં ઘર મળે, થલે એટલે મરૂસ્થળમાં સાખી એટલે આમ્રવૃક્ષ મળે અને જળમાં નૌકા મળે તેમ આ કળિયુગમાં મને દુર્લભ એવું તમારું પવિત્ર દર્શન મળવાથી મારી સર્વ આશાઓ ફળી ગઈ એમ હું માનું છું.

**ભાવાર્થ :–** આનો સંબંધ પણ પૂર્વની પેઠે સમજવો કે હે પ્રભુ! ઘોર અંધકારમય રાત્રિના સમયે દીપક મળ્યો, જ્યાં ઘોર અંધકારમાં માર્ગ સૂઝતો ન હોય, ઠોકરો ખવાતી હોય તેવા વખતે ઝળહળતો દીપક મળ્યો, નિર્જન વનમાં વિશ્રાંતિ લેવા અર્થે ઘર મળ્યું, ભયંકર અટવીને વિષે જ્યાં વરસાદ પુષ્કળ પડતાહોય અને પાસે છત્રી ન હોય અથવા સૂર્ય પૂર્ણ તપતો હોય, ભૂમિ રેતાળ હોય અને પગમાં પગરખાં ન હોય એવી આકુળ વ્યાકુળ સ્થિતિમાં શીતળ જળ અને સુંદર ફળફૂલવાળા બગીચા સહિત ઘર મળ્યું, મારવાડ દેશમાં જેની ઉત્પત્તિનથી એવા આંબાના ઝાડની પ્રાપ્તિ થઈ, અને સમુદ્રના જળમાં પડેલા માણસો જે બચવા માટે વલખાં મારતા હોય તેવાઓને વહાણ મળ્યું એમ હું માનું છું. આ દુષમ પંચમકાળમાં બહુ મુશ્કેલીથી પ્રાપ્ત થઈ શકે એવું તમારું પવિત્ર દર્શન હું પામ્યો તેથી મારી દીર્ઘ કાળની સર્વ આશાઓ ફળીભૂત થઈ ગઈ એમ હું નિઃશંકપણે માનું છું. ।।૫।।

**વાચક હો પ્રભુ, વાચક યશ તુમ દાસ,**
**વિનવે હો પ્રભુ, વિનવે અભિનંદન સુણોજી;**
**કઈયેં હો પ્રભુ, કઈયેં મ દેશો છેહ,**
**દેજો હો પ્રભુ, દેજો સુખ દરિશણ તણોજી. ૬**



**અર્થ :–** હે અભિનંદન પ્રભુ! તમારો દાસ એવો વાચક યશ એ પ્રમાણે વિનવે છે કે હે નાથ! હવે મને ક્યારે પણ છેહ ન દેશો અર્થાત્ મને આપ ક્યારે પણ છોડશો નહીં. તમારી ભક્તિમાં જ મને હમેશાં લીન રાખજો અને કૃપા કરી મને આત્મદર્શનનું કે સમ્યક્દર્શનનું અખંડ સુખ આપજો. એ સિવાય મારે બીજું કાંઈ જોઈતું નથી.

**ભાવાર્થ :–** હે સ્વામી! તમારો અનન્ય સેવક જેણે આપ એકનેજ નાથ તરીકે સ્વીકાર્યા છે એવો આપનો ખાસ કૃપાપાત્ર સેવક વાચક યશ ઉપર કહ્યા પ્રમાણે જણાવીને છેવટે વિનતિ કરે છે કે હે પ્રભુ! તમે એકવાર મને સમ્યક્દર્શન આપ્યું છે તો હવે કદી પણ મારો ત્યાગ કરશો નહીં. અથવા સમકિતને આવરનારાં કર્મરૂપ આવરણોને દૂર કરીને મહા પ્રયાસે મેં તમારું દર્શન એટલે સમકિત મેળવ્યું છે તો તેથી હું ક્યારે પણ પતિત ન થાઉં—એ દર્શન ગુમાવી ન બેસું, એટલી કૃપા આપ અવશ્ય કરજો. વારંવાર ભવોભવમાં મને દર્શન આપજો અને તેની સાથે જ મને ઉચ્ચતમ કોટિનું ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરાવી, પરંપરાએ તેનાથી મળતું જે શાશ્વતસુખરૂપ મોક્ષફળ તે મને આપજો. અથવા પ્રાપ્ત થયેલું ક્ષયોપશમ સમ્યક્ત્વ હોય તો તે ચાલ્યું ન જતાં ક્ષાયિકના રૂપમાં ફેરવાઈ જાય એવી આપ પ્રભુ પ્રત્યે મારી માગણી છે. તે સાથે પ્રભુના જિનબિંબના દર્શન સંબંધીનું સુખ પણ નિરંતર મને મળતું રહે એમ ઇચ્છું છું. ।।૬।।

---

# (૪) શ્રી અભિનંદન સ્વામી

## શ્રી મોહનવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(આછેલાલની—દેશી)

**અકળ કળા અવિરુદ્ધ, ધ્યાન ધરે પ્રતિબુદ્ધ,**
**આછેલાલ અભિનંદન જિનચંદનાજી;**
**રોમાંચિત થઈ દેહ, પ્રગટ્યો પૂરણ નેહ,**
**આછેલાલ ચંદ્ર જ્યું વન અરવિંદનાજી. ૧**

**અર્થ :–** અકળ એટલે ન કળી શકાય એવી અને અવિરુદ્ધ એટલે જેવી જોઈએ તેવી કળાવાળા શ્રી અભિનંદન ભગવાન છે. તે પ્રતિબુદ્ધ એટલે પ્રત્યેકબુદ્ધ કે જેના તે ભવમાં કોઈ ગુરુ હોતા નથી એવા ભગવાનનું ભક્તજનો ધ્યાન કરે

છે. સામાન્ય કેવળીમાં ચંદ્રમા સમાન એવા શ્રી અભિનંદન સ્વામીનું ધ્યાન કરતાં ભક્તજનના દેહના રોમેરોમ પુલકિત થાય છે અને પ્રભુ પ્રત્યે પૂર્ણ સ્નેહ પ્રગટે છે. જેમ ચંદ્રમાને દેખી ચંદ્ર વિકાસી કમળોનું વન ખીલે તેમ પ્રભુના ચંદ્ર જેવા મુખના દર્શનથી ભક્તનું હૃદય પણ ખીલી ઊઠે છે.

**ભાવાર્થ :–** શ્રી અભિનંદન સ્વામી પ્રભુની અનંત જ્ઞાનકળા કળી શકાય નહીં તેવી છે, અને જેમાં કદી કોઈ વિરોધાભાસ આવે એમ નથી. બોધ પામેલા જીવો પ્રભુનુ ધ્યાન કરતાં તેમના દેહની રોમરાજી વિકસિત થાય છે, અને પ્રભુ પ્રત્યે ભક્તિરૂપ પ્રશસ્ત સ્નેહ પ્રગટે છે. જેમ ચંદ્રને દેખી ચંદ્ર વિકાસી કમળો ખીલે તેમ શ્રી અભિનંદન સ્વામી ચંદ્રમા સમાન જાણવા અને ભક્તજનો તે ચંદ્ર વિકાસી કમળ જેવા જાણવા. ।।૧।।

**એક ખીણ મન રંગ, પરમપુરુષને સંગ,**
**આ૦ પ્રાપ્તિ હોવે સૌ પામીએજી;**
**સુગુણ-સલૂણી ગોઠ, જિમ સાકર ભરી પોઠ,**
**આ૦ વિણ દામે વિવસાઈએજી. ૨**

**અર્થ :–** પરમપુરુષના સંગનો રંગ એક ક્ષણ માત્ર થાય તો ઇચ્છિત વસ્તુઓની પ્રાપ્તિ થઈ શકે. ઉત્તમ પુરુષોની સોબત, ગુણથી ભરેલી અને સલૂણી કહેતાં મીઠી છે. જેમ સાકરની ભરેલી પોઠ એટલે ગુણી હોય તેવી છે. સત્પુરુષના સંગનો વિવસાઈ એટલે વ્યવસાય તો વગર દામે થાય છે.

**ભાવાર્થ :–** પરમપુરુષનો સંગ એક ખીણ એટલે ક્ષણ માત્ર થાય તો ઇચ્છિત વસ્તુ તુરત મળી શકે. પ્રભુની ગોઠ કહેતાં મૈત્રી ગુણથી ભરેલી છે અને મીઠાશમાં સાકરના ઢગલા જેવી છે. અહીંયા દૃષ્ટાંતથી આ ગાથાનો ઉપનય એમ જણાય છે કે જેમ લોખંડના કટકાને પારસમણિનો સ્પર્શ થાય તો લોઢું સુવર્ણ બની જાય છે; તો અમારા જેવા ભક્તજનો પ્રભુના સંગરૂપ પારસમણિ પામીને સુવર્ણરૂપ કેમ ન બને ? દુનિયામાં ગણાતો સાકરનો વ્યાપાર પૈસા વિના થાય નહીં પરંતુ આ પ્રભુના સંગનો લોકોત્તર વ્યાપાર તો પૈસા વિના પણ થઈ શકે; એ વાત યથાર્થ છે. ।।૨।।

**સ્વામી ગુણમણિ તુજ, નિવસો મનડે મુજ,**
**આ૦ પણ કંઈયે ખટકે નહીંજી;**
**જિમ રજ નયણે વિલગ્ગ, નીર ઝરે નિરવગ્ગ,**
**આ૦ પણ પ્રતિબિંબ રહે સંસહીજી.૩**



**અર્થ :–** હે ગુણોમાં મણિરૂપ મોટા એવા અભિનંદન પ્રભુ ! આપ જેવા મારા મનમાં આવીને વસો તો મને કંઈ ખટકતું નથી; પરંતુ એક ઝીણું રજકણ પણ મારા આંખમાં પડે તો ઘણું પાણી ઝરે છે. જ્યારે આપનું મોટું પ્રતિબિંબ મારી આંખમાં પડે છે તો પણ કોઈ દર્દ કરતું નથી પણ સંસહી એટલે સમાઈ જાય છે. તેમ આપ મોટા હોવા છતાં પણ મારા મનમાં જરૂર સમાઈ જશો. એવી મને પૂર્ણ ખાત્રી છે.

**ભાવાર્થ :–** ગુણરૂપી મણિઓની ખાણરૂપ હે સ્વામી ! તમે મારા મનમાં આવીને વસો તો પણ મને કંઈ ખટકશે નહીં. જ્યારે આંખમાં એક નાની રજકણ પડે તે પણ ખૂબ ખટકીને આંખમાંથી પાણી ઝરાવીને દુઃખ આપે છે. વળી આંખમાં મોટું પ્રતિબિંબ પડે તે સમાઈ જાય છે, જરી પણ દુઃખ ઉત્પન્ન કરતું નથી; તેમ આપ ઘણા મોટા હોવા છતાં પણ મારા મનમાં પ્રતિબિંબરૂપે સમાઈ જાઓ છો. જ્યારે અન્ય દેવો નાના હોવા છતાં પણ આંખમાં પડેલા રજકણની માફક ખૂંચે છે, તે સહ્યું જતું નથી. ।।૩।।

**મેં જાચ્યા કંઈ લક્ષ, તારક ભોલે પ્રત્યક્ષ,**
**આ૦ પણ કો સાચ નાવ્યો વગેજી;**
**મુજ બહુ મૈત્રી દેખ, પ્રભુ કાં મૂકોઉવેખ,**
**આ૦ આતુર જન બહુ ઓલગેજી. ૪**

**અર્થ :–** હે તારક પ્રભુ ! ભોળા એવા મેં પ્રત્યક્ષપણે અનેક દેવોની યાચના કરી પણ વિવેકપૂર્વક સાચી વસ્તુ મારા હાથમાં આવી શકી નહીં. હવે આપ મને મળ્યા છો પણ મારી ઘણા સાથે મિત્રતા દેખીને મને ઉવેખ એટલે છોડી દેશો નહીં. કેમકે દુઃખથી પીડાયેલા મારા જેવા મનુષ્યો ઘણા સ્થાનકે વિનતિ કર્યા કરે છે.

**ભાવાર્થ :–** મેં ભોળા ભાવથી, શુદ્ધદેવ અને અશુદ્ધદેવની પરીક્ષાના અભાવે અશુદ્ધદેવ પ્રત્યે યાચના અનેકવાર કરી પણ સત્ય વસ્તુ હાથમાં ન આવી. એમ ઘણા દેવોની સોબતવાળો દેખીને હે પ્રભુ ! મને છોડી દેશો નહીં. કારણ કે રોગથી પીડાયેલા મનુષ્યો જેવા તેવા વૈદ્યોને દેખી દવાઓ કરાવે છે. પણ હવે મેં જાણ્યું કે સાચા વૈદ્ય તો આપ છો. જેથી હવે હું આપનો સંગ કદી મૂકીશ નહીં, તેમજ આપ પણ મને છોડશો નહીં. મેં ઘણા દેવોની પાસે યાચના કરી પણ તેમાં મુખ્ય કારણ તો સાંસારિક વસ્તુઓની આશાનું હતું. દુઃખનો માર્યો તેમ કરતો હતો. પણ હવે મને સાચી વાત સમજાઈ કે તે બધું માગવુ વ્યર્થ

છે. કેમકે જે કાંઈ થાય છે તે પોતાના કર્મ અનુસાર થાય છે. અને તેમાં કોઈ ફેરફાર કરવા દેવો પણ સમર્થ નથી. ।।૪।।

**જગ જોતાં જગનાથ, જિમતિમ આવ્યા છો ।થ,**
**આ૰ પણ હવે રખે કુમયા કરોજી;**
**બીજા સ્વારથી દેવ, તું પરમારથ હેવ,**
**આ૰ પામ્યો હવે હું પટંતરોજી. ૫**

**અર્થ :–** જગતમાં શોધ કરતાં હે જગતના નાથ! મહા મહેનતે આપ હાથમાં આવ્યા છો. તો હવે મારા ઉપર આપ કુમયા એટલે અવકૃપા કરશો નહીં; કૃપાદૃષ્ટિ જ રાખશો. કારણ કે બીજા તો બધા સ્વાર્થી દેવો છે. જ્યારે તું જ એક પરમાર્થના હેતુભૂત સાચો દેવ છો. હે પ્રભુ! હવે હું પટંતર એટલે સાચા ખોટાનો ભેદ જાણી શક્યો છું. અણસમજણરૂપ પડદાનું અંતર ખસી ગયું છે.

**ભાવાર્થ :–** આ અનાદિ અનંત સંસારમાં પરિભ્રમણ કરતાં મિથ્યાત્વનું સેવન કરતા ઘણા એવા કુદેવોની ભક્તિ કરી, પણ આપ જેવા સાચા દેવ હાથમાં આવ્યા નહીં. હવે આપ મારા હાથમાં આવ્યા છો. તો મારા ઉપર અવકૃપા કરશો નહીં. કૃપાદૃષ્ટિ રાખવી તે તો સજ્જન પુરુષોની સ્વાભાવિક પ્રકૃતિ છે. આપ જો કૃપાદૃષ્ટિ ન રાખો તો સજ્જન અને દુર્જનનું અંતર કેમ કહેવાય. આપ તો પરમાર્થી દેવ છો. સ્વાર્થી બિલકુલ નથી. દોષ રહિત છો. ગુણના ભંડાર છો. આપની આકૃતિ શાન્ત સુધારસથી નિર્મળી છે. જ્યારે બીજા દેવો તો આપનાથી ઊલટા સ્વભાવવાળા છે. કારણ કે તેઓની આકૃતિમાં પણ ઘણો જ ભેદ છે. કોઈ દેવોએ હાથમાં શસ્ત્ર ધારણ કર્યા છે, તો વળી કોઈ દેવોએ ખોળામાં સ્ત્રીને ધારણ કરી છે. પણ આપનામાં એવા કોઈ પણ જાતનું દૂષણ નથી. એવી રીતે હવે હું સુદેવ અને કુદેવનો આંતરો જાણી શક્યો છું. ।।૫।।

**તેં તાર્યા કંઈ ક્રોડ, તો મુજથી શીહોડ,**
**આ૰ મેં એવડો શો અલેહણોજી;**
**મુજ અરદાસ અનંત ભવની છે ગવંત,**
**આ૰ જાણને શું કહેવું ઘણુંજી. ૬**

**અર્થ :–** હે પ્રભુ! તમે ક્રોડો જીવોને તાર્યાં છે તો મારાથી શી હોડ માંડી છે કે આમ કરે તો જ તને તારું. હે પ્રભુ! આવો હું શું અલેહણો એટલે અયોગ્ય લક્ષણવાળો છું કે આપ મને તારતા નથી. મને તારવા માટેની આપને અરદાસ



એટલે વિનંતિ તો હે પ્રભુ! અનંત ભવની છે. તે બધું આપ જાણો છો માટે આપની આગળ વિશેષ શું કહું.

**ભાવાર્થ :–** હે પ્રભુ! તમે ક્રોડો જીવને તાર્યા છે. વળી તીર્થંકર થઈને જે વખતે આપ સમવસરણમાં બેસી ધર્મ દેશના દેતા હતા ત્યારે ઘણા સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓને એમ ઘણા ભવ્યોને તાર્યા છે. આના પૂરાવામાં શ્રી ''કલ્પસૂત્ર'' પૂર્ણ સાક્ષીરૂપે છે. તો પછી મારા જેવા એકને માટે તારવાનો પ્રયાસ ન કરો એ કોઈ રીતે ઠીક નથી. મને દુઃખ થાય છે કે પ્રભુ હું એવો શું અયોગ્ય લક્ષણવાળો છું. મારી આ માગણી અનંત ભવની છે. તે આપ જાણો છો. તેથી અમારે વારંવાર કહેવું પડે તે ઠીક નહીં. અને ઘણું કહેવાથી થાય પણ શું? માટે હવે મને કૃપા કરી સમકિતરૂપી સુખડી ચખાવો એ જ મારી પ્રાર્થના છે. ।।૬।।

**સેવા-ફળ દ્યો આજ, ભોળવો કાં મહારાજ,**
**આ૰ ભૂખ ન ભાંગે ભામણેજી;**
**રૂપવિબુધ સુપસાય, મોહન એ જિનરાય,**
**આ૰ ભૂખ્યો ઉમાહે ઘણોજી. ૭**

**અર્થ :–** હે ભગવંત! હવે તો મને સેવાનું ફળ આજે જ આપો. તમે મને કેમ વારંવાર ભોળવો છો. એકલા ભામણાથી એટલે આશીર્વાદથી કાંઈ ભૂખ ભાંગે નહીં. શ્રી રૂપવિજયજી વિબુધના શિષ્ય શ્રી મોહનવિજયજી કહે છે કે હે પ્રભુ! ભૂખ્યા માણસને તો ભોજનની ઘણી ઉમેદ હોય છે; તેમ મારી પણ આપ સમકિતની ભૂખ હવે જરૂર ભાંગો.

**ભાવાર્થ :–** આપ સેવાનું ફળ મને આપો. મને ભોળવશો નહીં. સેવાનું ફળ મને જો નહીં આપો તો આપ સ્વાર્થી ગણાશો. સેવકજનની કદર કરવી એ આપ જેવા સજ્જન પુરુષોનું કર્તવ્ય છે. આપની મારા પ્રત્યે આવી ભોળવણી કરવી તે વ્યાજબી નથી. ત્યાં દૃષ્ટાંત આપી પૂરવાર કરે છે કે કોઈ માણસ ભૂખ્યો હોય તેને ખાવાનું આપવામાં ન આવે અને મોટા મોટા ભામણાથી આશીર્વાદથી રીઝવવાની કોશીશ કરવામાં આવે તો એથી કાંઈ ભૂખને મટાડવારૂપ કાર્ય સિદ્ધ થાય નહીં. માટે ભૂખ્યાને અન્ન આપી જેમ સંતોષ પમાડાય તેમ હું પણ મુક્તિના સુખરૂપ ભોજનનો ઇચ્છક છું. આપ આ મુક્તિના સુખરૂપ ભોજનથી મને તૃપ્ત કરો. ભૂખ્યાને ભામણારૂપ એટલે કે તમારા પર હું વારી જાઉં છું, ફીદા

થાઉં છું વગેરે જો કહેવામાં આવે તેથી કંઈ તે રાજી થાય નહીં. જેમ કોઈ ભાઈ દેશાન્તર ગયો હોય, ઘણે વર્ષે ઘેર આવી બેનને તથા પોતાની માતાને મળ્યો હોય તે વખતે બેન તેમજ માતા માથા ઉપર બે હાથ મૂકી ભામણા લે, એટલે તેને આ પ્રકારે સન્માન ભરેલી આશિષો આપે; પણ તે ભૂખ્યા ભાઈને જમાડવામાં ન આવે તો ભાઈના મનની પ્રસન્નતા કેમ થાય. તેમ મને જાુદું જાુદું સમજાવી અને ભોળવી મોક્ષ સુખરૂપ ભોજન આપો નહીં તો શાશ્વત સુખ મેળવવારૂપ મારી ભૂખ તે કેવી રીતે મટે. ।।૭।।

---

# (૫) શ્રી સુમતિનાથ સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

**સુમતિચરણકજ આતમ અરપણા, દરપણ જિમ અવિકાર, સુજ્ઞાની;**
**મતિતરપણ બહુ સમ્મત જાણીએ, પરિસરપણ સુવિચાર, સુજ્ઞાની. સુ૰૧**

**સંક્ષેપાર્થ :—** હે સમ્યક્જ્ઞાનની ઇચ્છાવાળા એવા ભવિક સુજ્ઞાની! શ્રી સુમતિનાથ ભગવાનના ચરણકમળમાં તારો આત્મા અર્પણ કરવો જોઈએ અર્થાત્ તેમની આજ્ઞા પ્રમાણે ચાલવું જોઈએ. કારણ તેમના ચરણકમળ, તે દરપણ એટલે અરીસા જેવા અવિકાર છે. અરીસામાં જેમ અગ્નિ દેખાવા છતાં તે ઉષ્ણ થતો નથી કે પાણીનો ધોધ દેખાવા છતાં તે પલળતો નથી, તેમ ભગવાનનું મન પણ રાગદ્વેષના પ્રબળ નિમિત્તો હોય તો પણ વિકારતાને પામતું નથી.

માટે તેમના ચરણકમળમાં મતિતરપણ એટલે બુદ્ધિનું સમર્પણ કરવું તે ઘણા લોકોને માન્ય છે. તેનાથી ઉત્તમ સુવિચારોનું પરિસરપણ કહેતા ફેલાવો થાય કે અર્થાત્ સારા એવા નવા નવા વિચારો ઊગતા રહે છે. ।।૧।।

**ત્રિવિધ સકલ તનુધરગત આતમા, બહિરાતમ ધુરિ ભેદ, સુજ્ઞાની;**
**બીજો અંતર આતમ તીસરો, પરમાતમ અવિચ્છેદ, સુજ્ઞાની. સુ૰૨**

**સંક્ષેપાર્થ :—** આ સંસારમાં સકલ તનુધર એટલે સર્વ દેહધારીઓનો આતમા ત્રણ પ્રકારનો છે. તેમાં બહિરાત્મા નામનો ધુરિ એટલે પહેલો ભેદ છે.

બીજો અંતર આત્મા અને ત્રીજો પરમાત્મા નામે છે. તે આત્મા અવિચ્છેદ એટલે કદી પણ કર્મોથી છેદાઈને પોતાના સંપૂર્ણ શુદ્ધસ્વરૂપથી રહિત થાય એમ નથી. ।।૨।।



**આતમબુદ્ધે હો કાયાદિકે ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ સુજ્ઞાની;**
**કાયાદિકનો હો સાખીધર રહ્યો, અંતર આતમરૂપ, સુજ્ઞાની. સુ૰૩**

**સંક્ષેપાર્થ :—** આ ત્રણ પ્રકારના આત્મામાંનો પહેલો ભેદ બહિરાત્માનો છે. જેણે કાયાદિક એટલે પોતાના શરીરમાં આત્મબુદ્ધિ કરેલ છે અને જે પોતાના તથા કુટુંબાદિ પરના દેહમાં મારાપણું કરીને રાગદ્વેષ કર્યા કરે છે. તેથી તે અઘરૂપ એટલે પાપરૂપ એવો બહિરાત્મા છે.

તથા જે આત્મા કાયાદિક એટલે શરીર અને કુટુંબાદિક સંયોગને, પોતાના આત્માથી ભિન્ન માની તેનો માત્ર સાખીધર એટલે સાક્ષીરૂપે રહે છે તેને અંતરઆત્મા જાણવો. તે કોઈ કાર્યનો પોતાને કર્તા માની અહંકાર કરતો નથી. તે તો માત્ર પોતાના પૂર્વોપાર્જિત કર્મોને ભોગવતા તટસ્થ સાક્ષીરૂપ રહે છે. ।।૩।।

**જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો, વર્જિત સકળ ઉપાધિ, સુજ્ઞાની;**
**અતીંદ્રિય ગુણગણમણિ-આગરુ, એમ પરમાતમ સાધ, સુજ્ઞાની. સુ૰૪**

**સંક્ષેપાર્થ :—** હવે ત્રીજા પ્રકારનો આત્મા તે પરમાત્મા છે. તે શુદ્ધ આત્મા કેવળજ્ઞાનવડે અનંતજ્ઞાન અને મોહ જવાથી અનંત સુખાદિ ગુણો પ્રાપ્ત કરી પૂર્ણ પવિત્ર બનેલ છે. જે ભૌતિક જગતની બાહ્ય ત્રિવિધ તાપરૂપ ઉપાધિથી અને અંતરંગ મોહનીયાદિ કર્મોની ઉપાધિથી સર્વથા વર્જિત એટલે રહિત થયેલ છે તે પરમાત્મા છે. તે પરમાત્મા અતીન્દ્રિય એટલે ઇન્દ્રિયોથી જાણી ન શકાય એવા જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ અનંત ગુણોના સમૂહરૂપ મણિયોના આગરુ એટલે ખાણરૂપ છે. માટે હે સુજ્ઞાનના જિજ્ઞાસુ એવા ભવ્ય! તું પણ એવા પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત કરવા માટેની સાધના કર. ।।૪।।

**બહિરાતમ તજી અંતર આતમા-રૂપ થઈ થિર ભાવ, સુજ્ઞાની;**
**પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અર્પણ-દાવ, સુજ્ઞાની. સુ૰૫**

**સંક્ષેપાર્થ :—** હે સુજ્ઞાની! હવે તું તારું અનાદિનું બહિરાત્મપણું મૂકી દે. કેમકે બહિરાત્મા શરીરને જ આત્મા માની, ઇન્દ્રિયજનિત ક્ષણિક સુખથી સદા અતૃપ્ત રહે છે. તેને હમેશાં ઇન્દ્રિય સુખ મેળવવાની તૃષ્ણા જ રહ્યા કરતી હોવાથી તે સદા દુઃખી છે. માટે હવે તે તજી દઈ અંતર આત્મા થા. જ્યાં આત્માના અનંતસુખનો અંશ પ્રગટે છે. જેથી જગતના ભૌતિક સુખની ઇચ્છાનો નાશ થાય છે. માટે અંતર્આત્મરૂપ બની મમતાનો ત્યાગ કરી સ્વરૂપમાં સ્થિતિ કરનાર તટસ્થ સાક્ષીરૂપે થા.

સ્વરૂપમાં સ્થિરતા થયા પછી ધ્યાનબળે પરમાત્માના ગુણો અથવા પરમાત્મસ્વરૂપમાં લીનતા કર. તો તું પણ પરમાત્મા બનીશ. પરમાત્મસ્વરૂપમાં લીનતા કરવી એ જ સાચી ભગવાનના ચરણમાં આત્મ અર્પણતા છે. અને એ જ મુક્તિ મેળવવાનો સાચો દાવ અથવા ઉપાય છે. ।।૫।।

**આતમ-અર્પણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિદોષ સુજ્ઞાની;**
**પરમ પદારથ સંપત્તિ સંપજે, આનંદઘન રસ પોષ, સુજ્ઞાની. સુ૦૬**

**સંક્ષેપાર્થ :–** એમ સત્પુરુષના ચરણમાં આત્માને અર્પણ કરી અર્થાત્ તેમનું શરણ સ્વીકારી તેમની આજ્ઞાવડે આત્મસ્વરૂપમાં લીનતા કરતાં અનાદિનો માયિકસુખમાં મિઠાસમાનવારૂપ મતિનો દોષ સર્વથા નાશ પામે છે.

**"કોઈ પણ પ્રકારે સદ્ગુરુનો શોધ કરવો; શોધ કરીને તેના પ્રત્યે તન, મન, વચન અને આત્માથી અર્પણબુદ્ધિ કરવી; તેની જ આજ્ઞાનું સર્વ પ્રકારે નિઃશંકતાથી આરાધન કરવું; અને તો જ સર્વ માયિક વાસનાનો અભાવ થશે એમ સમજવું."** શ્રીમદ્ રાજચંદ્ર (પૃ.૨૪૬)

વળી પરમપદાર્થરૂપ શુદ્ધ આત્માની ઉત્તમ સંપત્તિ તેને પ્રાપ્ત થાય છે. જે આત્માના અનંત આનંદઘનરૂપ રસને પોષનારી છે; અર્થાત્ શુદ્ધ આત્માનું ધ્યાન જીવને અનંત સુખરૂપ એવા મોક્ષને આપનાર થાય છે. ।।૬।।

---

# (૫) શ્રી સુમતિનાથ સ્વામી

## શ્રી દેવચંદ્રજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(દેશી કડખાની)

**અહો શ્રી સુમતિ જિન, શુદ્ધતા તાહરી, સ્વગુણ પર્યાય પરિણામરામી;**
**નિત્યતા એકતા અસ્તિતા ઇતરયુત, ભોગ્ય ભોગી થકો પ્રભુ અકામી. અહો૦૧**

**સંક્ષેપાર્થ :–** અહો શ્રી સુમતિનાથ ભગવાન! આપની શુદ્ધતા તે સ્વગુણ પર્યાયમાં જ રમણતા કરનારી હોવાથી અતિશય આશ્ચર્યકારક છે. કારણ કે આપની શુદ્ધતા, તે નિત્યતા, એકતા, આસ્તિકતા આદિ ધર્મોની સાથે ઇતર કહેતા બીજા ધર્મો જેવા કે અનિત્યતા, અનેકતા, નાસ્તિકતારૂપ પરસ્પર વિરુદ્ધ ધર્મોથી પણ યુક્ત છે. તેમજ આપ પ્રભુ ભોગ્ય એટલે ભોગવવા લાયક એવા જ્ઞાનાદિ ગુણ પર્યાયના ભોગી હોવા છતાં પણ અકામી એટલે કામના બુદ્ધિથી



રહિત છો. માટે આપની શુદ્ધતા તે પરમ આશ્ચર્યકારક છે. ।।૧।।

**ઊપજે વ્યય લહે, તહવિ તેહવો રહે, ગુણ પ્રમુખ બહુલતા તહવિપિંડી;**
**આત્મભાવે રહે અપરતા નવિ ગ્રહે, લોકપ્રદેશમિત પણ અખંડી. અહો૦૨**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! આપના ગુણ પર્યાયની શુદ્ધતા તે કેવી અદ્ભુત છે કે જે સમયે નવીન પર્યાય ઊપજે તે જ સમયે પૂર્વ પર્યાયનો વ્યય થાય છે. એ આપનો અનિત્યતા ધર્મ છે. તહવિ એટલે તો પણ આપની શુદ્ધતા જ્ઞાનગુણે કરી ધ્રુવ રહે છે. એ આપનો નિત્યતા ધર્મ છે.

વળી એક આત્માને વિષે જ્ઞાનગુણ, દર્શનગુણ, ચારિત્રગુણ, વીર્યગુણ આદિ અનંતગુણ છે. અનંતગુણો તે સર્વ ભિન્ન ભિન્ન છે; તેથી અનેકતા છે. તથા તે સર્વ ગુણ સમુદાયરૂપ છે, ક્યારેય ભિન્ન ક્ષેત્રમાં જતા નથી. તે અનંત ગુણપર્યાયની બહુળતા હોવા છતાં પણ તે એક પિંડરૂપે એટલે સમૂહરૂપે આપનામાં રહે છે; તે આપનો એકતા ધર્મ છે.

આપ સદા આત્મભાવમાં રહો છો એ આપનો અસ્તિધર્મ છે. અપરતા એટલે બીજા પરભાવને આપ કદી ગ્રહણ કરતા નથી તે આપનો નાસ્તિધર્મ છે. તથા લોકના અસંખ્યાત પ્રદેશ છે, તેના માપે આપના પણ અસંખ્યાત પ્રદેશો હોવા છતાં તે જુદા જુદા નથી પણ અખંડ છે. એ બધું આશ્ચર્યજનક છે. ।।૨।।

**કાર્ય કારણપણે પરિણમે તહવિ ધ્રુવ; કાર્યભેદે કરે પણ અભેદી;**
**કર્તૃતા પરિણમે નવ્યતા નવિ રમે, સકલ વેત્તા થકો પણ અવેદી. અહો૦૩**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! આપના ઉપાદાનકારણરૂપ જ્ઞાનાદિ સર્વ ગુણો તે પોતપોતાના જાણવા આદિ કાર્ય કરવારૂપે પરિણમે છે. તે ગુણોનો ઉત્પાદ અને વ્યય ધર્મ છે. છતાં તે મૂળ ગુણોનો આપનામાંથી કદી અભાવ થતો નથી. એ આપનો ધ્રુવ ધર્મ છે.

દરેક ગુણોનો કાર્યભેદ જુદો છે. જેમકે જ્ઞાનગુણ જાણવાનું, ચારિત્રગુણ સ્થિરતાનું, એમ સર્વ ગુણો પોતપોતાના ભિન્ન કાર્યને કરે છે; એ એનો ભેદ સ્વભાવ છે. એમ કાર્યભેદે અનેકતા છે. બધા ગુણોમાં કાર્યનો ભેદ હોવા છતાં પણ તે ગુણો આત્માથી કંઈ જુદા નથી, તેથી અભેદી એટલે અભેદરૂપે છે. એ તેનો એકતા ધર્મ છે.

આપના સ્વભાવમાં કર્તૃત્વગુણ હોવાથી આપ પ્રતિસમયે ગુણપર્યાયરૂપ કાર્યને કરતાં છતાં, કોઈ નવ્યતા એટલે નવીન સ્વભાવને પામતા નથી. એમ

આપનો અસ્તિધર્મ તો સદા ધ્રુવ જ રહે છે.

વળી આપ સર્વ દ્રવ્યના ગુણ, પર્યાય કે ભૂત, ભવિષ્ય, વર્તમાન આદિના વેત્તા એટલે જ્ઞાતા હોવા છતાં પણ તમે અવેદી છો, અર્થાત્ તે દ્રવ્યોના ગુણ પર્યાયના સુખદુઃખનું તમે વેદન કરતા નથી. એમ આપ આશ્ચર્યકારી ગુણોના ધારક છો. ।।૩।।

**શુદ્ધતા બુદ્ધતા દેવ પરમાત્મતા; સહજ નિજભાવભોગી અયોગી;**
**સ્વપર ઉપયોગી તાદાત્મ્ય સત્તારસી, શક્તિ પ્રયુંજતો ન પ્રયોગી. અહો૦૪**

**સંક્ષેપાર્થ :—** આપ શુદ્ધ છો. બુદ્ધ એટલે જ્ઞાની છો, સત્‌દેવ છો, સર્વ કર્મમળથી રહિત એવા પરમાત્મા છો. પોતાના સહજ સ્વભાવના ભોગી-ભોક્તા છો. તથા મન વચન કાયાના યોગથી રહિત છો. સ્વ અને પરના સર્વ દ્રવ્યોના ઉપયોગી એટલે જ્ઞાતાદ્રષ્ટા છો. તથા તન્મયપણે રહેલો પોતાનો સત્તા ધર્મ તેના જ રસિક છો. આપનામાં પ્રગટેલી સર્વ શક્તિઓનું પ્રયુંજન કહેતા તેને પ્રવર્તાવવા માટે આપને કોઈ પ્રયોગ એટલે પ્રયાસ કરવો પડતો નથી. આપોઆપ તે શક્તિઓનું પ્રવર્તન થયા કરે છે. ।।૪।।

**વસ્તુ નિજ પરિણતે સર્વ પરિણામકી, એટલે કોઈ પ્રભુતા ન પામે;**
**કરે જાણે રમે અનુભવે તે પ્રભુ, તત્ત્વ સ્વામિત્વ શુચિ તત્ત્વ ધામે. અહો૦૫**

**સંક્ષેપાર્થ :—** પ્રત્યેક વસ્તુ પોતાના સ્વભાવમાં પરિણમન કરે છે. કારણ કે સર્વ વસ્તુ પરિણમનશીલ સ્વભાવવાળી છે. એટલા માત્રથી તે સર્વ દ્રવ્યો કંઈ પ્રભુતા એટલે મહાનતાને પામતા નથી. પણ જે દ્રવ્ય પોતાના સ્વભાવનો કર્તા હોય, સાથે વસ્તુમાત્રનો જ્ઞાતા પણ હોય તથા તે સ્વગુણોમાં રમનારો હોય, તથા પોતાની આત્મસ્વભાવમય પ્રભુતાનો અનુભવ કરનારો હોય તથા તત્ત્વ એટલે વસ્તુ સ્વભાવનો સ્વામી હોય તથા શુચિ એટલે પવિત્ર, તત્ત્વ ધામે એટલે આત્મધામે અર્થાત્ સિદ્ધાવસ્થાને પામેલા હોય તે જ આત્મા પ્રભુ અર્થાત્ પરમેશ્વર કહેવાય. બાકી સર્વ જડ દ્રવ્યો કે ચેતન એવા સંસારી જીવો સત્તા અપેક્ષાએ પરમગુણી છે. પણ જેના ગુણ પ્રગટ થયા તે જ પૂજ્ય ગણવા યોગ્ય છે. ।।૫।।

**જીવ નવિ પુગ્ગલી, નૈવ પુગ્ગલ કદા, પુગ્ગલાધાર નહિ તાસરંગી;**
**પરતણો ઈશ નહિ અપર ઐશ્વર્યતા, વસ્તુધર્મે કદા ન પરસંગી. અહો૦૬**

**સંક્ષેપાર્થ :— "જીવ એ પુદ્‌ગલીપદાર્થ નથી, પુદ્‌ગલ નથી, તેમ પુદ્‌ગલનો આધાર નથી, તેના રંગવાળો નથી; પોતાની સ્વરૂપસત્તા સિવાય જે અન્ય તેનો તે**



**સ્વામી નથી, કારણ કે પરની ઐશ્વર્યતા સ્વરૂપને વિષે હોય નહીં. વસ્તુત્વધર્મે જોતાં તે કોઈ કાળે પણ પરસંગી પણ નથી." એ પ્રમાણે સામાન્ય અર્થ 'જીવ નવિ પુગ્ગલી' વગેરે પદોનો છે."** (શ્રીમદ્ રાજચંદ્ર પૃ.૩૧૫)

જીવ કોઈ કાળે પુદ્‌ગલમયી નથી. પુદ્‌ગલ સાથે જીવ સંસાર અવસ્થાએ અનંતકાળથી રહ્યો છતાં પુદ્‌ગલરૂપ થયો નથી. જીવ તે પુદ્‌ગલોનો આધાર નથી તથા મૂળસ્વરૂપે તે પુદ્‌ગલનો રંગી એટલે રાગી પણ નથી. પોતાના સ્વધર્મના આસ્વાદનને પામ્યા વિના તે પુદ્‌ગલનો રાગી બન્યો છે; પણ ખરી રીતે જોતાં જીવને પુદ્‌ગલ સાથે કંઈ સંબંધ નથી. કારણ કે બન્ને દ્રવ્ય ભિન્ન છે. તથા આ આત્મા તે શરીર, ધન, ગૃહાદિ એવા પર પદાર્થોનો ઈશ એટલે સ્વામી પણ નથી. તથા જીવની ઐશ્વર્યતા પરપદાર્થોને લઈને નથી. તેમજ વસ્તુસ્વભાવે જોતાં જીવ પરભાવનો સંગી પણ નથી. શુદ્ધ એવો પરમાત્મસ્વરૂપ આત્મા તે પુદ્‌ગલનો રાગી કેમ હોય! ન જ હોય. ।।૬।।

**સંગ્રહે નહીં, આપે નહીં પરભણી; નવિ કરે આદરે ન પર રાખે;**
**શુદ્ધ સ્યાદ્વાદ નિજ ભાવ ભોગી જિકે, તેહ પરભાવને કેમ ચાખે. અહો૦૭**

**સંક્ષેપાર્થ :—** વળી સુમતિનાથ પ્રભુ કેવા છે તો કે જે પર પુદ્‌ગલમાં મારાપણું કરી તેનો સંગ્રહ કરે નહીં, તેવા પુદ્‌ગલ દ્રવ્યોને પ્રભુ, પરને એટલે બીજાને પણ આપે નહીં. તે પર પુદ્‌ગલ દ્રવ્યના કર્તા નથી, તેનો આદર કરે નહીં તેમજ પર પદાર્થને પરિગ્રહરૂપે રાખે પણ નહીં. કારણ કે પરમાત્મા તો સ્વસ્વભાવના ભોગી થયા છે. શુદ્ધ સ્યાદ્‌વાદમય એવા પોતાના જ શુદ્ધ સ્વભાવના જે ભોગી છે એવા પરમાત્મા તે પરભાવ જે રાગદ્વેષાદિમય છે તેને કેમ ચાખે! ન જ ચાખે. ।।૭।।

**તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્યથી, ઊપજે રુચિ તેણે તત્ત્વ ઈહે;**
**તત્ત્વરંગી થયો દોષથી ઊભગ્યો, દોષ ત્યાગ્યે ઢલે તત્ત્વ લીહે. અહો૦૮**

**સંક્ષેપાર્થ :—** હવે ધર્મના સાધન જણાવે છે કે—શ્રી સુમતિનાથ પ્રભુ પોતે મુક્ત થઈ કૃતકૃત્ય થઈ ગયા. હવે પરજીવને મુક્તિના કરનાર નથી તો તેમને શા માટે સ્તવો છો-નમો છો. તો કે—હે પ્રભુ! તમારી અનંતગુણ પ્રગટાવવારૂપ શુદ્ધતાનો ભાસ એટલે જાણપણું અમને થાય તેમ તેમ આશ્ચર્ય થાય છે કે અહો! પ્રભુનું ચારિત્ર! અહો તેમની અભોગીતા! અહો પરમાનંદ! તેવી આશ્ચર્યકારી આપની દશા જાણીને તે પ્રગટાવવાની રુચિ ઉત્પન્ન થાય અને

તે આત્મતત્ત્વ પામવાની ઈહા એટલે ઇચ્છા પ્રગટે છે. પછી હું પણ કેવી રીતે કર્મથી મુક્ત થાઉં, ક્યારે મારા સ્વઆત્મગુણનો હું ભોગી થઈશ, પુદ્‌ગલની એંઠને તજી આત્મસ્વભાવને ક્યારે પામીશ, એવો તત્ત્વરંગ જામતો જાય છે. અને તત્ત્વરંગી થવાથી રાગદ્વેષાદિ-દોષોને ત્યાગતો જાય છે, તેમ તેમ આત્મતત્ત્વ ભણી ઢળી આત્મસ્વરૂપને લીહે કહેતાં પામતો જાય છે. ।।૮।।

**શુદ્ધ માર્ગે વધ્યો, સાધ્ય સાધન સધ્યો, સ્વામી પ્રતિછંદે સત્તા આરાધે;**
**આત્મનિષ્પત્તિ તિમ સાધના નવિ ટકે, વસ્તુ ઉત્સર્ગ આતમ સમાધે. અહો૦૯**

**સંક્ષેપાર્થ :–** હવે સમકિત પામી સાધક આગળ કેમ વધે છે તે જણાવે છે- સાધક એવો મુમુક્ષુ શુદ્ધ મોક્ષમાર્ગમાં આગળ વધીને સાધ્ય એવા પોતાના પરમાત્મપદના સાધનનો ઉપાય કરતો થકો સ્વામી શ્રી સુમતિનાથ પ્રભુની પ્રતિચ્છંદે એટલે પ્રભુના જેવી જ પોતાની આત્મસત્તા છે તેની આરાધના કરી તેને પ્રગટ કરે છે. અને નિર્મળ શુદ્ધ આત્માનંદને ભોગવે છે. ત્યાં આત્મનિષ્પતિ કહેતા પૂર્ણ પ્રાપ્તિ થતાં તે પ્રાપ્ત કરવાના સાધનકારણ ટકતા નથી, ટળી જાય છે. જેમ જેમ કાર્ય નીપજે છે તેમ તેમ કારણનો નાશ થાય છે. જ્યારે આત્મવસ્તુને ઉત્સર્ગ રીતે એટલે ધોરીમાર્ગે સંપૂર્ણપણે આત્મસમાધિ એટલે સિદ્ધપણાને પામે છે ત્યારે તેનું સાધન કારણપણે રહેતું નથી. ।।૯।।

**માહરી શુદ્ધ સત્તાતણી પૂર્ણતા, તેહનો હેતુ પ્રભુ તુંહી સાચો;**
**દેવચંદ્રે સ્તવ્યો મુનિગણે અનુભવ્યો, તત્ત્વ ભક્તે ભવિક સકળ રાચો. અહો૦૧૦**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ ! મારી નિર્મળ આત્મસત્તાની સંપૂર્ણ પ્રાપ્તિ કરવા માટેના આપ જ સાચા નિમિત્તકારણ છો. તમારા જેવા શુદ્ધ પરમાત્માનું નિમિત્ત પામ્યા વિના મારા આત્માનો નિર્મળ મોક્ષ થઈ શકે નહીં. સર્વ આત્માની એ જ રીતિ છે. પ્રભુનુ નિમિત્ત ગ્રહી ઉપાદાનકારણ એવા આત્માને બળવાન કરે તો જ જીવનો મોક્ષ થઈ શકે; બીજી રીતે નહીં. ચારે પ્રકારના દેવોમાં ચંદ્ર સમાન મોટા એવા ઇન્દ્રોએ આપની સ્તુતિ કરી તથા નિર્ગ્રંથ મુનિઓએ આપના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કર્યો, એવા આપના શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિ અર્થે સર્વ ભવ્યો ભક્તિપૂર્વક રાચો, અર્થાત્ પ્રભુની ભક્તિમાં ભાવપૂર્વક તન્મય બનો; તો જરૂર આત્મસિદ્ધિની પ્રાપ્તિ થશે. ।।૧૦।।

---



# (૫) શ્રી સુમતિનાથ સ્વામી

## શ્રી યશોવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(ઝાંઝરિયો મુનિવર—એ દેશી)

**સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ,**
**તેલબિંદુ જિમ વિસ્તરેજી, જલમાંહે ભલી રીતિ;**
**સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ.૧**

**અર્થ :–** સુમતિનાથ પ્રભુના ગુણોનો જેમ જેમ મેળાપ થાય છે અર્થાત્ તેની ઓળખાણ થાય છે તેમ તેમ તેમના પ્રત્યે મારો પ્રેમ વિશેષ વૃદ્ધિને પામે છે. જેમ જળમાં પડેલું તેલનું ટીપું સારી રીતે વિસ્તાર પામે છે તેમ એ પ્રભુ ઉપર મારા મનમાં પ્રીતિ વધતી જાય છે. સૌભાગ્યવાન એવા પ્રભુ સાથે કદી ખસી ન શકે તેવો પ્રેમનો રંગ મને લાગ્યો છે.

**ભાવાર્થ :–** સમ્યક્ છે મતિ જેની એવા સુમતિનાથ પ્રભુના ગુણગ્રામ કરતાં, કર્ત્તા મહાપુરુષ કહે છે કે, સુમતિનાથ પ્રભુના સદ્‌ગુણો સંબંધી વિચારણાં કરતાં, તેમાં જ તલ્લીન થતાં મારા મનનો આંતરિક રાગ એ પ્રભુ પ્રત્યે પ્રતિસમય વધતો જાય છે. આ ગાથામાં તેમજ અન્ય ગાથાઓમાં પણ આ વાતના સમર્થનમાં દૃષ્ટાંતો આપે છે. જેમ પાણીમાં તેલનું એક ટીપું પડ્યું હોય તે તત્કાળ તેમાં સર્વત્ર ફેલાઈ જાય તેમ મારા મનમાં પ્રભુ પરની પ્રીતિ પણ વૃદ્ધિને પામે છે. સૌભાગ્ય નામકર્મના ઉદયવાળા એવા પ્રભુની સાથે મને એવો પ્રીતિનો રંગ લાગ્યો છે કે એ રંગ ઉતારી નાખવા કોઈ મારા ઉપર યુક્તિ, પ્રયુક્તિ કે ઇન્દ્રજાળ આદિના પ્રયોગો કરે તોપણ તે રંગમાં ફેરફાર થઈ શકે નહીં; એવો તે સચોટ રંગ મને લાગ્યો છે. ।।૧।।

**સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;**
**પરિમલ કસ્તૂરી તણોજી, મહીમાંહે મહકાય. સો૦૨**

**અર્થ :–** સજ્જન પુરુષ સાથે થયેલી પ્રીતિ છાની રાખી શકાતી નથી. જેમ કસ્તૂરીની પરિમલ એટલે સુગંધ પૃથ્વી ઉપર મહેકે છે તેને ઢાંકી રાખી શકાતી નથી તેમ.

**ભાવાર્થ :–** ઉત્તમ પુરુષો સાથે થયેલી પ્રીતિ સ્વાભાવિક રીતે જ જાહેરમાં જણાઈ આવે છે. ગુણોની પ્રાપ્તિને અર્થે જ એ પ્રીતિ થયેલી હોય છે.

તેથી ગુણાનુરાગી જનોને એ અંગે કશો જ ભય કે સંકોચ હોતો નથી. તેવી પ્રીતિને ગુપ્ત રાખવાનું તેમને કશું પ્રયોજન પણ હોતું નથી. જેમ કસ્તૂરીનો સુગંધ સ્વયંમેવ પૃથ્વી ઉપર મહેકી ઊઠે છે, છાનો રહી શકતો નથી; તેમ આ પ્રીતિને અંગે પણ સમજવા યોગ્ય છે. તે પણ છાની રાખી શકાતી નથી. ।।૨।।

**આંગળીએ નવિ મેરુ ઢંકાયે, છાબડિયે રવિ તેજ;**
**અંજલિમાં જિમ ગંગ ન માયે, મુજ મન તિમ પ્રભુ હેજ.સો૦૩**

**અર્થ :–** જેમ આંગળી વડે મેરુ પર્વત કે છાબડી વડે સૂર્યનો પ્રકાશ ઢંકાઈ શકતો નથી. વળી જેમ ખોબામાં ગંગા નદી સમાઈ શકતી નથી તેમ મારા મનમાં પણ પ્રભુ પ્રત્યેનો ભરેલો અથાગ સ્નેહ સમાઈ શકતો નથી.

**ભાવાર્થ :–** વળી દૃષ્ટાંતો આપે છે કે મેરુ પર્વત સામે આંગળી ધરવાથી તે કાંઈ ઢંકાઈ જતો નથી અને સૂર્ય સામે નાની ટોપલી ધરી રાખવાથી તેનો પ્રકાશ કંઈ અવરાઈ જતો નથી, વળી જેમ ગંગા નદીનું જળ બે હાથમાં ધારણ કરી શકાતું નથી, અર્થાત્ સમાઈ શકતું નથી. તેમ પ્રભુ પ્રત્યે મને જે પ્રેમ જાગ્યો છે તે મારા હૃદયમાં સમાઈ શકતો નથી; ઉછળી ઉછળીને બહાર આવે છે. તે પ્રભુ સ્તવનારૂપે આમ પ્રગટ થાય છે. ।।૩।।

**હુઓ છીપે નહિ અધર અરુણ જિમ, ખાતાં પાનસુરંગ;**
**પીવત ભરભર પ્રભુગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ. સો.૪**

**અર્થ :–** સુરંગ એટલે અનેક પદાર્થો સહિત નાગરવેલનું પાન ખાતાં જેમ હોઠની રક્તતા છાની રહી શકતી નથી, તેમ મારા પ્રેમની સ્થિતિ છે. પ્રભુગુણરૂપી રસના પ્યાલાઓને જેમ જેમ ભરીભરીને પીવામાં આવે છે તેમ તેમ મારો પ્રભુ પ્રત્યેનો પ્રેમ અભંગ એટલે ન ખૂટે એવો થતો જાય છે.

**ભાવાર્થ :–** જેમ કાથો ચૂનો ચોપડેલું નાગરવેલનું પાન ખાતાં માણસના હોઠ લાલ થઈ જાય અને તે કોઈપણ જોનારની દૃષ્ટિથી છાના રહી શકતા નથી. તેમ પ્રભુ ઉપરનો પ્રેમ પણ એવી જ સ્થિતિ ધરાવે છે. તે કોઈની જાણ બહાર રહે એવો નથી. મારી હૃદય ગુફામાં પ્રભુ-ગુણરૂપ રસ એટલો બધો ભરેલો છે કે તેમાંથી પ્યાલાઓ ભરીભરીને પીવામાં આવે અર્થાત્ વારંવાર તેનો આસ્વાદ લેવામાં આવે તો પણ તે પ્રેમરસ ક્યારે પણ ખૂટે એવો નથી. પણ તેમ કરવાથી તે ઊલટો વૃદ્ધિ પામતો જાય છે. એવો આ અભંગ પ્રેમ પ્રભુ પ્રત્યેનો છે. ।।૪।।



**ઢાંકી ઈક્ષુ પરાળશુંજી, ન રહે લહી વિસ્તાર;**
**વાચક યશ કહે પ્રભુતણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર. સો૦૫**

**અર્થ :–** વિસ્તારને પામેલી શેરડીને પરાળ એટલે પોચા ઘાસવડે ઢાંકવાથી તેનો વિસ્તાર કંઈ છાનો રહે નહીં. વાચક યશોવિજયજી કહે છે કે પ્રભુ ઉપરનો મારો વિસ્તાર પામેલો પ્રેમ પણ તે પ્રમાણે કંઈ ઢાંક્યો ઢંકાય નહીં.

**ભાવાર્થ :–** જુવાર, બાજરી કે ઘઉંના છોડ ઊગ્યા હોય તો દૂરથી આ જુવાર, બાજરી કે ઘઉં શું છે ? એ બાબત નિર્ણય થઈ શકતો નથી. પણ શેરડી ઊગી હોય, વૃદ્ધિ પામેલી હોય અને તેનાં ઉપર ઊગેલા પાંદડાઓથી તે આચ્છાદિત હોય તોપણ તે કંઈ છાની રહી શકે નહીં, અર્થાત્ આ શેરડી જ છે એમ દૂરથી પણ જણાઈ આવે. તે જ પ્રકારે ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે પ્રભુ ઉપરનો મારો પ્રેમ પણ કોઈથી રોકાયો રોકાય તેવો નથી. કોઈપણ પ્રકારનો અવરોધ તેના ઉપર પોતાની સત્તા બેસાડી શકે નહીં. આ સ્તવનમાં જુદાં જુદાં દૃષ્ટાંતો આપી કર્ત્તા પુરુષે પોતાનો પ્રભુ ઉપર કેવો અને કેટલો અતુલ પ્રેમ છે તે વિસ્તારથી દર્શાવ્યું છે. ભવ્યજીવોને તે વિચારણીય અને મનનીય છે. અને પ્રભુ ઉપર પ્રેમ રાખવો હોય તો આવો જ રાખવો જોઈએ તેનું પણ એ સૂચન છે. સ્તવનનો ભાવ બહુ સરળ અને આહ્‌લાદજનક છે. અંતરનો સાચો ભક્તિભાવ પ્રદર્શિત થવાથી તે આનંદદાયક બન્યો છે. ।।૫।।

---

## (૫) શ્રી સુમતિનાથ સ્વામી

### શ્રી મોહનવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(વારી હું ઉદયપુર તણે—દેશી)

**પ્રભુજી શું બાંધી પ્રીતડી, એ તો જીવન જગદાધાર સનેહી;**
**સાચો તે સાહિબ સાંભરે, ખીણ માંહે કોટિક વાર સનેહી;**
**વારી હું સુમતિ જિણંદને. ૧**

**અર્થ :–** શ્રી સુમતિનાથ પ્રભુજીની સાથે મેં પ્રીતિ બાંધી છે. એ પ્રભુ મારા જીવનરૂપ છે. તેમજ ત્રણ જગતના આધારભૂત છે. અને સર્વ જીવો સાથે ધર્મસ્નેહ રાખનાર છે. એવા મારા સાચા સાહેબ ક્ષણ માત્રમાં ક્રોડવાર સાંભરે છે, અર્થાત્ તેમનું સ્વરૂપ ભુલાતું જ નથી. એવા શ્રી સુમતિનાથ જિણંદ ઉપર હું

ખરાભાવે વારી જાઉં છું.

**ભાવાર્થ :–** શ્રી સુમતિનાથ જિણંદ સાથે મેં પ્રીતિ બાંધી છે એ પ્રીતિ નિરુપાધિક છે. પરિણામે સુંદર છે. આરંભમાં પણ સુંદર છે. ભવનાશક છે. જે પ્રભુની સાથે અમે પ્રીતિ બાંધી છે તે પ્રભુ મારા જીવનરૂપ છે એટલે જ્ઞાન દર્શન અને ચારિત્રરૂપ ભાવ પ્રાણ આપીને અમને સાચું જીવન આપનાર છે. વળી પ્રભુ ત્રણ જગતના આધારભૂત છે. કારણ કે ત્રણે જગતના જીવોને ધર્મ માર્ગ બતાવી સાચા ટેકારૂપ બન્યા છે. આવા રાગદ્વેષને જિતનારા અને ભક્તિથી મોક્ષ સુખ પમાડનારા પ્રભુ એક ક્ષણવારમાં કોટિ વાર યાદ આવે છે. એવા સુમતિનાથ ભગવાન ઉપર હું વારી જાઉં છું અર્થાત્ તેમના ઉપર હું ફીદા થાઉં છું. ।।૧।।

**પ્રભુ થોડા બોલો ને નિપુણ ઘણો, એ તો કાજ અનંત કરનાર સનેહી;**
**ઓલગ જેહની જેવડી, ફળ તેહવો તસ દેનાર, સનેહી. વારી૦૨**

**અર્થ :–** પ્રભુ થોડા બોલા છે અને ચતુરાઈ ઘણી છે. વળી જીવોને મોક્ષ આપવામાં સહાયભૂત થઈ તેમનું અનંત સુખપ્રાપ્તિનું કાર્ય કરાવનાર છે. એમની ઓળગડી એટલે સેવા, જેની જેટલી હોય તેટલા પ્રમાણમાં તેને ફળ આપનાર છે. એવા સુમતિ જિણંદ ઉપર હું વારી જાઉં છું.

**ભાવાર્થ :–** પ્રભુ થોડા બોલા છે. તેનો ભાવ એવો જણાય છે કે જે વખતે તીર્થંકરદેવ તીર્થની સ્થાપના કરે છે, ત્યારે ત્રિપદી એટલે ઉપન્નેવા, વિઘન્નેવા, ધુવેવા; એવા ત્રણ પદ ગણધર મહારાજ આગળ ઉચ્ચરે છે. આ ત્રણ પદનો અર્થ ટુંકાણમાં એવો છે કે વસ્તુઓ ઉત્પન્ન થાય છે, નાશ થાય છે અને વળી સ્થિર રહે છે. આ ત્રિપદીમાં સર્વ વસ્તુનું વિવેચન મુદ્દાસર યથાર્થ રીતે સમાઈ જાય છે. તેથી પ્રભુને થોડા બોલા કહેવાય. વળી પ્રભુ ચતુર છે. એટલે અનાદિકાળના મોહરૂપી કટ્ટા દુશ્મનને વીતરાગતારૂપ ખડગ્ વડે હણી નાખ્યા છે. તથા પ્રભુ અનંત કાર્ય કરનારા છે એટલે કે પ્રભુ અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્ય સ્વરૂપ એવા મોક્ષપદ પ્રાપ્તિમાં ભવ્યોને સહાય કરનારા છે. પણ જેવી જેની પ્રભુ પ્રત્યેની સેવા હશે અર્થાત્ જેટલા પ્રમાણમાં તે પ્રભુની આજ્ઞા ઉઠાવશે તેટલા પ્રમાણમાં તે પ્રભુ પાસેથી ઉત્તમ આત્મકલ્યાણકરૂપ ફળને પામશે. એવા સુમતિનાથ પ્રભુ ઉપર હું વારી જાઉં છું. ।।૨।।

**પ્રભુ અતિ ધીરો લાજે ભર્યો, જિમ સિંચ્યો સુકૃતમાળ સનેહી;**
**એકણ કરુણાની લહેરમાં, સુનિવાજે કરે નિહાલ, સનેહી. વારી૦૩**



**અર્થ :–** પ્રભુ મહાન ધીરજ ગુણના ધારક છે, સભ્યતાથી વર્તનાર છે. વળી જેમ વૃક્ષનું, પાણી વડે સિંચન કર્યું હોય તો તે ઘણા ફળ આપે, તેમ ભગવાનરૂપ ઉત્તમ વૃક્ષનું ભક્તિરૂપી પાણી વડે સિંચન કર્યું હોય તો અનેક ગુણોરૂપી ફળની હારમાળા પ્રગટે. અને એવા પ્રભુ સુનિવાજે એટલે પ્રસન્ન થાય તો ક્ષણ માત્રમાં ભક્તને નિહાલ કરી દે.

**ભાવાર્થ :–** પ્રભુ અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગ સહન કરવામાં મેરુ પર્વત જેવાં ધીર છે. માટે પહેલું વિશેષણ બરાબર ઘટે છે. વળી પ્રભુ લાજે ભર્યા એટલે નમ્રતા ગુણવાળા છે કે જે તેમની સેવા કરે તેમને ફળ આપેજ. જેમ વૃક્ષને જળથી સિંચન કરીએ તો ફળની હારમાળા આપે. તેમ અનંત ગુણના ધણી એવા પ્રભુ હોવાથી જેવા ભાવથી તેમની ભક્તિ કરે તેવા ગુણોની હારમાળા પ્રગટે છે. પ્રભુની એક જ કરુણાની લહેર બસ છે કે જેથી ભક્તના સર્વ દારિદ્ર નાશ પામી જાય. એવા સુમતિનાથ પ્રભુ ઉપર હુંવારી જાઉં છું. ।।૩।।

**પ્રભુ ભવસ્થિતિ પાકે ભક્તને, કોઈ કહે કીનરે પસાય સનેહી,**
**ઋતુ વિના કહો કેમ તરુવરે, ફલ પાકીને સુંદર થાય ? સનેહી. વારી૦૪**

**અર્થ :–** પ્રભુને કોઈ પૂછે કે, ભવસ્થિતિ પરિપાકથી ભવ્ય જીવ મોક્ષરૂપી ઇચ્છિત ફળ પામે છે, તેમાં કોનો પસાય જાણવો; અર્થાત્ તેમાં કોની કૃપા જાણવી. વળી ઝાડો ઉપર ફળ પાકીને સુંદર બને તેમાં કયું કારણ કહેવાય. કારણ કે ઋતુ વિના ફળ પાકી શકતા નથી. તેનો ઉત્તર ભાવાર્થમાં જણાવે છે.

**ભાવાર્થ :–** હે પ્રભુ ! મારી ભવસ્થિતિ તો આપના પસાયે જ પાકે. જેમ વસંતઋતુમાં ઝાડ ઉપર અનેક ફળ પાકે છે તેમાં વૃક્ષ કારણભૂત નથી. પણ વસંતઋતુ જ ફળની પરિપક્વ દશાને પમાડે છે. ઋતુ અનુકૂળ ન હોય તો ફળ પાકે નહીં. તેમ મારી ભવસ્થિતિને પકવવામાં આપની કૃપા જ કારણભૂત છે. માટે કૃપા કરીને હવે મારી ભવસ્થિતિને પકાવવાનો માર્ગ બતાવો કે જેથી હું પુરુષાર્થ કરી સર્વ દુઃખથી સર્વ કાળને માટે મુક્ત થાઉં. ।।૪।।

**અતિ ભૂખ્યો પણ શું કરે, કાંઈ બીહું હાથે ન જમાય, સનેહી;**
**દાસ તણી ઉતાવળે, પ્રભુ કિણ વિધ રીઝ્યો જાય ? સનેહી. વારી૦૫**

**અર્થ :–** કોઈ અતિ ભૂખ્યો માણસ હોય પણ શું કરે, કાંઈ બેય હાથવડે ખાવા મંડી પડાતું નથી. તેમ આ દૃષ્ટાંતથી સેવક પ્રભુ પાસેથી વસ્તુ લેવાને માટે ઘણી ઉતાવળ કરે, તેથી પ્રભુ કાંઈ રાજી થઈને માંગેલી વસ્તુ ઝટ આપી દેતાં

નથી. કારણ કે તે તો યોગ્યતા આવ્યે જ મળે છે. બાપ પણ યોગ્યતા વગર પોતાના બેટાને ઘરનો વહીવટ સોંપે નહીં તેમ.

**ભાવાર્થ :–** કોઈ મનુષ્ય કોઈ દાતાર પુરુષ પાસે અથવા તો ભૂખ્યો માણસ ભોજન આપનાર પુરુષ પાસે એકદમ વસ્તુ લેવા જાય કે ખાવાનું માંગે તેથી કંઈ એકદમ મળી જ જાય એમ નથી. તેથી યાચકને ધીરજ રાખવી જોઈએ. કારણકે લોકમાં એવી કહેવત છે કે ''ધીરજનાં ફળ મીઠાં'' છે. તેમ ધીરજ રાખી પ્રભુની ભક્તિ કર્યા કરવી અને તેમની આજ્ઞા પ્રમાણે વર્ત્યે જ જવું. તો કાળે કરીને સમકિત અને છેવટે મોક્ષ પણ મળશે. કહ્યું છે કે 'कर्मण्येवा अधिकारस्तु मा फलेशु कदाचन' એટલે કર્મ કરવાનો અર્થાત્ પુરુષાર્થ કરવાનો તમારો અધિકાર છે, પણ ફળ માંગવાનો નહીં. જે નિષ્કામભાવે ભક્તિ કરશે તેનું કામ સિદ્ધ થશે, એવી પ્રભુ પ્રત્યે દૃઢ શ્રદ્ધા રાખવી. ।।૫।।

**પ્રભુ-લખિત હોય તો લાભીએ, મન માન્યા તો મહારાજ સનેહી;**
**ફળ તો સેવાથી સંપજે, વિણ ખણેય ન ભાંજે ખાજ સનેહી. વારી૦૬**

**અર્થ :–** હે મનમાન્યા પ્રભુ! આપ મને કાંઈ મોક્ષનો હક લખી આપો તો અમે ભવિષ્યમાં પણ મોક્ષફળને પામી શકીએ. પણ હવે જાણ્યુ કે તે ફળ તો માત્ર સેવાથી પ્રાપ્ત થાય. જેમ ખણ્યા વગર ખાજ પણ મટતી નથી, તેમ પ્રભુની આજ્ઞા ઉપાસ્યા વગર મોક્ષ પણ પ્રાપ્ત થતો નથી.

**ભાવાર્થ :–** જગતની અંદર એવો વહેવાર છે કે કોઈપણ વસ્તુના હકને માટે કંઈ લખાણ કરી આપ્યું હોય તો ભાવિમાં તેનો હક સાબિત કરી શકાય. તેમ પ્રભુ આપણને મોક્ષ સુખનો હક લખી આપે તો ભવિષ્યમાં તેના જરૂર હકદાર થઈ શકીએ. પણ હવે એટલું સમજી શક્યા છીએ કે તે ફળ તો પ્રભુની સેવાથી મળે છે એ નિર્વિવાદ છે. કારણ કે ખણ્યા વિના તો ખરજવાની ખાજ પણ મટતી નથી, તેને ખણવી પડે છે. અથવા હીરો ખરીદવો હોય તો તેની કિંમત તો ચૂકવવી પડે. તેમ પ્રભુની આજ્ઞા ઉઠાવ્યા વગર મોક્ષ પણ મળે તેમ નથી. માટે અમે તો હવે નિરંતર પ્રભુની સેવા જ કરીશું કે જેથી ઇચ્છિત એવા મોક્ષફળની પ્રાપ્તિ થાય. ।।૬।।

**પ્રભુ વિસાર્યા નવિ વીસરો, સામો અધિક હોવે છે નેહ, સનેહી;**
**મોહન કહે કવિ રૂપનો, મુજ વહાલો છે જિનવર એહ, સનેહી. વારી૦૭**

**અર્થ :–** હે પ્રભુ! આપને ભુલવા હોય તોય ભુલાતા નથી પણ સામો



અધિક અધિક સ્નેહ વધતો જાય છે. કારણ કે રૂપ વિબુધના શિષ્ય મુનિશ્રી મોહનવિજયજી કહે છે કે આ શ્રી સુમતિનાથ ભગવાન તો મને ઘણા જ વહાલા છે. ।।૭।।

**ભાવાર્થ :–** જે પ્રત્યે સાચો પ્રેમ હોય, તે પ્રેમને પ્રેમીજન વિસારવા પ્રયત્ન કરે પણ તે વિસારવાને બદલે વધારે સ્મરણમાં આવે છે. આ કુદરતી નિયમ છે. આપણે જે વસ્તુને માટે મનમાં ખૂબ વિચાર કરતાં હોઈએ, પછી તે વસ્તુને ભૂલી જવા માટે પ્રયત્ન કરીએ તો તેમાં આપણો પ્રયત્ન નિષ્ફળ જાય છે. પણ અહિંયા તો અમારે પ્રભુ પ્રત્યેનો પ્રશસ્ત પ્રેમ છે માટે તેને વિસારવો નથી. અમારે તો વારંવાર તેમને યાદ કરવા છે. કારણ કે તેમના નામ સ્મરણ વિના મોક્ષરૂપી ઇચ્છિત વસ્તુ મળવાની નથી. તેથી પંડિત રૂપ વિબુધના શિષ્ય મુનિશ્રી મોહન-વિજયજી મહારાજ કહે છે કે મારે તો શ્રી સુમતિનાથ પ્રભુ જ વહાલા છે. હું તો એમના પર વારી જાઉં છું. એમનું મુખ કમળ જોઈને હું ખુશ ખુશ થઈ જાઉં છું. ।।૭।।

---

# (૬) શ્રી પદ્મપ્રભ સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(ચાંદલિયા સંદેશો કહેજે મારા કંથને રે—એ દેશી)

**પદ્મપ્રભ જિન, તુજ-મુજ આંતરુ રે, કિમ ભાંજે ભગવંત?**
**કર્મ વિપાકે હો કારણ જોઈને રે, કોઈ કહે મતિમંત. પ૦૧**

**સંક્ષેપાર્થ :–** હે પદ્મપ્રભ ભગવાન! નિશ્ચયનયથી જોતાં તો આપ અને મારા સ્વરૂપમાં કોઈ અંતર નથી. છતાં આપ પરમાત્મા બની ગયા અને હું હજી સંસારમાં જ પરિભ્રમણ કરતો રહ્યો. હવે આપ અને મારા વચ્ચે જે અંતર પડી ગયું તે કેવી રીતે દૂર થાય?

તેના જવાબમાં કોઈ સમ્યક્‌બુદ્ધિના ધારક એવા જ્ઞાનીપુરુષે કહ્યું કે—કર્મ વિપાકે એટલે કર્મો ફળ આપીને નિર્જરી જાય તો ભગવાન સાથેનું તમારું અંતર નાશ પામે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ કર્મબંધનના કારણો છે. એનો ભગવાને સર્વથા નાશ કર્યો છે. તેવી રીતે તમે પણ આ કર્મના કારણોને નષ્ટ કરો તો ભગવાન વચ્ચેનું તમારું અંતર જરૂર ભાંગી જાય. ।।૧।।

**પયઈ ઠિઇ અણુભાગ પ્રદેશથી રે, મૂલ ઉત્તર બહુ ભેદ;**
**ઘાતી અઘાતી હો બંધોદય ઉદીરણા રે, સત્તા કર્મ વિચ્છેદ. ૫૦૨**

**સંક્ષેપાર્થ :–** હવે કર્મબંધનના પ્રકાર તથા તેના મૂળ અને ઉત્તરભેદ બતાવે છે. પયઈ કહેતા પ્રકૃતિ, ઠિઈ કહેતા સ્થિતિ તથા અનુભાગ અને પ્રદેશબંધ એ કર્મબંધનના ચાર પ્રકારો છે. એના પાછા મૂળ અને ઉત્તર ભેદ ઘણા છે.

પ્રકૃતિ એટલે જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મનો સ્વભાવ, સ્થિતિ એટલે કર્મોને રહેવાનો સ્થિતિકાળ, અનુભાગ એટલે શુભાશુભ ફળ આપવાની શક્તિ અને પ્રદેશોનો સમુદાય એટલે કર્મવર્ગણાના દલીયા, પ્રકૃતિ અને પ્રદેશબંધ યોગથી થાય છે અને સ્થિતિ અને અનુભાગબંધ કષાયથી પડે છે.

કર્મોમાં જ્ઞાનાવરણીયાદિ મુખ્ય આઠ ભેદ છે, અને તેના ૧૫૮ ઉત્તર ભેદ થાય છે. તે ઉત્તર ભેદ આ પ્રમાણે—જ્ઞાનાવરણીય કર્મના પાંચ ભેદ, દર્શના-વરણીયકર્મના નવ ભેદ, મોહનીય કર્મના અઠ્ઠાવીસ ભેદ, અંતરાય કર્મના પાંચ ભેદ, વેદનીય કર્મના બે ભેદ, નામ કર્મના એક સો ત્રણ ભેદ, ગોત્ર કર્મના બે ભેદ અને આયુષ્ય કર્મના ચાર ભેદ મળી કુલ એકસો અઠ્ઠાવન ઉત્તર ભેદ થાય છે.

હવે ઘાતી એટલે આત્માના ગુણોને ઘાત કરનાર એવા જ્ઞાનાવરણીયાદિ ચાર કર્મો અને અઘાતી એટલે વેદનીયાદિ આત્માના ગુણોની ઘાત ન કરનાર એવા ચાર અઘાતી કર્મો મળી કર્મોના મુખ્ય આઠ ભેદ થાય છે. પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ એ ચાર પ્રકારે કર્મો બંધાય છે તેને બંધ કહે છે. ઉદય એટલે કર્મો ફળ આપવાને પ્રવૃત્ત થયા હોય તે પ્રવૃતિકાળ, ઉદીરણા એટલે કર્મોને ભોગવી લેવા માટે તપ વગેરેથી સન્મુખ લાવવા તે ઉદીરણા, અને ફળ આપવાની શક્તિવાળા જે કર્મો આત્મપ્રદેશો સાથે બંધાઈને રહેલા હોય પણ ફળ આપવાને પ્રવૃત્ત થયા ન હોય તેને સત્તા કહેવામાં આવે છે. એ બધા કર્મોનો જ્યારે વિચ્છેદ થશે ત્યારે ભગવાન અને તમારા વચ્ચે રહેલું અંતર ભાંગશે એમ જ્ઞાનીપુરુષોનું કહેવું છે. ।।૨।।

**કનકોપલવત્ પયડિપુરુષ તણી રે, જોડી અનાદિ સ્વભાવ;**
**અન્ય સંજોગી જિહાં લગે આતમા રે, સંસારી કહેવાય. ૫૦૩**

**સંક્ષેપાર્થ :–** કનક કહેતા સોનુ અને ઉપલ કહેતા પત્થર. એ અનાદિથી ખાણમાં એક સાથે જેમ રહેલ છે, તેમ પયડિ એટલે કર્મની પ્રકૃત્તિનું પુરુષ એટલે આત્માની સાથેનું જોડાણ અનાદિકાળથી સ્વાભાવિક છે જ, કોઈએ તે જોડાણ



કરેલ નથી.

જ્યાં સુધી અન્ય એટલે આત્માથી જુદી એવી કાર્મણવર્ગણાઓ અથવા પુદ્ગલના દલિક સાથે આત્મા સંજોગી એટલે સંયોગમાં જોડાયેલ છે ત્યાં સુધી તે સંસારી કહેવાય. અને જ્યારે સર્વ કર્મથી મુક્ત થાય ત્યારે પોતાનો આત્મા પણ ભગવાન સ્વરૂપ થાય છે. પછી ભગવાન અને પોતાના આત્મા વચ્ચે કાંઈ પણ અંતર રહેતું નથી. ।।૩।।

**કારણજોગે હો બંધે બંધને રે, કારણ મુક્તિ મુકાય;**
**આસ્રવ સંવર નામ અનુક્રમે રે, હેય ઉપાદેય સુણાય. ૫૦૪**

**સંક્ષેપાર્થ :–** આપણો આત્મા કર્મ બાંધવાના કારણ સેવે ત્યારે કર્મબંધન કરે છે. અને કર્મ છોડવાના કારણ સેવે તો કર્મોથી મુકાય છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ કર્મબંધના કારણો છે. અને સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમત્તદશા, નિષ્કષાયભાવ અને અયોગી દશા એ કર્મબંધથી મુકાવાના કારણો છે.

મિથ્યાત્વ, અવિરતિ આદિથી કર્મ આવે છે માટે તેનું નામ આશ્રવ છે. અને તે હેય છે. અને સમ્યક્ત્વ, વિરતિ આદિથી કર્મ આવતા રોકાય છે માટે તેનું નામ સંવર છે અને તે ઉપાદેય છે; અર્થાત્ ગ્રહણ કરવા યોગ્ય છે. ।।૪।।

**યુંજનકરણે હો અંતર તુજ પડ્યો રે, ગુણકરણે કરી ભંગ;**
**ગ્રંથ ઉક્તે કરી પંડિતજન કહ્યો રે, અંતર ભંગ સુઅંગ. ૫૦૫**

**સંક્ષેપાર્થ :–** આત્માની કર્મ સાથે જોડાણ કરવારૂપ ક્રિયાને યુંજનકરણ કહે છે. તે યુંજનકરણના કારણે જ તારા અને ભગવાન વચ્ચે અંતર પડ્યું છે. હવે ગુણકરણ એટલે આત્માના જ્ઞાનદર્શનચારિત્રરૂપ ગુણો છે. તેમાં પ્રવૃત્તિ કરે તો તે અંતરને ભાંગી શકાય એમ છે.

એમ ગ્રંથ ઉક્તે કરી એટલે શાસ્ત્રોના આધારે પંડિતજન એટલે જ્ઞાની-પુરુષોએ આ વાત કહી છે. અને એ જ ભગવાન સાથેનું અંતર ભાંગવાનો સુઅંગ એટલે સારો ઉપાય છે. ।।૫।।

**તુજ મુજ અંતર અંતર ભાંજશે રે, વાજશે મંગલ તૂર;**
**જીવસરોવર અતિશય વાધશે રે, આનંદઘન રસપૂર. ૫૦૬**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ ! આપના અને મારા વચ્ચેનું અંતર જ્યારે ભાંગશે ત્યારે મારા અંતરમાં મંગલ તૂર એટલે આત્માને કલ્યાણકારી એવા વાજારૂપ

અનહદ ધ્વનિનો નાદ પ્રગટશે.

વળી મારું આત્મારૂપી સરોવર જે જ્ઞાનાવરણીયાદિ કર્મોના કારણે શુષ્ક દેખાય છે તે પણ આનંદઘનરૂપ રસના પુરથી અત્યંત વૃદ્ધિ પામશે અર્થાત્ છલકી ઊઠશે. અને અંતે આત્મા મોક્ષના શાશ્વતસુખને પામશે. ।।૬।।

---

# (૬) શ્રી પદ્મપ્રભ સ્વામી

## શ્રી દેવચંદ્રજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(હું તુજ આગળ શું કહું, કેશરિયા લાલ.....એ દેશી)

**શ્રી પદ્મપ્રભજિન ગુણનિધિરે લાલ, જગતારક જગદીશરે વાલ્હેસર;**
**જિન-ઉપગાર થકી લહેરે લાલ, ભવિજન સિદ્ધિ જગીશ રે વા૦૧**

**સંક્ષેપાર્થ :–** શ્રી પદ્મપ્રભ જિન ગુણના ભંડાર છે. ભવ્યજીવોને સંસાર સમુદ્રથી તારનારા છે, તથા જગતના ઈશ કહેતાં સ્વામી છે. પ્રભુના ઉપકાર થકી એટલે પ્રભુની કૃપાથી ભવ્યજીવો સિદ્ધિ જગીશ એટલે સિદ્ધિ સુખની સંપદાને પામે છે, મોક્ષરૂપ લક્ષ્મીને પામે છે. ।।૧।।

**તુજ દરિશણ મુજ વાલહું રે લાલ, દરિશણ શુદ્ધ પવિત્ત રે;વા૦**
**દરિશણ શબ્દનયે કરે રે લાલ, સંગ્રહ એવંભૂત રે. વા૦તુ૦૨**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ ! આપનું નિર્મલ દર્શન મને અત્યંત વાલહું કહેતા પ્રિય લાગે છે. ખરેખર આપનું દર્શન (મૂર્તિ દર્શન કે જૈન દર્શન કે સમ્યક્‌દર્શન) પરમ શુદ્ધ છે, પવિત્ર છે. કારણ કે તેના દ્વારા આત્મા કર્મમળથી રહિત થાય છે. નયની અપેક્ષાએ આજ વાતનું સ્પષ્ટીકરણ કરે છે કે પ્રથમ ભવ્યાત્મા, પરમાત્માનું દર્શન 'શબ્દનય'થી કરે છે. પછી સંગ્રહનયની અપેક્ષાએ આત્મા સત્તાપણે શુદ્ધ છે. એમ જાણી, આત્માનું શુદ્ધ સ્વરૂપ સંપૂર્ણપણે જ્યારે પ્રગટ કરે છે ત્યારે તે એવંભૂતનયે પૂર્ણ શુદ્ધ સ્વરૂપને પામ્યો એમ કહેવાય. પછી આયુષ્યકર્મ પૂરું થયે તે સિદ્ધપણાને પામે છે.

**બીજે વૃક્ષ અનંતતા રે લાલ, પસરે ભૂજલ યોગ રે; વા૦**
**તિમ મુજ આતમ સંપદા રે લાલ, પ્રગટે પ્રભુ સંયોગ રે વા૦તુ૦૩**

**સંક્ષેપાર્થ :–** હવે વસ્તુનો કારણ કાર્યભાવ દૃષ્ટાંતથી આ ગાથામાં સમજાવે છે : એક બીજમાં અનંત વૃક્ષો ઉત્પન્ન કરવાની શક્તિ રહેલી છે, છતાં



તેને માટી અને પાણીનો સંયોગ મળે તો જ વૃક્ષરૂપે પસરે એટલે પ્રસરે છે અર્થાત્ ફેલાય છે. તેમ મારા આત્મામાં સત્તારૂપે તો અનંત જ્ઞાનાદિ ગુણોની સંપત્તિ રહેલી છે, પરંતુ તેનું પ્રગટવાપણું તો પ્રભુના નિમિત્તરૂપ સંયોગથી જ થાય છે, અને ત્યારે જ આત્મસિદ્ધિ પ્રાપ્ત થાય છે. ।।૩।।

**જગતજંતુ કારજ રુચિ રે લાલ, સાધે ઉદયે ભાણ રે;વા૦**
**ચિદાનંદ સુવિલાસતા રે લાલ, વાધે જિનવર ઝાણ રે. વા૦તુ૦૪**

**સંક્ષેપાર્થ :–** જગતવાસી જીવો સ્વકાર્ય કરવાની રુચિવાળા હોય છે. પણ તે કાર્ય, ભાણ એટલે સૂર્યોદયના ઉદયે સિદ્ધ થાય છે. તેવી રીતે ચિદાનંદ એટલે જ્ઞાનાનંદનો સુવિલાસ તે જિનેશ્વર ભગવાનના ઝાણ એટલે ધ્યાનથી જ વાધે એટલે વૃદ્ધિ પામે છે. ।।૪।।

**લબ્ધિ સિદ્ધિ મંત્રાક્ષરે રે લાલ, ઊપજે સાધન સંગ રે; વા૦**
**સહજ અધ્યાતમ તત્ત્વતા રે લાલ, પ્રગટે તત્ત્વીરંગ રે. વા૦તુ૦૫**

**સંક્ષેપાર્થ :–** જેમ અમુક મંત્રાક્ષરમાં અનેક લબ્ધિ સિદ્ધિ વગેરે વિદ્યાશક્તિઓ રહેલી છે, પણ તે વિદ્યા સિદ્ધિ જ્ઞાનીપુરુષે બતાવેલ સાધનના સંગથી એટલે તે પ્રમાણે વર્તવાથી સિદ્ધ થાય છે. તેવી જ રીતે, સહજ સ્વભાવરૂપ જે અધ્યાત્મ તત્ત્વતા એટલે આત્માની અનંત જ્ઞાન દર્શનાદિ શક્તિઓ, તે આત્મામાં જ રહેલી છે. પણ તે પ્રગટે ક્યારે ? તો કે તત્ત્વી એટલે પરમ આત્મતત્ત્વને પામેલા એવા જ્ઞાનીપુરુષના આલંબને તેમના નિર્મળ ધ્યાનાદિના યોગમાં તન્મયપણે રંગાવાથી પ્રગટે છે. ।।૫।

**લોહ ધાતુ કંચન હુવે રે લાલ, પારસ ફરસન પામી રે; વા૦**
**પ્રગટે અધ્યાતમદશા રે લાલ, વ્યક્ત ગુણી ગુણગ્રામ રે. વા૦તુ૦૬**

**સંક્ષેપાર્થ :–** જેમ લોઢાની ધાતુ કંચન એટલે સોનુ બની જાય છે પણ કેવી રીતે ? તો કે પારસમણિના સ્પર્શને પામવાથી. તેમ પોતાના આત્માની અધ્યાત્મદશા એટલે શુદ્ધ આત્મિકદશા જે સત્તારૂપે છે તે પણ પ્રગટે છે; પણ ક્યારે ? તો કે વ્યક્ત એટલે પ્રગટ છે ગુણ જેમાં એવા જ્ઞાનીપુરુષના ગુણગ્રામ કરતાં, સ્મરણ કરતાં પોતાનું પણ સંપૂર્ણ ગુણીપણું પ્રગટ થાય છે. ।।૬।।

**આત્મસિદ્ધિકારજ ભણી રે લાલ, સહજ નિયામક હેતુ રે; વા૦**
**નામાદિક જિનરાજનાં રે લાલ, ભવસાગરમાંહે સેતુ રે. વા૦તુ૦૭**

**સંક્ષેપાર્થ :–** પોતાના આત્માની સિદ્ધિ એટલે પ્રાપ્તિરૂપ કાર્ય કરવાને

માટે સહજ એટલે અકૃત્રિમ એવા નિયામક હેતુ એટલે નિશ્ચિતકારણ અથવા પુષ્ટકારણ એવા શ્રી જિનરાજના નામાદિક છે; અર્થાત્ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવરૂપ ચારે નિક્ષેપા ભવસાગર તરવાને માટે સેતુ એટલે પુલ સમાન છે. કલ્યાણ કરવા માટે પ્રભુના નામાદિ એ મહાન અવલંબનરૂપ છે. ॥૭॥

**સ્થંભન ઇંદ્રિયયોગનો રે લાલ, રક્ત વરણ ગુણ રાય રે; વા૦**
**દેવચંદ્ર વૃંદે સ્તવ્યો રે લાલ, આપ અવર્ણ અકાય રે. વા૦તુ૦૮**

**સંક્ષેપાર્થ :–** ભવ્યાત્માની ઇન્દ્રિયો અને મન વચન કાયાના યોગોને પણ સ્થંભન એટલે સ્થિર કરી દે છે. કોણ? તો કે ગુણોના રાજા એવા શ્રી પદ્મપ્રભુ સ્વામીના શરીરનો રક્તવર્ણ. ઇન્દ્રિયો વર્ણાદિકને અવલંબીને રહે છે. તેથી પ્રભુના શરીરના રક્તવર્ણની કાંતિના દર્શન પણ ઉપરોક્ત ગુણ કરે છે. દેવેન્દ્રોના સમૂહે જેની સ્તુતિ કરી છે એવા પ્રભુ ખરી રીતે તો અવર્ણ એટલે શરીરના રક્તવર્ણાદિ રહિત છે અને અકાય એટલે શરીરથી પણ રહિત છે. કેમકે સિદ્ધ અવસ્થામાં તો શરીર કે વર્ણાદિ પણ હોતા નથી. ॥૮॥

---

# (૬) શ્રી પદ્મપ્રભ સ્વામી

## શ્રી યશોવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(સહજ સલૂણા હો સાધુજી—એ દેશી)

**પદ્મપ્રભ જિન જઈ અલગા વસ્યા, જિહાંથી નાવે લેખોજી,**
**કાગળ ને મશિ જિહાં નવિ સંપજે, ન ચલે વાટ વિશેષોજી;**
**સુગુણ સનેહા રે કદીય ન વીસરે. ૧**

**અર્થ :–** પદ્મપ્રભપ્રભુ અહીંથી દૂર જઈને સિદ્ધાલયમાં વસ્યા છે, ત્યાંથી પત્ર આવતો નથી. કારણ કે કાગળ અને મસિ એટલે શાહી ત્યાં મળતી નથી. તેમ ત્યાં કોઈ વાટ એટલે માર્ગ વિશેષ પ્રકારે પણ જતો નથી. તોપણ સદ્ગુણના ભંડાર એવા મારા સ્નેહી પ્રભુ ક્યારે પણ ભૂલાય તેમ નથી.

**ભાવાર્થ :–** પદ્મના સમૂહ સરખી છે સ્વચ્છ શરીરની કાંતિ જેમની એવા પદ્મપ્રભ પ્રભુની સ્થિતિ અને તેમના સ્વરૂપ વિષે શ્રી યશોવિજયજી મહારાજ વિચારે છે કે આ છઠ્ઠા પદ્મપ્રભસ્વામી, કર્મસમૂહનો આત્યંતિક વિનાશ કરી, સંસાર તથા દેહ છોડી મોક્ષપુરીમાં જઈને વિરાજમાન થયા, તે સ્થળથી તેઓની



સ્થિતિ જાણી શકવાના સાધનરૂપ પત્ર આવતો નથી; તેમ પત્ર લખવાનાં સાધનો કાગળ અને શાહી પણ ત્યાં મળતા નથી. વળી ત્યાં પહોંચવા માટે વર્તમાન સમયે આ ભરતક્ષેત્રથી રસ્તો પણ વહેતો નથી. છતાં સમસ્ત ગુણના નિધિ એવા એ પ્રભુ મારા હૃદયમાંથી ક્યારે પણ વિસ્મૃત થતા નથી. ॥૧॥

**ઇહાંથી તિહાં જઈ કોઈ આવે નહીં, જેહ કહે સંદેશોજી;**
**જેહનું મિલવું રે દોહિલું તેહશું, નેહ તે આપ કિલેશોજી. સુ૦૨**

**અર્થ :–** અહીંથી ત્યાં જઈ કોઈ આવતું નથી કે જે આવી મને સંદેશો કહે. એ રીતે પણ જેમનો મેળાપ થવો દોહીલો હોવાથી તેમની સાથે સ્નેહ રાખવો તે પોતાને જ દુઃખરૂપ છે. આ વાક્ય પ્રેમના ઓલંભારૂપ છે.

**ભાવાર્થ :–** કદાચ મારી એવી ઇચ્છા થાય કે ત્યાં કોઈ માણસ મોકલી સંદેશો કહેવરાવી એમના સમાચાર મંગાવું. પણ વસ્તુ સ્થિતિ એવી છે કે અહીંથી ઘણા મનુષ્યો ત્યાં જાય છે ખરા પણ ત્યાંથી પાછો સંદેશો આપવા કોઈ આવતું નથી. ત્યાં જનારને પાછા આવવાપણું જ નથી. એ મોટી મૂંઝવણ છે. આ પ્રમાણે જેમનો મેળાપ થવો અતિ દુર્લભ હોય તેમની સાથે સ્નેહ શું રાખવો? તે ક્લેશરૂપ થાય. છતાં પણ હું એમને કદી ભૂલી શકતો નથી. ॥૨॥

**વીતરાગશું રે રાગ તે એક પખો, કીજે કવણ પ્રકારોજી;**
**ઘોડો દોડે રે સાહેબ વાજમાં, મન નાણે અસવારોજી.સુ૦૩**

**અર્થ :–** વીતરાગ પ્રભુથી એક પક્ષી રાગ કેવી રીતે કરવો? માલિકની લગામ અનુસાર ઘોડો બિચારો વાજમાં એટલે વેગમાં દોડ્યા જ કરે પણ તેનો અસવાર એટલે તેના ઉપર સવારી કરનાર તેના શ્રમને મન નાણે એટલે મનમાં જ ન આણે તો શું કરવું.

**ભાવાર્થ :–** રાગ રહિત પ્રભુ સાથે એક તરફી રાગ-સ્નેહ કેવી રીતે કરવો? છતાં એમની સાથે સ્નેહ કરવાનો વળી કોઈ બીજો પ્રકાર છે? તે મને જણાતો નથી. આ તો એવું થાય છે કે ઘોડેસ્વાર ઘોડાને ધીમે કે ઉતાવળે ચલાવવા લગામ દ્વારા જે રીતે સૂચવે તે રીતે ઘોડો બીચારો પોતાને માટે કાંઈપણ વિચાર કર્યા વિના, માત્ર માલિકની ઇચ્છાને આધીન થઈ દોડ્યા જ કરે પણ માલિકને તેની કાંઈ કદર નહિ! તેમ પ્રભુ અને મારી વચ્ચે આવી જ સ્થિતિ વર્તે છે. તેથી અધીરજ આવવાથી કોઈ વખત એવા એકપક્ષી સ્નેહથી કંટાળો આવી જાય છે, પણ કોણ જાણે શું છે, કયું એવું વિશિષ્ટ કારણ છે કે હું એમને સ્વપ્ને

પણ ભૂલી શકતો નથી. ।।૩।।

**સાચી ભક્તિ રે ભાવન રસ કહ્યો, રસ હોય તિહાં દોય રીઝેજી;**
**હોડા હોડે રે બિહુ રસરીઝથી, મનના મનોરથ સીઝેજી. સુ૦૪**

**અર્થ :–** પ્રભુના સ્વરૂપની વિચારણા કરવારૂપ ભાવના રસને સાચી ભક્તિ કહેલી છે. પણ જ્યાં સાચો રસ એટલે પ્રેમ હોય ત્યાં બન્ને પરસ્પર રીઝે છે. અને એવી અન્યોન્ય પ્રેમરસની હોડથી મનના મનોરથ પણ સિદ્ધ થાય છે.

**ભાવાર્થ :–** હું પ્રથમ વિચારો કરી ગયો તે જાણીને કોઈ મને ઉપાલંભ આપે કે ''તારે તો પ્રભુ ઉપર દૃઢ શ્રદ્ધાપૂર્વક સાચી ભક્તિ રાખી એમના સ્વરૂપની વિચારણામાં જ તત્પર રહેવું! બીજા ત્રીજા વિચાર જ ન કરવા! એમના જ ગુણગ્રામ કરવા! એથી જ તને ખરો આત્માનંદરૂપી રસ પ્રાપ્ત થશે! એ જ ખરો રસ છે!'' તો તે મારે કબૂલ છે. પણ બન્નેએ પરસ્પર રીઝવું જોઈએ! જેથી બન્ને વચ્ચે પ્રેમમાં હરીફાઈ થાય! એક ચાહે તેથી અન્ય અધિક ચાહવાનું કરે. તે ઉપરથી પ્રથમ વ્યક્તિ વળી ચાહનામાં વધારો કરે, એમ ઉત્તરોત્તર રાગ વધતો જાય અને મનના મનોરથ પણ ઇચ્છા પ્રમાણે ફળીભૂત થાય—પૂર્ણ રીતે સિદ્ધ થાય. તેમ છતાં પણ એ ઉપકારી પ્રભુનું ક્યારે પણ મને વિસ્મરણ થતું નથી. એ કોઈ એમનો જ અપૂર્વ પ્રભાવ હશે! એમ હું માનું છું. ।।૪।।

**પણ ગુણવંતા રે ગોઠે ગાજિયે, મોટા તે વિશ્રામજી;**
**વાચક યશ કહે એહ જ આશરે, સુખ લહું ઠામોઠામજી. સુ૦૫**

**અર્થ :–** આવા ગુણવાન પ્રભુની સોબતથી જ હું ગર્જુ છું. કારણ કે મહાપુરુષો તો હમેશાં વિશ્રાંતિના સ્થાનરૂપ હોય છે. વાચક યશોવિજયજી કહે છે કે એમના દૃઢ આશ્રયથી જ હું સ્થળે સ્થળે સુખ પામું છું.

**ભાવાર્થ :–** ઉપર કહ્યા પ્રમાણે મેં જે વિચારો કર્યા, તેના પરિણામે મને હવે જણાય છે કે ગુણવાન પુરુષની સોબત હોય તો નિર્ભયતાપૂર્વક આ જગતમાં વિચરી શકાય. ગુણવાન પુરુષ સાથેની સંગતિ હોવાથી આ જગતમાં કોઈ આપણો વાળ વાંકો કરવા સમર્થ નથી. એમના પ્રભાવથી જગતમાં ગાજી શકાય છે. એ સર્વ પ્રભાવ અપૂર્વ એવા ગુણવાન પ્રભુનો જ છે. એવા મહાપુરુષ આપણને વિસામારૂપ છે. જેમનું ચિત્ત એવા પ્રભુની ભક્તિમાં લાગેલું છે, પ્રભુના ધ્યાનમાં ચોંટેલું છે તેમને કર્મરાજા પણ કાંઈ કરી શકતો નથી એ ભાવ પણ અત્ર વિચારણીય છે.



શ્રી યશોવિજયજી મહારાજને એ હકીકત ધ્યાનમાં હોવાથી કહે છે કે એ પ્રભુના જ આધારથી, તેમના અવલંબનથી હું આ ભવમાં સ્થળે સ્થળે સુખ પામું છું, એમના સ્વરૂપની વિચારણાથી જ આનંદમગ્ન થઉં છું. અને નવા નવા આત્મિક ગુણો પ્રકટ થતાં પરભવમાં પણ ઉચ્ચતર સુખવાળી સ્થિતિ પ્રાપ્ત કરીશ અને પરંપરાએ એથી જ ઇષ્ટફળ એવો મોક્ષ મેળવીશ એમ મને ચોક્કસ ખાત્રી છે, સંપૂર્ણ વિશ્વાસ છે. ।।૫।।

# (૬) શ્રી પદ્મપ્રભ સ્વામી

## શ્રી મોહનવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(ઢોલામારૂ ઘડી એક કર હો ઝીકાદ હો—એ દેશી)

**પરમ રસ ભીનો મહારો, નિપુણ નગીનો મહારો, સાહિબો;**
**પ્રભુ મોરા પદ્મ પ્રભુ પ્રાણાધાર હો, જ્યોતિરમા આલિંગીને,**
**પ્રભુ મોરા અછક છક્યો દિન રાત હો, ઓલગ પણ નવિ સાંભળે,**
**પ્રભુ મોરા તો શી દરિશણ વાત હો. પરમ નિ૦૧**

**અર્થ :–** છઠ્ઠા શ્રી પદ્મપ્રભ ભગવાન પરમરસ ભીના એટલે અધ્યાત્મ રસથી તરબોળ છે. વળી તે સર્વમાં નિપુણ છે, નગીન એટલે કિંમતી રત્ન સમાન મારા સાહિબ છે, અને મારા તો પ્રાણના પરમ આધાર છે. એવા મારા પ્રભુ અછક એટલે કદી છકે નહીં છતાં જ્યોતિરમા એટલે મુક્તિરૂપી સ્ત્રીનું આલિંગન કરીને રાતદિવસ છકી ગયા હોય એમ લાગે છે. જેથી મારી ઓલગ એટલે વિનંતિને પણ પ્રભુ સાંભળતા નથી તો પછી દરિશણ એટલે સમકિત આપવાની તો વાત જ ક્યાં રહી.

**ભાવાર્થ :–** મારા સાહેબ એવા શ્રી પદ્મ પ્રભ ભગવાન સર્વોત્કૃષ્ટ આત્મિક રસમાં નિમગ્ન બન્યા છે. પોતે નિપુણ છે, શ્રેષ્ઠ રત્ન જેવા છે અને મારા પ્રાણના આધારભૂત છે. તે કોઈનાથી પણ મોહિત થાય તેવા નથી, છતાં મુક્તિરૂપી સ્ત્રીનું આલિંગન કરી મોહિત થઈ ગયાં. તેથી હવે મારી વિનંતિ પણ સાંભળતા નથી. તો સમ્યક્દર્શન આપવાની તો વાત જ ક્યાં રહી. આવા શબ્દોમાં પ્રભુને ઓલંભા આપવા તે પ્રીતિ ભક્તિનું પરિણામ છે. ।।૧।।

**નિરભય પદ પામ્યા પછે, પ્ર૦ જાણીએ નવિ હોવે તેહ હો;**
**તે નેહ જાણે આગળે, પ્ર૦ અલગા તે નિઃસનેહ હો. પ૦નિ૦૨**

**અર્થ :–** નિર્ભયપદ એટલે ભયરહિત એવા મોક્ષપદને પામ્યા પછી અમે જાણીએ છીએ કે પ્રભુને કોઈ પ્રત્યે કોઈપણ પ્રકારનો સ્નેહ હોતો નથી. પણ જે સંસારી જીવો પ્રભુ પ્રત્યે સ્નેહ કરવાની રીત જાણે છે તે ધર્મસ્નેહ કરીને આગળ વધે છે. અને જે પ્રભુ પ્રત્યે ધર્મસ્નેહ કરવાનું જાણતા નથી એવા જીવો પ્રભુથી અલગા એટલે દૂર જ રહે છે.

**ભાવાર્થ :–** નિર્ભયપદ એટલે મોક્ષપદ. જે અયોગી હોવાથી મન, વચન, કાયાની પ્રવૃત્તિ ત્યાં હોતી નથી. તેથી ધર્મસ્નેહ પણ ત્યાં ન હોય એ સ્વાભાવિક છે. પણ અમારે તો પ્રભુ પ્રત્યે ધર્મસ્નેહ કરવો છે. સ્નેહ બે પ્રકારનો છે. એક સંસારી સ્નેહ તે અપ્રશસ્ત અને બીજો ધર્મ પ્રત્યેનો સ્નેહ તે પ્રશસ્ત છે. ભલે પ્રભુમાં વીતરાગતા હોવાથી તે સ્નેહ ન કરે, પણ ભક્તજન તો ધર્મસ્નેહથી જ આગળ વધે છે. જે સંસારી જીવો પ્રભુ પ્રત્યે ધર્મસ્નેહ કરતા નથી તે પ્રભુ પાસેથી ઇચ્છિત ફળ મેળવી શકે નહીં. માટે અમારે તો પ્રભુ પ્રત્યે ધર્મસ્નેહ જ કરવો છે કે જેથી અમને મોક્ષરૂપ ઇચ્છિત ફળ પ્રાપ્ત થાય. ।।૨।।

**પદ લેતાં તો લહ્યા વિભુ, પ્ર૦ પણ નિજ નિજ દ્રવ્ય કહાય હો;**
**અમે સુદ્રવ્ય સુગુણ ઘણું, પ્ર૦ સહિતો તિણે શરમાય હો. પ૦નિ૦૩**

**અર્થ :–** હે પ્રભુ ! આપે તો મોક્ષ પદ લેવાનો પ્રયત્ન કરી તેને મેળવી લીધું. પણ આત્મદ્રવ્ય તો બધાનું જુદું જણાય છે. તમારું આત્મદ્રવ્ય શુદ્ધતાને પામ્યું તેમ અમારું આત્મદ્રવ્ય પણ સુદ્રવ્ય એટલે મૂળ સ્વરૂપે તો શુદ્ધ જ છે, તેમજ ઘણા સદ્‌ગુણોથી સહિત છે. છતાં તે હજુ સુધી પ્રગટ નહીં થવાથી પોતાની પાસે જ રહેલા એવા શુદ્ધ આત્મદ્રવ્યની આપની પાસે માગણી કરતાં શરમ આવે છે. પણ તે આત્મદ્રવ્ય આપની કૃપા સિવાય પ્રાપ્ત થાય તેમ લાગતું નથી. માટે આપની કૃપાદૃષ્ટિને ઇચ્છીએ છીએ.

**ભાવાર્થ :–** પુદ્‌ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય વિગેરે અચેતન દ્રવ્યો કે જીવાસ્તિકાયરૂપ ચેતન દ્રવ્યો સર્વ પોતપોતાના સ્થાનમાં સ્વાભાવિક ગુણોને લઈને રહેલા છે. પ્રભુનો આત્મા અને અમારો આત્મા પણ દ્રવ્ય અપેક્ષાએ તો સરખો છે. નિશ્ચયનયથી જોતાં પ્રત્યેક આત્મા અનંત જ્ઞાનાદિગુણયુક્ત છે. અને જો એમ જ છે તો પછી સેવકને, સ્વામી પાસેથી વસ્તુની માગણી કરવી તે અસ્થાને ગણાય. કારણ કે બન્ને વ્યક્તિ સંપૂર્ણ છે. પણ પ્રભુએ તો સત્તાગત રહેલી સર્વ આત્મશક્તિને ખુલ્લી કરી છે જ્યારે અમારી તો સર્વ શક્તિ સત્તામાં



જ પડેલી છે. હજુ સુધી અમે તેને ખુલ્લી કરી શક્યા નથી. એવી અમારી નિર્બળતાને કારણે અમારી પાસે જ રહેલી શક્તિને કેવી રીતે ખુલ્લી કરી શકીએ તેનો ઉપાય આપની પાસે માગતા શરમાઈએ છીએ. ।।૩।।

**તિહાં રહ્યા કરુણા નયનથી, પ્ર૦ જોતાં શું ઓછું થાય હો ?**
**જિહાં તિહાં જિનલાવણ્યતા, પ્ર૦ દેહલી દીપક ન્યાય હો. પ૦નિ૦૪**

**અર્થ :–** હે પ્રભુ ! લોકના ટોચ ઉપર રહ્યા રહ્યા પણ કરુણા દૃષ્ટિથી સેવક જનને જોતાં આપને શું ઓછું થઈ જશે. જિનેશ્વર ભગવાનનું જ્ઞાનરૂપી લાવણ્ય એટલે જ્ઞાનરૂપી પ્રકાશ તો જગતમાં સર્વ ઠેકાણે ફેલાય છે. જેમ દેહલી એટલે મકાનના ટોચ ઉપર રહેલો દીપક ચારે બાજુ વિશાળ પ્રદેશમાં પ્રકાશ કરી શકે છે તેમ.

**ભાવાર્થ :–** હે પ્રભુ ! મોક્ષસ્થાનમાં રહ્યા છતાં પણ કરુણાદૃષ્ટિથી અમારા ઉપર આપે નજર કરવી જોઈએ. આવી નજર કરતાં તમારું કાંઈ ઓછું થશે નહીં. આ વાતના સમર્થનમાં એક દૃષ્ટાંત આપે છે—જેમ મહેલના ટોચ ઉપર રહેલો દીવો એક જ સ્થળે રહ્યા છતાં પણ વિશાળ પ્રદેશમાં પ્રકાશ કરી શકે છે, તેમ આપની કરુણાદૃષ્ટિ તે દીવાનો પ્રકાશ જાણવો. અને દીવાના સ્થાને આપ પદ્મપ્રભ જાણવા. દીવાને પ્રકાશ કરવો હોય તો પોતાનું સ્થાન છોડ્યા વિના પણ પ્રકાશ કરી શકે છે. એ દૃષ્ટાંતના ન્યાયથી આપ પણ મોક્ષસ્થાનમાં રહ્યાં છતાં અમારા જેવા સેવકજનો ઉપર કરુણા દૃષ્ટિથી જ્ઞાન પ્રકાશ ફેંકી શકો છો. જેથી અમને જ્ઞાનપ્રાપ્તિ થઈ જાય. જેમ દીવાનો પ્રકાશ દીવાના પ્રમાણમાં ઘણા મોટા પ્રમાણમાં હોય છે તેવી રીતે પ્રભુનુ જ્ઞાન પણ લોકાલોક વ્યાપી હોય છે. તેથી આપ પણ પોતાના સ્થાનમાં રહ્યા છતાં સર્વ ઠેકાણે અમારા જેવાને જ્ઞાનપ્રકાશ આપી શકો છો. ।।૪।।

**જો પ્રભુતા અમે પામતા, પ્ર૦ કહેવું ન પડે તો એમ હો;**
**જો દેશો તો જાણું અમે, પ્ર૦ દરિશણ દલિદ્રતા કેમ હો ? પ૦નિ૦૫**

**અર્થ :–** હે પ્રભુ ! જો અમે અમારી શક્તિથી પ્રભુતા પામી શકતા હોત તો આપને કંઈ કહેવાની જરૂર રહેત નહીં; માટે હવે ઇચ્છિત વસ્તુ આપશો તો અમે જાણીશું કે આપ ખરા ઉપકારી છો. આપ સમ્યક્‌દર્શન દેવા સમર્થ છો, છતાં તે સમ્યક્‌દર્શન આપવામાં દરિદ્રતા એટલે કંજૂસાઈ શા માટે કરો છો ?

**ભાવાર્થ :–** જગતમાં જેમ કારણ વિના કાર્ય ન થાય, તેમ સાધન વિના સાધ્ય ન થાય. તેવી રીતે અમે પણ અમારી મેળે પ્રભુતા મેળવી શકીએ

એમ નથી. તે પ્રભુતા મેળવવામાં કારણભૂત સમ્યક્દર્શન જોઈએ. તે આપ આપી અમને કૃતાર્થ કરો. થોડા પ્રયાસે જો સેવકને સારો લાભ થતો હોય તો તેમાં આપે ઢીલાશ રાખવી જોઈએ નહીં. ।।૫।।

**હાથે તો નાવી શક્યો, પ્ર૦ ન કરો કોઈનો વિશ્વાસ હો;**
**પણ ભોળવીએ જો ભક્તિથી, પ્ર૦ કહેજો તો શાબાશ હો. ૫૦નિ૦૬**

**અર્થ :–** હે પ્રભુ! તું આજ દિવસ સુધી અમારા હાથમાં આવી શક્યો નહીં, વળી તમે કોઈનો વિશ્વાસ પણ કરતા નથી; તેમ છતાં તમારી ભક્તિ કરીને તમને ભોળવીશું ત્યારે અમને શાબાશી આપજો.

**ભાવાર્થ :–** ભક્તિમાં એટલું બધું આકર્ષણ છે કે અનંત બળવાળા એવા તીર્થંકર દેવને પણ ભક્તિરૂપી દોરીથી ખેંચી શકાય છે. ભલે તમે અમારા હાથમાં ન આવ્યા, ભલે તમે અમારા ઉપર વિશ્વાસ ન કરો, તેમ છતાં ભક્તિ નામની એક વસ્તુ અમારી પાસે છે કે જેના બળથી અમે આપને જરૂર ભોળવીશું, અર્થાત્ આપને અમારા તરફ જરૂર આકર્ષીશું. તે વખતે અમને શાબાશી આપજો કે જરૂર તારી વાત સત્ય ઠરી. ।।૬।।

**કમળલંછન કીધી મયા, પ્ર૦ ગુનાહ કરી બગસીસ હો;**
**રૂપવિબુધનો મોહન ભણી, પ્ર૦ પૂરજો સકલ જગીશ હો. ૫૦નિ૦૭**

**અર્થ :–** કમળલંછનવાળા પ્રભુએ મારા સર્વ ગુનાઓ માફ કરી મારા પર દયા કરી છે તો હવે શ્રી રૂપવિજયજી પંડિતના શિષ્યશ્રી મોહનવિજયજી મહારાજ કહે છે કે હે જગદીશ્વર! મારી સઘળી ઇચ્છાઓની આપ પૂર્તિ કરજો. ।।૭।।

**ભાવાર્થ :–** જેના જાનુમાં કમલનું લંછન છે એવા હે પદ્મ પ્રભુ! આપને મેં ભક્તિવડે પ્રસન્ન કર્યા જેથી આપે મારા સર્વ અપરાધ માફ કર્યા તો હવે શ્રી મોહનવિજયજી મહારાજ કહે છે કે હવે મારી મુક્તિ સંબંધીની સર્વ ઇચ્છાને પણ આપ જરૂર પૂર્ણ કરજો. કેમકે આપના સિવાય મારે બીજો કોઈ આધાર નથી. મારે તો આપ એક જ સર્વસ્વ છો. હું આપની જ ભક્તિ કર્યાં કરું છું. ।।૭।।

---

# (૭) શ્રી સુપાર્શ્વનાથ સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(રાગ સારંગ તથા મલ્હાર, લલનાની દેશી)



**શ્રી સુપાસ જિન વંદિયે, સુખસંપત્તિનો હેતુ લલના;**
**શાંત સુધારસ જલનિધિ, ભવસાગરમાંહે સેતુ લલના. શ્રી૦૧**

**સંક્ષેપાર્થ :–** હે સુમતિરૂપી લલના! શ્રી સુપાર્શ્વનાથ ભગવાનને ભાવભક્તિથી વંદના કરીએ. કારણ કે શાશ્વત સુખ મેળવવા માટે આત્માની સર્વ પ્રકારની સંપત્તિને આપવામાં એ મૂળ હેતુભૂત છે.

વળી સર્વ ક્રોધાદિ કષાયો એમના નાશ પામવાથી પરમ શાંતસુધારસરૂપી અમૃતના જલનિધિ કહેતા સમુદ્ર છે. અને ભવરૂપી સમુદ્રથી પાર ઉતારવા માટે જે સેતુ અર્થાત્ પુલ સમાન છે. ।।૧।।

**સાત મહાભય ટાળતો, સપ્તમ જિનવર દેવ; લ૦**
**સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ. લ૦ શ્રી૦૨**

**સંક્ષેપાર્થ :–** સાતમા જિનેશ્વર શ્રી સુપાર્શ્વનાથ પ્રભુ સાતે પ્રકારના ભયને ટાળનાર છે. (૧) આલોક ભય (૨) પરલોક ભય (૩) મરણ ભય (૪) વેદના ભય (૫) અરક્ષા ભય (૬) અગુપ્તિ ભય અને (૭) અકસ્માત ભય. એ સાતે પ્રકારના ભય સંસારી જીવોને હોય છે.

માટે મનને સાવધાન એટલે જાગૃત કરી પ્રમાદ તજીને એકાગ્રતાપૂર્વક એ પ્રભુના ચરણકમળની ઉપાસના કરો અર્થાત્ તેમની આજ્ઞાનું સ્થિરતાપૂર્વક આરાધન કરો, તો સર્વ પ્રકારના તમારા દુઃખ નાશ પામશે. ।।૨।।

**શિવ શંકર જગદીશ્વરુ, ચિદાનંદ ભગવાન; લ૦**
**જિન અરિહા તીર્થંકરુ, જ્યોતિ સ્વરૂપ અસમાન. લ૦ શ્રી૦૩**

**સંક્ષેપાર્થ :–** વળી ભગવાન કેવા છે? તો કે શિવશંકર એટલે કર્મ ઉપદ્રવને નિવારી મોક્ષસુખના આપનાર છે. જગદીશ્વર કહેતા જગતના સ્વામી, ચિદાનંદ એટલે જ્ઞાનાનંદરૂપ અને ભગવાન એટલે આત્મઐશ્વર્યથી યુક્ત છે.

વળી રાગદ્વેષને જિતનાર એવા જિન છે. કર્મ શત્રુઓને જિતનાર હોવાથી અરિહા છે. ધર્મતીર્થને પ્રવર્ત્તાવનાર છે માટે તીર્થંકર છે અને ચૈતન્ય ઘનપિંડ હોવાથી જ્યોતિ સ્વરૂપ છે. આ જગતમાં એમના સમાન કોઈ નથી તેથી અસમાન છે. એવા પ્રભુની આજ્ઞા પ્રમાણે વર્તવાથી ઉપરોક્ત બધા ગુણો પ્રાપ્ત કરી શકાય છે. ।।૩।।

**અલખ નિરંજન વચ્છલુ, સકલ જંતુ વિશરામ;લ૦**
**અભયદાન દાતા સદા, પૂરણ આતમરામ. લ૦ શ્રી૦૪**

**સંક્ષેપાર્થ :–** ફરી આગળ પ્રભુના ગુણ નિષ્પન્ન નામો જણાવે છે :–

અજ્ઞાનીઓને પ્રભુનું શુદ્ધ સ્વરૂપ લક્ષમાં આવતું નથી તેથી તે અલખ છે. અંજન એટલે કાલિમા. પ્રભુ કર્મરૂપી કાલિમાથી રહિત હોવાથી નિરંજન પરમાત્મા છે. સર્વ પ્રાણીઓનું હિત કરનાર હોવાથી જગત્‌વત્સલ છે. ચારે ગતિમાં જન્મમરણ કરવાના કારણે જીવોને ક્યાંય વિસામો નથી. તે સર્વને વિશ્રાંતિનું સ્થાન હોવાથી ભગવાન સકળ જંતુ વિસરામ છે.

છ કાયના જીવોના રક્ષક હોવાથી ભગવાન સદાય અભયદાન આપનાર છે. અનંત ચતુષ્ટય પ્રાપ્ત થવાથી જેની સર્વ ઇચ્છાઓ પરિપૂર્ણ થઈને સર્વ આત્મગુણો પ્રગટ્યા છે માટે પૂર્ણ છે. બાહ્ય વસ્તુઓથી વૃત્તિ ઊઠી જવાથી જે હમેશાં આત્મામાં જ રમે છે તેથી આતમરામ છે. એવા પ્રભુના સ્વરૂપને ભજવાથી પોતે પણ તેવો બની શકે છે. ।।૪।।

**વીતરાગ મદ કલ્પના, રતિ અરતિ ભય શોગ; લ૦**
**નિદ્રા તંદ્રા દુરદશા, રહિત અબાધિત યોગ. લ૦ શ્રી૦૫**

**સંક્ષેપાર્થ :–** ભગવાનમાં કોઈ માનસિક વિકારો નથી તે જણાવે છે. ભગવાનનો રાગરૂપ મનનો રોગ ચાલ્યો જવાથી વીતરાગ છે. આઠેય પ્રકારના મદ નષ્ટ થવાથી મદરહિત છે. અને તેમનું મન સર્વ સંકલ્પ વિકલ્પથી રહિત હોવાથી કલ્પનારહિત છે. રતિ એટલે ગમવાપણું અને અરતિ એટલે અણગમવાપણું જેને નથી. તેમજ જે સાતે પ્રકારના ભય અને શોકથી રહિત થઈ ચૂક્યા છે.

હવે શારીરિક વિકારો પણ ભગવાનમાં નથી તે કહે છે. જેમકે ભગવાનને નિદ્રા નથી, તંદ્રા નથી એટલે આળસ નથી અને દુર્દશાથી જે સાવ રહિત છે, અર્થાત્ ભગવાનના મન વચન અને કાયાના ત્રણેય યોગ અબાધિત એટલે બાધાપીડાથી સર્વથા રહિત છે. ઉપરોક્ત દોષો વિભાવરૂપ છે. આત્માના સ્વભાવરૂપ નથી. માટે પ્રભુના ગુણોને સ્મરી આપણે પણ વિભાવ ટાળી બાધા પીડા રહિત એવા આત્મસ્વભાવમાં આવવું જોઈએ. ।।૫।।

**પરમ પુરુષ પરમાતમા, પરમેશ્વર પરધાન; લ૦**
**પરમ પદારથ પરમેષ્ઠી, પરમદેવ પરમાન. લ૦ શ્રી૦૬**

**સંક્ષેપાર્થ :–** પરમ એટલે સર્વોત્કૃષ્ટ. ભગવાનના બધા ગુણો સર્વોત્કૃષ્ટ હોવાથી આ ગાથામાં બધા ગુણો આગળ પરમ શબ્દ વાપરેલો છે. ભગવાન



પુરુષોમાં શ્રેષ્ઠ હોવાથી પરમપુરુષ છે. બાહ્ય તેમજ અંતરાત્માથી પણ ઉત્કૃષ્ટ હોવાથી પરમાત્મા છે. ઉત્કૃષ્ટ ઐશ્વર્યને પ્રાપ્ત હોવાથી પરમેશ્વર છે. સર્વ પદાર્થમાં શ્રેષ્ઠ હોવાથી પ્રધાન છે.

જગતમાં સર્વશ્રેષ્ઠ પદાર્થ તે શુદ્ધાત્મા છે. માટે પરમ પદારથ છે. જે સર્વોત્કૃષ્ટ વાંછિત પદાર્થ શુદ્ધાત્માને આપનાર હોવાથી પરમેષ્ઠિ છે. સર્વ દેવોમાં પણ મોટા દેવ હોવાથી પરમદેવ છે. અને પોતે સિદ્ધદશાને સાક્ષાત્ પામેલા હોવાથી પ્રમાણભૂત છે. એવા સર્વ ગુણોની પ્રાપ્તિ અર્થે ભગવાન સુપાર્શ્વનાથની ભાવપૂર્વક વંદના કરવી જોઈએ. ।।૬।।

**વિધિ વિરંચિ વિશ્વંભરુ, હૃષીકેશ જગનાથ; લ૦**
**અઘહર અઘમોચન ધણી, મુક્તિપરમપદ સાથ. લ૦ શ્રી૦૭**

**સંક્ષેપાર્થ :–** ફરી આ ગાથામાં ભગવાનના બીજા ગુણ નિષ્પન્ન નામો જણાવે છે. મોક્ષ પ્રાપ્ત કરવાની વિધિ વિધાનને બતાવનાર હોવાથી પ્રભુ વિધિ છે. વિરંચિ એટલે બ્રહ્મા. પ્રભુ પોતાના સંપૂર્ણ શુદ્ધસ્વરૂપને પ્રગટ કરનાર હોવાથી બ્રહ્મા છે. વિશ્વંભરુ એટલે વિષ્ણુ. પ્રભુ જગતના જીવોને ઉત્તમ બોધવડે સદૈવ આત્મપોષણ આપનાર હોવાથી વિષ્ણુ છે. વળી હૃષીકેશ છે. હૃષીક એટલે ઇન્દ્રિયો, અને ઇશ એટલે સ્વામી અર્થાત્ જે ઇન્દ્રિયોને વશમાં રાખનાર હોવાથી હૃષીકેશ છે. જે ત્રણેય લોકના નાથ હોવાથી જગનાથ છે.

વળી અઘ એટલે પાપ. તેને હરનાર હોવાથી અઘહર છે. પાપથી મુક્ત કરાવનાર હોવાથી અઘમોચન છે. અમારા સ્વામી હોવાથી ધણી છે. અને મુક્તિરૂપપરમપદની પ્રાપ્તિ કરાવવામાં જે સાથ આપનાર છે એવા શ્રી સુપાર્શ્વનાથ ભગવાન ખરા ભક્તિભાવે સદૈવ વંદના કરવાયોગ્ય છે. ।।૭।।

**એમ અનેક અભિધા ધરે, અનુભવગમ્ય વિચાર; લ૦**
**જેહ જાણે તેહને કરે, આનંદઘન અવતાર. લ૦ શ્રી૦૮**

**સંક્ષેપાર્થ :–** ભગવાન સુપાર્શ્વનાથ એમ અનેક પ્રકારે અભિધા એટલે ઉપનામોને ધારણ કરનાર છે. પણ જે આ ગુણરૂપી નામોનો પોતાના આત્મામાં અનુભવ કરીને તેનો ભાવ ગમ્ય કરશે અર્થાત્ સમજશે તે ઉત્તમ વિચારશ્રેણીને પામશે.

ઉપરોક્ત પ્રકારે જે જાણે તેને પ્રભુ આનંદઘનનો અવતાર બનાવી દેશે. અર્થાત્ પ્રભુના આ નામોનું રહસ્ય સમજનારનું જીવન ધન્ય બની જશે. તે

આત્માનંદમાં ઝૂલશે અને જીવતા છતાં મુક્તદશાને અનુભવશે. ।।૮।।

---

# (૭) શ્રી સુપાર્શ્વનાથ સ્વામી

## શ્રી દેવચંદ્રજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(હે સુંદર! તપ સરિખો જગ કો નહીં.....એ દેશી)

**શ્રી સુપાસ આનંદમેં, ગુણ અનંતનો કંદ હો જિનજી,**
**જ્ઞાનાનંદે પૂરણો, પવિત્ર ચારિત્રાનંદ હો. જિનજી૰ શ્રી૰૧**

**સંક્ષેપાર્થ :–** શ્રી સુપાર્શ્વનાથ પ્રભુ સદા આત્માનંદમાં છે. તે જ્ઞાનાદિક અનંત ગુણના કંદ એટલે મૂળ છે. પ્રભુ, કેવળજ્ઞાન પ્રગટવાથી જ્ઞાનાનંદથી પૂર્ણ છે. તથા સ્વરૂપ રમણતારૂપ યથાખ્યાતચારિત્ર પ્રગટવાથી પવિત્ર ચારિત્રના આનંદથી પણ પરિપૂર્ણ છે. ।।૧।।

**સંરક્ષણ વિણ નાથ છો, દ્રવ્ય વિના ધનવંત હો, જિ૰**
**કર્તાપદ કિરિયા વિના, સંત અજેય અનંત હો. જિ૰ શ્રી૰૨**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! બાહ્ય દૃષ્ટિથી કોઈનું આપ સંરક્ષણ કરતા નથી; છતાં સર્વ જીવોને શરણરૂપ હોવાથી નાથ છો. ધન કંચનાદિથી રહિત હોવા છતાં, જ્ઞાનાદિ ગુણોની સંપત્તિવડે ધનવાન છો. ગમનાદિ ક્રિયારહિત હોવા છતાં પણ આત્મસ્વભાવના કર્તા છો. સર્વને શાંતિ પમાડનાર હોવાથી સંત છો. વિષયકષાયથી રહિત હોવાથી અજેય છો તથા કોઈ કાળે આપનો નાશ નથી માટે અનંત છો. ।।૨।।

**અગમ અગોચર અમર તું, અન્વય ઋદ્ધિસમૂહ હો, જિ૰**
**વર્ણ ગંધરસ ફરસવિણુ, નિજ ભોક્તા ગુણવ્યૂહ હો. જિ૰ શ્રી૰૩**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! આપનું સ્વરૂપ અગમ્ય છે, ઇન્દ્રિયોથી જાણી શકાય નહીં માટે અગોચર છે તથા આપ સદા અમર છો. વળી અન્વય એટલે સહજ વ્યાપકપણે રહેલા અનંત જ્ઞાનાદિ ગુણ રિદ્ધિના આપ સમૂહ છો. તથા આપ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ રહિત છો. વળી આપ પોતાના જ શુદ્ધ સ્વરૂપના ભોક્તા છો તથા ગુણોના વ્યૂહ કહેતા સમૂહ છો. ।।૩।।

**અક્ષય દાન અચિંતના, લાભ અયત્ને ભોગ હો, જિ૰**
**વીર્ય શક્તિ અપ્રયાસતા, શુદ્ધ સ્વગુણ ઉપભોગ હો. જિ૰ શ્રી૰૪**



**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! આપના અનંતગુણો પરસ્પર એકબીજાને સહકારરૂપ અક્ષયદાન કરે છે. હે પ્રભુ! આપને ચિંતન કર્યા વગર જ અનંતગુણોનો લાભ થાય છે. આપ પ્રયત્ન વિના પણ અનંત પર્યાયોને ભોગવો છો. વળી આપની વીર્ય શક્તિ પણ બાહ્ય પ્રયાસ વિના સ્ફુરાયમાન થઈ રહી છે. છતાં આપ તો આપના શુદ્ધગુણોનો જ સદા ઉપભોગ કરો છો. ઉપરોક્ત ગુણો અંતરાયકર્મની પ્રકૃતિના ક્ષયથી પ્રગટ થયા છે. ।।૪।।

**એકાંતિક આત્યંતિકો, સહજ અકૃત સ્વાધીન હો, જિ૰**
**નિરુપચરિત નિર્દ્વંદ્વ સુખ, અન્ય અહેતુક પીન હો. જિ૰ શ્રી૰૫**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! આપનું સુખ કેવું છે? તો કે એકાંતિક એટલે માત્ર સુખરૂપ, આત્યંતિક એટલે સંપૂર્ણ સહજ સ્વભાવથી ઉત્પન્ન થયેલું, અકૃત એટલે કોઈનું કરેલું નથી. તે સ્વાધીન સુખ છે; પરને આધીન નથી. નિરુપચરિત એટલે ઉપચાર માત્ર અર્થાત્ કહેવામાત્ર નહીં પણ વાસ્તવિક સુખ છે. નિર્દ્વંદ્વ એટલે બીજા જીવ અજીવ તત્ત્વોના સંયોગ વગરનું તથા બીજી કોઈ પરવસ્તુનું જેમાં અહેતુક એટલે હેતુપણું નથી અર્થાત્ કારણ નથી એવું પીન એટલે પુષ્ટ, પ્રબળ અસાધારણ આત્માનું સુખ તે પ્રભુને સહજ પ્રાપ્ત છે. ।।૫।।

**એક પ્રદેશે તાહરે, અવ્યાબાધ સમાય હો, જિ૰**
**તસુ પર્યાય અવિભાગતા, સર્વાકાશ ન માય હો. જિ૰ શ્રી૰૬**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! આપના આત્માના એક પ્રદેશમાં તે અવ્યાબાધ સુખ ગુણના પર્યાય સમાઈ રહેલા છે. તે એક પ્રદેશના અવ્યાબાધ સુખના પર્યાયનો અવિભાગ અંશ એટલે જેનો કેવળીના જ્ઞાનમાં પણ બીજો વિભાગ થઈ ન શકે એવા સૂક્ષ્મ અંશને આકાશાસ્તિકાયના એક એક પ્રદેશે ગોઠવવામાં આવે તો પણ તે લોકાકાશમાં સમાઈ ન શકે અર્થાત્ સર્વ આકાશના પ્રદેશો કરતા પણ આત્માના એક પ્રદેશમાં રહેલ અવ્યાબાધ સુખના પર્યાયો અનંતગુણા છે. ।।૬।।

**એમ અનંત ગુણનો ધણી, ગુણગણનો આનંદ હો; જિ૰**
**ભોગ રમણ આસ્વાદયુત, પ્રભુ તું પરમાનંદ હો. જિ૰ શ્રી૰૭**

**સંક્ષેપાર્થ :–** એમ આપ જ્ઞાનાદિ અનંત ગુણના સ્વામી છો. તથા તે ગુણ-ગણનો એટલે ગુણોના સમૂહનો એક સાથે આનંદ ભોગવો છો, તેમાં જ રમણતા કરી આસ્વાદ લો છો. તેથી હે પ્રભુ! આપ જ ખરેખર પરમાનંદમય પરમાત્મા છો. ।।૭।।

**અવ્યાબાધ રુચિ થઈ, સાધે અવ્યાબાધ હો, જિં૦**
**દેવચંદ્ર પદ તે લહે, પરમાનંદ સમાધ હો. જિં૦શ્રી૦૮**

**સંક્ષેપાર્થ :–** આત્માના અવ્યાબાધ સુખની જેને રુચિ ઉત્પન્ન થઈ છે તે ભવ્યાત્મા, તે સુખના સાધનાર એવા સદ્ગુરુનું શરણ લઈ તે અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરવા માટેની સાધના કરે છે. અને તે જીવ દેવોમાં ચંદ્ર સમાન એવા અરિહંતપદ કે સિદ્ધપદને પામે છે, જે પરમાનંદ સમાધિ સ્વરૂપ છે. ।।૮।।

---

# (૭) શ્રી સુપાર્શ્વનાથ સ્વામી

## શ્રી યશોવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(લાછલદે માત મલાર–એ દેશી)

**શ્રી સુપાર્શ્વ જિનરાજ, તું ત્રિભુવનશિરતાજ;**
**આજ હો છાજે રે ઠકુરાઈ, પ્રભુ તુજ પદ તણીજી. ૧**

**અર્થ :–** હે શ્રી સુપાર્શ્વ જિનરાજ ! તું ત્રણે ભુવનમાં મસ્તકના મુકુટરૂપે દેદિપ્યમાન છે. તથા આજે તારા તીર્થંકર પદની ઠકુરાઈ એટલે ઐશ્વર્યની શોભા તો જગતમાં સમવસરણરૂપે સર્વત્ર પ્રસિદ્ધ છે.

**ભાવાર્થ :–** રૂડાં છે બે બાજુંના પાર્શ્વ એટલે પડખાં જેના એવા સુપાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ કરતાં પ્રભુને ઉદ્દેશીને કર્ત્તા કહે છે કે હે શરણાગતવત્સલ શ્રી સુપાર્શ્વ પ્રભુ ! તું ત્રણ ભુવનના મસ્તકે મુકુટાલંકારરૂપ છો. જેમ મસ્તકે મુકુટ વિના મનુષ્ય કે રાજા શોભા પામતો નથી તેમ તારા વિના આ સ્વર્ગ, મૃત્યુ કે પાતાળ લોક પણ શોભાયમાન થતાં નથી. વળી હે પ્રભુ ! આજે તીર્થંકર પદવીની વિભૂતિ, પૂર્ણ યોગ્ય સ્થાનરૂપ એવા તમને પામીને આકર્ષકરૂપે પ્રકાશી નીકળી છે. તેવી શોભા તમને જ ઘટે છે. અન્ય સ્થળે કોઈ એવી શોભા હોતી નથી. અત્ર 'આજ' એ શબ્દ છદ્મસ્થાવસ્થાની પૂર્ણતા અને કૈવલ્યાવસ્થાની પ્રાપ્તિ સૂચવે છે. તેથી આ સ્તવનમાં સમવસરણમાં બિરાજમાન એવા પ્રભુના અષ્ટ મહા પ્રાતિહાર્યના સ્વરૂપનું હવે વર્ણન કરવામાં આવે છે કે જે પ્રભુની ઠકુરાઈ એટલે પુણ્યની બાહ્ય લક્ષ્મીરૂપ છે. ।।૧।।

**દિવ્ય ધ્વનિ સુર ફૂલ, ચામર છત્ર અમૂલ;**
**આજ હો રાજે રે ભામંડલ, ગાજે દુંદુભિજી. ૨**



**અર્થ :–** દિવ્ય ધ્વનિ, સુરવર્ષિત પુષ્પ, ચામર, અમૂલ્ય છત્ર અને ભામંડલ શોભી રહ્યાં છે. તેમજ દુંદુભિ ગાજી રહી છે. આ પ્રમાણે દેવકૃત આ છ પ્રાતિહાર્ય તે રાજસેવકની જેમ હવે પ્રભુની સદા સાથે રહેનાર છે.

**ભાવાર્થ :–** પ્રભુ માલકોશ રાગમાં ધર્મ દેશના એટલે ઉપદેશ આપે છે. તે વખતે પ્રભુની બન્ને બાજુએ રહી દેવતાઓ વાંસળીમાંથી નીકળે તેવા સ્વરથી પ્રભુની દેશનામાં સૂર પૂરે છે. તેથી પ્રભુનો દિવ્ય અને અલૌકિક ધ્વનિ સમવસરણના પ્રાંત ભાગ સુધી વિસ્તરે છે. સમવસરણનું પ્રમાણ ચાર ગાઉનું હોય છે, છતાં તેમાં ક્રોડોગમે દેવતાઓ અને મનુષ્યો સમાઈ શકે છે, એ પ્રભુના અતિશયનું માહાત્મ્ય છે. ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ, વૈમાનિક એ ચાર નિકાયના દેવોએ વર્ષાવેલાં જળસ્થળમાં ઊપજેલાં ફૂલો આ સમવસરણમાં સવળાં પથરાઈ રહે છે તથાપિ પ્રભુ પસાએ પીડા ન પામતા પુષ્પના જીવો ભવ્ય રીતે શોભે છે. દેવતાઓ પ્રભુની બન્ને બાજુ ચામર વીંજે છે. પ્રભુ પૂર્વાભિમુખે બિરાજમાન થઈ દેશના આપે છે. પરંતુ બીજી ત્રણ દિશાઓમાં પણ વ્યંતરો પ્રભુના જેવા જ પ્રતિબિંબો કરે છે કે જેથી તેઓ ચાર મુખે દેશના આપતા હોય તેમ જણાય છે. ચારે તરફ બબે ચામર વીંજાય છે. વળી દેવતાઓ પ્રભુની ઉપર ત્રણ છત્ર ઉપરાઉપર પહેલું મોટું પછી નાનું પછી તેથી નાનું એ રીતે ધરે છે. તે છત્રો મૂલ્ય ન થઈ શકે તેવાં અમૂલ્ય હોય છે. પ્રભુના મુખની કાન્તિ અતિશય હોવાથી તેમની સામું જોનારની દૃષ્ટિ અંજાઈ જાય છે, તેથી તેમના મસ્તકની પાછળ દેવો ભામંડળની રચના કરે છે. તેની ગોળ આકૃતિ હોય છે. તે ભામંડળના સદ્ભાવથી પ્રભુના મુખ ઉપરનું તેજ તેમાં સંક્રમિત થાય છે, એટલે પ્રભુની સામું જોઈ શકાય છે. તે ભામંડળ પ્રભુના મસ્તક પાછળ શોભા પામે છે. આકાશમાં દેવતાઓ દુંદુભિનો નાદ કરે છે–દેવતાઈ વાજીંત્ર વગાડે છે. આ ગાથામાં છ પ્રાતિહાર્યનું સ્વરૂપ કહ્યું. બાકીનાં બે પાંચમી ગાથામાં જણાવશે. ।।૨।।

**અતિશય સહજના ચાર, કર્મ ખપ્યાથી અગ્યાર;**
**આજ હો કીધા રે ઓગણીશે, સુરગણ ભાસુરેજી. ૩**

**અર્થ :–** જન્મથી જ પ્રભુને સહજ રીતે ચાર અતિશય હોય છે. અને કર્મના નાશથી કેવળજ્ઞાન પ્રગટ્યે બીજા અગ્યાર અતિશય પ્રગટ થાય છે. તથા વિનય વિવેકાદિ ગુણોવડે શોભતા એવા દેવો વડે બીજા ઓગણીશ અતિશય કરાય છે. એમ કુલ ચોત્રીશ અતિશય પ્રભુને હોય છે.

**ભાવાર્થ :–** આ ગાથામાં સર્વ મળીને ચોત્રીશ અતિશય પ્રભુને કેવી

રીતે હોય છે તે ટૂંકમાં બતાવ્યું છે. અતિશય એટલે લૌકિક કોઈપણ પુરુષ કરતાં પ્રભુમાં જે બાહ્ય અનુપમ શક્તિ વર્તે છે તે સમજવી. આ ચોત્રીશ અતિશય નીચે પ્રમાણે જાણવાં :—

(૧) તીર્થંકરના કેશ, નખ ન વધે, સુશોભિત રહે. (૨) શરીર નિરોગી રહે. (૩) લોહી માંસ ગાયના દૂધ જેવા હોય. (૪) શ્વાસોચ્છવાસ પદ્મકમળ જેવા સુગંધી. (૫) આહાર નિહાર અદૃશ્ય. (૬) આકાશમાં ધર્મચક્ર ચાલે. (૭) આકાશમાં ૩ છત્ર ધરાય, બે ચામર વીંજાય. (૮) આકાશે પાદપીઠ સહિત સિંહાસન ચાલે (૯) આકાશમાં ઇંદ્રધ્વજ ચાલે. (૧૦) અશોક વૃક્ષ રહે. (૧૧) ભામંડળ હોય. (૧૨) વિષમ ભૂમિ પણ સમ થાય. (૧૩) કાંટા ઊંધા થઈ જાય. (૧૪) છયે ઋતુ અનુકૂળ થાય. (૧૫) અનુકૂળ વાયુ વાય. (૧૬) પાંચ વર્ણના ફૂલ પ્રગટે. (૧૭) અશુભ પુદ્‌ગલોનો નાશ થાય. (૧૮) સુગંધી વર્ષાથી ભૂમિ છંટાય. (૧૯) શુભ પુદ્‌ગલ પ્રકટે. (૨૦) યોજનગામી વાણીની ધ્વનિ હોય. (૨૧) અર્ધ માગધિ ભાષામાં દેશના દે. (૨૨) સર્વ સભા પોતાની ભાષામાં સમજે. (૨૩) જન્મવેર, જાતિવેર શાંત થાય. (૨૪) અન્યમતિ પણ દેશના સાંભળે અને વિનય કરે. (૨૫) પ્રતિવાદી નિરૂત્તર બને. (૨૬) પચ્ચીશ યોજન સુધી કોઈ જાતના રોગ ન થાય. (૨૭) મહામારી-પ્લેગ જેવા ન થાય. (૨૮) ઉપદ્રવ ન થાય. (૨૯) સ્વચક્રનો ભય ન હોય. (૩૦) પર લશ્કરનો ભય ન હોય. (૩૧) અતિવૃષ્ટિ ન થાય. (૩૨) અનાવૃષ્ટિ ન થાય. (૩૩) દુકાળ ન પડે. (૩૪) પહેલાં થયેલ ઉપદ્રવ શાંત થાય.

ક્રમશઃ ૪ અતિશય જન્મથી હોય, ૧૧ અતિશય કેવળજ્ઞાન થયા પછી પ્રકટે અને ૧૯ અતિશય દેવકૃત હોય છે. ।।૩।।

**વાણી ગુણ પાંત્રીશ, પ્રતિહારજ જગદીશ;**
**આજ હો રાજે રે દીવાજે, છાજે આઠશુંજી. ૪**

**અર્થ :—** આપની વાણી પાંત્રીશ ગુણયુક્ત હોય છે. તથા જગદીશ એટલે જગત્પ્રભુ આઠ પ્રાતિહાર્યવડે રાજે એટલે સમવસરણમાં બિરાજમાન થઈ દીવાજે એટલે દિવ્ય શોભાને પામે છે.

**ભાવાર્થ :—** પ્રભુની વાણીમાં પાંત્રીશ ગુણ હોય છે. તે પાંત્રીશ ગુણ આ પ્રમાણે છે :— પ્રભુની વાણી ''(૧) સર્વ ઠેકાણે સમજાય તેવી. (૨) યોજન પ્રમાણ સંભળાય તેવી. (૩) પ્રૌઢ. બોલનાર મહત્ત્વની વાત કરે છે એમ ભાસે. (૪) મેઘ જેવી ગંભીર. (૫) શબ્દ વડે સ્પષ્ટ. ચોખ્ખા અક્ષર સમજાય. (૬) સંતોષકારક.



થોડું છેલ્લે સાંભળે તોય કૃતકૃત્ય માને કે આટલું સાંભળવાનું તો મળ્યું. (૭) દરેક એમ જાણે કે મને જ કહે છે એવી. (૮) પુષ્ટ અર્થવાળી, નકામું ન બોલે. બાળકને કહે તો પણ આશયયુક્ત હોય અને વિદ્વાન પણ આનંદ પામે. (૯) પૂર્વાપર વિરોધરહિત. (૧૦) મહાપુરુષને છાજે એવી. તીર્થંકર જ આવું બોલી શકે એમ લાગે. (૧૧) સંદેહ વગરની. શું કહ્યું ? આમ કહ્યું કે આમ ? એવી શંકા ન થાય. (૧૨) દૂષણરહિત અર્થવાળી. ભાષા સંબંધી દોષ, વ્યાકરણ સંબંધી દોષ કે ગ્રામ્યતારૂપ દોષ ન આવે. (૧૩) કઠણ વિષયને સહેલો કરનારી. તત્ત્વની વાત પણ સહેલી લાગે, 'આત્મસિદ્ધિ'ની જેમ. (૧૪) જ્યાં જેવું શોભે તેવું બોલાય એવી. રાજા બોલે તે રાજા જેવું, દાસી બોલે તે દાસી જેવું. (૧૫) છ દ્રવ્ય, નવ તત્ત્વના જ્ઞાનને પુષ્ટ કરે તેવી. (૧૬) પ્રયોજન સહિત 'સમજ્યા ? શું ? પછી' એવા નિરર્થક શબ્દોથી રહિત. (૧૭) પદ રચના સહિત. કોઈ પદ અધૂરું નહિં, રચનામાં ભૂલ નહીં. (૧૮) છ દ્રવ્ય અને નવ તત્ત્વના ચાતુર્યસહિત. દરેક વાતમાં એ વણાતા આવે. (૧૯) મધુર વાણી. (૨૦) પારકો મર્મ જણાઈ ન આવે એવી ચતુરાઈવાળી. દોષ બતાવે તે જેનામાં હોય તે જ જાણે કે મને કહે છે. બીજાને સામાન્ય વાત કહે છે એમ લાગે. કષાયી માણસની વાણી હોય તેમાં તો બીજાને એમ થાય કે 'આને કહે છે, આને કહે છે,' એમ પારકો મર્મ પ્રગટ કરે. (૨૧) ધર્મઅર્થ પ્રતિબદ્ધ. નાની વાતો હોય તો પણ તેમાંથી આત્માર્થનો સાર નીકળે. (૨૨) દીપ સમાન પ્રકાશ સહિત. દીવાથી જેમ પદાર્થ જણાય તેમ ભગવાનની વાણીથી લોકાલોક જણાય. (૨૩) પરનિંદા અને પોતાના વખાણ વગરની. માન કષાય અને ક્રોધ હોય તો જ પોતાના વખાણ અને પરનિંદા થાય. નિષ્કષાયી વાણી. (૨૪) કર્ત્તા, કર્મ, ક્રિયા વગેરેના સંબંધવાળી. (૨૫) આશ્ચર્યકારી. અપૂર્વ વાણી. આગળ આવું સાંભળ્યું નથી એમ લાગે. (૨૬) વક્તા સર્વગુણ સંપન્ન છે, બહુ જાણે છે એમ લાગે. થોડું કહે પણ પ્રભાવ પડે કે એમનામાં કંઈ ખામી નથી. (૨૭) ધૈર્યવાળી. ક્યારે મોક્ષ થશે ? એમ અધીરાઈ ન થાય. (૨૮) વિલંબરહિત. થોડું બોલે, પછી ન બોલે એમ નહિ, એકધારું બોલે. (૨૯) ભ્રાંતિ રહિત. સંદેહ ઉત્પન્ન ન થાય. પોતાની ભ્રાંતિ ગઈ છે તેથી સાંભળનારને પણ ભ્રાંતિ ન થાય, શ્રદ્ધા થાય. (૩૦) સર્વ જીવ પોતાની ભાષામાં સમજે એવી. જુદી ભાષામાં બોલનારનું ન સમજાય, પરંતુ ભગવાનની ભાષા સૌ પોતપોતાની ભાષામાં સમજે અને સૌના સંશય છેદાય. (૩૧) શિષ્ટબુદ્ધિ ઉપજાવે તેવી. શિષ્ટ એટલે ઉત્તમ પુરુષ જેવી બુદ્ધિ ઉપજાવે. (૩૨) પદના

અર્થને અનેક રીતે આરોપણ કરી બોલે તેવી. એક શબ્દમાંથી અનેક અર્થ નીકળે. (૩૩) સાહસિકપણે બોલે એવી. સાંભળીને શૂરવીરપણું ઊપજે. સાંભળીને દીક્ષા લેવાના ભાવ થાય. (૩૪) પુનરુક્તિ દોષ વગરની. એની એ વાત ફરી કહે તો કંટાળો આવે, તેથી ફરી કહેવું પડે તો પણ બીજી રીતે કહે. (૩૫) સાંભળનારને ખેદ ન થાય એવી. એના દોષ કહે તો પણ ખોટું ન લાગે, પણ એમ લાગે કે મારા ભલા માટે કહે છે.'' -મોક્ષમાળા વિવેચનમાંથી (પૃ.૨૫૫)

આ પ્રમાણે ભગવાનની વાણી પાંત્રીશ ગુણયુક્ત હોય છે.

તથા અષ્ટ પ્રાતિહાર્યની શોભા એ પ્રભુને જ ઘટે છે. એ પ્રભુ જ આ ઐશ્વર્યને યોગ્ય છે. અન્ય કોઈ દેવને એવી પ્રભુતા હોતી નથી.

ત્રીજી ગાથામાં છ પ્રાતિહાર્ય વર્ણવેલા. હવે બાકી રહેલા બે તે આ આગળની ગાથામાં જણાવે છે. ।।૪।।

**સિંહાસન અશોક, બેઠા મોહેલોક;**
**આજ હો સ્વામી રે શિવગામી, વાચક યશ થુણ્યોજી. ૫**

**અર્થ :–** સાતમું સિંહાસન અને આઠમું અશોક વૃક્ષ. એ બે બીજા પ્રાતિહાર્ય છે. સિંહાસન ઉપર બિરાજેલા પ્રભુ લોકોને આનંદ પમાડે છે. એવા શિવગામી પ્રભુની વાચક યશોવિજયજી મહારાજે સ્તુતિ કરી છે.

**ભાવાર્થ :–** દેવો ચાર દિશાએ ચાર સિંહાસન રચે છે. તેની વચ્ચે પ્રભુના શરીરના માપથી બાર ગણું ઊંચુ અશોકવૃક્ષ રચે છે. તેની છાયામાં સિંહાસન ઉપર બેસીને પ્રભુ દેશના આપે છે. અને સાંભળવા આવેલા ચાર પ્રકારના દેવ-ભુવન, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક અને તેમની ચાર પ્રકારની દેવીઓ તથા સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ બારે પર્ષદાને ભગવાન ઉપદેશ આપે છે. એ સમગ્ર પર્ષદા પ્રભુ તરફ આકર્ષાય છે. પોતાનું ગૃહકાર્ય અપૂર્ણ છોડી પ્રભુની વાણી સાંભળવા દોડી આવે છે. અને તેના ફળસ્વરૂપ પ્રભુ ઉપદેશિત મોક્ષમાર્ગ, પોતપોતાની યોગ્યતા અનુસાર, શક્તિને નહિ છૂપાવતાં, સમજીને, બહુમાનપૂર્વક સ્વીકારી-ગ્રહણ કરી, પાળીને તે પ્રભુ સ્વરૂપ બની જાય છે. એવા તદ્ભવમુક્તિગામી એટલે તે જ ભવે મોક્ષે જનારા જીવોની અથવા મોક્ષે ગયેલા એવા પ્રભુની વાચક શ્રી યશોવિજયજી મહારાજે ભક્તિના બળે આવી સ્તુતિ કરી છે. ।।૫।।

---



# (૭) શ્રી સુપાર્શ્વનાથ સ્વામી

## શ્રી મોહનવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(ઝીણા મારૂની કરહલડી—દેશી)

**વહાલા મેહ બપિયડા, અહિકુલ ને મૃગકુલને,**
**તિમ વળી નાદે વાહ્યા હો રાજ;**
**મધુકરને નવમલ્લિકા, તિમ મુજને ઘણી વહાલી,**
**સાતમા જિનની સેવા હો રાજ. ૧**

**અર્થ :–** બપૈયા નામના પક્ષીને મેઘ વહાલો છે. અહિ એટલે સર્પના કુલને તથા મૃગકુલ એટલે હરણાના ટોળાંને નાદ એટલે સ્વર વહાલો છે, વળી મધુકર એટલે ભમરાને નવમલ્લિકા નામની પુષ્પની જાતિ વહાલી છે; તેમ અમને પણ સાતમા શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની સેવા ઘણી જ વહાલી છે.

**ભાવાર્થ :–** બપૈયા નામના પક્ષીને ગળે છીદ્ર હોવાથી સરોવરાદિકના પાણી મુખમાં ગ્રહણ કરે તો પણ તે છીદ્રથી બહાર નીકળી જાય છે. તેથી તે મેઘ એટલે વરસાદને ઇચ્છે છે. વરસાદમાં તે મોઢું ઊંચુ કરી રાખવાથી તે પાણી સીધું ગળાવાટે ઉદરમાં ઊતરી જાય છે. વળી સર્પને પકડવા માટે જંગલમાં રહેલા વાદીઓ મોરલી વગાડે છે અને હરણને વશ કરવા વાંસળી વગાડે છે, તેથી તે દોડ્યા આવે છે, કેમકે તેમને સંગીત પ્રિય છે. વળી ભમરા, નવમલ્લિકા નામના પુષ્પની સુગંધી ગ્રહણ કરવા ઇચ્છે છે. જેમ બપૈયા, સર્પો, હરણો અને મધુકરને મેઘ, મોરલી, વીણા અને નવમલ્લિકા વહાલી છે તેવી રીતે અમને પણ પ્રભુની સેવા ઘણી જ વહાલી છે. ।।૧।।

**અન્ય ઉથ્થિક સુર છે ઘણા, પણ મુજ મનડું તેહથી,**
**નાવે એકણ રાગે હો રાજ;**
**રાચ્યો હું રૂપાતીતથી, કારણ મનમાન્યાનું,**
**શું કાંઈ આપો હાથે હો રાજ. સા૦૨**

**અર્થ :–** અન્ય ઉથ્થિક સુર એટલે અન્ય ઊપજેલા હરિહરાદિક દેવો તો જગતમાં ઘણા છે. પરંતુ મારું મન તેમનાથી એક રાગવાળું થતું નથી. હું તો અરૂપી એવા શુદ્ધ સ્વરૂપને પામેલા વીતરાગ ભગવાનથી જ રાચેલો છું. તેમાં કારણ મારા મનની માન્યતા છે. માટે હે રાજ રાજેશ્વર પ્રભુ! શું કાંઈ આપ મને

હાથોહાથ તારશો કે નહીં ?

**ભાવાર્થ :–** અન્ય હરિહરાદિક દેવો તો સરાગી અને કષાયવાળા છે. તેથી મારા મનમાં તે કેમ રુચે ? વળી હું તો રૂપરહિત એવા નિર્વિકારી પ્રભુ ઉપર રાચેલો છું. કારણ કે રૂપી હોવા છતાં જે રાગદ્વેષથી ભરેલા છે એવા દેવોને હું ઇચ્છતો નથી. પણ રૂપી એવા ભવસ્થ કેવલીને ઇચ્છું છું. કારણ કે તેમણે ચારેય ઘાતીયાકર્મને ક્ષય કરી કેવળજ્ઞાન પ્રગટાવેલ છે. તેથી નિશ્ચયથી તેઓ અરૂપી ભાવને જ ભજે છે. માટે એવા પ્રભુ ઉપર રાગ કરવો તે સંપૂર્ણ યુક્ત છે. તે કારણથી મારું મન વીતરાગ પ્રભુ પ્રત્યે રાચ્યું છે. માટે હે ભગવન્ ! શું કંઈ આપ સ્વયં મને મોક્ષ સુખ આપશો કે નહીં ? ।।૨।।

**મૂળની ભક્તે રીઝશે, નહિં તો અવરની રીતે,**
**ક્યારે પણ નવિ ખીજે હો રાજ;**
**ઓલંઘડી મોંઘી થશે, કંબલ હોવે ભારી,**
**જિમજિમ જલથી ભીંજે હો રાજ. સા૦૩**

**અર્થ :–** હે પ્રભુ ! અમારા અંતરના મૂળમાં રહેલ પ્રેમ ભક્તિની રીતથી તમને રીઝવશું. અને તેમ નહીં રીઝો તો બીજી રીતિથી પણ રીઝવીશું. આપ કદી ખીજાતા એટલે રીસે ભરાતા નથી, છતાં હે પ્રભુ ! આપ પ્રસન્ન થવામાં ઢીલ કરશો તો આ અમારી ઓલંગડી એટલે વિનંતિ ઘણી મોંઘી થતી જશે. જેમ કંબલ જળથી ભીંજાયા જ કરે તો પછી તે ઘણી ભારે થતી જાય છે તેમ.

**ભાવાર્થ :–** હે પ્રભુ ! આપ સૌથી મૂળમાં કરવાયોગ્ય એવી પ્રેમભક્તિની રીતથી રીઝશો. તેમ નહીં રીઝો તો બીજી રીતે પણ રીઝવીશું. આપ કદી પણ ખીજાતા નથી, એ અમને મોટો લાભ છે. પણ પ્રભુ ઓલંઘડી કહેતાં અમારી વિનંતિ સ્વીકારવામાં જેમ જેમ ઢીલ કરશો તેમ તેમ તે અમને ભારરૂપ લાગતી જશે. જેમ જળથી ભીંજાતી કંબલ ભારી થતી જાય છે તેમ. માટે જલદીથી આપ અમારી વિનંતિ સ્વીકારી, અમારા મન પર રહેલા ભારને હલકું કરો. ।।૩।।

**મનથી નિવાજસ નહિ કરે, તો કર ગ્રહીને લીજે,**
**આવશે તે લેખે હો રાજ;**
**મોટાને કહેવું કિશ્યું, પગદોડી અનુચરની,**
**અંતરજામી દેખે હો રાજ. સા૦૪**

**અર્થ :–** હે પ્રભુ ! આપ વીતરાગ હોવાથી મનથી નિવાજસ એટલે



મનથી તો મારી સંભાળ નહિ કરો એમ હું જાણું છું, છતાં ઉપરથી પણ મારો હાથ પકડીને મારી સંભાળ લેજો. તે સંભાળ પણ અમને લેખે આવશે. તેથી પણ અમારું કામ થઈ જશે. મોટા પુરુષોને વિશેષ શું કહેવું ? કારણ કે તે અંતર્જામી પ્રભુ તો અનુચરની એટલે સેવકની દોડાદોડી અર્થાત્ મોક્ષ માટેના થતા તેના પ્રયત્ન વિશેષને સર્વ રીતે જાણે છે.

**ભાવાર્થ :–** આપ મનમાં મારા પ્રત્યે પ્રેમ લાવી મારી સંભાળ ભલે ન કરો તો પણ લોકલજ્જાએ મારો હાથ પકડીને મારી પરિપાલના કરશો, તો તે પણ અમારે લેખામાં આવશે, નિષ્ફળ નહીં જાય. હે પ્રભુ ! આપ ગમે તે દૃષ્ટિથી અમારી સંભાળ લ્યો કે જેથી અમારું કલ્યાણ થાય. મોટા પુરુષને આમાં ઝાઝું શું કહેવું પડે. આપ તો અંતરજામી છો, અર્થાત્ સર્વજ્ઞ છો. તેથી મોક્ષ માટેની સેવકની દોડાદોડી કેટલી છે તે તો સર્વ આપ જાણી રહ્યા છો. માટે વિશેષ કહેવાની કોઈ જરૂરિયાત નથી. ।।૪।।

**એહથી શું અધિકોય છે, આવી મનડે વસીઓ,**
**સાચો સુગુણ સનેહી હો રાજ;**
**જે વશ હોશે આપને, તેહને માંગ્યું દેતાં,**
**અજર રહે કહો કેહી હો રાજ.સા૦૫**

**અર્થ :–** જગતમાં એથી શું અધિક છે ? કે સાચા સુગુણ સનેહી એવા પ્રભુ તો મારા મનડાંમાં આવીને વસ્યા છે. હવે પ્રભુને જે જે વશ હશે તે ભક્તને માંગ્યું આપવામાં પ્રભુ સંકોચ નહીં કરે. તેથી ભક્ત પણ હવે અજર એટલે ધન વગરનો કેવી રીતે રહેશે, અર્થાત્ નહીં જ રહે. તે પણ ભગવાનની સમાન સકળ ઋદ્ધિને પામશે.

**ભાવાર્થ :–** હે સાચા ગુણના ભંડાર એવા સનેહી પ્રભુ ! સેવકે આપની સેવા કરીને જરૂર હૃદયમાં વસાવી લીધા. ભક્તની ભક્તિથી પ્રસન્ન થઈ આપ પણ તેમના હૃદયમાં આવીને વસી ગયા. એથી વિશેષ જગતમાં શું છે ? કંઈ જ નથી. હવે આપને વશ કેવળજ્ઞાન વગેરે જે છે, તે ભક્તને વશ થયેલા ભગવાન તેને આપી દેશે. પછી કહો ભક્તનું દારિદ્રપણું ક્યાં રહેશે. તે તો પોતે પણ અવિનાશી એવા જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ધનનો માલિક થઈ ધનવાન બની જશે. ।।૫।।

**અતિ પરચો વિરચે નહીં, નિત નિત નવલો નવલો,**
**પ્રભુજી મુજથી ભાસે હો રાજ;**

**એ પ્રભુતા એ નિપુણતા, પરમપુરુષ જે જેહવી,**
**કિહાંથી કોઈ પાસે હો રાજ. સા૦૬**

**અર્થ :—** પ્રભુ સાથે અતિ પરિચય કરવા છતાં પણ કોઈ વખત તે વિરચે એટલે દુઃખનું કારણ થતો નથી. આવા પ્રભુજીનો પરિચય તો મને દિન પ્રતિદિન નવલો નવલો અર્થાત્ નવો નવો જ ભાસે છે. કેમકે અમારા પ્રભુમાં જે પરમપુરુષ પરમાત્મા જેવી પ્રભુતા છે, નિપુણતા છે, તેવી બીજાની પાસે ક્યાંથી હોય ? ન જ હોય.

**ભાવાર્થ :—** દુનિયામાં એમ કહેવત છે કે અતિ પરિચય દુઃખનું કારણ નિવડે છે. તેમજ પ્રીતિ અને ભક્તિમાં ઘટાડો કરે છે. આ વિચાર સાંસારિક પરિચયમાં ઘટાવી શકાય. જ્યારે આવા પ્રભુનો અતિ પરિચય તો દુઃખને બદલે સુખનું કારણ થાય છે. અમે જેમ જેમ પ્રભુનો પરિચય વિશેષ કરીએ છીએ તેમ તેમ પ્રભુ પ્રત્યેની ભક્તિ અને પ્રીતિમાં વધારો જ થાય છે. કારણ કે પરમપુરુષ શ્રી સુપાર્શ્વનાથ ભગવાનમાં જે પ્રભુતા એટલે આત્મઐશ્વર્ય છે તથા નિપુણતા એટલે ચતુરાઈ છે, તે અન્ય રાગી દેવો પાસે ક્યાંથી હોય, ન જ હોય. જે વખતે પ્રભુ તીર્થની સ્થાપના કરે છે તે વખતે સમવસરણમાં અષ્ટ મહા પ્રાતિહાર્યની શોભા ઘણી જ ભવ્ય હોય છે. એ શોભાના લાખમાં અંશે પણ હરિહરાદિક દેવોની પ્રભુતા હોય નહીં. તેમજ તેમની એવી નિપુણતા પણ હોય નહીં. તે અન્ય દેવો તો અલ્પ ઋદ્ધિ પ્રાપ્ત થવાથી લોભી અને આસક્ત બની જાય છે જ્યારે વીતરાગ દેવો તો સમવસરણ વગેરેની અપૂર્વ ઋદ્ધિ પ્રાપ્ત થતાં પણ એક અંશ માત્ર આસક્ત બનતા નથી. તેથી વીતરાગ દેવની નિપુણતા વાસ્તવિક છે, વળી પરમપુરુષનું દેવાધિદેવ તરીકે તેમજ ઉત્તમોત્તમ પુરુષ તરીકેનું બિરૂદ પણ યથાર્થ જ છે. ।।૬।।

**ભીનો પરમ મહારસે, માહરો નાથ નગીનો,**
**તેહને તે કુણ નિંદે હો રાજ,**
**સમકિત દૃઢતા કારણે, રૂપ વિબુધનો મોહન,**
**સ્વામી સુપાસને વંદે હો રાજ. સા૦૭**

**અર્થ :—** મારા નગીના સર્વોત્કૃષ્ટ નાથ પ્રભુ તો ઉત્કૃષ્ટ આત્માના અનુભવરૂપી મહારસથી ભીંજાએલા છે. તેમની કોણ નિંદા કરી આશાતના કરે. રૂપવિબુધના શિષ્ય શ્રી મોહનવિજયજી કવિવર તો સમકિત દૃઢ કરવાને માટે શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની ભાવ ભક્તિ સહિત ખૂબ વંદના કરે છે.



**ભાવાર્થ :—** સાહિત્યના ગ્રંથોમાં નવરસ બતાવેલા છે. તે શૃંગારરસ, વીરરસ, કરુણરસ, અદ્ભુતરસ, હાસ્યરસ, ભયાનકરસ, બિભત્સરસ અને આઠમો રૌદ્રરસ. આ આઠેય રસ, રસ જ કહેવાય છે; પરંતુ તેમાં ''રસાધિરાજ'' રૂપે ઓળખાતો હોય તો તે નવમો શાંતરસ એક જ છે. આવા રસાધિરાજરૂપ મહારસથી ભરેલા મારા નાથ નગીના એટલે શ્રેષ્ઠ એવા પ્રભુ છે. તેમની કોણ નિંદા એટલે અવગણના કરે. કવિવર રૂપ વિબુધના શિષ્ય શ્રી મોહનવિજયજી મહારાજ શ્રી સુપાર્શ્વનાથ નામના સાતમા જિનેશ્વરને સમકિત પ્રાપ્ત કરવાના હેતુથી વંદના કરે છે. આવા પ્રભુની સેવા અમને ઘણી વહાલી છે. ।।૭।।

---

# (૮) શ્રી ચંદ્રપ્રભ સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(કુમરી રોવે આક્રંદ કરે, મુને કોઈ મુકાવે—એ દેશી)

**દેખણ દે રે સખી, મુને દેખણ દે, ચંદ્રપ્રભ મુખચંદ, સખી૦**
**ઉપશમ રસનો કંદ સખી૦ સેવે સુર નર ઇંદ સખી૦**
**ગત કલિમલ દુઃખ દ્વંદ. સખી મુને૦૧**

**સંક્ષેપાર્થ :—** શ્રી આનંદઘનજી શુદ્ધ ચેતનારૂપ શક્તિને કહે છે કે હે સખી ! મને જોવા દે તું મને જોવા દે, મને ચંદ્રપ્રભુના મુખરૂપી ચંદ્રમાને જોવા દે. વસ્તુનું અપૂર્વપણું લાગવાથી અને જોવાની પ્રબળ ઇચ્છાથી વારંવાર દર્શનનો ભાવ ઊપજ્યો છે.

ભગવાનનું મુખ બધા કષાયો નષ્ટ થઈ જવાથી ઉપશમરસનો કંદ છે. અર્થાત્ શાંતરસનું મૂળ છે. જેમાંથી શાંતરસના અંકુરો ફૂટ્યા જ કરે છે. વળી ગત કલિમલ એટલે જેમાંથી પાપરૂપી કલિમલ ચાલ્યો ગયો છે અને જેના દુઃખરૂપ દ્વંદ્વ કહેતા રાગદ્વેષ, હર્ષશોક વગેરે બધા નાશ પામી ગયા છે; એવા શ્રી ચંદ્રપ્રભુ ભગવાનના મુખનું મને વારંવાર દર્શન કરવા દે. ।।૧।।

**સુહમ નિગોદે ન દેખિયો સ૦ બાદર અતિહિ વિશેષસ૦**
**પુઢવી આઉ ન લેખિયો સ૦ તેઉ વાઉ ન લેશ સ૦મુ૦૨**

**સંક્ષેપાર્થ :—** વારંવાર પ્રભુનું મુખ શા માટે જોવા કહ્યું, તેનું કારણ નીચેની ચાર ગાથાથી વિશેષ સ્પષ્ટ કરે છે. સુહમ નિગોદ એટલે સૂક્ષ્મ નિગોદના

જીવો ચૌદ રાજલોકમાં ઠાંસી ઠાંસીને ભરેલા છે. તેમાં હું અનંતોકાળ રહ્યો પણ મારે ચક્ષુના અભાવે પ્રભુના દર્શન થયા નહીં. વળી જેનું સ્થૂળ શરીર નજરે દેખાય એવી બાદર નિગોદ કંદમૂળ વગેરે સાધારણ વનસ્પતિકાયમાં પણ મેં અતિહિ વિશેષ કહેતાં અનંતકાળ વ્યતીત કર્યો પણ ચક્ષુ ઇન્દ્રિયના અભાવે મને ત્યાં પણ પ્રભુના દર્શન નહીં થયા. માટે હવે મને પ્રભુના દર્શન કરવા દે.

પુઢવી કહેતા પૃથ્વીકાય, આઉ એટલે અપકાય-જલકાયમાં પણ જ્યારે હું જન્મ્યો ત્યારે આપને ન લેખિ શક્યો અર્થાત્ ન જોઈ શક્યો. વળી તેઉ કહેતા અગ્નિકાય, વાઉ એટલે વાયુકાયમાં પણ ચક્ષુ ઇન્દ્રિયના અભાવે, અનંતકાળથી આવી યોનિયોમાં રઝળવા છતાં મને લેશ માત્ર પણ પ્રભુદર્શનની પ્રાપ્તિ થઈ નહીં. તે હવે થઈ છે, માટે મને ભરપેટ દર્શન કરવા દે.

**વનસ્પતિ અતિ ઘણ દિહા સ૰ દીઠો નહીંય દીદાર સ૰**
**બિતિ ચઉરિંદી જલ લીહા સ૰ ગતસન્નિ પણ ધાર. સ૰મુ૰૩**

**સંક્ષેપાર્થ :–** ઝાડપાનરૂપ પ્રત્યેક વનસ્પતિકાયમાં પણ અતિ ઘણા દિહા કહેતા અત્યંત ઘણા દિવસ સુધી એટલે ઘણા કાળ સુધી તેમાં હું રહ્યો પણ પ્રભુના દિદાર કહેતાં ચહેરાના મને દર્શન થયા નહીં.

બિ એટલે બે, તિ એટલે ત્રણ અને ચઉરિન્દ્રિ કહેતા ચાર ઇન્દ્રિયોવાળું શરીર ધારણ કરવા છતાં પણ જલ લીહા એટલે પાણીમાં દોરેલી લીટી સમાન તે વ્યર્થ થયું. ચઉરિન્દ્રિમાં ચક્ષુ હતી પણ મન નહોતું તેથી ત્યાં પણ પ્રભુના સ્વરૂપને ઓળખી શક્યો નહીં. પછી ગતસન્નિ કહેતાં સંજ્ઞારહિત અર્થાત્ મનરહિત, પણ એટલે પંચેન્દ્રિયપણું પામ્યો છતાં વિચારના અભાવે ભાવપૂર્વક આપના દર્શન કરી શક્યો નહીં. માટે હવે ભાવપૂર્વક મને પ્રભુનું મુખકમળ જોવા દે. ।।૩।।

**સુર તિરિ નિરય નિવાસમાં સ૰ મનુજ અનારજ સાથ સ૰**
**અપજ્જતા પ્રતિભાસમાં સ૰ ચતુર ન ચઢિયો હાથ. સ૰મુ૰૪**

**સંક્ષેપાર્થ :–** સુર કહેતા દેવ, તિરિ કહેતા તિર્યંચગતિ. જેમાં જળચર, ખેચર, ભૂચર, પશુ, પક્ષ્યાદિનો સમાવેશ થાય અને નિરય કહેતાં નારકી તેમાં સાત નરકમાં ઉત્પન્ન થતાં જીવો આવે, તેમના નિવાસમાં કહેતા રહેવાના સ્થાનમાં તેમજ મનુજ કહેતા મનુષ્યપણું પામીને અનારજ કહેતા અનાર્ય મનુષ્યોનો સાથ મળવાથી પ્રભુના દર્શનને હું પામી શક્યો નહીં. કેમકે દેવગતિમાં વિષયાસક્તપણાને લીધે, તિર્યંચગતિમાં યથાર્થ વિવેકપણાના અભાવે, નરકગતિમાં અત્યંત દુઃખના



કારણે અને અનાર્ય મનુષ્યોના સંગમાં સત્પુરુષની પ્રાપ્તિના અભાવે હું સમ્યક્ શ્રદ્ધારૂપ આપના દર્શનને પામી શક્યો નહીં.

અપજ્જતા એટલે અપર્યાપ્ત અવસ્થાના પ્રતિભાસમાં એટલે ઝાંખા પ્રકાશમાં કે ભ્રમિત અવસ્થામાં ચતુર એવા પ્રભુ મારે હાથ ચઢી શક્યા નહીં અર્થાત્ એમના દર્શન હું કરી શક્યો નહીં.

હવે પર્યાપ્ત અને અપર્યાપ્ત કોને કહેવાય? તો કે ઉપર જણાવેલ બધી યોનિઓમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે પ્રકારના જીવો જન્મે છે. આ પર્યાપ્તિ છ પ્રકારની હોય છે. તે આહાર, શરીર, ઇન્દ્રિય, મન, ભાષા અને શ્વાસોચ્છ્-્વાસને કહેવાય છે. જે જીવો બધી પર્યાપ્તિ પામ્યા પછી મરણ પામે તે પર્યાપ્ત જીવો કહેવાય છે. અને જે જીવો આ છ પર્યાપ્તિની સામગ્રી પૂરી કર્યા પહેલાં જ મરણ પામે તે અપજ્જતા અથવા અપર્યાપ્ત જીવો ગણાય છે. એવી અપર્યાપ્ત અવસ્થાને જ્યારે હું પામ્યો ત્યારે શુદ્ધ ચેતનાને પામેલા ચતુર એવા પ્રભુના દર્શન હું પામી શક્યો નહીં. ।।૪।।

**એમ અનેક થલ જાણિયે સ૰ દરિશણ વિણુ જિનદેવસ૰**
**આગમથી મતિ આણિયે સ૰ કીજે નિર્મલ સેવ સ૰મુ૰૫**

**સંક્ષેપાર્થ :–** ઉપર કહ્યા મુજબ ચોરાશી લાખ જીવાયોનિના અનેક સ્થળો જાણ્યા કે જ્યાં પ્રભુના દર્શન જ થઈ શકતા નથી. હવે સદ્ગુરુ દ્વારા વીતરાગ ભાષિત આગમનો મર્મ જાણી, પોતાની મતિને શુદ્ધ કરી, અંતર્ આત્માને જગાડી, ભગવાનની નિર્મળ સેવા એટલે આજ્ઞા ઉપાસીએ તો આ અનંતદુઃખનો પાર પામી સમ્યક્દર્શનની પ્રાપ્તિ થાય એવો યોગ આ મનુષ્યભવમાં મળ્યો છે. માટે જરૂર આ અવસરને સફળ કરી લેવા યોગ્ય છે. ।।૫।।

**નિર્મલ સાધુ ભગતિ લહી સ૰ યોગ અવંચક હોય સ૰**
**કિરિયા અવંચક તિમ સહી સ૰ ફલ અવંચક જોય સ૰મુ૰૬**

**સંક્ષેપાર્થ :–** નિર્મળ એવા સાધુપુરુષો એટલે જ્ઞાનીપુરુષોની ભક્તિ પ્રાપ્ત થવાથી ભક્તનું જ્ઞાન નિર્મળ થાય. જ્ઞાન નિર્મળ થવાથી ભક્તના મન, વચન, કાયાના ત્રણેય યોગ અવંચક હોય અર્થાત્ ત્રણેય યોગોની પ્રવૃત્તિ માત્ર જગતને રૂડું દેખાડવા માટે ન હોય અર્થાત્ ઠગવારૂપે ન હોય; પણ પોતાના આત્મગુણો પ્રગટાવવા માટે હોય.

ત્રણેય યોગ અવંચક હોવાથી ભક્તની મોક્ષ માટેની ભક્તિ સ્વાધ્યાયની

ક્રિયા પણ અવંચક હોય અર્થાત્ નિષ્કામભાવે માત્ર આત્માર્થે જ હોય અને ક્રિયા અવંચક હોવાથી તેથી ઊપજતું ફળ પણ અવંચક જોવા મળે છે, અર્થાત્ તેના ફળમાં ભક્તાત્મા ભગવાનના કહેલા સમ્યક્દર્શનને પામે છે અથવા પોતાના સહજાત્મસ્વરૂપને પામે છે. ।।૬।।

**પ્રેરક અવસર જિનવરુ સ૦ મોહનીય ક્ષય જાય,સ૦**
**કામિતપૂરણ સુરુતરુ સ૦ આનંદઘન પ્રભુ પાય. સ૦મુ૦૭**

**સંક્ષેપાર્થ :–** પોતાનું વાસ્તવિક સ્વરૂપ શું છે? તે બતાવી તેને પ્રાપ્ત કરવાની પ્રેરણા આપનાર પ્રભુ હોવાથી તે પ્રેરક છે. એવા પ્રેરક જિનવરનો બોધ જે અવસરે આત્મામાં રુચે અને તેમની આજ્ઞા પ્રમાણે જીવ વર્તે તો સમ્યક્દર્શનની પ્રાપ્તિ થઈને મોહનીય કર્મનો સર્વથા અંત આવે છે.

માટે શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે પ્રભુના પાય એટલે ચરણકમળ, તે તો સર્વ પ્રકારની કામનાની પૂર્તિ કરવા માટે સુરુતરુ કહેતા કલ્પવૃક્ષ જેવા છે. એવા સાક્ષાત્ ગુણના ભંડારરૂપ ચંદ્રપ્રભસ્વામીના મુખારવિંદનું મને દર્શન કરવા દે, દર્શન કરવા દે.

શ્રી ચંદ્રપ્રભના સ્તવનની આ છેલ્લી કડીમાં કહ્યું કે પ્રભુના ચરણકમળની સેવા કરવાથી મોહનીય કર્મનો ક્ષય થાય છે. માટે પ્રભુની સેવા કેમ કરવી તે વિષે શ્રીમદ્ રાજચંદ્ર જણાવે છે કે :–

**"જે ભગવાન અર્હતનું સ્વરૂપ દ્રવ્ય, ગુણ અને પર્યાયથી જાણે, તે પોતાના આત્માનું સ્વરૂપ જાણે અને તેનો નિશ્ચય કરીને મોહ નાશ પામે. તે ભગવાનની ઉપાસના કેવા અનુક્રમથી જીવોને કર્ત્તવ્ય છે, તે નવમા સ્તવનમાં શ્રી આનંદઘનજી કહેવાના છે, જેથી તે પ્રસંગે વિસ્તારથી કહીશું."**

-શ્રીમદ્ રાજચંદ્ર (પૃષ્ઠ ૫૭૧) ।।૭।।

---

## (૮) શ્રી ચંદ્રપ્રભ સ્વામી

### શ્રી દેવચંદ્રજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(શ્રી શ્રેયાંસ જિન અંતરજામી.....એ દેશી)

**શ્રી ચંદ્રપ્રભ જિનપદ–સેવા, હેવાએ જે હલિયાજી;**
**આતમગુણ અનુભવથી મલિયા, તે ભવભયથી ટલિયાજી. શ્રી૦૧**



**સંક્ષેપાર્થ :–** જેને શ્રી ચંદ્રપ્રભ ભગવાનના ચરણકમળની દ્રવ્યસેવા કે ભાવસેવા કરવાની હેવા એટલે ટેવ પડી ગઈ છે અર્થાત્ તેના વિના જેને ગમતું નથી, તે ભવ્યાત્મા આત્મગુણના અવશ્ય અનુભવી થયા છે, ભોગી થયા છે અને ચારગતિરૂપ સંસારમાં થતાં જન્મજરામરણના ભયથી તે ટળી ગયા છે. કેમકે કારણ મળે અને તેને આરાધે તો જરૂર કાર્યની સિદ્ધિ થાય છે. ।।૧।।

**દ્રવ્યસેવ વંદન નમનાદિક, અર્ચન વળી ગુણગ્રામોજી;**
**ભાવ અભેદ થવાની ઈહા, પરભાવે નિષ્કામોજી. શ્રી૦૨**

**સંક્ષેપાર્થ :–** હવે આ ગાથામાં દ્રવ્ય અને ભાવસેવાની વ્યાખ્યા કરે છે:– ભગવાનને વંદન કરવું, નમન કરવું, પૂજન કરવું, ભક્તિભાવે ભજન કરવું વગેરે દ્રવ્યસેવા છે. તથા ભગવાન સાથે અભેદ થવાની એટલે સ્વરૂપ સાથે તન્મય થવાની ઈહા કહેતા ઇચ્છા અને તે પણ બાહ્ય સુખની ઇચ્છાથી રહિત એવા નિષ્કામભાવે કરાતી જે સેવા તેને ભાવસેવા જાણવી.

સેવાના ચાર પ્રકાર છે. નામસેવા, સ્થાપનાસેવા, દ્રવ્યસેવા, ભાવસેવા. તેમાં નામ અને સ્થાપના એ બે સેવાના અર્થ સુગમ છે તેથી તેનો અહીં ઉલ્લેખ કર્યો નથી. પણ દ્રવ્યસેવા અને ભાવસેવાની વ્યાખ્યા આ ગાથામાં કરી છે. હવે દ્રવ્યસેવા પણ ભાવસેવા માટે છે. તે ભાવસેવાના મુખ્ય બે પ્રકાર છે. (૧) અપવાદ ભાવસેવા અને (૨) ઉત્સર્ગ ભાવસેવા. અપવાદ ભાવસેવા સાતનયની અપેક્ષાએ સાત પ્રકારની છે. આ વિષયનો વિસ્તાર કરે છે. ।।૨।।

**ભાવસેવ અપવાદે નૈગમ, પ્રભુ-ગુણને સંકલ્પેજી;**
**સંગ્રહ સત્તા તુલ્યારોપે, ભેદાભેદ વિકલ્પેજી. શ્રી૦૩**

**સંક્ષેપાર્થ :–** નૈગમનયની અપેક્ષાએ, અપવાદ ભાવસેવામાં વિષયાદિક સંકલ્પ વિકલ્પોનું નિવારણ કરીને પરમાત્માના ગુણોનું ચિંતન કરી તે મેળવવાનો ભાવ તે અપવાદ ભાવસેવા છે. અપવાદ એટલે કારણરૂપ અને ભાવ એટલે સાધકનો અંતરંગ ભાવ. પ્રભુના ગુણોને મેળવવાનો સાધકનો કારણરૂપ અંતરંગભાવ તે અપવાદ ભાવસેવા કહેવાય છે.

હવે શુદ્ધ સંગ્રહનયની અપેક્ષાએ પ્રભુની અને મારી આત્મસત્તા તુલ્ય એટલે સમાન છે. એમ ભાવોમાં વારંવાર આરોપણ કરી તે સ્વરૂપ પ્રગટાવવા અર્થે પ્રભુ અને પોતાના વચ્ચેનો ભેદ શું છે? તે વિચારી, તે ભેદને દૂર કરવા અથવા પોતાની અપ્રગટ સત્તાને પ્રગટ કરવા રુચિપૂર્વક એકાગ્ર બનીને પ્રભુના

ગુણોનું ચિંતન કરવું તે સંગ્રહનયની અપેક્ષાએ અપવાદ ભાવસેવા છે. ।।૩।।

**વ્યવહારે બહુમાન જ્ઞાન નિજ, ચરણે જિનગુણ રમણાજી;**
**પ્રભુ ગુણ આલંબી પરિણામે, ઋજુપદ ધ્યાન સમરણાજી. શ્રી૦૪**

**સંક્ષેપાર્થ :–** હવે વ્યવહારનયની અપેક્ષાએ પોતાના ક્ષયોપશમ પ્રમાણે પ્રભુનું બહુમાન કરવું, ભક્તિ કરવી, જિન ગુણમાં રમણતા કરવાની પ્રવૃત્તિ કરવી તે વ્યવહારનયની અપેક્ષાએ અપવાદ ભાવસેવા છે. અને પ્રભુના ગુણનું અવલંબન થઈ સ્વઆત્મામાં પરિણમવું અર્થાત્ આત્મધ્યાનમાં તન્મય બનવું તે ઋજુસૂત્રનયની અપેક્ષાએ અપવાદ ભાવસેવા છે. ।।૪।।

**શબ્દે શુક્લ ધ્યાનારોહણ, સમભિરૂઢ ગુણ દશમેજી;**
**બીએ શુક્લ અવિકલ્પ એકત્વે, એવંભૂત તે અમમેજી. શ્રી૦૫**

**સંક્ષેપાર્થ :–** હવે પ્રભુના આલંબને પ્રથમ પૃથક્ત્વવિતર્ક વીચાર નામના શુક્લ ધ્યાનવડે શ્રેણી માંડી ધ્યાનમાં આરોહણ કરવું તે શબ્દનયની અપેક્ષાએ અપવાદરૂપ ભાવસેવા છે. પછી શ્રેણીમાં આગળ વધીને દશમા સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનકને પામ્યા તે સમભિરૂઢનયની અપેક્ષાએ અપવાદ ભાવસેવા છે. હવે બારમા ક્ષીણમોહ નામના ગુણસ્થાનકે બીએ એટલે બીજી એકત્વવિતર્ક અવીચાર નામના શુક્લધ્યાનના ભેદવડે નિર્વિકલ્પ સમાધિને પામવી તે એવંભૂતનયની અપેક્ષાએ અપવાદ ભાવસેવા છે. ।।૫।।

**ઉત્સર્ગે સમકિત ગુણ પ્રગટ્યો, નૈગમ પ્રભુતા અંશેજી;**
**સંગ્રહ આતમ સત્તાલંબી, મુનિપદ ભાવ પ્રશંસેજી. શ્રી૦૬**

**સંક્ષેપાર્થ :–** હવે ઉત્સર્ગ ભાવસેવાનું સ્વરૂપ જણાવે છે. જેમાં ઉત્સર્ગ એ કાર્ય છે અને અપવાદ એ કારણ છે. હવે સાધક આત્માને ક્ષાયિક સમકિત થયું તેથી અંશે પ્રભુતાનો ગુણ પ્રગટ્યો, અંશે કાર્ય સિદ્ધ થયું. તે નૈગમનયથી ઉત્સર્ગ ભાવસેવા છે. ક્ષાયિક સમકિત થવાથી ભાવમુનિપદ પામી આત્મામાં રમણતા થાય છે. ત્યારે ઉપાદાનનું સ્મરણ વિશેષ જાગૃત થવાથી તે સ્વસત્તાલંબી બને છે. તે સંગ્રહનયે ઉત્સર્ગ ભાવસેવા છે. હવે મુનિને અપ્રમત્તદશા પ્રાપ્ત થતાં સર્વ શક્તિઓ આત્મસ્વરૂપમાં પ્રવૃત્ત થાય છે. આ અંતરંગ વ્યવહાર તે વસ્તુ સ્વરૂપની અપેક્ષાએ થાય છે. આ અવસ્થા તે વ્યવહારનયે ઉત્સર્ગ ભાવસેવા છે. આ મુનિપદનો ભાવ અત્યંત પ્રશંસનીય છે. ।।૬।।



**ઋજુસૂત્રે જે શ્રેણી પદસ્થે, આતમ-શક્તિ પ્રકાશેજી;**
**યથાખ્યાત પદ શબ્દ સ્વરૂપે, શુદ્ધ ધર્મ ઉલ્લાસેજી. શ્રી૦૭**

**સંક્ષેપાર્થ :–** જે આત્મા ક્ષપકશ્રેણી પદમાં રહ્યો રહ્યો પોતાની આત્મ-શક્તિનો પ્રકાશ કરે છે તે ઋજુસૂત્રનયે ઉત્સર્ગ ભાવસેવા છે. અને બારમે ગુણસ્થાને યથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત થવાથી આત્માનો સંપૂર્ણ શુદ્ધધર્મ પ્રગટી જે પરમ ઉલ્લાસ થાય છે તે શબ્દનયે ઉત્સર્ગ ભાવસેવા જાણવી. ।।૭।।

**ભાવ સયોગી અયોગી શૈલેશે, અંતિમ દુગ નય જાણોજી;**
**સાધનતાએ નિજ ગુણવ્યક્તિ, તેહ સેવના વખાણોજી. શ્રી૦૮**

**સંક્ષેપાર્થ :–** સર્વ ઘાતીયાકર્મ ખપાવવાથી સયોગી કેવળી અવસ્થા પ્રગટી તે સમભિરૂઢનયે ઉત્સર્ગ ભાવસેવા જાણવી. તથા શૈલેશીકરણ કરી અંતિમ મન વચન કાયાથી રહિત અયોગી અવસ્થા પ્રાપ્ત થઈ તે એવંભૂતનયે ઉત્સર્ગ ભાવસેવા જાણવી. આ પ્રમાણે અંતિમ બે નય જાણવા. જે સાધનવડે પોતાના આત્મગુણો પ્રગટે તે જ સેવના એટલે સાધના વખાણવા લાયક છે, અર્થાત્ અપ્રગટ આત્મગુણોને પ્રગટાવવામાં કારણભૂત પરમાત્માના ગુણોની ભક્તિ આદિ રૂપ સાધના તે અપવાદ ભાવસેવા વખાણવા લાયક છે અને તે સાધનાવડે જે આત્મગુણો પ્રગટ્યા તે ઉત્સર્ગ ભાવસેવા વખાણવા લાયક છે. ।।૮।।

**કારણ ભાવ તેહ અપવાદે, કાર્યરૂપ ઉત્સર્ગેજી;**
**આત્મભાવ તે ભાવ દ્રવ્ય પદ, બાહ્ય પ્રવૃત્તિ નિસર્ગેજી.શ્રી૦૯**

**સંક્ષેપાર્થ :–** અપ્રગટ આત્મગુણોની પ્રાપ્તિમાં જે જે કારણ છે તે સર્વ કારણભાવ તે અપવાદ ભાવસેવા જાણવી. અને તે કારણવડે સ્વઆત્મગુણો પ્રગટાવવા રૂપ કાર્ય નિષ્પન્ન થયું તે ઉત્સર્ગ ભાવસેવા જાણવી. આ રીતે કારણ-કાર્યભાવનો સંબંધ જાણવો. ઉત્સર્ગ એટલે પૂર્ણ નિર્મલ, નિર્દોષભાવ.

નિર્દોષ આત્મભાવ તે ભાવ દ્રવ્યપદ છે. અને તેને પામવા માટેના નિસર્ગ એટલે સ્વાભાવિક કારણભૂત બાહ્ય સાધન તે વંદન, ભક્તિ, પૂજનાદિની પ્રવૃત્તિ છે. તે સર્વ દ્રવ્યસેવા જાણવી. ।।૯।।

**કારણ ભાવ પરંપર સેવન, પ્રગટે કારજ ભાવોજી;**
**કારજ સિદ્ધે કારણતા વ્યય, શુચિ પરિણામિક ભાવોજી. શ્રી૦૧૦**

**સંક્ષેપાર્થ :–** કારણભાવ જે શ્રી અરિહંત પરમાત્માની પરંપરાએ ચાલતી આવતી દ્રવ્યભાવરૂપ સેવા કરવાથી ઉત્સર્ગે કાર્યભાવ એવો આત્મસ્વભાવ

પ્રગટે છે. તેથી આત્મઅનુભવરૂપકાર્ય સિદ્ધ થાય છે. અને જ્યારે કાર્ય પૂર્ણ સિદ્ધ થાય છે ત્યારે કારણનો વ્યય એટલે નાશ થાય છે. તેના ફળ સ્વરૂપ આત્માનો જે શુચિ એટલે પવિત્ર એવો શુદ્ધ પારિણામિક ભાવ જે ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મથી રહિત છે તેજ શેષ રહે છે અને તે જ આત્માનો મૂળ સ્વભાવ છે. ।।૧૦।।

**પરમગુણી સેવન તન્મયતા, નિશ્ચય ધ્યાને ધ્યાવેજી;**
**શુદ્ધાતમ અનુભવ આસ્વાદી, દેવચંદ્ર પદ પાવેજી. શ્રી૦૧૧**

**સંક્ષેપાર્થ :–** ઉત્કૃષ્ટ ગુણના ધારક એવા શ્રી પરમગુણી અરિહંત પરમાત્માની સેવા પ્રાપ્ત થયે તેમાં તન્મય બની નિશ્ચય એટલે દૃઢ નિર્ધાર કરીને, પોતાના આત્મસ્વરૂપનું સ્થિરતાપૂર્વક ધ્યાન કરે છે, તે મુમુક્ષુ શુદ્ધાત્માના અનુભવનો આસ્વાદ લઈ દેવોમાં ચંદ્ર સમાન એવા પરમાત્મપદને પામે છે. ।।૧૧।।

---

# (૮) શ્રી ચંદ્રપ્રભ સ્વામી

## શ્રી યશોવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(ધનરા ઢોલા—એ દેશી)

**ચંદ્રપ્રભ જિન સાહેબા રે, તુમે છો ચતુર સુજાણ, મનના માન્યા;**
**સેવા જાણો દાસની રે, દેશો ફળ નિર્વાણ, મનના માન્યા.**
**આવો આવો રે ચતુર સુખભોગી, કીજે વાત એકાંત અભોગી,**
**ગુણ ગોઠે પ્રગટે પ્રેમ, મનના માન્યા. ૧**

**અર્થ :–** હે ચંદ્રપ્રભ જિન સાહેબા! તમે તો ચતુર અને સર્વ તત્ત્વોના સુજાણ હોવાથી મારા મનને બહુ ભાવ્યા છો. આ દાસની સેવા પણ તમે જાણો છો, તેથી મને પણ નિર્વાણ એટલે મોક્ષપદની પ્રાપ્તિ કરાવશો. એવા હે મનમોહન! મને તેની પૂર્ણ ખાત્રી છે. હે ચતુર આત્મસુખના ભોગી અને સંસારસુખના અભોગી એવા પ્રભો! આવો આવો આપણે એકાંતમાં બેસી આત્માના ગુણોની ગોષ્ઠી કરીએ કે જેથી મને પણ આત્મિક ગુણો પ્રત્યે વિશેષ પ્રેમ પ્રગટ થાય.

**ભાવાર્થ :–** ચંદ્રની કાંતિ સમાન છે ઉજ્જવલ કાંતિ જેની એવા આઠમા પ્રભુની કર્ત્તા સ્તુતિ કરે છે. હે ચંદ્રપ્રભ પ્રભો! હે મહારાજ! સાંસારિક સર્વ મનુષ્યોના વિચાર, ઉચ્ચાર અને આચાર આપ જોઈ, જાણી રહ્યા છો અને જીવ



તથા પુદ્‌ગલના સમસ્ત ધર્મો પણ આપને પ્રત્યક્ષ છે. એ દરેક ભાવોનું આપને જ્ઞાન હોવાથી આપ ચતુર-વિચક્ષણ છો. વળી આપ સુજ્ઞ છો તેથી જે સેવક જનો આપની સાચી સેવા કરે છે તે આપના લક્ષ્ય બહાર નથી. આપ એ સેવાનો બદલો યોગ્ય રીતે આપનારા છો. તેથી આપ મને નિર્વાણ પદ આપશો એવી મને પૂર્ણ ખાત્રી છે. હે ચતુર! અને શાશ્વત આત્મિક સુખના ભોક્તા અને પૌદ્‌ગલિક સુખના અભોક્તા પ્રભુ! આપ જરા એકાંતમાં મારા અંતરમાં પધારો એટલે આપણે એકાંતે વાત કરીએ. મારા હૃદયગત ઉભરાઓ આપની પાસે હૃદય ખોલીને કાઢું. અહીં જે એકાંતમાં વાત કરવાનું કહ્યું છે તે એટલા માટે કે કાંઈ કરવું તે આત્મસાક્ષીએ કરવું છે. ''આતમસાખે ધર્મ ત્યાં, લોકતણું શું કામ? જન મન રંજન ધર્મનું, મૂલ ન એક બદામ.'' આ પ્રમાણે ઉત્તમ પુરુષોનું કથન છે. પોતે થોડું જે કર્યું હોય તે કઈ રીતે પ્રગટ થાય, એ અર્થે દરેક પ્રયત્ન કરનારાઓને આ ખાસ લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. અહીં સેવકે તો પ્રભુને જે કહેવા યોગ્ય કહીને પ્રસન્ન કરવાના છે, તેથી લોકોને તે જણાવવાનો વિચાર પણ રાખવો યોગ્ય નથી. હૃદયગત ઉભરાઓ હૃદય ખોલીને કઢાય એ પ્રભુ પ્રત્યે પૂર્ણ ભક્તિ હોય ત્યારે જ બને. અને એમ કરવાથી જે ગુણની ગોઠ એટલે ગોષ્ટી થાય તે અવશ્ય સાચો પ્રેમ પ્રકટાવે એમાં સંદેહ નથી. ।।૧।।

**ઓછું અધિકું પણ કહે રે, આસંગાયત જેહ;મ૦**
**આપે ફલ જે અણકહે રે, ગિરુઓ સાહેબ તેહ. મ૦૨**

**અર્થ :–** ભક્ત ભગવાનને આસંગાયત એટલે પ્રેમમાં આસક્તિવશ ઓછું અધિકું પણ કહી દે. છતાં ગિરુઆ સાહેબ એટલે મોટા પુરુષો તેને ધ્યાનમાં ન લેતા, ભક્તના ભાવ પ્રમાણે તેના વગર કહ્યે જ તેને ફળના આપનાર થાય છે.

**ભાવાર્થ :–** જે પ્રભુ સાથેના વારંવારના સંબંધથી બહુ હળી ગયેલ હોય તે હળી ગયેલા બાળકની જેમ માબાપ આગળ ઓછુવત્તું કહે પણ તેથી જેમ માબાપ કાંઈપણ મનમાં લાવતા નથી. તેમ આપ પણ અમારે માટે મનમાં લાવતા નથી. પ્રભુ આગળ શું કહેવું? કેટલું કહેવું? કેવી રીતે કહેવું? એનું જ્ઞાન ન હોવાથી ક્વચિત્ કહેવા યોગ્યથી ઓછું કહે અને ક્વચિત્ વ્યર્થ વિસ્તાર કરી વિશેષ પડતું પણ કહી નાખે. પ્રશસ્ત રાગ—ભક્તિભાવ વડે જ્યારે પ્રાર્થના કરવા માંડે ત્યારે પોતે શું બોલે છે તેનું પણ તેને ભાન ન રહે એ સંભવિત છે, પરંતુ સાંભળનાર એવા ગુરુજન ભક્તજનની આ સ્થિતિ જાણતા હોવાથી તેઓને એ બાબત લેશ પણ ખોટું લાગતું નથી. પણ કર્ત્તા પુરુષ કહે છે કે હું તો એમ કહું

છું કે એમાં કહેવાની - માગવાની પણ જરૂર નથી. કેમ કે જેઓ વગર માગ્યે પ્રાર્થના કરનારની ઇચ્છા પ્રમાણે આપે તે જ મહાપુરુષ કહેવાય. લૌકિક જનોની પાસે બહુ વિજ્ઞપ્તિપૂર્વક માગણી કરીએ ત્યારે તેઓ આપણી માગણી સ્વીકારે પણ લોકોત્તર પુરુષો તો તેમ કરતા નથી. તેઓ તો વગર માગ્યે જ આપી દે. માત્ર એટલું જ જૂએ કે માગનારમાં તથાપ્રકારની યોગ્યતા છે કે નહીં? જો યોગ્યતા હોય તો પછી તેઓ માગણીની રાહ ન જૂએ. 'માગ્યા વિના મા પણ ન પીરસે' એ લોકોક્તિ એમને લાગુ પડે નહીં. તે જો કદાચ લાગુ પડે તો લૌકિક અને લોકોત્તર પુરુષોમાં ભેદ જ ન રહે. પણ વાસ્તવમાં એમ બનતું નથી! એ બન્ને વચ્ચેનો ભેદ તો કાયમનો જ છે. ।।૨।।

**દીન કહ્યા વિણ દાનથી રે, દાતાની વાધે મામ; મ૦**
**જલ દીએ ચાતક ખીજવી રે, મેઘ હુઓ તિણે શ્યામ.મ૦૩**

**અર્થ :–** અમે દીન છીએ એમ કહ્યા વિના દાન આપવામાં આવે, તો દાન આપનારનો મહિમા વધે છે. જ્યારે ચાતકને ખીજવીને મેઘ જળ આપે છે તેથી પોતે પણ શ્યામ થઈ ગયો છે.

**ભાવાર્થ :–** 'હે શેઠ! હે પુણ્યશાળી! અમે ગરીબ,રાંક, નિરાધાર છીએ! અમને કાંઈ આપો!' એમ સેંકડોગમે શબ્દ ઉચ્ચારી અરજ ગુજારવાથી જેઓ દાન આપે છે, પછી તે ભાવપૂર્વક હોય કે ભિક્ષુકથી થતો કંટાળો દૂર કરવા માટે ગુસ્સે થઈને હોય કે ગમે તેમ હોય પણ તેથી દાતાનો મહિમા વધતો નથી. પણ જેઓ તદ્દન સામાન્ય અરજ સાંભળીને પોતાની ફરજ વિચારી, દયા લાવી, જે દાન આપે છે તેનો મહિમા ઘણો વધે છે. મહાપુરુષો યાચકોને ટળવળાવ્યા સિવાય પ્રસન્ન વદને દાન દઈ યથાર્થ લાભ મેળવે છે. તેઓ એમ સમજે છે કે જેટલું ધન આદિ અનુકંપા અથવા પરમાર્થ બુદ્ધિથી બીજાને અપાશે તેટલું જ આપણું છે અને બીજું બધું અન્યનું છે કે જેની માત્ર આપણે ચોકી જ કરીએ છીએ. અહીં દૃષ્ટાંત તરીકે કહેવાયું છે કે ચાતકની જળ માટેની અતિશય માગણીથી મેઘ જળ તો આપે છે પણ જાણે ગુસ્સે થવાથી તેના પરિણામે પોતે શ્યામ થઈ ગયો છે. પણ ભગવાનમાં કષાયભાવો ન હોવાથી તે તો માત્ર ભક્તિનો ભાવ જોઈ તે પ્રમાણે અવશ્ય ફળના દાતા થાય છે. ।।૩।।

**'પિયુ પિયુ' કરી તુમને જપું રે, હું ચાતક તુમે મેહ; મ૦**
**એક લહેરમાં દુઃખ હરો રે, વાધે બમણો નેહ. મ૦૪**



**અર્થ :–** પીઉ! પીઉ! એ શબ્દો વડે તમારો જાપ કરું છું, હું ચાતક છું અને તમે મેઘ છો તો એક ક્ષણમાત્રમાં મારાં દુઃખ દૂર કરો! કે જેથી આપના પ્રત્યે મારો સ્નેહ વધીને બમણો થઈ જાય.

**ભાવાર્થ :–** હે કૃપાળુ પ્રભુ! ચાતક જેમ મેઘને અધીરજથી વિનવે છે કે 'હે મેઘરાજ! જળ વર્ષાવો તો હું તેનું પાન કરું! પાન કરું!! અને મારી દીર્ઘકાળની તૃષા મટાડું!' તેમ મેઘરૂપ આપ પ્રત્યે હું ચાતકરૂપ બની વિનવું છું કે 'હે નાથ! હે સ્વામી! મને તારો, ઉગારો, ભવસમુદ્રથી પાર ઉતારો; એ રીતે મને ચાતકરૂપ ગણી આપ મેહ એટલે વર્ષારૂપ બની મને સંતુષ્ટ કરો. આપ મારી વિનતિનો સત્વર સ્વીકાર કરી મારાં દુષ્કર્મજન્ય સમસ્ત દુઃખોનો આત્યંતિક નાશ કરો! જેથી મારો આપના ઉપર બમણો સ્નેહ વૃદ્ધિ પામે અને હું કૃતકૃત્ય થઈ જાઉં. ।।૪।।

**મોડું-વહેલું આપવું રે, તો શી ઢીલ કરાય? મ૦**
**વાચક યશ કહે જગધણી રે, તુમ તૂઠે સુખ થાય.મ૦૫**

**અર્થ :–** હે પ્રભુ! મોડું કે વહેલું આપે મને મોક્ષફળ આપવાનું તો છે જ. તો શા માટે ઢીલ કરાય છે? વાચક યશોવિજયજી કહે છે કે હે જગધણી! તમે તુષ્ટમાન થવાથી મને ઘણું જ સુખ પ્રાપ્ત થાય એમ છે.

**ભાવાર્થ :–** હે જગન્નાથ! કોઈ અંશે મારા આત્મિક ગુણોનો આવિર્ભાવ થવાથી આપ મને વહેલા કે મોડા મોક્ષપદ તો આપવાના જ છો! એમ મને ખાત્રી છે. તો હવે મારા ભાવોમાં વૃદ્ધિ કરાવી મને ત્રણ ચાર ભવમાં જ મુક્ત કરો. એ બાબતમાં હવે ઢીલ ન કરો! વાચક યશોવિજયજી કહે છે કે હું સુદૃઢપણે માનું છું કે આપ જ મને ઇષ્ટ ફળના દાતા વહેલા કે મોડા થશો. આપની પ્રસન્નતામાં જ મારા વાસ્તવિક સુખની પ્રાપ્તિ રહેલી છે! માટે વીતરાગતા જેને પ્રગટ નથી એવા કોઈની પાસે પણ હું તેના માટે પ્રાર્થના કરતો નથી. એ હકીકત ઉપર આપ જરૂર લક્ષ્ય આપશો! આ ગાથાથી પણ જાણે ઉપાધ્યાય યશોવિજયજી મહારાજને ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રગટ થયેલું છે અને હવે ક્ષાયિક સમ્યક્ત્વની માગણી પ્રભુ પ્રત્યે કરતા હોય એમ જણાય છે.

---

## (૮) શ્રી ચંદ્રપ્રભ સ્વામી

### શ્રી મોહનવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(નંદ સલૂણા નંદનો લો—એ દેશી)

**શ્રી શંકર ચંદ્ર પ્રભુ રે લો, તું ધ્યાતા જગનો વિભુ રે લો;**
**તિણે હું ઓલગે આવીઓ રે લો, તુમે પણ મુજ મન ભાવીઓ રે લો.૧**

**અર્થ :—** શ્રી એટલે આત્મલક્ષ્મીથી યુક્ત અને શંકર એટલે શમકર અર્થાત્ સાચા સુખના કર્તા એવા હે ચંદ્રપ્રભ સ્વામી! તમે ધ્યાતા કહેતાં પોતાના શુદ્ધ સ્વરૂપનું જ ધ્યાન કરનારા છો. વળી જગતના વિભુ એટલે સર્વ પ્રકારે સામર્થ્યવાન એવા પ્રભુ છો. તે કારણથી હું આપની ઓળગે એટલે સેવાચાકરી કરવા માટે આવ્યો છું. કેમકે આપ મારા મનમાં બહુ ગમી ગયા છો.

**ભાવાર્થ :—** શ્રી એટલે જ્ઞાનાદિ ગુણરૂપ લક્ષ્મીના ભંડાર અને ''શં'' કહેતા સુખ, તેને ''કર'' એટલે કરનારા એવા આ શ્રી ચંદ્રપ્રભ ભગવાન છે. વળી તેઓ હમેશાં પવિત્ર આત્મધ્યાનનું જ ધ્યાન કરનારા હોવાથી ''ધ્યાતા'' કહેવાય છે. તથા જગતમાં મહાન ''વિભુ'' કહેતાં સર્વ શક્તિમાન છે, કે જેમણે અનાદિકાળના મોહરૂપી શત્રુને હણી નાખ્યો છે. તેથી હું પ્રભુની સેવા કરવા આવ્યો છું. આવા પ્રભુ મારા મનને ખૂબ ગમી ગયા છે. કારણ કે બીજા અન્ય દેવોની આકૃતિ શૃંગારરસ અને વીરરસના દેખાવવાળી હોય છે, રાગદ્વેષના વિકારભાવોથી યુક્ત હોય છે. જ્યારે શ્રી વીતરાગદેવની આકૃતિ તો બહારથી શાંતરસમાં ઝીલતી જણાય છે. તેમજ અંદરથી પણ ચારે પ્રકારના કષાય ઉપર જેમણે જય મેળવ્યો છે; એવા શ્રી ચંદ્રપ્રભ ભગવાન અમારા મનમાં બહુ જ ગમી ગયા છે. ।।૧।।

**દીધી ચરણની ચાકરી રે લો, હું સેવું હરખે કરી રે લો;**
**સાહિબ સામું નિહાળજો રે લો, ભવસમુદ્રથી તારજો રે લો.૨**

**અર્થ :—** આપે અમને ચરણકમળની ચાકરી આપી. તેથી હું હર્ષપૂર્વક આપની સેવા કરું છું. હવે સાહિબ મારી સામું જોઈને મને ભવસમુદ્રથી પાર ઉતારો કેમકે હું ભવસાગરમાં બૂડી રહ્યો છું.

**ભાવાર્થ :—** દેવ, દાનવ, નર વિગેરેથી આપના ચરણકમળ પૂજાયાં છે. એવા ચરણકમળની ચાકરી મને પણ મહાપુણ્યયોગે મળી છે. તેથી હું હર્ષપૂર્વક આપને સેવું છું. આપ મારી સામું જોઈને કૃપાદૃષ્ટિ વધારો. અને મહા ભયંકર એવા સંસારરૂપ સમુદ્રથી વહાણની માફક બની મને તારનારા થાઓ. ।।૨।।



**અગણિત ગુણ ગણવા તણી રે લો, મુજ મન હોંશ ધરે ઘણી રે લો;**
**જિમ નભને પામ્યા પખી રે લો, દાખે બાળક કરથી લખી રે લો. ૩**

**અર્થ :—** આપના અગણિત ગુણો ગણવાને માટે મારું મન ઘણી હોંશ ધરાવે છે. જેમ પંખી આકાશનું માપ લેવાને માટે, નાનું બાળક હાથની ચેષ્ટાથી આકાશનું માપ દેખાડવાને માટે પ્રયત્ન કરે એવો ન્યાય મારા માટે પણ ઘટે છે; અર્થાત્ તેવી રીતે હું પણ આપના ગુણ ગણવાનો પ્રયત્ન કરનાર છું.

**ભાવાર્થ :—** આત્માના અસંખ્યાત પ્રદેશ છે. એક એક પ્રદેશે અનંત જ્ઞાન શક્તિ, અનંત દર્શનશક્તિ, અનંત ચારિત્રશક્તિ તેમજ અનંતું બળ રહેલું છે. પ્રથમ કર્મના આવરણને લઈને તે શક્તિઓ ઢંકાયેલી હતી. હવે જ્ઞાનાવરણાદિ કર્મ ક્ષય થવાથી પ્રભુની બધી શક્તિઓ બહાર આવી છે. આવા અનંત જ્ઞાનાદિ ગુણને લઈને પ્રભુના ગુણો અગણિત છે એટલે ગણી શકાતા નથી. તો પણ મારે તે ગણવાની હોંશ ઘણી છે. ત્યાં દૃષ્ટાંત આપી જણાવે છે કે જેમ પક્ષી આકાશનું માપ લેવાને માટે ચારે બાજુ ઊડીને પ્રયત્ન કરે અથવા નાનું બાળક હાથની ચેષ્ટાથી આકાશની માપણી બતાવે તેમ હું પણ પ્રભુના ગુણ જે આકાશરૂપ છે તેને ગણવા ઇચ્છું છું, તો તે મારો પ્રયત્ન પણ બાળકની ચેષ્ટા જેવો જ ઠરશે. ।।૩।।

**જો જિન તું છે પાંશરો રે લો, કરમતણો શો આશરો રે લો;**
**જો તુમે રાખશો ગોદમાં રે લો, તો કિમ જાશું નિગોદમાં રે લો. ૪**

**અર્થ :—** હે જિનેશ્વર ભગવાન! તમે જો પાંશરા એટલે મને અનુકૂળ છો, તો મને કર્મનો શો આશરો છે અર્થાત્ કર્મો મને શું કરી શકવાના હતા. જો તમે મને ''ગોદમાં'' એટલે ખોળામાં—શરણમાં રાખશો તો પછી અમે નિગોદમાં કોઈ રીતે પણ જઈશું નહીં.

**ભાવાર્થ :—** હે ચંદ્ર પ્રભુ! તમે મને સમકિત વગેરે ગુણો આપી અનુકૂળ બનો, સંપૂર્ણ સહાયક બનો તો બિચારા જડ સ્વભાવવાળા આઠ કર્મોનો શો આશરો છે, અર્થાત્ કર્મ કાંઈપણ અમને કરી શકે નહીં. અનાદિકાળનું કર્મનું જોર એકેકા આત્મપ્રદેશમાં અનંતું છે, તો પણ આપ અનુકૂળતા કરી આપો તો એ બધા કર્મને અમે શક્તિ વિનાના બનાવી દઈએ. વળી હે પ્રભુ! તમે અમને આત્માના ગુણરૂપી ગોદમાં બેસારો તો નિગોદમાં અમે કેમ જઈએ; અર્થાત્ સંસારના સર્વ અનંતા જીવોની પ્રાથમિક અવસ્થા તો અનાદિકાળથી અવ્યવહાર રાશિપણે નિત્ય નિગોદમાં જ હતી. પણ આપનું શરણું મળવાથી હવે અમે

વ્યવહાર રાશિરૂપ ઇતર નિગોદમાં નહીં જઈએ. કારણ કે જેમણે કેશરી સિંહનું શરણું લીધું તેને બિચારા હાથી જેવા કર્મરૂપી પશુઓ પણ શું કરી શકે, કાંઈ જ ન કરી શકે. ।।૪।।

**જબ તાહરી કરુણા થઈ રે લો, કુમતિ કુગતિ દૂરે ગઈ રે લો;**
**અધ્યાતમરવિ ઊગિયો રે લો, પાપ તિમિર કિહાં પૂગિયો રે લો. ૫**

**અર્થ :–** હે પ્રભુ! જે વખતે આપની કૃપા થઈ તે જ વખતે કુમતિ અને કુગતિ બેય દૂર ભાગી ગઈ અને અધ્યાત્મ એટલે આત્મજ્ઞાનરૂપી સૂર્યનો જ્યારે ઉદય થયો કે પાપરૂપી અંધકાર તો ક્યાંય નાસી ગયો.

**ભાવાર્થ :–** આપની કરુણારૂપી મયૂરદૃષ્ટિ પ્રગટ થઈ તે જ વખતે મિથ્યાત્મવરૂપી કુમતિ અને દુર્ગતિરૂપ સર્પની શ્રેણી ચાલી ગઈ અને આત્મજ્ઞાનરૂપી સૂર્ય ઊગ્યો. જ્યારે સૂર્ય ઊગે ત્યારે અંધકાર નાશ પામે તેમ હે ચંદ્ર પ્રભ સ્વામી! આપ સૂર્ય જેવા મારા હૃદયરૂપી આકાશમાં પ્રગટ થયા કે પાપરૂપી અંધકાર નાશ પામી ગયો, અર્થાત્ મારું અજ્ઞાનરૂપી અંધારું નાશ પામ્યું. ।।૫।।

**તુજ મૂરતિ માયા જિસી રે લો, ઉર્વશી થઈ ઉરે વસી રે લો;**
**રખે પ્રભુ ટાળો એક ઘડી રે લો, નજર વાદળની છાંયડી રે લો. ૬**

**અર્થ :–** હે પ્રભુ! તમારી મૂર્તિ માયા-મોહ કરાવે એવી છે. તે જાણે ઉર્વશી થઈને અમારા હૃદયમાં વસી ગઈ છે. હે પ્રભુ! રખેને એટલે કોઈ વખતે પણ એક ઘડી માત્ર મારા આત્મા ઉપર રહેલ કર્મરૂપી વાદળાની છાયાને દૂર કરી દેજો જેથી સૂર્ય જેવા મારા આત્માની ઉજ્જવ જ્યોત પ્રગટ થાય.

**ભાવાર્થ :–** હે પ્રભુ! તમારી મૂર્તિએ તો મારા ઉપર જાદુઈ અસર કરીને મને મોહિત કરી દીધો છે. તે તો જાણે દેવલોકમાં રહેનારી ઉર્વશી નામની અપ્સરાની જેમ બની મારા હૃદયમાં આવીને વસી ગઈ છે. તેથી હે પ્રભુ! કદાપિ એક ઘડી માત્ર મારા નજર આગળની વાદળની છાયાને દૂર કરી દો અર્થાત્ મારા આત્મા ઉપર જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મરૂપ વાદળાને એક ઘડી માત્ર દૂર કરી દો તો હું પણ કેવળજ્ઞાનને પામી જઈ શાશ્વત સુખ શાંતિને વરું.

શ્રેણીમાં નવ સમય માત્રથી જઘન્ય અંતર્મુહૂર્તની શરૂઆત થઈ જાય છે. અને તેટલા સમય માત્રમાં પણ કેવળજ્ઞાન પામી શકાય છે. માટે કેવળજ્ઞાન પામવા અર્થે મારે તો એક ઘડી પણ બસ છે. તે કૃપા કરીને મને આપો તેથી



વિશેષ કંઈ મારે જોઈતું નથી. ।।૬।।

**તાહરી ભક્તિ ભલી બની રે લો, જિમ ઔષધિ સંજીવની રે લો;**
**તન મન આનંદ ઊપનો રે લો, કહે મોહન કવિ રૂપનો રે લો. ૭**

**અર્થ :–** હે પ્રભુ! તમારી ભક્તિ કરવાની રીત આ જગતમાં ઘણી જ ભલી બની છે કે જે સંજીવની નામની ઔષધિનું કામ કરે છે. તેથી મારા તનમાં અને મનમાં ઘણો જ આનંદ ઊપજ્યો છે. એમ પંડિત શ્રી રૂપવિજયજીના શિષ્ય કવિ શ્રી મોહનવિજયજી મહારાજ કહે છે.

**ભાવાર્થ :–** સંજીવની નામની ઔષધિમાં એક ગુણ એવો છે કે કોઈપણ મનુષ્યને કામણ વડે કરીને બળદ બનાવી દીધો હોય તેને પણ ''સંજીવની'' નામની ઔષધિનો ચારો ચરાવવામાં આવે તો તે પાછો પોતાની મૂળ સ્થિતિમાં મનુષ્યરૂપે બની જાય છે. તેવી રીતે અમે પણ સંજીવની ઔષધિરૂપ તમારી ભક્તિ પામીને અમારા આત્માનું વિભાવમય બનેલું રૂપ તજી દઈ મૂળ સ્વભાવવાળું રૂપ પ્રગટ કરીશું. એમ કવિવર શ્રી મોહનવિજયજી મહારાજ જણાવે છે. કેમકે આપની ભક્તિની એવી જ બલિહારી છે. ।।૭।।

---

# (૯) શ્રી સુવિધિનાથ સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(રાગ કેદારો—એમ ધન્નો ધણને પર ચાવે—એ દેશી)

**સુવિધિ જિણેસર પાય નમીને, શુભ કરણી એમ કીજે રે;**
**અતિ ઘણો ઊલટ અંગ ધરીને, પ્રહ ઊઠી પૂજીજે રે. સુ૦૧**

**સંક્ષેપાર્થ :–** શ્રી સુવિધિનાથ ભગવાનના ચરણકમળમાં પ્રણામ કરીને જેનાથી પુણ્યનો બંધ થાય એવી શુભક્રિયા આ પ્રમાણે કરવી જોઈએ.

અતિ ઘણો ઊલટ કહેતા ઉલ્લાસભાવ અંગ ધરીને કહેતા હૃદયમાં ધારણ કરીને કે જાણે આજે મને પૂજા ભક્તિનો અપૂર્વ અવસર પ્રાપ્ત થયો છે તેનો જરૂર લાભ લઈ લઉં એમ વિચારી સવારના પહોરમાં ઊઠીને પ્રથમ ભગવાનની પૂજા ભક્તિ કરવી જોઈએ. ।।૧।।

**દ્રવ્ય ભાવ શુચિ ભાવ ધરીને, હરખે દેહરે જઈએ રે;**
**દહતિગ પણ અહિગમ સાચવતાં, એકમના ધુરિ થઈએ રે. સુ૦૨**

**સંક્ષેપાર્થ :–** શરીરની દ્રવ્ય શુદ્ધિ કરીને અને ભાવથી સંકલ્પ વિકલ્પો મૂકી મનના પરિણામ નિર્મળ કરીને, એમ બન્ને પ્રકારે દ્રવ્ય અને ભાવથી પવિત્ર થઈ, હરખે એટલે હર્ષસહિત ઉલ્લાસભાવે દેરાસરમાં જવું.

પછી દહતિગ કહેતા દસત્રિક અર્થાત્ ત્રણ ત્રણ બાબદના દસ જોડકાં અને પણ એટલે પાંચ અહિગમ કહેતા અભિગમ અર્થાત્ મર્યાદાઓને સાચવતાં થકાં ધુરિ એટલે પ્રથમ એકાગ્ર મનવાળા થવું.

તે દશત્રિક અને પાંચ અભિગમ નીચે પ્રમાણે છે :–

**૧. નિસીહીત્રિક :–** નિસીહી કહેતાં નૈષધિકી અર્થાત્ મનથી પાપનો નિષેધ કરવો તે. પ્રથમ દેરાસરમાં પ્રવેશ કરતાં ઘર કે વ્યાપાર સંબંધી સર્વ વિચારનો ત્યાગ કરી પ્રથમ નિસીહી બોલવું. પછી દેરાસરના મધ્યદ્વારમાં પ્રવેશતાં દેરાસર સંબંધી વિકલ્પ તજી માત્ર પૂજા ભક્તિ ઉપર ધ્યાન રાખી બીજીવાર નિસીહી બોલવું. પૂજા કર્યા પછી તે સંબંધી દ્રવ્યનો વિકલ્પ તજી છેવટે ચૈત્યવંદનની શરૂઆતમાં ત્રીજી નિસીહી બોલવી. આ રીતે નિસીહીના ત્રણ પ્રકારને નિસીહીત્રિક કહે છે.

**૨. પ્રદક્ષિણાત્રિક :–** નિસીહીત્રિક કર્યા પછી પૂજ્ય ભગવંતને જમણી બાજુ રાખી તેની ચારે બાજુ ત્રણ ફેરા કરવા તે પ્રદક્ષિણા કહેવાય છે. પૂજ્ય પુરુષનું બહુમાન કરવારૂપ આ ક્રિયા છે.

**૩. પ્રણામત્રિક :–** ત્રણ પ્રકારનું નમન કરવું તે. પ્રથમ અંજલિબદ્ધ પ્રણામ એટલે બે હાથ જોડી દર્શન કરવા તે. બીજું અર્ધનમન પ્રણામ. તેમાં પ્રણામ કરતી વખતે અર્ધુ નમાય તે. ત્રીજા પંચાંગ પ્રણામમાં બે હાથ, બે ઢીંચણ અને મસ્તક નમે છે. એમ ત્રણ પ્રકારનું નમન તે પ્રણામત્રિક છે.

**૪. પૂજાત્રિક :–** અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજા. જળ, ચંદન અને પુષ્પપૂજા તે અંગપૂજા કહેવાય અને ધૂપ, દીપ, અક્ષત, નૈવેદ્ય અને ફળ પૂજા કરવી તે ભગવાનની આગળ આ બધા સાધનો મૂકવામાં આવવાથી તે અગ્રપૂજા કહેવાય છે અને ભાવપૂજામાં ભગવાન આગળ ભક્તિના પદ, સ્તવન, ચૈત્યવંદન, સ્વાધ્યાય આદિ કરીને ભાવોને અશુભમાંથી છોડાવી શુદ્ધના લક્ષે શુભમાં લઈ જવા તે ભાવપૂજા છે. એમ પૂજાત્રિક જાણવા.

**૫. અવસ્થાત્રિક :–** પિંડસ્થ, પદસ્થ અને રૂપાતીત આ ત્રણ અવસ્થાત્રિક જાણવા. કેવળજ્ઞાન પહેલાંની છદ્મસ્થ અવસ્થા તે પિંડસ્થ અવસ્થા. પદસ્થ અવસ્થા તે કેવળજ્ઞાન પછી ભગવાન સર્વજ્ઞ સર્વદર્શી થાય તે અવસ્થા



અને રૂપાતીત અવસ્થા તે સર્વ કર્મથી મુક્ત થઈ સિદ્ધ ભગવાન થાય તે અવસ્થા. એમ અવસ્થાત્રિક કહેવાય છે. હે પ્રભુ હું પણ ક્યારે રૂપાતીત અવસ્થાને પામીશ એવી ભાવના કરવી.

**૬. ત્રિદિશનિવૃત્તદૃષ્ટિત્રિક :–** પ્રભુના સન્મુખ દૃષ્ટિ કેન્દ્રિત કરી ઉપર, નીચે કે તીર્છુ અર્થાત્ જમણી ડાબી કે પાછળ, ત્રણે દિશા તરફ નજર કરવી નહીં. એમ આડું અવળું ન જોવું તે ત્રિદિશનિવૃત્તદૃષ્ટિત્રિક કહેવાય છે.

**૭. ભૂમિ પ્રમાર્જનત્રિક :–** પ્રભુને પંચાંગ પ્રણામ કરતી વખતે કે ચૈત્યવંદન વખતે ત્રણ વખત ભૂમિ શુદ્ધિ કરવી તે. સાધુ રજોહરણવડે અને ગૃહસ્થ ઉત્તરાસંગ વડે ત્રણ વખત ભૂમિ પ્રમાર્જન કરે તે ભૂમિ પ્રમાર્જનત્રિક કહેવાય છે.

**૮. આલંબનત્રિક :–** ચૈત્યવંદન આદિ સૂત્રો બોલતાં અક્ષરો હ્રસ્વ કે દીર્ઘ જેમ હોય તેમ બોલવા તે વર્ણાલંબન. તે બોલતાં અર્થનું હૃદયમાં ચિંતવન તે અર્થાલંબન તથા પ્રભુની પ્રતિમાનું આલંબન લેવું તે પ્રતિમાલંબન. એમ આ ત્રણ આલંબનત્રિક કહેવાય છે.

**૯. મુદ્રાત્રિક :–** બે હાથની દસ આંગળીઓને એકબીજા સાથે આંતરી બન્ને હાથની કોણીઓ પેટ ઉપર રાખી દર્શન કરવા તે જોગમુદ્રા કહેવાય છે. બેય પગની આંગળીઓ વચ્ચે ચાર આંગળનું અંતર રાખી પાછળ પગની એડી વચ્ચે આગળ કરતા કંઈક ઓછું અંતર રાખી ઊભા રહેવું તે બીજી જિનમુદ્રા કહેવાય. અને બન્ને હાથ પહોળા કરી એક બીજાને અડાડી મસ્તકના લલાટ ઉપર ધરી રાખી નમસ્કાર કરવા તે મુક્તાશુક્તિમુદ્રા કહેવાય છે. એ ત્રણે મુદ્રા તે મુદ્રાત્રિક કહેવાય છે.

**૧૦. પ્રાણિધાનત્રિક :–** મનવચનકાયાના ત્રણેય યોગને એકાગ્ર કરવા તે પ્રાણિધાનત્રિક કહેવાય છે.

**પાંચ અભિગમ :–** મંદિરમાં પ્રવેશ કરતી વખતે જોડા, છત્ર, ચામર, મુકુટ અને ફુલના હાર વગેરે અચિત કે સચિત વસ્તુઓ મંદિરની બહાર મૂકવારૂપ પાંચ અભિગમ સાચવવા, એવી શાસ્ત્રાકારની મર્યાદા છે.

હૃદયનો ઉલ્લાસ અને એકાગ્રતા તથા પ્રભુ તરફ બહુમાન રાખવાની લાગણી એ પ્રભુભક્તિના પ્રધાન અંગ ગણાય છે. દ્રવ્ય અને ભાવની પવિત્રતા રાખવાથી મનનો ઉલ્લાસભાવ વધે છે. દસ ત્રિકો સાચવવાથી મનની એકાગ્રતા સિદ્ધ થાય છે અને પાંચ અભિગમો ધ્યાનમાં રાખવાથી પ્રભુ તરફ બહુમાનની

લાગણી બની રહે છે. માટે ઉપરોક્ત વિધિસહિત પૂજા કર્ત્તવ્ય છે. ।।૨।।

**કુસુમ અક્ષત વર વાસ સુગંધો, ધૂપ દીપ મન સાખી રે;**
**અંગપૂજા પણ ભેદ સુણી એમ, ગુરુમુખ આગમ ભાખીરે. સુ૦૩**

**સંક્ષેપાર્થ :–** કુસુમ એટલે ફુલ, અક્ષત કહેતા ચોખા અને વર એટલે શ્રેષ્ઠ સુગંધી વાસક્ષેપ, અષ્ટાંગ કે દશાંગ ધૂપ અને દીપક તથા મન સાખી કહેતા મનની સાક્ષી રાખીને અર્થાત્ મન સ્થિર રાખીને ભગવાનની પૂજા કરવી.

એમ ભગવાનની અંગપૂજાના ઉપરોક્ત પણ એટલે પાંચ ભેદ શ્રી ગુરુમુખથી અથવા આગમમાં ભાખેલા છે, ત્યાંથી જાણેલ છે. ।।૩।।

**એહનું ફલ દોય ભેદ સુણીજે, અનંતર ને પરંપર રે;**
**આણાપાલણ ચિત્તપ્રસન્ની, મુગતિ સુગતિ સુર મંદિર રે. સુ૦૪**

**સંક્ષેપાર્થ :–** એહનું એટલે ભગવાનની પૂજાનું ફળ બે પ્રકારે સંભળાય છે. એક અનંતર એટલે તુરંત અને બીજું પરંપર એટલે પરંપરાએ કાળ જતાં પ્રાપ્ત થાય તે.

ભગવાનની આજ્ઞાનું પાલન કરવાથી ચિત્ત પ્રસન્ન થાય છે. તે પૂજાનું તુરંત ફળ મળ્યું જાણવું. અને પૂજાના ફળમાં અંતે મુક્તિ, વચમા સુગતિ કહેતા મનુષ્યગતિ અને સુરમંદિર કહેતા વૈમાનિક આદિ દૈવગતિની પ્રાપ્તિ થાય તેને પરંપરાગત ફળ મળ્યું જાણવું. ।।૪।।

**ફૂલ અક્ષત વર ધૂપ પઈવો, ગંધ નૈવેદ્ય ફલ જલ ભરીરે,**
**અંગઅગ્રપૂજા મળી અડવિધ, ભાવે ભવિક શુભગતિ વરીરે. સુ૦૫**

**સંક્ષેપાર્થ :–** ફૂલ, અક્ષત, શ્રેષ્ઠધૂપ, પઈવો એટલે દીવો, ગંધ એટલે કેસર કે ચંદન આદિ સુગંધી દ્રવ્ય, નૈવેદ્ય એટલે મિષ્ટાન્ન લાડુ વગેરે, ફળ અને જળ કહેતા નવણ પૂજા, એમ પૂજાના અષ્ટ પ્રકાર છે.

તેમાં જળપૂજા, ચંદનપૂજા અને ફૂલપૂજા એ ભગવાનની અંગપૂજા છે. અને ધૂપ, દીપ, અક્ષત, ફળ અને નૈવેદ્ય એ પાંચ અગ્રપૂજા છે. એમ બન્ને મળીને અડવિધ એટલે પૂજાના કુલ આઠ પ્રકાર થાય છે. જે ભવિક ભાવપૂર્વક એ પૂજાઓ કરશે તે ભવ્યાત્મા શુભગતિ એવા દેવલોકાદિને પામશે. ।।૫।।

**સત્તર ભેદ એકવીસ પ્રકારે, અઠ્ઠોત્તર શત ભેદે રે;**
**ભાવ પૂજા બહુવિધિ નિરધારી, દોહગ દુર્ગતિ છેદે રે. સુ૦૬**

**સંક્ષેપાર્થ :–** વળી દ્રવ્યપૂજા તે સત્તરભેદે, એકવીસ પ્રકારે અને એકસો



આઠ પ્રકારે પણ કરવામાં આવે છે.

તથા ભાવપૂજા બહુવિધિ નિરધારી કહેતા તેના બહુ પ્રકાર કહ્યાં છે. જે દોહગ એટલે દુર્ભાગ્ય અને દુર્ગતિના છેદ કરવાવાળી છે. ભાવપૂજાના નાના પ્રકાર ગુરુગમથી અને શાસ્ત્રથી જાણવા યોગ્ય છે. જેમકે પરમકૃપાળુદેવે ભાવ લાવવા અર્થે સત્સંગ, ભક્તિ, સ્મરણ, સ્વાધ્યાય ઉપર વિશેષ ભાર મૂક્યો છે. જે આ કાળના જીવો માટે સુગમ અને શ્રેષ્ઠ ઉપાય છે. ।।૬।।

**તુરિય ભેદ પડિવત્તિ પૂજા, ઉપશમ ખીણ સયોગી રે;**
**ચઉહા પૂજા ઈમ ઉત્તરઝયણે, ભાખી કેવલ ભોગી રે. સુ૦૭**

**સંક્ષેપાર્થ :–** પૂજાનો વળી તુરિય એટલે ચોથો ભેદ પડિવત્તિ કહેતા પ્રતિપત્તિપૂજા નામનો છે. પડિવત્તિ પૂજા કહેતાં પડિવજવું એટલે અંગીકાર કરવું અર્થાત્ પોતાનું સ્વરૂપ અંગીકાર કરી તેમાં જ રમવું તે. આ પૂજા અગ્યારમે ઉપશાંતમોહ ગુણસ્થાનકે અથવા બારમે ક્ષીણમોહ ગુણસ્થાનકે અથવા તેરમે સયોગી કેવળી ગુણસ્થાનકે સંભવે છે.

આ પ્રમાણે ચઉહા પૂજા એટલે અંગપૂજા, અગ્રપૂજા, ભાવપૂજા અને પ્રતિપત્તિપૂજાના ચાર પ્રકાર ઉત્તરઝયણે કહેતા ઉત્તરાધ્યયનના 'સમ્યક્ત્વ પરાક્રમ' નામના અધ્યયનમાં આ વાત કેવળજ્ઞાનના ભોગી એવા શ્રી ભગવંતે ભાખી છે. ।।૭।।

**એમ પૂજા બહુ ભેદ સુણીને, સુખદાયક શુભ કરણી રે;**
**ભવિક જીવ કરશે તે લેશે, આનંદઘનપદ ધરણી રે. સુ૦૮**

**સંક્ષેપાર્થ :–** આ પ્રકારે પૂજાના અનેક ભેદ સાંભળીને સુખદાયક એવી આ શુભકરણીને જે ભવ્યાત્મા કરશે તે આનંદઘનના સમૂહથી યુક્ત એવા મોક્ષપદને પામશે. ।।૮।।

---

# (૯) શ્રી સુવિધિનાથ સ્વામી

## શ્રી દેવચંદ્રજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(થારા મહેલા ઉપર મેહ, ઝબુકે વીજળી હો લાલ...એ દેશી)

**દીઠો સુવિધિ જિણંદ, સમાધિરસે ભર્યો હો લાલ, સ૦**
**ભાસ્યું આત્મસ્વરૂપ, અનાદિનો વીસર્યો હો લાલ; અ૦**

**સકલ વિભાવ ઉપાધિ, થકી મન ઓસર્યો હો લાલ, થ૦**
**સત્તા સાધન માર્ગ, ભણી એ સંચર્યો હો લાલ૦ ભ૦૧**

**સંક્ષેપાર્થ :–** મહાન પુણ્યોદયે શ્રી સુવિધિનાથ પ્રભુની સમાધિ રસમય પ્રશાંત મુદ્રા જોવાથી અનાદિકાળથી વીસરાયેલા મારા આત્મસ્વરૂપની ઓળખાણ થઈ. જેથી સર્વ પ્રકારના રાગદ્વેષાદિ વિભાવ તથા બાહ્ય ઉપાધિરૂપ ધનાદિથી પણ મન ઓસર્યું એટલે પાછું હટ્યું, અને મારો આત્મા પોતાની કેવળજ્ઞાનમય સત્તાને પ્રાપ્ત કરવાના માર્ગ ભણી સંચર્યો એટલે પ્રવર્ત્યો. એમ પ્રભુના દર્શનથી અનેક પ્રકારે લાભ થાય છે. ।।૧।।

**તુમ પ્રભુ જાણંગ રીતિ, સરવ જગ દેખતા હો લાલ, સ૦**
**નિજ સત્તાએ શુદ્ધ, સહુને લેખતા હો લાલ; સ૦**
**પર પરિણતિ અદ્વેષ,-પણે ઉવેખતા હો લાલ, પ૦**
**ભોગ્યપણે નિજ શક્તિ, અનંત ગવેષતા હો લાલ. અ૦૨**

**સંક્ષેપાર્થ :–** આપ પ્રભુ રાગદ્વેષ રહિતપણે જાણવાની રીતિએ સર્વ જગતને દેખો છો. તથા જીવઅજીવાદિ સર્વ દ્રવ્યોને-પદાર્થોને પોતાની સત્તા અપેક્ષાએ એટલે મૂળસ્વરૂપે શુદ્ધ જ જાણો છો. કેમકે જીવ કે અજીવમય પુદ્‌ગલનું મૂળ સ્વરૂપ પરસ્પર મળીને કદી અશુદ્ધ થતું નથી. તેથી સંસારી જીવોમાં રહેલી રાગદ્વેષની અશુદ્ધ ભાવ-પરિણતિની પણ આપ અદ્વેષપણે ઉપેક્ષા કરો છો. તથા ભોગવવા યોગ્ય એવી પોતાના આત્માની અનંત ગુણ પર્યાયરૂપ શક્તિને ગવેષીને એટલે શોધીને આપ તેને જ ભોગવો છો. ।।૨।।

**દાનાદિક નિજ ભાવ, હતા જે પરવશા હો લાલ, હ૦**
**તે નિજ સન્મુખ ભાવ, ગ્રહી લહી તુજ દશા હો લાલ;ગ્ર૦**
**પ્રભુનો અદ્‌ભુત યોગ, સ્વરૂપતણી રસા હો લાલ, સ્વ૦**
**વાસે ભાસે તાસ, જાસ ગુણ તુજ જિસા હો લાલ. જા૦૩**

**સંક્ષેપાર્થ :–** દાનાદિક એટલે દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય આદિ આત્માના નિજ ભાવ એટલે પોતાના જ ધર્મો હતા તે પુદ્‌ગલ અનુયાયી બની અનાદિથી પરવશ હતા. તે હવે પ્રભુની વીતરાગ દશાનું અવલંબન પામીને સ્વરૂપ સન્મુખ બન્યા, સ્વસ્વરૂપાવલંબી બન્યા છે. માટે પ્રભુનો અદ્‌ભુત યોગ થવો તે તો ખરેખર રત્નત્રયમયી એવા સ્વસ્વરૂપનો રસ ઉત્પન્ન કરનાર છે. પણ એવા પ્રભુના ગુણ કોને ભાસે એટલે કે ઓળખાય અને વાસે એટલે કોને



શ્રદ્ધાનમાં આવે; તો કે તાસ એટલે તેને ભાસે કે જાસ ગુણ એટલે જેના ગુણ તુજ જિસા એટલે તારા જેવા હોય; અર્થાત્ હે પ્રભુ! તારા જેવા હોય તેને જ તારા અનંત ગુણોની જાણ થઈ શકે; બીજાને નહીં. ।।૩।।

**મોહાદિકની ઘૂમિ, અનાદિની ઊતરે હો લાલ, અ૦**
**અમલ અખંડ અલિપ્ત, સ્વભાવ જ સાંભરે હો લાલ; સ્વ૦**
**તત્ત્વ રમણ શુચિ ધ્યાન, ભણી જે આદરે હો લાલ, ભ૦**
**તે સમતારસ ધામ, સ્વામી મુદ્રા વરે હો લાલ. સ્વા૦ ૪**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! અનાદિકાળથી વળગેલી મોહાદિકની ઘૂમિ એટલે ઘેલછા-મૂર્છા તે ઊતરે તો અમલ કહેતાં નિર્મળ, અખંડ અને કર્મથી અલિપ્ત એવો પોતાનો આત્મસ્વભાવ છે તેની ઓળખ થાય અને તે સાંભર્યા કરે. પછી તે આત્મતત્ત્વમાં રમણતા કરવા માટે શુચિ કહેતાં પવિત્ર પ્રભુના ધ્યાનને આદરે એટલે ધ્યાનમાં તન્મય બને. પછી શ્રેણી માંડી શુક્લધ્યાન વડે ઘાતિયા કર્મનો ક્ષય કરી સમતા રસના ઘરરૂપ એવા શ્રી સુવિધિનાથ ભગવાનની વીતરાગ મુદ્રાને પામે છે. ।।૪।।

**પ્રભુ છો ત્રિભુવનનાથ, દાસ હું તાહરો હો લાલ, દા૦**
**કરુણાનિધિ અભિલાષ, અછે મુજ એ ખરો હો લાલ; અ૦**
**આતમ વસ્તુ સ્વભાવ, સદા મુજ સાંભરો હો લાલ, સ૦**
**ભાસન વાસન એહ, ચરણ ધ્યાને ધરો હો લાલ. ચ૦ ૫**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! આપ તો ત્રણ ભુવનના નાથ છો અને હું તો આપનો દાસ છું. હે કરુણાસાગર! મારો આ એક સાચો અભિલાષ એટલે મનોરથ છે કે મારો આત્મસ્વભાવ કે જે જ્ઞાનદર્શનાદિ ગુણથી યુક્ત છે, તેનું મને સદા સ્મરણ રહો; તથા ભાસન કહેતા જ્ઞાન, વાસન કહેતા શ્રદ્ધા અને ચરણ કહેતા આત્મામાં રમણતા અને ધ્યાન પણ તે આત્મસ્વભાવનું જ મને તન્મયપણે રહો. એ જ મારી અભિલાષા છે. ।।૫।।

**પ્રભુમુદ્રાને યોગ, પ્રભુ પ્રભુતા લખે હો લાલ, પ્ર૦**
**દ્રવ્ય તણે સાધર્મ્ય, સ્વસંપત્તિ ઓળખે હો લાલ; સ્વ૦**
**ઓળખતાં બહુમાન, સહિત રુચિ પણ વધે હો લાલ, સ૦**
**રુચિ-અનુયાયી વીર્ય, ચરણધારા સધે હો લાલ. ચ૦ ૬**

**સંક્ષેપાર્થ :–** નિર્મોહી એવા પ્રભુની વીતરાગમુદ્રાના દર્શનનો યોગ

જ્યારે મળે ત્યારે અનંતગુણરૂપ પ્રભુની પ્રભુતાને જીવ લખે એટલે ઓળખે છે. પછી શુદ્ધ આત્મદ્રવ્યના સાધર્મ્ય એટલે સરખાપણે જોતાં, પ્રભુની અનંત ગુણાત્મક સંપત્તિ અને મારા આત્માની સંપત્તિ એક સરખી જ છે, એમ ઓળખે છે એટલે જાણે છે. એવી ઓળખાણ થતાં પ્રભુ પ્રત્યે બહુમાન પ્રગટે છે અને તે આત્મ પ્રભુતા પ્રગટાવવાની રુચિ પણ વર્ધમાન થાય છે. પછી રુચિ અનુસાર આત્મવીર્ય સ્ફુરાયમાન થઈને ચરણધારા એટલે આત્મચારિત્રમાં રમણતા કરવાની ધારા સાધ્ય થાય છે. અર્થાત્ સ્વસ્વરૂપમાં રમણતા કરવાની ભાવના ઊપજે છે. ।।૬।।

**ક્ષાયોપશમિક ગુણ સર્વ, થયા તુજ ગુણરસી હો લાલ,થ૦**
**સત્તા સાધન શક્તિ, વ્યક્તતા ઉલ્લસી હો લાલ; વ્ય૦**
**હવે સંપૂરણ સિદ્ધ, તણી શી વાર છે હો લાલ, ત૦**
**દેવચંદ્ર જિનરાજ, જગત-આધાર છે હો લાલ જ૦ ૭**

**સંક્ષેપાર્થ :–** આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્યાદિ ગુણો જે ક્ષાયોપશમિક ભાવે હતા તે સર્વ તારા ક્ષાયિકભાવે પ્રગટેલા કેવળજ્ઞાનાદિ ગુણોના જ્યારે રસિક બન્યા; ત્યારે આત્મસત્તાને પ્રગટ કરનારી જે શક્તિ તે અત્યાર સુધી ઢંકાયેલી હતી તે હવે વ્યક્તતા એટલે પ્રગટપણે ઉલ્લસી કહેતા જાગૃત થઈ. કેમકે પ્રભુરૂપ નિમિત્ત કારણ મળે ત્યારે ઉપાદાનરૂપ આત્મા કેમ પ્રગટ ન થાય. માટે હવે સંપૂર્ણ આત્મસિદ્ધિ અથવા સિદ્ધદશા પ્રાપ્ત કરવામાં શી વાર લાગવાની છે. કારણ કે દેવોમાં ચંદ્ર સમાન ઉજ્જવલ એવા શ્રી જિનેશ્વર કે જે ત્રણ જગતના આધારરૂપ છે, તે મને મળ્યા છે. તેમનું જ મારે શરણ છે. તેથી મોક્ષરૂપ કાર્યની અવશ્ય સિદ્ધિ થશે. ।।૭।।

---

# (૯) શ્રી સુવિધિનાથ સ્વામી

## શ્રી યશોવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(સુણ મેરી સજની રજની ન જાવે રે—એ દેશી)

**લઘુ પણ હું તુમ મન નવિ માવું રે, જગગુરુ તુમને દિલમાં લાવું રે;**
**કુણને એ દીજે સાબાશી રે? કહો શ્રી સુવિધિ જિણંદ વિમાસી રે. લઘુ૦૧**

**અર્થ :–** હે શ્રી સુવિધિનાથ ભગવાન! હું નાનો છતાં તમારા મનમાં સમાઈ શકતો નથી જ્યારે તમે મોટા છતાં હે જગદ્ગુરુ! તમને હું મારા મનમાં



ધારણ કરી શકું છું. તો એ બાબતની સાબાશી કોને આપવી ઘટે? મને કે તમને? એ આપ વિચારીને મને જણાવો.

**ભાવાર્થ :–** મોક્ષગમનના વિધિમાર્ગને સમ્યક્પ્રકાર જાણનાર એવા નવમાં પ્રભુ શ્રી સુવિધિનાથને ઉદ્દેશીને કર્ત્તા પુરુષ સ્તુતિ કરે છે કે હે પ્રભુ! જગતમાં એવું જોવામાં આવે છે કે, જે વસ્તુ મોટી હોય તેમાં નાની વસ્તુ સમાઈ શકે, પણ નાનીમાં મોટીનો સમાવેશ ન થયા. સ્થૂલ દૃષ્ટિએ આ પ્રકારે જણાય છે. પણ મારા અને આપના સંબંધમાં તો આ હકીકત ઊલટી પુરવાર થઈ છે; એટલે કે હું નાનો છતાં તમારા મનમાં સમાઈ શકતો નથી અને તમે મોટા છતાં મારા મનમાં સમાઈ શક્યા છો. તાત્પર્ય કે હું તમારું ધ્યાન કરી મારા મનમંદિરમાં તમને દાખલ કરું છું, પણ તે પ્રમાણે તમારા હૃદયમાં મને સ્થાન મળ્યું નથી. આ ઘટના આશ્ચર્યકારક બની છે. તો આ સ્થિતિ જોઈ આપ વિચારીને કહો કે આ બાબતમાં સાબાશી કોને ઘટે? મને ઘટે કે તમને? કેમકે નાનો છતાં મોટાને સમાવે તે પણ સાબાશીને યોગ્ય થયો. અને તમે તો સાબાશીને પાત્ર છો જ. તેથી હું પ્રશ્ન કરું છું કે ખરેખર સાબાશીને પાત્ર કોણ છે? ।।૧।।

**મુજ મન અણુમાંહે ભક્તિ છે ઝાઝી રે, તેહ દરીનો તું છે માજી રે;**
**યોગી પણ જે વાત ન જાણે રે, તેહ અચરિજ કુણથી હુઓ ટાણે રે.લઘુ૦૨**

**અર્થ :–** મારા મનના દરેક અણુમા તમારા પ્રત્યે ઘણી ભક્તિ ભરેલી છે અને તે મનરૂપી દરી એટલે નાના વહાણના માજી એટલે કપ્તાન તો તમે જ છો. એ બાબતને યોગી પણ ન સમજી શકે તેવું ઉપરની ગાથા વગેરેમાં લખેલું આશ્ચર્ય આ વખતે કોનાથી થયું? મારાથી કે તમારાથી તે મને જણાવો. ૨

**ભાવાર્થ :–** હે પ્રભુ! મારા મનનું નિર્માણ જેટલા અણુઓથી થયેલું છે તે દરેક અણુઓમાં તમારા પ્રત્યેનો ભક્તિરાગ અતિશય ભરેલો છે. અને તે મનરૂપી હોડીના તો તમે જ સ્વામી થયેલા છો. એ રીતે તમે મોટા છતાં મારા મનમાં સમાઈ ગયા અને હું નાનો છતાં તમારા મનમાં સમાઈ શકતો નથી. યોગી પણ આ વાતનું કારણ ન સમજી શકે એવાં પ્રકારનું આ આશ્ચર્ય કોનાથી થયું? મારાથી કે તમારાથી? એ પણ વિચારીને કહો! 'યોગી પણ જે વાત ન જાણે' એમ જે અત્ર લખ્યું છે તે તેટલે અંશે હકીકતનું રહસ્ય જાણવા જેટલા જ્ઞાનના અભાવવાળા સામાન્ય હઠયોગીઓ માટે સમજવું. પૂર્ણ યોગી તો સર્વજ્ઞ કહેવાય. અને તે તો સર્વ વાતને સંપૂર્ણપણે જાણે જ છે.

આ ગાથાથી કર્ત્તાએ 'આશ્ચર્ય કોનાથી થયું? અને પહેલી ગાથાથી 'સાબાશી કોને ઘટે?' એમ બે પ્રશ્ન ઉપસ્થિત કર્યા છે. હવે આગળની ગાથાઓમાં અનુક્રમે તે બન્ને પ્રશ્નોના ખુલાસા કર્તા પોતે જ વિચારીને કરે છે. જે વિલક્ષણ હોવાથી આનંદને આપનારા છે. ।।૨।।

**અથવા થિરમાંહી અથિર ન માવે રે, મોટો ગજ દર્પણમાં આવે રે;**
**જેહને તેજે બુદ્ધિ પ્રકાશી રે, તેહને દીજે એ સાબાશી રે. લઘુ૦૩**

**અર્થ :–** જેમકે સ્થિર વસ્તુમાં અસ્થિર વસ્તુ ન માઈ શકે એ સ્વાભાવિક છે, અને મોટો હાથી પણ દર્પણમાં આવી શકે છે એમ દેખાય છે પણ જેના તેજથી એટલે પ્રભાવથી એવી બુદ્ધિ મને પ્રગટ થઈ એવા પ્રભુને જ આ ઉપર્યુક્ત સાબાશી આપવી ઘટે. પ્રભુની અનંતકૃપા વિના મારા જેવા પામરને આવી સમ્યક્‌બુદ્ધિ ઉત્પન્ન થઈ શકે નહીં.

**ભાવાર્થ :–** પ્રથમની બે ગાથાઓમાં ઊપજેલા પ્રશ્નોનું નિરાકરણ સમજવા પ્રયત્ન કરતાં પરિણામે કર્ત્તા પોતે જ નિર્ણય ઉપર આવી જઈ તે પ્રશ્નોના ખુલાસારૂપે જણાવે છે કે આ પ્રશ્નોનું નિરાકરણ સુગમ છે. હું અત્યાર સુધી આવી સહેલી બાબત કોણ જાણે કેમ ન સમજી શક્યો? હું 'લઘુ છતાં ગુરુના મનમાં ન સમાયો' એનો હેતુ એટલો જ છે કે સ્થિર વસ્તુમાં અસ્થિર વસ્તુ તો ન જ માઈ શકે. પ્રભુ તો સ્વભાવમાં સ્થિર છે અને હું તો એવી સ્થિરતાથી ઘણો દૂર છું, અસ્થિર છું તો હું પ્રભુના હૃદયમાં કેવી રીતે સ્થિતિ પામી શકું?

'હવે ગુરુ લઘુમાં સમાય' એ હકીકતને દૃષ્ટાંતથી સમજાવે છે કે જેમ હાથી જેવું મોટું પ્રાણી પણ દર્પણમાં સમાઈ જાય છે. તેમ પ્રભુ મહાન હોવા છતાં પણ સેવકના હૃદયમાં ધ્યાનના અવસરે સમાઈ જાય છે. એમાં પણ કાંઈ વિરોધ જેવું નથી. કારણ કે ધ્યાનના અવસરે સેવકની સ્થિતિ પણ સ્થિરતામય હોય છે અને સ્થિર સેવકમાં એવા સ્થિર પ્રભુ સમાય એમાં કાંઈ વિરોધજનક નથી.

આ હકીકત ઉપરથી સાર એ નીકળે છે કે જો સેવકને પ્રભુમય બનવું હોય તો પ્રભુ જેવી સ્થિરતા તેણે મેળવવી જોઈએ. 'લઘુ ગુરુમાં ન સમાયો પણ ગુરુ લઘુમાં સમાયા' એ બે હકીકત સ્પષ્ટ થતાં હવે એ બાબતનું માન એટલે સાબાશી કોને ઘટે? એનો નિર્ણય પણ કર્ત્તા પોતે જ કરે છે કે જે પ્રભુના પ્રભાવથી મને ઉપર લખેલી બે હકીકત સમજવા જેટલી બુદ્ધિ પ્રાપ્ત થઈ—ક્ષયોપશમ પ્રગટ થયો; તે પ્રભુને જ એ સાબાશી ઘટે એ નિર્વિવાદ છે.



મારા જેવા પામર જીવને એ માન ઘટે નહિ! શોભે પણ નહિ! યોગ્યતા વિના બળાત્કારે માનનો પોતામાં આરોપ કરવાથી જગતમાં પણ તે હાસ્યને પાત્ર થાય છે. કેમકે—**"એક અંશ શાતાથી કરીને પૂર્ણકામતા સુધીની સર્વ સમાધિ, તેનું સત્પુરુષ જ કારણ છે."** - શ્રીમદ્ રાજચંદ્ર (પૃ.૨૬૯) ।।૩।।

**ઊર્ધ્વમૂળ તરુવર અધ શાખા રે, છંદ પુરાણે એહવી છે ભાખા રે;**
**અચરિજવાળે અચરિજ કીધું રે, ભક્તે સેવક કારજ સીધું રે. લઘુ૦૪**

**અર્થ :–** છંદ પુરાણમાં 'વૃક્ષનું મૂળ ઊંચુ અને શાખાઓ નીચી' એમ કહેલું છે. તેમ આશ્ચર્યકરવાવાળા પ્રભુએ ઉપરોક્ત આશ્ચર્ય કર્યું. અને તેમની ભક્તિથી સેવકનું પણ કાર્ય સિદ્ધ થયું, અર્થાત્ મોટા એવા પ્રભુ પણ ભક્તિના બળે ભક્તના હૃદયમાં સમાઈ ગયા.

**ભાવાર્થ :–** હવે બીજી ગાથામાં પ્રશ્ન હતો કે તે આશ્ચર્ય કોનાથી થયું? તેનો ખુલાસો કરતાં કર્ત્તા કહે છે કે છંદપુરાણ આદિ અન્ય મતનાં શાસ્ત્રોમાં 'વૃક્ષનું મૂળ ઊંચુ અને શાખાઓ નીચી' એવી હકીકત પણ વર્ણવેલી છે. એ હકીકત આશ્ચર્યકારક ગણાય. તેમ પ્રભુ પણ મોટા હોવા છતાં નાના સેવકના હૃદયમાં સમાઈ ગયા. આવું આશ્ચર્યકારક વર્તન કરવાથી પ્રભુ જ આશ્ચર્ય-કરવાવાળા ઠર્યા.

આવા અતિ અદ્‌ભુત ચરિત્રવાળા પ્રભુની સમ્યક્ પ્રકારે ભક્તિ કરવાથી સેવકનું કાર્ય પણ ઇચ્છાનુસાર પૂર્ણતાને પામ્યું અર્થાત્ પ્રભુ ભક્તના મનમાં આવીને વસ્યા એ પણ પ્રભુકૃપા વડે જ થયું એમ સમજાયું. ।।૪।।

**લાડ કરી જે બાળક બોલે રે, માતપિતા મન અમિયને તોલે રે;**
**શ્રી નયવિજય વિબુધનો શિષો રે, યશ કહે ઇમ જાણો જગદીશો રે. લઘુ૦૫**

**અર્થ :–** જેમ બાળક લાડ કરીને માતપિતા સમક્ષ બોલે છે તે તેઓને મન તો અમૃતતુલ્ય ભાસે છે, તેમ હે જગદીશ્વર! હું પણ શ્રીનયવિજય પંડિતનો શિષ્ય છું માટે મને પણ બાળક જેવો ગણી મારા પર આપ પ્રસન્ન થજો.

**ભાવાર્થ :–** હે જગદીશ! નિર્દોષતા અને સરળતાપૂર્વક બાળક પોતાના માતાપિતા આગળ કાલાંઘેલાં વચનો બોલે તેથી માતાપિતાને ક્રોધ ચઢતો નથી. પણ ઊલટા તેઓને તે વચનો અમૃત સમાન મીઠાં લાગે છે; તેમ મારે મન માતાપિતા સમાન આપ જ છો. તેથી મને એવો બાળક ગણી, મારાં બાળાંભોળાં-કાલાંઘેલાં વચનોને પણ અમૃત સમાન ગણી મારા ઉપર પ્રસન્ન થજો! એવી મારી આપના પ્રત્યે પ્રાર્થના છે.

બાળકના બોલવા ઉપર માતાપિતાને પ્રેમ થવાનું મુખ્ય કારણ તે બાળકમાં રહેલી નિર્દોષતા અને સરળતા છે. સાથે તેના ઉપરનો પ્રેમ પણ છે. પણ મોટી ઉંમરના છોકરાઓ કે પુરુષોમાં એ ગુણોનો ઓછે વત્તે અંશે અભાવ હોવાથી તેઓનાં વચનો આવો પ્રેમ ઉપજાવી શકતા નથી. આથી જે લઘુ હોય, નિર્દોષ હોય, સરળ હોય તે જ મહાન છે; તેને કેટલું સુખ ? કેટલું ઓછું જોખમ ? કેટલું નિરૂપાધિપણું ? તે વિચારવું. અને મોટો હોય તેને કેટલું જોખમ ? અને કેટલી ઉપાધિ ? તેની બુદ્ધિપૂર્વક તુલના કરી પરિણામે લઘુતા જ ધારણ કરવા યોગ્ય છે. એવો મોટા પુરુષોનો ઉપદેશ છે તે સદા સ્વીકાર કરવામાં જ આપણું હિત સમાયેલું છે. ।।૫।।

---

# (૯) શ્રી સુવિધિનાથ સ્વામી

## શ્રી મોહનવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(મોતીડાની–દેશી)

**અરજ સુણો એક સુવિધિ જિણેસર, પરમ કૃપાનિધિ તુમે પરમેસર;**
**સાહિબા સુજ્ઞાની જોવો તો, વાત છે માન્યાની;**
**કહેવાઓ પંચમ ચરણના ધારી, કિમ આદરી અશ્વની અસવારી ? સા૦૧**

**અર્થ :–** હે સુવિધિનાથ જિનેશ્વર ! મારી એક અરજ સાંભળો, કેમકે આપ તો પરમેશ્વર હોવાથી પરમકૃપાના ભંડાર છો. હે સાહિબા ! આપને સમ્યક્ જ્ઞાની તરીકે જોઈએ છીએ તો એ વાત સાચી માનવા જેવી લાગે છે. આપ જગતમાં પાંચમા યથાખ્યાત ચારિત્ર ગુણને ધારણ કરશો એમ કહેવાય છે તો પછી આપે વર્તમાનમાં અશ્વ એટલે ઘોડા ઉપર બેસવા વગેરેની રીત કેમ આદરી છે.

**ભાવાર્થ :–** હે સુવિધિ જિનેશ્વર ! આપ મારી વિનંતિ સાંભળો. આપ તો પરમ દયાના ભંડાર છો. કારણ કે ''સવિજીવ કરું શાસન રસી, ઈસી ભાવ દયા મન ઉલ્લસી.'' એટલે સકળ જીવોને શાસન રસિક બનાવવારૂપ ભાવ દયા આપના અંતરમાં પ્રવર્તી રહી છે. આપ ખરેખર જ્ઞાનીપુરુષ છો એ વાત માનવામાં આવે છે. કહેવાય પણ છે કે એ તો પંચમ ચારિત્રના પ્રકારને પામનાર છે. પણ હમણાં તો આપ અશ્વ એટલે ઘોડાની અસવારી કરો છો. તો પંચમ ચારિત્ર દશાને કેવી રીતે પામશો ? આ પાંચ પ્રકારના ચારિત્ર તો ઉત્તરોત્તર શાસ્ત્રમાં



આ પ્રમાણે કહેવાય છે. (૧) સામાયિક–સમભાવ રાખવો. (૨) છેદોપસ્થાપના–સામાયિકમાંથી પડી જવાય ત્યારે ફરી સામાયિકમાં સ્થિર થવું. (૩) પરિહાર વિશુદ્ધિ–એવું આચરણ કે જેમાં વિશેષ હિંસાનો ત્યાગ. (૪) સૂક્ષ્મ સાંપરાય–દશમા ગુણસ્થાનવર્તીનું ચારિત્ર કે જેમાં સૂક્ષ્મ લોભનો ઉદય છે. (૫) યથાખ્યાત–પૂર્ણ વીતરાગ ચારિત્ર.

વર્તમાનમાં આપની રાજ્ય અવસ્થા જોઈને તેવી યથાખ્યાત ચારિત્રદશાને આપ કેવી રીતે પામશો ? તેની અમને શંકા થાય છે. ।।૧।।

**છો ત્યાગી શિવવાસ વસો છો, દૃઢ રથ સુત રથે કિમ બેસો છો ? સા૦**
**આંગી પ્રમુખ પરિગ્રહમાં પડશો, હરિહરાદિકને કિણવિધ નડશો ? સા૦૨**

**અર્થ :–** આપ અંતરત્યાગી છો. ઘરમાં બેઠા છતાં વીતરાગ છો. તેથી જાણે મોક્ષમાં જ વસો છો એમ કહેવાય છે. તો પછી દૃઢરથ રાજાના પુત્ર બનીને શણગારેલા એવા રથ ઉપર કેમ બેસો છો; રાજાનું રૂપ ધારણ કરી મસ્તક ઉપર મુકુટ વગેરે અનેક અલંકારો પહેરી શરીરની આંગી એટલે શોભારૂપ પરિગ્રહમાં પડશો તો અન્ય હરિહરાદિક દેવોને તમે કયા પ્રકારે સમજાવી શકશો.

**ભાવાર્થ :–** આપ અંતર્ત્યાગી હોવા છતાં તેમજ સ્વરૂપમાં રમણતા કરવા છતાં પણ રથ પર કેમ બેસો છો. તથા કિંમતી અલંકારોના પરિગ્રહને ધારણ કરી રાજ્ય સિંહાસન પર બેસી લોક પ્રવૃત્તિ કરો છો તો બીજા રાગી લૌકિક દેવોને આપ કેવી રીતે ખોટા કહી શકશો. તે પણ શ્રૃંગાર આદિ પરિગ્રહધારી છે અને આપે પણ પરિગ્રહ ધાર્યો છે તો બેયમાં ફેર શો ? એમ શંકા ઊપજે છે. ।।૨।।

**ધુરથી સકલ સંસાર નિવાર્યો, કિમ ફરી દેવદ્રવ્યાદિક ધાર્યો ? સા૦**
**તજી સંજમને થાશો ગૃહવાસી, કુણ આશાતના તજશે ચોરાશી ? સા૦૩**

**અર્થ :–** હે પ્રભુ ! આપે દીક્ષા ગ્રહણ કરી ત્યારથી જ સર્વ સંસારને ત્યાગી દીધો છે. તો હવે ફરી કેમ દેવ દ્રવ્યાદિક વડે બનાવેલ સમવસરણને ધારણ કરો છો. આ પ્રમાણે સંયમને તજી પાછા ગૃહવાસીની જેમ પ્રવૃત્તિ કરશો તો જગતના જીવો જિનેશ્વરની કહેવાતી ચોરાશી આશાતનાને કેવી રીતે તજી શકશે.

**ભાવાર્થ :–** હે પ્રભુ ! સંસાર ત્યાગી ફરી દેવકૃત સમવસરણમાં સિંહાસન પર બેસવું, ઇંદ્રાદિક વડે કરીને ચામરાદિકે વીંઝાવવું, ભામંડળની શોભાને ધારણ કરવી, આ બધું સ્વરૂપ તો ગૃહવાસી જેવું જણાય. આવી રિદ્ધિમાં આસક્તિ

પામી, લીધેલા સંયમને જાણે ત્યાગી દીધો હોય એમ દેખાવાથી જિનમંદિરની કે સમવસરણની આશાતના જીવો કરશે ત્યારે તેમને તે પાપમાંથી કોણ છોડાવશે ? તે ચોરાશી પ્રકારની આશાતના નીચે પ્રમાણે છે :—

(૧) જિનમંદિરમાં ખેલ, શ્લેષ્મ (નાસિકા દ્વારા લીટ આદિ મળ) નાખવો. (૨) દ્યૂતક્રીડા આદિ કરવી. (૩) કલહ કરવો. (૪) ધનુર્વેદાદિ કળા પ્રકટ કરવી. (૫) કોગળા કરવા. (૬) પાન સોપારી ખાવી. (૭) તાંબૂલના કૂચા આદિ નાખવા. (૮) ગાળો દેવી. (૯) લઘુનીતિ તથા વડીનીતિ વગેરે કરવું. (૧૦) શરીર ધોવું. (૧૧) કેશ સમારવા. (૧૨) નખ સમારવા. (૧૩) લોહિ આદિ નાખવા. (૧૪) શેકેલા ધાન્ય સુખડી આદિ ખાવાં. (૧૫) ગુમડાં વગેરેની ચામડી આદિ નાખવી. (૧૬) પિત્તનું ઔષધાદિકથી વમન કરવું. (૧૭) ઔષધાદિકથી અન્નાદિકનું વમન કરવું. (૧૮) ઔષધાદિકથી પડેલા દાંત નાખવા. (૧૯) પગ વગેરે ચંપાવવા. (૨૦) હાથી ઘોડા આદિ પશુઓને દમાવવા. (૨૧) દાંતનો, (૨૨) આંખનો, (૨૩) નખનો, (૨૪) નાસિકાનો, (૨૫) મસ્તકનો, (૨૬) ગાલનો (૨૭) કાનનો અથવા (૨૮) ચામડીનો મળ જિનમંદિરમાં નાખવો. (૨૯) જારણ મારણ ઉચ્ચારના મંત્ર અથવા રાજકાર્ય વગેરેની મસલતો કરવી. (૩૦) પોતાના ઘરના વિવાહ આદિ કૃત્યમાં ભેગા થવાનું નક્કી કરવા માટે વૃદ્ધ પુરુષોને મંદિરે ભેગા કરી બેસાડવા. (૩૧) લેખા લખવાં. (૩૨) ધન આદિની વહેંચણી કરવી. (૩૩) પોતાનો દ્રવ્ય ભંડાર ત્યાં સ્થાપન કરવો. (૩૪) પગ ઉપર પગ ચઢાવીને અથવા અવિનય થાય એમ કોઈપણ રીતે બેસવું. (૩૫) છાણાં, (૩૬) વસ્ત્ર, (૩૭) દાળ, (૩૮) પાપડ, (૩૯) વડી તથા કેળાં, ચિભડાં આદિ વસ્તુ જિનમંદિરે સૂકવવા માટે તડકા વગેરેમાં રાખવી. (૪૦) રાજાદિકના ઋણ આદિના ભયથી ગભારા વગેરેમાં સંતાઈ જવું. (૪૧) સ્ત્રી, પુત્ર, વિગેરેના વિયોગથી રુદન, આક્રંદ કરવું. (૪૨) સ્ત્રીઓ, ભોજનાદિ અન્ન, રાજા અને દેશ એ ચાર સંબંધની વિકથા કરવી. (૪૩) બાણ તથા ખડ્ગ આદિ શસ્ત્ર ઘડવાં. (૪૪) ગાય, બળદ વિગેરે જાનવરોને ત્યાં રાખવા. (૪૫) શીતનો ઉપદ્રવ દૂર કરવા અગ્નિને સેવવો. (૪૬) અન્નાદિક રાંધવું. (૪૭) નાણું વિગેરે પરખવું. (૪૮) યથાવિધિ નિસિહિ ન કરવી. (૪૯) છત્ર, (૫૦) પગરખાં, (૫૧) શસ્ત્ર તથા (૫૨) ચામર એ ચાર વસ્તુ મંદિરથી બહાર ન મૂકવી. (૫૩) મનની એકાગ્રતા ન કરવી. (૫૪) શરીરે તેલ આદિ ચોપડવું. (૫૫) સચિત પુષ્પાદિક પહેરીને જવું. (૫૬) અજીવ એવા હાર, વિંટી વગેરે અચિત વસ્તુ બહાર ઉતારી મૂકી શોભાહીન થઈ મંદિરમાં



પેસવું. (એમ કરવાથી અન્ય દર્શની લોકો ''શોભાહીન થઈ મંદિરમાં પેસવું, આ તે કેવો ભિક્ષાચાર લોકોનો ધર્મ છે,'' એવી નિંદા કરે છે. માટે હાર, વિંટી વગેરે ન ઉતારતાં અંદર જવું.) (૫૭) ભગવાનને દીઠે છતે હાથ ન જોડવા. (૫૮) એક સાડી ઉત્તરાસંગ ન કરવું. (૫૯) મસ્તકે મુકુટ ધારણ કરવો. (૬૦) માથે મુકુટ અથવા પાઘડી, ફેંટો વગેરે રાખવો. (૬૧) ફૂલના તોરા, કલગી આદિ માથે રાખેલા ન ઉતારવા. (૬૨) પારેવા, નાળિયેર આદિ વસ્તુની હોડ રમવી. (૬૩) દડે રમવું. (૬૪) મા-બાપ આદિ સ્વજનોનો જુહાર કરવો. (૬૫) ગાલ, કાખ વગાડવા વગેરે ભાંડચેષ્ટા કરવી. (૬૬) રેકાર ટુંકાર વિગેરે તિરસ્કારનાં વચન બોલવા. (૬૭) લહેણું ઉઘરાવવાને અર્થે લાંઘવા બેસવું. (૬૮) કોઈની સાથે સંગ્રામ કરવો. (૬૯) વાળ છૂટા કરવા. (૭૦) બે પગ ઊંચા કરી બેસવું. (૭૧) લાકડાની પાવડીઓ પગે પહેરવી. (૭૨) સ્વેચ્છાએ પગ લાંબા કરીને બેસવું. (૭૩) સુખને અર્થે પુડપુડી વગાડવી. (૭૪) પોતાનું શરીર અથવા શરીરના અવયવ ધોઈ પાણી ઢોળી કાદવ કરવો. (૭૫) પગે લાગેલી ધૂળ જિનમંદિરમાં ખંખેરવી. (૭૬) સ્ત્રી સંભોગ કરવો. (૭૭) માથાની અથવા વસ્ત્ર આદિની જૂઓ જોવરાવવી તથા નખાવવી. (૭૮) ત્યાં ભોજન કરવું, અથવા દૃષ્ટિયુદ્ધ, બાહુયુદ્ધ કરવું. (૭૯) શરીરના ગુપ્ત અવયવ ઉઘાડા કરવા. (૮૦) વૈદું કરવું. (૮૧) ક્રય વિક્રય આદિ વ્યાપાર કરવો. (૮૨) પથારી પાથરીને સૂઈ રહેવું. (૮૩) જિનમંદિરમાં પીવાનું પાણી રાખવું, ત્યાં પાણી પીવું અથવા બારેમાસ પીવાય એવા હેતુથી મંદિરના ટાંકામાં વરસાદનું પાણી લેવું. (૮૪) જિન મંદિરે નાહવું-ધોવું એ ઉત્કૃષ્ટ ભાંગાથી ચોરાશી આશાતનાઓ જાણવી. ||૩||

**સમકિત મિથ્યા મતમાં નિરંતર, ઇમ કિમ ભાંજશે પ્રભુજી અંતર ? સા૦**
**લોક તો દેખશે તેહવું કહેશે, ઇમ જિનતા તુમ કિણવિધ રહેશે ? સા૦૪**

**અર્થ :—** હે પ્રભુ ! સમકિત અને મિથ્યા મતમાં તો નિરંતર એટલે હમેશાં અંતર છે જ. પણ આપ સમવસરણાદિ રિદ્ધિમાં આસક્તિ પામશો તો મિથ્યાત્વીઓ અને આપણા વચ્ચે રહેલું અંતર તે તેમને કેવી રીતે સમજાવીને ભાંગી શકીશું ? અર્થાત્ તેમને પણ સાચા દેવ, ગુરુ, ધર્મમાં કેવી રીતે શ્રદ્ધાવાન કરી શકીશું ? લોકો તો જેવું જોશે તેવું કહેશે. આ પ્રમાણે તમારું જિનેશ્વરપણું પણ કેવી રીતે રહેશે ?

**ભાવાર્થ :—** હે પ્રભુ ! અનાદિકાળથી ચાલ્યું આવતું જીવોનું મિથ્યાત્વ તેનો ભંગ કરી તેમને સમકિતી બનાવવા છે. પણ આપનું આવું સમવસરણાદિ

પરિગ્રહધારી રૂપ જોઈને તે જીવો કેવી રીતે આપ વીતરાગી છો તેનું શ્રદ્ધાન કરશે. લોકો તો જેવું દેખશે તેવું જ કહેશે. તે તો સમવસરણાદિ રિદ્ધિ જોઈને આપને રાગી ગણશે તો આપની વીતરાગતા પણ કેવી રીતે પુરવાર થશે. ।।૪।।

**પણ હવે શાસ્ત્રગતે મતિ પહોંચી, તેહથી મેં જોયું ઊંડું આલોચી.સા૦**
**ઇમ કીધે તુમ પ્રભુતાઈ ન ઘટે, સામું ઇમ અનુભવ ગુણ પ્રગટે. સા૦૫**

**અર્થ :–** હે પ્રભુ ! હવે મારી શાસ્ત્રોમાં મતિ પહોંચી અને તેમાં ઊંડો વિચાર કરીને મેં નિર્ણય કર્યો કે આપ સમવસરણમાં વિરાજમાન થવાથી આપની પ્રભુતાઈ કંઈ ઘટતી નથી પણ ઊલટી વિશેષ વૃદ્ધિ પામે છે.

**ભાવાર્થ :–** હે પ્રભુ ! તત્ત્વદૃષ્ટિથી અવલોકન કરતાં જણાયું કે આપ તો ઘરમાં હતા. ત્યારે પણ હજાર વર્ષના સંયમી મુનિ કરતાં વિશેષ વૈરાગી હતા. તથા સમવસરણમાં પણ આપ તો અદ્ધર વિરાજો છો. સિંહાસનને અડકતા પણ નથી. તે આપની અલિપ્તતાનું પૂર્ણ સૂચન કરે છે. આપની પરમ નિઃસ્પૃહતાનું પ્રદર્શન કરે છે. ઇન્દ્રો જેવા આપના સેવક હોવા છતાં આવી વીતરાગતાને જોઈ આપનું પ્રભુત્વ વિશેષ વૃદ્ધિ પામે છે; પણ કિંચિત્ ન્યૂન થતું નથી. ।।૫।।

**હય-ગય યદ્યપિ તું આરોપાએ, તો પણ સિદ્ધપણું ન લોપાએ; સા૦**
**જિમ મુગટાદિક ભૂષણ કહેવાએ, પણ કંચનની કંચનતા ન જાએ. સા૦૬**

**અર્થ :–** હે પ્રભુ ! હય કહેતા ઘોડા અને ગય કહેતા હાથી ઉપર જો તમે સવારી કરો તો પણ આપનું આત્માનું સિદ્ધ થયેલું સ્વરૂપ કોઈ રીતે લુપ્ત થતું નથી. જેમકે સોનામાંથી મુકુટાદિ આભૂષણ ભલે જુદા જુદા રૂપ ધારણ કરે તો પણ સોનાનું જે સુવર્ણપણું છે તે તેમાંથી નાશ પામતું નથી.

**ભાવાર્થ :–** હે પ્રભુ ! હાથી, ઘોડા, રાજ્ય કે ઇન્દ્રાદિકથી પૂજાવું વગેરે કંઈ પણ ઉદયાધીન બાહ્ય વૈભવ, તીર્થંકર પ્રકૃતિના પુણ્યયોગે પ્રાપ્ત થાય તો પણ આપનું સિદ્ધ થયેલું આત્માનું શુદ્ધસ્વરૂપ, તેનો કોઈ કાળે વિનાશ કરી શકે નહીં. કારણ કે તે બધા ગુણો આપને ક્ષાયિક ભાવે પ્રાપ્ત થયેલા છે. જેમ સોનાના ઘરેણા બનતાં ઘરેણાના આકારનો નાશ થાય પણ તેમાં રહેલા સોનાનો નાશ થતો નથી. 'પણ કંચનની કંચનતા ન જાએ' તેમ આપનું સ્વભાવસિદ્ધ થયેલું શુદ્ધસ્વરૂપ તેનો કદી નાશ થતો નથી. ।।૬।।

**ભક્તની કરણી દોષ ન તુમને, અઘટિત કહેવું અયુક્ત તે અમને. સા૦**
**લોપાએ નહિ તું કોઈથી સ્વામી, મોહન વિજય કહે શિર નામી. સા૦૭**



**અર્થ :–** હે પ્રભુ ! આ બધી ભક્તની કરણી છે. અથવા આપના પૂર્વ પુણ્યનું ફળ છે. એમાં તમને કોઈ દોષ નથી. માટે ઉપર પ્રમાણે અઘટિત કહેવું એ અમને અયોગ્ય છે, સંસાર વધારનાર છે. શ્રી મોહનવિજયજી મહારાજ મસ્તક નમાવીને કહે છે કે હે પ્રભુ ! તારા અદ્ભુત સામર્થ્યને જગતમાં કોઈ લોપી શકવાને સમર્થ નથી. ।।૭।।

**ભાવાર્થ :–** પ્રભુ પ્રત્યે દ્રવ્ય પૂજા કે ભાવ પૂજા કરવી એ બધી ભક્તની કરણી છે. પ્રભુને તેમાં કાંઈ લાગે વળગે નહીં. પ્રભુ તો પોતાના શુદ્ધ આત્મસ્વરૂપમાં સદૈવ સ્થિત છે. તેમને દોષ દઈ અઘટિત પ્રવર્તન કરવું તે મહાદોષનું કારણ છે. શુદ્ધ આત્મામાં રમણતા કરનાર અનંત સામર્થ્યવાન પ્રભુને તો ઇન્દ્રો વગેરે પણ પૂજે છે. તે પણ તેમના સેવક છે. તો ચૌદ રાજલોકના નાથને લોપનાર આ જગતમાં બીજો કોણ હોઈ શકે ? કોઈ જ નહીં. એમ શ્રી મોહનવિજયજી મહારાજ પ્રભુના ચરણકમળમાં શિર નમાવીને જણાવે છે.

## (૧૦) શ્રી શીતલનાથ સ્વામી

### શ્રી આનંદઘનજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(મંગલિક માલા ગુણહ વિશાલા—એ દેશી)

**શીતલ જિનપતિ લલિત ત્રિભંગી, વિવિધભંગી મન મોહેરે;**
**કરુણા કોમલતા તીક્ષણતા, ઉદાસીનતા સોહે રે. શીતલ૦ ૧**

**સંક્ષેપાર્થ :–** શ્રી શીતલનાથ જિનેશ્વર પ્રભુમાં લલિત એટલે મનોહર એવી ત્રિભંગી કહેતાં ત્રણ પ્રકાર જે એકબીજાથી વિપરીત હોવા છતાં જોવામાં આવે છે. આ પ્રકારે વિવિધ ભંગીઓ પણ જેમાં છે; તે જાણવાથી પ્રભુ પ્રત્યે મન મોહ પામે છે.

એ ત્રિભંગીમાંની પ્રથમ ભંગમાળા તે કરુણારૂપ કોમળતા છે. આ કોમળતાની સાથે બીજો ભંગ તે તીક્ષ્ણતા એટલે કઠોરતા છે. કોમળતાથી કઠોરતા એ પ્રત્યક્ષ વિપરીત ગુણ છે છતાં ભગવાનમાં તે વિદ્યમાન છે. અને ત્રીજો ભંગ તે ઉદાસીનતા એટલે અનાસક્ત ભાવ તે પણ પ્રભુમાં શોભી રહ્યો છે. ।।૧।।

**સર્વજંતુ હિતકરણી કરુણા, કર્મવિદારણ તીક્ષણ રે;**
**હાનાદાન રહિત પરિણામી, ઉદાસીનતા વીક્ષણ રે. શી૦૨**

**સંક્ષેપાર્થ :–** હવે તે કરુણા, કોમળતા અને ઉદાસીનતા પ્રભુમાં કેવી રીતે છે તે જણાવે છે. જગતના સર્વ જીવોનું હિત કરવાની ભાવના એ કરુણા છે. આત્મા સાથે વળગેલા મોહનીયાદિ આઠેય કર્મોને વિદારણ એટલે ચીરી નાખવારૂપ તીક્ષ્ણતા પણ છદ્મસ્થ અવસ્થામાં પ્રભુમાં હોય છે.

પ્રભુ હાનાદાન એટલે ત્યાગ કે ગ્રહણ કરવાના પરિણામ કહેતા ભાવથી રહિત છે. માટે ભગવાનની ઉદાસીનતા એટલે વિરક્તભાવ તે તો વીક્ષણ અર્થાત્ સારી રીતે જગત વિદિત છે. આમ એક પ્રકારે ભગવાનમાં ત્રિભંગી શોભી રહી છે. ।।૨।।

**પરદુઃખ છેદન ઇચ્છા કરુણા, તીક્ષણ પરદુઃખ રીઝે રે;**
**ઉદાસીનતા ઉભય વિલક્ષણ, એક ઠામે કેમ સીઝે રે. શી૦૩**

**સંક્ષેપાર્થ :–** સંસારી જીવોના દુઃખને છેદવાની ઇચ્છા તે પ્રભુની કરુણા છે. અને કર્મ પ્રત્યે શત્રુભાવના કારણે કર્મ પુદ્ગલોને જ્ઞાન ધ્યાનરૂપ તીક્ષ્ણ હથિયારવડે હણવામાં કે દુઃખ આપવામાં જે રીઝે એટલે આનંદ માને છે એવી તીક્ષ્ણતા પણ પ્રભુમાં છે.

વળી ભગવાનમાં ઉદાસીનતા નામનો ત્રીજો પ્રકાર પણ વિદ્યમાન છે. જે ઉભય એટલે આ બે કરુણા અને તીક્ષ્ણતાથી વિલક્ષણ અર્થાત્ જુદા જ પ્રકારનો છે. છતાં એક ઠામે કહેતા ભગવાનરૂપ એક સ્થાનમાં આ ત્રણેય ભિન્ન ભિન્ન ગુણવાળા પ્રકાર કેવી રીતે સીઝે કહેતા સિદ્ધ થઈ શકે અર્થાત્ રહી શકે છે. તે હવે આગળની ગાથામાં જણાવે છે. ।।૩।।

**અભયદાન તે મલક્ષય કરુણા, તીક્ષણતા ગુણ ભાવે રે;**
**પ્રેરણવિણ કૃત ઉદાસીનતા, ઇમ વિરોધ મતિ નાવે રે. શી૦૪**

**સંક્ષેપાર્થ :–** કરુણા, તીક્ષ્ણતા અને ઉદાસીનતા એકસાથે ભગવાનમાં કયા કારણે રહેલી છે તે હવે સ્પષ્ટ જણાવે છે. સર્વ જીવોને અભયદાન આપવારૂપ પ્રભુની કરુણા તે રાગદ્વેષરૂપ મલના ક્ષયથી ઉત્પન્ન થયેલી છે. અને પોતાના આત્મગુણોને ભાવવામાં વિઘ્નરૂપ જણાતા કર્મોને હણવા માટે પ્રભુમાં તીક્ષ્ણતા રહેલી છે. અને ઉદાસીનતા એટલે અલિપ્તભાવ. તે પ્રભુને કોઈની પ્રેરણા વગર પદાર્થનું વાસ્તવિક સ્વરૂપ જ્ઞાન થવાથી, તે પ્રત્યેનો ઇષ્ટ અનિષ્ટભાવ નીકળી જવાથી પ્રગટ થયેલ છે. આ પ્રમાણે બુદ્ધિમાં વિચારતા ભગવાનની ત્રિભંગીનો પરસ્પર વિરોધ આવે એમ નથી. ।।૪।।



**શક્તિ વ્યક્તિ ત્રિભુવન પ્રભુતા, નિર્ગ્રંથતા સંયોગે રે;**
**યોગી ભોગી વક્તા મૌની, અનુપયોગી ઉપયોગે રે. શી૦૫**

**સંક્ષેપાર્થ :–** પ્રભુમાં અનેક ભાંગા એકસાથે સંભવે છે તે જણાવે છે. પ્રભુ પોતાની શક્તિવડે આત્માના સ્વગુણપર્યાયને ગ્રહણ કરવાનું સામર્થ્ય ધરાવે છે. તેમજ તે જ શક્તિવડે તે આત્માના ગુણપર્યાયને વ્યક્ત એટલે પ્રગટ કરવાનું સામર્થ્ય પણ ધરાવે છે.

પ્રભુ ત્રિભુવન કહેતાં ઉર્ધ્વ, અધો અને તિર્યક, ત્રણે લોકમાં પોતાની પ્રભુતા એટલે ઐશ્વર્ય ધરાવે છે. ઇન્દ્ર વગેરે પણ પ્રભુને પૂજે છે. પોતા પાસે કાંઈપણ પરિગ્રહ નહીં હોવાથી નિર્ગ્રંથતા પણ ધરાવે છે. આ બધું પ્રભુને પૂર્વકર્મના સંયોગે પ્રાપ્ત થયેલું છે.

વળી પ્રભુ મનવચનકાયાના યોગસહિત સયોગી કેવળી હોવાથી યોગી છે. અને ખરી રીતે પોતાના સ્વઆત્મગુણોના ઉપભોગી હોવાથી ભોગી પણ છે.

વળી પ્રભુ આખી દ્વાદશાંગીરૂપ શાસ્ત્રના ઉપદેષ્ટા હોવાથી વક્તા છે. અને પાપ સંબંધી વચન ન બોલનાર હોવાથી મૌની પણ છે.

આપ કેવળજ્ઞાની હોવાથી આપને કોઈ વસ્તુ જાણવા માટે ઉપયોગ આપવો પડતો નથી માટે અનુપયોગી છો અને કેવળજ્ઞાનના ઉપયોગ સાથે કેવળદર્શનનો ઉપયોગ સદા ધરાવનાર હોવાથી ઉપયોગસ્વભાવવાળા પણ છો.

આ પ્રમાણે અનેક ભાંગા પ્રભુમાં સંભવે છે. ।।૫।।

**ઇત્યાદિક બહુભંગ ત્રિભંગી, ચમત્કાર ચિત્ત દેતી રે;**
**અચરિજકારી ચિત્રવિચિત્રા, આનંદઘન પદ લેતી રે. શી૦૬**

**સંક્ષેપાર્થ :–** અનેક પ્રકારના ભાંગા અને ત્રિભંગીઓ ઇત્યાદિક પ્રભુમાં રહેલી છે, તે ચિત્તને ચમત્કારરૂપ લાગે છે. કારણ કે તે આશ્ચર્યકારક એવી જુદા જુદા ચિત્રવિચિત્ર પ્રકારની છે. આવી આશ્ચર્યકારક ત્રિભંગીઓ જેનામાં હોય તે આત્માઓ આનંદઘનરૂપ મોક્ષપદને પામે છે. ભગવાન સિવાય બીજામાં આવા ગુણો સંભવે નહીં. ।।૬।।

---

## (૧૦) શ્રી શીતલનાથ સ્વામી

### શ્રી દેવચંદ્રજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(આદર જીવ ક્ષમા ગુણ આદર....એ દેશી)

**શીતલ જિનપતિ પ્રભુતા પ્રભુની, મુજથી કહિય ન જાયજી;**
**અનંતતા નિર્મલતા પૂર્ણતા, જ્ઞાન વિના ન જણાયજી. શી૦૧**

**સંક્ષેપાર્થ :–** શ્રી શીતલનાથ પ્રભુની અનંત અવિનશ્વર આત્માની પ્રભુતા એટલે ઐશ્વર્યનું વર્ણન મારા જેવા અલ્પમાત્ર ક્ષયોપશમવાળાથી કરી શકાય નહીં. આપના જ્ઞાનની અનંતતા, નિર્મળતા અને સંપૂર્ણતા તે કેવળજ્ઞાન વિના જાણી શકાય નહીં, તો વર્ણવી તો ક્યાંથી શકાય ? ।।૧।।

**ચરમજલધિ જલ મિણે અંજલિ, ગતિ જીપે અતિવાયજી;**
**સર્વ આકાશ ઓલંઘે ચરણે, પણ પ્રભુતા ન ગણાયજી. શી૦૨**

**સંક્ષેપાર્થ :–** ચરમ એટલે છેલ્લા સ્વયંભૂરમણ સમુદ્રના જળને કોઈ હાથની અંજલિ વડે મિણે એટલે માપી શકે, અથવા કોઈ ઉગ્ર ગતિથી અતિવાય એટલે પ્રલયકાળના પવનથી પણ ઉતાવળો ચાલી શકે, અથવા કોઈ ચરણે એટલે પગથી ચાલીને અનંત એવા આકાશને પણ માનો કે ઓલંઘી શકે; તો પણ સિદ્ધ, અરિહંત પરમાત્માની પ્રભુતાનો કદી પાર પામી શકાય નહીં. ક્ષાયોપશમ શક્તિવાળાથી કદાપિ તે ગણી શકાય નહીં. એવી અનંત પ્રભુતા વીતરાગ પ્રભુને વિષે છે. ।।૨।।

**સર્વ દ્રવ્ય પ્રદેશ અનંતા, તેહથી ગુણ પર્યાયજી;**
**તાસ વર્ગથી અનંત ગુણું પ્રભુ, કેવલજ્ઞાન કહાયજી. શી૦૩**

**સંક્ષેપાર્થ :–** સંસારમાં જીવઅજીવાદિ કેટલા ? તો કે અનંતા. તેથી સર્વદ્રવ્યના પ્રદેશો અનંતા છે, તેમાં પણ આકાશ દ્રવ્યની અનંતતા તો અતિ વિશાળ છે. તેહથી પણ ગુણની અનંતતા વિશેષ, ગુણોથી પણ પર્યાયની અનંતતા ઘણી છે. તે સર્વ દ્રવ્યના-પ્રદેશ, ગુણ, પર્યાયનો વર્ગ કરતાં જે સંખ્યા આવે તેના કરતાં પણ અનંતગણું શ્રી પ્રભુજીનું કેવળજ્ઞાન કહેવાય છે. ।।૩।।

**કેવલ દર્શન એમ અનંતુ, ગ્રહે સામાન્ય સ્વભાવજી;**
**સ્વપર અનંતથી ચરણ અનંતુ, સ્વરમણ સંવર ભાવજી. શી૦૪**

**સંક્ષેપાર્થ :–** કેવળજ્ઞાનગુણની જેમ કેવળદર્શન પણ અનંતુ છે. એ કેવળદર્શન સર્વ પદાર્થના અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમયત્વાદિ સામાન્ય સ્વભાવને ગ્રહણ કરે છે.

પોતાના સ્વ આત્મધર્મમાં રમણતા અને પોતાથી ભિન્ન એવા જીવ



અજીવાદિ સર્વ પરધર્મમાં અરમણતા એટલે સ્વસ્વરૂપમાં રમણતા અને પરભાવની નિવૃત્તિ એ ચારિત્રની પરિણતિનું સ્વરૂપ છે. એમ પ્રભુનો ચારિત્રગુણ પણ અનંત પર્યાયથી યુક્ત હોવાથી અનંત છે. તથા અનાદિની પરભાવોમાં જતી વૃત્તિને રોકી સ્વઆત્મ-પરિણતિમાં રાખવી એ સંવરભાવ છે, તે ચારિત્રગુણની અનંતતા છે. ।।૪।।

**દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ, રાજનીતિ એ ચારજી;**
**ત્રાસ વિના જડ ચેતન પ્રભુની, કોઈ ન લોપે કારજી. શી૦૫**

**સંક્ષેપાર્થ :–** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ શ્રી વીતરાગ અરિહંત મહારાજની રાજનીતિ ચાર પ્રકારની છે. પ્રભુ કોઈને ત્રાસ આપતા નથી. છતાં જગતમાં રહેલા સર્વ જડ ચેતન પદાર્થોના ગુણ, સ્વભાવ, પર્યાય, પ્રભુની આજ્ઞારૂપી કારને લોપતા નથી, અર્થાત્ સર્વ પદાર્થોનું ત્રણે કાળમાં થનાર પરિણમન ભગવાને જેમ કેવળજ્ઞાનવડે જાણ્યું છે તેમજ સર્વ પદાર્થો પ્રવર્તી રહ્યા છે.

રાજાની આજ્ઞાને જગતમાં કોઈ માન્ય ન કરે પણ અરિહંત પરમાત્માની આજ્ઞાને સૃષ્ટિમાં સર્વ જડ ચેતન પદાર્થો માન્ય રાખે છે. કેમકે પ્રભુએ કેવળ દર્શનબળે જેમ જોયું છે તેમજ નિરૂપણ કર્યું છે. અને તે પ્રમાણે જ સર્વ પદાર્થો પ્રભુની આજ્ઞાનો લોપ કર્યા વિના સર્વ કાળમાં પ્રવર્તે છે. ।।૫।।

**શુદ્ધાશય થિર પ્રભુ ઉપયોગે, જે સમરે તુજ નામજી;**
**અવ્યાબાધ અનંતું પામે, પરમ અમૃત સુખધામજી. શી૦૬**

**સંક્ષેપાર્થ :–** જે ભવ્યાત્મા માત્ર મોક્ષ પ્રાપ્તિનો જ અભિલાષ રાખી સ્થિર થઈને પોતાના ઉપયોગને પ્રભુગુણમાં જોડે, તથા જે પ્રભુના નામનું ધ્યાન કર્યા કરે તે અવ્યાબાધ કહેતા બાધાપીડા રહિત એવા આત્માના અનંત સુખને પામે છે. તે અવ્યાબાધ સુખ કેવું છે તો કે પરમ અમૃતસ્વરૂપ આત્માના જ્ઞાનાદિ અનંત સુખનું જ ધામ છે. ।।૬।।

**આણા ઈશ્વરતા નિર્ભયતા, નિર્વાંછકતા રૂપજી;**
**ભાવ સ્વાધીન તે અવ્યય રીતે, ઇમ અનંત ગુણભૂપજી. શી૦૭**

**સંક્ષેપાર્થ :–** પ્રભુની આણા એટલે આજ્ઞા જગતમાં કોઈ લોપે નહીં. પ્રભુ સહજ અનંત ગુણ સંપત્તિના ઐશ્વર્યવાળા હોવાથી ખરા ઈશ્વર છે. સર્વ ભયોથી રહિત હોવાથી નિર્ભય છે. પરસંપત્તિના ઇચ્છુક ન હોવાથી નિર્વાંછકતા રૂપવાળા છે. પ્રભુ કર્મભાવથી રહિત હોવાથી સ્વાધીન છે અર્થાત્ સ્વભાવયુક્ત

છે. અને તે પણ અવ્યય રીતે એટલે તે આત્મભાવ શુદ્ધ ચિદાનંદમયી હોવાથી તેનો કદી પણ નાશ થવાનો નથી એમ પ્રભુ અનંતગુણના ભૂપ છે અર્થાત્ સ્વામી છે. ।।૭।।

**અવ્યાબાધ સુખ નિર્મળ તે તો, કરણજ્ઞાને ન જણાયજી;**
**તેહ જ એહનો જાણંગ ભોક્તા, જે તુમ સમ ગુણરાયજી. શી૦૮**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! આપનું અતિન્દ્રિય અવ્યાબાધ એટલે બાધા પીડા રહિત સુખ છે તે તો સાવ નિર્મળ છે. તે સુખનો અનુભવ, કરણ એટલે ઇન્દ્રિયોના જ્ઞાનવડે થઈ શકે નહીં. પણ જે અવ્યાબાધ સુખના જાણંગ એટલે જાણવાવાળા કે ભોક્તા એટલે ભોગવવાવાળા તમારા જેવા ગુણના રાય કેહતા સ્વામી થયા છે અર્થાત્ જે સર્વ ગુણોને પામ્યા છે તે જ જાણી શકે છે, અનુભવી શકે છે. ।।૮।।

**એમ અનંત દાનાદિક નિજ ગુણ, વચનાતીત પંડુરજી;**
**વાસન ભાસન ભાવે દુર્લભ, પ્રાપ્તિ તો અતિ દૂરજી. શી૦૯**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! એમ અનંત દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય આદિ નિજ કહેતા પોતાના આત્મગુણો આપને જે પ્રગટ્યા છે, તે વચનથી અતીત એટલે અગોચર છે, કહી શકાય નહીં. તથા પંડુર કહેતા મોટા છે. તેવા મોટા આત્મગુણોની વાસન એટલે શ્રદ્ધા, ભાસન કહેતા જ્ઞાન પણ સાચા ભાવે થવું દુર્લભ છે; તો તે ગુણોની પ્રાપ્તિ થવી તો અત્યંત દુર્લભ છે. ।।૯।।

**સકલ પ્રત્યક્ષપણે ત્રિભુવન-ગુરુ, જાણું તુજ ગુણગ્રામજી;**
**બીજું કાંઈ ન માગું સ્વામી, એહિ જ છે મુજ કામજી. શી૦૧૦**

**સંક્ષેપાર્થ :–** હે ત્રણ લોકના નાથ જગતગુરુ! સકલ દ્રવ્ય, ગુણ, પર્યાયને હું પ્રત્યક્ષપણે કેવળજ્ઞાન વડે જાણું, એટલી મારી અભિલાષા છે. એ સિવાય બીજું આપની પાસે કાંઈ પણ માંગતો નથી. સદા તારા ગુણગ્રામ કરવા એ જ મારું એક કરવાયોગ્ય કામ છે. ।।૧૦।।

**એમ અનંત પ્રભુતા સદ્દહતાં, અર્ચે જે પ્રભુરૂપજી;**
**દેવચંદ્ર પ્રભુતા તે પામે, પરમાનંદ સ્વરૂપજી. શી૦૧૧**

**સંક્ષેપાર્થ :–** એમ પ્રભુની અનંત પ્રભુતા એટલે પ્રગટેલ આત્મ ઐશ્વર્યને સદ્દહતા કહેતા શ્રદ્ધા કરીને, પ્રભુના શુદ્ધ સ્વરૂપને જે અર્ચે કહેતા ભાવભક્તિ સહિત પૂજે તે પુણ્યાત્મા દેવોમાં ચંદ્ર સમાન એવા પ્રભુની આત્મઐશ્વર્યમય



પ્રભુતાને પામે છે, કે જે પૂર્ણ પરમાનંદ સ્વરૂપમય છે. ।।૧૧।।

---

# (૧૦) શ્રી શીતલનાથ સ્વામી

## શ્રી યશોવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

**શ્રી શીતલજિન ભેટિયે, કરી ભક્તે ચોખ્ખું ચિત્ત હો;**
**તેહથી કહો છાનું કિશ્યું, જેહને સોંપ્યા તન મન વિત્ત હો. શ્રી૦૧**

**અર્થ :–** ભક્તિવડે ચિત્તને નિર્મળ કરી આપણે શ્રી શીતલનાથ પ્રભુને ભેટીએ. જેને તન, મન અને ધન એ સર્વ અર્પણ કર્યા હોય તેનાથી કહો ગુપ્ત શું હોઈ શકે? કાંઈ જ નહીં.

**ભાવાર્થ :–** જીવમાત્રને શારીરિક, માનસિક અને આધ્યાત્મિક એમ દરેક પ્રકારની શીતલતા અર્પનાર એવા શ્રી દશમા શીતલપ્રભુની સ્તુતિ કરતાં સતા સ્તુતિકાર આ પહેલી કડીના પ્રારંભમાં ભવ્ય જીવોને ઊદ્દેશીને કહે છે કે, હે ભવ્ય જીવો! આપણે મનને નિર્મળ કરીને, નિષ્કપટ કરીને ભક્તિવડે શ્રી શીતલ પ્રભુને ભેટીએ અર્થાત્ તેમના સ્વરૂપચિંતનમાં તન્મય થઈએ. આ પ્રમાણે પ્રભુના સ્વરૂપનું ચિંતન કરવામાં લીન થવાથી મન ઉપરનાં મલિન આવરણો દૂર થઈ જાય છે અને તે નિર્મળ બને છે. કર્ત્તા આગળ જતાં કહે છે કે જે વ્યક્તિને આપણે આપણું શરીર, મન તથા ધન એ સર્વ અર્પણ કર્યું હોય તેનાથી આપણે કશું છાનું રાખવાનું હોય નહીં. રાખવાથી ઊલટી પોતાને હાનિ થાય! તેમ પ્રભુના સંબંધમાં પણ સમજવું. આ ઉપરથી કહેવાનો આશય એ છે કે પ્રભુને સંપૂર્ણપણે પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા મુમુક્ષુએ, પ્રભુને સરળપણે નિષ્કપટભાવે પોતામાં રહેલી દરેક ખામીઓ-અવગુણો, સંપૂર્ણ વિશ્વાસ રાખીને જાહેર કરી દેવા, એટલે યોગીરાજ આનંદઘનજીના શબ્દોમાં કહીએ તો 'કપટરહિત થઈને આત્માર્પણ કરવું.' એમ કરવાથી જ પ્રભુના સ્વરૂપને પ્રાપ્ત કરી પરિણામે તેમને ભેટી શકાય છે. પણ પોતામાં રહેલી ખામીઓ કોઈ વિરલ જીવ જ જાણી શકે છે અને જાણ્યા પછી પણ સુભાગ્યનો ઉદય હોય તો જ તે પ્રભુ આગળ જાહેર કરી શકાય છે. ।।૧।।

**દાયક નામે છે ઘણા, પણ તું સાયર તે કૂપ હો;**
**તે બહુ ખજવા તગતગે, તું દિનકર તેજસ્વરૂપ હો.શ્રી૦૨**

**અર્થ :–** દાતારનું નામ ધરાવનારા દેવો તો જગતમાં ઘણા છે પણ તે

સર્વમાં તું તો સાયર એટલે સમુદ્ર સમાન છો અને તેઓ કૂવા સમાન છે. તેઓ બધા ખજવા એટલે આગીયા નામના જીવડાની પેઠે અલ્પ પ્રકાશક છે જ્યારે તું તો દિનકર એટલે સૂર્યની જેમ પરમ તેજસ્વી છો.

**ભાવાર્થ :—** હે પ્રભુ ! આ જગતમાં દાતાર તરીકે પોતાને ગણતા અને કહેવરાવતા ઘણા દેવો છે. છતાં હું તો આપની પાસે જ યાચના કરવા આવ્યો છું. તેનું કારણ એ છે કે કૂવો જેમ ક્યારેક સુકાઈ જાય અને ક્યારેક વળી ઘણા જનસમુહને જળ પૂરું પાડે છે; તેમ તે દેવો પણ રાગી દ્વેષી હોવાથી કોઈના આ ભવ સંબંધી પુણ્ય હોય તો મનોવાંછિત પૂરે છે. જ્યારે આપ તો સમુદ્ર જેવા છો એટલે સમુદ્રની કોઈ અવજ્ઞા કરે અથવા કોઈ તેની શ્રીફળ આદિથી પૂજા કરે છતાં તેની દરકાર ન કરતાં તે તો દરેકની ઉપર સમભાવવાળો રહે છે, અને પોતાની પારાવાર જળઋદ્ધિથી ક્યારે પણ અભિમાની થતો નથી, તે મુજબ આપ પણ પૂજકને અને નિંદકને સમ ગણી દરેક જીવનું કલ્યાણ કેમ થાય ? સર્વ જીવ શાસનરસિક કેમ બને ? એવી ચિંતા-દયાભાવ રાખી દરેક અર્થી જીવની મનઃકામનાઓ કોઈપણ જાતના પક્ષપાત વગર પૂરી પાડો છો. અને એવી મને આપનામાં શ્રદ્ધા હોવાથી સેવ્યરૂપે મેં આપને જ સ્વીકાર્યા છે. વળી એનું બીજું કારણ એ પણ છે કે ખદ્યોત એટલે આગીઆ નામના કીડાઓ જેમ માત્ર જરા જરા પ્રકાશ આપીને વિરમે છે, તેની પેઠે તે સર્વ દેવો ક્વચિત્ કોઈના પુણ્યપ્રભાવે કોઈ પ્રકારના સાંસારિક મનોરથો પૂરે છે અને પુણ્યના અભાવે કંઈ કરી શકતા નથી. વળી કોઈવાર જો કોપે તો ઊલટા કોઈનું અમંગળ પણ કરવા તૈયાર થઈ જાય છે. એટલે તેઓ તો ખદ્યોત જેવા છે. પણ સૂર્ય જેમ સર્વ ઉચ્ચનીચ મનુષ્યોને સરખો જ પ્રકાશ આપે છે, તેમ આપ પણ દરેક શરણાગત જીવના અંતઃકરણમાંથી, કોઈપણ જાતના ભેદભાવ વિના અજ્ઞાન અંધકારને દૂર કરી તેઓને નિરંતર જ્ઞાનપ્રકાશ કાંઈપણ સંકોચ વિના આપો છો ! આ સર્વ હકીકતો મને સારી રીતે વિદિત હોવાથી જ હું આપની હજુરમાં સેવકરૂપે ઉપસ્થિત થયો છું. ॥૨॥

**મોટો જાણી આદર્યો, દારિદ્ર ભાંજો જગતાત હો;**
**તે કરુણાવંત શિરોમણિ, હું કરુણાપાત્ર વિખ્યાત હો. શ્રી૦૩**

**અર્થ :—** હે જગતપિતા ! મેં આપને મોટા જાણીને અંગીકાર કર્યા છે, તો હવે તમે મારી દરિદ્રતાને ભાંગી નાખો. દયાળુઓમાં આપ જ સર્વથી શ્રેષ્ઠ છો અને આપની કૃપા પામવાને યોગ્ય એવો હું પણ જગતમાં પંકાએલો પાત્ર છું.



**ભાવાર્થ :—** હે જગત્‌વત્સલ મહાપ્રભુ ! જગતને વિષે વર્તતા સર્વ દેવોને મેં જોયા અને તેમનાં ચરિત્રો પણ જાણ્યાં, તથા તેમના સ્વરૂપ, સ્થિતિ અને સામર્થ્ય આદિ સર્વનું મેં સૂક્ષ્મ રીતે અવલોકન કર્યું. અને ત્યારબાદ આપની સાથે એઓની તુલના કરી. તેના પરિણામે આપ એ સરખામણીમાં સર્વોત્તમ ભાસ્યા. એટલા માટે મેં આપને પૂજ્ય, ધ્યેય, ઉપાસ્ય અને આરાધ્ય જાણી અંગીકાર કર્યા છે. તો હવે મારી અનાદિકાળની સ્વસ્વરૂપ ગુમાવી બેસવા જેવી નિષ્કૃષ્ટ સ્થિતિને દૂર કરી મને આત્મસમૃદ્ધિ પ્રાપ્ત કરાવી આપો. કારણ કે હવે મેં આપનું શરણ લીધું છે ! હવે આપ જેવા મારા ઉપર કૃપાદૃષ્ટિ નહિ કરો તો અન્ય કોણ કરવા સમર્થ છે ? વળી આપ દયાળુપણાની સ્થિતિમાં પણ સર્વથી ઉચ્ચપદ ધરાવો છો. અન્ય દેવો તો ભૂલથી પણ કોઈ ઉપાસનામાં ખામી રહેવા પામે તો તેના ઉપર દ્વેષ રાખી તેને અનેક પ્રકારની યાતના-પીડા ઉપજાવે છે ! જ્યારે આપ એટલા બધા શરણાગતવત્સલ અને ભાવદયાધારક છો કે આપને કોઈ ઈરાદાપૂર્વક પ્રાણાંત કષ્ટ આપે તો પણ તેનું એકાંત હિત કેમ થાય ? તે તરફ જ માત્ર આંતરિક વલણ ધરાવો છો પણ તેના કાર્ય તરફ તો જોતાં જ નથી ! આપ એવા મહા કરુણાળુ છો અને હું એવી મહા કરુણાને મેળવવા યોગ્ય જગત વિખ્યાત પાત્ર છું. માટે મારા ઉપર કૃપા કરી મારો ઉદ્ધાર કરો. ॥૩॥

**અંતરજામી સવિ લહો, અમ મનની જે છે વાત હો;**
**મા આગળ મોસાળના, શા વરણવવા અવદાત હો. શ્રી૦૪**

**અર્થ :—** હે અંતર્યામી ભગવાન ! મારા મનની દરેક વાત આપ જાણો છો તો હવે મા આગળ મોસાળપક્ષના માણસોના અવદાત એટલે તેમની હકીકતના શા વર્ણન કરવા ? તે તો સર્વ જાણે છે. તેમ આપ તો પ્રભુ સર્વ જાણો છો.

**ભાવાર્થ :—** હે પ્રભુ ! આપને વિશેષ શું કહું ? આપ બધું જાણો છો. અનુપમ જ્ઞાની હોવાથી હું આપની પાસે શા માટે આવ્યો છું ? અને મારા મનમાં શી આકાંક્ષા છે ? એ સર્વ આપનાથી લેશ પણ અજાણ્યું નથી. જેમ પોતાની મા આગળ માતૃપક્ષના કુટુંબીજનોનાં વૃત્તાંતો વર્ણવવાની જરૂર હોય નહિ કારણ કે તે તો સર્વ જાણે જ છે. તેમ આપ તો વળી સર્વજ્ઞ છો તેથી આપની પાસે વધારે કહેવાની કાંઈ જરૂર હોય નહીં. ॥૪॥

**જાણો તો તાણો કિશ્યું ? સેવા ફલ દીજે દેવ હો;**
**વાચક યશ કહે ઢીલની, એ ન ગમે મુજ મન ટેવ હો. શ્રી૦૫**

**અર્થ :—** આપ સર્વ જાણો છો તો શા માટે તાણી રાખો છો ? હે દેવ !

આપની સેવા કરવાનું જે કાંઈ ફળ હોય તે મને શીઘ્ર આપો. વાચક યશોવિજયજી કહે છે કે આપની ઢીલ કરવાની એ ટેવ મારા મનને જરાપણ રુચતી નથી.

**ભાવાર્થ :–** હે દયાળુદેવ! જ્યારે આપ મારી બધી સ્થિતિ જાણો છો તો પછી મારી માગણીનો તરત સ્વીકાર કેમ કરતા નથી? વિલંબ શા માટે કરો છો? આપ ફળ આપવામાં વિલંબ કરો છો એથી મને આશ્ચર્ય થાય છે! હવે તો આપની સેવાનું જે કાંઈ અંતિમ ફળ હોય તે મને વિના વિલંબે આપો. હવે હું ધૈર્ય ધારણ કરી શકતો નથી. આકુળવ્યાકુળ થઈ જાઉં છું. વાચક મહાશય કહે છે કે આપની આ વિલંબ કરવાની ટેવ મને જરાપણ ગમતી નથી!

મોટા પુરુષો તો યાચનાની અપેક્ષા જ રાખતા નથી! તેઓ તો અર્થીની ઇચ્છાને સ્વયંમેવ જાણી લે છે અને તત્કાળ યોગ્યતા અનુસાર તે પૂરી કરે છે. અને આપ મારી આટલી બધી પ્રાર્થના છતાં ઢીલ કરો છો એ મારાથી કેમ ખમાય? એ બાબત હું આપને શું કહું? આપ જ એનો વિચાર કરો! અને મારું કથન વ્યાજબી જણાતું હોય તો સત્વર મારા ઇષ્ટની સિદ્ધિ કરી આપો! કેમકે મને એક માત્ર આપનું જ શરણ છે. ।।૫।।

---

# (૧૦) શ્રી શીતલનાથ સ્વામી

## શ્રી મોહનવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(ઘોડી તો આઈ થારા દેશમાં–એ દેશી)

**શીતળ જિનવર સેવના, સાહેબજી! શીતળ જિમ શશીબિંબ હો સસનેહી;**
**મૂરતિ મારે મન વસી, સાહેબજી, સાપુરીસાશું ગોઠડી સાહેબજી,**
**મોટો તે આલાલુંબ હો. સસનેહી૦ ૧**

**અર્થ :–** શ્રી શીતલનાથ જિનેશ્વર પ્રભુની સેવના તો હે સાહેબજી! શશી એટલે ચંદ્રનું બિંબ જેમ શીતલ હોય તેવી શીતલ છે. તે મૂર્તિ મારા મનમાં વસેલી છે. સાપુરીસાશું એટલે આવા સાચા પુરુષ સાથે ગોઠડી કહેતા મિત્રતા રાખવી તે તો આ ભવ પરભવમાં સુખ મેળવવા માટે, મોટો આલાલુંબ કહેતા પરમ આધારરૂપ છે.

**ભાવાર્થ :–** ચંદ્રના બિંબમાં જે શીતળતા છે તે તો ફક્ત શરીરને જ શીતળતા આપે છે. પરંતુ સંસારનો તાપ નિવારીને ભાવશીતળતા આપવામાં



સમર્થ તો શ્રી શીતલનાથ ભગવાનની સેવા છે. આ ભાવશીતળતા જો જીવને પ્રાપ્ત થાય તો આપણા આત્માને આધિ વ્યાધિ ઉપાધિરૂપ ત્રિવિધ તાપની આપદારૂપ ઉષ્ણતા રહી શકે નહીં. હે પ્રભુ! આપની મૂર્તિ મારા મનમાં વસી છે. વળી હે શીતલનાથ ભગવાન! તમારી સાથે જે મિત્રાચારી કરવી તે તો મોટા આલાલુંબ કહેતાં મોટા ટેકારૂપ છે અર્થાત્ મુક્તિ મેળવવામાં પરમ સહાય કરનાર છે. ।।૧।।

**ખીણ એક મુજને ન વીસરે, સા૦ તુમ ગુણ પરમ અનંત હો; સ૦**
**દેવ અવરને શું કરું સા૦ ભેટ થઈ ભગવંત હો. સ૦૨**

**અર્થ :–** હે પ્રભુ! એક ક્ષણ વાર પણ આપ વિસરતા નથી. તમારા ગુણ અનંત અપાર છે. મારે બીજા દેવને શું કરવા છે. કારણ કે મને તો આપ જેવા સર્વોત્કૃષ્ટ ભગવંતની ભેટ થઈ છે.

**ભાવાર્થ :–** જેમના ઉપર અકૃત્રિમ એટલે સાચેસાચો પ્રેમ હોય તે કોઈ રીતે ભુલાય નહીં. હે પ્રભુ! આપના એક એક પ્રદેશમાં જ્ઞાનાદિ અનંતગુણો પ્રગટ્યા છે. તેથી આપ તો અનંતગુણના નિધાન છો. તો પછી બીજા હરિહરાદિક દેવને હું શું કરું. કારણ કે તેમના તો એક એક પ્રદેશમાં વિષય કષાયાદિ દોષો ભરેલા છે. તે મારા હૃદયમાં આવી શકે નહીં. ગુણ હોય તો જ આકર્ષણ થાય. હે પ્રભુ! આપની ભેટ એટલે મેળાપ થયો છે તો હવે આપની સેવા આપો કે જેથી હું કૃતાર્થ થઈ જાઉં. ।।૨।।

**તુમે છો મુગટ ત્રિહું લોકના, સા૦ હું તુમ પગની ખેહ હો; સ૦**
**તુમે છો સઘન ઋતુ મેહુલો, સા૦ હું પશ્ચિમ દિશિ ત્રેહ હો. સ૦૩**

**અર્થ :–** તમે તો ત્રણ જગતમાં મુગટરૂપ છો. જ્યારે હું તો તમારા પગની રજ છું. હે પ્રભુ! તમે તો સઘન કહેતાં સંપૂર્ણ મેઘના વાદળા જેવા છો. જ્યારે હું તો પશ્ચિમ દિશામાં રહેલા ત્રેહ એટલે હિમ જેવો છું.

**ભાવાર્થ :–** હે પ્રભુ! આપ અધોલોક, તિર્ચ્છાલોક અને ઉર્ધ્વલોક એમ ત્રણે લોકમાં મુગટ સમાન છો. જ્યારે હું તો તમારા પગની રજ સમાન છું. આપ ગુણવાન હોવાથી સર્વના નાથ બન્યા છો જ્યારે હું તો અનંત દોષનો ભંડાર હોવાથી તમારા પગની રજ સમાન છું. વળી હે પ્રભુ! આપ વાદળાથી ભરપૂર અષાઢી ઋતુના મેઘ જેવા છો. મેઘ તો દુનિયાભરમાં વરસી હજારો વનસ્પતિને પોષણ આપવામાં અદ્વિતીય કારણ છે. જ્યારે હું તો પશ્ચિમ દિશામાં વિસ્તાર પામતો હિમનો સમૂહ હોય તેના જેવો છું, અર્થાત્ મેઘના પ્રતાપથી તો અનેક

પ્રકારના ધાન્ય વગેરે ઉત્પન્ન થાય છે, પણ તેના ઉપર જો હિમ પડે તો તે બધું નાશ પામે છે, તેવા હિમ જેવો અધમ હું છું. ।।૩।।

**નીરાગી પ્રભુ રીઝવું, સા૦ તે ગુણ નહિ મુજમાંહી હો; સ૦**
**ગુરુ ગુરુતા સાહમું જુએ સા૦ ગુરુતા તે મૂકે નાંહી હો. સ૦૪**

**અર્થ :–** નીરાગી એવા પ્રભુને કેમ રીઝવવા તે ગુણ મારામાં નથી. પણ ગુરુઓ પોતાની ગુરુતાની સામું જોઈને તે પોતાની ગુરુતાને મૂકશે નહીં તેની મને પૂર્ણ ખાત્રી છે. અર્થાત્ શ્રી શીતલનાથ ભગવાન પોતાની ગુરુતા એટલે મોટાઈ જોઈ જરૂર મારો ઉદ્ધાર કરશે. બાકી મારી પાસે વીતરાગને રીઝવવાની કોઈ આવડત નથી.

**ભાવાર્થ :–** નીરાગી પ્રભુને રીઝવવા તે ગુણ મારામાં નથી. કારણ કે પ્રભુ રાગ વિનાના અને હું સંપૂર્ણ રાગવાળો છું. આવા પ્રભુને રીઝવવા એટલે અનુકૂળ બનાવવા તેમાં લૌકિક રીતિ ચાલે નહીં. પરંતુ વીતરાગ પક્ષની લોકોત્તર રીતિ જોઈએ. એવી લોકોત્તર રીતિનો ગુણ મારામાં નથી તેથી પ્રભુને રીઝવવા મુશ્કેલ છે. છતાં રીઝવવા જ છે. એ મારો ધ્યેય પણ છે. છતાં ગુરુ એવા શ્રી શીતલનાથ ભગવાન પોતાની ગુરુતા એટલે મોટાઈપણાની સામું જુએ તો મારું કાર્ય જરૂર સિદ્ધ થાય. ।।૪।।

**મોટા સેતી બરોબરી, સા૦ સેવક કિણવિધ થાય હો; સા૦**
**આસંગો કિમ કીજીએ સા૦ તિહાં રહ્યા આલુંભાય હો. સ૦૫**

**અર્થ :–** મોટા એવા પ્રભુ સાથે સેવકની બરોબરી કેવી રીતે થઈ શકે ? આસંગો કહેતાં, ‘‘રાગભર્યો સંગ’’ પ્રભુ સાથે કેવી રીતે કરવો ? પ્રભુ તો ઘણા દૂર રહ્યા છે, છતાં મારું મન તેમનાથી આલુંભાય એટલે લોભાય છે.

**ભાવાર્થ :–** મોટા એવા પ્રભુની સાથે બરોબરી કરવી તે ઘણી મુશ્કેલ છે. ભગવાન તીર્થંકર દેવ જેવા ગુણવાળા છે, એવા ગુણો આપણે પ્રાપ્ત કરીએ તો બરોબરી થઈ કહેવાય. પણ પ્રભુની સાથે અમારે સંગ કેવી રીતે કરવો કે જેથી તે સંગ કર્યાનું ફળ અમે પામી શકીએ. પ્રભુ સાત રાજુ પ્રમાણ દૂર રહ્યા છતાં પણ મારું મન તો તેમના પ્રત્યે જ લોભાય છે. કારણ કે પ્રભુનો સંગ કરવો એ જ મારો ધ્યેય છે. જે જીવો મોક્ષે ગયા, જાય છે, અને જશે, તેમાં શ્રી વીતરાગદેવનો આસંગો કહેતાં પ્રેમભર્યો સંગ તે જ તેમાં કારણભૂત છે. માટે હું પણ એજ ઇચ્છું છું. ।।૫।।



**જગગુરુ કરુણા કીજીએ, સા૦ ન લખ્યો આભાર વિચાર હો; સ૦**
**મુજને રાજ, નિવાજશો, સા૦ તો કુણ વારણહાર હો ? સ૦૬**

**અર્થ :–** હે જગતના ગુરુ ભગવાન શ્રી શીતલનાથ ! અમારા ઉપર કરુણા કરો. આપનો આભાર એટલે ઉપકાર તો અચિંત્ય છે. તેનો અમે વિચાર કરીએ તો તે લખી શકાય એમ નથી. હે પ્રભુ ! મુજને આપ નિવાજશો એટલે આપના જેવી પદવી આપી સંતુષ્ટ કરશો તો તેમાં આપને વારણહાર એટલે અટકાવનાર આ જગતમાં બીજો કોણ છે ? કોઈ જ નથી.

**ભાવાર્થ :–** હે પ્રભુ ! આપ તો ભાવદયાના સાગર છો. જગતના ગુરુનું બીરુદ ધારણ કર્યું છે તો મારા ઉપર કરુણા કરો. આપના ઉપકારનો વિસ્તાર તો ઘણો જ છે કે આખી પૃથ્વીને કાગળ બનાવીએ, વનવૃક્ષોની કલમો બનાવીએ, સમુદ્રના પાણી જેટલી શાહી એકઠી કરીએ અને લાંબા આયુષ્યવાળી એવી સરસ્વતીને લખવા બેસાડીએ તો પણ આપના ઉપકારનું સ્વરૂપ લખી શકાય એમ નથી. કારણ કે અનંતા જીવો પૂર્વે મોક્ષે ગયા, જશે અને વળી જાય છે; તેમાં અદ્વિતીય કારણભૂત તીર્થની સ્થાપના કરવારૂપ પ્રભુનો ઉપકાર જ છે. આવા ઉપકારનું સ્વરૂપ ન લખી શકાય એ વાત સાવ સાચી છે. વળી હે પ્રભુ ! મને આપની સેવા આપી સંતુષ્ટ કરજો; તેમાં અટકાયત કરનાર આ જગતમાં કોણ હોઈ શકે ? કોઈ જ નહીં. ।।૬।।

**ઓલગ અનુભવ ભાવથી, સા૦ જાણો જાણ સુજાણ હો; સ૦**
**મોહન કહે કવિ રૂપનો, સા૦ જિનજી જીવન પ્રાણ હો. સ૦૭**

**અર્થ :–** ઓલગ કહેતા અમારી કરેલી સેવાને આપ આપના અનુભવ-જ્ઞાનના ભાવથી એટલે બળથી હે સુજાણ એવા પ્રભુ ! તમે બધું જાણો છો. શ્રી રૂપવિજયજી પંડિતના શિષ્ય શ્રી મોહનવિજયજી મહારાજ કહે છે કે હે જિનજી ! તમે તો મારા જીવનના પ્રાણાધાર છો.

**ભાવાર્થ :–** હે પ્રભુ ! આપ તો સર્વજ્ઞ છો. મારી મન વચન કાયાની સર્વ પ્રવૃત્તિને જાણો છો. મારી ઓલગ કહેતાં વિનંતિ અથવા ચાકરી, સેવા કે અરજી, એ બધી વસ્તુ આપનાથી કાંઈ અજાણી નથી. વળી હે જિનેશ્વર ! આપ તો મારા જીવનના પ્રાણાધાર છો. મારું જીવન તો પાંચ ઇન્દ્રિય, મનબળ, વચનબળ, કાયબળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્યરૂપ દસ પ્રાણના આધારે ટક્યું છે. અને તે દ્રવ્યરૂપ દસ પ્રાણ, આત્માના જ્ઞાનદર્શનાદિ ગુણરૂપ ભાવપ્રાણને

આધારે ટક્યાં છે. અને તે ભાવપ્રાણને આપનાર તો આપ જ છો. આપ 'જીવ દયાણં' છો. માટે કવિ શ્રી રૂપવિજયજીના શિષ્ય શ્રી મોહનવિજયજી મહારાજ કહે છે કે ખરેખર આપ જ મારા જીવનના પ્રાણભૂત છો. ।।૭।।

---

# (૧૧) શ્રી શ્રેયાંસનાથ સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(રાગ ગોડી-અહો મતવાલે સાજના—એ દેશી)

**શ્રી શ્રેયાંસજિન અંતરજામી, આતમરામી નામી રે;**
**અધ્યાતમ મત પૂરણ પામી, સહજ મુગતિ ગતિ ગામી રે. શ્રી૦૧**

**સંક્ષેપાર્થ :—** શ્રી શ્રેયાંસનાથ ભગવાન અમારા હૃદયના ભાવને જાણનાર હોવાથી અંતરયામી છે. આત્મસ્વરૂપમાં રમણતા કરનાર હોવાથી આતમરામી છે, અને તીર્થંકર હોવાથી નામી કહેતા ત્રણે લોકમાં વિખ્યાત છે.

જેમાં આત્માનો મુખ્ય શ્રેષ્ઠભાવ બતાવે તે અધ્યાત્મ કહેવાય. પ્રભુ અધ્યાત્મને સંપૂર્ણ પામેલા હોવાથી સહજ રીતે એટલે વિના પ્રયાસે જ મુગતિ ગતિ એટલે મોક્ષગતિ તરફ ગમન કરી રહ્યા છે. ।।૧।।

**સયલ સંસારી ઇંદ્રિયરામી, મુનિગુણ આતમરામી રે;**
**મુખ્યપણે જે આતમરામી, તે કેવલ નિષ્કામી રે. શ્રી૦૨**

**સંક્ષેપાર્થ :—** જગતમાં રહેલ સયલ એટલે સકળ સંસારી જીવો ઇન્દ્રિય રામી છે. એટલે ઇન્દ્રિયોના શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શથી ઉત્પન્ન થતાં સુખમાં તદાકારપણે પ્રવર્તનારા છે. જ્યારે આત્મજ્ઞાની મુનિઓ તો આત્માના જ્ઞાનાદિ ગુણોમાં રમનારા છે અર્થાત્ સ્વરૂપને ભજનારા છે.

મુખ્યપણે જે જ્ઞાનીપુરુષો આત્મામાં રમણતા કરનારા છે તે કેવળ એટલે તદ્દન નિષ્કામી હોય છે; અર્થાત્ પોતાની સર્વ શક્તિને જ્ઞાનધ્યાનમાં લગાવનાર હોવાથી પૌદ્ગલિક સુખની ઇચ્છાથી જેઓ સર્વથા રહિત છે. ।।૨।।

**નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહીએ રે;**
**જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહીએ રે. શ્રી૦૩**

**સંક્ષેપાર્થ :—** જે સત્પુરુષની આજ્ઞાએ આત્માર્થના લક્ષે ભક્તિ, સ્વાધ્યાય, વિચારરૂપ ધ્યાન, છ આવશ્યક વગેરેની ક્રિયાઓ કરીને પોતાના



આત્મસ્વરૂપને સાધે, તેને અધ્યાત્મ કહી શકાય.

પણ જે આત્માર્થના લક્ષ વગરની જ્ઞાનરહિત અનેક ક્રિયાઓ કરીને ચારગતિને સાધે એટલે પ્રાપ્ત કરે તેને અધ્યાત્મ કહેવાય નહીં. જેમકે કોઈ સાધુપુરુષ કે શ્રાવક શુભકરણી કરીને દેવાયુ કે મનુષ્યાયુને બાંધે કે અશુભ ક્રિયા કરીને નરક કે તિર્યંચગતિને સાધે તો તેને કંઈ અધ્યાત્મ કહેવાય નહીં. ।૩।।

**નામ અધ્યાતમ, ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે;**
**ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે. શ્રી૦૪**

**સંક્ષેપાર્થ :—** જે આત્માને જાણે નહીં કે શ્રદ્ધે નહીં તે નામ અધ્યાત્મી, બીજામાં અધ્યાત્મના ગુણ ન હોવા છતાં તેને અધ્યાત્મી માને તે ઠવણ એટલે સ્થાપના અધ્યાત્મ અને જે બહારથી યોગની સાધના કે પ્રાણાયામ વગેરે ધ્યાન કરી અધ્યાત્મનો દેખાવ કરે પણ અંદરથી વિષયકષાયની વૃત્તિવાળો હોય તે દ્રવ્ય અધ્યાત્મી કહેવાય. તે છાંડવા યોગ્ય છે; અર્થાત્ તેમનો સંગ કરવા યોગ્ય નથી.

જેની સમસ્ત ક્રિયાઓ આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે હોય એવા ભાવ અધ્યાત્મી પોતાના આત્મગુણને સાધે છે. તો તેવા ભાવ અધ્યાત્મીઓ સાથેનો સંગ ચીવટથી લઈ મંડો. ।।૪।।

**શબ્દ અધ્યાતમ અરથ સુણીને, નિર્વિકલ્પ આદરજો રે;**
**શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાણ-ગ્રહણમતિ ધરજો રે. શ્રી૦૫**

**સંક્ષેપાર્થ :—** અધ્યાત્મ શબ્દનો અર્થ સદ્ગુરુ મુખે સાંભળીને, પોતાના આત્માની નિર્વિકલ્પદશા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરજો. જેમાં સર્વોપરી આત્માને રાખી તેની પ્રાપ્તિનો યથાર્થભાવ બતાવે તે ભાવ અધ્યાત્મ છે.

શબ્દ અધ્યાત્મ એટલે શબ્દમાં અધ્યાત્મની ભજના છે, અર્થાત્ તેવા ગુણો હોય કે ન પણ હોય. માટે આ વિષયમાં પૂરેપૂરી ચકાસણી કરવા યોગ્ય છે. જેમકે કોઈને પોતાના સદ્ગુરુપદે સ્થાપતાં પહેલાં તે સાચા અર્થમાં ભાવ અધ્યાત્મને પામેલા છે કે નહીં? તે વાતની પૂરી ખાતરી કર્યા પછી 'હાણ-ગ્રહણમતિ ધરજો' એટલે તેમને છોડી દેવા કે ગુરુપદે ગ્રહણ કરવા, તેવી મતિ ધારણ કરજો. અનાદિકાળથી ગુરુ કરવામાં જીવની ભૂલ થતી આવી છે માટે આપણને ચેતાવે છે કે તે સત્સ્વરૂપ પામ્યાની પૂર્ણ ચોકસી કરવી. ।।૫।।

**અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે;**
**વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતવાસી રે. શ્રી૦૬**

**સંક્ષેપાર્થ :–** જે આત્મતત્ત્વનો વિચાર કરનારા છે તે જ ખરેખરા અધ્યાત્મી છે. બીજા જે માત્ર અધ્યાત્મની વાતો કરી વિષયકષાયમાં પ્રવર્તનારા કે મતના આગ્રહ અર્થે ઉપદેશ આપનારાઓને લબાસી એટલે કેવળ લબાડ જાણવા.

પણ ભગવાનના કહેલા આગમને સમજી વસ્તુગતે એટલે ભગવાનના કહ્યા પ્રમાણે જ વસ્તુના સ્વરૂપનો બીજાને પ્રકાશ કરનારા તે આનંદઘન મતના વાસી જાણવા. બાકી માત્ર તિલક કરનારા કે શ્વેત, પીત વસ્ત્ર પહેરનારા કે નગ્ન રહેનાર છતાં પણ જો આત્મતત્ત્વનો વિચાર નથી તો તેમને જિનેશ્વર ભગવાનના મત સાથે કોઈ સંબંધ નથી; તે જિનમતના વાસી નથી પણ માત્ર વેષધારી જાણવા. તેમના પ્રત્યે નિંદાની દૃષ્ટિ નહીં કરતા માત્ર દયાદૃષ્ટિથી જ જોવા યોગ્ય છે. ।।૬।।

---

# (૧૧) શ્રી શ્રેયાંસનાથ સ્વામી

## શ્રી દેવચંદ્રજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(પ્રાણી વાણી જિન તણી, તુમે ધારો ચિત્ત મઝાર રે....એ દેશી)

**શ્રી શ્રેયાંસ પ્રભુ તણો, અતિ અદ્ભુત સહજાનંદ રે;**
**ગુણ એક વિધ ત્રિક પરિણમ્યો, એમ ગુણ અનંતનો વૃંદ રે.**
**મુનિચંદ જિણંદ અમંદ દિણંદ પરે, નિત્ય દીપતો સુખકંદ રે. ૧**

**સંક્ષેપાર્થ :–** શ્રી શ્રેયાંસનાથ પ્રભુનો સહજ એટલે અકૃત્રિમ સ્વરૂપાનંદ અત્યંત અદ્ભુત એટલે આશ્ચર્યકારી છે.

પ્રભુનો જ્ઞાનગુણ એક છે પણ તે ત્રિક કહેતા ત્રણ પ્રકારે પરિણમે છે. એટલે કરણ, કાર્ય અને ક્રિયારૂપે પરિણમે છે. એવા પ્રભુમાં અનંત ગુણના વૃંદ એટલે સમૂહ છે. વળી પ્રભુ કેવા છે તો કે—મુનિચંદ એટલે વિષયકષાયથી રહિત પરિણતિવાળા મુનિઓમાં ચંદ્ર સમાન, જિણંદ કહેતા સામાન્ય કેવળીઓમાં ચંદ્ર સમાન, અમંદ કહેતા પ્રકાશમાન, દિણંદ એટલે સૂર્યની જેમ દીપતો એટલે હમેશાં દેદીપ્યમાન છે તેજ જેમનું, તથા સુખકંદ એટલે સુખનો જ સમૂહ છે જેની પાસે, એવા પ્રભુના સર્વ ગુણો સ્વકાર્યના કર્ત્તા છે. હવે એક એક ગુણ ત્રણ પ્રકારે કેવી રીતે પરિણમે છે તે આગળની ગાથામાં જણાવે છે. ।।૧।।



**નિજ જ્ઞાને કરી જ્ઞેયનો, જ્ઞાયક જ્ઞાતા પદ ઈશ રે;**
**દેખે નિજ દર્શન કરી, નિજ દૃશ્ય સામાન્ય જગીશ રે. મુ૰૨**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ ! આપ પોતાના કેવળજ્ઞાન ગુણે કરી સર્વ જગતમાં રહેલા જ્ઞેય પદાર્થોના જ્ઞાયક એટલે જાણવાવાળા છો. માટે જ્ઞાતાપદના ઈશ કહેતા સ્વામી છો. અહીં કેવળજ્ઞાન ગુણ એ કારણ છે અને સર્વ જ્ઞેયનું જાણવું એ કાર્ય છે. તથા કેવળજ્ઞાનની પ્રવૃત્તિ એ ક્રિયા છે.

તેમજ પ્રભુ પોતાના નિજ દર્શન એટલે કેવળ દર્શન ગુણે કરીને નિજ દૃશ્ય એટલે પોતાને દેખવા યોગ્ય સર્વ દ્રવ્યોની તથા પોતાની અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વાદિ સામાન્ય ગુણોની જગીશ કહેતા સંપત્તિને પ્રભુ સહજપણે જુએ છે. એમ કેવળજ્ઞાન કે કેવળદર્શન ગુણના કારણ વડે, જાણવાની કે જોવાની પ્રવૃત્તિરૂપ ક્રિયા કરીને સર્વ જ્ઞેયપદાર્થને જાણવારૂપ કાર્ય પ્રભુ હમેશાં કરે છે. એમ પ્રત્યેક ગુણ પોતાની પ્રવૃત્તિ ત્રણ પ્રકારે કરે છે. ।।૨।।

**નિજ રમ્યે રમણ કરો, પ્રભુ ચારિત્રે રમતા રામ રે;**
**ભોગ્ય અનંતને ભોગવો, ભોગે તેણે ભોક્તા સ્વામ રે. મુ૰૩**

**સંક્ષેપાર્થ :–** હવે ચારિત્રગુણનું ત્રણ પ્રકારે પરિણમન જણાવે છે :—

હે પ્રભુ ! નિજ શુદ્ધ આત્મસ્વરૂપમાં રમ્ય કહેતા રમવા યોગ્ય છે એમ જાણી તેમાં જ આપ રમણતા કરો છો. પ્રભુ પોતાના ચારિત્ર ગુણે કરી શુદ્ધ સ્વરૂપી એવા આત્મારામમાં જ રમણતા કરે છે. તેથી ચારિત્રગુણરૂપ કારણવડે, તેમાં રમણતા કરવારૂપ ક્રિયા કરીને પોતાના સ્વસ્વરૂપમાં જ આપ રમવારૂપ કાર્ય કરો છો.

હવે ભોગગુણની ત્રિવિધતા કહે છે. ભોગ્ય એટલે ભોગવવા યોગ્ય એવી આત્માની અનંત જ્ઞાન ગુણાદિ સંપદાને આપ ભોગવો છો માટે આપ ભોક્તા છો. ભોગગુણના કારણ વડે ભોગગુણની પ્રવૃત્તિરૂપ ક્રિયા કરીને નિજગુણ ભોક્તારૂપ કાર્યને કરો છો માટે આપ ભોક્તાગુણના પણ સ્વામી છો. ।।૩।।

**દેય દાન નીત દીજતે, અતિ દાતા પ્રભુ સ્વયમેવ રે;**
**પાત્ર તુમ્હે નિજ શક્તિના, ગ્રાહક વ્યાપકમય દેવ રે. મુ૰૪**

**સંક્ષેપાર્થ :–** હવે દાન ગુણ અને લાભગુણની ત્રિવિધતા જણાવે છે :—

હે પ્રભુ ! આપના દાનાંતરાય કર્મનો ક્ષય થવાથી દેય એટલે દેવા યોગ્ય વીર્યની સહકારતાનું દાન આપ પોતાના સર્વ ગુણને નિત કહેતા હમેશાં દીજતે

કહેતા આપો છો. માટે આપ જ સ્વયં દેય દાન અને દાતાસ્વરૂપ છો. તથા જે ગુણને વીર્યની સહકારતા મળી તે લાભ. એમ દાન અને લાભ પ્રવર્તે છે.

વળી હે સ્વામી! તમે નિજ અનંતગુણ પર્યાયરૂપ આત્મશક્તિના પાત્ર એટલે આધાર છો, તેના જ ગ્રાહક છો તથા તે શક્તિના વ્યાપક એટલે તેમાં જ તન્મયતાપૂર્વક વ્યાપવાવાળા પણ તમે જ છો. ॥૪॥

**પરિણામિક કારજ તણો, કર્તા ગુણ કરણે નાથ રે;**
**અક્રિય અક્ષય સ્થિતિમયી, નિઃકલંક અનંતી આથ રે. મુ૰૫**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! આપના અવ્યાબાધાદિ અનંતગુણોમાં પરિણમન કરવારૂપ કાર્યના કર્ત્તા આપ જ છો. તે કેવી રીતે? તો કે ગુણકરણે કરી એટલે અવ્યાબાધાદિ ગુણ તે કરણ અને તે કરણનું જે સુખાનુભવાદિ ફળ તે કાર્ય તથા ગુણની પ્રવૃત્તિ તે ક્રિયા; તે ત્રણેના કર્ત્તા હે નાથ તમે જ છો.

વળી પ્રભુ આપ સિદ્ધપણું પામેલ હોવાથી ચલયોગની ક્રિયા રહિત છો માટે અક્રિય પણ છો. આયુષ્ય કર્મનો સર્વથા નાશ થવાથી આપ અક્ષય સ્થિતિવાળા છો. તથા નિષ્કલંક એટલે સર્વ પ્રકારના કર્મકલંકથી રહિત હોવાથી આપ નિષ્કલંક છો. તથા આપની પાસે અનંતી આથ કહેતાં આત્મસંપદા છે, તેના આપ સ્વામી પણ છો. ॥૫॥

**પરિણામિક સત્તા તણો, આવિર્ભાવ વિલાસ નિવાસ રે;**
**સહજ અકૃત્રિમ અપરાશ્રયી, નિર્વિકલ્પ ને નિઃપ્રયાસ રે. મુ૰૬**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! આપની અનંતગુણ પર્યાયયુક્ત પારિણામિક સ્વસત્તા નિરાવરણ થઈને તેનો સંપૂર્ણ આવિર્ભાવ થયો અર્થાત્ સ્વસત્તા સંપૂર્ણ પ્રગટ થઈ, તેનો જ આપ વિલાસ કહેતાં અનુભવ કરો છો અને તેમાં જ સદા નિવાસ કરો છો.

તે આત્મ અનુભવ સહજ એટલે સ્વભાવથી જન્મેલો છે. અકૃત્રિમ એટલે બનાવટી નથી. વાસ્તવિક છે અને અપરાશ્રયી કહેતા પરવસ્તુના આધાર વિનાનો છે તેમજ નિર્વિકલ્પ તથા નિષ્પ્રયાસ કહેતા ઉદ્યમ વગર જ તે આત્મ અનુભવના આપ ભોક્તા છો. ॥૬॥

**પ્રભુ પ્રભુતા સંભારતાં, ગાતાં કરતાં ગુણગ્રામ રે;**
**સેવક સાધનતા વરે, નિજ સંવર પરિણતિ પામ રે. મુ૰૭**

**સંક્ષેપાર્થ :–** પ્રભુના અનંત ગુણ ઐશ્વર્યને સ્મૃતિમાં લાવતાં તથા તેની



ગાઈને સ્તુતિ કરતાં, ગુણગ્રામ કરતાં પ્રભુનો સેવક એવો ભક્ત આત્મસ્વરૂપને શુદ્ધ કરવાના સાધનને પામી પોતાની સંવર પરિણતિ એટલે આત્મસ્વભાવની રમણતાને પામે છે. ॥૭॥

**પ્રગટ તત્ત્વતા ધ્યાવતાં, નિજ તત્ત્વનો ધ્યાતા થાય રે;**
**તત્ત્વરમણ એકાગ્રતા, પૂરણ તત્ત્વે એહ સમાય રે. મુ૰૮**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! આપની પ્રગટ તત્ત્વતા એટલે આત્મસંપદાને સદ્ગુરુ કે શાસ્ત્ર દ્વારા જાણી તેનું ધ્યાન-ચિંતવન કરતાં પોતે પણ નિજ આત્મસત્તાનો ધ્યાતા એટલે ધ્યાન કરનારો થાય છે. અનુક્રમે એમ આત્મતત્ત્વમાં રમણતા કરી એકાગ્ર થતાં શ્રેણી માંડી અંતે પૂર્ણ શુદ્ધ આત્મસ્વરૂપને પોતે પણ પામે છે. ॥૮॥

**પ્રભુ દીઠે મુજ સાંભરે, પરમાતમ પૂર્ણાનંદ રે;**
**દેવચંદ્ર જિનરાજના, નિત્ય વંદો પય અરવિંદ રે. મુ૰૯**

**સંક્ષેપાર્થ :–** પ્રભુની વીતરાગ મુદ્રાના દર્શન થતાં, તે વીતરાગી પરમાત્માનો અનંત અવિનાશી પૂર્ણ આનંદ સાંભરે છે. માટે દેવોમાં ચંદ્ર સમાન જિનરાજના ચરણકમળની હમેશાં તમે વંદના કરો. ॥૯॥

---

# (૧૧) શ્રી શ્રેયાંસનાથ સ્વામી

## શ્રી યશોવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(કર્મ ન છૂટે રે પ્રાણિયા—એ દેશી)

**તુમે બહુ મૈત્રી રે સાહેબા, મારે તો મન એક;**
**તુમ વિણ બીજો રે નવિ ગમે, એ મુજ મોટી રે ટેક.**
**શ્રી શ્રેયાંસ કૃપા કરો. ૧**

**અર્થ :–** હે પ્રભુ! આપને તો ઘણા મિત્રો છે. પણ મારે મન તો પ્રભુ આપ એક જ છો, તમારા વિના કોઈ અન્ય દેવ મને ગમતા નથી. એ મારી મોટી ટેક છે. માટે હે શ્રેયાંસનાથ પ્રભુ! મારા ઉપર કૃપા કરીને હવે મને ભવસાગરથી પાર ઉતારો.

**ભાવાર્થ :–** જીવ માત્રનું શ્રેય એટલે કલ્યાણ કરનાર એવા અગ્યારમાં પ્રભુ શ્રેયાંસનાથની સ્તુતિ કરતાં કર્ત્તા કહે છે કે હે નાથ! આપ ઘણા જીવોને

મિત્રભાવે જુઓ છો, પણ મારે મન તો આપ એક જ મારા સાચા મિત્ર-હિતચિંતક છો! જેમ પતિવ્રતા સ્ત્રીને આખા જગતમાં વિશ્રાંતિરૂપ, આધારરૂપ તેનો પતિ એક જ હોય છે, તેને જ તે પ્રાણથી અધિક દેવતુલ્ય માને છે, તેમ હે પ્રભુ! આપ વિના અન્ય દેવ મને જરા પણ પ્રિય લાગતા નથી. અન્ય દેવો તો ઊલટા મારી સેવાભક્તિની આશા રાખે છે; તેઓ મારી મનઃકામનાને તો શું પૂરી કરી શકે? એવું તેમનામાં સામર્થ્ય જ ક્યાં છે? તેથી મેં તો તારક તરીકે આપ સમર્થને જ સ્વીકાર્યા છે! આપને મૂકીને અન્ય દેવને હું ક્યારે પણ આરાધવાનો નથી! આ મારી ખાસ હાર્દિક અને અચળ ટેક-પ્રતિજ્ઞા છે! જે પામરજનો અનેક પ્રકારની સાંસારિક આશાઓની પૂર્તિને માટે અનેક દેવોને સેવે છે, તેઓના ઇષ્ટ કાર્યની સિદ્ધિ થતી જ નથી. માટે મોક્ષાર્થી જીવે પૂર્ણ પરીક્ષા કરીને જે સર્વ દોષરહિત હોય તેવા એક જ સત્યદેવને ત્રિકરણયોગે પૂર્ણ શ્રદ્ધા રાખીને સેવવા જોઈએ. અન્ય દેવોમાં કદાચ કોઈ પ્રકારનો ચમત્કાર જોવામાં આવે તો પણ તેથી મોહ પામવો ન જોઈએ. આવી ઉત્તમ દૃઢતાના ધારક કર્ત્તા પુરુષ હોવાથી ભગવાન પ્રત્યે વિનતિ કરે છે કે હે શ્રેયાંસનાથ પ્રભુ! મારે શરણ કરવા યોગ્ય તો આપ એક જ છો! તેથી મારા પર કૃપા કરીને મને ભવસાગરથી પાર ઉતારો. ॥૧॥

**મન રાખો તુમે સવિતણાં, પણ કિહાં એક મળી જાઓ;**
**લલચાવો લખ લોકને, સાથી સહજ ન થાઓ. શ્રી૦૨**

**અર્થ :—** સર્વ જનોનાં મન આપ સાચવો છો પણ કોઈકની સાથે જ એકરૂપ થાઓ છો. લાખો લોકોને આપ લલચાવો છો એટલે કે ગુણોથી આકર્ષો છો, પણ અલ્પ પુરુષાર્થીઓના આપ સહેજ સાથીદાર બનતા નથી.

**ભાવાર્થ :—** હે પ્રભુ! જેમ કોઈ ગૃહસ્થને ત્યાં ઘણા અતિથિ આવ્યા હોય તો તે દરેકને માન આપે-આદર સત્કાર કરે પણ તેમાં કોઈ પોતાનો ખાસ ઇષ્ટજન હોય તો તેનું ખૂબ સ્વાગત કરી, તેને હૃદયથી ગુપ્તમાં ગુપ્ત વાત હોય તે પણ જણાવી, તેની સાથે અભિન્નભાવે વર્તે છે. તેમ હે પ્રભુ! આપ પણ ઉપર ઉપરથી દરેકનાં મન સાચવો છો, દરેકની સેવા સ્વીકારો છો, કોઈને આપ ખોટું લગાડતા નથી પણ જે કોઈ આપનો સાચો ભક્ત હોય તેની સાથે તો આપ અભેદભાવથી મળી જાઓ છો! આવી રીતે પક્ષપાત કરવો એ આપ જેવા નિરાગીને ન ઘટે! આપને તો બધા સરખા જ હોવા જોઈએ!

વળી આપ લાખો લોકોને લલચાવો છો અર્થાત્ આપની તરફ ગુણોવડે



આકર્ષો છો. મોટી મોટી મોક્ષની આશાઓ આપો છો તેથી બિચારા અનેકજનો આપને રાતદિવસ સેવે છે; છતાં તે સર્વથી આપ તો સદા ભિન્ન જ રહો છો. તેના અલ્પ પ્રયાસથી આપ તેના સાથીદાર થઈ જતા નથી. બહુ બહુ પ્રયાસ કરવામાં આવે ત્યારે કોઈકને—લાખોમાં એકને જ આપ પ્રાપ્ત થઈ શકો છો! આવી સ્થિતિ હોવાથી મંદ વીર્યવાળા ઘણા તો આપને છોડી દે છે. છેવટ સુધી તો કોઈક અપૂર્વ વીર્યવાન ભાગ્યશાળી જ ટકી રહે છે.

આ ગાથાથી ખાતાં પીતાં પ્રભુ મળી શકતા નથી, અર્થાત્ અલ્પ પ્રયાસે પ્રભુ સાધ્ય થતાં નથી પણ અપૂર્વ વીર્ય ફોરવવાથી જ તે પ્રાપ્ત થઈ શકે એમ છે. એમને પ્રાપ્ત કરવાનું કાર્ય લોઢાના ચણા ચાવવા જેવું અતિ વિકટ અને દુષ્કર છે, એમ કર્ત્તાએ સૂચવ્યું છે. માટે પ્રમાદ છોડી અત્યંત પુરુષાર્થશીલ બનવું યોગ્ય છે. ॥૨॥

**રાગ ભરે જન મન રહો, પણ તિહું કાલ વૈરાગ;**
**ચિત્ત તુમારા રે સમુદ્રનો, કોઈ ન પામે રે તાગ. શ્રી૦૩**

**અર્થ :—** પ્રશસ્ત રાગથી ભરેલા લોકોના મન વિષે એટલે ભક્તિભાવથી ભરેલા લોકોના હૃદયમાં આપ સદા છો, છતાં ત્રણે કાળ આપ તો વીતરાગી જ રહો છો. આવા આપના ચિત્તરૂપ સમુદ્રનો કોઈ પાર પામી શકે તેમ નથી.

**ભાવાર્થ :—** હે પ્રભુ! ભક્તજનો નિરંતર જાગૃત અને સુપ્ત અવસ્થામાં આપનું જ ધ્યાન ધરે છે. એટલે કે પૂર્ણ રાગથી ભરેલા ભક્તજનના હૃદયમાં આપ સદા સ્થિત રહો છો છતાં પણ તે રાગની આપને કિંચિત્ પણ અસર થતી નથી. તે વખતે પણ આપનું અંતર તપાસીએ તો ત્યાં સદા કાળ વૈરાગ્ય જ એટલે રાગ રહિતતા જ જોવામાં આવે છે! એવા આપના વૈરાગ્યવાળા હૃદયરૂપી સમુદ્રના પારને પામવા કોણ સમર્થ છે?

પ્રભુના વાસ્તવિક સ્વરૂપને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થયું હોય તો જ જાણી શકાય. આ ઉપરથી દરેક જીવે યથાર્થ સમ્યક્દૃષ્ટિ પ્રાપ્ત કરવી જોઈએ. અને તે પ્રાપ્ત કરવા માટે સમ્યગ્દૃષ્ટિને આપનાર એવા સદ્ગુરુની શોધ કરી તેની આજ્ઞાએ વર્તવું જોઈએ. ॥૩॥

**એવા શું ચિત્ત મેળવ્યું, મેળવ્યું પહેલાં ન કાંઈ;**
**સેવક નિપટ અબુઝ છે, નિર્વહેશો તુમે સાંઈ. શ્રી૦૪**

**અર્થ :—** એવા વીતરાગી પ્રભુ સાથે હવે ચિત્તને જોડ્યું છે. પણ પહેલા આપને ઓળખી શક્યો નહીં; પણ હે પ્રભુ! આ સેવક તો નિપટ એટલે અત્યંત

અબુઝ એટલે અજાણ છે. માટે કૃપા કરીને હવે તેને આપ નિર્વહેશો એટલે તેનો નિભાવ જરૂર કરશો.

**ભાવાર્થ :–** હે પ્રભુ! યથાર્થ દૃષ્ટિને અભાવે હું ખરા દેવને પ્રથમ ઓળખી શક્યો નહીં! મારી રાગી દ્વેષી દૃષ્ટિએ રાગી દ્વેષી દેવોમાં જ દેવપણું માન્યું અને તેથી મને ઘણું નુકશાન થયું. મારો આજ સુધીનો વખત કાંઈ પણ પ્રાપ્તિ વિના નિષ્ફળ ગયો. એ હકીકત મને બહુ ખેદ ઉપજાવે છે. કારણ કે જો મને સાચા દેવની ઓળખાણ પહેલા થઈ હોત તો આજ સુધીમાં તો મેં બહુ મેળવ્યું હોત. પણ હવે 'જાગ્યા ત્યાંથી સવાર' ગણી આપ મળવાથી મને ધન્ય કૃતાર્થ માનું છું, છતાં પણ હજી હે પ્રભુ! હું બહુ અબુધ છું! માર્ગનો તદ્દન અજાણ છું. છતાં મને આશા છે કે આપ મારા જરૂર માર્ગદર્શક બનશો અને મારો નિર્વાહ કરી મારું અવશ્ય કલ્યાણ કરશો એવી મને પૂર્ણ ખાત્રી થઈ છે. ।।૪।।

**નીરાગીશું રે કિમ મિલે, પણ મળવાનો એકાંત;**
**વાચક યશ કહે મુજ મિલ્યો, ભક્તે કામણ તંત. શ્રી૦૫**

**અર્થ :–** નીરાગી પરમાત્માને કેવી રીતે મળી શકાય? તો કે એકાંતમાં પ્રભુભક્તિમાં તન્મય થવાથી તેમને મળી શકાય. વાચક યશોવિજયજી કહે છે કે મને તો પ્રભુભક્તિના કામણવડે તે જરૂર પ્રાપ્ત થયા છે.

**ભાવાર્થ :–** સંસાર વ્યવહારમાં રચી પચી રહેલા એવા રાગી પ્રાણીઓને નીરાગી એવા પરમાત્માની ભેટ કેવી રીતે થાય? એમને મળવું ખરેખર મુશ્કેલ છે. પણ એકાંતમાં ચિત્ત સ્થિર કરીને ખરા દિલથી જો પ્રભુની ભક્તિમાં તન્મય થવામાં આવે તો જરૂર તેમની પ્રાપ્તિ થાય એ નિઃસંશય છે! ભગવાન તો ભક્તને આધિન છે, એ નિર્વિવાદ છે.

વાચક યશોવિજયજી મહારાજ દૃઢતાથી કહે છે કે નિષ્કામ ભક્તિ કરવાથી મને તો કોઈ અંશે એ પ્રભુ મળ્યા છે, અને સર્વાંશે પણ જરૂર મળશે એવી મને પૂર્ણ ખાત્રી છે. માટે જેને પ્રભુ સાથે મેળાપ કરવો હોય તેણે નિશદિન સાચાભાવે ભક્તિપૂર્વક પ્રભુનું જ રટણ કરવું યોગ્ય છે. ।।૫।।

---

## (૧૧) શ્રી શ્રેયાંસનાથ સ્વામી

### શ્રી મોહનવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન



(કંકણની દેશી)

**શ્રેયાંસ જિન સુણો સાહિબા રે જિનજી!**
**દાસ તણી અરદાસ, દિલડે વસી રહ્યો;**
**દૂર રહ્યા જાણું નહીં રે, જિન૦ પ્રભુ તું મારે પાસ. દિ૦૧**

**અર્થ :–** હે શ્રેયાંસનાથ જિનેશ્વર સાહેબા! આ દાસની અરદાસ કહેતાં વિનતિને સાંભળો. હે પ્રભુ! તું તો સદા મારા દિલમાં જ વસી રહેલું છું. તું મારાથી દૂર છો એમ હું માનતો નથી. પણ તું તો સદા મારી પાસે જ છો.

**ભાવાર્થ :–** હે પ્રભુ! અમારી અરજી સાંભળો. આપ તો મારા દિલમાં જ વસી રહેલા છો. દૂર રહેલા નથી. જેના હૃદયમાં આપનો વાસ નથી તે તો પ્રભુથી વેગળા છે. તે સત્‌ને પામી શકે નહીં. 'જે ગુરુવાણી વેગળા, રડવડીઆ સંસાર' તે તો સંસારમાં જ રડવડે છે. પણ આપનો વાસ તો મારા હૃદયમાં જ હોવાથી હું જરૂર સત્‌ને પામીશ એવી મને ખાત્રી છે. ।।૧।।

**હરિ મૃગને જયું મધુરતા રે, જિન૦ મોરને પીંછ કલાપ; દિ૦**
**દૂર રહ્યા જાણે નહીં રે, જિન૦ પ્રભુ તું મારે પાસ. દિ૦૨**

**અર્થ :–** જેમ હરિમૃગ કહેતા કસ્તુરીઆ મૃગને કસ્તુરીની મધુરતા પોતાની પાસે જ છે તથા મોરને પોતાના પીંછાનો કલાપ એટલે સમૂહ પણ પોતાની પાસે જ છે. દૂર નથી. તેમ તમે પણ મારી પાસે જ છો, દૂર નથી.

**ભાવાર્થ :–** કસ્તુરીઆ મૃગની અત્યંત સુગંધ તેની પાસેથી જ આવે છે. મોર પણ પોતાના પાસે જ રહેલા પીંછાના સમૂહ વડે નાચ કરીને આનંદ માણે છે. તેમ તમે પણ દૂર છો એમ હું માનતો નથી. મારે મન તો કસ્તુરીની જેમ કે પીંછાની જેમ તમે સદા મારી પાસે જ છો. મારા દિલડાંમાં જ વસી રહ્યા છો, માટે મારે હવે કાંઈ ઉણપ નથી, સઘળું મળી ગયું છે. ।।૨।।

**જળ થળ મહિયલ જોવતાં રે, જિ૦ ચિંતામણિ ચઢ્યો હાથ; દિ૦**
**ઊણપ શી હવે માહરે રે, જિ૦ નીરખ્યો નયણે નાથ. દિ૦૩**

**અર્થ :–** જળમાર્ગ અને સ્થળમાર્ગ એવી મહિયલ એટલે પૃથ્વી ઉપર જોતાં આપ ચિંતામણિ રત્ન જેવા મારા હાથે ચઢેલા છો તો મારે હવે શાની ઉણપ છે? જગતનો નાથ મેં નજરે નિહાળ્યો તો મારે હવે કોઈ જાતની ઉણપ એટલે ખામી નથી.

**ભાવાર્થ :–** દરિયાઈ માર્ગમાં કે દેશદેશાન્તરમાં ભમતાં ભમતાં આજ

મારા હાથમાં ચિંતામણિ રત્ન સમાન અગ્યારમા ભગવાન શ્રી શ્રેયાંસનાથ પ્રભુ આવ્યા છે. પૌદ્ગલિક ચિંતામણિ રત્ન તો મનઇચ્છિત પૌદ્ગલિક વસ્તુઓ આપી શકે, પરંતુ જ્ઞાનાદિ ગુણરૂપ મોક્ષ આપી શકે નહીં. પણ મને તો ભાવચિંતામણિરૂપ પ્રભુ મળ્યા, ત્રણ જગતના નાથ મારી દૃષ્ટિએ આવી ચઢ્યા; તેથી મારે હવે કાંઈ ઊણપ નથી. જગતમાં ચંચળ લક્ષ્મીના મેરુ પર્વત જેટલા ઢગલા હોય પણ ધર્મરૂપ લક્ષ્મી બિલકુલ ન હોય તો દુનિયાદારીમાં ભલે તે ધનાઢ્ય કહેવાય, પણ ધર્મધન વિના જ્ઞાનીની દૃષ્ટિમાં તો તે દરિદ્ર જ કહેવાય છે. માટે આજે મને તીર્થંકરદેવ પ્રભુ શ્રી શ્રેયાંસનાથ મળ્યા તેથી હું તો ખરો ધનવાન બની ગયો, મારે હવે કાંઈ ઊણપ નથી. ।।૩।।

**ચરણે તેહને વિલગીએ રે, જિ૦ જેહથી સીઝે કામ; દિ૦**
**ફોગટ શું ફેરો તિહાં રે, જિ૦ પૂછે નહીં પિણ નામ. દિ૦૪**

**અર્થ :–** તેમના ચરણે જ વિલગીએ એટલે વળગીએ કે જેનાથી આપણું કાર્ય સિદ્ધ થાય પણ ત્યાં ફોગટ ફેરો શા માટે ખાવો કે જ્યાં આપણું નામ પણ પૂછે નહીં.

**ભાવાર્થ :–** દુનિયામાં એવો વહેવાર છે કે જો કાર્ય સધાતું ન હોય તો કોઈ ઉદ્યમ કરે નહિ. તો પછી અમે પ્રભુના ચરણમાં વળગી રહીએ એટલે અહોનિશ તેમની સેવાનો પ્રયત્ન કર્યા કરીએ છતાં પ્રભુ પાસેથી કાર્ય સિદ્ધિ મેળવી શકાય નહીં; અથવા જ્યાં નામ પણ પૂછાય નહીં ત્યાં કાર્ય સાધવાની તો વાત પણ કેવી રીતે કરાય; એવો ફોગટ ફેરો અર્થાત્ લાભ વિનાનો પ્રયત્ન કોણ કેટલા દહાડા કરશે. માટે હે પ્રભુ! આ વાત ઉપર કૃપા કરીને જરા ધ્યાન આપવા અરજી કરું છું. તે જરૂર ધ્યાનમાં લેશો; અને મોક્ષરૂપી નગરીનું રાજ્ય આપશો. ।।૪।।

**કૂડો કલિયુગ છોડીને રે, જિ૦ આપ રહ્યા એકાંત; દિ૦**
**આપોપું રાખે ઘણા રે, જિ૦ પર રાખે તે સંત. દિ૦૫**

**અર્થ :–** કૂડો કલિયુગ છોડીને આપ એકાંત સ્થાનમાં રહ્યા છો. પોતપોતાનું કામ તો દુનિયામાં ઘણા કરે છે, પણ પરનું કામ જે કરે તે જ સંત પુરુષ કહેવાય છે.

**ભાવાર્થ :–** હે પ્રભુ! આપને કૂડો એવો કલિયુગ ગમ્યો નહિ તેથી તેને છોડી દઈ એકાંત સ્થાનરૂપ એવા મુક્તિમાં જઈને વસ્યા. આપોપું એટલે માત્ર પોતાનું જ સાચવે એવા જીવો તો જગતમાં ઘણા હોય; પણ પરની ચિંતા કરી



પરનું સાચવે અથવા રક્ષણ કરે તે સંત અથવા સત્પુરુષ કહેવાય. આપ તો સત્પુરુષ છો માટે મારા તરફ હવે ધ્યાન આપવા જરૂર કૃપા કરશો. ।।૫।।

**દેવ ઘણા મેં દેખિયા રે, જિ૦ આડંબર પટરાય; દિ૦**
**નિગમ નહિ પણ સોડથી રે, જિ૦ આઘા પસારે પાય. દિ૦૬**

**અર્થ :–** જગતમાં ઘણા દેવોને જોયા છે. તે બધા આડંબર પાથરીને બેઠા છે. જેમ નિગમ એટલે જગ્યા ઓછી હોય છતાં સૂવા માટે લાંબી સોડ તાણીને પગને આઘા પસારે, તેમ યોગ્યતા વગર મોટું આડંબર કરીને રહેલા છે.

**ભાવાર્થ :–** ખોટા આડંબરવાળા હરિહરાદિક દેવોને ઘણા જોયા. મોટા આડંબર કરી દુનિયાને રંજીત કરવા પ્રયત્ન કરે પણ ધર્મ પ્રાપ્ત કરાવવાની યોગ્યતા તો છે નહીં. પોતે જ ધર્મ પામ્યા નથી તો બીજાને તેની પ્રાપ્તિ કેવી રીતે કરાવી શકે. જેમ જગ્યાના અભાવે પણ લાંબી સોડ તાણીને કોઈ પગ લાંબા કરી સૂવાનો પ્રયત્ન કરે, તેમ પોતાની પાસે સત્ત્વ અલ્પ માત્ર હોય છતાં અમે તો દુનિયામાં મોટા છીએ એવો ભાવ દેખાડે તો તે સાચા હોઈ શકે નહીં. ।।૬।।

**સેવકને જો નિવાજીએ રે, જિ૦ તો તિહાં સ્થાને જાય; દિ૦**
**નિપટ નીરાગી હોવતાં રે, જિ૦ સ્વામીપણું કિમ થાય. દિ૦૭**

**અર્થ :–** હે પ્રભુ! આપના આ સેવકને નિવાજીએ એટલે સંતુષ્ટ કરો તો તે પણ પોતાના ઇચ્છિત એવા મોક્ષસ્થાનને પામી શકે. પણ આપ તો મોક્ષમાં પધારી નિપટ એટલે અત્યંત વીતરાગી થઈ જાઓ તો મારા જેવા સેવક પર સ્વામીપણું કેવી રીતે કરી શકો. માટે સેવકસ્વામીભાવ રાખો જેથી અમારું પણ કલ્યાણ થાય.

**ભાવાર્થ :–** સેવકને પ્રસન્ન કરવા કૃપા કરવી, કરુણા દૃષ્ટિ રાખવી, અભેદભાવે રહેવું વિગેરે કારણોથી સેવક રાજી થાય; અને રાજી થતાં આપની સેવામાં મન વચન કાયાના યોગથી સ્થિર થાય. પછી તેને ઇચ્છિત સ્થાને એટલે મોક્ષમાં જતાં વાર ન લાગે. પણ જો આપ નીરાગી બની જઈ કરુણા દૃષ્ટિ ન કરો તો તમે અમારા સ્વામી છો એમ કેમ કહેવાય. કારણ કે ખરેખરું સ્વામીપણું તો સેવકજનને સંતુષ્ટ કરવામાં છે. પણ આપ સેવક સ્વામીભાવ જ ન રાખો તો સેવકનો મોક્ષ પણ કેવી રીતે થાય. ।।૭।।

**મેં તો તુમને આદર્યો રે, જિ૦ ભાવે તું જાણ મજાણ; દિ૦**
**રૂપવિજય કવિરાયનો રે, જિ૦ મોહન વચન પ્રમાણ. દિ૦૮**

**અર્થ :–** હે પ્રભુ! મેં તો તમને ભાવપૂર્વક આદર્યા છે. હવે આપ મારી સેવાને જાણો કે ન જાણો, તેની મને પરવા નથી. શ્રી કવિવર રૂપવિજયજીના શિષ્ય શ્રી મોહનવિજયજી મહારાજ કહે છે કે મારે મન તો ભગવાનના વચન જ પ્રમાણભૂત છે.

**ભાવાર્થ :–** ભગવાન મારી સેવાની કદર કરે કે ન કરે તે મારે જોવાનું નથી. મેં તો તેમને ભાવભક્તિસહિત આદર્યા છે. કારણ કે તેમના વચન પ્રમાણભૂત છે, સ્યાદ્વાદથી યુક્ત છે. સ્યાદ્વાદથી યુક્ત વચનોને જગતમાં કોઈ તોડવા સમર્થ નથી. માટે આપના પ્રમાણભૂત વચનોને સ્વીકારી મારે તો આપની સેવા જ કર્યા કરવી છે. મારા દિલડામાં તો તું વસી જ ગયેલો છું. ।।૮।।

---

# (૧૨) શ્રી વાસુપૂજ્ય સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(તુંગિયાગિરિ શિખરે સોહે–એ દેશી)

**વાસુપૂજ્ય જિન ત્રિભુવન સ્વામી, ઘનનામી પરનામી રે;**
**નિરાકાર સાકાર સચેતન, કરમ કરમ ફલ કામી રે. વા૦૧**

**સંક્ષેપાર્થ :–** શ્રી વાસુપૂજ્ય ભગવાનને સ્વર્ગ લોકના ઇન્દ્રો, મૃત્યુલોકના ચક્રવર્તીઓ અને પાતાલલોકના ભુવનપતિના ઇન્દ્રો વગેરે બધા જ વંદન, પૂજન કરવાથી આપ ત્રણેય ભુવનના સ્વામી છો. ઘનનામી એટલે ઘણા નામવાળા છો અને પરનામી એટલે પર એવા રાગાદિ શત્રુઓને નમાવનારા છો.

નિશ્ચયનયથી જોતા આપનો આત્મા નિરાકાર છે અને વ્યવહારનયથી જોતાં આપ દેહમાં છો ત્યાં સુધી સાકાર છો. આપનો આત્મા જ્ઞાનચેતના અને દર્શન ચેતના સહિત હોવાથી આપ સચેતન છો તથા પૂર્વે કરેલા અઘાતી કર્મોના ફળને સમભાવે ભોગવવાના આપ કામી છો. ।।૨।।

**નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે;**
**દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુગ્રહણ વ્યાપારો રે. વા૦૨**

**સંક્ષેપાર્થ :–** સંગ્રાહક એટલે સંગ્રહનયથી જોતાં સર્વ જીવો સિદ્ધ સમાન છે. તેમના સ્વરૂપમાં કોઈ ભેદ નથી તેથી અભેદ છે, અને સર્વ જીવો નિરાકાર સ્વરૂપે છે. પણ વસ્તુ જ્યારે પોતાના કાર્ય પ્રમાણે આકાર ધારણ કરે છે, ત્યારે તે સાકાર કહેવાય છે. સાકારી વસ્તુ ભેદગ્રાહક બને છે, અર્થાત્ ત્યારે દરેક વસ્તુના આકારમાં ભેદ ભાસે છે.



ચૈતન્ય એવા આત્માના દર્શન ઉપયોગ અને જ્ઞાન ઉપયોગ એમ બે ભેદ છે. જે વસ્તુના સ્વરૂપને ગ્રહણ કરવાનો એટલે ઓળખવાનો વ્યાપાર કરે છે, અર્થાત્ કાર્ય કરે છે. વસ્તુને સામાન્યપણે જાણવી તે દર્શન ઉપયોગ અને વિશેષપણે જાણવી તે જ્ઞાન ઉપયોગ કહેવાય છે. ।।૨।।

**કર્તા પરિણામી, પરિણામો, કર્મ જે જીવે કરિયે રે;**
**એક અનેક રૂપ નય વાદે, નિયતે નર અનુસરિયે રે. વા૦૩**

**સંક્ષેપાર્થ :–** અનુપચરિત વ્યવહારથી આત્મા કર્મનો કર્તા છે. પરિણામી એટલે આત્માનો પરિણમનશીલ સ્વભાવ છે. તેથી શુભ કે અશુભ પરિણામો એટલે ભાવોરૂપ કર્મ જીવ કરે છે, તે તે પ્રમાણે તે કર્મનો કર્તા બને છે.

નિશ્ચયનયથી જોતા સર્વ આત્માઓ જ્ઞાનદર્શનમય સ્વભાવવાળા હોવાથી એક સ્વરૂપે ભાસે છે. અને વ્યવહારનયથી કર્મફળ સ્વરૂપે જોતા સર્વ આત્માઓ અનેક રૂપે ભાસે છે. માટે નિયતે એટલે નિશ્ચયનયે જે આત્માનું મૂળ સ્વરૂપ છે તેને જ મનુષ્યોએ અનુસરવું જોઈએ, અર્થાત્ નિશ્ચયનયનું લક્ષ રાખીને ગુરુઆજ્ઞાએ આત્મસ્વરૂપની ભજના કરતા પોતાનું જે શુદ્ધ સહજ આત્મસ્વરૂપ છે તેની તેને પ્રાપ્તિ થાય. ।।૩।।

**દુઃખસુખ રૂપ કરમ ફલ જાણો, નિશ્ચય એક આનંદો રે;**
**ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદો રે. વા૦૪**

**સંક્ષેપાર્થ :–** સુખ કે દુઃખ એ તો શાતા કે અશાતા વેદનીય કર્મના ફળ જાણો. જ્યારે નિશ્ચયનયથી જોતાં તો એક આનંદમય સ્વભાવ જ આત્માનો છે.

ચેતન એવો આપણો આત્મા તે પોતાના જ્ઞાનદર્શનમય પરિણામને કદી ચૂકે નહીં, અર્થાત્ છોડે નહીં. ભલે તે નિગોદમાં જાય કે ઇન્દ્રની પદવી પામે કે સિદ્ધ અવસ્થાને પામે પણ તે પોતાના અસ્તિત્વને કદી છોડતો નથી. અને એને જ જિનેશ્વર ભગવાન ચેતન અથવા ચૈતન્ય કહે છે.

શ્રીમદ્જીએ પણ કહ્યું :–

**"જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન ભાવ;**
**કોઈ કોઈ પલટે નહીં; છોડી આપ સ્વભાવ." ।।૪।।**

**પરિણામી ચેતન પરિણામો, જ્ઞાન કરમ ફળ ભાવી રે;**
**જ્ઞાન કરમ ફળ ચેતન કહીએ, લેજો તેહ મનાવી રે. વા૦૫**

**સંક્ષેપાર્થ :–** ચેતનના પરિણામો જ્યારે પોતામાં પરિણમશે ત્યારે જ તેનું કર્મફળ કહેતા ક્રિયાનું ફળ આત્મજ્ઞાન આવશે.

આત્મજ્ઞાન પ્રગટવારૂપ ફળને જ ખરેખર ચેતન કહીએ છીએ. માટે તમારા આત્માને પણ આત્મજ્ઞાન પ્રગટ કરવા માટે મનાવી લેજો, અર્થાત્ આત્મજ્ઞાન જરૂર પ્રાપ્ત કરી લેજો. ।।૫।।

**આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;**
**વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતિ સંગી રે. વા૦૬**

**સંક્ષેપાર્થ :–** આત્મજ્ઞાનને પ્રાપ્ત પુરુષો જ ખરેખર શ્રમણ એટલે મુનિ કહેવાય. બીજા તો માત્ર દ્રવ્યલિંગી એટલે સાધુનો વેષ ધારણ કરનાર જાણવા.

શ્રીમદ્જીએ પણ કહ્યું કે–

**"આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;**
**બાકી કુલગુરુ કલ્પના, આત્માર્થી નહી જોય."**

વસ્તુ સ્વરૂપે જેવો આત્મા છે, તેવો જાણીને બીજાને જણાવે તે જ માત્ર આનંદઘનજીના મતના કે મતિના સહચારી જાણવા. તેવા ખરા અધ્યાત્મીઓ જ સ્વયં ભવબંધનથી મુક્ત થશે અને બીજાને પણ મુક્ત કરાવશે. ।।૬।।

---

# (૧૨) શ્રી વાસુપૂજ્ય સ્વામી

## શ્રી દેવચંદ્રજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(પંથડો નિહાળું રે બીજા જિન તણો રે....એ દેશી)

**પૂજના તો કીજે રે બારમા જિનતણી રે, જસુ પ્રગટ્યો પૂજ્યસ્વભાવ;**
**પરકૃત પૂજા રે જે ઇચ્છે નહિ રે, સાધક કારજ દાવ. પૂજના૦૧**

**સંક્ષેપાર્થ :–** હે ભવ્યો! તમે બારમા જિનેશ્વર પ્રભુની પૂજના કરો કેમકે જેમને કોઈ પ્રત્યે રાગ કે દ્વેષ નથી એવો તેમનો પૂજવા યોગ્ય આત્મસ્વભાવ પ્રગટ થયો છે. તથા જે દેવતા કે મનુષ્યોની પરકૃત પૂજાને મનથી ઇચ્છતા નથી. પણ સાધક એવો મોક્ષાર્થી પોતાના મોક્ષરૂપ કાર્ય સાધવામાં તેને દાવ એટલે શ્રેષ્ઠ ઉપાયરૂપ જાણી આદરે છે. ।।૧।।



**દ્રવ્યથી પૂજા રે કારણ ભાવનું રે, ભાવ પ્રશસ્ત ને શુદ્ધ;**
**પરમ ઇષ્ટ વલ્લભ ત્રિભુવનધણી રે, વાસુપૂજ્ય સ્વયંબુદ્ધ. પૂ૦૨**

**સંક્ષેપાર્થ :–** ભગવાનની જળ ચંદનાદિકથી દ્રવ્યો વડે કરાતી પૂજા તે શુભભાવનું કારણ છે. ભાવપૂજાના બે પ્રકાર છે (૧) પ્રશસ્ત ભાવપૂજા અને (૨) શુદ્ધ ભાવપૂજા. ગુણી ઉપરના રાગને પ્રશસ્ત ભાવપૂજા કહે છે. ત્રણ ભુવનના સ્વામી ભગવાન વાસુપૂજ્ય મને પરમ ઇષ્ટ છે, વલ્લભ છે, તે મને અત્યંત પ્રિય લાગે છે. એ પ્રશસ્ત રાગરૂપ ભાવપૂજા છે તથા પ્રભુના શુદ્ધ સ્વરૂપને અવલંબીને પોતાના સ્વસ્વરૂપમાં તન્મય થવું તે શુદ્ધ ભાવપૂજા છે. ।।૨।।

**અતિશય મહિમા રે અતિ ઉપગારતારે, નિર્મલ પ્રભુગુણરાગ;**
**સુરમણિ સુરઘટ સુરતરુ તુચ્છ તે રે, જિનરાગી મહાભાગ. પૂ૦૩**

**સંક્ષેપાર્થ :–** ભગવાનના અતિશયોનો મહિમા તથા અનંત દુઃખરૂપ સંસારથી આત્મધર્મની ઓળખાણ કરાવી ઉગારનાર એવા પ્રભુના ઉપકારોને સંભારવાથી તેમના પ્રત્યે નિર્મળ ગુણાનુરાગ પ્રગટે છે. ત્યારે તેના આગળ દેવતાઈ મણિ હો કે દેવતાઈ કામકુંભ હો અથવા દેવતાઈ કલ્પવૃક્ષ હો તે સર્વ તુચ્છ ભાસે છે. એવો જે જિન વીતરાગનો રાગી એટલે પ્રેમી હોય તેને મહાભાગ્યશાળી જાણવો. એ પણ પ્રશસ્ત ભાવપૂજા છે. હવે પછીની બે ગાથાઓ વડે શુદ્ધ ભાવપૂજાનું સ્વરૂપ બતાવે છે. ।।૩।।

**દર્શન જ્ઞાનાદિક ગુણ આત્મના રે, પ્રભુ પ્રભુતા લયલીન;**
**શુદ્ધ સ્વરૂપી રૂપે તન્મયી રે, તસુ આસ્વાદન પીન. પૂ૦૪**

**સંક્ષેપાર્થ :–** પોતાના ક્ષયોપશમભાવે પ્રગટેલા સમ્યક્ દર્શન જ્ઞાનાદિક ગુણો જ્યારે પ્રભુના આત્મ ઐશ્વર્યમાં લયલીન બને છે ત્યારે આત્મા પોતાના શુદ્ધસ્વરૂપમાં તન્મય બનીને આત્મ અનુભવરસના આસ્વાદનને પીન એટલે પામી પુષ્ટ થાય છે, તે શુદ્ધ ભાવપૂજા છે. ।।૪।।

**શુદ્ધ તત્ત્વરસરંગી ચેતના રે, પામે આત્મસ્વભાવ;**
**આત્માલંબી નિજ ગુણ સાધતો રે, પ્રગટે પૂજ્ય સ્વભાવ.પૂ૦૫**

**સંક્ષેપાર્થ :–** પરમ શુદ્ધ એવા શ્રી અરિહંત પ્રભુ કે સિદ્ધ પરમાત્માના ગુણો સાથે રંગાયેલી ચેતના તે પોતાના શુદ્ધ સ્વભાવને પામે છે. પછી સ્વરૂપાલંબી બનેલો તે આત્મા પોતાના ગુણોને અનુક્રમે સાધતો સાધતો, સ્વસત્તામાં જ રહેલ કેવળજ્ઞાનમય સંપૂર્ણ પૂજ્ય સ્વભાવને પ્રગટ કરે છે. ।।૫।।

**આપ અકર્તા સેવાથી હુવે રે, સેવક પૂરણ સિદ્ધિ;**
**નિજ ધન ન દિયે પણ આશ્રિત લહેરે, અક્ષય અક્ષર રિદ્ધિ. પૂ૦૬**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! આપ બીજા જીવોના મોક્ષના કર્તા નથી. આપ તો પોતાના શુદ્ધ સ્વભાવના જ કર્તા છો. છતાં પ્રભુની ભાવપૂર્વક સેવા કરનારો ભક્તસેવક પોતાની સંપૂર્ણ આત્મસિદ્ધિને પામે છે. ભગવાન પોતાના આત્માનું ધન એટલે આત્મ ઐશ્વર્ય કોઈને આપતા નથી, છતાં આશ્રિત એટલે પ્રભુના શરણે આવેલા ભક્તજન પોતાના આત્માની કદી નાશ ન પામે એવી અક્ષય અને અક્ષર એટલે અવિનાશી એવી આત્મરિદ્ધિને પામે છે. ।।૬।।

**જિનવર પૂજા રે તે નિજ પૂજના રે, પ્રગટે અન્વય શક્તિ;**
**પરમાનંદ વિલાસી અનુભવે રે, દેવચંદ્ર પદ વ્યક્તિ. પૂ૦૭**

**સંક્ષેપાર્થ :–** જિનેશ્વર ભગવાનની પૂજાભક્તિ કરવી તે નિશ્ચયનયે પોતાના આત્મસ્વરૂપની જ પૂજના છે. એમ કરવાથી પોતાની જે અન્વય કહેતા હમેશાં સાથે રહેનાર એવી સહજ જ્ઞાન ચારિત્ર આદિ ગુણોની અનંત શક્તિઓ છે, તે પ્રગટે છે. તે વડે આત્મા પરમાનંદનો વિલાસી બની દેવોમાં ચંદ્ર સમાન એવા પ્રભુ જે શુદ્ધ આત્મપદની વ્યક્તતાને પામ્યા છે; તે જ પદને ભગવાનનો ભક્ત પણ સાક્ષાત્ અનુભવે છે. ।।૭।।

# (૧૨) શ્રી વાસુપૂજ્ય સ્વામી

## શ્રી યશોવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(સાહિબા મોતીડો હમારો—એ દેશી)

**સ્વામી તુમે કાંઈ કામણ કીધું, ચિત્તડું અમારું ચોરી લીધું,**
**સાહેબા વાસુપૂજ્ય જિણંદા, મોહના વાસુપૂજ્ય જિણંદા;**
**અમે પણ તુમશું કામણ કરશું, ભક્તિ ગ્રહી મન ઘરમાં ધરશું. સા૦૧**

**અર્થ :–** હે વાસુપૂજ્ય સ્વામી! અમારા ઉપર તમે કાંઈ કામણ કર્યું છે જેથી અમારું મન તમે હરણ કરી લીધું. હવે હે મનમોહન વાસુપૂજ્ય પ્રભુ! અમે પણ તમારી ઉપર કામણ કરીશું અને ભક્તિવડે આપને વશ કરી મનરૂપી ઘરમાં ધારણ કરીશું!

**ભાવાર્થ :–** દેવોવડે પૂજવા યોગ્ય એવા બારમા વાસુપૂજ્ય પ્રભુનું સ્તવન કરતાં કર્ત્તા પુરુષ કહે છે કે હે સ્વામી! હે વાસુપૂજ્ય જિનેશ્વર! હે સાહેબ! હે મનને મોહ પમાડનાર વાસુપૂજ્ય પ્રભુ! અમે ગમે ત્યાં હોઈએ તો પણ ત્યાંથી અમોને તમારી પાસે આવવાનું મન થાય છે. ગમે તેવી સ્થિતિમાં હોઈએ તોપણ તમારી વિસ્મૃતિ અમને ક્યારે પણ થતી નથી. નિરંતર સૂતાં, જાગતાં, ખાતાં, પીતાં અને બીજા અનેક પ્રકારના કામ કરતાં અમે આપને જ સ્મરીએ છીએ. આપના જ મુખચંદ્રનું દર્શન કરી અમૃતનું પાન કરીએ છીએ! આ ઉપરથી અમને ચોક્કસ રીતે લાગે છે કે આપે અમારા ઉપર કાંઈ કામણ કર્યું છે અને એમ કરી આપે અમારું ચિત્ત ચોરી લીધું છે, કોઈ મંત્ર વડે બાંધી લીધું છે. અમે તો જો કે ગુણીપુરુષોના દાસ જ છીએ એટલે આપ વડે આકર્ષિત થવાથી અમે તો બહુ ખુશી થયા છીએ, કારણ કે અમે તો સદા આપનું જ સાનિધ્ય ઇચ્છતા હતા. તેમાં આવી સ્થિતિ સહેજે પ્રાપ્ત થઈ તેથી અમે તો અમારાં અહોભાગ્ય માનીએ છીએ. પણ હવે એક કામ અમે પણ કરવા માગીએ છીએ તે એ કે આપની ઉપર અમે પણ કામણ કરીશું અને આપને ભક્તિ વડે બાંધી લઈ મનરૂપી ઘરમાં સદા સ્થાપન કરીશું. આપને પણ એવી સ્થિતિ અનુકૂળ આવશે; કારણ કે આપ પણ એટલું જ જોવાવાળા છો કે ભક્તજનના હૃદયમાં સાચી ભક્તિ છે કે નહિ. જો ત્યાં ખરી ભક્તિ દેખો તો આપ તુરત જ—વગર વિલંબે એવા હૃદયને આપના વાસગૃહ તરીકે જરૂર પસંદ કરો એવો આપનો સ્વભાવ છે તે પણ અમે જાણીએ છીએ. ।।૧।।



**મન ઘરમાં ધરિયા ઘર શોભા, દેખત નિત્ય રહેશો થિર થોભા;**
**મન વૈંકુઠ અકુંઠિત ભક્તે, યોગી ભાખે અનુભવ યુક્તે. સા૦૨**

**અર્થ :–** મનરૂપી ઘરમાં આપને ધારણ કર્યા પછી આપ તે ઘરની સુંદરતા જોઈ નિરંતર ત્યાં જ સ્થિરતા કરીને રહેશો. કારણ કે અકુંઠિત એટલે અસ્ખલિત ભક્તિવાળું મન તે જ વૈકુંઠ છે! એમ યોગીજનો પોતાના અનુભવથી કહે છે.

**ભાવાર્થ :–** ઉપર કહ્યા મુજબ જ્યારે આપ એકવાર મારા મનરૂપી ઘરમાં આવશો એટલે પછી તે ઘરની શોભા એટલે ભક્તિની ભરમાર જોઈને આપ સદાને માટે ત્યાં જ મુકામ કરીને રહેશો. આપણે ઘેર કોઈ સારો મહેમાન આવવાનો હોય ત્યારે આપણે જેમ ઘરને વાળી ઝાડી સાફ કરી દરેક વસ્તુ વ્યવસ્થિત રીતે ગોઠવીએ છીએ અને આવેલ મહેમાન જેમ ઘરની આવી સ્થિતિ જોઈ પ્રસન્ન થાય છે અને પોતાના થતા સારા સ્વાગત વડે ત્યાં વધારે સ્થિતિ

કરવા ઇચ્છા કરે છે. તેમ મનરૂપી મંદિરમાં આપને પધરાવવા ઇચ્છતા સેવકને મનમાંથી અસરળતા એટલે કપટભાવ, જ્યાં ત્યાં મનનું ભટકવાપણું આદિ મલિનતારૂપી કચરો દૂર કરી તેને નિષ્કપટતા અને એકચિત્તતા આદિ સામગ્રીઓ વડે શણગારવું. જેથી ભગવાન આપોઆપ ત્યાં પધારશે. મનની ભ્રમણશીલ સ્થિતિમાં દર્શન, સેવા, પૂજા, સામાયિક અને પ્રતિક્રમણ આદિ દરેક ધર્મકરણી કરનારે આ ઉપરથી બહુ ધડો લેવા યોગ્ય છે અને એવી સ્થિતિમાં કરેલી ધર્મકરણી પ્રાયઃ નિષ્ફળ થાય છે. માટે કોઈપણ જાતના વિઘ્ન વગર મનની અંદર અસ્ખલિત રીતે ભક્તિ ચાલુ રહે અને પ્રભુના સ્વરૂપમાં લીન થવાય તો તે મન જ વૈકુંઠ બની જાય અને આ દેહે જ મુક્તિસુખનો અનુભવ થાય! યોગીજનો પોતપોતાના અનુભવની યુક્તિથી એ પ્રમાણે કહે છે. એ બધા યોગીજનનો એક સરખો જ અનુભવ હોવાથી તેઓ ભિન્ન મતવાળા થતા નથી. માત્ર એટલું જ કહે છે કે 'મનમંદિરને ભક્તિથી શણગારો એટલે તે જ વૈકુંઠ બની જશે અને ત્યાં પ્રભુ જરૂર પધારશે. ।।૨।।

**ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશ રહિત મન તે ભવપાર;**
**જો વિશુદ્ધ મન ઘર તુમે આવ્યા, પ્રભુ તો અમે નવનિધિ**
**ઋદ્ધિ પામ્યા. સા૦૩**

**અર્થ :—** ક્લેશથી યુક્ત મન તે જ સંસાર છે અને ક્લેશરહિત મન તે જ ભવથી પાર છે અર્થાત્ જ્યાં સુધી મન ક્લેશથી યુક્ત હોય ત્યાં સુધી સંસાર છે અને જ્યારે તે મન ક્લેશથી રહિત થાય ત્યારે જ ભવનો પાર પમાય છે. હે પ્રભુ! જો આપ અમારા વિશુદ્ધ મનરૂપી ઘરને વિષે પધારો તો અમે નવે નિધાનની સંપત્તિને પામ્યા એવો આનંદ અમને થશે.

**ભાવાર્થ :—** સંસાર અને મોક્ષનો તફાવત આ ગાથામાં બતાવ્યો છે. જ્યાં સુધી જીવને વિષે ક્રોધ માન, માયા અને લોભરૂપ કષાયો વર્તે છે ત્યાં સુધી તે સંસારી જીવ કહેવાય. સંસારનું મૂળ કારણ રાગ અને દ્વેષ છે. દ્વેષમાં ક્રોધ તથા માનનો અને રાગમાં માયા અને લોભનો સમાવેશ થાય છે. અનુકૂળ વિષયોની પ્રાપ્તિવડે પ્રસન્નતા થવી તે રાગ છે અને પ્રતિકૂળ વિષયોની પ્રાપ્તિથી અણગમો થવો તે દ્વેષ છે. જ્યારે એ કષાયોથી જીવ સંપૂર્ણ મુક્ત થાય છે ત્યારે તે સંસારમાં રહેતા છતાં પણ સિદ્ધદશા અનુભવે છે. પછી તેને અનુકૂળ કે પ્રતિકૂળ બન્ને વિષયોની પ્રાપ્તિમાં સમભાવ સ્વાભાવિક રીતે જ બની રહે છે અને



આયુષ્ય પૂર્ણ થયે એ જીવ મોક્ષને પામે છે. માટે મુમુક્ષુએ પ્રત્યેક પ્રવૃત્તિ કષાયથી મુક્ત થવા અર્થે જ કરવી જોઈએ. બંધનું અને મોક્ષનું કારણ મન છે. કહ્યું કે : **'मन एव मनुष्याणां कारणं बंध मोक्षयोः'**, કર્ત્તા પુરુષ કહે છે કે હે પ્રભુ! અમારું મન હવે ક્લેશવડે મલિન નથી. પણ ક્લેશથી રહિત નિર્મળ છે. માટે જો આપ કૃપા કરી અમારા એ વિશુદ્ધ મનરૂપી ઘરમાં પધારો તો અમને જાણે અષ્ટ મહાસિદ્ધિ અને નવનિધાનની પ્રાપ્તિ થઈ એમ જ અમે તો માનીશું. ।।૩।।

**સાત રાજ અળગા જઈ બેઠા, પણ ભક્તે અમ મનમાં પેઠા;**
**અળગાને વળગ્યા જે રહેવું, તે ભાણા ખડખડ દુઃખ સહેવું. સા૦૪**

**અર્થ :—** આપ અહીંથી સાત રાજુ પ્રમાણ દૂર જઈ મોક્ષમાં બેઠા છો, પણ ભક્તિવડે તો આપ અમારા મનમાં જ બિરાજમાન છો. દૂર રહેલાને વળગ્યા રહેવું તે તો ભાણા ઉપર બેસીને પીરસવામાં વિલંબનું ખડખડ દુઃખ સહન કરવા જેવું છે.

**ભાવાર્થ :—** હે પ્રભુ! અમે મધ્યલોકમાં રહીએ છીએ. ત્યાંથી આપ સાત રજ્જુ પ્રમાણ દૂર જઈને રહ્યા છો. છતાં અમે જ્યારે બહુમાનપૂર્વક એકાગ્રપણે આપનું સ્મરણ કરીએ છીએ ત્યારે તો આપ અમારા મનમાં જ બિરાજમાન જણાઓ છો. ઘણી વખત અમે આપનું દર્શન કરવાને ઇચ્છીએ છીએ ત્યારે અમને આપ બહુ દૂર લાગો છો તેથી નિરાશા થાય છે કે આપનું દર્શન કેમ કરી શકીશું! છતાં કોઈવાર આંતરિક દિલાસો પણ મળે છે કે શી ફીકર છે! પ્રભુની એક ચિત્તે ભક્તિ-ઉપાસના કરીશું એટલે પ્રભુ આપણી સમીપમાં જ છે એમ જણાશે! આ પ્રમાણે નિરાશા અને આશામાં ચિત્તની ડોલાયમાન સ્થિતિ છતાં કોઈ વખતે એમ લાગે છે કે જે બહુ દૂર રહેલા હોય તેમને પરાણે વળગ્યા રહેવું, તે તો જાણે તીવ્ર ક્ષુધા લાગી હોય, જમવા બેઠા હોઈએ અને પીરસવાને વાર થતી હોય તે વખતે જેવો કંટાળો આવે તેના જેવું છે. આનું નામ ભાણા ખડખડ દુઃખ સહેવું કહેવાય. તો હે કૃપાળુ! આવું દુઃખ અમારે હવે પછી સહન કરવું ન પડે એટલા માટે આપ અમારા વિશુદ્ધ મનરૂપી ઘરમાં પધારો અને અમને દર્શનનું સુખ આપો એવી અમારી આપને વિનતિ છે. ।।૪।।

**ધ્યાયક ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે;**
**ખીર નીર પરે તુમશું મલશું, વાચક યશ કહે હેજે હળશું. સા૦૫**

**અર્થ :—** ધ્યાતા એટલે ધ્યાન કરનાર, જેનું ધ્યાન કરવામાં આવે તે

ધ્યેય અને ધ્યાન એ ત્રણની એકતા થવા માટે અમારા તમારા વચ્ચે જે ભેદ છે તેનો હવે નાશ કરીશું. અને ખીર એટલે ક્ષીર દૂધ અને નીર એટલે પાણીની પેઠે આપની સાથે મળીને રહીશું, અર્થાત્ વાચક યશોવિજયજી કહે છે કે અમે આપના સ્વરૂપ સાથે પરાભક્તિના બળે એકમેક થઈને રહીશું.

**ભાવાર્થ :–** ધ્યાન કરનાર ધ્યાતા જેનું ધ્યાન ધરે તેના જેવો ધ્યેયરૂપ થાય ત્યારે ધ્યાનની ક્રિયા પૂર્ણ થાય છે. વાચક યશોવિજયજી મહારાજ પ્રભુને કહે છે કે હે પ્રભુ! હવે જ્યારે આપ અમારા મનમંદિરમાં પધારશો ત્યારે અમે ઉત્સાહથી આપને પૂર્ણ અંશે મળવાના કાર્યમાં આગળ વધીશું. અડગ શ્રદ્ધાથી એ મુજબ અનુક્રમે આગળ વધતાં અમે ધ્યાતાની સ્થિતિમાંથી મુક્ત થઈ ધ્યેયસ્વરૂપ બની જઈશું. ત્યારે અમારી ધ્યાન કરવાની માનસિક ક્રિયાનો પણ અંત આવશે. આ પ્રમાણે ધ્યાતા, ધ્યેય અને ધ્યાન એ ત્રણની એકતા વડે અમે આપની અને અમારી વચ્ચે રહેલા ભેદનો એટલે અંતરનો નાશ કરીશું. પછી દૂધ અને પાણી જેમ એકમેક થઈને રહે છે તેમ અમે પણ આપના સ્વરૂપ સાથે એકમેક થઈને રહીશું, અર્થાત્ સર્વકાળ માટે આપના શુદ્ધ સ્વરૂપમાં જ રમણતા કરીશું. ।।૫।।

---

# (૧૨) શ્રી વાસુપૂજ્ય સ્વામી

## શ્રી મોહનવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(ચુંદડીના ભીંજે હો સાહિબાજી પ્રેમની—એ દેશી)

**પ્રભુજીશું લાગી હો પૂરણ પ્રીતડી, જીવન-પ્રાણઆધાર,**
**ગિરુઆ જિનજી હો રાજ !**
**સાહિબ સુણજો હો માહરી વિનતિ, દરિસણ દેજો હો,**
**દિલભરી શ્યામજી, અહો! જગગુરુ સિરદાર. ગિ૦સા૦૧**

**અર્થ :–** શ્રી વાસુપૂજ્ય સ્વામી સાથે મારે પૂર્ણ પ્રીતિ થઈ છે. હે પ્રભુ! તમે મારા જીવનના પ્રાણાધાર છો. ''ગિરુઆ'' કહેતાં મોટા, વડેરા છો, રાગદ્વેષને જિતનારા છો. હે સાહિબ! જગતના ગુરુ! હે મારા મુગટના શિરતાજ! મારી વિનંતિ સ્વીકારીને મને દિલ ભરીને દર્શન આપજો, અર્થાત્ મને પરમાવગાઢ સમ્યક્દર્શન ઊપજે તેમ કરજો.



**ભાવાર્થ :–** જેનામાં અનંતગુણના કારણે આકર્ષણ હોય, તેમના પ્રત્યે ભક્તજનની સંપૂર્ણ પ્રીતિ ક્રમસર આવ્યા જ કરે, પ્રીતિનો ભંગ ન થાય. માટે તેમને જીવનના પ્રાણભૂત વગેરે અનેક ગુણવાચક વિશેષણો આપી ભક્તજન વિનંતિ કરે છે કે હે પ્રભુ! મને દર્શન આપો. દર્શન શબ્દ અનેક અર્થમાં વપરાય છે. વીતરાગ મુદ્રાનાં દર્શન કરવાં તે દર્શન કહેવાય છે. વળી દર્શન એટલે સુદેવ, સુગુરુ અને સુધર્મની ઓળખ અને કુદેવ, કુગુરુ અને કુધર્મ તેને માનવારૂપ મિથ્યાત્વનો ત્યાગ થઈને સાચા દેવગુરુ, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા થવી તે વ્યવહાર સમ્યક્દર્શન કહેવાય છે. વળી અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભરૂપ કષાયની કઠિન ગાંઠ તથા મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય અને સમકિતમોહનીયરૂપ દર્શનમોહનીય કર્મની ત્રણ પ્રકૃતિઓનો છેદ કરવો અર્થાત્ ''ગ્રંથિ ભેદ'' કરવો તેને અનુભવાત્મક સમ્યક્દર્શન કહેવાય છે. આમ દર્શનના ઘણા પ્રકારો છે. આવું સમ્યક્દર્શન હે પ્રભુ! હું આપની પાસે યાચું છું. ।।૧।।

**ચાહીને દીજે હો ચરણની ચાકરી, દ્યો અનુભવ અમ સાજ; ગિ૦**
**ઇમ નવિ કીજે હો સાહિબાજી સાંભળો, કાંઈ સેવકને શિવરાજ. ગિ૦સા૦૨**

**અર્થ :–** હે પ્રભુ! ચાહીને એટલે મારા પ્રત્યે લાગણી રાખીને મને આપના ચરણકમળની ચાકરી આપો. અને આત્મ અનુભવ કરવાના સાજ એટલે સાધન આપો. હે સાહિબજી! સેવકને કાંઈ ''શિવરાજ'' કહેતાં મોક્ષના રાજ્યની શી જરૂર છે; એવું કંઈપણ વિચારશો નહીં. પણ અમારી વિનંતિને ધ્યાનમાં લેજો.

**ભાવાર્થ :–** આપના ચરણકમળ ચોસઠ ઇન્દ્રાદિ સુરગણોએ પૂજ્યા છે. વળી આપના ચરણકમળમાં અષ્ટ મહાપ્રાતિહાર્યરૂપ લક્ષ્મીએ નિવાસ કર્યો છે. તેથી હે પ્રભુ! આપના ચરણકમળની ચાકરી મને પણ ચાહીને આપશો. પણ સેવકને મોક્ષના રાજની શી જરૂર છે? એમ કહેશો નહિ. કારણ કે સંસારના બંધનમાંથી મુક્ત થવાની કોને ઇચ્છા ન હોય. આપને પણ એક વખત મોક્ષની ઇચ્છા હતી, અને તે મેળવી પણ લીધો. તો પછી આ સેવકજનને મોક્ષની જરૂર કેમ ન હોય. માટે મારી અરજી સાંભળો અને મોક્ષનું રાજ આપવા માટે કૃપા કરો; પણ ભક્તજનને નિરાશ કરશો નહીં. ।।૨।।

**ચૂપશું છાના હો સાહિબા ન બેસીએ, કાંઈ શોભા ન લહેશો કોય; ગિ૦**
**દાસ ઉદ્ધારો હો સાહિબાજી આપનો, જ્યું હોવે સુજસ સવાય. ગિ૦સા૦૩**

**અર્થ :–** હે પ્રભુ ! આપે ચૂપ થઈને છાનામાના બેસી રહેવું ન જોઈએ. તેથી આપની કાંઈ શોભા વધશે નહીં. પણ સાહેબજી ! આપના દાસનો ઉદ્ધાર કરો કે જેથી આપનો જશ સવાયો થાય.

**ભાવાર્થ :–** હે પ્રભુ ! આપ છાનામાના બેસી રહો નહીં; પણ અમને મોહરાજાને વશ કરવાની યુક્તિ બતાવો, પુદ્‌ગલનું અને આત્માનું સ્વરૂપ સમજાવો, સંસાર અને મુક્તિનો ભેદ બતાવો. આ બધી કળા અમને બતાવવામાં આપ ધ્યાન નહિ આપો અને ફક્ત બેસી રહેશો તો આપની શોભા કાંઈ વધશે નહીં; અને સેવકનું કામ પણ થશે નહીં. કોઈ મનુષ્ય અથવા કોઈ હાથી કૂવામાં કે કાદવમાં પડી ગયેલ હોય તો તેને દોરડા વડે કે બીજી કોઈ યુક્તિવડે બહાર કાઢી બચાવવામાં આવે છે; તેમ આ તમારો સેવક આઠ કર્મમાં મુખ્ય એવા મોહનીય કર્મની માઠી પરણતિરૂપ કીચડમાં ખુંચી ગયેલો છે. તેનો યુક્તિપૂર્વક ઉપાય લઈ સેવકનો ઉદ્ધાર કરવો જોઈએ. આવી રીતે ઉદ્ધાર કરવાથી તમારો જે સુયશ જગતમાં પ્રસિદ્ધ છે તે સવાયો થશે. ।।૩।।

**અરુણ જો ઊગે હો સાહિબાજી અંબરે, નાશે તિમિર અંધાર; ગિ૦**
**અવર દેવ હો સાહિબાજી કિંકરા, મિલિયો તું દેવ મુને સાર. ગિ૦સા૦૪**

**અર્થ :–** હે પ્રભુ ! આકાશમાં સૂર્ય ઊગે છે ત્યારે અંધકારનો નાશ થઈ જાય છે. તેમ આપ પણ સૂર્ય જેવા છો. જ્યારે બીજા દેવો તો વિષય કષાયના કિંકર એટલે દાસ છે. મને તો અહો આપ જેવા જગતમાં સારરૂપ પરમ વીતરાગદેવની પ્રાપ્તિ થઈ છે; એ મારું અહોભાગ્ય છે.

**ભાવાર્થ :–** આકાશમાં જ્યારે સૂર્ય ઊગે કે તે જ વખતે અંધકાર નાસી જાય છે. અહિંયા સૂર્યરૂપ શ્રી વાસુપૂજ્ય ભગવાન જાણવા અને મિથ્યાત્વાદિ દોષરૂપ અંધકાર સમજવો. આવા વીતરાગદેવ સિવાય બીજા હરિહરાદિક દેવો આશારૂપી દેવીના ઉપાસક છે., અર્થાત્ ચાકર છે, મારે આવા દેવોની જરૂર નથી. મને તો હે પ્રભુ ! આપના જેવા ઉત્તમોત્તમ દેવાધિદેવ મળ્યા છે, અને એ જ જગતમાં સારભૂત છે. ।।૪।।

**અવર ન ચાહું હો સાહિબાજી તુમ છતે, જિમ ચાતક જળધાર; ગિ૦**
**ખટપદ ભીનો હો સાહિબાજી પ્રેમશું, તિમ હું હૃદય મઝાર. ગિ૦સા૦૫**

**અર્થ :–** હે પ્રભુ ! તમારા જેવાની પ્રાપ્તિ થઈ જવાથી હવે બીજા લૌકિક દેવોને હું ચાહું નહીં. જેમ ચાતક પક્ષી મેઘને જ ઇચ્છે છે તેમ મારો મનરૂપી



ખટપદ એટલે છ પગવાળો ભમરો પણ આપના પ્રેમથી ખેંચાઈને તમારા હૃદયરૂપી કમળમાં નિવાસ કરે છે. ।।૫।।

**ભાવાર્થ :–** હે પ્રભુ ! આપ સિવાય બીજા દેવને હું ચાહું નહિ. જેમકે ચાતક પક્ષી મેઘના પાણીને જ ઇચ્છે છે; કારણ કે બીજા પાણી પીવે તો તે ગળાના છિદ્રમાંથી નીકળી જાય છે. જ્યારે મેઘનું પાણી સીધું એના મુખમાં થઈ ઉદરમાં પહોંચી જાય છે. તેમ ચાતક જેવા ભક્તજન સમજવા અને મેઘ જેવા શ્રી વાસુપૂજ્ય સ્વામી જાણવા. વળી છ પગવાળો ભમરો જેમ કમળની સુગંધરૂપ પ્રેમમાં ખેંચાવાથી કમળને છોડે નહીં. તેમ હે પ્રભુ ! આપના હૃદયરૂપી કમળમાં મારો મનરૂપી ભમરો પ્રેમથી આસક્તિ પામી આપનામાં જ વસે છે. ।।૫।।

**સાતરાજને હો સાહિબાજી અંતે જઈ વસ્યા, શું કરીએ તુમ પ્રીત; ગિ૦**
**નિપટ નીરાગી હો જિનવર તું સહી, એ તુમ ખોટી રીત. ગિ૦સા૦૬**

**અર્થ :–** હે પ્રભુ ! આપ સાત રજ્જુપ્રમાણ દૂર લોકના અંત ભાગમાં જઈને વસ્યા છો, તેથી તમારી સાથે કેવી રીતે પ્રીતિ થાય. વળી આપ તો નિપટ એટલે તદ્દન નીરાગી છો, રાગદ્વેષને જીતી જિનવર થઈ ગયા છો. પણ આવી તમારી રીત અમારા માટે સારી નથી.

**ભાવાર્થ :–** અસંખ્યાત કોડાકોડી યોજન ઓળંઘાય ત્યારે એક રજ્જુ-પ્રમાણ કહેવાય, એવા સાત રજ્જુપ્રમાણ આપ દૂર છો, તો તમારી સાથે અમે પ્રીતિ કેવી રીતે કરીએ. વળી આપ સંપૂર્ણ નીરાગી છો, જિનવર છો, તેથી બીજા ઉપર પ્રીતિ કરો તો તમારું નીરાગીપણું અને જિનવરપણું કેમ કહેવાય. ભલે આપની દશા એમ હોય, પણ અમારે તો તમારી સાથે પ્રીતિ કરવી જ છે અને તે પ્રીતિ કરવાના કારણો અથવા સાધનો તે આપની પાસેથી અમને મળતા નથી. તેથી તમારી આ રીત અમારા માટે ખોટી છે. સાચી રીત તો ત્યારે ગણાય કે જ્યારે તમારી અને અમારી પ્રીતિ પરસ્પર મળી જાય, અર્થાત્ અમે પણ તમારા જેવા થઈ જઈએ. ।।૬।।

**દિલની જે વાતો હો કિણને દાખવું ? શ્રી વાસુપૂજ્ય જિનરાય; ગિ૦**
**ખીણ એક આવી હો પંડેજી સાંભળો, કાંઈ મોહન આવે દાય. ગિ૦સા૦૭**

**અર્થ :–** હે વાસુપૂજ્ય ભગવાન ! મારા મનની ગૂઢ વાતો કોને કહું ? આપ એક ક્ષણવાર મારા દિલડામાં આવીને વસો તો બધી વાત જણાવી દઉં. અને એમ કરશો તો શ્રી મોહનવિજયજી મહારાજ કહે છે કે મારો બધો પ્રયત્ન

સફળ થયો એમ હું માનીશ.

**ભાવાર્થ :–** જગતની અંદર એવો વહેવાર છે કે મનની ગુપ્ત વાત બે જણને કહેવાય. એક તો દુઃખ કાપી શકે એવા શક્તિવાળાને અને બીજા જે કદાચ દુઃખ કાપવા સમર્થ ન હોય તો પણ દિલાસો આપે એવા મિત્રને કહેવાય. હે પ્રભુ ! આપ તો મારા જન્મમરણના દુઃખ કાપવાને સમર્થ છો તેમજ દિલાસો પણ આપી શકો છો. એમ બેય પ્રકારનું સામર્થ્ય આપનામાં છે. બીજા હરિહરાદિક દેવોમાં તેવું સામર્થ્ય નથી. માટે મનની ખાનગી વાત આપને જ કહેવાય. હે પ્રભુ ! એક ક્ષણવાર પણ આપ મારી પાસે આવી મારી વાર્તા સાંભળો, તો કવિશ્રી મોહનવિજયજી કહે છે કે મારો દાવ લાગી ગયો એમ જાણીશ; અર્થાત્ મારા સઘળા કાર્ય સિદ્ધ થઈ ગયા એમ માનીશ. ।।૭।।

---

# (૧૩) શ્રી વિમલનાથ સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(રાગ મલ્હાર : ઈડર આંબા આંબલી રે—એ દેશી)

**દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે, સુખ સંપદશું ભેટ,**
**ધિંગ ધણી માથે કિયા રે, કુણ ગંજે નર ખેટ,**
**વિમલ જિન, દીઠાં લોયણ આજ,**
**મારા સીધ્યાં વાંછિત કાજ. વિ૦૧**

**સંક્ષેપાર્થ :–** શ્રી વિમલનાથ પ્રભુના દર્શન થતાં આજે મારા દુઃખ અને દોહગ એટલે દૌર્ભાગ્ય દૂર ચાલ્યા ગયા. કારણ કે પ્રભુના દર્શનથી હું પણ આત્મા છું, એવો મને ભાસ થયો. દેહમાં આત્મબુદ્ધિ કરી અનેક કલ્પનાઓ કરીને હું દુઃખી થતો હતો, તે મટી જઈ હું પણ પ્રભુની જેમ અનંત અવ્યાબાધ સુખ સંપત્તિને પામી શકું એ રૂપ સમજની મને ભેટ થઈ.

જેથી મેં હવે ધીંગ ધણી પરમાત્મા શ્રી વિમલનાથ પ્રભુની આજ્ઞાને મારા મસ્તકે ચઢાવી છે. તેથી કુણ એટલે કોણ, નર ખેટ અર્થાત્ નરાધમ અથવા અંતરંગ મોહાદિક કષાયભાવોરૂપ શત્રુઓ તે મને ગંજે એટલે જીતી શકે ? કેમકે શ્રી વિમલનાથ પ્રભુને આજે મેં લોયણ એટલે અંતરંગ ભાવચક્ષુવડે



જોયા છે. જેથી મારા સર્વ વાંછિત કાર્ય સિદ્ધ થઈ ગયા એમ હું માનું છું. ।।૧।।

**ચરણ-કમલ કમલા વસે રે, નિર્મલ થિર પદ દેખ;**
**સમલ અથિર પદ પરિહરી રે, પંકજ પામર પેખ. વિ૦૨**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ ! આપના ચરણકમળમાં, કમળા એટલે લક્ષ્મીએ પણ આપનું નિર્મળ અને સ્થિરપદ જોઈને ત્યાં આવી વાસ કર્યો.

તે લક્ષ્મીએ સમળ એટલે મેલસહિત પવનથી જે હાલે એવા અસ્થિરપદને પામેલ પંકજ કહેતા કીચડમાંથી જન્મેલ એવા કમળોને પામર ગણીને પરિહર્યા અર્થાત્ મૂકી દીધા, અને આપના ચરણ કમળોમાં જ આવીને નિવાસ કર્યો. ।।૨।।

**મુજ મન તુજ પદપંકજે રે, લીનો ગુણ મકરંદ;**
**રંક ગણે મંદરધરા રે, ઇંદ ચંદ નાગિંદ. વિ૦૩**

**સંક્ષેપાર્થ :–** હવે મારું મન પણ હે પ્રભુ ! તારા પદપંકજ એટલે ચરણ-કમળમાં ગુણરૂપી મકરંદ એટલે પરાગ પામવાથી ભમરાની જેમ લીન થયું છે.

તેથી હવે મંદરધરા એટલે મેરુપર્વતની સુવર્ણભૂમિ કે ઇન્દ્રલોક, ચંદ્રલોક કે નાગેન્દ્રલોકને પણ રંક જેવા તુચ્છ ગણે છે, અર્થાત્ તેનું માહાત્મ્ય હવે મને લાગતું નથી. ।।૩।।

**સાહિબ ! સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર;**
**મન-વિશરામી વાલહો રે, આતમચો આધાર. વિ૦૪**

**સંક્ષેપાર્થ :–** હે મારા પ્રભુ સાહેબ ! આપ તો અનંતશક્તિવડે પૂરેપૂરા સામર્થ્યવાન હોવાથી જગતના ધણી છો. આપ જેવા પરમ ઉદાર એટલે ભગવત્સ્વરૂપને આપનાર મને મળ્યા છો, એ મારું પરમ અહોભાગ્ય છે.

આપ જ મારા અસ્થિરમનને સ્થિર કરવાના સ્થાનરૂપ હોવાથી વિસરામી એટલે વિશ્રાંતિનું સ્થાન છો. માટે આપ મારા વહાલા છો, અર્થાત્ મારા પરમપ્રિય છો. વળી મારા આત્માના પરમ આધારરૂપ છો, અર્થાત્ મારા આત્માનું કલ્યાણ કરનાર પણ આપ જ છો. ।।૪।।

**દરિશણ દીઠે જિનતણું રે, સંશય ન રહે વેધ;**
**દિનકર કરભર પસરંતાં રે, અંધકાર પ્રતિષેધ. વિ૦૫**

**સંક્ષેપાર્થ :–** શ્રી વિમલનાથ જિનેશ્વરનું દરિશણ કહેતા વીતરાગદર્શન અર્થાત્ વીતરાગ ધર્મના અભ્યાસવડે આત્મા સંબંધી સંશય રહે નહીં. પણ વેધ

એટલે અંતર વિંધાઈને જેવું ભગવાનનું શુદ્ધ સ્વરૂપ છે તેવું જ નિશ્ચયનયે મારું પણ સ્વરૂપ છે એમ શ્રદ્ધા થાય.

જેમ દિનકર કહેતા સૂર્ય તેના કર એટલે કિરણો અને ભર એટલે સમૂહ, પસરંતા એટલે સૂર્યની કિરણો ફેલાતાં અંધકારનો પ્રતિષેધ અર્થાત્ નાશ થાય છે. તેમ પ્રભુના બોધેલા સમ્યક્જ્ઞાનરૂપ સૂર્યવડે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થાય છે અને આત્માદિ તત્ત્વોનું જ્ઞાન અને શ્રદ્ધાન થાય છે. ।।૫।।

**અમિયભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;**
**શાંત સુધારસ ઝીલતી રે, નીરખત તૃપ્તિ ન હોય. વિ૦૬**

**સંક્ષેપાર્થ :—** હે પ્રભુ ! આપની મૂર્તિ તો અમિયભરી એટલે અમૃતરસનો ભરેલો જાણે કુંડ ન હોય એવી ભાસે છે. એની રચનાની ઉપમા બીજા કોઈ સાથે આપી શકાય એમ નથી.

વળી આપની મૂર્તિ તો રાગદ્વેષથી રહિત અને સમભાવ સહિત એવા શાંત સુધારસમાં ઝીલી રહી છે કે જેને નિરખત એટલે ધારીધારીને જોવા છતાં પણ મારા મનને તૃપ્તિ થતી નથી, અર્થાત્ વારંવાર જોયા કરવાની ભાવના રહ્યા કરે છે. કારણ કે તદ્રૂપ બનવા માટે આપની મૂર્તિ મને પરમ આધારરૂપ છે. ।।૬।।

**એક અરજ સેવક તણી રે, અવધારો જિનદેવ;**
**કૃપા કરી મુજ દીજીએ રે, આનંદઘન પદ સેવ. વિ૦૭**

**સંક્ષેપાર્થ :—** હે પ્રભુ ! આપના પ્રત્યે આ સેવકની એક અરજ છે, તે આપ હે જિનેશ્વર દેવ ! પ્રસન્ન થઈને અવધારો અર્થાત્ લક્ષમાં લેજો.

મારા પર કૃપા કરીને આપના આનંદઘનરૂપ ચરણકમળની સેવા આપો. હું ત્રણેય કાળ આપની સેવા એટલે આજ્ઞામાં જ રહું એવું કરી દ્યો કે જેથી મારું કલ્યાણ થઈ આ મળેલો માનવદેહ સફળ થઈ જાય. ।।૭।।

---

# (૧૩) શ્રી વિમલનાથ સ્વામી

## શ્રી દેવચંદ્રજી કૃત વર્તમાન ચોવીશી સ્તવન

(દાસ અરદાસ શી પેરે કરેજી.....એ દેશી)



**વિમલજિન, વિમલતા તાહરીજી, અવર બીજે ન કહાય;**
**લઘુ નદી જિમ તિમ લંઘિયેજી, સ્વયંભૂરમણ ન તરાય. વિ૦૧**

**સંક્ષેપાર્થ :—** હે વિમલનાથ પ્રભુ ! આપની વિમલતા એટલે દોષરહિત નિર્મળતાનું વર્ણન અવર એટલે બીજા કોઈપણ છદ્મસ્થ જીવથી કરી શકાય નહીં. જેમ લઘુ એટલે નાની નદીને તો ગમે તેમ લંઘી શકાય એટલે કે પાર ઊતરી શકાય; પણ અસંખ્યાત કોડાકોડી યોજનના વિસ્તારવાળા સ્વયંભૂરમણ સમુદ્રને કેવી રીતે પાર પામી શકાય ? તેમ પ્રભુના અનંતગુણો તો તેના કરતાં પણ અનંતગુણા છે. તો તેનું વર્ણન કેવી રીતે કરી શકાય ? ।।૧।।

**સયલ પુઢવી ગિરિ જલ તરુજી, કોઈ તોલે એક હથ્થ;**
**તેહ પણ તુજ ગુણગણ ભણીજી, ભાખવા નહીં સમરથ. વિ૦૨**

**સંક્ષેપાર્થ :—** સયલ એટલે સકળ, પુઢવી કહેતા પૃથ્વી, ગિરિ એટલે પહાડ તથા જલ અર્થાત્ સમુદ્ર અને તરુ કહેતા વૃક્ષો અર્થાત્ વનસ્પતિ; તે સર્વને માનો કે કોઈ હથ્થ એટલે હાથવડે તોલે અર્થાત્ ઉપાડી શકે, છતાં તેવો સામર્થ્યવાન પુરુષ પણ તુજ ગુણના ગણ કહેતા સમૂહને ભાખવા એટલે કહેવા સમર્થ નથી. ।।૨।।

**સર્વ પુદ્ગલ નભ ધર્મનાજી, તેમ અધર્મ પ્રદેશ;**
**તાસ ગુણ ધર્મ પજ્જવ સહુજી, તુજ ગુણ એકતણો લેશ.વિ૦૩**

**સંક્ષેપાર્થ :—** સર્વ પુદ્ગલ દ્રવ્ય, નભ એટલે આકાશ દ્રવ્ય, ધર્મ એટલે ધર્માસ્તિકાય તથા અધર્મ એટલે અધર્માસ્તિકાય દ્રવ્યના પ્રદેશો, તથા તેમાં રહેલા અનંતગુણો, ધર્મો અને પજ્જવ કહેતા પર્યાયો પણ પ્રભુના એક કેવળજ્ઞાન ગુણના અંશમાત્ર છે. કારણ કે ઉપરોક્ત સર્વભાવોનું ત્રિકાલિક જ્ઞાન એક સમય-માત્રમાં કરનાર કેવળજ્ઞાનની શક્તિ તેના કરતાં અનંતગુણી અધિક છે. ।।૩।।

**એમ નિજભાવ અનંતનીજી, અસ્તિતા કેટલી થાય;**
**નાસ્તિતા સ્વપરપદ અસ્તિતાજી, તુજ સમકાલ સમાય. વિ૦૪**

**સંક્ષેપાર્થ :—** એમ પોતાના નિજભાવની એટલે કેવળદર્શન, જ્ઞાન, સુખ અને વીર્ય આદિ અનંતગુણ અને તેના અનંતપર્યાયની અસ્તિતા એટલે હોવાપણું પોતામાં કેટલું બધું રહેલું છે. તથા બીજા જીવ દ્રવ્ય તથા પુદ્ગલાદિ અજીવ દ્રવ્ય, તેમના પ્રદેશ, ગુણપર્યાયની જે અનંતતા છે તે પણ સર્વ નાસ્તિધર્મે

તમારા જ્ઞાનમાં વિદ્યમાન છે. એમ અનંત નાસ્તિઅસ્તિધર્મ આપના જ્ઞાનમાં એક સમયમાં જ સમકાળે સમાયેલ છે. એવું અદ્ભુત સામર્થ્ય હે પ્રભુ! આપના કેવળજ્ઞાનનું છે. ।।૪।।

**તાહરા શુદ્ધ સ્વભાવનેજી, આદરે ધરી બહુમાન;**
**તેહને તેહીજ નીપજેજી, એ કોઈ અદ્ભુત તાન. વિ૰૫**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! તારા શુદ્ધ નિર્દોષ આત્મસ્વભાવને જે બહુમાનપૂર્વક આદરે અર્થાત્ માન્ય કરે, તેનું સ્મરણ કરે, ધ્યાન કરે, તે ભવ્યનો આત્મા પણ તેવો જ શુદ્ધ બને છે; અર્થાત્ કર્મરહિત બને છે. એ કોઈ અદ્ભુત કહેતા આશ્ચર્યજનક તાન અર્થાત્ તત્ત્વ જણાય છે. ।।૫।।

**તુમ પ્રભુ તુમ તારક વિભુજી, તુમ સમો અવર ન કોય;**
**તુમ દરિશણ થકી હું તર્યોજી, શુદ્ધ આલંબન હોય. વિ૰૬**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! તમે જ મને સંસાર સમુદ્રથી તારવાવાળા વિભો એટલે સ્વામી છો. તમારા જેવો આ જગતમાં બીજો કોઈ નથી. આપના વીતરાગ મુદ્રાના દર્શનથી કે સમ્યક્દર્શનથી કે જૈન દર્શનથી હું તરી ગયો છું. કારણ કે આપનાં શુદ્ધ સ્વરૂપનું મને આલંબન પ્રાપ્ત થયું છે. અને તેથી મારા આત્મસ્વરૂપની મને ઓળખાણ થઈ છે. ।।૬।।

**પ્રભુ તણી વિમલતા ઓળખીજી, જે કરે થિર મન સેવ;**
**દેવચંદ્ર પદ તે લહેજી, વિમલ આનંદ સ્વયમેવ. વિ૰૭**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! આપની વિમળતા કહેતા પરમ નિર્દોષતાને યથાર્થ ઓળખીને જે ભવિ પોતાના મનને સ્થિર કરી આપની સેવા કહેતા આજ્ઞાને ઉઠાવશે તે ભવ્ય સર્વ દેવોમાં ચંદ્ર સમાન એવા વિમલનાથ પ્રભુના પદને લહેશે અર્થાત્ સર્વ કર્મની ઉપાધિને ક્ષય કરી મોક્ષપદને પામશે. તે વિમલનાથ પ્રભુ કેવા છે? તો કે પોતાના જ અનંત આનંદના ઘરરૂપ છે. ।।૭।।

---

# (૧૩) શ્રી વિમલનાથ સ્વામી

## શ્રી યશોવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(નમો રે નમો શ્રી શત્રુંજય ગિરિવર—એ દેશી)



**સેવો ભવિયાં વિમલ જિણેસર, દુલ્લહા સજ્જન-સંગાજી;**
**એવા પ્રભુનું દરિશણ લેવું, તે આલસમાં ગંગાજી. સે૰૧**

**અર્થ :–** હે ભવ્યજનો! તમે વિમલનાથ ભગવાનની સેવા કરો. કારણ કે સજ્જન પુરુષોનો સંગ પ્રાપ્ત થવો હમેશાં અતિ દુર્લભ છે. અને વળી આવા પ્રભુના દરિશનની પ્રાપ્તિ થવી તે તો આળસમાં ઘરે રહેલાને ગંગાજીની પ્રાપ્તિ થવા સમાન છે.

**ભાવાર્થ :–** જેમને નિર્મળ જ્ઞાનાદિ વર્તે છે અને જેઓ કર્મમળથી રહિત થઈ નિર્મળ થયા છે એવા તેરમા પ્રભુની સ્તુતિ કરતાં કર્ત્તા પુરુષ કહે છે કે હે ભવ્યજનો! તમે વિમલનાથ પ્રભુની સેવા, પૂજા તથા આરાધના કરો, કારણ કે સંતપુરુષોનો સમાગમ થવો એ બહુ મુશ્કેલ છે. કોઈ પૂર્વ પુણ્યનો ઉદય હોય તો જ તે બને છે. સંસારમાં કુસંગતિ યોગે અનાદિકાળથી આ જીવ સંસારમાં ભ્રમણ કરતો રહ્યો છે. તેને ઉત્તમ સંગતિની બહુ જરૂર છે. તે જો ન મળે તો જીવની દુર્દશા કોઈ રીતે દૂર થાય તેમ નથી. સત્સંગતિનો પ્રભાવ પણ અલૌકિક છે. આ સ્તવનમાં ભવ્ય જીવોને ઉદ્દેશીને જ કર્ત્તાએ આ સૂચન કરેલું છે; કારણ કે અભવ્ય જીવોને એવી સૂચના કરવાથી કોઈ પારમાર્થિક ફળ સંભવતું નથી. સજ્જનનો યોગ, તેના વચનમાં પ્રતીતિ અને તેના કથન અનુસાર વર્તન કરવું એ સર્વ ભવિષ્ય સુધરવાનું હોય તો જ બને છે; નહિ તો બહુ દુર્લભ છે. આપણને તો કોઈ મહાપુણ્યયોગે આર્યદેશ, ઉત્તમ કુળ,આરોગ્ય અને ધર્મ શ્રવણનો યોગ વગેરે સામગ્રીની પ્રાપ્તિ થઈ છે, એટલે પ્રભુનું દર્શન થવું હવે આપણને બહુ મુશ્કેલ નથી. હવે તો માત્ર થોડો જ પ્રયાસ કરવાની જરૂર છે. જેમ આળસુ માણસ, ગંગાજી ગયા વગર, કોઈ સુયોગે જ્યાં પોતે રહેતો હોય તેટલા નજીકમાં જ ગંગાજી પ્રગટે અને તે ગંગામાં સ્નાન કરીને પવિત્ર થાય એટલે વગર પરિશ્રમે જ તેને તો ગંગાજી મળ્યા ગણાય. તેમ આપણને પણ પ્રભુનો ભેટો થયો છે તો હવે માત્ર તેમની આજ્ઞા ઉઠાવવાની જ જરૂર છે. તે કરવામાં આવે તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થવું હવે સુલભ છે. ।।૧।।

**અવસર પામી આળસ કરશે, તે મૂરખમાં પહેલોજી;**
**ભૂખ્યાને જેમ ઘેબર દેતાં, હાથ ન માંડે ઘેલોજી. સે૰૨**

**અર્થ :–** જેમ ભૂખ્યા માણસને ઘેવર આપવા જતાં જે ઘેલો હોય તે જ હાથ ન ધરે, તેમ અવસર પ્રાપ્ત થયે જે માણસ આળસ કરે તેને વિવેક વગરનો

મૂર્ખ શિરોમણિ જાણવો.

**ભાવાર્થ :–** ગામ બહાર ગંગાજી પ્રગટે પણ ત્યાં જવા જેટલો શ્રમ ન ઉઠાવાય અથવા વૃક્ષ ઉપર ફળ પરિપક્વ થયેલું હોય પણ તેને તોડીને ખાવા જેટલી પણ મહેનત ન થાય તેમ ભૂખ્યા માણસને કોઈ દયાળુ પુરુષ સુંદર ઘેવર આપવાનું કરે તે વખતે તે અક્કલહીન માણસ હાથ પણ લાંબો ન કરે, તો એના કરતાં બીજી મોટી મૂર્ખતા કઈ હોઈ શકે ? તેમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો વખત પ્રાપ્ત થયા છતાં આળસ પ્રમાદ કરવામાં આવે તો મળેલી તક પણ ચાલી જાય અને ફરી એવી તક મળવી દુર્લભ થાય. છેવટે ઘણો પસ્તાવો થાય. આવી રીતે પ્રમાદ કરનારને મૂર્ખ શિરોમણિનું ઉપનામ અપાય છે. કારણ કે ધાર્મિક કાર્યો કરવામાં આજ કરશું ! પાંચ દિવસ પછી કરશું ! વૃદ્ધાવસ્થામાં કરશું ! હાલ શી ઉતાવળ છે ? એમ વાયદા કરી અમૂલ્ય સમય ગુમાવનાર પામર જીવો, જ્યારે અચાનક કાળના હાથમાં સપડાઈ જાય છે ત્યારે તે વખતે તેઓને બહુ પશ્ચાત્તાપ થાય છે અને માઠી ગતિના ભાજન થવું પડે છે. માટે આત્માર્થી જીવોએ પ્રમાદનો જેમ બને તેમ પરિહાર કરી સ્વહિત કરવામાં વગર વિલંબે ઉદ્યમવંત થઈ જવું જોઈએ. ભાગ્યવંત જીવો જ સુખે આત્મહિત સાધી શકે છે. અને તેઓને પસ્તાવાનો વખત આવતો નથી. ।।૨।।

**ભવ અનંતમાં દર્શન દીઠું, પ્રભુ એહવા દેખાડેજી;**
**વિકટ ગ્રંથિ જે પોળ પોળિયો, કર્મ વિવર ઉઘાડેજી. સે૦૩**

**અર્થ :–** અનંત ભવ ગયા પછી આજે પ્રભુનુ વીતરાગ દર્શન પ્રાપ્ત થયું. છતાં મોહનીય કર્મની સાત પ્રકૃતિરૂપ ગ્રંથિ એટલે ગાંઠને ભેદીને સમકિત પ્રાપ્ત કરવું તે વિકટ છે. જૈનશાસનરૂપ મંદિરની પોળ એટલે દરવાજો, કર્મ વિવર એટલે કર્મનો વિચ્છેદ નામે દ્વારપાળ જ્યારે દ્વાર ઉઘાડીને પ્રભુના દર્શન કરાવે ત્યારે થાય.

**ભાવાર્થ :–** વીતરાગદર્શનમાં સમકિતની પ્રાપ્તિ થવી પરમ દુર્લભ છે. તેને માટે મોહનીય કર્મની સાત પ્રકૃતિરૂપ ગ્રંથિને ભેદવાની હોય છે અને તે પરમ વિકટ છે. તે આ પ્રમાણે છે—જ્યારે કર્મ વિવર નામનો દ્વારપાળ, તેની પોળ ઉઘાડી પ્રભુના દર્શન કરાવે ત્યારે તે થાય તેમ છે. ભવિતવ્યતાના યોગે આયુષ્યકર્મ વિના જ્ઞાનાવરણીયાદિ સાત કર્મની સ્થિતિ કિંચિત્ ન્યૂન એક કોડાકોડી સાગરોપમ જેટલી જ બાકી રહે, ત્યારે જીવ યથાપ્રવૃત્તિકરણ સુધી આવે છે. અભવિપણ ત્યાં સુધી આવી શકે છે. પણ કોઈક જ જીવ અપૂર્વ ભાવના બળે



આગળ વધી અપૂર્વકરણ કરી અનિવૃત્તિકરણમાં આવીને ગ્રંથિ ભેદ કરી સમ્યક્ દર્શનને પામે છે. પણ તે પરમ વિકટ છે.

આ સ્થિતિને પમાડનાર વીતરાગ એવા શ્રી વિમલ પ્રભુ વિના બીજો કોણ છે ? માટે તેમની જ ભાવપૂર્વક સેવના કરો, કેમકે એવા પરમપુરુષનો યોગ મળવો ત્રણે કાળમાં દુર્લભ છે. ।।૩।।

**તત્ત્વપ્રીતિકર પાણી પાએ, વિમલાલોકે આંજીજી;**
**લોયણ ગુરુ પરમાન્ન દિયે તવ, ભ્રમ નાંખે સવિ ભાંજીજી. સે૦૪**

**અર્થ :–** હવે એવા સદ્ગુરુ મળવાથી તે તત્ત્વપ્રીતિકર નામનું પાણી પાએ છે અને વિમલાલોક નામનું આંખમાં અંજન આંજે છે. તેમજ આત્માને પરમ હિતકારી એવું પરમાન્ન એટલે ક્ષીરભોજન આપીને જીવની અનાદિકાળની આત્મભ્રાંતિરૂપ વિપરીત માન્યતાને ભાંગી નાખી સમકિતની પ્રાપ્તિ કરાવે છે.

**ભાવાર્થ :–** કર્મ વિવર જ્યારે માગ આપે ત્યારે જીવને પરમોપકારી એવા સદ્ગુરુનો ભેટો થાય છે. તેઓ પ્રથમ બોધવડે તત્ત્વપ્રીતિકર એટલે શુદ્ધ શ્રદ્ધારૂપ પાણી પાએ છે. બાદ સમ્યક્જ્ઞાનરૂપ વિમળાલોક નામનું અંજન નેત્રમાં આંજી અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરે છે. અને ત્યાર પછી પરમાન્નરૂપ ક્ષીરનું ભોજન કરાવી આત્મચારિત્રની પુષ્ટિ કરે છે. આમ અંશે રત્નત્રયની પ્રાપ્તિ કરાવી અનાદિની જીવની મિથ્યા આત્મભ્રાંતિને શ્રીગુરુ ભાંગી નાખે છે. આ ગાથામાં ભરેલ ભાવ ઉપમિતિ ભવ પ્રપંચ નામના ગ્રંથમાં નિષ્પુણ્યક ભિખારીના દૃષ્ટાંતને અનુસરતો છે.

નિષ્પુણ્યક નામનો ભિખારી તે સંસારી મોહમૂઢ જીવ છે. તેને જ્ઞાનીપુરુષનો ભેટો થતાં મહામુશ્કેલીએ તે પૌદ્ગલિક સુખરૂપ પોતાના ખરાબ અન્નને છોડે છે. અંતે શ્રી ગુરુ સત્યતત્ત્વની શ્રદ્ધા કરાવી, તત્ત્વનું સમ્યક્પ્રકારે જ્ઞાન આપી અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે છે, અને સમ્યક્ચારિત્રરૂપ સદાચારમાં પ્રવર્તાવી તેને મોક્ષનો પથિક બનાવે છે. ।।૪।।

**ભ્રમ ભાગ્યો તવ પ્રભુશું પ્રેમે, વાત કરું મન ખોલીજી;**
**સરલ તણે જે હઈડે આવે, તેહ જણાવે બોલીજી. સે૦૫**

**અર્થ :–** હવે આત્મભ્રાંતિરૂપ ભ્રમ ભાંગ્યો તેથી પ્રભુની સાથે હું પ્રેમથી મન ખોલીને વાત કરું છું. તેમજ સરળપણે જે મનમાં ઊગે તે સ્પષ્ટપણે પ્રભુને જણાવી દઉં છું કે જેથી મને આગળનું માર્ગદર્શન પ્રાપ્ત થાય.

**ભાવાર્થ :–** અનાદિનો દેહમાં આત્મબુદ્ધિરૂપ ભ્રમ ભાંગી જવાથી હવે પ્રભુના સ્વરૂપ સાથે મારે એકતા થઈ છે. તેથી એકાંતમાં કોઈપણ જાતના સંકોચ વગર હૃદય ખોલીને પ્રભુ સાથે વાત કરું છું, જેથી આગળ કેવળજ્ઞાન પ્રાપ્તિનો શું ઉપાય છે તેનું મને માર્ગદર્શન પ્રાપ્ત થાય. તેમજ 'કપટ રહિત થઈ આતમ અરપણા'ની જેમ સરળભાવે જે જે મારા હૃદયમાં આવે તે તે સર્વ પ્રભુને જણાવી દઈ હૃદય ખાલી કરું છું. પ્રભુની સેવા મળવી ભવોભવ અતિ અતિ દુર્લભ જાણી હે ભવ્યો ! જરૂર તેની ભક્તિભાવે ઉપાસના કરો. ।।૫।।

**શ્રીનયવિજય વિબુધ પય સેવક, વાચકયશ કહે સાચુંજી;**
**કોડિકપટ જો કોઈ દિખાવે, તોહિ પ્રભુવિણ નવિ રાચુંજી. સે૦૬**

**અર્થ :–** શ્રી નયવિજયજી પંડિતના ચરણસેવક વાચક યશોવિજયજી પોતાના મનની એક સત્ય હકીકત કહે છે કે જો કોઈપણ મને ક્રોડોગમે કપટ કરી કંઈપણ બતાવે તો પણ હું પ્રભુ વિના અન્ય કોઈમાં મોહ પામનાર નથી એ મારો દૃઢ નિશ્ચય છે.

**ભાવાર્થ :–** આ સ્તવનના રચયિતા મહાપુરુષ અંતમાં ઉપસંહાર કરતાં, જે તેમના હૃદયમાં પરિણમેલું છે તે જાહેર કરે છે કે ઇંદ્રજાળ આદિ મિથ્યા પ્રપંચથી કોઈ મને છેતરવા માગે, કોઈ મારું મન ફેરવવા માગે તો પણ હું અડગ શ્રદ્ધાથી કહું છું કે હવે પછી શ્રી વીતરાગ પ્રભુ વિના અન્ય કોઈપણ દેવની પૂજા-સેવા-આરાધના હું ક્યારે પણ કરવાનો નથી. હૃદયપ્રેમથી ભરેલા આવા ઉદ્ગારો તેમના સાચા સમ્યક્ત્વની પ્રાપ્તિ બતાવે છે. એવા જીવને ધર્મરંગ અસ્થિમજ્જામાં પરિણમેલો હોય છે. તેમજ રગેરગમાં ધર્મના અંગે અપૂર્વ વીર્યોલ્લાસ પ્રાપ્ત હોય છે. તેને યોગે આત્મોન્નતિના પ્રયાસમાં આવી પડતાં અનેક પ્રકારનાં વિઘ્નોને તે દૂર કરી અલ્પકાળમાં સિદ્ધિને પ્રાપ્ત કરી શકે છે.

સુખ દુઃખ માત્ર કર્મના જ વિપાકો છે. એ હકીકતને માનનારાં છતાં કેટલાએક જૈન ભાઈઓ જરા કષ્ટ કે આપત્તિ પ્રાપ્ત થયે ગભરાઈ જઈ, મનોબળને નબળું કરી, હિંમત ગુમાવી બેસી, અન્ય ગમે તે દેવદેવી સંબંધી ગમે તે પ્રકારની માન્યતા સ્વીકારવા તૈયાર થઈ જાય છે. અને તેમ કરીને પોતાના જૈનત્વને ભૂલી જાય છે. એવાઓએ આ હકીકત ઉપરથી ધડો લઈ બહુ સમજવા જેવું છે. આવે વખતે માત્ર એટલું જ ધ્યાનમાં રાખવું જોઈએ કે જો પુણ્યોદય હશે તો કોઈ કાંઈપણ કષ્ટ આપવા સમર્થ નથી અને પાપોદય હશે તો કોઈપણ દેવ કે દેવી



તેના ફળને નિવારવા શક્તિમાન નથી. આમ વિચારી શ્રદ્ધામાં શિથિલ ન થતાં ધર્મનું સવિશેષ સેવન કરવું કે જેથી અશુભ કર્મનો ઉદય સર્વથા નાશ પામી, સમ્યક્ત્વની દૃઢતા થઈ જીવનું કલ્યાણ થાય. ।।૬।।

---

# (૧૩) શ્રી વિમલનાથ સ્વામી

## શ્રી મોહનવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(તે તરીઆ ભાઈ તે તરીઆ—એ દેશી)

**વિમલજિનંદશું જ્ઞાનવિનોદી, મુખછબી શશી અવહેલેજી;**
**સુરવર નીરખી રૂપ અનુપમ, હજીયે નિમેષ ન મેલેજી. વિ૦૧**

**અર્થ :–** શ્રી વિમલનાથ ભગવાનની મુખમુદ્રા જ્ઞાનવિનોદી એટલે સમજણપૂર્વકનો નિર્દોષ આનંદ આપનારી છે. એવી ભગવાનની મુખરૂપ છબી ચંદ્રમાની કાંતિને પણ અવહેલે એટલે ઝાંખી પાડી દે છે. ઇન્દ્ર વગેરે પણ પ્રભુનું અનુપમ રૂપ નીરખીને હજી સુધી નિમેષ એટલે આંખનો પલકારો પણ પાડતા નથી અર્થાત્ આંખને હજુ સુધી ખુલ્લી જ રાખી છે.

**ભાવાર્થ :–** શ્રી વિમલનાથ ભગવાનની સમ્યક્જ્ઞાનરૂપ વિનોદને આપનારી મુખરૂપ છબી ચંદ્રની ઉપમાને પણ ઝાંખી કરી દે છે. તેમાં લૌકિક ચંદ્ર તો રાહુથી ગ્રહણ થાય છે તેમજ શુક્લ અને કૃષ્ણ પક્ષમાં હાનિવૃદ્ધિ પામે છે. વળી સૂર્યનું તેજ આવવાથી ચંદ્ર ખાખરાનાં પાંદડા જેવો ફીક્કો જણાય છે. જ્યારે લોકોત્તર ચંદ્રરૂપ શ્રી વિમલનાથ ભગવાનના મુખની આકૃતિ તો એટલી બધી તેજવાળી છે કે લૌકિક ચંદ્ર તેની આગળ સાવ નિસ્તેજ જેવો બની જાય છે. આ શ્રી વિમલનાથ ભગવાનના મુખરૂપી ચંદ્રમાનું અનુપમ રૂપ દેખીને અત્યાર સુધી દેવતાઓની આંખોની પાંપણો મળતી નથી અર્થાત્ ખુલ્લીને ખુલ્લી જ રહે છે. પ્રભુનું મુખ જોઈને તેમના ચક્ષુઓ તૃપ્તિ જ પામતા નથી. ।।૧।।

**વિષ્ણુ વરાહ થઈ ધરે વસુધા, એહવું કોઈક કહે છે જી;**
**તો વરાહ લંછન મિષે પ્રભુને, ચરણ શરણે રહે છે જી. વિ૦૨**

**અર્થ :–** શ્રી વિષ્ણુ ભગવાન વરાહ એટલે ભૂંડનું રૂપ ધારણ કરીને આ પૃથ્વીને ધરી રાખેલ છે એમ બીજા મતવાળા માને છે. શ્રી વિમલનાથ પ્રભુનું

લંછન વરાહનું છે. તે વરાહના મિષથી એટલે બહાનાથી જાણે પ્રભુના ચરણનું એટલે પગનું શરણ લઈ તેમની પાસે રહેલ છે એમ હું માનું છું.

**ભાવાર્થ :–** શ્રી વિમલનાથ ભગવાનના જમણા જાનુમાં વરાહનું લંછન છે. અન્ય દર્શનોમાં પુરાણની અંદર શ્રી વિષ્ણુએ દશ અવતાર લઈ દુનિયાની લીલા ભક્તજનોને દેખાડી એવી વાત આવે છે. એ દશ અવતારમાં ત્રીજો વરાહ અવતાર લીધો એમ કહેવાય છે. તેમજ અન્ય દર્શનીઓની માન્યતા પ્રમાણે પૃથ્વી મંડળ શેષનાગ ઉપર તેમજ ઉપર કહેલો વરાહ તે પણ પૃથ્વીને ઝીલીને રહેલ છે. આવી કલ્પનાઓ તો સાવ મિથ્યા જણાય છે; પણ સ્તવનના બનાવનાર કવિરત્ન આવી રીતે કલ્પના કરી પ્રકાશે છે કે આ શ્રી વિષ્ણુ વરાહનું રૂપ લઈ, લંછનના બહાને પ્રભુના ચરણમાં સેવા કરવા આવ્યા હોય એમ જણાય છે. કેમકે પ્રભુના ચરણમાં ચક્રવર્તી તેમજ વાસુદેવ વગેરે બધા નમન કરે છે, તેમના ચરણકમળમાં પડી સેવા ઉઠાવે છે, તેમ એ પણ હોઈ શકે. ।।૨।।

**લીલા અકળ લલિત પુરુષોત્તમ, શિવવધૂ રસ ભીનોજી;**
**વેધક સ્વામીથી મિલવું સોહિલું, જે કોઈ ટાળે કીનોજી. વિ૦૩**

**અર્થ :–** પ્રભુની લીલા અકળ અને લલિત એટલે સુંદર છે. પ્રભુ પુરુષોને વિષે સર્વોત્તમ શિવ એટલે મોક્ષરૂપી વધૂના રસિક છે. તથા વેધક એટલે જ્ઞાનબળે કર્મોને વીંધનાર છે. એવા સ્વામીને ભક્તિવડે મળવું સુલભ થાય એવી સુલભદશાને ટાળનાર કોણ છે ? તો કે કીનો એટલે કળાબાજ એવો આ મોહ છે, તે વિઘ્ન કરે છે. બાકી કોઈ નથી.

**ભાવાર્થ :–** કોઈ કળી શકે નહિ એવી જ્ઞાનરૂપી લીલાએ કરીને પ્રભુ સહિત છે. વળી પ્રભુ એક હજારને આઠ લક્ષણોવાળા હોવાથી મનોહર છે. પુરુષોને વિષે ઉત્તમ છે. મુક્તિરૂપી વધૂના પૂર્ણ રસિક છે. વળી પોતે વેધક કહેતાં જ્ઞાનબળે કરી સર્વ કર્મોને નષ્ટ કરનારા છે. આવા સ્વામી જોડે મળવું તે ભક્તજનને ભક્તિથી સુલભ છે. કારણ કે ભક્તિ 'એ મુક્તિરૂપી કન્યા પ્રાપ્ત કરવામાં એક લોકોત્તર દૂતી સમાન છે. તો આવા પ્રભુના મિલનને કોણ ટાળી શકે ? અર્થાત્ ભક્તિમાં કોણ અંતરાય કરી શકે ? આ ગાથામાં ''કીનોજી'' એવો શબ્દ છે. તે 'ઠગ', કળાબાજ અથવા ધૂતારાના અર્થમાં છે. તો આવા પ્રભુના મિલનમાં અડચણ કરનાર એક મોહરૂપી મહાન ધૂતારો છે. પણ જેના હૃદયમાં ભક્તિ વસેલી છે એવા સેવકજનો તે મોહરૂપી ધૂતારાથી ઠગાતા નથી. ।।૩।।



**પ્રસન્ન થઈ જગનાથ પધાર્યા, મનમંદિર મુજ સુધર્યોજી;**
**હું નટનવલ વિવિધ ગતિ જાણું, ખિણ એક તો લહો મુજરોજી. વિ૦૪**

**અર્થ :–** મારા ઉપર પ્રસન્ન થઈ જગન્નાથ મારા મનમંદિરમાં પધાર્યા; તેથી મારું મન મંદિર સુધરી ગયું. હું નટની નવલ એટલે નવી નવી વિવિધ પ્રકારની ગતિ એટલે નાટ્યકળા જાણું છું. તો તે મારી ભક્તિમય વિવિધ નાટ્યકળાને હે પ્રભુ! એક ક્ષણ માત્ર આપ નીરખીને મારો મુજરો કહેતા પ્રસન્નતાભરી કૃપાદૃષ્ટિ વરસાવી મને કૃતાર્થ કરો એવી અભિલાષા છે.

**ભાવાર્થ :–** હે ત્રણ જગતના નાથ તમે મારા મનમંદિરમાં જ્યારથી પધાર્યા ત્યારથી કર્મરૂપી કચરાથી ભરેલું મારું મન સુધરી ગયું. તે વખતે પ્રભુને પધારેલા જાણી મને મારી કળા દેખાડવાનું મન થયું. તેથી હે પ્રભુ ! હું નટ જેવો છું, અપૂર્વ નાટક કરનાર કલાબાજ છું, નાટકના સર્વ પ્રકારો જાણું છું. તેથી મારી ભક્તિરૂપી વિવિધ નાટ્યકળાને જોઈને એક ક્ષણ માત્ર આપ મારો મુજરો લ્યો એટલે કે મારા ઉપર પ્રસન્નતા ભરેલી દૃષ્ટિ નાખો. જેમ નાટક કરનારાઓ નાટ્યકળા ભજવી પ્રેક્ષક પાસેથી મુજરો કહેતાં પ્રસન્નતા મેળવે છે તેમ એ બધા ઉપનયનો સાર હવે પછીની પાંચમી ગાથામાં કહેવામાં આવે છે. ।।૪।।

**ચોરાશી લખ વેશ હું આણું, કર્મ પ્રતીત પ્રમાણેજી;**
**અનુભવ દાન દીઓ તો વારુ, ચેતન કહો મયાણેજી. વિ૦૫**

**અર્થ :–** હે પ્રભુ ! હું ચોરાશી લાખ વેશ કર્મની પ્રતીત પ્રમાણે અર્થાત્ જેવા કર્મ ઉદયમાં આવે તે ભજવી શકું છું. જો આત્માના અનુભવનું દાન આપો તો આ નાટક ભજવવાનું વારુ એટલે બંધ કરું. અને કદાચ મારી યોગ્યતાના અભાવે દાન ન આપી શકો તો નાટક કરનારા એવા મારા આત્માને આપ મયા એટલે દયા કરીને સમજાવી દો કે હે ચેતન ! હવે તું રાગદ્વેષ કરી આવા વેશ ભજવીશ નહીં. નહીં તો હજુ ચોરાશી લાખ જીવાયોનિમાં દુઃખી થવું પડશે.

**ભાવાર્થ :–** આ જગતની અંદર સંસારી જીવો કર્મના વશથી ચોરાશી લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરે છે. અને નામકર્મને લઈને નવા નવા શરીરના રૂપ ધારણ કરે છે. આ નામકર્મ, કર્મગ્રંથને આધારે એકસોને ત્રણ (૧૦૩) ભેદવાળું છે. તેને ચિત્રકાર સમાન કહ્યું છે. ચિત્રકાર જેમ હાથી, ઘોડા, દેવ, રાક્ષસ, મનુષ્યના ચિત્ર દોરે છે તેમ નામકર્મ જીવને હાથી, ઘોડા, દેવ, મનુષ્ય વગેરે બનાવે છે. દુનિયાની અંદર અનેક નટલોકો વેષ બદલીને નાટક કરી

પ્રેક્ષક જનને આનંદ ઉપજાવે છે. તે વખતે નાટક જોનારે, નાટકીઓને દાન આપવું પડે છે. તો હે પ્રભુ! આપ અનંતજ્ઞાની હોવાથી મારું સર્વ નાટક આપ જોઈ રહ્યા છો. તેમ મેં પણ ચોરાશી લાખ જીવાયોનિમાં અનંતા વેશ ભજવી આપને નાટકો બતાવ્યાં છે. તો અમને હવે આત્માનુભવરૂપી જ્ઞાનદાન આપીને પ્રસન્ન કરો. અને કદાચ આવું દાન આપવામાં મારી યોગ્યતા ન હોય તો મારા ચેતનને તમે સમજાવી દો કે હે ચેતન! હવે તારે આવા વેશો ભજવવા નહિં. જેથી આપને દાન આપવું પડે નહીં, અને અમારે વેશ ભજવવા પડે નહીં. હે પ્રભુ! આપને જેમ અનુકૂળ હોય તેમ કરો. ।।૫।।

**જે પ્રભુ ભક્તિ વિમુખ નર જગમેં, તે ભ્રમ ભૂલ્યા ભટકેજી;**
**સગત તેહ ન વિગત લહીએ, પૂજાદિકથી ચટકેજી. વિ૦૬**

**અર્થ :–** જે જીવો જગતમાં પ્રભુની ભક્તિથી વિમુખ છે તે પુરુષો આત્મભ્રાંતિરૂપ ભ્રમ વડે પોતાને જ ભૂલી જઈ ચારગતિરૂપ સંસારમાં ભટકે છે. તેમને સત્પુરુષનો સગત એટલે સંગાથ મળતો નથી, તેથી છૂટવાની વિગત પણ તેઓ જાણતા નથી. અને પ્રભુની દ્રવ્યપૂજા, ભાવપૂજા આદિની અનેક રીતિથી તેઓ વેગળા જ રહે છે.

**ભાવાર્થ :–** પ્રભુની ભક્તિ જે મોક્ષ આપનારી છે, તેનાથી વિમુખ રહેનાર મનુષ્યો આત્માના નિર્ણયમાં ભ્રમિત થઈ સંસારમાં બહુ ભટકે છે. તેમને સત્પુરુષનો સગત એટલે સંગત અર્થાત્ સમાગમ ન રહેવાથી તે સંસાર પરિભ્રમણના ત્યાગની વિગત જાણી શકતા નથી કે સંસારના દુઃખનો ત્યાગ કેવી રીતે કરી શકાય. તેના ફળ સ્વરૂપ પ્રભુ પૂજાથી પણ તેઓ ચટકે કહેતાં દૂર જ રહે છે. ।।૬।।

**કીજે પ્રસાદ ઉચિત ઠકુરાઈ, સ્વામી અખય ખજાનોજી;**
**રૂપવિબુધનો મોહન પભણે, સેવક વિનતિ માનોજી. વિ૦૭**

**અર્થ :–** હે પ્રભુ! આપની ઠકુરાઈ એટલે પદવીને ઉચિત એવી અમારા ઉપર કૃપાદૃષ્ટિ કરજો. એમ પંડિત શ્રી રૂપવિજયજીના શિષ્ય શ્રી મોહનવિજયજી મહારાજ કહે છે કે સેવકની આ વિનંતિને આપ જરૂર માન્ય કરશો.

**ભાવાર્થ :–** હે પ્રભુ! આપની પાસે તો ત્રણ જગતની ઠકુરાઈ એટલે સાહેબી વર્તે છે. જેમકે (૧) અશોકવૃક્ષ. (૨) પુષ્પવૃષ્ટિ. (૩) દિવ્ય ધ્વનિ. (૪) ચામર. (૫) ભામંડળ. (૬) સિંહાસન. (૭) દુંદુભિ અને (૮) છત્રત્રય. એવી



રીતે અષ્ટમહાપ્રાતિહાર્યરૂપ શાસનને શોભાવનારી અને જગન્નાથને ઉચિત એવી ઠકુરાઈ આપને વિષે વર્તે છે. તથા સમવસરણની શોભા, ચોત્રીસ અતિશય, પાંત્રીસ ગુણયુક્ત વાણી આદિ વર્તે છે. વળી આપ ત્રણ જગતના સ્વામી છો. આપના અક્ષય ખજાનામાં જ્ઞાન, દર્શનચારિત્ર અને વીર્ય એ રૂપી અનંત ધન ભરેલું છે તો પંડિત શ્રી રૂપવિજયજી મહારાજના શિષ્ય શ્રી મોહનવિજયજી મહારાજ કહે છે કે સેવકની આ વિનંતિને સ્વીકારી આપની સાહેબીને યોગ્ય પ્રસાદ આપવા કૃપા કરશો. ।।૭।।

---

# (૧૪) શ્રી અનંતનાથ સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

**ધાર તરવારની સોહલી, દોહલી, ચૌદમા જિનતણી ચરણ સેવા;**
**ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના-ધાર પર ન રહે દેવા. ધાર૦૧**

**સંક્ષેપાર્થ :–** તરવારની ધાર ઉપર ચાલવું તો સહેલું છે પણ ચૌદમા તીર્થંકર ભગવાનની ચરણસેવા એટલે તેમની આજ્ઞા પ્રમાણે ચાલવું બહુ દુર્લભ છે. તરવારની ધાર ઉપર નાચતા બાજીગરો એટલે નટ લોકોને દેખીએ છીએ. પણ ભગવાનની સેવના-ધાર એટલે આજ્ઞારૂપી ધાર જેમકે રાગદ્વેષ ન કરવા, વિષયકષાયને જીતવા કે વ્રતો ગ્રહણ કરવા વગેરે છે તેના ઉપર તો દેવો પણ ચાલી શકતા નથી. એ વિષે શ્રીમદ્જી કહે છે–

**"પરપરિણતિનાં કાર્ય કરવાનો પ્રસંગ રહે અને સ્વપરિણતિમાં સ્થિતિ રાખ્યા કરવી તે ચૌદમા જિનની સેવા શ્રી આનંદઘનજીએ કહી છે તેથી પણ વિશેષ દોહ્યલું છે."** (વ.પત્રાંક ૬૦૦) ।।૧।।

**એક કહે સેવીએ વિવિધ કિરિયા કરી, ફલ અનેકાંત લોચન ન દેખે;**
**ફલ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિમાંહે લેખે. ધાર૦૨**

**સંક્ષેપાર્થ :–** કેટલાએક એમ કહે છે અમે વિવિધ પ્રકારની વ્રત, તપ, સંયમાદિની ક્રિયાઓ કરીને ભગવાનની સેવા કરીશું. પણ જ્ઞાન વગરની ક્રિયાઓના અનેકાંત એટલે અનેક પ્રકારના ફળ આવે છે, તે તેઓ લોચન એટલે આંખે દેખતા નથી.

આવી અનેક પ્રકારના ફળવાળી ક્રિયાઓ કરીને બાપડા, લેખે એટલે તેમના કર્મના લેખા અનુસાર દેવતા, મનુષ્ય, તિર્યંચ અને નારકીરૂપ ચાર ગતિઓમાં જ રઝળ્યા કરે છે. ।।૨।।

**ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે;**
**ઉદર-ભરણાદિ નિજ કાજ કરતા થકા, મોહ નડિયા કલિકાલ રાજે. ધાર૦૩**

**સંક્ષેપાર્થ :–** જ્યાં ગચ્છમતના આગ્રહો છે ત્યાં આત્મતત્ત્વનું નિર્મળપણું નથી. આવા ગચ્છમતના ભેદ પાડી, તેના કષાયાદિ ફળને પણ નયણ નિહાળતા એટલે પોતાની સગી આંખે સ્પષ્ટ જોતાં છતાં પણ, તત્ત્વની વાત કરતાં લજ્જા પામતા નથી.

માત્ર પોતાના ઉદરભરણાદિ એટલે પેટ ભરવા કે પોતાને મનાવા પૂજાવાની વૃત્તિરૂપ નિજ કાજ કરવાથી મોહરાજાએ આ વેષધારી મતવાદીઓને પણ આ કળિકાળના રાજ્યમાં પોતાના પાશમાં જકડી લીધા છે. તેઓ દયાપાત્ર છે. આપણા આત્માએ પણ અનંતવાર ચારિત્ર ગ્રહણ કરીને આવા જ કાર્ય કર્યા જણાય છે. તેથી જ આજ સુધી આપણે મુક્તિને પામ્યા નથી. ।।૩।।

**વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો;**
**વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફલ, સાંભળી આદરી કાંઈ રાચો. ધાર૦૪**

**સંક્ષેપાર્થ :–** જ્યાં ગચ્છ કે મતની કલ્પના કે આગ્રહો છે ત્યાં સદ્વ્યવહાર હોતો નથી. તેની બધી ક્રિયા સંસારવૃદ્ધિનું કારણ થાય. તેનો વચન વ્યવહાર નિરપેક્ષ એટલે અપેક્ષા વગરનો હોય છે. અને અપેક્ષા વગરનો નિરપેક્ષ વ્યવહાર તેને શાસ્ત્રમાં જૂઠો કહ્યો છે. જેમકે પુત્રની અપેક્ષાએ પોતે પિતા કહેવાય પણ પોતાના પિતાની અપેક્ષાએ જોતાં પોતે જ પુત્ર છે. એમ સ્યાદ્વાદ છે. તેમ પોતાના મતને એકાંતે પકડના વ્યવહાર મિથ્યા ગણાય છે. કોઈ અપેક્ષાએ પોતે સત્ય છે તેમ બીજી અપેક્ષાથી જોતાં બીજામાં પણ સત્ય હોઈ શકે છે.

જિનવચનની અપેક્ષા વિનાનો વ્યવહાર અર્થાત્ પ્રવર્તન તે સંસારના ફળને જ વધારનાર છે. એમ સાંભળવા છતાં પણ તમે નિરપેક્ષ વચનવાળા વ્યવહારને શા માટે આદરો છો? અને આદરીને કાંઈ રાચો એટલે તેમાં વળી ખુશી થાઓ છો! માટે ગચ્છમતના એકાંતે બધા આગ્રહો મૂકી દઈ શ્રીમદ્જીએ કહ્યું છે તેમ એક માત્ર **'આત્મવિચાર કર્તવ્યરૂપ ધર્મ ભજવો યોગ્ય છે.'** આમાં આપણા સૌનું કલ્યાણ છે.



**દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે, કિમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો;**
**શુદ્ધ શ્રદ્ધાન વિણુ સર્વ કિરિયા કરે, છાર પર લીંપણું તેહ જાણો. ધાર૦૫**

**સંક્ષેપાર્થ :–** જ્યાં મતાગ્રહ, દુરાગ્રહ કે હઠાગ્રહ હોય ત્યાં પક્ષપાત હોય છે. અને પક્ષપાતીનું વચન સત્ય હોતું નથી. તેથી આવા પક્ષપાતીઓના વચનથી સાચા દેવ, ગુરુ ધર્મની શુદ્ધિ એટલે સાચું ઓળખાણ કેવી રીતે થાય? અને સાચું ઓળખાણ થયા વિના તે પ્રત્યે સાચી શ્રદ્ધા પણ કેમ આવે?

શુદ્ધ શ્રદ્ધાન એટલે વ્યવહાર સમકિત વગરની સર્વ તપ સંયમની ક્રિયા તો છાર એટલે ધૂળ અથવા રાખોડી ઉપર લીંપણ કર્યા સમાન જાણવી. પણ સત્દેવ-ગુરુ-ધર્મની સાચી શ્રદ્ધાસહિત, સદ્ગુરુ આજ્ઞાએ, આત્માર્થના લક્ષે, નિષ્કામ ભાવે કરેલી ક્રિયા વડે જ કર્મોની નિર્જરા થઈ, શાશ્વત સુખ શાંતિ સ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે. ।।૫।।

**પાપ નહિ કોઈ ઉત્સૂત્રભાષણ જિસ્યો; ધર્મ નહિ કોઈ જગસૂત્ર સરિખો;**
**સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરીખો. ધાર૦૬**

**સંક્ષેપાર્થ :–** જગતમાં ઉત્સૂત્ર એટલે ભગવાનના કહેલા સૂત્ર સિદ્ધાંતથી વિપરીત ભાષણ કરવા જેવું કોઈ પાપ નથી, અર્થાત્ ભગવાનના સ્યાદ્વાદયુક્ત વચનોથી વિરુદ્ધ ભોળાબાળા જીવોને સમજાવી પોતાના મતમાં ફસાવી ધર્મને બદલે અધર્મ કરાવવો તેના જેવું કોઈ જગતમાં પાપ નથી. અને ભગવાનના કહેલા સૂત્ર અનુસાર જીવોને ખરો આત્મધર્મ બતાવી સંસાર સમુદ્રથી તરવાનો સાચો ઉપાય બતાવવો તેના જેવો કોઈ ધર્મ નથી.

સૂત્ર સિદ્ધાંત અનુસાર જે ભવ્ય જીવો ક્રિયા કરે છે તેમનું જ શુદ્ધ ચારિત્ર હોય. તેને પરિખો અર્થાત્ તેની પરીક્ષા કરો. ।।૬।।

**એહ ઉપદેશનો સાર સંક્ષેપથી; જે નરા ચિત્તમેં નિત્ય ધ્યાવે;**
**તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી, નિયત આનંદઘન રાજ પાવે. ધાર૦૭**

**સંક્ષેપાર્થ :–** ઉપરની ગાથાઓમાં ભગવાનના ઉપદેશનો સંક્ષેપમાં સાર કહ્યો છે. તે એ કે ગચ્છમતનો કદાગ્રહ મૂકી દઈ સત્દેવગુરુધર્મની સાચી શ્રદ્ધા કરીને તેમની આજ્ઞા પ્રમાણે વર્તવું વગેરે જે કહ્યું છે, તેને જે નરા એટલે મનુષ્યો પોતાના ચિત્તમાં નિત્ય ધ્યાવશે તે મનુષ્યો ઘણા કાળ સુધી દેવોના દિવ્ય શાતાવેદનીય સુખનો અનુભવ કરીને, અંતે નિયત એટલે નક્કી આત્માના

આનંદઘનરૂપ મોક્ષના રાજ્યને પામશે. ।।૭।।

---

# (૧૪) શ્રી અનંતનાથ સ્વામી

## શ્રી દેવચંદ્રજી કૃત વર્તમાન ચોવીશી સ્તવન

(દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ તુજ...એ દેશી)

**મૂરતિ હો પ્રભુ, મૂરતિ અનંત જિણંદ,**
**તાહરી હો પ્રભુ, તાહરી મુજ નયણે વસીજી;**
**સમતા હો પ્રભુ, સમતા રસનો કંદ,**
**સહેજે હો પ્રભુ, સહેજે અનુભવ રસ લસીજી.૧**

**સંક્ષેપાર્થ :–** શ્રી અનંત જિનેશ્વર પ્રભુ! આપની વીતરાગ પ્રશાંત મુદ્રા તે મારા નયણે કહેતા નેત્રમાં વસી ગઈ છે અર્થાત્ અંકિત થઈ છે. તે વીતરાગ મુદ્રા કેવી છે? તો કે રાગદ્વેષ રહિત સમતા રસનો કંદ એટલે મૂળ છે. તથા સહેજે એટલે પ્રયાસ કર્યા વિના જ સ્વભાવથી પોતાના અનુભવ આનંદરસમાં તરબોળ થયેલી છે.

**ભવદવ હો પ્રભુ, ભવદવ-તાપિત જીવ;**
**તેહને હો પ્રભુ, તેહને અમૃતઘન સમીજી;**
**મિથ્યા હો પ્રભુ મિથ્યાવિષની ખીવ,**
**હરવા હો પ્રભુ, હરવા જાંગુલિ મન રમીજી. ૨**

**સંક્ષેપાર્થ :–** ચાર ગતિરૂપ સંસારના દાવાનળમાં તપ્તાયમાન જીવોને શીતળ કરવા માટે હે પ્રભુ! આપની વીતરાગ પ્રશાંત મુદ્રા અમૃતના મેઘ જેવી છે. તથા મિથ્યાત્વરૂપી ઝેરની ખીવ કહેતાં મૂર્છાને હરવા માટે જાંગુલિ કહેતાં સર્પના વિષને હરનાર ગારૂડી મંત્ર સમાન એવી આપની મૂર્તિ સદા મારા મનમાં રમી રહી છે. ।।૨।।

**ભાવ હો પ્રભુ, ભાવ ચિંતામણિ એહ;**
**આતમ હો પ્રભુ, આતમ સંપત્તિ આપવાજી;**
**એહિજ હો પ્રભુ, એહિજ શિવસુખગેહ,**
**તત્ત્વ હો પ્રભુ, તત્ત્વાલંબન થાપવાજી. ૩**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! આપની વીતરાગ પ્રતિમા તો ઇન્દ્રિય સુખ



આપનાર એવા દ્રવ્ય રત્ન ચિંતામણિ રત્નથી પણ અધિક એવા ભાવચિંતામણિ સમાન છે. કારણ કે તે આત્માની પોતાની જ અનંત શાશ્વત સુખ સંપત્તિને આપનાર છે.

વળી પ્રભુની પ્રતિમા તે મોક્ષસુખના ઘરરૂપ છે. તથા તત્ત્વમાં જે આત્મતત્ત્વ પ્રધાન છે તેને પામવા માટે પણ પરમ આલંબનરૂપ એવી આપની વીતરાગ મુદ્રા તે શ્રેષ્ઠ સાધન છે. ।।૩।।

**જાયે હો પ્રભુ, જાયે આસ્રવચાલ,**
**દીઠે હો પ્રભુ, દીઠે સંવરતા વધેજી;**
**રત્ન હો પ્રભુ, રત્નત્રયી ગુણમાલ,**
**અધ્યાતમ હો પ્રભુ, અધ્યાતમ સાધન સધેજી. ૪**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! આપની વીતરાગ શાંત મુદ્રાનાં દર્શન કરવા માત્રથી કર્મબંધનરૂપ આસ્રવની ચાલ કહેતા પ્રવૃત્તિ જવા માંડે છે. તથા કર્મોને રોકવારૂપ સંવરની વૃદ્ધિ થવા માંડે છે. તેમજ સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રના ગુણોની માલ કહેતા શ્રેણી જેમાં છે એવું અધ્યાત્મ એટલે આત્મા સંબંધીનું જ્ઞાન પ્રાપ્ત કરવાના સાધનની પણ ઉપલબ્ધિ થવા લાગે છે. ।।૪।।

**મીઠી હો પ્રભુ, મીઠી સૂરત તુજ,**
**દીઠી હો પ્રભુ, દીઠી રુચિ બહુમાનથીજી;**
**તુજ ગુણ હો પ્રભુ, તુજ ગુણ ભાસન યુક્ત,**
**સેવે હો પ્રભુ, સેવે તસુ ભવભય નથીજી. ૫**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! આપની પ્રશમરસ ભરપુર નયનથી યુક્ત એવી સૂરત એટલે મૂર્તિ દીઠી કે તે મારા આત્મામાં મને ઘણી જ મીઠી લાગવાથી, તેના ખૂબ રુચિપૂર્વક અને બહુમાનપૂર્વક દર્શન કર્યા.

હે પ્રભુ! તમારા અનંત ચતુષ્ટયયુક્ત ગુણોને ભાસનયુક્ત એટલે લક્ષમાં રાખીને, તે મેળવવા માટે, દ્રવ્ય અને ભાવથી જે તમને સેવશે તે ભવ્ય જીવને સંસાર ભ્રમણનો ભય નથી; અર્થાત્ તે સંસારમાં હવે ભ્રમણ કરશે નહીં. ।।૫।।

**નામે હો પ્રભુ, નામે અદ્ભુત રંગ,**
**ઠવણા હો પ્રભુ, ઠવણા દીઠે ઉલ્લસેજી;**
**ગુણઆસ્વાદ હો પ્રભુ, ગુણઆસ્વાદઅભંગ,**
**તન્મય હો પ્રભુ, તન્મયતાએ જે ધસેજી. ૬**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ ! આપના નામ સ્મરણમાત્રથી અદ્‌ભુત આનંદની લહેર વ્યાપે છે. તથા ઠવણા એટલે મૂર્તિની સ્થાપનાના દર્શનથી તો આત્મા પરમ ઉલ્લાસ પરિણામને પામે છે.

વળી આપના ગુણોનો આસ્વાદ તો અભંગ કહેતા અખંડ રહે એવો છે. પણ તે કોને પ્રગટે ? તો કે આત્મસ્વરૂપને ઓળખી જે પ્રભુના ગુણમાં તન્મયપણે ધસે કહેતાં મંડ્યો રહે તેને જ પ્રગટે છે. ।।૬।।

**ગુણ અનંત હો પ્રભુ, ગુણ અનંતનો વૃંદ,**
**નાથ હો પ્રભુ, નાથ અનંતને આદરેજી;**
**દેવચંદ્ર હો પ્રભુ, દેવચંદ્રને આનંદ,**
**પરમ હો પ્રભુ, પરમ મહોદય તે વરેજી. ૭**

**સંક્ષેપાર્થ :–** પ્રભુ તો જ્ઞાનાદિ અનંત ગુણોના વૃંદ કહેતા સમૂહ છે. એવા અનંતનાથ પ્રભુને જે ભાવભક્તિ સહિત આદરે, તેમની આજ્ઞા ઉઠાવે, તે ભવ્યાત્મા, દેવચંદ્રજી કહે છે કે દેવોમાં ચંદ્રસમાન સર્વશ્રેષ્ઠ એવા પરમ મહોદય સ્વરૂપ મોક્ષ સ્થાનકને વરે છે અર્થાત્ પામે છે. ।।૭।।

---

# (૧૪) શ્રી અનંતનાથ સ્વામી

## શ્રી યશોવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(સાહેલડિયાં–એ દેશી)

**શ્રી અનંત જિનશું કરો, સાહેલડિયાં,**
**ચોળ મજીઠનો રંગ રે, ગુણવેલડિયા;**
**સાચો રંગ તે ધર્મનો, સા૦ બીજો રંગ પતંગ રે. ગુ૦૧**

**અર્થ :–** હે સાહેલડિયાં એટલે હે સન્મિત્રો ! તમે શ્રી અનંતપ્રભુ સાથે ચોળ મજીઠના રંગ જેવો પાકો રંગ લગાડો. હે ગુણવેલડિયાં એટલે ગુણના વેલારૂપ સજ્જનો ! તે ધર્મનો રંગ જ સાચો રંગ છે અને તે સિવાયના બીજા બધા રંગ તે પતંગના કાચા રંગ જેવા છે.

**ભાવાર્થ :–** અનંત કર્મોનો નાશ થવાથી જેમણે અનંતજ્ઞાનાદિ ગુણો પ્રાપ્ત કર્યા છે એવા ચૌદમા અનંતનાથપ્રભુનું ગુણોત્કીર્તન કરતા એવા ભવ્ય જીવો સમક્ષ મીઠા વચનથી વાત્સલ્યભાવપૂર્વક સંબોધીને શ્રી યશોવિજયજી કહે છે કે



હે બંધુઓ ! તમે સાંસારિક પદાર્થો–ધન, કુટુંબ અને અનેક ભોગોપભોગ્ય વસ્તુઓ ઉપર અનાદિકાળથી જે અપ્રશસ્તરાગ રાખી રહ્યા છો તેને હવે દૂર કરી આ અનંતનાથ પ્રભુ પ્રત્યે પ્રશસ્ત રાગ કરો. અને તે ચોળ મજીઠના રંગ જેવો દૃઢ કરો કે જે કોઈપણ વખત જાય નહિ. મજીઠ માટે એમ કહેવાય છે કે તેનાથી રંગેલા વસ્ત્ર ફાટે પણ રંગ ફીટે નહીં; તેમ પ્રભુ ઉપર કરેલો રાગ અસ્થિમજ્જામાં પરિણમેલો હોવો જોઈએ. ઉપર ઉપરથી રાગ રાખનારની કાર્યસિદ્ધિ પણ જેવી તેવી જ થાય છે. કર્ત્તા આગળ વધતાં કહે છે કે ખરેખરો રાગ જો કોઈ પણ હોય તો તે આત્મિક ધર્મનો છે. તે રાગ જો જીવને થોડો વખત પણ ટકી રહે તો તેના અનંતભવનું ભ્રમણ મટી જઈ તેનો સંસાર માપવાળો થઈ જાય છે. આત્મિક રંગ આવો છે પણ બીજો સાંસારિક પૌદ્‌ગલિક પદાર્થો ઉપરનો રંગ તે ખોટો છે, પતંગના રંગ જેવો છે, અર્થાત્ તે રંગ કાયમ રહેતો નથી, ક્ષણમાં ઊડી જાય છે, પલટાઈ જાય છે. પતંગ એ એક જાતનું લાકડું છે. તેનાથી આ કાચો રંગ બને છે. તે રંગ તડકો લાગવાથી પણ ઊડી જાય છે. તેમ પૌદ્‌ગલિક વસ્તુ ઉપરનો મોહ પણ કાયમ એક સરખો ટકતો નથી. તેમાં વારંવાર પલટનભાવ થયા કરે છે. તેથી તેને પતંગના રંગની ઉપમા આપી છે. જેમકે આ જીવ પ્રથમ એકલો હોય છે, પછી રાગપૂર્વક પરણે છે, પછી બાળબચ્ચાંવાળો થાય છે. એમ ક્રમે ક્રમે ઉપાધિઓ એટલી બધી વધતી જાય છે કે જ્યારે તેને વિવેક પ્રગટે છે ત્યારે એમ લાગે છે કે 'મેં એકલાપણાની જિંદગી છોડી હાથે કરીને ઉપાધિવાળી જિંદગી વહોરી લેવામાં મોટી ભૂલ કરી છે !' પાછળથી તે પસ્તાય છે પણ તે પશ્ચાત્તાપ પ્રતિકાર વગરનો હોય છે; તે મોડી જાગૃતિ છે. પછી તેનો તરતમાં ઉપાય થઈ શકતો નથી. આમ સાંસારિક રાગનું પલટવાપણું છે. આગળની ગાથામાં ધર્મરાગનું માહાત્મ્ય વિશેષ જણાવે છે. ।।૧।।

**ધર્મ રંગ જીરણ નહીં સા૦ દેહ તે જીરણ થાય રે; ગુ૦**
**સોનું તે વિણસે નહીં સા૦ ઘાટ ઘડામણ જાય રે. ગુ૦૨**

**અર્થ :–** ધર્મનો રંગ જીર્ણ થતો નથી, પણ આ દેહ તો જીર્ણ થાય છે. જેમ સોનું નાશ પામતું નથી પણ માત્ર ઘાટ અને ઘડામણ નાશ પામે છે તેમ.

**ભાવાર્થ :–** ઉપર જણાવ્યા મુજબ ધર્મ સંબંધી જે સાચો રાગ જીવને ઉત્પન્ન થયેલો હોય તે કાચા રંગની જેમ ક્યારે પણ ઊડી જતો નથી. કેમકે એ રાગ ખરા અંતઃકરણનો હોય છે. પણ ઉપર ઉપરનો દેખાવરૂપ હોતો નથી. એવો જીવ, સમૂહ વચ્ચે હોય કે એકાંતમાં હોય તો પણ ધર્મના પાલનને વિષે તેની

મનોવૃત્તિ તથા આચરણ એક સરખાં જ હોય છે. દંભી મનુષ્યો બહુ લોકોની હાજરી વચ્ચે જે ક્રિયાવિધિ સાચવે છે કે જે વૈરાગ્ય બતાવે છે, તે સ્થિતિ તેઓ જ્યારે એકલા પડ્યા હોય ત્યારે લગભગ નહિ જેવી જ હોય છે. તેઓ ક્રિયાના ખરા ફળના મેળવનાર થઈ શકતા નથી. જ્યારે સાચા ધર્મી માણસો શાસનપ્રેમી અને આત્મરસિક હોય છે તેથી તેઓનો ધર્મરંગ સદાને માટે જેવો ને તેવો જ બન્યો રહે છે; તે એટલે સુધી કે કદાચ તેઓનો દેહ નાશ પામે પણ તે ધર્મના રંગમાં ફેરફાર થતો નથી. ગજસુકુમાર અને મેતાર્ય આદિ મુનિવરોની જેમ મરણાંત કષ્ટ પ્રાપ્ત થાય તોપણ તેઓનો ધર્મરંગ જરા પણ ક્ષીણ થતો નથી; પણ ઊલટો અપૂર્વ વીર્યના ઉલ્લાસવડે અત્યંત વૃદ્ધિગત થઈ તેઓને પરમપદ પ્રાપ્ત કરાવે છે. આ ખરા ધર્મરંગનું સ્વરૂપ છે. આના સમર્થનમાં કવિ દૃષ્ટાંત કહે છે કે સોનાના અલંકારને અગ્નિમાં નાખવાથી તેને જાણે દેહાંત કસોટીમાંથી પસાર થવાનો વખત આવે ત્યારે પણ તે અલંકારનો ઘાટ ગળી જાય પરંતુ સોનાનો નાશ ન થાય; પણ તેનો રંગ વિશેષ પ્રકાશિત થાય. તેમ પ્રસ્તુત વિષયમાં દેહ તો વિનાશી સ્વભાવવાળો હોવાથી નષ્ટ થાય પણ તે દેહમાં રહેલા આત્માના ધર્મરંગનો નાશ થાય નહીં. પણ તે તો વિશેષ પ્રકાશમાન થાય છે. ।।૨।।

**ત્રાંબુ જે રસવેધિયું સા૦ તે હોય જાચું હેમ રે; ગુ૦**
**ફરી ત્રાંબુ તે નવિ હુએ સા૦ એહવો જગગુરુ પ્રેમ રે. ગુ૦૩**

**અર્થ :–** જે ત્રાંબુ સુવર્ણ રસથી વેધાયું હોય તે પછી સુવર્ણ બની જાય છે. અને તેનું પાછું ફરી ત્રાંબુ ન થાય. તેમ જગદ્ગુરુ ઉપરનો સાચો પ્રેમ પણ તેવો જ હોવો જોઈએ કે જેથી ફરી જન્મમરણકરવારૂપ સંસાર હોય નહીં, અર્થાત્ પોતે પણ ભગવાન જ બની જાય.

**ભાવાર્થ :–** જો ત્રાંબા ઉપર સુવર્ણને ઉત્પન્ન કરનાર સુવર્ણસિદ્ધિના રસનું બિંદુ નાખ્યું હોય તો તેટલા માત્રથી તે ત્રાંબાનું ચોખ્ખું સોનું થઈ જાય. પછી ક્યારે પણ તે પોતાની મૂળ ત્રાંબાની સ્થિતિને પામે નહીં. તેવા પ્રકારનો પ્રભુ ઉપરનો સાચો પ્રેમ હોવો જોઈએ.

આ ગાથામાં ધર્મરાગનું સ્વરૂપ બતાવ્યું છે. તેમાંથી એવી રીતનો ભાવ નીકળી શકે છે કે પ્રભુ સાથે પ્રીતિ બાંધનાર પ્રથમ મિથ્યાત્વ ભાવમાં અનાદિકાળથી રમણતા કરતો હતો, તે ભવિતવ્યતાના પરિપાકાદિથી ઉપશમ કે ક્ષયોપશમ સમ્યક્ત્વ પામવા ઉદ્યમ કરતો હોય, પણ અંતે જ્યારે તે ક્ષાયિક



સમ્યક્ત્વને પામે, ત્યાર પછી પ્રભુ ઉપર તેનો જે રાગ થાય તે અવર્ણનીય અને અલૌકિક હોય છે. તે જીવની આત્માદિ તત્ત્વોની શ્રદ્ધાનો નાશ કદી થતો નથી. તે તો વધારેમાં વધારે ત્રણ કે ચાર ભવે મોક્ષને પામે જ. ફરી મિથ્યાત્વદશામાં તે જીવ કદી પણ આવે નહીં. જગદ્ગુરુ પ્રત્યેનો આવો ક્ષાયક પ્રેમ હોવો જોઈએ કે જીવને શીઘ્ર મુક્તિ અપાવે. ।।૩।।

**ઉત્તમ ગુણ અનુરાગથી સા૦ લહીએ ઉત્તમ ઠામ રે; ગુ૦**
**ઉત્તમ નિજ મહિમા વધે સા૦ દીપે ઉત્તમ ધામ રે. ગુ૦૪**

**અર્થ :–** ઉત્તમ પુરુષના ગુણ ઉપર પ્રીતિ રાખવાથી આપણે પણ સમ્યક્દર્શનાદિ ઉત્તમ સ્થાનને પામીએ છીએ. તેથી પોતાનો મહિમા પણ ઉત્તમ રીતે વધે છે અને પ્રાપ્ત થયેલું સમકિતાદિ ઉત્તમ સ્થાન તે આપણી વિશેષ ઉન્નતિ કરાવી મોક્ષ અપાવે છે.

**ભાવાર્થ :–** ઉત્તમ વિશિષ્ટ પુરુષોમાં જે જે સુંદર ગુણો વર્તતા હોય તેના ઉપર બહુમાન રાખી તેઓની સાથે પ્રીતિ કરવામાં આવે તો આપણામાં પણ તેવા ગુણો સ્વાભાવિક રીતે ઉત્પન્ન થાય છે. ગુણ પ્રાપ્ત કરવા ઇચ્છનારે સારા માણસની જ સંગતિ કરવી જોઈએ. જગતમાં આજકાલ જે અનીતિ અને દુરાચારનો પ્રચાર બહુ પ્રમાણમાં થયેલો જોવામાં આવે છે તેનું જો કાંઈપણ મુખ્ય કારણ હોય તો તે કુસંગતિ છે. મા બાપોએ જો પોતાના બાળકોને નીતિમાન બનાવવાં હોય તો પ્રથમ પોતે ફરજીયાત રીતે સદાચારી બનવું જોઈએ. અને પોતાના બાળકો કોની સોબતમાં દિવસ નિર્ગમન કરે છે તે બાબત ઉપર ખાસ ધ્યાન આપવું જોઈએ. એ મુજબ ધ્યાન ન આપનાર અથવા પોતે સદાચરણમાં ન વર્તનાર માબાપો પોતાની સંતતિના શત્રુ છે એમ કહેવામાં જરાપણ વિશેષપણું નથી. ગુણમાત્રનો નાશ કરનારી તે કુસંગતિ જ છે. આ રહસ્યવાળા વાક્યને સદા સ્મૃતિપટ ઉપર તાજું રાખવું જોઈએ. અને કદી બાળકોને માઠી સંગતિ થઈ હોય તો તેમાંથી તેઓને કળ તથા બળપૂર્વક તુરત ખેંચી લઈ સારી સોબત નીચે મૂકી દેવા જોઈએ. આમ ઉત્તમ ગુણના અનુરાગથી ક્રમપૂર્વક આપણે પણ ક્ષાયિક સમ્યક્ત્વ પામવારૂપ ઉત્તમ સ્થાન પામીએ. બાદ ક્રમે ક્રમે ગુણસ્થાન ઉપર આરોહણ કરતાં આપણું મહત્ત્વ ઉત્તમ રીતે વધતું જાય અને પ્રાંતે ઉત્તમ ધામરૂપ મોક્ષ પદને પામીએ. જેથી આપણું મૂળ સ્વરૂપ પૂર્ણ રીતે દીપી નીકળે. ।।૪।।

**ઉદકબિંદુ સાયર ભળ્યો સા૦ જિમ હોય અક્ષય અભંગ રે; ગુ૦**
**વાચક યશ કહે પ્રભુ ગુણે સા૦ તિમ મુજ પ્રેમ પ્રસંગ રે ગુ૦૫**

**અર્થ :–** ઉદક એટલે જળનું જે બિંદુ સાગર એટલે સમુદ્રમાં પડે તે જેમ અક્ષય અને અભંગ બની જાય છે, તેમ પ્રભુગુણમાં પ્રેમ કરવાથી આત્માની પણ અક્ષય અને અભંગ સ્થિતિ પ્રાપ્ત થાય છે. એમ ઉપાધ્યાય શ્રી યશોજિયજી મહારાજ કહે છે. ।।૫।।

**ભાવાર્થ :–** પાણીનું એક ટીપું જો એકલું ભૂમિ ઉપર પડ્યું હોય તો તે સૂર્યના તાપથી સત્વર સુકાઈ જઈ વિનાશને પામે છે અથવા વાયુના જોરથી વિખરાઈ જાય છે; પણ જો તે ટીપું સમુદ્રમાં પડ્યું હોય તો તે સમુદ્રજળની પેઠે અક્ષય અને અભંગ એટલે અખંડ બની જાય છે. સમુદ્રના જળને એકલા જળબિંદુ જેવો સૂર્ય કે વાયુનો ભય નથી, તેવી જ ભયરહિતતા તેમાં નાખેલા જળબિંદુને પણ પ્રાપ્ત થાય છે. તેમ પામર જીવો પણ જો ઉત્તમ પુરુષને શરણે જાય તો, કુંથુઆ સ્વરૂપ થયેલો ચમરેંદ્ર જેમ સૌધર્મેંદ્રના વજ્રપ્રહારથી બચી નિર્ભય થયો તેમ સુખી અને નિર્ભય બની જાય છે. ઉત્તમ સંગતિનું એ જ માહાત્મ્ય છે. વાચક મહારાજ કહે છે કે પ્રભુ ગુણરૂપી સમુદ્રમાં મારો બિંદુરૂપ પ્રેમ ભળી જવાથી હું પણ તેવી જ રીતે નિર્ભય થયો છું. જો તે પ્રેમ પ્રભુગુણમાં ન જોડાયો હોત તો બીજી અનેક કુસંગતિ યોગે હું ઊતરતી સ્થિતિને પ્રાપ્ત થાત; પણ હવે મેં મોટા પુરુષનું શરણ લીધું છે તેથી ક્રમેક્રમે મારા આત્મિક ગુણોમાં વૃદ્ધિ થતાં જન્મમરણનાં અનંત દુઃખથી આત્યંતિક મુક્તિ મેળવી હું સદાને માટે પરમ સુખી થઈશ. માટે સર્વ ભવ્યોએ પ્રભુગુણમાં જ સર્વદા પ્રેમ કર્ત્તવ્ય છે. ।।૫।।

---

# (૧૪) શ્રી અનંતનાથ સ્વામી

## શ્રી મોહનવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(વીર સુણો મોરી વિનતિ—એ દેશી)

**અનંત જિણંદશું વિનતિ, મેં તો કીધી હો ત્રિકરણથી આજ;**
**મિલતાં નિજ સાહેબ ભણી, કુણ આણે હો મૂરખ મન લાજ. અ૦૧**

**અર્થ :–** શ્રી અનંત જિનેશ્વર ભગવાનને સાચા મન વચન અને કાયારૂપ ત્રિકરણ યોગથી મેં વિનંતિ કરી છે. આવા પોતાના જ સાહિબને મળવા માટે



કોણ એવો મૂરખ હોય કે જે મનમાં શરમ રાખે? અર્થાત્ કોઈ રાખે નહીં.

**ભાવાર્થ :–** જિનેશ્વર પ્રભુની સાથે વિનંતિ ત્રણ પ્રકારે થઈ શકે. તેમાં સાચા મનવડે પ્રભુ પ્રત્યેના ગુણની અનુમોદના કરવાથી, તેમજ વચનથી ચૈત્ય-વંદન, ભક્તિ અને સ્તવન વિગેરે ગાવાથી, તેમજ કાયાથી પ્રભુને નવ અંગે પૂજ- વાથી કરી શકાય છે. મેં એવી રીતે ત્રિકરણ યોગે ભાવપૂર્વક વિનંતિ કરી છે. આવા ગુણવાળા પોતાના સાહિબ મળતા હોય તો તેમને મળવાને માટે કોણ અભાગીઓ હોય તે શરમ લાવે? કોઈ મૂરખ હોય તે જ તેમ કરે. બીજો નહીં. ।।૧।।

**મુખ પંકજ મન મધુકરુ, રહ્યો લુબ્ધો હો ગુણજ્ઞાને લીન;**
**હરિહર આવળફૂલ જ્યોં, તે દેખ્યાં હો કેમ ચિત્ત હોવે પ્રીણ? અ૦૨**

**અર્થ :–** આપના મુખરૂપી કમળમાં અનેક ગુણ અને જ્ઞાનને જોઈ મારો મનરૂપી ભમરો તેમાં લીન બની ગયો છે. તેથી આવળના ફૂલ જેવા હરિહરાદિક દેવોને દેખતાં મારું ચિત્ત તેમના ઉપર પ્રીણ એટલે પ્રીતિવાળું કેમ થાય? ન જ થાય.

**ભાવાર્થ :–** ભમરાને સુગંધી કમળમાં જેમ આસક્તિ હોય છે તેવી રીતે શ્રી અનંતનાથ ભગવાનનાં મુખરૂપી કમળમાં ગુણ અને જ્ઞાનરૂપ સુગંધી જોઈ મારો મનરૂપી ભમરો આસક્ત થઈને ત્યાં જ રાચી રહ્યો છે. તો દેખવામાં સુંદર પણ સુગંધી વિનાના એવા આવળના ફૂલ જેવા હરિહરાદિક દેવો છે તેમને વિષે આપને દીઠા પછી મારું ચિત્ત પ્રીતિવાળું કેમ થાય? ન જ થાય. ।।૨।।

**ભવ ફરિયો દરિયો તર્યો, પણ કોઈ હો અનુસરિયો ન દ્વીપ;**
**હવે મન પ્રવહણ માહરું, તુમ પદ ભેટે હો મેં રાખ્યું છીપ. અ૦૩**

**અર્થ :–** અનંતકાળથી હું સંસારરૂપી સમુદ્રમાં ઘણું ફર્યો પણ જ્યાં રહી શકાય એવા કોઈ દ્વીપ ન પામવાથી કોઈ દ્વીપને હું અનુસર્યો નથી, અર્થાત્ ત્યાં રહ્યો નથી. પણ હવે મારું મનરૂપી પ્રવહણ કહેતાં જહાજ આપના ચરણકમળને ભેટવાથી તૃપ્તિ પામ્યું છે તેથી તે મનરૂપી જહાજને આપના ચરણકમળને વિષે જ છીપ એટલે લાંગરી રાખ્યું છે. જેથી તે બીજે ક્યાંય જઈ શકે નહીં.

**ભાવાર્થ :–** ચોરાશી લાખ જીવયોનિમાં ઘણું ભવભ્રમણ કર્યું. સંસારરૂપી સમુદ્ર તરવાનો પણ પ્રયત્ન ઘણો કર્યો છતાં કોઈ દ્વીપ કહેતાં કિનારો મેળવી ત્યાં સ્થિર થવાનું મન ન થયું. પણ હવે તમારા ચરણકમળની ભેટરૂપ કિનારો મળ્યો તેથી તરવામાં સાધનભૂત એવા મારા મનરૂપી વહાણને અહીં છીપ એટલે લાંગરવાનું મન થયું. કેમકે હવે આપના વડે મારે મોક્ષરૂપી નગરીએ જવાનું

જરૂર સિદ્ધ થશે એવી ખાત્રી થઈ છે. ।।૩।।

**અંતરજામી મિલે થકે, ફળે માહરો હો સહી કરીને ભાગ્ય;**
**હવે વાહી જાવા તણો, નથી પ્રભુજી હો કોઈ ઇહાં લાગ. અ૦૪**

**અર્થ :—** અંતર્જામી એવા પ્રભુ અનંતનાથ મળવાથી હવે મારું ભાગ્ય સહી રીતે ખુલી ગયું. તેથી મારા બધા કાર્ય ફળવાન થશે. હવે મને વિષયકષાયરૂપી શત્રુઓ વાહી એટલે ઠગી જાય એવો પ્રભુજી તેમને હવે કોઈ લાગ એટલે અવસર નથી કેમકે આપ જેવા સામર્થ્યવાન પુરુષ આગળ કોઈનું ચાલે તેમ નથી.

**ભાવાર્થ :—** અંતર્જામી પ્રભુ જ્યારે મળે છે ત્યારે ભક્તજનો પોતાનું ભાગ્ય પૂરેપુરું ખૂલી ગયું એમ માને છે. કારણ કે હવે પ્રભુ મળવાથી ઇન્દ્રિયો કે કષાયો કોઈ તેમને ઠગી જાય એમ નથી. ।।૪।।

**પલ્લવ ગ્રહી રઢ લેઈશું, નહિ મેળો હો જ્યારે તમે મીટ;**
**આતમ અવરેજો થઈ, કિમ ઉવેટે હો કરારી છીટ. અ૦૫**

**અર્થ :—** હે પ્રભુ! જ્યારે તમે મીટ એટલે અમારી નજર સાથે તમારી નજરને નહીં મેળો એટલે મેળવો નહીં તો આપનો પલ્લવ પકડીને પણ અમે રઢ એટલે હઠ લહીશું અથવા અવરેજો એટલે બીજી રીતે પણ ભક્તિના બળે તમને રીઝવીશું. જેમ પાકા રંગની છીટનો રંગ ઉવટતો નથી અર્થાત્ ઊડતો નથી તેમ અમારો પણ ભક્તિનો રંગ ઊડવાનો નથી. તેથી આપને પણ કોઈ વખતે રીઝવું જ પડશે.

**ભાવાર્થ :—** પ્રભુ તો નજરની સાથે નજર મેળવતા નથી તો પછી અમે પ્રભુનો પલ્લવ એટલે છેડો પકડીને પણ હઠ લઈશું. હે પ્રભુ! અમને તો આપની ભક્તિરંગની કળા એવી મળી ગઈ છે કે તે ઉપાયથી અમારું કાર્ય જરૂર સિદ્ધ થશે. કપડું ફાટે પણ રંગ ફીટે નહીં; તેમ અમારો ભક્તિરંગ ઊતરશે નહીં અને આપને મળવામાં અદ્વિતીય કારણરૂપ તે થઈ પડશે એમ અમને તો નિઃશંકપણે લાગે છે. ।।૫।।

**નાયક નિજ નિવાજીએ, હવે લાજીએ હો કરતાં રસલૂંટ;**
**અધ્યાતમ પદ આપવા, કાંઈ નહિ પડે હો ખજાને ખૂટ. અ૦૬**

**અર્થ :—** હે મોક્ષપથ નાયક એવા પ્રભુ! પોતાના જે દાસ છે તેને તો



નિવાજીએ અર્થાત્ સંતોષ આપીએ. હવે એકલા જ આત્મરસની લૂંટ કરતાં જરા લજ્જા આવવી જોઈએ. અધ્યાત્મ એટલે આત્માસંબંધીનું જ્ઞાન, તેનું શુદ્ધ પદ તે સમ્યક્દર્શન. તે આપતાં આપના ખજાનામાં કાંઈ પણ ખૂટ એટલે ઓછું થઈ જાય એમ નથી.

**ભાવાર્થ :—** પોતાના જે ગણાતા હોય તેઓને સંતોષ આપવો, એવો વ્યવહાર હે પ્રભુજી! આપે રાખવો જોઈએ. એકલા એકલા જ આત્મઅનુભવરસની લૂંટંલૂટ કરતા જરા આપને લાજ આવવી જોઈએ. અમને પૂર્ણ સંતોષ પમાડવા અર્થે અધ્યાત્મ પદ આપવામાં આપના ખજાનામાં કાંઈ ખોટ પડે તેમ નથી. દુનિયામાં પુદ્ગલ સંબંધના જે ખજાના છે, તે બીજાને આપવાથી ઓછા થાય. પણ આપની પાસે તો અધ્યાત્મરૂપ ખજાનો એવો છે કે તેમાંથી ઘણું ઘણું આપવામાં આવે તો પણ કોઈ દિવસ ઘટે નહીં. આપનો અધ્યાત્મરૂપી ખજાનો તો નિત્ય ત્રિકાળસ્થાયી છે. માટે આપ તેમાંથી અધ્યાત્મ એટલે આત્મા સંબંધીનું જ્ઞાન આપો એમ અમે ઇચ્છીએ છીએ. ।।૬।।

**જિમ તુમે તર્યા તિમ તારજો, શું બેસે હો તુમને કાંઈ દામ?**
**નહિ તારો તો મુજને, કિમ તુમચું હો તારક કહેશો નામ. અ૦૭**

**અર્થ :—** હે પ્રભુ! આપ જેવી રીતે તર્યા તેવી જ રીતે અમને પણ તારજો. અમને તારવામાં શું તમને કઈ દામ એટલે પૈસા ખર્ચ થવાના હતા? જો આપ મુજને નહિ તારો તો તુમચું એટલે તમારું તારકપણાનું નામ જગતમાં પ્રસિદ્ધ છે તે કેવી રીતે કહી શકીશું.

**ભાવાર્થ :—** જેણે તરવાની કળા જાણી છે અને તર્યા પણ છે, તેઓ બીજાને તારી શકે એ વાત સ્વાભાવિક છે. તારવામાં હે પ્રભુ! આપને શું કંઈ પૈસા લાગવાના હતા? વળી તારક નામ ધરાવીને બીજાને નહિ તારશો તો એવું સાર્થક નામ આપને માટે ઘટી શકશે નહીં. ''નમુત્થુણં સ્તોત્રમાં'' **''તિન્નાણં, તારયાણં''** એટલે પોતે સંસાર સમુદ્રથી તર્યા અને બીજાને તારવામાં સમર્થ છો એવા વિશેષણો પ્રસિદ્ધિને પામેલા છે; તો એ બે વિશેષણોનું પાલન કરવાને માટે પણ આપે અમને તારવા પડશે. ।।૭।।

**હું તો નિજ રૂપસ્થથી, રહું હોઈ હો અહર્નિશ અનુકૂળ;**
**ચરણ તજી જઈએ કીહાં? છે માહરી હો વાતલડીનો મૂલ. અ૦૮**

**અર્થ :–** હે પ્રભુ! હું તો મારા આત્મસ્વરૂપમાં સ્થિત થવા માટે તેને અનુકૂળ એવી સામગ્રી, ભક્તિ, સ્મરણ, સ્વાધ્યાય, ચિંતન, મનન, નિદિધ્યાસન વગેરેમાં રાતદિવસ લીન રહું છું. આપના ચરણકમળ એટલે આજ્ઞાને મૂકીને હું ક્યાં જાઉં? ક્યાંય જવા જેવું નથી. એ જ મારી વાતનું મૂલ છે અર્થાત્ કહેવાનો ભાવાર્થ છે.

**ભાવાર્થ :–** અથવા બીજીરીતે હું તો નિજ એટલે પોતાના આત્મસ્વરૂપને પામવા માટે આપનું રૂપસ્થ ધ્યાન ધરું છું. ધ્યાનના ચાર પ્રકાર છે. પહેલું પિંડસ્થ ધ્યાન, બીજું પદસ્થ ધ્યાન, ત્રીજું રૂપસ્થ ધ્યાન, ચોથું રૂપાતીત ધ્યાન. એ ચાર ધ્યાનમાંથી આપનું રૂપસ્થ ધ્યાન ધરીને હું આપને અનુકૂળ રહું છું. આ રૂપસ્થ ધ્યાનની એવી રીતિ છે કે ભગવાનની શાંત વીતરાગમુદ્રાનું ધ્યાન કરવું. એમના અનેક ગુણોનું ચિંતવન કરવું .જેમકે ભગવાન સંપૂર્ણ જગતના હિતકારક છે. વિષય કષાયના શત્રુ છે. રાગદ્વેષનો જેણે નાશ કરેલ છે. ચક્રવર્તીઓ, ઇન્દ્રો તથા ગણધરો દ્વારા પૂજિત છે, એવી ભગવાનની વીતરાગ પ્રતિમાને જોઈને તેમના રૂપનું હું ધ્યાન કરું છું. એવા ગુણો બીજા હરિહરાદિક દેવોમાં નથી. માટે આપના ચરણ તજીને અમે ક્યાં જઈએ, આ અમારી વાતનું મૂળ છે. માટે હે ભગવાન! અમારી વિનંતિને જરૂર સાંભળી અમારો ઉદ્ધાર કરો. ॥૮॥

**અષ્ટાપદ પદ કિમ કરે, અન્ય તીરથ હો જાશે જિમ હેડ;**
**મોહન કહે કવિ રૂપનો, વિના ઉપશમ હો નવિ મૂકું કેડ. અ૦૯**

**અર્થ :–** અષ્ટાપદ પર્વત જેવી તારક પદવીના ધારણહાર પ્રભુ! હવે વિલંબ કેમ કરો છો. નહીં તો બીજા તીર્થોમાં લોકો જઈને હેડની માફક ભરાઈને દુઃખી થશે. કવિ શ્રી રૂપવિજયજીના શિષ્ય શ્રી મોહનવિજયજી કહે છે કે હું તો ઉપશમ સમકિત લીધા વિના તમારો કેડો અથવા છેડો મૂકવાનો નથી.

**ભાવાર્થ :–** પોતાની લબ્ધિથી અષ્ટાપદ પર્વતની યાત્રા કરનાર આત્મા તે જ ભવમાં મુક્તિ પામે છે, તેમ પ્રભુની ભક્તિ કરનાર આત્મા પણ મોક્ષ મેળવે છે. કવિ ભગવંતને અષ્ટાપદ પર્વતનું તારક બિરૂદ આપીને કહે છે કે હે અષ્ટાપદ જેવા પ્રભુ! લોકો વિલંબ સહન કરી શકતા નથી. તેમને તો હવે જલ્દી જોઈએ છે. તું વિલંબ કરીશ તો પછી બીજા તીર્થે લોકોની હારની હાર લાગશે માટે દેવામાં વિલંબ 'ન' કરો, શ્રી મોહનવિજયજી મહારાજ કહે છે કે હું તો ગમે તેમ થાય તો પણ ઉપશમ સમકિત લીધા વિના તમારો કેડો છોડવાનો નથી. ॥૯॥



(૨)

(આદિપુરુષ આદિજી—એ દેશી)

**અનંત જિણંદ અવધારીએ, સેવકની અરદાસ જિનજી;**
**અનંત અનંત ગુણ તુમ તણા, સાંભરે સાસોસાસ. જિનજી. અ૦૧**

**અર્થ :–** હે અનંતનાથ જિણંદ! આ આપના સેવકની અરદાસ એટલે વિનતિને અવધારો એટલે ધ્યાનમાં લો. આપના અનંત અનંત ગુણો શ્વાસોશ્વાસે મને સાંભરે છે. ॥૧॥

**સુરમણિ સમ તુમ સેવના, પામીએ પુન્ય પંડૂર; જિનજી**
**કિમ પ્રમાદતણે વશે, મૂકું અધખીણ દૂર જિનજી. અ૦૨**

**અર્થ :–** આપની સેવા તો કલ્પવૃક્ષ જેવા સ્વર્ગના મણિ સમાન છે કે જેથી ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય. તે તો મહા પંડૂર કહેતા મોટા પુણ્યના ઢગ ભેગા કર્યા હોય તો જ આપની સેવા પ્રાપ્ત થાય. તો હવે પ્રમાદને વશ થઈ તેને કેમ અધવચમાં જ મૂકી દઉં. ॥૨॥

**ભક્તિ જુક્તિ મનમેં વસો, મનરંજન મહારાજ; જિનજી૦**
**સેવકની તુમને અછે, બાંહ્ય ગ્રહ્યાની લાજ. જિનજી૦ અ૦૩**

**અર્થ :–** હે મનને રંજન કરનાર મહારાજ શ્રી અનંતનાથ પ્રભુ! આપના પ્રત્યે ભક્તિ કેમ કરવી તેની યુક્તિ મારા મનમાં વસો અર્થાત્ મને તે જાણવામાં આવો. હું તો આપનો સેવક છું. માટે મારી બાંહ્ય ગ્રહીને પણ લાજ રાખવી એ તો તમારા હાથમાં છે. ॥૩॥

**શું મીઠા ધીઠા દીએ, તેહનો નહી હું દાસ; જિનજી૦**
**સાથે સેવક સંભવી, કીજે જ્ઞાનપ્રકાશ. જિનજી૦ અ૦૪**

**અર્થ :–** અન્ય દેવો ઉપરથી મીઠા અને મનમાં રાગદ્વેષથી ધીઠા એટલે એટલે ધૃષ્ટ છે, હલકા છે. તેમનો હું દાસ નથી. માટે સેવકને આપની સાથે રાખી એના આત્માના જ્ઞાનનો જરૂર પ્રકાશ કરો. ॥૪॥

**જાણને શું કહેવું ઘણું, એક વચન મેળાપ; જિનજી૦**
**મોહન કહે કવિરૂપનો, ભક્તિ મધુર જિમ દ્રાખ. જિનજી૦ અ૦૫**

**અર્થ :–** હે અનંતનાથ પ્રભુ! આપ તો બધું જાણો છો. જાણનારને વિશેષ શું કહું. પણ આપનો મેળાપ તો માત્ર વચનવડે જ થઈ શકે છે. તેથી વચન વડે મારો ભક્તિ ભાવ આપને વ્યક્ત કરું છું. શ્રી રૂપવિજયજીના શિષ્ય

શ્રી મોહનવિજયજી મહારાજ કહે છે કે મારે મન તો આપની ભક્તિ તે દ્રાક્ષ જેવી મીઠી છે. માટે પ્રભો ! આપની સમીપે શીઘ્ર આવું તેમ કરો. ।।૫।।

---

# (૧૫) શ્રી ધર્મનાથ સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(રાગ ગોડી સારંગ. દેશી રસિયાની)

**ધર્મ જિનેસર ગાઉં રંગશું, ભંગ મ પડશો હો પ્રીત જિનેસર;**
**બીજો મનમંદિર આણું નહીં, એ અમ કુલવટ રીત જિ૦ધ૦૧**

**સંક્ષેપાર્થ :–** હે ધર્મ જિનેશ્વર પ્રભુ ! હું આપની ખરા અંતઃકરણપૂર્વક ઉલ્લાસભાવે સ્તુતિ કરું છું. આપના પ્રત્યે મારી જે પ્રીત બંધાણી છે તેમાં કદી ભંગ પડશો મા. એટલું હે જિનેશ્વર હું આપના પ્રત્યે યાચું છું.

મારા મનરૂપી મંદિરમાં બીજા કોઈ દેવને આણું નહીં એવી અમારી કુલવટ એટલે કુળપરંપરાગત રીતિ છે. ।।૧।।

**ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે, ધરમ ન જાણે હો મર્મ જિ૦**
**ધરમ જિનેસર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ જિ૦ધ૦૨**

**સંક્ષેપાર્થ :–** જગતવાસી જીવો કોઈને કોઈ ધર્મમતમાં હોય છે. તે સર્વ અમે ધર્મ કરીએ છીએ એમ કહેતા ફરે છે. પણ ધર્મના મર્મ એટલે રહસ્યને જાણતા નથી.આત્મા ગચ્છમત નામના ધર્મવાળો નથી પણ તે તો જ્ઞાનદર્શનમય ધર્મવાળો છે; પણ આ રહસ્યને તે જાણતા નથી.

સંપૂર્ણ શુદ્ધ આત્મધર્મને પામેલા શ્રી ધર્મનાથ ભગવાન છે. એવા ધર્મ જિનેશ્વરના ચરણનું શરણ ગ્રહણ કરનાર અર્થાત્ તેમની આજ્ઞાનુસાર વર્તનાર જીવો અનંત સંસાર વધારે એવા કોઈ કર્મને બાંધતા નથી. ।।૨।।

**પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે, દેખે પરમ નિધાન જિ૦**
**હૃદય નયણ નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન જિ૦ધ૦૩**

**સંક્ષેપાર્થ :–** સદ્ગુરુ ભગવાન જો કૃપા કરીને પ્રવચન અંજન કરે અર્થાત્ પ્રકૃષ્ટ વચનોવડે પર્યાયદૃષ્ટિ તજાવીને દ્રવ્યદૃષ્ટિ કરાવે તો અનાદિકાળથી ગુપ્ત રહેલું પરમનિધાનસ્વરૂપ એવું પોતાનું શુદ્ધ આત્મદ્રવ્ય તેના જોવામાં આવે.



આત્મા અરૂપી દ્રવ્ય હોવાથી તે ઇન્દ્રિયોથી જણાય નહીં. પણ હૃદયરૂપી નેત્રથી તે જગધણી એવા ભગવાનના અથવા આત્માના દર્શન કરી શકે; અર્થાત્ આત્માના હોવાપણાનો હૃદયમાં તેને અનુભવ થાય. તે આત્મ અનુભવ કરનારનો મહિમા મેરુપર્વત સમાન છે. કેમકે અનાદિકાળના જન્મમરણના દુઃખનો અંત પામી સર્વકાળને માટે તે આત્માના અનંતસુખને પામશે. ।।૩।।

**દોડત દોડત દોડત દોડિયો, જેતી મનની રે દોડ જિ૦**
**પ્રેમ પ્રતીત વિચારો ઢૂંકડી, ગુરુગમ લેજો રે જોડ. જિ૦ધ૦૪**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ ! મેં આપના દર્શન કરવા માટે અનાદિકાળથી દોડ દોડ જ કર્યું છે. જેટલી મારા મનની શક્તિ હતી તેટલી સ્વચ્છંદે દોડ કરી છે અને મુક્તિ મેળવવા માટે અનેક તીર્થો કે ધર્મોની આરાધન કરી છે.

પણ આનંદઘનજી મહારાજ કહે છે કે મુક્તિ મેળવવાનો માર્ગ તો સદ્ ગુરુ પ્રત્યેનો પ્રેમ, તેની પ્રતીતિ એટલે શ્રદ્ધા અને તેમના વચનોનો વિચાર કરતાં આત્મસ્વરૂપની પ્રાપ્તિ ઢૂંકડી થશે અર્થાત્ પોતામાં જ આત્માના દર્શન થશે. પણ સાથે ગુરુગમને અવશ્ય જોડજો, નહીં તો ફરી ભૂલા પડશો. શ્રીમદ્જીએ પણ આ વિષે કહ્યું છે કે– **''બિન સદ્ગુરુ કોય ન ભેદ લહે.''** ।।૪।।

**એક પખી કેમ પ્રીતિ વરે પડે, ઉભય મિલ્યા હુએ સંધિ જિ૦**
**હું રાગી હું મોહે ફંદિયો, તું નીરાગી નિરબંધ જિ૦ધ૦૫**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ ! એક પખી એટલે એક પક્ષની માત્ર પ્રીતિને કેવી રીતે વરે એટલે જોડી શકાય. પણ ઉભય એટલે બેય તરફનો પરસ્પર પ્રેમ હોય તો સંધિ થાય અર્થાત્ મેળ બેસે.

પણ હું તો પ્રભુ રાગી છું, મોહના ફંદામાં ફસાયેલો છું જ્યારે આપ તો નીરાગી છો અને કર્મબંધનથી પણ રહિત છો. તો આપની સાથે મારી પ્રીતિ કેવી રીતે થાય ? ।।૫।।

**પરમનિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય જિ૦**
**જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધો અંધ પલાય જિ૦ધ૦૬**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ ! આત્મહિત કરવાની સર્વને ઇચ્છા છે. પણ તે પરમ નિધાનસ્વરૂપ આત્મા તો પ્રગટપણે પોતાના આગળ જ છે અર્થાત્ પોતે જ છે. શ્રીમદ્જીએ પણ કહ્યું–**''મુખ આગલ હૈ કહ બાત કહૈ''**, છતાં જગતવાસી

જીવો અજ્ઞાનવશ તેને ઓળંઘીને બીજે બીજે સ્થાને તેની શોધ કરે છે.

પણ પરમેશ્વરને પ્રાપ્ત એવી આત્મજ્યોતિ વિના આંધળો આંધળાને દોરે તેમ થાય છે; અર્થાત્ ગુરુને આત્મજ્ઞાન ન હોવાથી આત્મપ્રાપ્તિનો યથાર્થ માર્ગ બતાવવામાં પોતે આંધળા જેવા છે; અને શિષ્ય તેમને માર્ગ પૂછે ત્યારે અમુક ક્રિયા કરવાથી, અમુક તપ કરવાથી, તીર્થયાત્રા કરવાથી કે દાન કરવાથી પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત થશે એમ બતાવે છે. એમ ગુરુ શિષ્ય બેય માર્ગના અજાણ હોવાથી આંધળા પાછળ આંધળો પલાય એટલે દોડ્યો જાય તેમ થાય છે. પણ સદ્ગુરુ વગર પોતાની જ પાસે રહેલ આત્મતત્ત્વને તે પામી શકતા નથી. ।।૬।।

**નિર્મલ ગુણમણિ રોહણ ભૂધરા, મુનિજન માનસ હંસ જિ૦**
**ધન્ય તે નગરી ધન્ય વેળા ઘડી, માતપિતા કુળ વંશ જિ૦ધ૦૭**

**સંક્ષેપાર્થ :—** પ્રભુ કેવા છે ? તો કે નિર્મળ ગુણરૂપી મણિઓને ઉત્પન્ન કરવામાં રોહણાચળ પર્વત જેવા છે. રોહણાચળ પર્વત રત્નોનું ઉત્પત્તિ સ્થાન ગણાય છે. વળી પ્રભુ મુનિઓના મનરૂપી માનસરોવરમાં તો હંસ સમાન વિરાજમાન છે. એવા પ્રભુનો જ્યાં જન્મ થયો તે નગરીને ધન્ય છે અને તેમના માતા, પિતા કુલ અને વંશ સર્વને ધન્ય છે. ।।૭।।

**મન મધુકર વર કર જોડી કહે, પદકજ નિકટ નિવાસ જિ૦**
**ઘનનામી આનંદઘન સાંભળો, એ સેવક અરદાસ જિ૦ધ૦૮**

**સંક્ષેપાર્થ :—** શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે હે પ્રભુ! મારો મનરૂપી મધુકર એટલે ભમરો, વર એટલે રૂડી રીતે, કર એટલે હાથ જોડીને કહે છે કે હે પ્રભુ! મને આપના પદકજ એટલે ચરણકમળની સમીપ જ નિવાસ આપો.

હે ઘનનામી એટલે ઘણા નામવાળા આનંદઘનના સમૂહરૂપ પ્રભો! સેવકની આ અરદાસ એટલે વિનંતી છે, તે આપ લક્ષમાં લો અને મને સદૈવ આપના ચરણ- કમળમાં રાખો અર્થાત્ આપની આજ્ઞામાં જ રાખો જેથી મારું શીઘ્ર કલ્યાણ થાય. ।।૮।।

---

# (૧૫) શ્રી ધર્મનાથ સ્વામી

## શ્રી દેવચંદ્રજી કૃત વર્તમાન ચોવીશી સ્તવન



**ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઈએ, આપણો આતમા તેહવો ભાવિયે;**
**જાતિ જસુ એકતા તેહ પલટે નહીં; શુદ્ધ ગુણ પજ્જવા વસ્તુ સત્તામયી. ૧**

**સંક્ષેપાર્થ :—** જગતના નાથ એવા ધર્મનાથ પ્રભુના આત્મસ્વભાવમયી એવા પવિત્ર ધર્મની હે ભવ્યો! તમે હમેશાં સ્તવના કરો. અને પોતાનો આત્મા પણ નિશ્ચયનયે ભગવાન જેવો જ છે તેની હમેશાં ભાવના ભાવો. કેમકે પ્રભુની અને આપણા આત્માની જાતિ એક છે. તે ક્યારેય પણ પલટશે નહીં, અર્થાત્ સ્વચેતન પોતાની જાત મૂકીને કદી જડ રૂપે થશે નહીં. દરેક દ્રવ્યના શુદ્ધગુણ અને પજ્જવા એટલે પર્યાય વસ્તુના મૂળ સ્વરૂપને જોતાં સ્વસત્તામાં જ રહેલા છે. ।।૧।।

**નિત્ય નિરવયવ વળી એક અક્રિયપણે, સર્વગત તેહ સામાન્ય ભાવે ભણે;**
**તેહથી ઇતર સાવયવ વિશેષતા, વ્યક્તિ ભેદે પડે જેહની ભેદતા. ૨**

**સંક્ષેપાર્થ :—** હવે પંચાસ્તિકાયમાં દ્રવ્યના સામાન્ય સ્વભાવ અને વિશેષ સ્વભાવ છે, તેને અત્રે જણાવે છે :— જે નિત્ય છે, નિરવયવ એટલે જેનો વિભાગ ન થઈ શકે, વળી જે એક છે, અક્રિય છે; સર્વગત એટલે જે સર્વ દ્રવ્ય-ગુણ પર્યાયમાં વ્યાપેલ છે; એવા લક્ષણ જેમાં છે તે દ્રવ્યનો સામાન્ય સ્વભાવ કહેવાય છે. અને તેથી ઇતર કહેતા પ્રતિપક્ષી, સાવ વિપરીત જેમકે સાવયવ અર્થાત્ વિભાગ સહિત, તેમજ એક નહીં પણ અનેક, અક્રિય નહીં પણ સક્રિય અને સર્વગત નહીં પણ દેશગત તથા વ્યક્તિ ભેદે જેમાં ભેદ પડે તેને વિશેષ સ્વભાવ કહે છે. વિશેષ સ્વભાવમાં જ્ઞાનાદિક ગુણોના ભેદ જાણવા. ।।૨।।

**એકતા પિંડને નિત્ય અવિનાશતા, અસ્તિ નિજ ઋદ્ધિથી કાર્યગત ભેદતા;**
**ભાવ શ્રુત ગમ્ય અભિલાપ્ય અનંતતા, ભવ્ય પર્યાયની જે પરાવર્ત્તિતા. ૩**

**સંક્ષેપાર્થ :—** હવે દ્રવ્યના સામાન્ય સ્વભાવના લક્ષણો કહે છે :—

એકતા, નિત્યતા, અસ્તિતા, ભેદતા, અભિલાપ્યતા અને ભવ્યતા આ છ સામાન્ય સ્વભાવો છે, જે પ્રત્યેક દ્રવ્ય, ગુણ, પર્યાયમાં હોય છે.

(૧) **એકતા સ્વભાવ** :— એકતા એટલે એક સ્વભાવ. દ્રવ્યના સર્વ પ્રદેશ, ગુણ અને પર્યાયના સમુદાય એક પિંડરૂપે છે; પણ ભિન્ન નથી તે તેનો એકતા સ્વભાવ છે. (૨) **નિત્યતા** :— સર્વ દ્રવ્યોમાં ધ્રુવતા રહેલી છે. તે અવિનાશી છે તે તેનો નિત્ય સ્વભાવ છે. (૩) **અસ્તિતા** :— સ્વભાવથી સર્વ દ્રવ્યો સત્ છે, તેઓ કદી પણ પોતાના ગુણપર્યાયની ઋદ્ધિને છોડતા નથી. તે તેનો અસ્તિ સ્વભાવ છે. (૪) **ભેદતા** :— તે તે કાર્યગત છે, એટલે કાર્યની અપેક્ષાએ ભેદ

સ્વભાવ હોય છે. જેમ આત્મદ્રવ્યમાં જ્ઞાનગુણ જાણવાનું, દર્શનગુણ જોવાનું અને ચારિત્રગુણ રમણતાનું કાર્ય કરે છે. આ પ્રમાણે કાર્યના ભેદથી દ્રવ્યમાં ભેદસ્વભાવ પણ છે. (૫) **અભિલાપ્યતા** :– જેના ભાવો શ્રુત ગમ્ય હોય અર્થાત્ જે વચનથી અભિલાપ્ય વ્યક્ત કરી શકાય કે શ્રુતજ્ઞાનથી જાણી શકાય, એવા ભાવોમાં અભિલાપ્ય સ્વભાવ છે. આત્મદ્રવ્યમાં એવા અનંતા ભાવો છે કે જે વચનથી કહી શકાય છે. (૬) **ભવ્યતા** :– સર્વ દ્રવ્યોમાં પર્યાયની પરાવર્તના એટલે પર્યાયનું પલટવાપણું છે. તે તેનો ભવ્ય સ્વભાવ કહેવાય છે. ।।૩।।

**ક્ષેત્ર ગુણ ભાવ અવિભાગ અનેકતા, નાશ ઉત્પાદ અનિત્ય પરનાસ્તિતા;**
**ક્ષેત્ર વ્યાપ્યત્વ અભેદ અવક્તવ્યતા; વસ્તુ તે રૂપથી નિયત અભવ્યતા. ૪**

**સંક્ષેપાર્થ :–** વળી દ્રવ્યના સામાન્ય સ્વભાવના પ્રતિપક્ષી લક્ષણોનું સ્વરૂપ જણાવે છે :– ક્ષેત્ર, ગુણ, અને ભાવ (પર્યાય)ના અવિભાગ વડે દ્રવ્યમાં **અનેકતા** છે. નાશ એટલે વ્યય અને ઉત્પાદ એટલે ઉત્પત્તિની અપેક્ષાએ દ્રવ્યમાં **અનિત્ય સ્વભાવ** પણ છે. તથા પર એટલે બીજા જે દ્રવ્ય તેના ધર્મ અન્ય દ્રવ્યમાં નથી, તેથી પરની અપેક્ષાએ દ્રવ્યમાં નાસ્તિતા એટલે **નાસ્તિ સ્વભાવ** પણ છે. સર્વ ગુણ, પર્યાય, મૂળ દ્રવ્યના ક્ષેત્રને વ્યાપીને રહેલા હોવાથી **અભેદ** છે. તથા જે ભાવો વાણી દ્વારા કહી ન શકાય તે અપેક્ષાએ દ્રવ્યમાં **અવક્તવ્ય સ્વભાવ** છે. વસ્તુ એટલે દ્રવ્યમાં પર્યાયોનું પરાવર્તન છતાં વસ્તુ તેની તે રૂપે જ રહે છે. એવા વસ્તુના નિયત એટલે નિશ્ચિતપણાને લઈને વસ્તુમાં **અભવ્ય સ્વભાવ** પણ છે. ।।૪।।

**ધર્મ પ્રાગ્ભાવતા સકલ ગુણ શુદ્ધતા, ભોગ્યતા કર્તૃતા રમણ પરિણામતા;**
**શુદ્ધ સ્વપ્રદેશતા તત્ત્વ ચૈતન્યતા, વ્યાપ્ય-વ્યાપક તથા ગ્રાહ્ય ગ્રાહક ગતા. ૫**

**સંક્ષેપાર્થ :–** હવે દ્રવ્યનો વિશેષ સ્વભાવ કહે છે કે–વિશેષ સ્વભાવ દરેક દ્રવ્યમાં ભિન્ન ભિન્ન હોય છે. જીવ દ્રવ્યના કેટલાક વિશેષ સ્વભાવોનું સ્વરૂપ આ પ્રમાણે છે :–

જીવ દ્રવ્યના જ્ઞાનાદિક ગુણધર્મનું પ્રગટ થવું તે **પ્રાગ્ભાવતા** તથા જ્ઞાનદર્શનચારિત્રાદિ સકલ સ્વગુણોનું શુદ્ધ થવું તે **શુદ્ધતા**, તે ગુણોનું ભોગવવું તે **ભોક્તા ધર્મ**, જાણવા દેખવારૂપ કાર્યનું કરવું તે **કર્તૃત્વ ગુણ**, તથા સ્વગુણ-પર્યાયમાં રમણ કરવું તે આત્માનો **રમણતા સ્વભાવ** છે. સ્વપ્રદેશોની પૂર્ણ શુદ્ધતા થવી તે **પરિણામતા**, એ તેનો વિશેષ સ્વભાવ છે. તથા તત્ત્વ એટલે



આત્મા. તેમાં **ચૈતન્યપણું** એ પણ તેનો વિશેષ સ્વભાવ છે. તથા આત્મામાં **વ્યાપ્ય વ્યાપકભાવ** એટલે આત્મા વ્યાપક એટલે વ્યાપવાવાળો અને તેના જ્ઞાનાદિ ગુણોમાં તે વ્યાપેલો હોવાથી વ્યાપ્ય છે. તથા **ગ્રાહ્ય ગ્રાહકભાવ** એટલે સ્વગુણો ગ્રાહ્ય છે તથા આત્મા તેનો ગ્રાહક હોવાથી આત્મામાં ગ્રાહ્ય-ગ્રાહકભાવ છે. આ સર્વ વિશેષ સ્વભાવ જાણવા. એ સર્વ હે પ્રભુ! આપને પ્રગટ થયેલા છે. ।।૫।।

**સંગ પરિહારથી સ્વામી નિજ પદ લહ્યું, શુદ્ધ આત્મિક આનંદપદ સંગ્રહ્યું;**
**જહવિ પરભાવથી હું ભવોદધિ વસ્યો, પરતણો સંગ સંસારતાએ ગ્રસ્યો. ૬**

**સંક્ષેપાર્થ :–** સર્વ પુદ્ગલાદિકના સંગનો પરિહાર કહેતાં ત્યાગ કરવાથી હે ધર્મનાથ સ્વામી! આપે તો આપનું નિજ આત્મપદ પ્રાપ્ત કરી લીધું. તે આત્મપદ કેવું છે? તો કે શુદ્ધ આત્માના આનંદથી ભરપૂર છે, તેનો આપે સંગ્રહ કર્યો. અને હું તો જહવિ એટલે હજુ સુધી સ્વભાવ મૂકી પરભાવમાં જ રમતો થકો ચારગતિરૂપ ભવોદધિ એટલે સંસાર સમુદ્રમાં જ પડેલો છું, અને પરપદાર્થનો સંગ કરવાથી સંસારી ભાવોને લીધે કર્મોથી ગ્રસાયેલો છું, અર્થાત્ બંધાયેલો છું. ।।૬।।

**તહવિ સત્તાગુણે જીવ એ નિર્મલો, અન્ય સંશ્લેષ જિમ સ્ફટિક નવિ શામળો;**
**જે પરોપાધિથી દુષ્ટ પરિણતિ ગ્રહી, ભાવ તાદાત્મ્યમાં માહરું તે નહીં. ૭**

**સંક્ષેપાર્થ :–** તહવિ એટલે તો પણ નિશ્ચયનયથી સત્તાગુણે એટલે મૂળગુણે જોતાં તો મારો આત્મા આજે પણ નિર્મલ છે. અન્ય પદાર્થોનો સંશ્લેષ એટલે સંયોગ થવાથી પણ સ્ફટિકરત્ન સામલો એટલે શ્યામ બનતું નથી. તે પોતાનો નિર્મલ સ્વભાવ છોડતું નથી. તેમ પર એવા કર્મની ઉપાધિ વડે મારા આત્માએ રાગદ્વેષની દુષ્ટ પરિણતિ એટલે વિભાવભાવ ગ્રહણ કરેલા હોવા છતાં તે રાગદ્વેષ સાથે મારા આત્માનો તાદાત્મ્ય એટલે એકમેક થવારૂપ સંબંધ નથી, પણ સંયોગ સંબંધ છે, માટે તે રાગદ્વેષના ભાવોથી મુક્ત થઈ શકાય છે. ।।૭।।

**તિણે પરમાત્મપ્રભુ–ભક્તિરંગી થઈ, શુદ્ધ કારણ રસે તત્ત્વ પરિણતિમયી;**
**આત્મગ્રાહક થયે તજે પરગ્રહણતા, તત્ત્વભોગી થયે ટળે પરભોગ્યતા. ૮**

**સંક્ષેપાર્થ :–** તિણે એટલે તેથી ખરો મોક્ષાર્થી હવે રાગદ્વેષથી મુક્ત થવા અમોહી એવા પરમાત્મપ્રભુની ભક્તિમાં તન્મય થાય છે. શુદ્ધ આત્માને પ્રાપ્ત કરવાના કારણરૂપ ભક્તિરસને લઈને પછી તે પોતાની તત્ત્વ એટલે આત્મ-પરિણતિમાં મગ્ન બને છે. આમ આત્મસ્વરૂપનું ધ્યાન કરતો થકો તેનો જ તે ગ્રાહક થવાથી પરપદાર્થના ગ્રહણનો ત્યાગી થાય છે, કેમકે આત્મતત્ત્વનો ભોગી

થવાથી પરપદાર્થનો ભોગ તેને ટળી જાય છે. ।।૮।।

**શુદ્ધ નિઃપ્રયાસ નિજભાવભોગી યદા; આત્મક્ષેત્રે નહીં અન્ય રક્ષણ તદા;**
**એક અસહાય નિસ્સંગ નિર્દ્વંદ્વતા, શક્તિ ઉત્સર્ગની હોય સહુ વ્યક્તતા. ૯**

**સંક્ષેપાર્થ :–** જ્યારે આત્મા પોતાના શુદ્ધ સ્વભાવનો, પ્રયાસ વગર ભોગી બને છે ત્યારે પોતાના આત્મક્ષેત્રના અન્ય રાગદ્વેષાદિ ભાવોનું રક્ષણ કરનાર એટલે કે તે ભાવોને પોષનાર બીજો ત્યાં કોઈ નથી. આત્માની લીનતા જ્યારે સ્વરૂપમાં છે ત્યારે તે અસહાય એટલે પરની સહાય વગર જ, નિસંગ એટલે સર્વકર્મ સંગરહિત બની, રાગદ્વેષરૂપ દ્વંદ્વને ત્યાગી, આત્માની ઉત્સર્ગ શક્તિ એટલે સર્વોત્કૃષ્ટ શક્તિની સંપૂર્ણ વ્યક્તતા કરે છે; અર્થાત્ આત્માની સર્વ જ્ઞાનાદિ શક્તિઓ ત્યાં નિરાવરણતાને પામે છે. ।।૯।।

**તેણે મુજ આતમા તુજ થકી નીપજે, માહરી સંપદા સકળ મુજસંપજે;**
**તિણે મનમંદિરે ધર્મ પ્રભુ ધ્યાઈએ, પરમ દેવચંદ્ર નિજસિદ્ધિસુખ પાઈએ ૧૦**

**સંક્ષેપાર્થ :–** તેથી હે પરમાત્મા! મારો આત્મા તુમ થકી જ નીપજશે, અર્થાત્ પ્રાપ્ત થશે. અને આપનાથી જ મારા આત્માની સકળ અનંતગુણપર્યાયમય આત્મસંપત્તિ પ્રગટ થશે. તેથી મારા મનમંદિરમાં શ્રી ધર્મનાથ પ્રભુનું જ નિશદિન ધ્યાન ધરું કે જેથી દેવોમાં ચંદ્ર સમાન એવા નિર્મળ નિજ આત્મસિદ્ધિના સુખને હું પણ પામું. ।।૧૦।।

---

# (૧૫) શ્રી ધર્મનાથ સ્વામી

## શ્રી યશોવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(બેડલે ભાર ઘણો છે રાજ, વાતો કેમ કરો છો—એ દેશી)

**થાશું પ્રેમ બન્યો છે રાજ, નિર્વહેશો તો લેખે;**
**મેં રાગી પ્રભુ થેં છો નીરાગી, અણજુગતે હોય હાંસી;**
**એકપખો જે નેહ નિર્વહેવો, તેહ માંકી સાબાશી. થા૦૧**

**અર્થ :–** હે ધર્મનાથ પ્રભુ! થાશું એટલે તમારી સાથે મારે પ્રીતિ બંધાણી છે તે હવે આપ નિભાવશો તો જ સફળ થશે. હું રાગી છું અને થેં એટલે તમે તો નીરાગી છો. તેવો અઘટિત પ્રેમ કરવાથી લોકોમાં હાંસી થાય તેવું છે. છતાં એકતરફી આપના પ્રત્યે સ્નેહ ટકાવી રાખવામાં તો માંકી એટલે મારી



સાબાશી અર્થાત્ વિશેષતા ગણી શકાય.

**ભાવાર્થ :–** દુર્ગતિમાં પડતા પ્રાણીઓને ધરી રાખનાર એવા શ્રી ધર્મનાથ પ્રભુને ઉદ્દેશીને કર્ત્તા પુરુષ ગુણગ્રામ કરે છે કે હે પ્રભુ! અનંતકાળમાં ભવભ્રમણ કરતાં મને આપની સાથે પ્રીતિ નહોતી થઈ તે હવે મહાભાગ્યના ઉદયે થઈ છે; પણ તે પ્રેમને આપ હવે નિભાવી રાખશો તો તે કામનો છે. જો આપ એ તરફ ઉપેક્ષાભાવ બતાવશો તો તેનું કાંઈ ફળ મને મળશે નહીં. વળી હે પ્રભુ! હું આપને ખરા અંતઃકરણથી ચાહું છું. પણ આપ તો રાગ દશાથી તદ્દન રહિત છો. લોકો આપણી આ સ્થિતિ જુએ છે અને આ અઘટિત સંબંધ માટે મશ્કરી કરે છે. આપ તો નીરાગી હોવાથી તેની કાંઈ અસર આપને થતી નથી; પણ મારી એવી સ્થિતિ ન હોવાથી મને તે માટે બહુ લાગી આવે છે. છતાં હું એકપક્ષી એ સ્નેહને હજી સુધી ટકાવી રહ્યો છું તેમાં મારી જ વિશેષતા છે. લોકોમાં થતા હાસ્યની દરકાર ન કરતાં આપની સાથે સ્નેહ નિભાવ્યે જવો, એ કંઈ નાનુસુનું કામ નથી, અતિ વિકટ છે. છતાં હું તે કાર્ય કર્યે જ જાઉં છું. કેમકે મારા આત્માનું કલ્યાણ આપ વીતરાગ સિવાય બીજા કોઈ ઠેકાણેથી થવાનું નથી એમ હું માનું છું. ।।૧।।

**નીરાગી સેવ્યે કાંઈ હોવે, ઇમ મનમેં નવિ આણું;**
**ફળે અચેતન પણ જિમ સુરમણિ, તિમ તુમ ભક્તિ પ્રમાણું. થા૦૨**

**અર્થ :–** નીરાગી પુરુષની સેવા કરવાથી શું ફળ મળે? એ પ્રશ્નને હું મનમાં જ દાખલ થવા દેતો નથી. ચૈતન્યરહિત એવું ચિંતામણિ રત્ન પણ જ્યારે ફળ આપે છે તો તમારી ભક્તિ કેમ ફળ નહિ આપે? આપશે જ એવો મને પૂર્ણ વિશ્વાસ છે.

**ભાવાર્થ :–** વળી હે પ્રભુ! કોઈ મને એમ કહે કે નીરાગી એવા પ્રભુની સેવા કર્યાથી કાંઈ ફળ ન મળે! પણ એવા પ્રશ્નને હું મારા મનમાં ક્યારેય અવકાશ આપતો નથી. હું તો ઊલટું એમ માનું છું કે એમ કહેનારા મૂર્ખ છે. તેઓ ખરા પ્રેમની કિંમત સમજ્યા નથી. જગતમાં એવા અનેક દૃષ્ટાંતો છે પણ તે બાબત વિચાર કરવાની તેઓ તસ્દી લેતા નથી. માત્ર લોક પ્રવાહે જે સાંભળે તે જ કહ્યા કરે છે. પરંતુ સાચા પ્રેમનું સ્વરૂપ તો જેઓ એ પ્રેમમાર્ગમાં વહન કરતા હોય તેઓ જ જાણી શકે છે. જો જરા વિચાર કરે તો સ્પષ્ટ સમજી શકે તેમ છે કે જડ એવું ચિંતામણિ રત્ન, યથાવિધિ સેવા આરાધના કરવાથી જે જે પદાર્થો આપણે મનમાં ચિંતવીએ તે સર્વ પૂરા પાડે છે. અર્થાત્ તેના પ્રભાવ

માત્રથી તેવું પુદ્‌ગલ પરિણમન થાય છે. ચિંતામણિ રત્ન તો જડ છે. બીજાઓ તેની આરાધના કરે છે તેની પણ તેને ખબર નથી છતાં એ અવશ્ય ફળદાતા થાય છે; તો પછી ચૈતન્ય એવા પ્રભુની ભક્તિ કરવાથી તેની સેવાનું ફળ ન મળે એ બિલકુલ બનવા યોગ્ય નથી. સાચા ભાવથી ખરા મનથી—ત્રિકરણ યોગે પૂર્ણ વિશ્વાસ રાખીને જો તેમની ભક્તિ કરવામાં આવે તો તેનું ફળ અવશ્ય મળે જ, એમ હું ખાત્રી પૂર્વક માનું છું. કદાચ તેમાં વિલંબ થાય, એ આપણા ભાવની તીવ્રતામાં ખામી સમજવી. તો પણ વખત આવ્યે ફળ તો અવશ્ય મળે જ. કંટાળી જઈ સેવા કરવી છોડી દઈએ તો તેનું ફળ ન મળે એ દેખીતું છે. તેથી તેટલો વખત ધીરજ અવશ્ય રાખવી જ જોઈએ. અનાજ વાવનાર કે આંબો રોપનાર પણ તેનાં ફળો તત્કાળ મેળવી શકતા નથી. વિદ્યાભ્યાસ કરનાર તત્કાળ સુખી થતા નથી. કાર્ય અનુસાર ઓછોવત્તો વિલંબ થાય છે પરંતુ યોગ્ય સમયે તે સઘળું ફળે છે અને તેઓ સુખી થાય છે, એ સંદેહ વગરની હકીકત છે. તે પ્રમાણે સંપૂર્ણ ફળ પ્રાપ્ત થતાં સુધી પ્રભુની ભક્તિ પૂર્ણ ભાવથી ચાલુ રાખવી જોઈએ, એટલે વખત આવ્યે તે અવશ્ય ફળશે જ. કર્ત્તા કહે છે કે આ મંતવ્યને માનપૂર્વક વળગી રહી હું ભક્તિ કરવાનું કાર્ય ચાલુ જ રાખી રહ્યો છું, તેમ સઘળાએ પણ તે જ કર્ત્તવ્ય છે. ।।૨।।

**ચંદન શીતળતા ઉપજાવે, અગ્નિ તે શીત મિટાવે;**
**સેવકનાં તિમ દુઃખ ગમાવે, પ્રભુગુણ પ્રેમ સ્વભાવે. થા૦૩**

**અર્થ :—** ચંદન પણ જડ હોવા છતાં શીતલતા ઉત્પન્ન કરે છે અને અગ્નિ તે વળી ટાઢને મટાડે છે, તે જ પ્રમાણે પ્રભુના ગુણ ઉપર કરેલો પ્રેમ સ્વાભાવિક રીતે જ સેવકનાં દુઃખોને દૂર કરે છે.

**ભાવાર્થ :—** ચંદન એટલે સુખડમાં એવો ગુણ છે કે તેને ઘસીને ચોપડવામાં આવે તો શરીરે દાહ થયો હોય તો તેને શીતળતા આપે છે. તેમજ અગ્નિમાં એવો ગુણ રહેલો છે કે સખત ટાઢ પડતી હોય તોપણ તેવા સમયે જો અગ્નિનું સેવન કરવામાં આવે તો તે ટાઢને મટાડે છે. જેવો આ બે વસ્તુનો સ્વભાવ છે તેવો જ પ્રભુગુણ પ્રેમનો પણ સ્વભાવ છે કે તે ગુણો પ્રત્યે પ્રેમ કરનાર સેવકના પણ દુઃખ માત્રનો નાશ થાય છે. આ બાબતમાં મને પૂર્ણ વિશ્વાસ હોવાથી હું નીરાગી પ્રભુની એકચિત્તે ભક્તિ કરવામાં તત્પર રહ્યો છું. જગતમાં કોઈપણ પ્રકારનાં સ્વાર્થપૂર્વક રાજા મહારાજા આદિની સેવા કરવામાં આવે છે તો તેથી ઇચ્છિત સ્વાર્થ સરે છે; તો પછી તદ્દન નિષ્કામ વૃત્તિથી પ્રભુની આરાધના



કરવામાં આવે તો તે ફળદાયી કેમ ન થાય? અવશ્ય થાય જ. ।।૩।।

**વ્યસન ઉદય જે જલધિ અનુહરે, શશીને તેજ સંબંધે;**
**અણસંબંધે કુમુદ અનુહરે, શુદ્ધ સ્વભાવ પ્રબંધે. થા૦૪**

**અર્થ :—** વ્યસન એટલે કષ્ટ પામવું અથવા અસ્ત થવું એમ પણ અર્થ થાય છે. અહીં શશી એટલે ચંદ્રમા અસ્ત પામે અથવા ઉદય થાય ત્યારે સાથે જલધિ એટલે સમુદ્ર પણ તેને અનુહરે એટલે અનુસરે છે અર્થાત્ તેની સાથે વધઘટ થાય છે. તેવા પ્રકારનો એમનો પરસ્પર સંબંધ છે. જ્યારે કુમુદ એટલે ચંદ્રવિકાસી કમળને તો ચંદ્ર સાથે બીજો કોઈ સંબંધ નહીં હોવા છતાં માત્ર ચંદ્ર અને પોતાની ઉજ્જવળતાનો એક સ્વભાવ હોવાથી તેની સાથે તે ખીલે છે અને ચંદ્ર અસ્ત થતાં પોતે પણ બિડાઈ જાય છે.

**ભાવાર્થ :—** અન્ય મતમાં ચંદ્રને સમુદ્રનો પુત્ર માનેલ છે. પુત્રના સુખે દુઃખે પિતા સુખી દુઃખી થાય એ સ્વાભાવિક છે. તેમ અહિં શુક્લપક્ષમાં ચંદ્રની કળા વૃદ્ધિ પામે છે ત્યારે સમુદ્રની ભરતી પણ વધતી જઈ હર્ષ વ્યક્ત કરે છે અને જ્યારે કૃષ્ણપક્ષમાં ચંદ્રની કળા ઘટે છે ત્યારે ભરતી ઓછી થઈ જાણે શોક વ્યક્ત કરે છે. આ પ્રમાણે સમુદ્રનું ચંદ્રની સાથે સાથે અનુસરવું થાય છે.

જ્યારે કુમુદ એટલે ચંદ્રવિકાસી કમળ તો માત્ર ચંદ્રના ઉદયે વિકસીત થાય છે, અને ચંદ્રના અસ્ત થયે બિડાઈ જાય છે. તેનો ચંદ્ર સાથે બીજો કોઈ સંબંધ નહીં હોવા છતાં માત્ર પોતામાં અને ચંદ્રમાં રહેલી સ્વાભાવિક ઉજ્જવલતાના કારણે જ ચંદ્રના વિકાસ સાથે તે વિકસે છે અને ચંદ્ર અસ્ત પામ્યે તેની સાથે બિડાઈ જાય છે. આમ થવામાં કારણ વિશેષ તરીકે કોઈ બીજો સંબંધ નથી. પણ માત્ર સ્વભાવનું સરખાપણું છે. તેમજ હે પ્રભુ! આપનો અને મારો મૂળ સ્વરૂપે સ્વભાવ તો એક જ હોવાથી આપના ગુણો પ્રત્યે મને આકર્ષણ થાય છે, અને તે ગુણો મેળવવા આપના પ્રત્યે મને ભક્તિભાવ પ્રગટે છે.

કુમુદ એટલે ચંદ્રવિકાસી કમળ જેવી એકેન્દ્રિય વસ્તુ પણ પોતાના જેવો ઉજ્જવલ સ્વભાવ જોતાં ચંદ્રને અનુસરે છે, તો મારા જેવા પંચેન્દ્રિય મન સહિત મનુષ્ય પ્રાણી પોતાના શુદ્ધ સ્વરૂપને પામવા, જ્યાં એ શુદ્ધ સ્વરૂપ પ્રગટ છે એવા આપ પ્રત્યે કેમ ન આકર્ષાય? અર્થાત્ જરૂર આકર્ષણ પામે, એમાં કોઈ સંદેહ નથી. ।।૪।।

**દેવ અનેરા તુમથી છોટા, થેં જગમેં અધિકેરા;**
**યશ કહે ધર્મ જિનેશ્વર થાશું, દિલ માન્યા હે મેરા. થા૦૫**

**અર્થ :–** અન્ય દેવો તમારાથી નાના છે અને થેં એટલે તમે જગતમાં સૌથી મોટા છો. તેથી શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે અમે પણ આપની ભક્તિના બળે ધર્મ જિનેશ્વર થઈશું, અર્થાત્ અમે પણ આત્માના પરમ શુદ્ધ સ્વભાવને પામીશું. અને તે પ્રાપ્ત કરવા માટેનો પુરુષાર્થ કરવા મારું મન પણ માની ગયું છે.

**ભાવાર્થ :–** હે પ્રભુ! જગતમાં અનેક દેવો કહેવાય છે. પણ તે બધામાં આપનામાં જે ગુણો છે તેવા ગુણો નથી. ઊલટુ તેઓ પૈકી કોઈમાં કાંઈ દોષ અને કોઈમાં કાંઈ દોષ છે. તેઓ તો ભક્તજનો પાસેથી મનાવા પૂજાવાની આશાઓ રાખે છે. તેઓની જે પૂજા કરે તેમને પણ તેઓના પુણ્ય વગર કંઈ આપી શકતા નથી. પણ જે અનાદર કરે તેના ઉપર વળી કુપિત થાય છે. એવો તેમનો રાગીદ્વેષી સ્વભાવ છે. જ્યારે આપ તો પૂજક અને નિંદક બન્ને ઉપર સમભાવ રાખી તેઓનું એકાંત હિત કરવાના જ અલૌકિક સ્વભાવવાળા છો. તેથી આપ સર્વ દેવોમાં મોટા દેવ છો. આપ સર્વ ગુણ સંપન્ન છો અને સર્વ દોષથી મુક્ત છો. તેથી હે ધર્મ જિનેશ્વર! આપની સાથે જ પ્રેમ કરવામાં મારું મન તો માને છે. બીજા કોઈ સાથે પ્રેમ કરવો મને રુચતો નથી. ।।૫।।

---

# (૧૫) શ્રી ધર્મનાથ સ્વામી

## શ્રી મોહનવિજયજીકૃત વર્તમાન ચોવીશ સ્તવન

(હાંરે મારા જોબનિયાનો લટકો દહાડા ચાર જો–એ દેશી)

**હાં રે મારે ધર્મજિણંદશું લાગી પૂરણ પ્રીત જો,**
**જીવલડો લલચાણો જિનજીની ઓળગે રે લો;**
**હાં રે મુને થાશે કોઈક સમયે પ્રભુ સુપ્રસન્ન જો,**
**વાતલડી તવ થાશે મારી સવિ વગેરે લો. ૧**

**અર્થ :–** શ્રી ધર્મ જિનેશ્વર સાથે મારે પૂર્ણ પ્રેમ લાગ્યો છે. તેથી મારો જીવલડો આવા જિનેશ્વર પ્રભુની ઓળગ એટલે સેવા કરવાને માટે લલચાયો છે. કોઈક વખત પ્રભુજી મારા ઉપર પ્રસન્ન થશે, ત્યારે મારે જે જે વાતો કરવાની છે તે બધી વાતો હું તે વખતે પ્રભુ સાથે કરી લઈશ.

**ભાવાર્થ :–** અમને ધર્મ જિનેશ્વર પ્રત્યે પૂરેપૂરી પ્રશસ્ત પ્રીતિ લાગી



છે. આવી પ્રીતિ જેમના ઉપર હોય તેમના પ્રત્યે અરજ કરવાની કોને લાલચ ન થાય? અર્થાત્ થાય જ. આવી પ્રીતિ હોવાથી કોઈક વખત મારા ઉપર પ્રભુની પ્રસન્નતા થશે ત્યારે મારી કરેલી અરજી અથવા ભક્તિની પ્રવૃત્તિ અથવા અંતરની વાતો, તે સર્વ સફળ થશે, એમ હું માનું છું. ।।૧।।

**હાં રે પ્રભુ, દુર્જનનો ભંભેર્યો મારો નાથ જો,**
**ઓળવશે નહીં ક્યારે કીધી ચાકરી રે લો;**
**હાં રે મારા સ્વામી સરખો કુણ છે દુનિયામાંહી જો,**
**જઈએ રે જિમ તેહને ઘર આશા કરી રે લો. ૨**

**અર્થ :–** દુર્જનનો ભંભેર્યો એવો મારો નાથ કોઈ દિવસ પણ કરેલી મારી ચાકરીને ઓળવશે નહીં. આ દુનિયામાં મારા સ્વામી સરખો બીજો કોણ છે કે જેમના ઘરે અમે આત્મકલ્યાણની આશા રાખીને જઈ શકીએ.

**ભાવાર્થ :–** દુર્જન અહિંયા બે પ્રકારના સમજવા. એક દ્રવ્યથી દુર્જન તે દોષો જોનાર સમજવા અને ભાવથી દુર્જન તે મોહરાજા સમજવો. મારા સ્વામીને ઉપર કહેલા એવા કોઈ દુર્જનો ભંભેરી શકે એટલે કે આડું અવળું સમજાવી શકે એમ નથી. તેથી મને પૂર્ણ ખાત્રી છે કે મારી કરેલી ચાકરી તે કદી ભૂલી જાય નહીં. ભક્તિની કદર તો અવશ્ય કરશે જ. વળી અનંતગુણનિધાન, પરમદયાના ભંડાર, સમતારસના સમુદ્ર એવા મારા સ્વામી છે; તેના સરખા દુનિયામાં બીજા કોણ છે? અર્થાત્ કોઈ નહીં કે જેના ઘરમાં જ્ઞાનની આશા રાખીને જઈ શકાય. ।।૨।।

**હાં રે જસ સેવા સેતી સ્વારથની નહિ સિદ્ધ જો,**
**ઠાલી રે શી કરવી તેહથી ગોઠડી રે લો;**
**હાં રે કાંઈ જૂઠું ખાય તે મીઠાઈને માટે જો,**
**કાંઈ રે પરમારથ વિણ નહીં પ્રીતડી રે લો. ૩**

**અર્થ :–** જેમની સેવા સેતી એટલે સેવા કરવાથી જો સ્વાર્થની સિદ્ધ એટલે સિદ્ધિ ન થાય, તો પછી તેમની સાથે ઠાલી એટલે ફોગટ ગોઠડી અર્થાત્ મિત્રતા કરવાનું શું પ્રયોજન? કોઈ મનુષ્ય જૂઠું એટલે એઠું ભોજન ખાય તે મીઠાઈ મેળવવાને માટે. તેમ પ્રભુ સાથે કાંઈપણ પરમાર્થ વિના પ્રીતિ બંધાતી નથી.

**ભાવાર્થ :–** ભક્તિ રસિક ભક્ત એમ જણાવે છે કે જેની અમે સેવા

ઉઠાવીએ તેથી અમારું કાર્ય સિદ્ધ ન થાય, તો અમારી સેવારૂપી મૈત્રી બધી ફોક થાય. દુનિયામાં કેટલાક લોકો સ્વાદને માટે એઠું ભોજન મીઠાઈ જેવું હોય તો પણ ખાય. તેમ અમે આત્માનુભવરૂપ સ્વાદ મેળવવા માટે પ્રભુની સેવા કરીએ છીએ. કેમકે પરમાર્થ વિના પ્રીતિનું જોડાણ થતું નથી. ।।૩।।

**હાં રે પ્રભુ, અંતરજામી જીવન પ્રાણાધાર જો,**
**વાયો રે નવિ જાણ્યો કળિયુગ વાયરો રે લો;**
**હાં રે પ્રભુ ! લાયક નાયક ભક્તવચ્છલ ભગવંત જો,**
**વારુ રે ગુણ કેરા સાહિબ સાયરુ રે લો. ૪**

**અર્થ :–** હે પ્રભુ ! આપ અંતરજામી છો, મારા પ્રાણના આધારભૂત છો. આપની કૃપા વડે કળિયુગનો વાયરો કેવો વાય છે તે પણ અમે જાણી શક્યા નથી. હે પ્રભુ ! આપ લાયક છો, નાયક છો, ભક્તજન વત્સલ છો અને વારુ એટલે સુંદર ગુણોના સાયર કહેતા સમુદ્ર છો.

**ભાવાર્થ :–** ઉપર કહેલા અનેક ગુણોના ધારક આપ મળવાથી કળિયુગનો વાયરો કેવો દુઃખદાયી છે તે અમે જાણી શક્યા નથી. કારણ કે કળિયુગના પ્રસંગથી અમને સંસારચક્રમાં કેવા કેવા દુઃખ ભોગવવા પડત તે બધા આપની કૃપા વડે દૂર થઈ ગયા. માટે આપ અમારા યોગ્ય નાયક છો તથા ભક્તજનોના હિતકર્તા છો. ઉત્તમ ગુણોના સાગર છો. આપના અનંત ઉપકારને સંભારી મારા આત્માને નિર્મળ કરું છું. ।।૪।।

**હાં રે પ્રભુ ! લાગી મુજને તાહરી માયા જોર જો,**
**અળગા રે રહેવાથી હોય ઓસાંગળો રે લો;**
**હાં રે કુણ જાણે અંતરગતિની વિણ મહારાજે,**
**હેજે રે હસી બોલો છંડી આમળો રે લો. ૫**

**અર્થ :–** હે પ્રભુ ! મને તમારી જોરદાર માયા લાગી છે. તેથી આપનાથી જો અળગા રહીએ તો અમને ગમતું નથી. ખરી રીતે તો આપની સાથે જ્યાં સુધી અભેદભાવ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી મારું કાર્ય પણ સિદ્ધ ન થાય; આવી અંતરંગની વાત આપ વિના બીજો કોણ જાણી શકે. માટે હે પ્રભુ ! અંતરનો આમળો છોડી દઈને અમારી સાથે હેતપૂર્વક હસીને બોલો કે જેથી અમારું કાર્ય સિદ્ધ કરવામાં અમને ઘણી સરળતા રહે.

**ભાવાર્થ :–** અનંત ગુણનિધાન એવા આપના પ્રત્યે અમારે ઘણો



જોરદાર પ્રેમ બન્યો છે. આ પ્રેમથી અમે જો અળગા રહીએ તો અમે રહી શકીએ એમ નથી. તમારાથી જુદાપણું રાખવું તે અમને પાલવે એમ નથી. આવી અંતરગત એટલે હૃદયની જે વાતો છે તે આપ જેવા સર્વજ્ઞ પ્રભુ સિવાય બીજો કોણ જાણી શકે ? માટે હે પ્રભુ ! આમળો એટલે મનનો આગ્રહ છોડી દઈને હેતપૂર્વક હસીને એકવાર તો બોલો. આપવાની વાત તો ભલે ગમે તે વખતે સિદ્ધ થાય, પરંતુ અત્યારે ફક્ત મારા સામી દૃષ્ટિ કરી પ્રેમપૂર્વક એકવાર બોલો તો હું મારું કાર્ય સિદ્ધ થયું એમ નિઃશંકપણે માની લઈશ. ।।૫।।

**હાં રે તારે મુખને મટકે અટક્યું મારું મન જો,**
**આંખલડી અણિયાળી કામણગારડી રે લો;**
**હાં રે મારાં નયણાં લંપટ જોવે ખિણખિણ તુજ જો,**
**રાતે રે પ્રભુરૂપે ન રહે વારિયા રે લો. ૬**

**અર્થ :–** હે પ્રભુ ! તમારા મુખના મટકાથી એટલે હાવભાવથી મારું ચંચળ એવું મન ત્યાંજ અટકી ગયું. આપની અણિયાળી આંખો તે કામણગારી છે. તેથી મારા લંપટ એવા નેત્રો ક્ષણ ક્ષણ આપને જોયા જ કરે છે. વળી રાત્રે પણ આપના રૂપમાં જ આસક્ત રહે છે. અને તે વાર્યા પણ વારી શકાતા નથી.

**ભાવાર્થ :–** હે પ્રભુ ! આપનું મુખ એટલું બધું સુંદર છે કે તેને ચન્દ્ર વગેરેની ઉપમાઓ આપવી તે યોગ્ય નથી. તમારા મુખની વીતરાગ આકૃતિ ઉપર મારું મન ચપળ હોવા છતાં સ્થિર થઈ ગયું. આપનું મુખાર્વિંદ લોકોત્તર દૃષ્ટિથી ઘણું આકર્ષક છે. વળી આપની બન્ને આંખો કામણગારી છે. તેમાં એવું કામણ રહેલું છે કે ત્રણ જગતના જીવોને તમે આંખથી વશ કરી લીધા છે. તેમજ આપની આંખમાં એવું જ બીજું કામણ છે કે જે દૃષ્ટિથી મોહરાજા પણ મૂર્ચ્છાગત બની ગયો. વળી મારા લંપટ એવા નેત્રો ક્ષણ ક્ષણ વારમાં આપના મુખને જ જોયા કરે છે અને આપના રૂપમાં એવા આસક્ત બની ગયા છે કે રાત્રે પણ આપના રૂપની વિસ્મૃતિ કરતા નથી. તેમાંજ નિમગ્ન રહે છે. ।।૬।।

**હાં રે પ્રભુ, અલગા તો પિણ જાણજો કરીને હજૂર જો,**
**તાહરી રે બલિહારી હું જાઉં વારણે રે લો;**
**હાં રે કવિ રૂપવિબુધનો મોહન કરે અરદાસ જો,**
**ગિરુઆથી મન આણી ઊલટ અતિ ઘણો રે લો. ૭**

**અર્થ :–** હે પ્રભુ ! અમે આપનાથી ઘણા દૂર છીએ તો પણ આપની

હજૂરમાં છીએ એમ જાણજો. તમારા ગુણની બલિહારી છે તેથી હું તમારા પર વારી જાઉં છું. કવિ શ્રી રૂપવિબુધના શિષ્ય શ્રી મોહનવિજયજી ગિરુઆ એટલે મોટા એવા શ્રી ધર્મનાથ ભગવાનને, મનમાં ઘણો ઊલટ આણીને ઉપરોક્ત અરદાસ એટલે અરજ કરેલ છે એમ જાણજો.

**ભાવાર્થ :–** હે પ્રભુ! આપ મોક્ષમાં ગયેલા હોવાથી સાત રાજ દૂર છો એટલે તમારા અને અમારા વચ્ચે અસંખ્યાતા કોડાકોડી યોજનનું આંતરુ છે. તો પણ અમે આપને મનમાં વારંવાર યાદ કરીએ છીએ, તેથી જાણે આપે તે સ્થાનમાંથી આવી અમારા મનમંદિરમાં પ્રવેશ કર્યો હોય એમ જણાય છે. માટે અમે અળગા હોવા છતાં આપની હજૂરમાં જ છીએ એમ જાણજો. ભલે ગમે તેટલું અંતર હોય છતાં દૂર રહેલી વસ્તુ મનમાં આવી શકતી હોય તો તે દૂર કહેવાય નહીં; અને પાસે રહેલી વસ્તુ પણ જો મનમાં ન આવતી હોય તો તે પાસે હોવા છતાં પણ દૂર જ કહેવાય. વળી હે પ્રભુ! તમારા ગુણની બલિહારી છે. હું તો તમારા ભામણા લઉં છું, અર્થાત્ તમારા ગુણો ઉપર વારી જાઉં છું. કવિ શ્રી રૂપવિબુધના શિષ્ય શ્રી મોહનવિજયજી, મોટા એવા શ્રી ધર્મનાથ ભગવાન પ્રત્યે મનમાં ઘણો ઊલટ અર્થાત્ હર્ષ આણીને પ્રભુ પ્રત્યે પોતાની અરદાસ એટલે વિનંતિ કરે છે. ।।૭।।

---

# (૧૬) શ્રી શાંતિનાથ સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(રાગ મલ્હાર–ચતુર ચોમાસું પડિક્કમી–એ દેશી)

**શાંતિ જિન, એક મુજ વિનતિ, સુણો ત્રિભુવનરાય રે;**
**શાંતિસ્વરૂપ કિમ જાણીએ, કહો મન કિમ પરખાય રે. શાં૦૧**

**સંક્ષેપાર્થ :–** હે શાંતિનાથ પ્રભુ! આપના પ્રત્યે મારી એક વિનંતિ છે. તે આપ ત્રણ ભુવનના નાથ કૃપા કરીને સાંભળો.

હે પ્રભુ! આપ તો આત્માના સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપને પામવાથી પરમશાંતરસે પરિણમ્યા છો; તે આત્માનું પરમશાંત સ્વરૂપ અમે પણ કેવી રીતે જાણીએ. કારણ કે મારું મન ત્રિવિધ તાપથી આકુલિત છે. તે સંસારની અનેક પ્રકારની ઇચ્છાઓ કરી કરીને દુઃખી થયા કરે છે. તે મન કેવી રીતે પરખાય અર્થાત્



ઓળખાય, કે એ કયા કારણોને લઈને દુઃખી છે. અને તે મનને શાંત કરવાનો ઉપાય શું તે આપની પાસે જાણવા ઇચ્છું છું.

'એવો પ્રશ્ન થયો એ ક્ષયોપશમલબ્ધિ છે.' -બો.ભાગ-૧ ।।૧।।

**ધન્ય તું આતમ જેહને, એહવો પ્રશ્ન અવકાશ રે;**
**ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ પ્રતિભાસ રે. શાં૦૨**

**સંક્ષેપાર્થ :–** હે ભવ્ય! તારા આત્માને ધન્ય છે કે જેને વાસ્તવિક આત્મશાંતિનું સ્વરૂપ જાણવા માટે પ્રશ્ન કરવાનો અવકાશ મળ્યો.કારણ કે અનાદિથી ઇન્દ્રિયોના સુખો પાછળ દોડતા કોઈ ભાગ્યશાળીને જ આવી જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે. જેને જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે તે જ તેને પૂર્ણ કરવાનો પણ પ્રયત્ન કરે છે. માટે હવે મનમાં ધૈર્ય ધારણ કરીને સ્વસ્થ ચિત્તે સાંભળો. મને જે રીતે શાંતિનાથ ભગવાનને પ્રાપ્ત એવી શાંતિનો પ્રતિભાસ એટલે અનુભવ થયો તે જ રીત અથવા તે જ ઉપાય તમને હું જણાવું છું. ।।૨।।

**ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે, કહ્યા જિનવર દેવ રે;**
**તે તેમ અવિતથ્થ સદ્દહે, પ્રથમ એ શાંતિપદ સેવ રે. શાં૦૩**

**સંક્ષેપાર્થ :–** જિનેશ્વર ભગવાને આગમમાં જે ત્યાગવા યોગ્ય રાગ, દ્વેષ, અજ્ઞાનાદિ અવિશુદ્ધ એટલે અશુદ્ધ ભાવો કહ્યાં છે અને જ્ઞાન ધ્યાનાદિ જે વિશુદ્ધ ભાવો કહ્યા છે, તે તે ભાવોને અવિતથ્થ એટલે જેમ ભગવંતે કહ્યાં છે તેમ જ સદ્દહે કહેતાં તેના ઉપર શ્રદ્ધા કરે તેને વ્યવહાર સમકિત કહ્યું છે. અને એ જ શાશ્વત આત્મશાંતિ પદ પામવાનું પ્રથમ પગથિયું છે અથવા એ જ શાંતિનાથ ભગવાનની ચરણસેવા કરવાનું પ્રથમ દ્વાર છે.

'આ શુદ્ધભાવ છે અને આ અશુદ્ધભાવ છે એવો ભેદ થાય, તે બીજી વિશુદ્ધિલબ્ધિ છે.' -બો.ભાગ-૧ ।।૩।।

**આગમધર ગુરુ સમકિતી, કિરિયા સંવર સાર રે;**
**સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવ આધાર રે. શાં૦૪**

**સંક્ષેપાર્થ :–** હવે કેવા ગુરુથી આત્મશાંતિ પ્રાપ્ત કરવાનું સ્વરૂપ જાણવું જોઈએ તે જણાવે છે :– ગુરુની પરીક્ષા કરવામાં બહુ જ સાવધાનીની જરૂર છે. ગુરુ આગમધર એટલે સિદ્ધાંતોના જાણકાર હોવા જોઈએ. માત્ર આગમના જાણકાર ગુરુથી આત્મકલ્યાણ થતું નથી પણ સાથે સમકિત એટલે સમ્યક્દર્શન પણ હોવું જોઈએ. એવા સદ્ગુરુની ક્રિયા સારરૂપ સંવર એટલે નવા કર્મબંધને

રોકનારી હોય છે અને કર્તાપણાના અભિમાનથી રહિત માત્ર ઉદયાધીન જેમનું પ્રવર્તન હોય છે.

સંપ્રદાયી એટલે જે ગુરુ પરંપરાને જાળવનાર હોય, અવંચક એટલે જે ઉપરથી ડોળ કરી લોકોને ઠગનાર ન હોય અને શુચિ એટલે પવિત્ર અનુભવના આધારે જેની બધી ક્રિયા હોય તે જ સાચા ગુરુ છે. એવા આત્મજ્ઞાની, સમદર્શી, ઉદય પ્રમાણે વિચરનાર, અપૂર્વ વાણીયુક્ત અને પરમશ્રુત ગુણના ધારક સદ્ગુરુ વડે જ શિષ્યને આત્મજ્ઞાન પ્રાપ્ત થઈ શકે. એવા સાચા સદ્ગુરુનો મેળાપ થવો આ કાળમાં અતિ દુર્લભ છે.

'સદ્ગુરુનો યોગ થાય અને દેશના પ્રાપ્ત થાય એ દેશનાલબ્ધિ અને વિશેષ સમજાય એ પ્રાયોગ્યલબ્ધિ છે. અને પછી કરણલબ્ધિ આવે ત્યારે સમકિત થાય છે.' -બો.ભાગ-૧ ।।૪।।

**શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાલ રે;**
**તામસી વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્ત્વિકી શાલ રે. શાં૦૫**

**સંક્ષેપાર્થ :–** જેમ વેલને ઉપર ચઢવા માટે લાકડી કે વૃક્ષાદિની જરૂર છે તેમ મુક્તિ મેળવવા માટે સદ્ગુરુના અવલંબનની જરૂર છે. કેમકે જેવું ધ્યાન કરે તેવો આત્મા થાય છે એ નિયમ છે. માટે આવા શુદ્ધ એટલે આત્મજ્ઞાની સદ્ ગુરુ ભગવંતનો યોગ મળ્યે તેમનું અવશ્ય આલંબન એટલે શરણ લેવું જોઈએ. અને તેમની આજ્ઞા આરાધવા માટે અવર એટલે બીજી સર્વ જગતની જંજાળનો ત્યાગ કરવો જોઈએ. પરિગ્રહ અને ભોગોની તૃષ્ણામાંથી સર્વ જંજાળ ઊભી થાય છે. તે જંજાળને જીવ ન છોડે ત્યાં સુધી સ્થિરભાવથી તે શુભ નિમિત્તોનું સેવન કરી શકતો નથી.

માટે આત્મજ્ઞાનની યોગ્યતા મેળવવા ક્રોધ, માન, માયા, લોભ, કામ, ઈર્ષ્યા, દેહમાં અહંબુદ્ધિ તથા સગાં, ઘર આદિમાં મમત્વબુદ્ધિ આદિ તામસી વૃત્તિઓનો ત્યાગ કરીને દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય આદિ સાત્ત્વિક વૃત્તિઓને આદરવી જોઈએ. આત્મશાંતિ મેળવવા માટેના આ સર્વ શ્રેષ્ઠ ઉપાયો છે. ।।૫।।

**ફલ વિસંવાદ જેહમાં નહીં, શબ્દ તે અર્થ સંબંધી રે;**
**સકલ નયવાદ વ્યાપી રહ્યો, તે શિવસાધન સંધિ રે. શાં૦૬**

**સંક્ષેપાર્થ :–** સદ્ગુરુ વચનાનુસાર ઉપરોક્ત ગુણો પ્રાપ્ત કરનારને



અવશ્ય આત્મશુદ્ધિરૂપ ફળ પ્રાપ્ત થાય છે. એમાં કોઈ વિસંવાદ એટલે વિરોધ નથી. સદ્ગુરુ બોધમાં જે શબ્દો કહે તે અર્થ સંબંધી હોય અર્થાત્ પ્રયોજન સહિત હોય, આત્માના પ્રયોજન વગર જ્ઞાની બોલે નહીં, મૌન જ રહે.

જ્ઞાની ગુરુની દેશનામાં સકળ એટલે સર્વત્ર નયવાદ કહેતા અપેક્ષાવાદ વ્યાપેલો જ હોય. અનંત ધર્માત્મક વસ્તુના એકાદ ધર્મની પ્રરૂપણા બીજા ધર્મોને નિષેધ કર્યા વગર તેને ગૌણ કરીને કરવી તે નયવાદ છે અથવા સ્યાદ્વાદ છે. જે જૈનધર્મનો પ્રાણ છે. એવો સ્યાદ્વાદસહિત ઉપદેશ તે જ શિવસાધન એટલે મોક્ષપ્રાપ્તિના સાધન સાથે સંધિ અર્થાત્ જોડાણ કરાવનાર છે. ।।૬।।

**વિધિ પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધ રે;**
**ગ્રહણ વિધિ મહાજને પરિગ્રહ્યો, ઇસ્યો આગમે બોધ રે. શાં૦૭**

**સંક્ષેપાર્થ :–** શ્રી ગુરુ આજ્ઞાએ સત્સંગ, ભક્તિ, સ્વાધ્યાય, જપ, તપ, વૈરાગ્ય સંયમાદિ ક્રિયાઓ વડે પોતાનું આત્મસ્વરૂપ પમાય તે ક્રિયાને વિધિ કહેવામાં આવે છે. અને તેથી વિપરીત રાગ, દ્વેષ, વિષય, કષાય, સ્વચ્છંદ વગેરે આત્મપ્રાપ્તિમાં બાધક હોવાથી તેને પ્રતિષેધ કહેવાય છે. આમ વિધિ અને પ્રતિષેધને આદરી, આત્મા નામનો પદાર્થ જે અવિરોધ એટલે શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વરૂપ છે તેને પામવો એ જ કર્ત્તવ્ય છે.

મહાજન કહેતા મોટા પુરુષોએ ગ્રહણવિધિ કહેતા ઉપરોક્ત પ્રમાણે ગ્રહણ કરવા યોગ્ય આત્મસ્વરૂપની વિધિને પરિગ્રહ્યો કહેતા સંપૂર્ણપણે ગ્રહણ કરીને આત્મસાક્ષાત્કાર કર્યો છે. ઇસ્યો એટલે એવો આગમમાં બોધ કહેતા ઉપદેશ છે. માટે જેણે આત્મપ્રાપ્તિ કરવી હોય તેમણે ઉપર પ્રમાણે વર્તન કરવું. ।।૭।।

**દુષ્ટજન સંગતિ પરિહરી, ભજે સુગુરુ સંતાન રે;**
**જોગ સામર્થ્ય ચિત્ત ભાવ જે, ધરે મુક્તિ નિદાન રે. શાં૦૮**

**સંક્ષેપાર્થ :–** આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે મોક્ષાભિલાષીએ દુષ્ટજન એટલે જેનાથી શ્રદ્ધા ભ્રષ્ટ થાય એવા મિથ્યાગ્રહી અજ્ઞાનીના સંગને છોડીને જ્ઞાનાદિ ગુણોના ધારક એવા સદ્ગુરુ ભગવંત કે તેમના સંતાન એટલે આશ્રિતનો સંગ કરવો જોઈએ. ''કુસંગ તજી સત્સંગ કરવો. દર્શનમોહ ગયા પછી ચારિત્રમોહ રહે છે, તેને દૂર કરવા પુરુષાર્થ કરવાનો છે. ચારિત્રમોહ દૂર કરવા 'જોગ સામર્થ્ય' એટલે વીર્ય સ્ફુરે તેથી ચારિત્રમોહ દૂર થાય. 'જોગ સામર્થ્ય' એ મુક્તિનું કારણ છે. -બો.ભાગ-૧

સામર્થ્યયોગને મુક્તિનું નિદાન એટલે કારણ જાણી ચિત્તમાં તેની ભાવના કરવી. સામર્થ્યયોગ એટલે સંયમ સહિત આત્મઅનુભવના સામર્થ્યથી કર્મ ક્ષય કરવામાં પ્રવર્તવું તે સામર્થ્ય યોગ છે. સામર્થ્યયોગના બે પ્રકાર છે. ધર્મ સંન્યાસ અને યોગસંન્યાસ. ધર્મ સંન્યાસ નામનો સામર્થ્યયોગ ક્ષપકશ્રેણીમાં કેવળજ્ઞાન પ્રગટ થતાં પહેલાં હોય છે અને યોગસંન્યાસ નામનો સામર્થ્યયોગ છેલ્લે અયોગી અવસ્થામાં મોક્ષે જતા પહેલાં હોય છે. તે યોગ મને મળો. અથવા મન વચન કાયાના યોગને વશ કરવાનું સામર્થ્ય મારામાં આવે એવી ચિત્તમાં ભાવના ભાવવી, જેથી મુક્તિ પ્રાપ્ત થવાના નિદાન એટલે કારણોને જીવ પામે. ।।૮।।

**માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક પાષાણ રે;**
**વંદક નિંદક સમ ગણે, ઇસ્યો હોયે તું જાણ રે. શાં૦૯**

**સંક્ષેપાર્થ :–** જેણે પોતાના આત્માનો સ્વભાવ જાણી લીધો છે અને સ્વસ્વરૂપમાં રમણતા કરે છે, તેમને કોઈ માન આપે કે અપમાન કરે તે પ્રત્યે તેઓ સમભાવવાળા હોય છે. અથવા કનક એટલે સોનુ અને પાષાણ એટલે પત્થર એ બેયને પૃથ્વીનો વિકાર, પુદ્‌ગલમય જાણી તે પ્રત્યે રાગદ્વેષ કરતા નથી.

તેમજ કોઈ વંદન કરે કે કોઈ નિંદા કરે તે બન્ને પ્રત્યે પણ સમાન દૃષ્ટિવાળા હોય છે. ઇસ્યો એટલે એવા સમભાવના સ્વરૂપને તું પણ જાણવાવાળો થા જેથી તને પણ એવા લોકોત્તર સમભાવની પ્રાપ્તિ થાય. ।।૯।।

**સર્વ જગજંતુને સમ ગણે, સમ ગણે તૃણ મણિ ભાવ રે;**
**મુક્તિ સંસાર બેહુ સમ ગણે, મુણે ભવજલનિધિ નાવ રે. શાં૦૧૦**

**સંક્ષેપાર્થ :–** લોકોત્તર સમભાવને પામેલા આવા યોગી પુરુષો સર્વ જગતના જીવોને સમાન ગણે છે, અર્થાત્ શત્રુ કે મિત્ર સર્વને સરખા ગણે છે. એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધી બધામાં આત્માપણું સરખું હોવાથી સર્વને સમાન માની કોઈને દુભવતા નથી. તૃણ એટલે ઘાસનું તણખલું હોય કે માણેક હોય તે બન્ને પ્રત્યે રજકણ કે વૈમાનિક દેવની સિદ્ધિ સમાન પુદ્‌ગલમય દ્રવ્યનું પરિણમન જાણી, તે પ્રત્યે ઇષ્ટ અનિષ્ટભાવ કરતા નથી.

એ મહાત્માઓને પોતાના અખંડ આત્મસ્વરૂપમાં રમણતા થવાથી મોક્ષની ઇચ્છા પણ નિવૃત્ત થઈ છે, માટે મોક્ષ કે સંસાર બેયમાં શુદ્ધ સમભાવયુક્ત વર્તે છે. એવા લોકોત્તર સમભાવને યોગી મહાત્માઓ ભવજળનિધિ કહેતા ભવસમુદ્ર તરવા માટે નાવ સમાન મુણે કહેતા જાણે છે. ।।૧૦।।



**આપણો આતમભાવ જે, એક ચેતન આધાર રે;**
**અવર સવિ સાથ સંયોગથી, એહ નિજ પરિકર સાર રે. શાં૦૧૧**

**સંક્ષેપાર્થ :–** આપણા આત્માનો જે ભાવ એટલે જ્ઞાનદર્શનમય સ્વભાવ છે, તે ચેતનાના આધારે રહેલો છે; જડના આધારે નહીં.

બાકી અવર સવિ એટલે બીજા સર્વે રાગદ્વેષાદિ ભાવો સંયોગિક ભાવો છે. અથવા શરીર, વૈભવ, કુટુંબાદિ પરિવાર પણ જીવની સાથે સંયોગ સંબંધે છે. તેનો વિયોગ નિશ્ચિત છે. સંયોગમાં જેટલો રાગ તેટલા પ્રમાણમાં વિયોગમાં જીવ દુઃખ અનુભવે છે.

જ્યારે જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, સુખ આદિ ગુણોનો આત્મા સાથે તાદાત્મ્ય સંબંધ છે. એહ નિજ કહેતા એ જ પોતાના આત્માનો પરિકર કહેતા પરિવાર છે અને એ જ સારરૂપ છે. કેમકે સુખાદિ ગુણોનો કોઈ કાળે આત્માથી વિયોગ થવાનો નથી. માટે આત્માના અનંત સુખમય સ્વભાવને જ પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવો યોગ્ય છે. ।।૧૧।।

**પ્રભુમુખથી એમ સાંભળી, કહે આતમરામ રે;**
**તાહરે દરિશને નિસ્તર્યો, મુજ સિદ્ધાં સવિ કામ રે. શાં૦૧૨**

**સંક્ષેપાર્થ :–** ભગવાનની વાણી આગમરૂપે આજે વિદ્યમાન છે. તેને શ્રી આનંદઘનજી મહારાજ ભાવથી સાક્ષાત્ ભગવાન સ્વરૂપે માનીને કહે છે કે પ્રભુના મુખથી આત્મશાંતિ પામવાનું અનુપમ સ્વરૂપ સાંભળીને મારો આત્મા, આત્મામાં રમણતા કરતો થઈ ગયો; તે આતમરામ કહે છે કે—

હે નાથ ! તારા દરિશને કહેતા તારા વીતરાગદર્શનથી હું નિસ્તર્યો અર્થાત્ સંસારસમુદ્રથી બહાર નીકળ્યો. જેથી મારા સર્વ કામો સિધ્યાં એટલે સિદ્ધ થયા. આપના વીતરાગ દર્શનથી મને આજે આત્મદર્શન થયું. જે સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ અનંતકાળમાં ન થઈ તે આ ભવે આપની કૃપાથી વીતરાગ દર્શનવડે થઈ. જેથી હું કૃતકૃત્ય થઈ ગયો. હવે મારે કાંઈ મેળવવાનું બાકી રહ્યું નથી. ।।૧૨।।

**અહો ! અહો ! હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે;**
**અમિત ફલ દાન દાતારની, જેહની ભેટ થઈ તુજ રે. શાં૦૧૩**

**સંક્ષેપાર્થ :–** આ ગાથામાં શ્રી આનંદઘનજી મહારાજ પરમાત્મસ્વરૂપનું દર્શન થતાં અપૂર્વ ઉલ્લાસમાં આવીને આશ્ચર્યકારક વચન કહે છે કે અહો ! અહો ! હું મારા આત્માને કહું છું કે મને નમો ! મને નમો અર્થાત્ મને નમસ્કાર

કરો, મને નમસ્કાર કરો. કેમકે તારો આત્મા કૃતાર્થ થવાથી ધન્ય બની ગયો, નમવા યોગ્ય થયો.

કારણ કે અમિત એટલે અમાપ, અનંત સુખના ફળનું દાન આપનાર એવા દાતાર શ્રી શાંતિનાથ ભગવાનના સ્વરૂપ સાથે તારી ભેટ થઈ. શુદ્ધ આત્મપણાનો અનુભવ થવાથી આત્મપ્રભુતા પ્રાપ્ત થઈ અને નિરાકુળ સુખ પ્રગટ્યું. અતિ દુર્લભ કાર્યની આજે સિદ્ધિ પ્રાપ્ત થઈ. ।।૧૩।।

**શાંતિ સ્વરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ પરરૂપ રે;**
**આગમમાંહે વિસ્તર ઘણો, કહ્યો શાંતિ જિનભૂપ રે. શાં૦૧૪**

**સંક્ષેપાર્થ :–** શ્રી શાંતિનાથ ભગવાનનું શુદ્ધ સ્વરૂપ સંક્ષેપથી પોતાના કે પરના આત્માને શાંતિ પમાડવા અર્થે અત્રે વર્ણવ્યું છે.

આ આત્મસ્વરૂપ સંબંધી આગમમાં શ્રી શાંતિનાથ જિનરાજે કે અન્ય તીર્થંકરોએ ઘણો વિસ્તાર કરેલો છે. ત્યાંથી વિસ્તાર રુચિવાળા જીવોએ જાણી લેવો. ।।૧૪।।

**શાંતિ સ્વરૂપ એમ ભાવશે, ધરી શુદ્ધ પ્રણિધાન રે;**
**આનંદઘન પદ પામશે, તે લહેશે બહુ માન રે. શાં૦૧૫**

**સંક્ષેપાર્થ :–** શ્રી શાંતિનાથ ભગવાનના શુદ્ધ સ્વરૂપને, જે શુદ્ધ પ્રણિધાન એટલે ચિત્તની શુદ્ધિ કરીને એકાગ્રતાપૂર્વક ભાવશે અર્થાત્ તે ઉપર ચિંતન કરશે, તે ભવ્યાત્મા આનંદઘનસ્વરૂપ એવા પોતાના શુદ્ધ આત્મપદને પામશે અને જગતમાં પણ માન સન્માનને મેળવશે અર્થાત્ પૂજ્યપણાને પામશે. ।।૧૫।।

---

## (૧૬) શ્રી શાંતિનાથ સ્વામી

### શ્રી દેવચંદ્રજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(માલા કિહાં છે રે—એ દેશી)

**જગત દિવાકર જગત કૃપાનિધિ,**
**વાહલા મારા સમવસરણમાં બેઠા રે;**
**ચઉમુખ ચઉવિહ ધર્મ પ્રકાશે, તે મેં નયણે દીઠા રે;**
**ભવિક જન હરખો રે, નીરખી શાંતિ જિણંદ ભવિક૦**
**ઉપશમ રસનો કંદ, નહિ ઇણ સરિખો રે- (એ આંકણી) ૧**



**સંક્ષેપાર્થ :–** શ્રી શાંતિનાથ ભગવાન જગતમાં દિવાકર એટલે સૂર્યની જેમ જ્ઞાન પ્રકાશના કરનારા છે. તથા જગતના જીવો ઉપર પરમ કરુણા કરનાર હોવાથી કૃપાના નિધિ એટલે ભંડાર છે. તેથી તે મને ઘણા વાહલા છે. એવા પ્રભુ દેવરચિત સમવસરણમાં બેસી ચઉમુખ એટલે ચારે દિશાઓમાં ચારમુખ વડે કરી, ચઉવિહ એટલે ચાર પ્રકારના દાન, શીલ, તપ, ભાવરૂપ ધર્મનો પ્રકાશ કરતાં, આગમરૂપી નેત્રે કરીને મેં તેમના દર્શન કર્યા છે. માટે હે ભવ્યાત્માઓ તમે પણ એવા શાંતિનાથ પ્રભુને કે જે જિણંદ કહેતા જિનોમાં ઇંદ્ર સમાન છે, તેમને નિરખીને હર્ષ પામો. એ પ્રભુ તો કષાયશમનરૂપ ઉપશમરસના કંદ એટલે મૂળ છે. એના જેવા જગતમાં પ્રશમ શાંતરસથી ભરપૂર બીજા કોઈ નથી. ।।૧।।

**પ્રાતિહારજ અતિશય શોભા વા૦ તે તો કહિય ન જાવે રે;**
**ઘૂક બાલકથી રવિકરભરનું, વર્ણન કેણિપરે થાવે રે. ભ૦૨**

**સંક્ષેપાર્થ :–** પ્રભુના દેવકૃત અષ્ટ પ્રાતિહાર્ય તથા ચોત્રીશ અતિશયની શોભા તે મારા જેવા પામર જીવથી કહી શકાય એમ નથી. જેમ ઘૂક એટલે ઘુવડના બચ્ચાથી રવિકર એટલે સૂર્યના કિરણોના ભર કહેતા સમૂહનું વર્ણન કેવી રીતે થઈ શકે ? ન જ થઈ શકે. તેમ મારા જેવાથી પ્રભુના આવા અદ્ભુત ઐશ્વર્યનું વર્ણન થઈ શકે નહીં. ।।૨।।

**વાણીગુણ પાંત્રીશ અનોપમ વા૦ અવિસંવાદ સરૂપે રે;**
**ભવદુઃખવારણ શિવસુખકારણ, શુદ્ધો ધર્મ પ્રરૂપે રે. ભ૦૩**

**સંક્ષેપાર્થ :–** પ્રભુની અનુપમવાણી પાંત્રીસ ગુણોથી યુક્ત છે. તથા અવિસંવાદ કહેતાં જેમાં કોઈ વિસંવાદ અર્થાત્ વિરોધને સ્થાન નથી. તે તો પૂર્વાપર અવિરોધ વાણી છે. વળી તે વાણી કેવી છે ? તો કે ભવ્ય જીવોના ભવ કહેતા સંસારના દુઃખોનું વારણ એટલે નિવારણ કરનાર છે. તથા શિવસુખ એટલે મોક્ષસુખના પ્રબળ કારણરૂપ છે. તેમજ આત્માના યથાર્થ શુદ્ધધર્મ એટલે સ્વભાવની જ પ્રરૂપણા કરનાર છે. માટે હે ભવ્યો ! પ્રભુની આવી વાણી સાંભળીને અંતરમાં હર્ષ પામો. ।।૩।।

**દક્ષિણ પશ્ચિમ ઉત્તર દિશિ મુખ વા૦ ઠવણા જિન ઉપગારી રે;**
**તસુ આલંબન લહિય અનેક, તિહાં થયા સમકિતધારી રે. ભ૦૪**

**સંક્ષેપાર્થ :–** સમવસરણમાં પ્રભુ પૂર્વ દિશા તરફ મુખ કરી બિરાજમાન થાય છે. છતાં દેવો દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર દિશામાં પણ પ્રભુની મૂર્તિની સ્થાપના

દેવશક્તિથી કરે છે. તે પણ જિન સમાન જ જીવોને ઉપકારક નીવડે છે. તે વીતરાગ મુદ્રાનું અવલંબન લઈને સમવસરણમાં અનેક ભવ્ય જીવો સમકિતને ધારણ કરનાર બને છે. આમ સ્થાપના નિક્ષેપ પણ જીવોને પરમ આલંબનરૂપ સિદ્ધ થાય છે. ।।૪।।

**ષટ નય કારજરૂપે ઠવણા વા૦ સગ નય કારણ ઠાણી રે;**
**નિમિત્ત સમાન થાપના જિનજી, એ આગમની વાણી રે. ભ૦૫**

**સંક્ષેપાર્થ :–** ભગવાનની પ્રતિમાની સ્થાપનામાં અરિહંત સ્વરૂપ નૈગમાદિનયની અપેક્ષાએ ષટ્ એટલે છ રૂપે છે. કેમકે સાક્ષાત્ ઉપદેશ આપવા રૂપ ધર્મ ભગવાનની પ્રતિમામાં નથી. માટે એવંભૂતનયનો ધર્મ એટલે સાક્ષાત્ અરિહંતપણું તેમાં ન હોવાથી તેને છ નયના કાર્યરૂપે ઠવણા એટલે સ્થાપના કહી. પણ નિમિત્ત કારણરૂપે જિન પ્રતિમા સર્વ સાધક જીવોને સગ એટલે સાતે નયોથી ઠાણી એટલે સ્થાનરૂપ છે. કેમકે તે મૂર્તિને નિમિત્તરૂપ પ્રવર્તાવવાનો ધર્મ તો કર્ત્તા એવા સાધકને વશ છે. તે મૂર્તિ નિમિત્તે શુક્લધ્યાનને પણ પામી શકે છે. તેથી એવંભૂતનય પણ નિમિત્ત કારણે ફળીભૂત થયો. એમ પ્રભુની મૂર્તિની સ્થાપના કે જિનજી કહેતાં સાક્ષાત્ અરિહંત પરમાત્મા હોય તે બન્ને સાધકને સમાન કલ્યાણકારક નિમિત્ત છે. એમ આગમની વાણી કહેતા સિદ્ધાંતમાં જણાવેલ છે. ।।૫।।

**સાધક તીન નિક્ષેપા મુખ્ય વા૦ જે વિણ ભાવ ન લહિયે રે;**
**ઉપકારી દુગ ભાખ્યે ભાખ્યા, ભાવ વંદકનો ગ્રહીએ રે. ભ૦૬**

**સંક્ષેપાર્થ :–** સાધક જીવ માટે પ્રભુનું નામ, સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપા મુખ્ય છે. કારણ કે તે વિના ભાવ નિક્ષેપની ઉત્પત્તિ નથી. અને તેમાં પણ ઉપકારી એવા દુગ એટલે બે નિક્ષેપા—નામ નિક્ષેપ અને સ્થાપના નિક્ષેપને 'વિશેષ આવશ્યક ભાષ્યમાં' ભાખ્યાં છે એટલે કહ્યાં છે. કેમકે દ્રવ્ય નિક્ષેપ તે તો શરીરરૂપે છે. માટે ગ્રહણ કરી શકાય નહીં. તથા ભાવ નિક્ષેપ તે અરૂપી છે. અને તે નામ, સ્થાપના નિક્ષેપ વિના ભાવ નિક્ષેપ ગ્રહણ થાય નહીં. માટે પ્રથમ નામ અને સ્થાપના નિક્ષેપ વિશેષ ઉપકારી થાય છે. તેથી વંદક એવા સાધકને જે ભાવ ઊપજે છે તે ભાવ નિક્ષેપ ગ્રહણ કરવો જોઈએ. ।।૬।।

**ઠવણા સમવસરણે જિનસેંતી વા૦ જો અભેદતા વાધી રે;**
**એ આતમના સ્વસ્વભાવગુણ, વ્યક્ત યોગ્યતા સાધી રે. ભ૦૭**

**સંક્ષેપાર્થ :–** જિનસેંતી એટલે જિનેશ્વર ભગવાનની સમવસરણમાં



ઠવણા કહેતા સ્થાપના જોઈને પ્રભુ પ્રત્યે મારી અભેદતા કરવાની એટલે પ્રભુના શુદ્ધ સ્વરૂપ સાથે ભળવાની ભાવના વધી અર્થાત્ અનાદિનો વિષયરંગ મટીને આત્મ તત્ત્વનો રંગ વધ્યો, તેથી એમ જણાયું કે મારા આત્માના સ્વસ્વભાવના ગુણો પણ કાળે કરીને જરૂર વ્યક્ત થશે. એવી યોગ્યતા પોતામાં સાધી કહેતાં જણાઈ, અર્થાત્ મારો આત્મા પણ ભવ્ય જણાય છે, એમ અનુમાન જ્ઞાનવડે જાણતાં હર્ષની ઉત્પત્તિ થઈ. ।।૭।।

**ભલું થયું મેં પ્રભુગુણ ગાયા વા૦ રસનાનો ફલ લીધો રે;**
**દેવચંદ્ર કહે મહારા મનનો, સકલ મનોરથ સીધો રે. ભ૦૮**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! ભલું થયું કે આજે મેં આપના ગુણોનું કીર્તન કર્યું. તેથી હું આ રસના એટલે જીભ મળ્યાનું ફળ પામ્યો, અર્થાત્ જીભ પણ આજે આપના ગુણગાન કરીને કૃતાર્થ થઈ. શ્રી દેવચંદ્રજી મહારાજ કહે છે કે આજે મારા મનના સકલ કહેતા સર્વ મનોરથો સિદ્ધ થયા. ।।૮।।

---

# (૧૬) શ્રી શાંતિનાથ સ્વામી

## શ્રી યશોવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

**ધન્ય દિન વેલા, ધન્ય ઘડી તેહ, અચિરારો નંદન જિન જદિ ભેટશુંજી;**
**લહિશું રે સુખ દેખી મુખચંદ, વિરહ વ્યથાનાં દુઃખ સવિ મેટશુંજી. ૧**

**અર્થ :–** તે દિવસ અમારો ધન્ય ગણાશે અથવા તે ઘડી અમારી સફળ જણાશે કે જ્યારે અચિરા માતાના પુત્ર શ્રી શાંતિનાથ પ્રભુની સાથે અમારી ભેટ થશે. તે વખતે તેમના ચંદ્ર જેવા મુખને જોઈ અમે સુખ પામીશું. અને તેમના વિયોગથી થયેલા વેદનાના દુઃખને ભૂલી જઈશું.

**ભાવાર્થ :–** સર્વ જગતના જીવોને શાંતિ પમાડનાર સોળમા શ્રી શાંતિનાથ પ્રભુની સ્તુતિ કરતાં કર્ત્તા પુરુષ કહે છે કે જે વખતે અમે શ્રી અચિરા માતાના પુત્ર શ્રી શાંતિનાથ ભગવાનના કહેલા તત્ત્વની સમીપતાને પામીશું તે દિવસ અને તે ઘડી અમારી લેખે ગણાશે. તે સિવાય આજ સુધીનો અમારો જેટલો કાળ મિથ્યાત્વભાવમાં ગયો તે બધો નિષ્ફળ ગયો. પરમ સ્થાને પહોંચવા માટે જે મુખ્ય આવશ્યક ગુણો છે તેને પ્રાપ્ત કરવાનું જ્યાં સુધી ન બને ત્યાં સુધીનું જીવન ખરેખર નકામું જ ગણાય. પ્રમાદને વશ થઈ જીવો મનુષ્ય જન્મ પામીને

પણ પોતાનું કર્ત્તવ્ય ન સમજે, તો દશ દૃષ્ટાંતે દુર્લભ એવો મનુષ્યભવ હારી જાય અને તેની પ્રાપ્તિ પુનઃ પણ દુર્લભ કરી મૂકે. માટે મનુષ્યભવ પામીને જડચેતનનો વિવેક કરી તેને સાર્થક કરી લેવો જોઈએ.

કર્ત્તા ફરીને કહે છે કે અમે જ્યારે તે પ્રભુના મુખરૂપી ચંદ્રમાને, જગતને ભૂલી એકીટકે નિહાળતા તેમના દર્શનમાં લીન થઈશું, ત્યારે આજ સુધી એવું દર્શનનું સુખ અમને પ્રાપ્ત ન થયું તેને માટે ખેદ વ્યક્ત કરીશું. અને તે દર્શનના અભાવથી આજસુધી થયેલા દુઃખમાત્રને ભૂલી જઈ પરમ સંતોષને પામીશું. અને તે વડે નવા નવા આત્મિક ગુણો મેળવતાં આગળ વધતાં રહીશું. ॥૧॥

**જાણ્યો રે જેણે તુજ ગુણ લેશ, બીજા રે રસ તેહને મન નવિ ગમેજી;**
**ચાખ્યો રે જેણે અમી લવલેશ, બાકસબુકસ તસ ન રુચે કિમેજી. ૨**

**અર્થ :–** જેણે તમારામાં રહેલા ગુણોનો લેશમાત્ર પણ આસ્વાદ ચાખ્યો તેને બીજા રસ ગમે નહીં, કારણ કે જેણે અમી એટલે અમૃતનો લવલેશ એટલે અંશ પણ ચાખ્યો હોય તેને બીજા બાકસબુકસ જેવા અન્ય રસો પસંદ પડતા નથી.

**ભાવાર્થ :–** હે પ્રભુ! તમારા સ્વરૂપનું જેને લેશમાત્ર જાણપણું થાય ત્યારે તે જ્ઞાતાને જે આનંદ મળે છે તે અવર્ણનીય અને અપૂર્વ હોવાથી તેને બીજા જગતના પૌદ્‌ગલિક પદાર્થો જરાપણ ગમતા નથી. પૂર્વ પુણ્યના પ્રભાવથી જે ઇન્દ્રિય સુખો તેને પ્રાપ્ત થયા હોય તે પણ તેના મનને અપ્રીતિકર લાગે છે. તેવા પદાર્થોમાં તે મોહમૂઢ થઈ લિપ્ત થતો નથી. તે સંસાર વ્યવહાર ચલાવે છે પણ તેમાં તેને નીરસતાં ભાસે છે. અહીં દૃષ્ટાંતથી જણાવે છે કે અમૃતનું એક બિંદુ પણ જેણે ચાખ્યું હોય તેને બીજા લૌકિક સારા ગણાતા રસો પણ નિર્માલ્ય જ લાગશે. તો પછી નીરસ પદાર્થના બુકડા ભરવા તેને કેમ ગમે? તે જ પ્રમાણે અત્ર પણ સમજવા યોગ્ય છે. સમ્યક્‌ત્વ રસનો સ્વાદ જ અલૌકિક છે. તે પ્રભુના અનંત ગુણોનો જ અંશ છે. તે રસ પ્રાપ્ત કરનારને અન્ય લૌકિક-પૌદ્‌ગલિક પદાર્થોમાં આનંદ ક્યાંથી આવે? ન જ આવે! કર્ત્તા હજી એ જ સંબંધમાં વિશેષ કહે છે. ॥૨॥

**તુજ સમકિતરસસ્વાદનો જાણ, પાપ કુભક્તે બહુ દિન સેવિયુંજી;**
**સેવે જો કર્મને યોગે તોહિ, વાંછે તે સમકિત અમૃત ધુરિ લિખ્યુંજી. ૩**

**અર્થ :–** તમારા સમ્યક્‌ત્વ રસના સ્વાદને હવે જાણનારા એવા મેં પૂર્વભવોમાં પાપરૂપી મિથ્યાત્વનું ઘણા દિવસ સુધી સેવન કર્યું. અને ફરી કદાચ



કર્મ યોગે સેવવાનો વખત આવે તો પણ આત્માના પ્રથમ ગુણ તરીકે ગણાયેલા એવા સમકિતગુણરૂપી અમૃતની પ્રાપ્તિની ફરી ઇચ્છા તો અવશ્ય કરીશ.

**ભાવાર્થ :–** હે પ્રભુ! અનાદિકાળથી ભવભ્રમણ કરતાં હવે તમારા સમ્યક્‌ત્વ રસની મધુરતાનો હું ખરેખર જાણીતો થયો. આજ સુધી મને એ રસની પ્રાપ્તિ થયેલી ન હોવાથી મેં કુદેવ, કુગુરુ વગેરેની ભક્તિવડે ઘણા દિવસ પર્યંત પાપને સેવ્યું. અર્થાત્ બહુ કાળ સુધી મિથ્યાત્વભાવમાં રમણ કર્યું! હવે તે સ્થિતિ કોઈ મહાભાગ્ય યોગે દૂર થઈ અને સમ્યક્‌ત્વગુણની પ્રાપ્તિ થઈ એટલે હવે હું કદી પણ એ મિથ્યાભાવમાં રમણતા ન કરું. આજ સુધી અજાણ હતો તેથી જે થયું તે થયું. પણ હવે તે મિથ્યાત્વરૂપી માઠા ભોજનને હાથ પણ ન લગાડું. પરંતુ કદાચ દુષ્ટ કર્મથી પરાજિત થઈ સમ્યક્‌ત્વથી પતિત થઈ જાઉં અને તે મિથ્યાત્વરૂપ કુભોજનને ફરી સેવું તો પણ હું તે સમ્યક્‌ત્વરૂપી અમૃતને સર્વથા ભૂલી ન જતાં અમુક કાળે અવશ્ય તેની પ્રાપ્તિની ફરી ઇચ્છા કરીશ. કારણ કે તે સમ્યક્‌ત્વગુણ આત્માના અનંત ગુણોમાં સૌથી પહેલો નંબર ધરાવે છે. અને એની પ્રાપ્તિ થયા પછી જ આત્મા આગળ વધી શકે છે. આત્મગુણનો મહેલ ચણવો હોય તો પ્રથમ સમ્યક્‌ત્વરૂપી પાયાને મજબૂત કરવો જોઈએ; કારણ કે પાયો કાચો હોય અથવા પાયો જ ન હોય અને તેના ઉપર ચણેલ ઈમારત પડી જાય છે. આવા ઉત્તમ ગુણને એકવાર સમકિત પામેલ જીવ વધારેમાં વધારે અર્ધ પુદ્‌ગલપરાવર્તનની અંદર તો ફરી સંભારે જ અને મિથ્યાત્વભાવને અવશ્ય તિલાંજલિ આપી મુક્તિને મેળવે જ એવો સિદ્ધાંત છે. ॥૩॥

**તાહરું ધ્યાન તે સમકિતરૂપ, તેહી જ જ્ઞાન ને ચારિત્ર તે જ છેજી;**
**તેહથી રે જાયે સઘલાં પાપ, ધ્યાતા રે ધ્યેયસ્વરૂપ હોયે પછેજી. ૪**

**અર્થ :–** તમારું ધ્યાન તે જ સમકિતસ્વરૂપ છે, તે જ જ્ઞાન છે અને ચારિત્ર પણ તે જ છે. તેથી સઘળાં પાપ દૂર થાય છે. અને પરિણામે ધ્યાન કરનાર પણ ધ્યેયસ્વરૂપને પામે છે, અર્થાત્ જેનું ધ્યાન કરે તેવો જ તે પોતે બની જાય છે.

**ભાવાર્થ :–** હે પ્રભુ! મિથ્યાત્વભાવ દૂર થયા પછી જીવને ચતુર્થ ગુણ-સ્થાનકની પ્રાપ્તિ થાય છે ત્યારે તમારા સ્વરૂપનું તે ધ્યાન કરે છે. તે ધ્યાન જ સમકિતરૂપ છે અર્થાત્ તે ગુણસ્થાનકે તે ધ્યાન અને સમ્યક્‌ત્વમાં કાંઈ ફેર નથી, બન્ને એક જ છે. તે ધ્યાનવડે પ્રભુ સ્વરૂપના જ્ઞાનમાં તે જીવ જેમ જેમ ઊંડો

ઊતરતો જાય છે તેમ તેમ તેના બળથી તેનાં જ્ઞાનાવરણીયકર્મ તૂટતાં જાય છે અને ક્ષયોપશમ વધતો જાય છે, એટલે પ્રભુના સ્વરૂપનું તેને વિશેષ વિશેષ ભાસન થતું જાય છે. આ સ્થિતિમાં જે ધ્યાન છે તે જ જ્ઞાન છે. અથવા બીજી રીતે વિચારીએ તો નવપૂર્વનું જ્ઞાન હોય પણ જો તે સમ્યક્ત્વપૂર્વક ન હોય તો તે જ્ઞાન પણ અજ્ઞાન જ કહેવાય છે. અને માત્ર અષ્ટ પ્રવચનમાતાના જ્ઞાન જેટલું જ જ્ઞાન સમ્યક્ત્વપૂર્વક હોય તો તે પણ જ્ઞાન કહેવાય છે. તાત્પર્ય એ છે કે જ્ઞાન ઉપર સમ્યક્ત્વની છાપ હોય તો જ તે સમ્યક્જ્ઞાન ગણાય છે; તે વિનાનું બધું અજ્ઞાન કહેવાય છે. હવે સમ્યક્જ્ઞાનપૂર્વક આગળ વધતાં જીવ છઠ્ઠે સાતમે ગુણસ્થાનકે પહોંચે છે ત્યાં પણ તેજ ધ્યાન ક્રમે ક્રમે વધતું જાય છે. ત્યારે તે સ્થાને જે શુદ્ધ આચરણરૂપ ચારિત્ર હોય છે તેમાં અને ધ્યાનમાં કાંઈ ફેર હોતો નથી. ત્યાં ધ્યાન છે તે જ ચારિત્ર છે. ત્યારબાદ તે જીવ આઠમા ગુણસ્થાનથી ક્ષપકશ્રેણીનો આરંભ કરે છે ત્યાં પણ તે ધ્યાન વિશુદ્ધ રીતે આગળ વધતું જાય છે, અને તે ક્રમે કરી અંતર્મુહૂર્તમાં ઘાતી કર્મોનો ક્ષય કરી દે છે. ત્યારબાદ ધ્યાતા અને ધ્યેય એક સ્વરૂપવાળા બની જાય છે. ચોથે ગુણસ્થાનકે શરૂ થયેલું ધ્યાન ઉત્તરોત્તર આમ આગળ વધી કેવળજ્ઞાનમય ધ્યેય સ્વરૂપને પામે છે. ।।૪।।

**દેખી રે અદ્‌ભુત તાહરું રૂપ, અચરિજ ભવિક અરૂપી પદ વરેજી !**
**તાહરી ગતિ તું જાણે હો દેવ, સ્મરણ ભજન તે વાચક યશ કરેજી. ૫**

**અર્થ :–** તમારું અદ્‌ભુત સ્વરૂપ નિહાળીને ભવ્ય એવો જીવ અરૂપી એવા સિદ્ધિપદને પામે છે તે આશ્ચર્યજનક છે. હે દેવ ! આ બાબતમાં તમારી કળા તમેજ જાણો છો. હું ઉપાધ્યાય એવો યશોવિજયજી તો માત્ર આપનું સ્મરણ ભજન કર્યા કરું છું.

**ભાવાર્થ :–** હે પ્રભુ ! આપના અદ્‌ભુત સ્વરૂપને સમ્યક્દૃષ્ટિએ નિહાળતાં ભવ્ય એવો જીવ ક્રમે કરી અરૂપી એવા સિદ્ધપદને મેળવે છે એ બહુ આશ્ચર્યકારક હકીકત છે. અરૂપીનું ધ્યાન ધરનાર અરૂપી થાય એ તો બરાબર છે પણ અહીં તો રૂપીનું ધ્યાન ધરનાર અરૂપી થાય છે એ આશ્ચર્યકારી છે. આમાં જે કંઈ કૌશલ્ય છે તે બધું તમારું જ છે, તમે જ તેને જાણો છો. વાચક યશ તો માત્ર તમારાં શુદ્ધ સ્વરૂપનું સ્મરણ કરી તમારા ગુણગ્રામ કર્યા કરે છે. એને પૂર્ણ વિશ્વાસ છે કે તમારા સ્મરણ અને ભજનના પ્રતાપથી તે એક દિવસ જરૂર અરૂપી એવા સિદ્ધપદને પામશે, એમાં કોઈ સંદેહ નથી. ।।૫।।

---



# (૧૬) શ્રી શાંતિનાથ સ્વામી

## શ્રી મોહનવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

**સોળમા શ્રી જિનરાજ ઓળગ સુણો અમ તણી લલના,**
**ભગતથી એવડી કેમ કરો છો ભોળામણી લલના;**
**ચરણે વિલગ્યો જેહ આવીને થઈ ખરો લ૦**
**નિપટ તેહથી કોણ રાખે રસ આંતરો લ૦ ૧**

**અર્થ :–** સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ ભગવાન આપ મારી ઓળગ એટલે વિનંતિને સાંભળો. હે પ્રભુ ! ભક્તથી એવડી એટલે આ પ્રમાણે ભોળામણી કેમ કરો છો. હું જે સાચો થઈ આપના ચરણે આવીને વળગ્યો, તેની સાથે નીપટ એટલે તદ્દન આત્મઅનુભવરસનો આંતરો કોણ રાખે; કોઈ ન રાખે.

**ભાવાર્થ :–** હે પ્રભુ ! અમે વારંવાર આપને વિનંતિ કરીએ છીએ, છતાં કાંઈપણ વસ્તુ આપો નહીં અને ભક્તજનને સમજાવી ભોળવવાનું કામ કરો એ આપને કેમ શોભે. હવે તો ભક્તને જે ઇચ્છિત વસ્તુ હોય તે આપી દેવી જોઈએ; આવા લાંબા લાંબા દિલાસા આપવા ન જોઈએ. વળી હું તો ખરાભાવથી આપનો સેવક બની આપના ચરણકમળમાં આવીને વસ્યો છું. તો આવા સાચા ભક્ત તરફ આત્મરસનો આંતરો એટલે ભેદભાવ કોણ રાખે ! અર્થાત્ કોઈ જ ન રાખે. જો આવો ભેદભાવ રાખશો તો અમારું ભક્તનું કાર્ય કેવી રીતે સિદ્ધ થશે. ।।૧।।

**મેં તુજ કારણ સ્વામી ઉવેખ્યા સુર ઘણા લ૦**
**માહરી દિશાથી મેં તો ન રાખી કાંઈ મણા લ૦**
**તો તુમે મુજથી કેમ અપૂઠા થઈ રહો લ૦**
**ચૂક હોવે જો કોઈ સુખે મુખથી કહો લ૦ ૨**

**અર્થ :–** હે પ્રભુ ! મેં તમારા કારણથી ઘણા અન્ય દર્શનના હરિહરાદિક દેવોની ઉપેક્ષા કરી. તથા મેં મારી દિશાથી આપની સેવા ઉઠાવવામાં કાંઈ મણા રાખી નથી. છતાં આપ મારાથી અપૂઠા એટલે પરાઙ્મુખ થઈને કેમ રહો છો. જો મારી કંઈ ભૂલ થતી હોય તો આપ સુખેથી કહો કે જેથી તે સુધારી શકાય.

**ભાવાર્થ :–** હે પ્રભુ ! તમારી પાસેથી મુક્તિ મેળવવા માટે અન્ય દર્શનના દેવોની મેં ઉપેક્ષા કરી. કેમકે જે મોક્ષમાર્ગ પ્રાપ્ત કરેલ હોય તે જ મોક્ષમાર્ગ બતાવી શકે. આવી યોગ્યતા મેં તમારામાં જ જોઈ છે. તેથી તમારી

પાસેથી કાર્ય સાધવાને માટે કોઈ જાતની મેં કચાશ રાખી નથી. છતાં આપ મારાથી અનુકૂળ ન રહેતાં પ્રતિકૂળ કેમ રહો છો. જો અમારી ભૂલ હોય, તો આપ સ્વયં મુખેથી સુખપૂર્વક કહો કે જેથી તેનું અમારાથી નિવારણ કરી શકાય. ॥૨॥

**તુજથી અવર ન કોય અધિક જગતિ તળે લ૦**
**જેહથી ચિત્તની વૃત્તિ એકાંગી જઈ મળે લ૦**
**દીજે દરિશન વાર ઘણી ન લગાવીએ લ૦**
**વાતલડી અતિ મીઠી તે કિમ વિરમાવીએ? લ૦ ૩**

**અર્થ :–** તમારાથી અધિક આ પૃથ્વીતલ ઉપર કોઈ નથી, કે જેથી અમારી ચિત્તની વૃત્તિ એકરૂપવાળી થઈને તેમની સાથે મળી જાય. વળી આપ સમ્યક્દર્શન-સમકિત દેવામાં ઘણી વાર લગાવો નહિ. કારણ કે સમ્યક્દર્શનની વાત તો ઘણી મીઠી છે, તો તેને અમે કેમ વિરમાવીએ અર્થાત્ તેનું વિસ્મરણ અમે કેમ કરીએ.

**ભાવાર્થ :–** હે પ્રભુ! આપનાથી અધિક ત્રણ જગતમાં કોઈ નથી. તેનું કારણ એ છે કે જેટલા દુનિયામાં દોષો હતા તેને આપે સર્વથા દૂર કરી દીધા. અને જેટલા દુનિયામાં ગુણો હતા તે બધા આપે ગ્રહણ કરી લીધા. આપના સ્વરૂપથી અન્ય હરિહરાદિક દેવો વિપરીતપણાને ભજે છે તેથી દોષયુક્ત છે અને ગુણ રહિત છે. તો પછી તેઓની સાથે મારી ચિત્તની વૃત્તિ એકરૂપવાળી થઈ કેમ મળી જાય અર્થાત્ મળે જ નહિં. હે પ્રભુ! આપ સમ્યક્દર્શન આપવામાં ઘણી વાર લગાડશો નહીં. કદાચ ઘણીવાર લગાડશો તો પણ હું સમકિત લીધા વિના પાછો ફરું તેમ નથી. એ વાત મારે મન નિશ્ચળ છે. આવી ઘણા રસની ભરેલી આત્મ- અનુભવરૂપ સમકિતની મીઠી વાતોને અમે કેમ વિસારી મૂકીએ, ન જ મૂકીએ માટે આ વાત ઉપર ધ્યાન આપી મારી અરજી સ્વીકારી જલ્દી આત્મદર્શન આપવા કૃપા કરો. ॥૩॥

**તું જો જળ તો હું કમળ, કમળ તો હું વાસના લ૦**
**વાસના તો હું ભ્રમર ન મૂકું આસના લ૦**
**તું છોડે પણ હું કેમ છોડું? તુજ ભણી લ૦**
**લોકોત્તર કોઈ પ્રીત આવી તુજથી બની લ૦ ૪**

**અર્થ :–** હે પ્રભુ! આપ જો જળ બનો તો હું કમળ બનું અને આપ કમળરૂપે બનો તો હું તેની વાસનારૂપે બનીશ. હે પ્રભુ! વળી આપ જો વાસનારૂપે



બનો તો હું ભમરારૂપે બનીને પણ આપની આશા મૂકીશ નહીં. કદાચ આપ મને છોડી દો તો પણ હું આપને કેમ છોડું? કારણ કે લોકોત્તર એવી પ્રીતિ આપની સાથે બની ગઈ છે.

**ભાવાર્થ :–** જળમાં કમળ ઉત્પન્ન થાય છે. વળી તે કમળમાં સુગંધી હોય છે. અને જ્યાં સુગંધી હોય ત્યાં ભમરાઓ આવીને વીંટાઈ વળે છે. તેમ ભગવાનને જો જળની ઉપમા આપીએ તો અમારા માટે કમળની ઉપમા લાગુ પડે. કદાચ આપને કમળની ઉપમા અપાય તો અમે વાસનાના ઉપમેય ભાવમાં આવીએ, વળી આપમાં જો વાસનારૂપનો ઉપનય ઘટાવીએ તો અમને ભમરાની ઉપમા છાજી શકે. આનો પરમાર્થ એવો છે કે જળ જેમ કમળને ન છોડે, કમળ સુગંધીને ન છોડે અને સુગંધીને જેમ ભમરો ન છોડે તેમ અમે આપને કોઈ રીતે છોડી શકીએ એમ નથી. કેમકે આપને છોડી દેવામાં અમને મોટું નુકસાન ખમવું પડે. અને આપને નહિં છોડી દેવામાં અમે મહાલાભ મેળવી શકીએ એમ છે. કદાચ તમે છોડી દો તો પણ અમે આપને છોડનાર નથી. કારણ કે લૌકિક એવી ચંચળ અને બનાવટી પ્રીત હોય તો એકબીજાને છોડી દેવાનું બને; પણ અમારી પ્રીતિ તો લોકોત્તર અને સાચા ભાવથી બનેલી હોવાથી તેનો છૂટકારો કોઈ રીતે થઈ શકે તેમ નથી. માટે મારી વિનંતિને સ્વીકારી હવે મને જલ્દી સમ્યગ્દર્શન આપો. ॥૪॥

**ધુરથી શાને સમકિત દઈને ભોળવ્યો લ૦**
**હવે કેમ જાઉં ખોટે દિલાસે ઓળવ્યો? લ૦**
**જાણી ખાસો દાસ વિમાસો છો કિશું? લ૦**
**અમે પણ ખીજમતમાંહી કે ખોટા કિમ થશું? લ૦ ૫**

**અર્થ :–** હે પ્રભુ! પ્રથમ સમકિત આપીને મને શા માટે ભોળવ્યો. હવે ખોટા દિલાસાથી વાતને ઓળવશો તો પણ હું આપને છોડીને કેમ જાઉં. મને આપનો ખાસ અંગત દાસ એટલે સેવક જાણી સમ્યક્દર્શન આપવામાં આટલા વિમાસણ એટલે ઊંડા વિચારમાં કેમ પડો છો. અને અમે પણ આપની ખિજમત કહેતાં સેવા કરવામાં ખોટા કેવી રીતે થઈશું; કદી નહીં થઈએ.

**ભાવાર્થ :–** હે પ્રભુ! પ્રથમ મને સમકિતનો રસ ચખાડી શા માટે ભોળવ્યો. જો સમકિતનો રસ જ ન ચખાડ્યો હોત તો મારે આમ કહેવાનો વખત અને આપને સાંભળવાનો વખત પણ આવત નહીં. આવું શ્રદ્ધારૂપ સમકિત આપીને આપ અમને ભૂલી જાઓ પણ હું આપને કોઈ રીતે ભૂલું તેમ નથી. અને

પાછો હઠું એમ પણ નથી. કારણ કે સમકિત ગુણનું આકર્ષણ જ એવા અદ્‌ભુત પ્રકારનું છે. વળી હે પ્રભુ! આવો ભક્તિ ભરેલો દાસ જાણીને કોઈપણ વસ્તુ આપવામાં લાંબો વિચાર શું કરો છો. અમે પણ આપની ખિજમત એટલે સેવાચાકરી કરવામાં કોઈ રીતે ખોટા થઈશું નહીં. જો ખોટા થઈશું તો અમારું ધ્યેય કોઈ રીતે પાર પડે એમ નથી. ।।૫।।

**બીજી ખોટી વાતે અમે રાચું નહીં લ૦**
**મેં તુજ આગળ માહરી મનવાળી કહી લ૦**
**પૂરણ રાખો પ્રેમ વિમાસો શું તમે? લ૦**
**અવસર લહી એકાંત વિનવીએ છીએ અમે લ૦ ૬**

**અર્થ :–** હે પ્રભુ! લૌકિક એવી બીજી ખોટી વાતોમાં અમે રાચશું નહિં, મેં તો આપની આગળ મારા મનની વાત સ્પષ્ટ કહી છે. માટે મારા ઉપર પૂર્ણ પ્રેમ રાખો. એમાં આપ શું વિચારો છો. અમે પણ અવસર પામીને એકાંતમાં આપની સમક્ષ અમારા ભાવોને ઠાલવીએ છીએ.

**ભાવાર્થ :–** હે પ્રભુ! જેઓ લોકોત્તર વાતના રસિક હોય તે લૌકિક વાતોમાં કદાપિ રસવાળા બને નહીં. મેં તો મારા મનને સ્થિર કરીને મારા મનમાં જે વાતો છે તેવીને તેવી જ આપની પાસે પ્રગટ કરી છે. વળી આપ તો સર્વજ્ઞ છો. હું કદાચ વાત કરું કે ન કરું તો પણ આપ તો વાતનું સાચું સ્વરૂપ જાણો જ છો. તેથી આપને હું કહું છું કે મારા ઉપર પૂર્ણ પ્રેમ રાખો. આવા મારા સાચા પ્રેમમાં આપને વિચાર કરવાનો હોય જ નહીં. હું ઉચિત એકાન્ત અવસર પામીને નિશ્ચયપૂર્વક આપને વિનવું છું. માટે મારી વિનંતીને આપ જરૂર લક્ષમાં લ્યો. ।।૬।।

**અંતરજામી સ્વામી અચિરાનંદના લ૦**
**શાંતિકરણ શ્રી શાંતિજી માનજો વંદના લ૦**
**તુજ સ્તવનાથી તન મન આનંદ ઊપન્યો લ૦**
**કહે મોહન મન રંગ સુપંડિત રૂપનો લ૦ ૭**

**અર્થ :–** હે અંતરજામી, ત્રણ જગતના સ્વામી, અચિરામાતાના પુત્ર વળી શાન્તિના કરનારા એવા શાન્તિનાથ પ્રભુ! મારી વંદના સ્વીકારજો. તમારી સ્તવના કરવાથી અમારા તન અને મનમાં ઘણો આનંદ ઉત્પન્ન થયો છે. એમ મનના રંગપૂર્વક પંડિત શ્રી રૂપવિજયજીના શિષ્ય શ્રી મોહનવિજયજી કહે છે.



**ભાવાર્થ :–** અંતરજામી વિગેરે ચાર વિશેષણયુક્ત એવા હે શાન્તિનાથ પ્રભુ! અમારી વંદના સ્વીકારજો. આ સ્તવનથી અમારા તનમાં અને મનમાં આનંદની લહેરીઓ ઉછળી રહી છે, એમ પંડિતરાજ શ્રી રૂપવિજયજી મહારાજના શિષ્યરત્ન શ્રી મોહનવિજયજી મહારાજ કહે છે. ।।૭।।

(૨)

(રાગ–સારંગ)

**શાંતિ જિણંદ મહારાજ, જગતગુરુ શાંતિ જિણંદ મહારાજ;**
**અચિરાનંદન, ભવિમનરંજન, ગુણનિધિ ગરીબનિવાજ. જ૦૧**

**અર્થ :–** હે શ્રી શાંતિ જિનેશ્વર પ્રભુ! આપ મહારાજ એટલે રાજાધિરાજ છો. કેમકે ઇન્દ્રો, દેવો, ચક્રવર્તીઓ કે રાજાઓના પણ રાજા હોવાથી મહારાજા છો. ઉપદેશ આપનાર હોવાથી આખા જગતના ગુરુ છો. માતા અચિરાદેવીના નંદન એટલે પુત્ર છો. તથા જગતના ભવ્ય જીવોના મનને રંજન એટલે આનંદ આપનારા છો. ગુણનિધિ એટલે ગુણોના ભંડાર છો. તથા ગરીબનિવાજ એટલે મારા જેવા ગરીબ ઉપર પણ સદા રહેમ રાખનારા છો. ।।૧।।

**ગર્ભ થકી જિણે ઈતિ નિવારી, હરખિત સુરનર કોડી;**
**જનમ થયે ચોસઠ ઇંદ્રાદિક, પદ પ્રણમે કર જોડી. જ૦૨**

**અર્થ :–** આ જગતીતલ ઉપર પ્રભુ જ્યારે ગર્ભમાં પધાર્યા ત્યારથી જ સાત પ્રકારની ઈતિ એટલે ઉપદ્રવ નાશ પામી ગયા. તે ઉપદ્રવ આ પ્રમાણે છે— (૧) અતિવૃષ્ટિ, (૨) અનાવૃષ્ટિ (૩) તીડનો ઉપદ્રવ (૪) ઉંદરોનો ઉપદ્રવ (૫) પક્ષીઓનો ઉપદ્રવ (૬) સ્વચક્રનો ઉપદ્રવ તથા (૭) પરચક્રનો ઉપદ્રવ. તથા કરોડો સુર એટલે દેવતા તથા નરનારીઓ આપને નિહાળી હર્ષિત થયા કે અમારો હવે ઉદ્ધાર થશે. વળી જન્મ થતાં જ ચોસઠ ઇન્દ્રો આદિ બધા આપના ચરણકમળમાં હાથ જોડીને નમસ્કાર કરવા લાગ્યા. ।।૨।।

**મૃગ લંછન ભવિક તુષ ગંજન, કંચનવાન શરીર;**
**પંચમ નાણી પંચમ ચક્રી, સોળ સમો જિન ધીર. જ૦૩**

**અર્થ :–** પ્રભુનું લંછન મૃગનું છે. પ્રભુ ભવ્ય જીવોના તુષ એટલે રાગ તેનું ગંજન એટલે નાશ કરનારા છે. જેની કંચનવર્ણી કાયા છે. પંચમ નાણી એટલે પંચમજ્ઞાન–કેવળજ્ઞાનના ધર્તા છે, પંચમચક્રી એટલે પાંચમા ચક્રવર્તી પણ છે તથા ધૈર્યવાન એવા પ્રભુ સોળમા જિનેશ્વર છે. ।।૩।।

**રત્નજડિત ભૂષણ અતિ સુંદર, આંગી અંગ ઉદાર;**
**અતિ ઉછરંગ ભગતિ નૌતન ગતિ, ઉપશમ રસ દાતાર. જ૦૪**

**અર્થ :–** શ્રી શાંતિનાથ પ્રભુની મૂર્તિ ઉપર રત્નજડિત આભૂષણ વડે બનેલ ભવ્ય અને સુંદર આંગી હોવા છતાં પણ ઉપશમ રસમાં ઝીલતી તથા ઉપશમ રસનો જ બોધ દેવાવાળી એવી આંગીને અત્યંત ઉલ્લાસપૂર્વક નિહાળી ભક્તના મનની ગતિ, ભક્તિના બળે નૌતમ એટલે નવીનતાને પામે છે. આ પ્રભુની ઉપશમથી ભરેલી વીતરાગ મુદ્રાના દર્શનનો જ પ્રભાવ છે. ।।૪।।

**કરુણાનિધિ ભગવાન કૃપા કર, અનુભવ ઉદિત આવાસ;**
**રૂપ વિબુધનો મોહન પભણે, દીજે જ્ઞાનવિલાસ. જ૦૫**

**અર્થ :–** હે કરુણાના સાગર એવા ભગવાન મારા પર કૃપા કરો કે જેથી મારા આત્મઅનુભવનો ઉદિત એટલે પ્રકાશ થાય. અને તે વડે હું મારા આવાસ એટલે આત્મઘરમાં આવી સદાકાળ ત્યાં જ નિવાસ કરીને રહું. એમ પંડિત શ્રી રૂપવિજયજીના શિષ્ય શ્રી મોહનવિજયજી મહારાજ પભણે એટલે કહે છે. હે પ્રભુ ! હવે મને શીઘ્ર આત્મરમણતારૂપ જ્ઞાન વિલાસનું દાન આપો. ।।૫।।

---

# (૧૭) શ્રી કુંથુનાથ સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(અંબર દેહુ મોરારી, હમારો–એ દેશી)

**મનડું કિમહિ ન બાઝે હો કુંથુજિન, મનડું કિમહિ ન બાઝે;**
**જિમજિમ જતન કરીને રાખું, તિમતિમ અલગું ભાજે હો.કું૦૧**

**સંક્ષેપાર્થ :–** હે કુંથુનાથ પ્રભુ ! આ મારું મન કોઈ રીતે પણ બાજતું નથી. અર્થાત્ એકાગ્રતાથી એક વિષયમાં જોડાયેલું રહેતું નથી.

જેમ જેમ જતન એટલે યત્ન કરીને એને વશ કરવા પ્રયત્ન કરું છું તેમ તેમ તે દૂર દૂર ભાગતું જાય છે, અને અન્ય વિષયોમાં પ્રવેશ કરે છે.

“મોટા મુનિઓને પણ મન વશ થવું અઘરું પડ્યું છે. મનને સ્મરણમાં જોડવું. ચિત્ત ન લાગે તો વધારે મોટેથી મંત્ર બોલવો. ‘સહજાત્મસ્વરૂપ પરમગુરુ, સહજાત્મસ્વરૂપ પરમગુરુ....’ એમ મનને થકાવી દેવું. જે ઇચ્છે તે આપવું નહીં. એની સામે થવું. પુરુષાર્થ કરે તો જિતાય એવું છે. પ્રમાદી થઈ જાય તો કંઈ ન



થાય.” -બોધામૃત ભાગ-૧ (પૃ.૨૯૨) ।।૧।।

**રજની વાસર વસતિ ઉજ્જડ, ગયણ પાયાલે જાય;**
**સાપ ખાય ને મુખડું થોથું, એહ ઉખાણો ન્યાય હો.કું૦૨**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ ! આ મન તો રજની એટલે રાત્રિ અને વાસર એટલે દિવસ હો અથવા જ્યાં માણસોની વસતિ હો કે જ્યાં વસવાટ ન હોય તેવી ઉજ્જડ જગ્યામાં અથવા ગગન એટલે આકાશમાં કે પાયાલે એટલે પાતાળભુવનમાં પણ ચાલ્યું જાય છે.

કોઈને સાપ ખાય અથવા કરડે તો પણ સાપનું મુખ તો થોથું એટલે ખાલી રહે છે. એથી કંઈ એની ભૂખ ભાંગતી નથી. આ ઉખાણો એટલે કહેવત છે તે ન્યાયયુક્ત અર્થાત્ વ્યાજબી ઠરે છે. આ કહેવત પ્રમાણે મન પણ ગમતા પદાર્થોને જોઈ સંકલ્પ વિકલ્પ વડે તેને મેળવવાની ઇચ્છા કરી કરીને દુઃખી થાય છે પણ તેથી કંઈ વિષયાનંદ મળતો નથી. પણ માત્ર ખોટા વિચારો કરી જીવ નવા કર્મ બાંધે છે. માટે આત્માનો ખરો આનંદ તો મનની ઇચ્છાઓ ઘટવાથી કે સંકલ્પ વિકલ્પ મટવાથી મળે એમ છે. ।।૨।।

**મુક્તિતણા અભિલાષી તપિયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે;**
**વયરીડું કાંઈ એહવું ચિંતે, નાખે અવળે પાસે હો.કું૦૩**

**સંક્ષેપાર્થ :–** મોક્ષના અભિલાષી એવા તપસ્વીઓ જે જ્ઞાન અને ધ્યાનના અભ્યાસપૂર્વક મનને વશ કરવાનો ઘણો પ્રયત્ન કરે છે. એવા તપસ્વીઓને પણ, વયરીડું એટલે વૈરી એવું આ મન એવું ચિંતવન કરાવી દે કે એમના પાસા પણ અવળા પડી જાય છે; અર્થાત્ એ મહાત્માઓ ક્ષણવારમાં વિકારભાવને પામી મોહના પાશમાં કે કર્મોના ફંદામાં ફસાઈ જાય છે. એવા અનેક મુનિઓ પડી ગયાના દૃષ્ટાંતો શાસ્ત્રોમાં ઉપલબ્ધ છે. ।।૩।।

**આગમ આગમધરને હાથે, નાવે કિણવિધ આંકુ;**
**કિહાં કણે જો હઠ કરી હટકું તો, વ્યાલતણી પરે વાંકું હો.કું૦૪**

**સંક્ષેપાર્થ :–** આગમ એટલે સૂત્રોના જ્ઞાતા કે આગમધર એટલે જેને આગમો કંઠસ્થ હોય તેમના પણ હાથમાં આ મન આવતું નથી, અર્થાત્ તેમના પણ અંકુશમાં આ મન રહેતું નથી. તો હું એને કિણવિધ એટલે કયા પ્રકારે આંકુ અર્થાત્ વશ કરું.

કિહાં કણે એટલે કોઈ ઠેકાણે જો આ મનને દૃઢ કરીને હટકું એટલે

બલાત્કારે હડસેલું તો તે વ્યાલતણી એટલે સર્પની પેઠે વાંકુ ચાલે છે, અર્થાત્ બીજા વિષયોમાં જોડાઈ જાય છે પણ વશ થતું નથી. ।।૪।।

**જો ઠગ કહું તો ઠગતું ન દેખું, શાહુકાર પણ નાંહી;**
**સર્વમાંહી ને સહુથી અલગું, એ અચરિજ મનમાંહી હો.કુ૦૫**

**સંક્ષેપાર્થ :–** જો મનને ઠગ કહું તો ઠગાઈ કરતું દેખાતો નથી. અને શાહુકાર હોય એમ પણ લાગતું નથી. કેમકે પ્રત્યક્ષપણે તો આત્માને ઠગનારી ઇન્દ્રિયો દેખાય છે, તેથી મનને ઠગ કેવી રીતે કહું. અને શાહુકાર પણ કહેવાય નહીં. કેમકે પાંચે ઇન્દ્રિયોને અંદરથી પ્રેરણા આપનાર તો મન જ છે. મનની પ્રેરણાથી ઇન્દ્રિયો આત્માને ઠગે છે માટે મનને શાહુકાર પણ કેવી રીતે કહેવાય?

આમ સર્વમાંહી એટલે મન અંદરથી તો સર્વ ઇન્દ્રિયો સાથે ભળેલું છે. અને સહુથી અલગું એટલે બહારથી તો જાણે સર્વ ઇન્દ્રિયોના વિષયો જ આત્માને ઠગે છે, મન તો માત્ર તેને જાણનાર છે એમ જણાય. આમ સર્વમાંહી અને સર્વથી અલગું એવો મનનો ચપળ સ્વભાવ જાણી આશ્ચર્ય થાય છે. ।।૫।।

**જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલો;**
**સુરનર પંડિતજન સમજાવે, સમજે ન માહરો સાલો હો.કું૦૬**

**સંક્ષેપાર્થ :–** આ મનને સમજાવવા માટે જે જે વચનો કહું છું તેને આ મન કાન દઈને સાંભળવા પણ તૈયાર નથી. સાંભળે જ નહીં તો બોધ લાગે ક્યાંથી? વળી આપ મતે એટલે સ્વચ્છંદે પોતાની ઇચ્છા મુજબ વર્તીને કાલો એટલે ગાંડાની જેમ ઉન્મત્ત રહે છે.

સુર એટલે દેવો, મનુષ્યો કે પંડિતો પણ પોતાના મનને સમજાવે છે. છતાં પણ મારો સાલો એટલે કુમતિરૂપી સ્ત્રીનો ભાઈ આ તો સમજતો જ નથી. ।।૬।।

**મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકલ મરદને ઠેલે;**
**બીજી વાતે સમર્થ છે નર, એહને કોઈ ન ઝેલે હો.કુ૦૭**

**સંક્ષેપાર્થ :–** શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે મેં તો આ મનને નપુંસક જાતિનું જાણ્યું હતું. પણ આ તો સર્વ મરદોને ઠેલે છે અર્થાત્ પીછેહટ કરાવી દે છે.

બીજી વાતે મનુષ્યો નપુંસક કરતા ઘણા શક્તિમાન જોવામાં આવે છે પણ આ મનને તો કોઈ ઝાલી શકતું નથી. મરદ કહેવાતા મનુષ્યોમાં પણ મનને જીતી લેનારા તો કોઈ વીરલા જ છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે ''હે



આત્મન્! તારે યુદ્ધ જ કરવું હોય તો મન સાથે યુદ્ધ કર! બહારના સાથે યુદ્ધ કરવાનું પ્રયોજન છે શું? ।।૭।।

**મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહિ ખોટી;**
**એમ કહે સાધ્યું તે નવિ માનું, એ કહી વાત છે મોટી હો.કું૦૮**

**સંક્ષેપાર્થ :–** જેણે પોતાનું મન સાધ્યું તેણે તપ, જપ, સંયમ વગેરે સર્વ સાધી લીધું. એ વાત ખોટી નથી.

પણ કોઈ કહે મેં તો મનને સાધી લીધું છે ત્યારે શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે એ વાત હું માની શકતો નથી. કારણ કે મનને વશ કરવું એ ઘણી મોટી વાત છે. જ્ઞાન, ધ્યાનના માર્ગમાં ભગીરથ પુરુષાર્થ હોય તો જ એ મન વશ થાય એમ છે. ।।૮।।

**મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, આગમથી મતિ આણું;**
**આનંદઘન પ્રભુ માહરું આણો, તો સાચું કરી જાણું હો.કુ૦૯**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! દુઃખે કરીને સાધી શકાય એવું આ દુરારાધ્ય મન છે છતાં આપે તેને વશ કર્યું છે, એમ આગમશાસ્ત્રથી જાણ્યું છે.

પણ શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે હે પ્રભુ! જો આપ મારું મન વશમાં આણો, તો તે વાતને હું પ્રત્યક્ષ પ્રમાણથી સાચી માની શકું. માટે કૃપા કરી મારું મન વશમાં આણી મને કૃતાર્થ કરો એવી આપ પ્રભુ પ્રત્યે મારી વિનંતિ છે.

મન સ્થિર કરવાનો ઉપાય શ્રી મોહનલાલજી મહારાજે શ્રીમદ્જીને પૂછ્યો તેનો જવાબ :–

**''શ્રી મોહનલાલજી મુનિએ પૂછ્યું : ''મન સ્થિર થતું નથી, તેનો શો ઉપાય?''**

**શ્રીમદે ઉત્તરમાં જણાવ્યું : ''એક પળ પણ નકામો કાળ કાઢવો નહીં. કોઈ સારું પુસ્તક વૈરાગ્યાદિની વૃદ્ધિ થાય તેવું વાંચવું, વિચારવું; એ કાંઈ ન હોય તો છેવટે માળા ગણવી. પણ જો મનને નવરું મેલશો તો ક્ષણવારમાં સત્યાનાશ વાળી દે તેવું છે. માટે તેને સદ્વિચારરૂપ ખોરાક આપવો. જેમ ઢોરને કંઈ ને કંઈ ખાવાનું જોઈએ, દાણનો ટોપલો આગળ મૂક્યો હોય તો તે ખાયા કરે છે, તેમ મન ઢોર જેવું છે; બીજા વિકલ્પો બંધ કરવા માટે સદ્વિચારરૂપ ખોરાક આપવાની જરૂર છે. મન કહે તેથી ઊલટું વર્તવું; તેને વશ થઈ તણાઈ જવું નહીં. તેને ગમે તેથી આપણે બીજું ચાલવું, વર્તવું.''** - જીવનકળા (પૃ.૨૨૩)

# (૧૭) શ્રી કુંથુનાથ સ્વામી

## શ્રી દેવચંદ્રજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(ચરમ જિનેસરું....એ દેશી)

**સમવસરણ બેસી કરી રે, બારહ પરિષદમાંહે;**
**વસ્તુસ્વરૂપ પ્રકાશતા રે, કરુણાકર જગનાહો રે; કુંથુ જિનેસ રે.**
**નિર્મલ તુજ મુખ વાણી રે, જે શ્રવણે સુણે રે,**
**તેહિજ ગુણમણિ ખાણી રે. કું૦૧**

**સંક્ષેપાર્થ :–** શ્રી કુંથુનાથ પ્રભુ સમવસરણમાં બારહ પર્ષદા મધ્યે બિરાજમાન થઈને જીવ અજીવાદિ છ વસ્તુઓ કે દ્રવ્યાદિના સ્વરૂપને પ્રકાશે છે તેથી કરુણાના કરનાર એવા પ્રભુ જગનાહ કહેતા ત્રણ જગતના નાથ છે. એવા શ્રી કુંથુનાથ પ્રભુની નિર્મલ વાણીને જે પ્રેમભક્તિ સહિત સાંભળે છે, તે ભવ્યાત્મા જ સકલ ગુણરૂપ મણિરત્નની ખાણ બને છે. ।।૧।।

**ગુણ પર્યાય અનંતતા રે, વલી સ્વભાવ અગાહ;**
**નય ગમ ભંગ નિક્ષેપના રે, હેયાદેય પ્રવાહો રે. કું૦૨**

**સંક્ષેપાર્થ :–** વસ્તુના સહભાવી એટલે હમેશાં સાથે રહેનાર ગુણધર્મ તથા ક્રમભાવી એટલે એક પછી એક આવનાર એવા પર્યાયની અનંતતા છે. વળી વસ્તુનો સ્વભાવ પણ અગાહ એટલે અગાધ છે, અર્થાત્ તેને અવગાહવો મુશ્કેલ છે. તથા અનેક ધર્માત્મક વસ્તુના અંશને બતાવનારા નય વડે, અને ગમ એટલે અનેક પ્રકારવડે વસ્તુનું સ્વરૂપ સમજાય એ રીતે, તથા સ્યાદ્વાદની અપેક્ષાથી ભેદ પાડવારૂપ ભંગ વડે કે નામ, સ્થાપના, દ્રવ્ય કે ભાવરૂપ ચાર નિક્ષેપો વડે તથા વસ્તુના હેય ઉપાદેયના પ્રવાહ સહિત વર્ણન કરતી એવી શ્રી કુંથુનાથ પ્રભુની દેશના તે અદ્ભુત છે. ।।૨।।

**કુંથુનાથ પ્રભુ દેશના રે, સાધન સાધક સિદ્ધિ;**
**ગૌણ મુખ્યતા વચનમાં રે, જ્ઞાન તે સકલ સમૃદ્ધિ રે. કું૦૩**

**સંક્ષેપાર્થ :–** વળી શ્રી કુંથુનાથ પ્રભુની દેશના તે મોક્ષના સાધનરૂપ રત્નત્રય છે તેને પ્રગટાવવાના સર્વ સાધન બતાવી, સાધકને છેક મોક્ષની સિદ્ધિ પ્રાપ્ત કરાવે તેવી હોય છે. વળી પ્રભુની વાણીમાં જે વસ્તુની વ્યાખ્યા કરવી છે તેના ધર્મો મુખ્ય હોય અને તે સમયે જે વસ્તુની વ્યાખ્યા વર્તમાનમાં નથી તેના



ગુણધર્મો ગૌણ હોય છે. એમ ગૌણ મુખ્યતા વચનમાં છે. પણ પ્રભુનું કેવળજ્ઞાન તો સકલ સમૃદ્ધિથી યુક્ત છે. અર્થાત્ તે જ્ઞાન એક જ સમયમાં સર્વ પદાર્થોના ભૂત, વર્તમાન અને ભવિષ્ય સર્વ વસ્તુ ધર્મોને એક સાથે જાણે છે. માટે કેવળજ્ઞાનમાં ગૌણતા કે મુખ્યતાનો વિચાર નથી. ।।૩।।

**વસ્તુ અનંત સ્વભાવ છે રે, અનંત કથક તસુ નામો;**
**ગ્રાહક અવસર બોધથી રે, કહેવે અર્પિત કામો રે. કું૦૪**

**સંક્ષેપાર્થ :–** વસ્તુ એટલે જીવાદિ દ્રવ્ય સર્વ અનંત સ્વભાવવાળા છે. તેનું નામ લેતા જેમકે જીવ કે પુદ્ગલ શબ્દ બોલતાં જ તેને અનંત ધર્માત્મક સમજવી. છતાં ગ્રાહક એવા શ્રોતાનો અવસર જોઈને તેનો બોધ એટલે સમજ અનુસાર કેવળી ભગવાન તેને અર્પિત એટલે જે અવસરે જે ધર્મ કહેવાનું પ્રયોજન ઉત્પન્ન થાય તે અવસરે તેજ ધર્મ કહેવારૂપ કામ કરે છે. ।।૪।।

**શેષ અનર્પિત ધર્મને રે, સાપેક્ષ શ્રદ્ધાબોધ;**
**ઉભય રહિત ભાસન હુવે રે, પ્રગટે કેવલ બોધ રે. કું૦૫**

**સંક્ષેપાર્થ :–** શેષ એટલે બાકીના ગૌણતાએ રહેલા વસ્તુમાં જે અનર્પિત ધર્મો છે, કે જેનું અત્રે ઉપદેશવાનું પ્રયોજન નથી; તે વસ્તુ ધર્મોની પણ સાપેક્ષ એટલે અપેક્ષા સહિત શ્રદ્ધા રાખવી, તથા તેનો બોધ એટલે તે સંબંધી જ્ઞાન પણ મેળવવું. પણ જ્યારે કેવળજ્ઞાન પ્રગટે છે ત્યારે તો ઉભય એટલે બેય અર્પિત અને અનર્પિત ધર્મોથી રહિત, સર્વ પદાર્થોનું ભાસન કહેતાં જ્ઞાન એક સમયમાં જ કેવળી ભગવંતને થાય છે. ।।૫।।

**છતિ પરિણતિ ગુણ વર્તના રે, ભાસન ભોગ આનંદ;**
**સમકાળે પ્રભુ તાહરે રે, રમ્યરમણ ગુણવૃંદો રે. કું૦૬**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! આપનામાં જ્ઞાનદર્શન સુખ વીર્યાદિ અનંત ગુણોની તથા અનંતા પર્યાયોની એક સાથે જ છતિ કહેતાં વિદ્યમાનતા છે, તથા ઉત્પાદ વ્યય ધ્રુવરૂપે પરિણતિનું પરિણમન થવું, તથા સર્વ ગુણોની વર્તનારૂપ કાર્ય સ્વગુણોમાં જ થવું, તથા તે સર્વ ગુણોનું એક સાથે ભાસન કહેતા જાણપણું થઈ તે સર્વગુણોને ભોગવી અનંત આનંદ માણવો; તે સર્વ હે પ્રભુજી! આપનાં સમકાળે એટલે એક સમયમાં જ થવાથી આપ મહા સુખી છો. તેમજ રમ્ય એટલે રમવા યોગ્ય એવા શુદ્ધ આત્મસ્વરૂપમાં આપ રમણ કરવાથી આત્માના અનંત ગુણોના વૃંદ કહેતાં સમૂહથી પણ આપ યુક્ત છો. ।।૬।।

**નિજ ભાવે સીય અસ્તિતા રે, પરનાસ્તિત્વ સ્વભાવ;**
**અસ્તિપણે તે નાસ્તિતા રે, સીય તે ઉભય સ્વભાવો રે. કું૦૭**

**સંક્ષેપાર્થ :—** આત્મામાં જ્ઞાનદર્શનાદિ સ્વપર્યાય પરિણતિ પ્રમાણે તો સીય એટલે સ્યાત્ અસ્તિ ધર્મ છે. અને અચેતનાદિ પરદ્રવ્યોના ધર્મો તે આત્મામાં નથી, માટે સ્યાત્ એટલે કોઈ અપેક્ષાએ નાસ્તિ ધર્મ પણ આપની સાથે જ છે. તે નાસ્તિ ધર્મ પણ અસ્તિરૂપે છે. કેમકે નાસ્તિધર્મ આપનામાં ન હોય તો કોઈ કાળે જીવ અજીવપણાને પણ પામી જાય. માટે સીય એટલે કોઈ અપેક્ષાએ જોતાં તે આત્મા ઉભય એટલે બેય ધર્મોવાળો છતાં પણ અવક્તવ્ય સ્વભાવવાળો છે. સ્વભાવની અપેક્ષાએ અસ્તિધર્મ અને પરસ્વભાવની અપેક્ષાએ નાસ્તિધર્મ, એમ બેય ધર્મો આત્મામાં એક સાથે વિદ્યમાન છે, છતાં સમકાલે એક સાથે બેય ધર્મો વાણીમાં કહી શકાય નહીં; માટે અવક્તવ્ય પણ છે. આ પ્રમાણે અપેક્ષાથી સાતેય નયોનું સ્વરૂપ સમજવું. ।।૭।।

**અસ્તિભાવ જે આપણો રે, રુચિ વૈરાગ્ય સમેત;**
**પ્રભુ સન્મુખ વંદન કરી રે, માગીશ આતમ હેત રે. કું૦૮**

**સંક્ષેપાર્થ :—** પોતાના આત્માનો જે જ્ઞાન, દર્શન, પૂર્ણ આનંદમય અસ્તિ સ્વભાવ છે તેને અંતરની રુચિ તથા સાચા વૈરાગ્ય સહિત પ્રભુ સન્મુખ ઊભો રહી વંદન કરીને મારા આત્માના હિતને અર્થે જ્યારે હું માગીશ કે હે ભગવાન! મને મારો અનંતસુખમય આત્મ સ્વભાવ પ્રગટ થાઓ, કેમકે આ સંસારનું દુઃખ હવે મારાથી ખમાતું નથી; તે દિવસને હું પરમ ધન્ય માનીશ. ।।૮।।

**અસ્તિ સ્વભાવ રુચિ થઈ રે, ધ્યાતો અસ્તિ સ્વભાવ;**
**દેવચંદ્ર પદ તે લહે રે, પરમાનંદ જમાવો રે. કું૦૯**

**સંક્ષેપાર્થ :—** જે ભવ્ય જીવોને પોતાના આત્માનો અસ્તિસ્વભાવ પ્રગટ કરવાની રુચિ ઉત્પન્ન થઈ છે અને જે તે આત્માના સહજાત્મસ્વરૂપમય અસ્તિસ્વભાવનું ધ્યાન કરે છે, તે દેવોમાં ચંદ્ર સમાન સિદ્ધપદને પામશે કે જ્યાં પરમાનંદનો જ જમાવ છે અર્થાત્ તે સિદ્ધપદ, સ્વાધીન અનંત અવ્યાબાધ સુખનો જ ભંડાર છે. ।।૯।।

---



# (૧૭) શ્રી કુંથુનાથ સ્વામી

## શ્રી યશોવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

**સાહેલાં હે કુંથુ જિનેશ્વર દેવ, રત્નદીપક અતિ દીપતો હો લાલ;**
**સા૦ મુજ મનમંદિર માંહી, આવે જો અરિબલ જીપતો હો લાલ ૧**
**સા૦ મિટે તો મોહ અંધાર, અનુભવતેજે જળહળે હો લાલ;**
**સા૦ ધૂમકષાય ન રેખ, ચરણ ચિત્રામણ નવિ ચળે હો લાલ. ૨**

**અર્થ :—** સાહેલા એટલે હે મિત્રો! કુંથુજિનેશ્વરદેવ તો પ્રકાશમાન એવા રત્નદીપક સમાન છે, તે રત્નદીપક જો મારા મનરૂપી મંદિરમાં કર્મરૂપ શત્રુઓના બળને જીપતો એટલે પરાસ્ત કરતો આવે તો તેમાંથી મોહરૂપી અંધકાર જરૂર નાશ પામે; અને તેના ફળસ્વરૂપ અનુભવજ્ઞાનરૂપ તેજ પણ ખીલી ઊઠે. તે રત્નદીપકમાં કષાયરૂપી ધૂમાડાની રેખા બિલકુલ નથી તેથી ચારિત્રરૂપી ચિત્રામણ પણ ચલિત થાય તેમ નથી અર્થાત્ બગડે તેમ નથી.

**ભાવાર્થ :—** શ્રી કુંથુનાથ પ્રભુના ગુણગ્રામ સજ્જનો સમક્ષ કરતાં શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે હે સજ્જનો! શ્રી કુંથુનાથ પ્રભુનો કેવળજ્ઞાનરૂપી રત્નદીપક અત્યંત પ્રજવલિત થઈ રહ્યો છે. તે ત્રિભુવનમાં રહેલા પ્રાણીઓના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરી રહ્યો છે. ખરેખર તો કેવળજ્ઞાનમય પ્રભુ જ સાક્ષાત્ રત્નદીપક છે. તે રત્નદીપકરૂપ પ્રભુ જો મારા મનરૂપી મંદિરમાં ઘાતીકર્મોરૂપ શત્રુઓનો નાશ કરતા પ્રગટ થાય તો મારા અંતરમાં દીર્ઘકાળથી વાસ કરીને રહેલો મોહ-અજ્ઞાનરૂપી અંધકાર એક ક્ષણ માત્રમાં ખસી જાય અને આત્માનું અનુભવજ્ઞાન દેદિપ્યમાન થાય. અત્યાર સુધી જે જ્ઞાન આવરણસહિત ઢંકાયેલું છે તે પોતાના ખરા સ્વરૂપમાં બહાર આવે. કારણ કે તે રત્નદીપક મોહરૂપ અંધકારનો નાશ કરનાર છે અને અનુભવ તેજે જળહળતો છે. વળી કષાયરૂપી ધૂમાડાની રેખા એ રત્નદીપકમાં છે જ નહીં. કારણ કે પ્રભુએ તો મોહનીય કર્મનો સર્વથા નાશ કરેલો હોવાથી કષાયરૂપ કાર્ય ક્યાંથી થાય? બીજ વિના અંકુર કેવી રીતે પ્રગટે? વળી તેમાંથી ધૂમરેખા ન નીકળે તો ચારિત્રરૂપી સુંદર ચિતરામણ પણ ચલિત એટલે મલિન ન થાય. અન્ય દીપક જે ગૃહમાં હોય ત્યાં તેના ધુમાડાથી આસપાસ-ભીંત વગેરે ઉપર જે સુંદર ચિત્રો કાઢ્યા હોય અથવા ગોઠવ્યા હોય તે મલિન થઈ જાય, કાળાં પડી બગડી જાય. પણ આ રત્નદીપકથી તો આત્મભૂમિ ઉપર ચારિત્રરૂપી જે રંગબેરંગી ચિત્ર હોય છે તે

જરાપણ બગડતાં નથી. પણ ઊલટાં તેનાથી વધારે પ્રકાશિત થાય છે. કારણ કે અન્ય દીપક કરતાં આ રત્નદીપક વિલક્ષણ છે. ।।૧-૨।।

**સા૦ પાત્ર કરે નહિ હેઠ, સૂરજ તેજે નવિ છિપે હો લાલ;**
**સા૦ સર્વ તેજનું તેજ, પહેલાંથી વાધે પછે હો લાલ. ૩**

**અર્થ :–** આ કેવળજ્ઞાનરૂપ રત્નદીપકને હેઠ એટલે નીચે આધારરૂપે પાત્રની કોઈ જરૂર નથી. તથા સૂર્યના પ્રકાશથી આ રત્નદીપકનો પ્રકાશ કંઈ છૂપાઈ જતો નથી. અને જગતના સર્વ પ્રકાશથી ચડીયાતો આનો પ્રકાશ હોવાથી તે પહેલાં અને પછી પણ એક સરખો જ રહે છે. તે પ્રકાશ કદી મંદતાને પામતો નથી.

**ભાવાર્થ :–** સામાન્ય દીપકની નીચે આધારરૂપે પાત્ર મુકવામાં આવે છે. પણ આ દિવ્ય દીપકને તો આધારરૂપે તેવા કોઈ પાત્રની જરૂર નથી. મતિઆદિ જ્ઞાન તે કેવળજ્ઞાનના પ્રકાશથી પ્રકાશે છે. તેથી તે પરતંત્ર છે અને કેવળજ્ઞાન સ્વતંત્ર હોવાથી પોતે જ પોતાની મેળે પ્રકાશે છે. વળી દિવસે સામાન્ય દીપક કર્યો હોય તો તે સૂર્યના પ્રકાશ આગળ તેજ હીન થઈ જાય છે, પણ આ દીપક તો સદા એક સરખી સ્થિતિમાં જ પ્રકાશિત રહે છે. સાધારણ દીપકો શરૂઆતમાં સતેજ જણાય છે અને પાછળથી તેલ કે વાટ ખૂટતા ઝાંખા પડી જાય છે અથવા ઓલવાઈ જાય છે. જ્યારે આ કેવળજ્ઞાનરૂપ રત્નદીપક તો પહેલેથી છેલ્લે સુધી સદાને માટે એક સરખો જ પ્રકાશમાન રહે છે. ।।૩।।

**સા૦ જેહ ન મરુતને ગમ્ય, ચંચલતા જે નવિ લહે હો લાલ;**
**સા૦ જેહ સદા છે રમ્ય, પુષ્ટ ગુણે નવિ કૃશ રહે હો લાલ. ૪**

**અર્થ :–** કેવળજ્ઞાનરૂપ રત્નદીપક-મરુત એટલે પવનથી ઓલવાતો નથી. તેમજ તેનાથી તે હાલતો ચાલતો પણ નથી, જે હમેશાં રમ્ય એટલે સુંદર આકારે જ રહે છે અને પુષ્ટ એટલે ગુણોથી તે પુષ્ટ હોવાથી અંતે પણ તે કદી કૃશ એટલે પાતળો પડતો નથી.

**ભાવાર્થ :–** સાધારણ દીપક તો પવન લાગવાથી ઓલવાઈ જાય છે, પણ કેવળજ્ઞાનરૂપી રત્નદીપકની કોઈપણ નિમિત્તથી એવી સ્થિતિ બનતી નથી. સાધારણ દીપક પવનથી હાલે ચાલે છે ત્યારે આ રત્નદીપક સદા એકસરખી સ્થિરતાને જ ભજે છે. સામાન્ય દીપકની સુંદરતા સદા એકસરખી રહેતી નથી. હમેશાં તેને સાફસુફ કરવો પડે છે; તેમ ન કરવામાં આવે તો તેનો પ્રકાશ મનોહર લાગતો નથી; જ્યારે આ રત્નદીપક તો હમેશાં સુંદર-મનોહર અને



આકર્ષક જ રહે છે. જગતના દીપકની વાટ આગળથી જાડી હોય છે અને પાછળથી પાતળી હોય છે, તેથી તે દીપક જેમ જેમ બળતો જાય છે તેમ તેમ પાછળથી પાતળો પડતો જાય છે. પણ આ રત્નદીપકમાં તો વાટ જ નથી. તેથી તેનો પ્રકાશ ઓછો ન થતાં તે સર્વદા એકસરખો જ પ્રકાશિત રહે છે. ।।૪।।

**સા૦ પુદ્ગલ તેલ ન ખેપ, જેહ ન શુદ્ધ દશા દહે હો લાલ;**
**સા૦ શ્રીનયવિજય સુશિષ્ય, વાચક યશ ઇણિ પેરે કહે હો લાલ. ૫**

**અર્થ :–** પૌદ્ગલિક તેલનો આ રત્નદીપકમાં ખેપ એટલે ખપ હોતો નથી. સામાન્ય દીપક તો તેની જ વાટને બાળી નાખે છે. જ્યારે આ રત્નદીપક આત્માની શુદ્ધદશાનું દહન કરતો નથી. એમ શ્રી નયવિજયજીના સુશિષ્ય વાચક શ્રી યશોવિજયજી મહારાજ જણાવે છે.

**ભાવાર્થ :–** લૌકિક દીપકમાં તેલ પૂરવું પડે છે અને તે તેલનો ક્ષય થતો જાય છે. જ્યારે આ લોકોત્તર દીપકમાં પૌદ્ગલિક પદાર્થની ખપ એટલે જરૂર નથી; તે તો વગર તેલે જ પ્રકાશે છે. સામાન્ય દીપક તેની વાટને જ બાળી નાખે છે જ્યારે આ કેવળજ્ઞાનરૂપ રત્નદીપક આત્માની નિર્મળ શુદ્ધદશાને કદી બાળતો નથી, પણ તેને પોતાની સ્વાભાવિક સ્થિતિમાં કાયમ રાખે છે. આ પ્રમાણે શ્રી યશોવિજયજી મહારાજ જે શ્રી નયવિજયજીના સુશિષ્ય છે તે પ્રભુની આ પ્રમાણે ભક્તિસહ સ્તુતિ કરે છે.

આ સ્તવનમાં પ્રભુને કે પ્રભુના કેવળજ્ઞાનને રત્નદીપકની ઉપમા આપી સામાન્ય દીપકના સ્વરૂપની સાથે તુલના કરી તેનું વિલક્ષણપણું બતાવ્યું છે. સામાન્ય દીપકમાં જે જે ક્રિયાઓ થાય છે તે તે ક્રિયાઓ રત્નદીપકમાં થતી નથી. પ્રભુને રત્નદીપકની ઉપમા સર્વ પ્રકારે ઘટી શકે છે. જ્યારે જગતના સામાન્ય જીવોને સામાન્ય દીપકની સર્વ ઉપમા ઘટી શકે છે. એમ જાણી પ્રભુ પ્રેમનો રત્નદીપક આત્મામાં સદા ઝળહળતો રાખી આત્માર્થીએ અવશ્ય આત્મકલ્યાણ સાધવું જોઈએ કે જેથી આ મળેલો માનવદેહ સફળ થાય. ।।૫।।

---

# (૧૭) શ્રી કુંથુનાથ સ્વામી

## શ્રી મોહનવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(ચંદન કી કટકી ભરી—એ દેશી)

**કુંથુજિણંદ કરુણા કરો, જાણી પોતાનો દાસ, સાહિબા મોરા,**
**શું જાણી અલગા રહ્યા? જાણ્યું કે આવશે પાસ. સા૦**
**અજબ રંગીલા પ્યારા, અકળ અલક્ષ્મી ન્યારા,**
**પરમ સસનેહી માહરી વિનતિ. (એ આંકણી) ૧**

**અર્થ :–** હે કુંથુનાથ ભગવાન! મને પોતાનો દાસ જાણી મારા પર કરુણા કરો. હે સાહિબા મોરા! તમે શું જાણીને મારાથી અળગા રહ્યા છો. મેં તો જાણ્યું કે આપ મારી ભક્તિને વશ થઈ જરૂર મારી પાસે આવશો. હે પ્રભુ! આપ અજબ ગુણો વડે રંગીલા છો. મારા મનને પ્યારા છો. વળી આપની ગતિને કોઈ કળી શકે નહીં માટે અકળ છો. આપ ભૌતિક લક્ષ્મી વિનાના છો, કેમકે આપે તેનો ત્યાગ કરેલ છે. વળી સર્વથી ન્યારા છો. હે પરમ સસનેહી સ્વામી! હવે મારી વિનંતિને સાંભળો.

**ભાવાર્થ :–** હે કુંથુ જિનેશ્વર! મને પોતાનો દાસ જાણીને મારા ઉપર દયાદૃષ્ટિ કરો. આપ શું જાણીને મારાથી દૂર રહ્યા છો. મારામાં કંઈ દોષ હોય તો જણાવો. મેં તો જાણ્યું છે કે ભગવાન ભક્તને વશ છે માટે જરૂર આપ મારા હૃદયમાં એક દિવસ આવશો. ત્રણ જગતના જીવોનું આકર્ષણ કરવાથી આપ અજબ રંગીલા છો. વળી મારા હૃદયમાં ઘણા ગમવાથી પ્યારા છો. વળી આપની કળાને કોઈ જાણી શકતું નથી માટે અકળ છો. ચંચળ એવી લક્ષ્મીથી આપ રહિત છો. વળી આપ શરીરમાં રહે છતે પણ તે પુદ્‌ગલભાવથી ન્યારા છો. પરમ ધર્મસ્નેહને ધારણ કરનારા હોવાથી હે કુંથુનાથ ભગવાન! મારી વિનંતિને ધ્યાનમાં લ્યો. ।।૧।।

**અંતરજામી વાલહા, જોવો મીટ મિલાય; સા૦**
**ખિણ મ હસો ખિણમાં હસો, ઇમ પ્રીતનિવાહો કિમ થાય? સા૦અ૦૨**

**અર્થ :–** હે અંતરજામી પ્રભુ! તમે મને વહાલા છો. માટે મારી સામે મીટ એટલે નજર મિલાવીને મને જરા જુઓ તો ખરા. પરંતુ ક્ષણમાં હસો નહિ અને વળી ક્ષણમાં હસો. આમ કરવાથી આપણી પ્રીતિનો નિર્વાહ કેવી રીતે થશે.

**ભાવાર્થ :–** હે અંતરજામી પ્રભુ! તમે ત્રણ જગતને પ્રેમ ઉપજાવનાર હોવાથી વહાલા છો. મારી સામે નજરનું મિલાન કરીને તો જુઓ. ઘડીકમાં આપ હસો છો, વળી ઘડીકમાં મૌન ધારણ કરો છો એમ પ્રીતિનો સંબંધ કાયમ કેમ રહે. અહિંયા તો પ્રીતિનું પાલન કરવાને માટે સામસામી દૃષ્ટિનો મેલાપ થવો



જોઈએ અને મુખ પ્રસન્નતાવાળું જોઈએ. આ બે હેતુ આપ જો સાચવી ન શકો તો પ્રીતિનું પાલન કેવી રીતે થાય. અને પાલન જો ન થઈ શકે તો અમારું કાર્ય પણ કેવી રીતે સિદ્ધ થાય. ।।૨।।

**રૂપી હો તો પાલવ ગ્રહું, અરૂપીને શું કહેવાય? સા૦**
**કાન માંડ્યા વિના વારતા, કહોનેજી કેમ બકાય! સા૦ અ૦૩**

**અર્થ :–** આપ રૂપી હો તો આપનો પલ્લો પણ પકડું! પણ આપ જેવા અરૂપીને શું કહેવાય. હે પ્રભુ! કાન માંડ્યા વિના વારતા એટલે મારી કથા, આપની સમક્ષ કેવી રીતે કહી શકાય.

**ભાવાર્થ :–** અહિંયા રૂપી એટલે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ સહિત હોય, એવા પદાર્થો જાણવા. રૂપી પદાર્થને પકડી શકાય છે. પરંતુ અરૂપી પદાર્થ હોય તે તો પકડી શકાય નહીં. આપ અરૂપી છો. તેથી આપને ગ્રહણ કરવાનો ઉપાય કોઈરીતે મેળવી શકીએ એમ નથી. અને આ ઉપાય જો ન મેળવાય તો પ્રીતિનું પાલન પણ કેવી રીતે થાય. વળી કહો તો ખરા કે અમે આપને હૃદયની વાત કરીએ અને આપ તે સાંભળવામાં લક્ષ ન આપો તો પછી અમારું કહેલું બધું નિષ્ફળ જાય. માટે આ વાતને સફળ બનાવવા હે કુંથુ જિનેશ્વર! મારી ઉપર કૃપાદૃષ્ટિ કરો. ।।૩।।

**દેવ ઘણા દુનિયામાંય છે, પણ દિલમેળો નવિ થાય; સા૦**
**જિણ ગામે જાવું નહીં, તે વાટ કહો શું પુછાય? સા૦ અ૦૪**

**અર્થ :–** હે પ્રભુ! દુનિયામાં દેવ તો ઘણા છે, પણ દિલનો મેલાપ તેમની સાથે થતો જ નથી. કારણ કે જે ગામે જવું નથી તે ગામનો માર્ગ પણ શા માટે પૂછવો જોઈએ.

**ભાવાર્થ :–** દુનિયામાં હરિહરાદિક દેવો તો ઘણા છે, તેઓ દોષવંત હોવાથી મનનો મેળ તેમની સાથે થતો જ નથી. અમારે તો હે કુંથુનાથ ભગવાન! તમારી સાથે જ મનનો મેળ કરવો છે. અમારે આપ સિવાય બીજા દેવનું કામ નથી કારણ કે જે ગામે જવું નથી તેની વાત પણ શા માટે પૂછવી જોઈએ. ।।૪।।

**મુજ મન અંતર્મુહૂર્તનો, મેં ગ્રહ્યો ચપળતા દાવ; સા૦**
**પ્રીતિ સમે તો જુઓ કહો, એ તો સ્વામી સ્વભાવ. સા૦અ૦૫**

**અર્થ :–** હે પ્રભુ! મારા મનને એક અંતર્મુહૂર્ત માત્ર પણ સ્થિર કરો. કેમકે એણે સદા ચંચળતા જ ગ્રહણ કરેલી છે. પ્રીતિના સમયે તો અમારી સામુ

જાુઓ અને તે મનને વશ કરવા માટે કંઈ કહો; કેમકે પરોપકાર કરવો એ તો આપનો સ્વભાવ જ છે.

**ભાવાર્થ :–** અનાદિથી ચપળ એવું મન છે. તે જો અંતર્મુહૂર્ત માત્ર સ્થિરતાને પામે તો કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય. હવે પ્રભુ આપની સાથે પ્રીતિ થવાથી અનાદિકાળથી મનની ચંચળતાને લીધે દુઃખી થતાં એવા અમને જાુઓ અને તે દુઃખ નિવારણનો કંઈ ઉપાય કહો. કારણ કે પરદુઃખભંજન થવું એ તો સ્વામી આપનો સ્વભાવ જ છે. માટે જરૂર અમને સર્વથા દુઃખથી મુક્ત થવાનો ઉપાય બતાવો. ।।૫।।

**અંતર શ્યો મળિયા પછે, નવિ મળીએ પ્રભુ મૂલ; સા૦**
**કુમયા કિમ કરવી ઘટે, જે થયો નિજ અનુકૂળ ? સા૦ અ૦૬**

**અર્થ :–** હે પ્રભુ! આપ મારા અંતર્આત્મા સાથે મળી જાઓ; પછી પ્રત્યક્ષ મિલન ન થાય તો પણ કોઈ બાધ નથી. આપને મારા પર કુમયા એટલે અવકૃપા કરવી ઘટે નહીં. કેમકે હું તો સદા આપને અનુકૂળ થઈને જ વર્તું છું.

**ભાવાર્થ :–** હે પ્રભુ! આપ મારા અંતરમાં અવશ્ય પધારો, ભલે પ્રત્યક્ષ મિલન ન થાય. પણ મારી પાપી દશા જોઈને મારા ઉપર અવકૃપા કરશો નહીં. કેમકે હવે તો હું આપને અનુકૂળ અર્થાત્ આપની આજ્ઞામાં જ પ્રવર્તું છું. ।।૬।।

**જાગી હવે અનુભવદશા, લાગી પ્રભુશું પ્રીત; સા૦**
**રૂપ વિજય કવિરાયનો, કહે મોહન રસ રીત. સા૦ અ૦૭**

**અર્થ :–** હે પ્રભુ! આપની કૃપાએ મારી આત્મઅનુભવદશા જાગૃત થઈ, તેથી આપની સાથે મારે ગાઢ પ્રીતિ બંધાઈ ગઈ એમ શ્રી રૂપવિજયજી કવિરાયના શિષ્ય શ્રી મોહનવિજયજી મહારાજ કહે છે. તેમજ આત્મઅનુભવ રસ પામવાની સાચી રીત પણ પ્રભુ ભક્તિ જ છે એમ આ સ્તવનો વડે પુરવાર કરી આપ્યું. ।।૭।।

(૨)

(જાદવપતિ તોરણ આવ્યા–એ દેશી)

**મુજ અરજ સુણો મુજ પ્યારા**
**સાચી ભક્તિથી કિમ રહો ન્યારા રે; સનેહી મોરા,**
**કુંથુ જિણંદ કરુણા કરો. ૧**

**અર્થ :–** હે મારા પ્રાણ પ્યારા પ્રભુ! આપ મારી અરજ સાંભળો. હે



સનેહી મોરા! આપ પ્રત્યે મારી સાચી ભક્તિ છે તો પણ આપ મારાથી ન્યારા કેમ રહો છો અર્થાત્ જુદાઈ કેમ રાખો છો. હે કુંથુનાથ જિણંદ! હવે તો મારા પ્રત્યે દયા દર્શાવો. ।।૧।।

**હું તો તુમ દરિશણનો અરથી, ઘટે કિમ કરી શકે કરથી રે; સ૦**
**થઈ ગિરુઆ એમ જે વિમાસો, તે તો મુજને હોય છે તમાસો રે. સ૦ કું૦૨**

**અર્થ :–** હું તો આપના વીતરાગ દર્શનનો અથવા સમ્યક્દર્શનનો ઘણા કાળથી અર્થી છું. એટલે તેનો ઇચ્છુક છું. તે સમ્યક્દર્શનને કે સમકિતને હું મારા પોતાના હાથે કરીને કેવી રીતે પ્રાપ્ત કરી શકું? આપ ગિરુઆ કહેતાં મોટા પદના ધારક થઈને મને સમકિત આપવામાં આટલી વિમાસણ કહેતાં વિચારમાં પડો છો; તે જાણીને મારા મનને તો તે તમાશા જેવું લાગે છે કે આપ જેવા અનંત રિદ્ધિના ધારકને, માત્ર મને સમકિત આપવામાં શું ખોટ જવાની છે; કંઈ જ નહીં. તો હવે જરૂર આપવા મહેરબાની કરશો. ।।૨।।

**લલચાવીને જે કીજે, કિમ દાસને ચિત્ત પતીજે રે? સ૦**
**પદ મોટે કહાવો મોટા, જિણ તિણ વાતે ન હુવો ખોટા રે. સ૦ કું૦૩**

**અર્થ :–** શિષ્યને લલચાવીને જો આપવાનું કરશો તો શિષ્યના મનને પૂરો સંતોષ નહીં થાય. આપ ત્રણ લોકના નાથની પદવીના ધારક હોવાથી મોટા છો, તેથી આવા કેવળજ્ઞાનના બીજ જેવા સમ્યક્દર્શનને આપવા નિમિત્તે ખોટા થાશો મા. ।।૩।।

**મુજ ભાવ મહેલમેં આવો, ઉપશમ રસ પ્યાલો ચખાવો રે; સ૦**
**સેવકનો તો મન રીઝે, જો સેવક કારજ સીઝે રે. સ૦ કું૦૪**

**અર્થ :–** હે પ્રભુ! સમ્યક્દર્શનની યોગ્યતા પ્રાપ્ત કરાવવા આપ મારા ભાવરૂપી મહેલમાં પધારો. અને કષાયના ઉપશમનરૂપ રસનો પ્યાલો ચખાવો અર્થાત્ કષાય શમન કરવાથી આત્મસુખનો કેવો આસ્વાદ આવે તેનો સ્વાદ ચખાવો. તો આપના સેવકનું મન રીઝે એટલે રાજી થાય અને આ પામર સેવકનું આત્મકાર્ય પણ સીઝે અર્થાત્ સિદ્ધ થાય. ।।૪।।

**મનમેળું થઈ મન ન મેળો, ગ્રહે આવી મત અવહેલો રે; સ૦**
**તુમે જાણો છો એ કરું લીલા, પણ અરથી સદ્દહે કે રીસાલા રે સ૦ કું૦૫**

**અર્થ :–** હે પ્રભુ! હવે આપની સાથે મારા મનનો મેળાપ થઈ ગયો છે. એવા મારા મનને આપ હવે મેળશો નહીં અર્થાત્ મને છોડશો નહીં. એકવાર

મારા મનમાં આવી મને ગ્રહણ કરીને હવે અવહેલશો નહીં, અર્થાત્ તરછોડશો નહીં. તમે તો જાણતા હશો કે અવહેલવારૂપ હું તો ખાલી લીલા કરું છું, પણ મારા જેવા કલ્યાણના અર્થી તો એવી સદ્દહણા એટલે શ્રદ્ધા કરશે કે આપ તો મારાથી રીસાઈ ગયા છો. ।।૫।।

**પ્રભુચરણ સરોરુહ રહેવું, ફળપ્રાપ્તિ લહેણ દેવું રે; સ૦**
**કવિ રૂપ વિબુધ જયકારી, કહે મોહન જિન બલિહારી રે. સ૦ કું૦૬**

**અર્થ :–** હે પ્રભુ! હું તો આપના ચરણ સરોરુહ એટલે ચરણકમળમાં જ રહેવાનો ઇચ્છક છું. કેમકે તેનાથી જ આત્મસુખરૂપ ફળ પ્રાપ્તિને જીવ લહે છે અર્થાત્ પામે છે. ત્યાં કર્મરૂપ દેવું થતું નથી. અમારા ગુરુ પંડિત કવિવર શ્રી રૂપવિજયજી ઇન્દ્રિયજયને કરનારા છે, એમ શ્રી મોહનવિજયજી કહે છે. તથા જણાવે છે કે શ્રી કુંથુનાથ જિનેશ્વરની તો સદા બલિહારી જ છે; હું તો સદા એમના પર વારી જાઉં છું. ।।૬।।

---

# (૧૮) શ્રી અરનાથ સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(રાગ પરજ ઋષભનો વંશ રયણાયરૂ—એ દેશી)

**ધરમ પરમ અરનાથનો, કેમ જાણું ભગવંત રે;**
**સ્વપર સમય સમજાવીએ, મહિમાવંત મહંત રે. ધ૦૧**

**સંક્ષેપાર્થ :–** હે અરનાથ પ્રભુ! હું આપનો બોધેલો પરમધર્મ એટલે આત્મધર્મ, તેને કેવી રીતે જાણી શકું?

આપ કૃપા કરી મને સ્વસમય એટલે સ્વભાવમાં સ્થિત અને પર સમય એટલે સ્વભાવથી ચ્યુત થઈને વિભાવમાં પ્રવર્તે એવા આત્માનું સ્વરૂપ સમજાવો. કેમકે આપ તો મહિમાવંત અને મહંત કહેતા મહાપ્રભુ છો. ।।૧।।

**શુદ્ધાતમ અનુભવ સદા, સ્વસમય એહ વિલાસ રે;**
**પરબડી છાંહડી જેહ પડે, તે પરસમય નિવાસ રે. ધ૦૨**

**સંક્ષેપાર્થ :–** જેને શુદ્ધાત્માનો અનુભવ સદા છે, તે સ્વસમય કહેતા પોતાના આત્મામાં વિલાસ કરે છે અર્થાત્ રમે છે એમ જાણવું.



અને પરબડી એટલે પરવસ્તુની છાયા જ્યારે આત્મામાં પડે અર્થાત્ પૌદ્ગલિક વસ્તુમાં જીવ મોહ પામી આત્માથી પર વિષયોમાં રાચી રહે ત્યારે આત્માનો પર સમયમાં નિવાસ છે એમ જાણવું. ।।૨।।

**તારા નક્ષત્ર ગ્રહ ચંદની, જ્યોતિ દિનેશ મઝાર રે;**
**દર્શન જ્ઞાન ચરણ થકી, શક્તિ નિજાતમ ધાર રે. ધ૦૩**

**સંક્ષેપાર્થ :–** તારા, નક્ષત્ર, ગ્રહ અને ચંદ્રમાની જ્યોતિ એટલે કાંતિનો પ્રકાશ તે સૂર્યની કાંતિમાં સમાવેશ થાય છે.

તેમ સમ્યક્દર્શન, જ્ઞાન ચારિત્રાદિ ગુણોની શક્તિ પણ આત્મામાં સમાવેશ પામે છે; અર્થાત્ આ બધા આત્માના જ ગુણો હોવાથી ગુણી એવા આત્મામાં સમાય છે. ગુણ અને ગુણી કદી જુદા હોતા નથી. તેમ જ્ઞાન, દર્શન, ચારિત્ર પણ નિશ્ચયથી જોતાં આત્માથી અભિન્ન છે. જ્ઞાન દર્શનાદિ ગુણોનો વિકાસ એ જ આત્માનો વિકાસ છે. ।।૩।।

**ભારી પીળો ચીકણો, કનક અનેક તરંગ રે;**
**પર્યાયદૃષ્ટિ ન દીજીએ, એક જ કનક અભંગ રે. ધ૦૪**

**સંક્ષેપાર્થ :–** સુવર્ણમાં ભારેપણું, પીળાપણું અને ચીકણાપણું વગેરે અનેક તરંગ એટલે અવસ્થાઓ દેખાય છે. તે સુવર્ણથી ભિન્ન નથી. સુવર્ણ દ્રવ્યમાં ભારેપણું, પીળાપણું, ચીકણાપણું એ એના ગુણો છે તેને સહભાગી પર્યાય પણ કહેવાય. અને સુવર્ણના કુંડલ, કંકણ, બાજુબંધ વગેરે જે બને તેને ક્રમભાવી પર્યાય કહેવાય. પણ જો સુવર્ણના ઉપર કહેલા પર્યાયો ઉપર દૃષ્ટિ ન કરીએ તો દ્રવ્યરૂપે ફક્ત એક અખંડ સુવર્ણ જ દૃષ્ટિગોચર થાય. ।।૪।।

**દરશન જ્ઞાન ચરણ થકી, અલખ સ્વરૂપ અનેક રે;**
**નિર્વિકલ્પ રસ પીજીએ, શુદ્ધ નિરંજન એક રે. ઘ૦૫**

**સંક્ષેપાર્થ :–** ઉપરની ગાથામાં સુવર્ણના દૃષ્ટાંત પ્રમાણે જો આત્માને દર્શન, જ્ઞાન, ચારિત્રાદિ ગુણોવડે જોઈએ તો અલખ એટલે લક્ષમાં ન આવી શકે એવા આત્માના અનેક સ્વરૂપ ભાસે. કેમકે આત્મામાં અનંતગુણો છે. જેમકે દર્શનગુણની અપેક્ષાએ દર્શનાત્મા, જ્ઞાનગુણની અપેક્ષાએ જ્ઞાનાત્મા અને ચારિત્રગુણની અપેક્ષાએ ચારિત્રાત્મા કહેવાય. એમ અનેક સ્વરૂપવાળો આત્મા જણાય. પણ પર્યાયદૃષ્ટિના વિકલ્પોનો ત્યાગ કરી નિર્વિકલ્પ રસનું પાન કરવામાં આવે તો શુદ્ધ નિરંજન એવો આત્મા એક જ જણાય. કારણ કે બધા તરંગો

અથવા મોજાઓ અંતે દરિયામાં સમાય છે તેમ પર્યાયના બધા તરંગો અંતે દ્રવ્યમાં સમાય છે. ।।૫।।

**પરમારથ પંથ જે કહે, તે રંજે એક તંત રે;**
**વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે. ધ૦૬**

**સંક્ષેપાર્થ :–** પરમાર્થ એટલે નિશ્ચયનય ગ્રહણ કરીને એકાંતથી જેઓ મોક્ષનો પંથ જીવોને બતાવે છે અને તેમાં જ રંજિત થાય છે અર્થાત્ આનંદ માને છે અને તેનો પાછો તંત એટલે આગ્રહ રાખે છે તે નિશ્ચયાભાસી છે.

અને બીજા જે વ્યવહારનયનો લખ એટલે મુખ્ય લક્ષ રાખી મોક્ષમાર્ગમાં પ્રવર્તે છે, તે વ્યવહારનયનો આગ્રહ રાખી ચાલનારાઓના જગતમાં અનંત ભેદો હોઈ શકે છે. પણ જેઓ નિશ્ચય અને વ્યવહાર એ બન્નેનો સુમેળ સાધી ગુરુ આજ્ઞાએ મોક્ષમાર્ગમાં આગળ વધે તે જરૂર મોક્ષ પ્રાપ્તિ કરી શકે એમ છે. ।।૬।।

**વ્યવહારે લખે દોહિલા, કાંઈ ન આવે હાથ રે;**
**શુદ્ધ નય થાપના સેવતાં, નવિ રહે દુવિધા સાથ રે. ધ૦૭**

**સંક્ષેપાર્થ :–** માત્ર વ્યવહારથી જપતપાદિ ક્રિયાઓ કરતાં તેને લખએટલે આત્માનો લક્ષ થવો દોહિલો એટલે દુર્લભ છે. અને તેથી કાંઈ હાથઆવતું નથી, અર્થાત્ ઓઘા મુપત્તિના મેરુપર્વત જેટલા ઢગલા કર્યા તો પણ મોક્ષમાર્ગ હાથ આવ્યો નહીં.

પણ હવે શુદ્ધ નય એટલે નિશ્ચયનયને હૃદયમાં સ્થાપી અર્થાત્ આત્મ-ા પ્તિનો લક્ષ રાખી પછી ગુરુઆજ્ઞાએ બધી ક્રિયાઓ કરતાં દુવિધા એટલે આત્મા સંબંધીનો અનિશ્ચય રહેશે નહીં અર્થાત્ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને તે પામશે. ।।૭।।

**એકપખી લખી પ્રીતિને, તુમ સાથે જગનાથ રે;**
**કૃપા કરીને રાખજો, ચરણ તળે ગ્રહી હાથ રે. ધ૦૮**

**સંક્ષેપાર્થ :–** હે જગતના સ્વામી શ્રી અરનાથ પ્રભુ! મારી આપની સાથે એક પખી કહેતા એકપક્ષીય પ્રીતિ છે. કારણ કે આપ તો નીરાગી અને હું રાગી છું. તેને લખી એટલે જાણીને, મારા ઉપર કૃપા વરસાવી આપના ચરણતળે મારો હાથ ગ્રહીને રાખજો કે જેથી હું કોઈ નિશ્ચય કે વ્યવહારના એકાંતવાદમાં ન તણાઈ જાઉં પણ બેય નયોની સમતુલા જાળવી મારા આત્માનું કલ્યાણ કરું. ।।૮।।



**ચક્રી ધરમ તીરથતણો, તીરથ ફળ તતસાર રે;**
**તીરથ સેવે તે લહે, આનંદઘન નિરધાર રે. ધ૦૯**

**સંક્ષેપાર્થ :–** ધરમ એટલે 'દુર્ગતિમાં પડતા આત્માને જે ધરી રાખે તે ધર્મ' અને જેથી તરાય તે તીર્થ. તે તીર્થના આપ હે અરનાથ પ્રભુ! ચક્રી અર્થાત્ ધર્મચક્રી છો. તેમજ એ જ ભવમાં ચક્રવર્તીપદને પણ પામેલા છો. આપ જેવા તીર્થરૂપ પરમાત્માને સેવવાનું ફળ તત્ત્વસાર છે. સાતેય તત્ત્વોમાં સારરૂપ એક આત્મતત્ત્વ છે.

જે તીર્થરૂપ એવા આપને સેવે અર્થાત્ આપની જે આજ્ઞા ઉપાસે તે ભવ્ય જીવ નિરધાર એટલે નક્કી આત્માના આનંદઘનને પામે, એમાં કોઈ સંદેહ નથી. એમ શ્રી આનંદઘનજી મહારાજ પોતાના અનુભવથી કહે છે. ।।૯।।

---

## (૧૮) શ્રી અરનાથ સ્વામી

### શ્રી દેવચંદ્રજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(રામચંદ્ર કે બાગમેં ચંપો મોરી રહ્યો રે—એ દેશી)

**પ્રણમો શ્રી અરનાથ, શિવપુર સાથ ખરોરી;**
**ત્રિભુવન જન આધાર, ભવનિસ્તાર કરોરી.૧**

**સંક્ષેપાર્થ :–** હે ભવ્યાત્માઓ! પરમકૃપાળુ એવા શ્રી અરનાથ પ્રભુને વારંવાર પ્રણામ કરો. કારણ કે તે શિવપુર એટલે મોક્ષરૂપ નગરમાં પહોંચાડવાને માટે ખરા સાથીદાર છે. અજ્ઞાનવડે ત્રિવિધ તાપથી પીડિત ત્રણ ભુવનના જનોને જે આધારરૂપ એટલે શરણરૂપ છે. તથા ભવ એટલે ચાર ગતિરૂપ સંસારથી નિસ્તાર એટલે પાર ઉતારનારા છે. એવા શ્રી અરનાથ પ્રભુને હે ભવ્યો! તમે સદા સેવો. ।।૧।।

**કર્તા કારણ યોગ, કારજ સિદ્ધિ લહેરી;**
**કારણ ચાર અનુપ, કાર્યાર્થી તેહ ગ્રહેરી.૨**

**સંક્ષેપાર્થ :–** હવે વસ્તુનો કાર્યકારણ સંબંધ જણાવે છે –

કાર્ય રુચિના અર્થી એવા કર્તાને જ્યારે કારણનો યોગ મળે ત્યારે જ તે કાર્યની સિદ્ધિને પામે છે. તે કારણ અનુપ એટલે શ્રેષ્ઠ એવા ચાર છે. તેને કાર્યનો

અર્થી ગ્રહણ કરે છે. તે કારણમાં (૧) ઉપાદાન કારણ (૨) નિમિત્ત કારણ, (૩) અસાધારણ કારણ અને (૪) અપેક્ષા કારણ છે. એકલો કર્ત્તા, કારણરૂપ સામગ્રી વિના કાર્ય કરી શકતો નથી. હવે આગળની ગાથાઓમાં ચારેય કારણની સ્પષ્ટતા કરે છે. ।।૨।।

**જે કારણ તે કાર્ય, થાયે પૂર્ણ પદેરી;**
**ઉપાદાન તે હેતુ, માટી ઘટ તે વદેરી. ૩**

**સંક્ષેપાર્થ :–** પ્રથમ ઉપાદાનકારણ વિષે જણાવે છે :– પ્રથમ જે કારણ છે તે જ કાર્યની પૂર્ણતાના સમયે કાર્યરૂપ બને છે, તેને ઉપાદાન હેતુ કારણ કહીએ છીએ. જેમકે માટી તે જ ઘટ એટલે ઘડારૂપે બને છે, એમ લોકો પણ વદે છે અર્થાત્ કહે છે. પ્રથમ માટી ઘડાની ઉપાદાન કારણપણે હતી, તે જ અંતમાં ઘડારૂપે પરિણમી છે. ।।૩।।

**ઉપાદાનથી ભિન્ન, જે વિણ કાર્ય ન થાયે;**
**ન હુવે કારજરૂપ, કર્તાને વ્યવસાયે. ૪**
**કારણ તેહ નિમિત્ત, ચક્રાદિક ઘટ ભાવે;**
**કાર્ય તથા સમવાય, કારણ નિયતને દાવે. ૫**

**સંક્ષેપાર્થ :–** હવે નિમિત્તકારણનું કથન કરે છે :– જે વસ્તુ ઉપાદાન કારણથી ભિન્ન છે તથા જે વિના કાર્ય સિદ્ધિ પણ થઈ ન શકે તથા એકલા કર્તાના વ્યવસાયે એટલે કર્તાના એકલા પુરુષાર્થથી જેના વિના કાર્યસિદ્ધિ થઈ ન શકે તેને નિમિત્ત કારણ કહેવાય છે. જેમકે ઘડો બનાવવામાં ચક્ર, દંડાદિક નિમિત્તકારણ છે. પણ જ્યારે કાર્ય કરતાં સમવાય કારણ એટલે ઉપાદાન કારણને નિયત એટલે નિશ્ચિતપણે, નક્કી કામમાં લગાડે ત્યારે જ તે નિમિત્તકારણ કહેવાય. જેમકે માટીને ઘડારૂપે પ્રવર્તાવે ત્યારે તે દંડાદિક નિમિત્તકારણ છે; અન્યથા નહીં. ।।૪,૫।।

**વસ્તુ અભેદ સ્વરૂપ, કાર્યપણું ન ગ્રહેરી;**
**તે અસાધારણ હેતુ, કુંભે સ્થાસ લહેરી. ૬**

**સંક્ષેપાર્થ :–** હવે અસાધારણ કારણનું સ્વરૂપ કહે છે. ઘડો બનાવતાં જે જે આકારો વચ્ચે વચ્ચે બનતા જાય છે તે ઉપાદાન કારણ એવી માટીથી જુદા નથી, અભેદ સ્વરૂપે છે તથા જે ઘડારૂપ કાર્ય પૂરું થયે વચ્ચેના બનતા આકારો રહેતા નથી, તેને અસાધારણ હેતુકારણ કહે છે. જેમકે કુંભ એટલે ઘડો બનાવતા



તેના સ્થાસ એટલે થાલી વગેરેના અનેક આકારો બને છે, તે માટીના જ બને છે; પણ ઘડો તૈયાર થયે તે પૂર્વ ભૂમિકાઓ રહેતી નથી તે અસાધારણ કારણ જાણવું. ।।૬।।

**જેહનો નવિ વ્યાપાર, ભિન્ન નિયત બહુ ભાવી;**
**ભૂમિ કાલ આકાશ, ઘટ કારણ સદભાવી. ૭**
**એહ અપેક્ષા હેતુ, આગમ માંહી કહ્યોરી;**
**કારણ પદ ઉત્પન્ન, કાર્ય થયે ન લહ્યોરી. ૮**

**સંક્ષેપાર્થ :–** હવે અપેક્ષા કારણ કહે છે :– જે કારણનો વ્યાપાર કરવો પડતો નથી, એટલે કે જે કારણને મેળવવા માટે પ્રયત્ન કરવો પડતો નથી. અને જે ઉપાદાન કારણથી ભિન્ન એટલે જાુદું છે. છતાં તેની નિયત એટલે નિશ્ચિતપણે આવશ્યકતા છે. તથા જે કારણ બહુ ભાવી છે એટલે બીજા કાર્યોમાં પણ જેની આવશ્યકતા છે. તે કારણ ભૂમિ, કાલ અને આકાશ છે કે જે ઘડો બનાવવામાં સદ્ભાવી કારણ છે અર્થાત્ જેના વિના ઘડો બનતો નથી. તેને આગમ ગ્રંથોમાં અપેક્ષા હેતુકારણ કહ્યાં છે. એ ચારેય કારણનું સ્વરૂપ પૂરું થયું.

હવે કારણપદ ઉત્પન્ન થાય છે તે કહે છે. જ્યારે કાર્યનો કર્તા, તે કાર્ય કરવા માટે ઉપકરણોને પ્રવર્તાવે ત્યારે જ તે કારણ કહેવાય. માટે તે ઉત્પન્ન થાય છે એમ કહ્યું. જેમ લાકડામાં પૂતલી કે દંડ વગેરે અનેક થવાની યોગ્યતા છે. પણ દંડ છે તે ઘડો બનાવવામાં ઉપયોગી છે તેમજ તે ઘડાને ભાંગવામાં પણ ઉપયોગી છે. માટે કર્તા તેને જે કારણપણે ઉત્પન્ન કરે તે પ્રમાણે તે પ્રયોગમાં આવે છે. માટે કારણપદ ઉત્પન્ન થાય છે, અને કાર્યની પૂર્ણતાએ તે કારણપદ રહેતું નથી, અર્થાત્ મટી જાય છે. ।।૮।।

**કર્તા આતમ દ્રવ્ય, કારજ સિદ્ધિપણોરી;**
**નિજ સત્તાગત ધર્મ, તે ઉપાદાન ગણોરી. ૯**

**સંક્ષેપાર્થ :–** હવે સિદ્ધપદ પ્રાપ્તિનું કાર્ય કરવામાં ચારે કારણ કેવી રીતે છે તે જણાવે છે :–

પોતાના આત્માથી અભેદ એવી સિદ્ધતા તેને પ્રગટાવવા માટે કર્તા એવું આત્મદ્રવ્ય પોતે જ છે. અને કારજ એટલે કાર્ય, તે પોતાના આત્માની સિદ્ધિ પ્રાપ્ત કરવી તે છે. હવે પોતાના જ સત્તાગત ધર્મ જે જ્ઞાન,દર્શન, ચારિત્ર, વીર્યાદિક અનંતગુણ રૂપે છે, તે જ શુદ્ધ થયે સિદ્ધતા સ્વરૂપે થાય છે; માટે તે જ

ઉપાદાન કારણ જાણવા. ।।૯।।

**યોગ સમાધિ વિધાન, અસાધારણ તેહ વદેરી;**
**વિધિ આચરણા ભક્તિ, જેણે નિજ કાર્ય સધેરી. ૧૦**

**સંક્ષેપાર્થ :–** હવે સિદ્ધતા પ્રાપ્ત કરવામાં અસાધારણ કારણ જણાવે છે :

મન વચન કાયાના યોગવડે આત્મપરિણામને સ્વસ્થ કરવાનું વિધાન કરવું એટલે કે જ્ઞાન સહિત ક્રિયા કરવાની સાધકની સર્વ અવસ્થાઓ, તેને અસાધારણ કારણ શાસ્ત્રમાં વદેરી એટલે કહ્યું છે. જેમકે વિધિ એટલે ચોથા ગુણસ્થાનકથી માંડી સિદ્ધ અવસ્થા પર્યંતની જે વિધિ તથા રત્નત્રયનું આચરણ તેમજ પ્રભુની ગુણ બહુમાન સાથે ભક્તિ કરવી વગેરે જે વડે પોતાનું આત્મકાર્ય સધાય તેને શાસ્ત્રમાં અસાધારણ કારણ કહ્યું છે. ।।૧૦।।

**નરગતિ પઢમ સંઘયણ, તેહ અપેક્ષા જાણો;**
**નિમિત્તાશ્રિત ઉપાદાન, તેહને લેખે આણો. ૧૧**

**સંક્ષેપાર્થ :–** હવે સિદ્ધતા પ્રાપ્ત કરવામાં જે અપેક્ષા કારણ છે તથા જે નિમિત્તકારણ છે તેને જણાવે છે :–

નરગતિ એટલે મનુષ્યગતિ તથા પઢમ એટલે પ્રથમ સંઘયણ અર્થાત્ વજ્રઋષભનારાચ સંઘયણ, પંચેન્દ્રિયપણું ઇત્યાદિ કારણો સિદ્ધતારૂપ કાર્ય કરવામાં જરૂરી છે તેને અપેક્ષાકારણ જાણવા. એ મળ્યા વિના મોક્ષરૂપ કાર્યની સિદ્ધિ થાય નહીં. તથા જે આત્માર્થી થઈને સત્‌દેવગુરુધર્મના નિમિત્તનો આશ્રય લઈ પોતાના ઉપાદાન કારણ એવા આત્માને બળવાન કરે તો જ તે નિમિત્તકારણ લેખામાં ગણાય. અને ત્યારે જ મનુષ્યગતિ આદિ પણ અપેક્ષા કારણ ગણાય, નહીં તો નહીં. ।।૧૧।।

**નિમિત્ત હેતુ જિનરાજ, સમતા અમૃત ખાણી;**
**પ્રભુ અવલંબન સિદ્ધિ, નિયમા એહ વખાણી. ૧૨**

**સંક્ષેપાર્થ :–** આત્મસિદ્ધિરૂપ કાર્ય કરવામાં પુષ્ટ નિમિત્તકારણ શ્રી જિનરાજ સર્વજ્ઞ વીતરાગ છે. કારણ કે તે રાગદ્વેષ રહિત હોવાથી સમતારૂપ અમૃતની ખાણ છે. એવા પ્રભુના અવલંબને નિયમા એટલે નિશ્ચિતપણે આત્માની સિદ્ધિ થાય છે. એમ આગમમાં પ્રભુના પુષ્ટ નિમિત્તકારણને વખાણ્યું છે. માટે હમેશાં પરમગુરુના સહજાત્મસ્વરૂપમાં ઉપયોગને જોડી રાખવો એ મોક્ષનો સાચો ઉપાય છે. ।।૧૨।।



**પુષ્ટ હેતુ અરનાથ, તેહને ગુણથી હળીએ;**
**રીઝ ભક્તિ બહુમાન, ભોગ ધ્યાનથી મળીએ. ૧૩**

**સંક્ષેપાર્થ :–** મોક્ષમાર્ગમાં પુષ્ટકારણ શ્રી અરનાથ પ્રભુ છે. માટે હમેશાં તેમના સમ્યક્‌દર્શન, જ્ઞાન, ચારિત્રાદિ ગુણોથી હલીયે કહેતા તે તે ગુણોમાં આપણા આત્માને જોડીએ, તથા રીઝ એટલે તે ગુણો વડે આનંદ પામી તેમની ભક્તિ બહુમાન સાથે કરીએ. તથા તેમના પ્રશમરસના ગુણોનો ભોગ એટલે સ્વાદ મેળવવા માટે ધ્યાનથી એટલે ચિત્તની એકાગ્રતા કરીને પ્રભુના શુદ્ધસ્વરૂપ સાથે મળીએ; એ જ આ મનુષ્યભવ પામ્યાનો ઉત્તમ લહાવો છે. ।।૧૩।।

**મોટાને ઉત્સંગ, બેઠાને શી ચિંતા;**
**તિમ પ્રભુ ચરણ પસાય, સેવક થયા નિચિંતા. ૧૪**

**સંક્ષેપાર્થ :–** જગતમાં કહેવાય છે કે મોટાના ખોળામાં બેસવાથી પ્રાણી નિશ્ચિંત બને છે. તેમ ત્રણેય લોકમાં સૌથી મોટા એવા પરમગુરુ પરમાત્માનો આશ્રય લેનારને પછી ચિંતા શી ? કંઈ જ નહીં. તેમ વીતરાગ પ્રભુના ચરણ પસાયે કહેતાં તેના ચરણ સેવ્યા થકી સેવક નિશ્ચિંત એટલે ચિંતારહિત બની જાય છે. જેને વીતરાગનું સાચું શરણ લીધું તેને પછી મોહનું જોર ઘટી જાય છે, સંસારનો ભય રહેતો નથી કે કર્મની બીક રહેતી નથી અને ક્રમે કરી તે ભવ્યાત્મા સર્વ દુઃખથી મુક્ત થાય છે. ।।૧૪।।

**અરપ્રભુ પ્રભુતા રંગ, અંતર શક્તિ વિકાસી;**
**દેવચંદ્રને આનંદ, અક્ષય ભોગ વિલાસી. ૧૫**

**સંક્ષેપાર્થ :–** જે ભાગ્યશાળીને અરનાથ પ્રભુની પ્રભુતા એટલે આત્મ-ઐશ્વર્યના રંગે રંગ લાગ્યો છે તે ભવ્યાત્માની અંતર આત્મશક્તિ વિકાસ પામી, તે સમ્યક્‌દૃષ્ટિ, દેશ વિરતિ કે સર્વ વિરતિ વગેરેની દશાને પામે છે. તથા ક્રમે કરી સર્વ કર્મોની નિર્જરા કરીને તે પૂજ્યાત્મા દેવોમાં ચંદ્ર સમાન પરમેશ્વરના અવ્યાબાધ આનંદને પામે છે. તથા સર્વકાળને માટે તે અક્ષય એવા આત્મસુખનો ભોગી બની તેનો જ તે વિલાસ કરનારો થાય છે.

આમ પુષ્ટ નિમિત્ત કારણ શ્રી અરનાથ પ્રભુને પામી, પોતાના ઉપાદાન કારણરૂપ આત્માને જાગૃત કરી, રત્નત્રયરૂપ આચરણ પ્રભુ ભક્તિ સાથે અસાધારણ કારણરૂપે સેવીને ચઢતો ક્રમ આદરી, જે મનુષ્યગતિરૂપ અપેક્ષા કારણને સફળ બનાવશે તે જ ઉત્તમ આત્માર્થી આત્માનંદરૂપ કાર્યને સાધશે.

માટે ઉપાદાનાદિ ત્રણે કારણો સફળ થવાનું મુખ્ય કારણ, તે નિમિત્ત કારણરૂપે પ્રભુ જ છે. માટે વીતરાગ પ્રભુરૂપ શુદ્ધ નિમિત્તને હમેશાં ત્રણે યોગથી ભાવપૂર્વક સેવો, તેમની ભાવપૂર્વક ભક્તિ કરો કે જેથી પોતાનો આત્મા પણ દેવોમાં ચંદ્ર સમાન એવા ઉત્તમ મોક્ષપદને પામે. ।।૧૫।।

---

# (૧૮) શ્રી અરનાથ સ્વામી

## શ્રી યશોવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(આસણરા યોગી—એ દેશી)

**શ્રી અરિજન ભવજલનો તારુ, મુજ મન લાગે વારુ રે;**
**મનમોહન સ્વામી.**
**બાંહ્ય ગ્રહી એ ભવજલ તારે, આણે શિવપુર આરે રે. મન૦૧**

**અર્થ :—** શ્રી અરનાથ પ્રભુ મને સંસારસમુદ્રમાંથી તારનાર છે, માટે મારા મનને તેઓ બહુ પ્રિય લાગે છે. એઓ હાથ પકડીને ભવ્યજનને તારે છે અને કાંઠે લાવી મોક્ષનગરે પહોંચાડે છે. માટે તે મારા મનના મોહક સ્વામી છે.

**ભાવાર્થ :—** શ્રી અરનાથ ભગવાનની સ્તુતિ કરતાં શ્રી યશોવિજયજી મહારાજ જણાવે છે કે જે આત્મકલ્યાણાર્થી જીવો તેમનું સ્મરણ, ભજન તથા ધ્યાનાદિ કરે છે, તેમને સંસારસમુદ્રમાંથી તારી પેલે પાર—સામે કાંઠે પહોંચાડે છે. તેથી મને બહું વહાલા લાગે છે. તેઓ ભવ્ય જીવોને બાંહ્ય ગ્રહી એટલે જ્ઞાન અને ક્રિયારૂપ બે હાથનું અવલંબન આપી, સંસારસમુદ્રમાંથી ઉદ્ધરી, તેમને સામે પાર કે જ્યાં મોક્ષનગર છે ત્યાં લઈ જાય છે. એવા અરનાથ પ્રભુ મારા મનને મોહ પમાડનારા છે. ।૧।।

**તપ જપ મોહ મહા તોફાને, નાવ ન ચાલે માને રે; મ૦**
**પણ નવિ ભય મુજ હાથોહાથે, તારે તે છે સાથે રે. મન૦૨**

**અર્થ :—** મોહ ગર્ભિત તપ જપ આત્મારૂપી નાવને હાલકડોલક કરીને આગળ વધવા દેતા નથી. પણ શ્રી યશોવિજયજી મહારાજ જણાવે છે કે મને એ ભય નથી. કારણ કે હાથોહાથ તારે એવા પ્રભુ મારી સાથે છે.

**ભાવાર્થ :—** જે પામર જીવો તપ તથા જપ આદિ ઉત્તમ કરણીઓ અમુક પ્રકારનું પૌદ્ગલિક સુખ મેળવવાની ઇચ્છાપૂર્વક કરે અથવા લોકોમાં કેમ



જાહેર થાય તથા પોતાનું બહુમાન કેમ વધે ? એ અર્થે પ્રયાસ કરે અથવા બીજાઓ કે જેઓ એવી કરણી ન કરતા હોય કે ન કરી શકતા હોય તેઓની નિંદા કરે અને પોતાનાં વખાણ પોતાના મુખે કરે તથા એ બાબત ગર્વ ધારણ કરે તેવા જીવોનું આત્મારૂપી નાવ તે જે દિશામાં ચલાવવા ઇચ્છે છે તે તરફ ચાલતું નથી. તેઓનો આત્મા સાચા માર્ગે ચઢી શકતો નથી. તેને મોહરૂપી મહાતોફાન નડે છે. તેથી ક્વચિત્ તે નાવ ઊંધુ વળી જઈ ડૂબી પણ જાય છે. અહીં કહેવાનો આશય એમ છે કે એવી રીતે આચરણ કરનારા જીવો તરી શકતા નથી પણ કોઈવાર તો સંસારરૂપી કાદવમાં ઊલટા વધારે વધારે ખૂંચે છે, કર્ત્તા મહાશય કહે છે કે મને એવો કોઈ પ્રકારનો ભય નથી, કારણ કે મારી દરેક કરણી માત્ર પ્રભુની પ્રીતિ-ભક્તિ મેળવવા અર્થે જ છે. તેથી પ્રભુ સદા મારી સાથે જ છે. તે મારો હાથ પકડી, સંભાળપૂર્વક—કાળજી રાખીને ભવસમુદ્રથી મને પેલી પાર મોક્ષપુરીએ પહોંચાડે એમ છે.

આ ગાથાનો સાર એ છે કે જે કાંઈ તપજપાદિ ધર્મકરણી કરવી તે કોઈપણ જાતના સાંસારિક ફળની ઇચ્છા રાખ્યા વિના માત્ર આત્માને કર્મથી મુક્ત કરવા માટે કરવી. અન્ય સાંસારિક પ્રયોજનની ઇચ્છાએ કરવાથી તો માત્ર સંસાર જ વધે છે પણ મોક્ષ મળતો નથી. ।।૨।।

**ભગતને સ્વર્ગ સ્વર્ગથી અધિકું, જ્ઞાનીને ફલ દેઈ રે; મ૦**
**કાયા કષ્ટ વિના ફલ લહીએ, મનમાં ધ્યાન ધરેઈ રે. મન૦૩**

**અર્થ :—** ભક્તને સ્વર્ગ અને જ્ઞાનીને સ્વર્ગથી પણ અધિક એવું મોક્ષફળ પ્રભુ આપે છે, જો ખરા મનથી પ્રભુનુ ધ્યાન ધરીએ તો શરીરને કષ્ટ પડ્યા વિના પણ મોક્ષરૂપ ફળ મેળવી શકાય એમ છે.

**ભાવાર્થ :—** ભક્તિનો યથાર્થ હેતુ જાણ્યા વિના શ્રી અરનાથ પ્રભુની ભક્તિ કરનાર ભક્તજનને વધારેમાં વધારે દેવલોકનું સુખ મળે છે. પણ જે ભક્તજન, પ્રભુભક્તિ કરવાનું યથાર્થ કારણ સમજીને ભક્તિ કરે છે તેવા જ્ઞાનીભક્તને તો પ્રભુ મોક્ષફળ આપે છે. જ્ઞાનીભક્ત અને અજ્ઞાની ભક્તને જેવાં પ્રકારનાં ફળો મળે છે તેની ભિન્નતા અત્ર બતાવેલ છે. તે યથાર્થ સમજવા યોગ્ય છે. એ એમ સૂચવે છે કે જે જે કરવું તે તે સમજીને કરવું. સમજ્યા વગર જે જે ધર્મકરણી કરવામાં આવે તે 'જ્ઞાનરહિત ક્રિયા કહી કાસકુસુમ ઉપમાન.' તે માત્ર તુચ્છ અલ્પફળની આપનારી થાય છે. માટે દરેક ક્રિયાઓ, તેના હેતુને સમજીને કરવી જોઈએ એવો આ ઉપરથી સાર નીકળે છે. કવિ આગળ જતાં કહે

છે કે જો જ્ઞાનપૂર્વક સમજીને માત્ર મનથી પણ પ્રભુનુ ધ્યાન વગેરે અભ્યંતર તપ ધારણ કરવામાં આવે તો બીજા કોઈપણ પ્રકારના શારીરિક કષ્ટ કર્યા વિના પણ મોક્ષ મેળવી શકાય છે. જ્ઞાનસહિત ક્રિયાથી જ મોક્ષ મળે છે. જ્ઞાનનું કેટલું માહાત્મ્ય છે તે અત્ર બતાવેલ છે. જે કર્મને ખપાવતાં અજ્ઞાની જીવને ક્રોડો વર્ષ લાગે તે કર્મને જ્ઞાનીપુરુષ માત્ર એક શ્વાસોચ્છ્‌વાસમાં ખપાવી નાખે છે.

**"જ્ઞાની સાસોસાસમેં, કરે કર્મનો ખેહ;**
**પૂર્વ કોડી વરસાં લગે, અજ્ઞાની ન કરે તેહ."**

માટે દરેક મુમુક્ષુએ—મોક્ષાર્થી જીવે ભવભ્રમણ વધારનારું જ્ઞાન મેળવવાનો પ્રયત્ન ન કરતાં અનુભવજ્ઞાન મેળવવાને માટે જીવનપર્યંત વિદ્યાર્થી થઈને રહેવું જોઈએ. સંસારમાંથી મુક્ત કરનાર એક અનુભવજ્ઞાન જ છે. તે મેળવવા સદા પ્રયત્નશીલ રહેવું. ॥૩॥

**જે ઉપાય બહુવિધની રચના, યોગમાયા તે જાણો રે; મ૦**
**શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ધ્યાને, શિવ દિયે પ્રભુ સપરાણો રે. મન૦૪**

**અર્થ :—** જે બહુ પ્રકારના ઉપાયો મોક્ષને અર્થે સ્વચ્છંદે કરવામાં આવે છે તે યોગમાયા છે અર્થાત્ મિથ્યા પ્રકારો છે એમ માનો. અને જે શુદ્ધ આત્મદ્રવ્ય, તેના ગુણો અને પર્યાયનું ધ્યાન કરે છે તેને પ્રભુ સપરાણો એટલે પરાણે અર્થાત્ અવશ્ય મોક્ષ આપે છે એમ જાણો.

**ભાવાર્થ :—** આ ગાથામાં અંતર યોગ અને બાહ્ય યોગનું સ્વરૂપ બતાવ્યું છે. તે જગતમાં અનેક પ્રકારના મિથ્યાત્વી જીવો બાવા, યોગી, સંન્યાસી વગેરે મોક્ષ મેળવવા માટે વિવિધ પ્રકારના ઉપાયો અજમાવે છે. કોઈ પંચાગ્નિ તપ તપે છે, કોઈ જટા તથા નખ વધારે છે, કોઈ શરીરે ભસ્મ લગાડી અવધૂત બને છે, કોઈ ઊંચે લાંબા હાથ કરી ધ્યાન ધરે છે, કોઈ ઝાડ ઉપર ઊંધે મસ્તકે લટકી રહે છે, કોઈ સમાધિ ચડાવે છે અને કોઈ ધ્યાન ધરે છે; પણ આ સર્વ અજ્ઞાનસહિત કષ્ટક્રિયાઓના યોગ માયારૂપ છે અર્થાત્ લોકોને મોહ ઉત્પન્ન કરી પોતાની તરફ આકર્ષવાના પ્રકારો છે. તેમાં આંતરિક વિશુદ્ધિ બહુ અલ્પ હોય છે, અને બાહ્યાડંબર ઘણો હોય છે. ઉપરથી તેઓ વૈરાગ્ય ધારણ કરે છે પણ અંદર મોહ રાજાનું સામ્રાજ્ય વર્તતું હોય છે. ભોળા મનુષ્યોને છેતરવાનો આ એક વ્યાપાર છે એમ ઘણે સ્થળે જોવામાં આવે છે. ઠગનારનો આત્મા પણ આ યોગમાયાથી ઠગાય છે. તેમાં આત્માના ગુણને સાધવા કરતાં પૌદ્‌ગલિક સુખો



મેળવવાનો હેતુ મોટા ભાગે હોય છે. તેથી આ સર્વ ઉપાયો મોક્ષને સાધનાર ન નીવડતાં સંસારને સાધનારા થાય છે; કારણ કે જેવી ઇચ્છા તેવું ફળ મળે છે. પણ જો આત્મસ્વરૂપનું ધ્યાન ધરવામાં આવે, આત્માના ગુણ પર્યાયનો વિચાર કરવામાં આવે તો તેવા જીવોને પ્રભુ અવશ્ય મોક્ષ આપે છે. આત્મા એ શુદ્ધ દ્રવ્ય છે. તેમાં રહેલા જ્ઞાન, દર્શન તથા ચારિત્રાદિ એ તેના ગુણો છે. અને તે ગુણોની વર્તના એટલે ક્રિયા એ તેના પર્યાયો છે. સદ્‌ગુરુ દ્વારા તે શુદ્ધાત્માનું સ્વરૂપ સમજી તેનું ચિંતન કરવામાં આવે તો જીવને જરૂર શિવપદની પ્રાપ્તિ થાય એ વાત નિઃસંદેહ છે. ॥૪॥

**પ્રભુપદ વલગ્યા તે રહ્યા તાજા, અલગા અંગ ન સાજા રે; મ૦**
**વાચક યશ કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉં રે. મન૦૫**

**અર્થ :—** પ્રભુના ચરણનું જેઓએ અવલંબન લીધું તેઓ ઉત્તમ સ્થિતિમાં તાજા ને તાજા રહ્યા, પણ જેઓ પ્રભુથી વેગળા ગયા તેઓ ઉત્તમ સ્થિતિથી પતિત થયા. વાચક શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે હું તો અન્ય દેવનું ધ્યાન ધરતો નથી; મને તો એક માત્ર વીતરાગ પ્રભુના જ ગુણગ્રામ પ્રિય છે.

**ભાવાર્થ :—** જેણે પ્રભુનુ શરણ અંગીકાર કર્યું તેઓ જ આત્માની ચઢતી ચઢતી દશાને પામી અંતે કેવલજ્ઞાનને વરે છે. પણ જેઓ પ્રભુના બતાવેલા માર્ગથી ભ્રષ્ટ-પતિત થાય છે તેઓ પડતા પડતા છેક મિથ્યાત્વ ગુણસ્થાને પણ આવી જાય છે. તેઓની આત્મિક સ્થિતિ વિશુદ્ધ રહેતી નથી; મલિન થઈ જાય છે. જેમ કોઈ માણસ ઊંચેથી પડે અને તેના હાડકાં ભાંગી જાય, તે માણસ પ્રાયઃ લાંબાકાળે સાજો થાય છે; તેવી જ સ્થિતિ હઠયોગીઓની છે તેઓ એકવાર પડ્યા પછી પ્રાયઃ બહુ લાંબે અંતરે પુનઃ ઊંચા આવે છે.

વાચક યશોવિજયજી મહારાજ કહે છે કે શ્રી અરનાથ પ્રભુ ખરેખર અનંત જ્ઞાન, દર્શન, સુખ અને વીર્યને પ્રાપ્ત થયેલા છે. તેથી હું તો એમના જ ગુણગ્રામ કરું છું. અન્ય દેવો એ સ્થિતિને પ્રાપ્ત થયેલા નહિ હોવાથી એમને હું દૂરથી જ પરિહરું છું, કારણ કે તરી શકનારનું અવલંબન લેનાર તરે અને તરી ન જાણનારનું અવલંબન લેનાર બૂડે. એ હકીકત સત્ય હોવાથી હું તો તારક એવા પ્રભુનુ જ અવલંબન લઉં છું. મને ખાત્રી છે કે તેઓના અવલંબનથી હું જરૂર તરીશ. ॥૫॥

---

# (૧૮) શ્રી અરનાથ સ્વામી

## શ્રી મોહનવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(ભટીઆણીની—દેશી)

**અરનાથ અવિનાશી હો સુવિલાસી, ખાસી ચાકરી,**
**કાંઈ ચાહું અમે નિશદિશ;**
**અંતરાયને રાગે હો અનુરાગે કિણપરે કીજીએ,**
**કાંઈ શુભ ભાવે સુજગીશ. અ૦૧**

**અર્થ :–** હે અરનાથ પ્રભુ! આપ અવિનાશી છો. આત્મામાં સદા વિલાસ કરનારા છો, માટે સુવિલાસી છો. આપની ખાસી એટલે ઘણી સેવાચાકરી અમે હમેશાં ઇચ્છીએ છીએ. પણ અંતરાય અને પુદ્‌ગલ ઉપરના રાગના કારણે આપની ચાકરી કેવી રીતે કરીએ. કાંઈ શુભભાવ આવે અને પુણ્ય બંધાય તો સુજગીશ કહેતા સાચા જગદ્‌ઈશ્વરની સેવા થઈ શકે.

**ભાવાર્થ :–** હે અરનાથ પ્રભુ! આપ અઘાતી એવા આયુષ્યકર્મનો નાશ કરીને અવિનાશી બન્યા. વળી આપ જ્ઞાનદર્શનચારિત્રાદિ ગુણના વિલાસી હોવાથી આપને 'સુવિલાસી' એવું વિશેષણ ઘટી શકે છે. આપની ઘણી બધી ચાકરી અમે હમેશાં કરવા ઇચ્છીએ છીએ; પણ આ ચાકરીમાં અંતરાયકર્મ તથા પુદ્‌ગલનો રાગ એ બન્ને દોષો અમને વિઘ્ન કરે છે. હે પ્રભુ! આપની ચાકરીનો અમને અનુરાગ છે. પણ તે કેવી રીતે પાર પડે. કેમકે પ્રભુ ઉપરના અનુરાગ વડે કાંઈક ચાકરી કરવા જઈએ ત્યાં તો અંતરાય અને પુદ્‌ગલ પ્રત્યેનો રાગ આડો આવી ચાકરી કરવા દેતો નથી. આવા દોષોનો ત્યાગ કરી પ્રભુની આજ્ઞા ઉઠાવવારૂપ શુભ ભાવ કરવાથી જ સુજગીશ એવા પરમાત્માની પ્રાપ્તિ થશે. બીજો કોઈ ઉપાય નથી. ।।૧।।

**સિદ્ધ સ્વરૂપી સ્વામી હો ગુણધામી અલખ અગોચરુ,**
**કાંઈ દીઠા વિણ દિદાર;**
**કિમ પતીજે કીજે હો કિમ લીજે ફળ સેવા તણું,**
**કાંઈ દિસે ન પ્રાણ આધાર. અ૦૨**

**અર્થ :–** આપ સિદ્ધ સ્વરૂપને પામેલા હોવાથી મારા સ્વામી છો. કારણ કે આઠ કર્મ ક્ષય કરીને મુક્તિપુરીમાં વિરાજો છો, તેથી સિદ્ધ સ્વરૂપી



વિશેષણ આપને બરાબર ઘટે છે. આપ ગુણના ઘરરૂપ છો, ભંડાર છો, અલખ છો, અગોચર છો. આપનો દિદાર એટલે મુખ જોયા વિના હું આપની ચાકરી કેવી રીતે કરું અને ચાકરીનું ફળ પણ કેવી રીતે પામું. હે પ્રભુ! હવે મને મારા જીવવાનો કોઈ આધાર દેખાતો નથી.

**ભાવાર્થ :–** અષ્ટકર્મરૂપી લાકડાં બાળી નાખવાથી આપ સિદ્ધ સ્વરૂપી થયા. ત્રણ જગતના જીવોને વંદ્ય હોવાથી આપ સ્વામી છો. સર્વ દોષનો ત્યાગ કરી અનંતગુણ પ્રગટાવ્યા તેથી આપ અનંત ગુણના ધામરૂપ છો. આપનું સ્વરૂપ લક્ષમાં આવતું નથી, માટે 'અલખ' છો. આપના શુદ્ધ સ્વરૂપને ચર્મચક્ષુથી જોઈ શકાતું નથી, માટે આપ અગોચર છો. આપનું મુખ દીઠા વિના આપની ચાકરીનું કાર્ય કેવી રીતે સિદ્ધ થાય. અને જો ચાકરી ન મળે તો તેના ફળની વાત કરવી પણ નકામી છે. માટે હે પ્રભુ! સાચું જીવન જીવવાનો હવે કોઈ આધાર મને દેખાતો નથી. ।।૨।।

**જ્ઞાન વિના કુણ પેખે હો સંખેપે સૂત્રે સાંભળ્યો,**
**કાંઈ અથવા પ્રતિમા રૂપ;**
**સામે જો સંપેખું હો પ્રભુ દેખું દિલભર લોયણે,**
**કાંઈ તો મનમેં હુવે ચૂપ. અ૦૩**

**અર્થ :–** આપની દશાને જ્ઞાન વિના કોણ પીછાણી શકે. સંક્ષેપમાં સૂત્રો સાંભળતા આપની કાંઈક પીછાણ થઈ. વળી આપની વીતરાગ પ્રતિમા દેખવાથી કાંઈક વધારે પીછાણ થઈ. હવે જો આપ પ્રત્યક્ષ દર્શન આપો તો દીલ ભરી એટલે ખૂબ ભાવભક્તિ સહિત લોયણે એટલે લોચનવડે આપને નીરખી મારું મન ચૂપ થઈ જાય, અર્થાત્ પરમ શાંતિ પામે.

**ભાવાર્થ :–** પ્રભુનું સ્વરૂપ જાણવામાં બે પ્રકારના ચક્ષુઓ ઉપયોગમાં આવે છે. એક ચર્મ ચક્ષુ. તેનાથી પ્રભુની પ્રતિમાનું બાહ્ય સ્વરૂપ દેખાય છે. બીજા આગમચક્ષુ. આગમની વાણીને કર્ણ દ્વારા સાંભળતા, ભગવાનના અંતરંગ સ્વરૂપનો કંઈક ખ્યાલ આવે છે. આ બધી વાત પરોક્ષભાવની છે, પણ પ્રભુ જો પ્રત્યક્ષ થાય અને જ્ઞાનરૂપી દિવ્ય ચક્ષુ આપે તો દિલભર કહેતાં હૃદયમાં રહેલા પૂર્ણ ઉલ્લાસભાવથી પ્રભુને પ્રત્યક્ષ નીરખી મન પરમ સંતોષ પામે અને પછી ચૂપ થઈ જાય અર્થાત્ પછી કંઈ માગવાનું રહે નહીં. ।।૩।।

**જગનાયક જિનરાયા હો મન ભાવ્યા મુજ આવી મળ્યા,**
**કાંઈ મહેર કરી મહારાજ;**
**સેવક તો સસનેહી હો નિઃસનેહી પ્રભુ કિમ કીજીએ,**
**કાંઈ ઇસ કોઈ વહીએ રે લાજ. અ૦૪**

**અર્થ :–** હે જગતના નાયક એવા જિનરાજ! આપ મને બહુ જ ગમ્યા હોવાથી આપે મારા પર મહેર કરીને આવી મળ્યા તે ઘણું સારું થયું. પણ આ સેવક તો સ્નેહવાળો છે અને આપ સ્નેહ વગરના છો. તો આપ પ્રભુ પ્રત્યે મારે કેવી રીતે પ્રીત કરીને મારી લાજ રાખવી તે હવે જણાવો. ।।૪।।

**ભાવાર્થ :–** હે ત્રણ જગતના નાયક પ્રભુ! વળી રાગદ્વેષને જિતનાર એવા જિનેશ્વર ભગવાન! મારા મનને ભાવતાં એવા પ્રભુ! આપ મને આવી મળ્યા પણ આ સેવક તો સ્નહેવાળો છે, આપની ચાકરીનો રસિક છે; તેને આપ નિઃસ્નેહપણું બતાવો તો સેવકને ચાકરીનો લાભ કેવી રીતે મળી શકે. માટે મારી લાજ રહે તેમ ચાકરી આપવામાં શરમ રાખશો નહીં. ।।૪।।

**ભક્તિ ગુણે ભરમાવી હો સમજાવી પ્રભુજીને ભોળવી,**
**કાંઈ દેખું હૃદય મોઝાર;**
**તો કહેજો સાબાશી હો પ્રભુ ભાસી જાણી સેવતાં,**
**કાંઈ એ અમચો એક તાર. અ૦૫**

**અર્થ :–** હે પ્રભુ! આપને ભક્તિના ગુણ વડે ભરમાવી અને સમજાવી તેમજ ભોળવીને પણ અમારા હૃદયમાં આપને ધારણ કરીશું. ત્યારે અમને શાબાશી આપજો. હે પ્રભુ! આપને સ્વરૂપ ભાસ્યમાન છે એમ જાણીને જ અમે આપની સેવામાં એકતાર થયા છીએ.

**ભાવાર્થ :–** આપની સેવા એટલે આજ્ઞા ઊઠાવવાનું કેટલું બધું માહાત્મ્ય છે, તેમજ તે સેવાનું ભવિષ્યમાં કેવું સુખદાયક ફળ આવશે તે અમે કિંચિત્ જાણી શક્યાં છીએ. તેથી ભક્તિના ગુણથી આપનું આકર્ષણ કરી અમે આપને ભરમાવીશું અર્થાત્ લલચાવીશું; અને સમજાવીશું. તેમજ આપને ભોળવી દઈ અમારા હૃદયમાં ધારણ કરીશું. આટલું બધું કાર્ય કર્યા પછી આપના ભક્તજનને શાબાશી આપજો. કેમકે આપને પરમાત્મસ્વરૂપ ભાસ્યમાન થયેલું જાણી અમે એકતારરૂપે આપની સેવા એટલે આજ્ઞા જ ઉઠાવીએ છીએ. ।।૫।।



**પાણી ખીરને મેળે હો કિણ ખેલે એકાંત હોઈ રહું,**
**કાંઈ નહિ રે મિલણનો જોગ;**
**જો પ્રભુ દેખું નયણે હો કહી વયણે સમજાવું સહી;**
**કાંઈ તે ન મિલે સંજોગ. અ૦૬**

**અર્થ :–** પાણી અને દૂધ જેમ મળી જાય છે, તેમ હું પણ એકાંતે કોઈ કળાથી આપની સાથે એકમેક થઈને જ રહું એવી અભિલાષા છે. પણ એવા મિલનનો કોઈ જોગ અહીં દેખાતો નથી. જો પ્રભુને નયણે દેખું તો વચનથી સમજાવીને પણ પ્રભુના સ્વરૂપ સાથે મિલન કરું; પણ એવો કોઈ સંજોગ એટલે અવસર મને દૃષ્ટિગોચર થતો નથી.

**ભાવાર્થ :–** દૂધ અને પાણીની માફક કંઈ એવી કળા કરું કે જે વડે હું અને આપ અભેદભાવે બની એકાંત એટલે માત્ર સ્વરૂપ સ્થિતિમાં જ રહીએ. પરંતુ એવી રીતે મળવાનો કોઈ જોગ અહીં દેખાતો નથી. પ્રભુને જો નયણે દેખું તો વચનથી પણ સમજાવી શકું. પણ એવો અવસર અત્રે પ્રાપ્ત થતો નથી. નિશ્ચયદૃષ્ટિથી જો વિચારીએ તો પ્રભુનો આત્મા અને ભક્તજનનો આત્મા એક જ સ્વરૂપવાળો છે. પરંતુ કર્મના કારણને લઈને વ્યવહાર દૃષ્ટિથી જોતાં આત્માનું સ્વરૂપ જુદું જુદું જણાય છે. તો હે પ્રભુ! મારા કર્મનો સંબંધ મારા આત્માથી દૂર કરાવી આપો, તો મારું પણ કાર્ય સિદ્ધ થાય. કારણ કે કર્મનો ક્ષય કરું તો દૂધ અને પાણીની માફક આપના આત્મા સાથે તન્મય બની હું અભેદ સ્વરૂપવાળો થાઉં. માટે એવો યોગ મેળવી આપો કે જેથી એકમેક થવાનો ઉચિત અવસર મને પણ પ્રાપ્ત થાય. ।।૬।।

**મનમેળુ કિમ રીઝે હો શું કીજે અંતરાય એવડો,**
**કાંઈ નિપટ નહેજા નાથ;**
**સાતરાજને અંતે હો કિણ પાખે તે આવીને મળું,**
**કાંઈ વિકટ તુમારોજી પાથ. અ૦૭**

**અર્થ :–** મનમેળુ એટલે મનનો મેળાપ જેની સાથે થયો છે એવા ભગવાન કેવી રીતે રીઝે એટલે પ્રસન્ન થાય, તેના માટે શું કરવું જોઈએ. કેમકે અમે એવા અંતરાય કર્મ બાંધ્યા છે. વળી મારા પ્રભુ તો નિપટ નહેજા એટલે તદ્દન પ્રેમ વિનાના છે. અને સાત રાજ ઊંચા જઈને બેઠા છે. તો કયા પાખે એટલે કયા ઉપાયવડે હું આપને આવીને મળું. કેમકે આપને મળવાનો પાથ

એટલે રસ્તો ઘણો જ વિકટ છે.

**ભાવાર્થ :–** અમારા પ્રભુ મનને સંતોષ આપનારા હોવાથી તથા મનમાં ભેદભાવ નહિં રાખતા હોવાથી આપ ખરેખરા મનના મેળાપી છો. પણ આપ કેવી રીતે પ્રસન્ન થાઓ, તેના માટે શું કરવું જોઈએ તે સમજાતું નથી. કારણ કે એવડો મોટો અંતરાય છે કે આપ નિપટ કેતાં તદ્દન નહેજા નાથ એટલે હેત વિનાના સ્વામી છો. તો આપને કેમ રીઝવવા. વળી આપ સાતરાજ એટલે અસંખ્યાતા કોટાકોટિ યોજન દૂર રહેલી સિદ્ધશીલા ઉપર બિરાજો છો. તો ત્યાં હું કેવા પ્રકારે આવી શકું. કેમકે આટલો દૂર રસ્તો કાપવો તે ઘણો વિકટ છે. માટે અમારે શું કરવું તે જણાવો. ।।૭।।

**ઓળગ એ અનુભવની હો મુજ મનની વાર્તાસાભંળી,**
**કાંઈ કીજે આજે નિવાજ;**
**રૂપવિબુધનો મોહન હો મનમોહન સાંભળ વિનતિ,**
**કાંઈ દીજે શિવપુર રાજ. અ૦૮**

**અર્થ :–** હે પ્રભુ! આત્મ અનુભવ માટેની અમારી ઓળગ કહેતા વિનંતિને સાંભળીને અમને નિવાજ એટલે સંતુષ્ટ કરો. શ્રી રૂપવિજય વિબુધના શિષ્ય શ્રી મોહનવિજયજી મહારાજ કહે છે કે હે મનને મોહ પમાડનારા એવા અરનાથ પ્રભુ! અમારી આ વિનંતિ સાંભળીને અમને શિવપુર નગરનું રાજ આપો. એવી આપની પાસે અમે અરજ કરીએ છીએ. ।।૮।।

---

# (૧૯) શ્રી મલ્લિનાથ સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(રાગ કાફી)

**સેવક કિમ અવગણિયે હો મલ્લિજન, એહ અબ શોભા સારી;**
**અવર જેહને આદર અતિ દીએ, તેહને મૂલ નિવારી. હો૦મ૦૧**

**સંક્ષેપાર્થ :–** હે મલ્લિનાથ પ્રભુ! આ સેવકની કેમ આપ અવગણના કરો છો, એ આપને શોભાસ્પદ ગણાય? પ્રભો! આપની અનંત આત્મઋદ્ધિમાંથી આ સેવકને પણ કંઈક આત્માનંદનો સ્વાદ ચખાવવો જોઈએ.

અવર એટલે બીજા જગતવાસી જીવો, જેહને એટલે જે કામ ક્રોધાદિ



ભાવોને અત્યંત આદર આપે; તે કામ ક્રોધાદિભાવોને જ આપે તો જડમૂળથી નિવારી એટલે નષ્ટ કરી દીધા. એવા હે મલ્લિનાથ પ્રભુ! આપની સુંદર આત્મશોભાની આ પામર શું પ્રશંસા કરે? ।।૧।।

**જ્ઞાન સ્વરૂપ અનાદિ તમારું, તે લીધું તમે તાણી;**
**જુઓ અજ્ઞાન દશા રિસાવી, જાતાં કાણ ન આણી. હો૦મ૦૨**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! આપે કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને, અનાદિકાળનું આપનું જે જ્ઞાનસ્વરૂપ હતું તે ખેંચી લીધું અર્થાત્ પ્રગટ કર્યું.

તેથી અનાદિકાળથી સાથે રહેનારી એવી અજ્ઞાનદશા, તે રીસાઈને ચાલી જતાં પણ આપે તેને કાણ એટલે કથા વિશેષ કરીને પણ પાછી બોલાવી નહીં, પણ જવા જ દીધી. ।।૨।।

**નિદ્રા સુપન જાગર ઉજાગરતા, તુરીય અવસ્થા આવી;**
**નિદ્રા સુપન દશા રિસાણી, જાણી ન નાથ મનાવી. હો મ૦૩**

**સંક્ષેપાર્થ :–** નિદ્રાવસ્થા, સ્વપ્નદશા, જાગૃતદશા અને ઉજાગરદશા આ જીવની ચાર અવસ્થાઓ છે. તેમાં નિદ્રાવસ્થા અને સ્વપ્નદશા અજ્ઞાનરૂપ છે. જ્યારે ત્રીજી જાગૃતદશા જ્ઞાનીપુરુષને હોય. તે છેક બારમા ગુણસ્થાનક સુધી હોય છે. પછી તેરમા અને ચૌદમા ગુણસ્થાનકમાં ઉજાગરદશા હોય છે. તે સર્વકાળ રહે છે. તે દશા કેવળી, તીર્થંકર કે સિદ્ધ ભગવંતોને હોય છે. હે પ્રભુ! આપને પણ આવી તુરીય એટલે તુર્યા નામની ચોથી આત્મસમાધિ સ્વરૂપ ઉજાગરદશા પ્રાપ્ત થઈ છે.

તે જાણીને નિદ્રા અને સ્વપ્નદશા આપથી રિસાઈ ગઈ. તે આપ જાણવા છતાં સ્વરૂપમાં અંતરાયકારક લાગવાથી તેને આપે મનાવી નહીં, પણ તેની ઉપેક્ષા જ કરી. ।।૩।।

**સમકિત સાથે સગાઈ કીધી, સપરિવારશું ગાઢી;**
**મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી. હો મ૦૪**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! આપે તો આત્માના સમ્યક્જ્ઞાનરૂપ સમકિત સાથે સગાઈ કરી, અને તેનો પરિવાર શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા, અનુકંપા છે, તેમની સાથે પણ ગાઢ સંબંધ જોડ્યો છે.

તથા મિથ્યામતિ કહેતા ખોટી બુદ્ધિ જે શરીર, કુટુંબાદિમાં મારાપણું કરાવીને અનંતકાળથી જીવને સંસારમાં રઝળાવતી હતી તેને તો આપે અપરાધણ

જાણીને ઘરમાંથી જ બહાર કાઢી મૂકી. એમ આપે દર્શનમોહનીયકર્મને જડમૂળથી નષ્ટ કરી દીધું એ જ આપની અદ્ભુત મહાનતા છે. ।।૪।।

**હાસ્ય અરતિ રતિ શોક દુગંછા, ભય પામર કરસાલી;**
**નોકષાય શ્રેણી ગજ ચઢતાં, શ્વાન તણી ગતિ ઝાલી. હો મ૦૫**

**સંક્ષેપાર્થ :–** હવે ચારિત્ર મોહનીયજનિત નવ નો કષાયરૂપ દોષોની શું સ્થિતિ થઈ તે આ ગાથામાં જણાવે છે :–

હાસ્ય એટલે હસવું, અરતિ કહેતા વસ્તુ પ્રત્યેનો અણગમો, રતિ એટલે વસ્તુનું ગમવાપણું, શોક કહેતા મનમાં થતો ખેદ, દુગંછા એટલે વસ્તુ પ્રત્યે થતી ઘૃણા, ભય કહેતા બીક અને કરસાલી એટલે ત્રણ દાંતવાળી દંતાલી જે ખેતી કરવામાં મદદરૂપ થાય તેમ સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ એ ત્રણ કર્મરૂપ ખેતી કરવામાં કરસાલીની જેમ મદદરૂપ થાય. આ બધા નવેય નો કષાય કહેવાય છે. જે ક્રોધાદિ ચારે કષાયોને ઉત્તેજિત કરે છે. કષાયો એના કરતાં વધારે બળવાન હોવાથી આ નોકષાયને પામર કહ્યાં છે.

આ ઉપરોક્ત નોકષાય, જ્યારે પ્રભુ આપ મોહનીયકર્મને ક્ષય કરવા માટે ક્ષપકશ્રેણિરૂપ ગજ એટલે હાથી ઉપર ચઢ્યા ત્યારે આ નવે નોકષાયોએ શ્વાન તણી એટલે કુતરાની ગતિ ઝાલી એટલે રીત પકડી; અર્થાત્ આ નોકષાયરૂપ કૂતરાઓ તો ભસતા જ રહ્યા અને આપે નિર્વિઘ્ને ક્ષપકશ્રેણી પર ચઢી કેવળજ્ઞાન પ્રગટાવ્યું. કષાયો હોય તેને આ નોકષાય બળ આપે. પણ આપે તો પહેલાથી જ ક્રોધાદિ કષાયોનો ક્ષય કરેલો હોવાથી પામર એવા નોકષાયોનું અહીં કાંઈ જોર ચાલ્યું નહીં. ।।૫।।

**રાગદ્વેષ અવિરતિની પરિણતિ, એ ચરણમોહના યોદ્ધા;**
**વીતરાગ પરિણતિ પરિણમતાં, ઊઠી નાઠા બોદ્ધા. હો મ૦૬**

**સંક્ષેપાર્થ :–** હવે ચારિત્રમોહનીય કર્મના મૂળભૂત દોષોની શું સ્થિતિ થઈ તે જણાવે છે :–

રાગ,દ્વેષ અને અવિરતિની પરિણતિ એટલે વ્રત ન લેવાનો ભાવ એ ચરણમોહ કહેતા ચારિત્રમોહનીયકર્મરૂપ મહારાજાના યોદ્ધા એટલે લડવૈયા છે. જે અનાદિકાળથી જીવની સાથે રહી આત્માનું ભાન ભૂલાવે છે.

પણ હે પ્રભુ! જ્યારે આપ વીતરાગ પરિણતિ કહેતા રાગદ્વેષરહિત ભાવમાં પરિણમ્યા કે એ બોદ્ધા એટલે સમજણનો ડોળ કરનારા એવા ચારિત્ર



મોહનીયરૂપ રાજાના યોદ્ધાઓ ઊઠીને ભાગવા માંડ્યા. ।।૬।।

**વેદોદય કામા પરિણામા, કામ્ય કરમ સહુ ત્યાગી;**
**નિષ્કામી કરુણારસ સાગર, અનંત ચતુષ્ક પદ પાગી. હો મ૦૭**

**સંક્ષેપાર્થ :–** વેદોદય એટલે સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદના ઉદયથી કામા પરિણામા એટલે કામવાસનાના જે પરિણામ થાય છે, તે સર્વ પાંચ ઇન્દ્રિયો સંબંધી કામ્ય કરમના તો આપ સર્વથા ત્યાગી છો.

એટલું જ નહિ પણ સર્વ પ્રકારની કામના એટલે ઇચ્છાના ત્યાગી થવાથી આપ નિષ્કામી છો. તેમજ સર્વ જીવો ઉપર નિષ્કારણ કરુણા વરસાવનાર હોવાથી કરુણારસના સાગર છો. વળી અનંત ચતુષ્ક એટલે અનંત જ્ઞાનદર્શન, સુખ અને વીર્યના તો આપ હે પ્રભુ! પાગી કહેતા તે પદને જ અનુસરનારા છો. ।।૭।।

**દાન વિઘન વારી સહુ જનને, અભય દાન પદ દાતા;**
**લાભ વિઘન જગ વિઘન નિવારક, પરમ લાભરસ માતા. હો મ૦૮**

**સંક્ષેપાર્થ :–** હવે છેલ્લે અંતરાયકર્મજનિત દોષોનું વર્ણન કરે છે :–

હે પ્રભો! દાન આપવામાં પડતા વિઘ્ન અર્થાત્ દાનાંતરાયને નિવારીને જગતના સર્વ જીવોને અભયદાન આપનારા છો. એટલું જ નહીં; સ્વઆત્માને પણ અભયદાનપદના દાતા છો, અર્થાત્ સાતે ભયથી મુક્ત એવું અભયસ્થાન મોક્ષપદ છે, તેને આપનારા છો.

વળી લાભ વિઘન એટલે લાભ મેળવવામાં પડતા વિઘ્નો તે લાભાંતરાય છે. તેને નિવારી જગતજીવોના વિઘ્નોના નિવારક છો. તથા પરમ લાભ તે કેવળજ્ઞાન છે. તેના રસવડે આપ માતા એટલે પુષ્ટ થયેલા છો. તેથી જગતના જીવોને પણ કેવળજ્ઞાન પ્રાપ્તિનો સત્ય ઉપાય બતાવો છો. ।।૮।।

**વીર્ય વિઘન પંડિત વીર્યે હણી; પૂરણ પદવી યોગી;**
**ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણ ભોગ સુભોગી. હો મ૦૯**

**સંક્ષેપાર્થ :–** આત્મામાં અનંત વીર્યશક્તિ છે. તેને વિઘ્ન કરનાર વીર્યાંતરાય કર્મ છે. તે કર્મને પંડિતવીર્ય એટલે સર્વોત્કૃષ્ટ પુરુષાર્થે કરી હણી નાખવાથી આપ પૂર્ણ પદવી સ્વરૂપ કેવળજ્ઞાનના યોગવાળા બન્યા છો. વળી પુણ્યની અધિકતાથી આપ તીર્થંકરપણું પામ્યા છો.

તેમજ ભોગોપભોગ એટલે એકવાર જે વસ્તુ ભોગવાય તે ભોગ અને અનેકવાર ભોગવાય તે ઉપભોગ, તે દોય એટલે બેયના વિઘન કહેતાં અંતરાયને

નિવારીને આત્માની અનંત સુખરૂપ ભોગ ઋદ્ધિના સુભોગી કહેતા સારી રીતે ભોગવનારા થયા છો. ॥૯॥

**એ અઢાર દૂષણ વર્જિત તનુ, મુનિજન વૃંદે ગાયા;**
**અવિરતિ રૂપક દોષ નિરૂપણ, નિર્દૂષણ મન ભાયા. હો મ૦૧૦**

**સંક્ષેપાર્થ :–** આ સ્તવનમાં જે પ્રકારના અઢાર દોષો બતાવ્યા તે અઢારેય દોષોથી વર્જિત એટલે રહિત એવું આપનું તનું કહેતા શરીર છે, કે જે શરીર વર્તમાનમાં દેહધારી પરમાત્મારૂપે કે તીર્થંકરરૂપે કે સાકારપરમાત્મસ્વરૂપે જગતમાં પ્રસિદ્ધ છે. તેથી મુનિજનના વૃંદે એટલે સમૂહે આપની સ્તવના કરી છે.

આ અઢારે દોષો અવિરતિરૂપ છે એમ આપે નિરૂપણ કર્યું છે. અને એ બધા દોષો આપનામાં નહીં હોવાથી આપ નિર્દૂષણ છો. તેથી આપ મારા મનને ભાવ્યા છો અર્થાત્ ગમી ગયા છો. ॥૧૦॥

**ઇણ વિધ પરખી મન વિશરામી, જિનવરગુણ જે ગાવે;**
**દીનબંધુની મહેર નજરથી, આનંદઘન પદ પાવે. હો મ૦૧૧**

**સંક્ષેપાર્થ :–** ઉપરોક્ત રીતે અઢાર દૂષણરહિત દેવને પરખી એટલે તેમની પરીક્ષા કરીને, મનને વિશ્રામ પમાડનારા એવા જિનવરના ગુણને જે ગાવે, તે ભવ્યાત્મા દીનબંધુ એટલે ગરીબના બેલી એવા શ્રી જિનેશ્વર ભગવાનની મહેર નજર કહેતા કૃપાદૃષ્ટિથી અતિન્દ્રિય આનંદના ઘનસ્વરૂપ એવા મોક્ષપદને પામે છે. ॥૧૧॥

---

# (૧૯) શ્રી મલ્લિનાથ સ્વામી

## શ્રી દેવચંદ્રજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(દેખી કામિની દોય–એ દેશી)

**મલ્લિનાથ જગનાથ, ચરણયુગ ધ્યાઈએ રે, ચ૦**
**શુદ્ધાતમ પ્રાગ્ભાવ, પરમ પદ પાઈએ રે; પ૦**
**સાધક કારક ષટક્, કરે ગુણ સાધના રે; ક૦**
**તેહિજ શુદ્ધ સ્વરૂપ, થાયે નિરાબાધના રે. થા૦૧**

**સંક્ષેપાર્થ :–** શ્રી મલ્લિનાથ પ્રભુ જે ત્રણ જગતના નાથ હોવાથી



તેમના ચરણયુગ કહેતાં બેય ચરણકમળને ધ્યાઈએ અર્થાત્ વારંવાર તેને સંભારીએ. તેમ કરવાથી શું પ્રાપ્તિ થશે ? તો કે આત્માના શુદ્ધ સ્વભાવનો પ્રાગ્ ભાવ થશે અર્થાત્ પ્રગટશે; કે જે પરમપદ સ્વરૂપે છે. તે પરમપદરૂપ આત્મસિદ્ધિને સાધવા માટે સાધકના ષટક્ એટલે છ કારણો છે. તે વડે જે ભવ્ય પ્રાણી ગુણ પ્રાપ્તિની સાધના કરશે તે પોતાના શુદ્ધ સ્વરૂપને પામશે; કે જે નિરાબાધ છે અર્થાત્ અવ્યાબાધ સ્વરૂપ છે. ॥૧॥

**કર્તા આતમદ્રવ્ય, કારજ નિજ સિદ્ધતા રે, કા૦**
**ઉપાદાન પરિણામ, પ્રયુક્ત તે કરણતા રે; પ્ર૦**
**આતમ સંપદ્ દાન, તેહ સંપ્રદાનતા રે; તે૦**
**દાતા પાત્રને દેય, ત્રિભાવ અભેદતા રે. ત્રિ૦૨**

**સંક્ષેપાર્થ :–** હવે છ કારકનું સ્વરૂપ જણાવે છે :–

જે આત્મદ્રવ્ય પોતાની આત્મશુદ્ધતા પ્રગટ કરવારૂપ કાર્યમાં પ્રવર્તે તે કર્તાકારક છે. અને પોતાની જે સર્વગુણ સંપન્ન સિદ્ધદશા પ્રગટાવવી છે તે કાર્યકારક છે. ઉપાદાન એવા આત્માના રત્નત્રય આદિ પરિણામને પામવા માટે અરિહંતનું અવલંબન કે આગમ શ્રવણાદિ નિમિત્ત કારણને પ્રયુક્ત કરવા એટલે યોજવાં તે કરણ નામનું ત્રીજું કારક છે. અને આતમ સંપદ એટલે આત્મસંપત્તિનું દાન આત્મા પોતે જ પોતાના આત્મગુણોને આપવા કરે તે ચોથું સંપ્રદાન કારક જાણવું. અહિં દાતા, આત્મા પોતે જ છે તથા પાત્ર પણ પોતે અને દેય એટલે દેવાયોગ્ય વસ્તુ પણ પોતાનો આત્મધર્મ જ છે. એમ ત્રિભાવ એટલે ત્રણે ભાવની અત્રે અભેદતા છે અર્થાત્ દાન, દાતા અને ગ્રાહક ત્રણેય અભેદરૂપે છે. ॥૨॥

**સ્વપર વિવેચન કરણ, તેહ અપાદાનથી રે, તે૦**
**સકલ પર્યાય આધાર, સંબંધ આસ્થાનથી રે; સં૦**
**બાધક કારક ભાવ, અનાદિ નિવારવા રે, અ૦**
**સાધકતા અવલંબી, તેહ સમારવા રે. તે૦૩**

**સંક્ષેપાર્થ :–** પોતાનો જે આત્મધર્મ તે સ્વભાવ અને તેથી વિપરીત મોહાદિક કર્મ તે પરભાવ તેનું વિવેચન એટલે વિવેક કરવો અર્થાત્ પરભાવ અને સ્વભાવને ભિન્ન કરવો તે પાંચમું અપાદાનકારક જાણવું. તથા સર્વ પર્યાયનો આધાર આત્મા, તેને આત્મપર્યાયથી સ્વસ્વામિત્વ સંબંધ છે. કારણ તેનું આસ્થાન એટલે આધાર ક્ષેત્ર આત્મા જ છે. એ છઠ્ઠું આધારકારક જાણવું. એ છ કારક

સાધકપણાના કહ્યાં. હવે એ સાધકપણું કેમ પામવું. તો કે અનાદિના બાધક પરભાવ—મિથ્યાત્વ, અસંયમ, કષાય આદિને નિવારવા અને જિનવાણી વડે સાધકતાને અવલંબી આ છ કારક ચક્રને સમારવા અર્થાત્ સ્વરૂપ અનુયાયી કરવાં, કે જેથી આત્માની સિદ્ધિ થાય. એ જ મોક્ષ પ્રાપ્તિનો સાચો માર્ગ છે. ।।૩।।

**શુદ્ધપણે પર્યાય, પ્રવર્ત્તન કાર્યમેં રે, પ્ર૦**
**કર્ત્તાદિક પરિણામ, તે આતમ ધર્મમેં રે; તે૦**
**ચેતન ચેતન ભાવ, કરે સમવેતમેં રે, ક૦**
**સાદિ અનંતો કાલ, રહે નિજ ખેતમેં રે. ૨૦૪**

**સંક્ષેપાર્થ :—** સિદ્ધદશામાં આત્માના જ્ઞાનદર્શનાદિના જાણવા દેખવારૂપ પર્યાય શુદ્ધપણે પ્રવર્તે છે. તે કાર્યનો કર્તા આત્મા છે. તથા આત્મગુણનું સમયે સમયે પરિણમન થવું તે કાર્ય છે. એમ કર્ત્તા આદિ છ કારકનું પરિણામ એટલે પરિણમન થવું તે આત્મધર્મ એટલે સ્વસ્વરૂપમાં જ છે. ચેતન એવો આત્મા સમવેત એટલે સમવાય સંબંધને લીધે પોતાના આત્મભાવનો જ કર્ત્તા છે. તથા સિદ્ધ દશા પ્રાપ્ત થયે હવે સાદિ અનંતકાળ સુધી તે નિજ ખેતમાં કહેતાં પોતાના અસંખ્યાતા પ્રદેશરૂપ આત્મક્ષેત્રમાં જ રહે છે. તે સિદ્ધ અવસ્થાની આદિ છે પણ અંત નથી. તેથી સ્વક્ષેત્રમય સ્વસ્વરૂપમાં જ આત્મા સદાકાળ રહે છે. તે સ્વક્ષેત્રમય શુદ્ધ સ્વસ્વરૂપ તે અનંત સુખનું ધામ છે. ।।૪।।

**પર કર્તવ્ય સ્વભાવ કરે, તાંલગી કરે રે, ક૦**
**શુદ્ધકાર્ય રુચિ ભાસ, થયે નવિ આદરે રે; થ૦**
**શુદ્ધાત્મ નિજ કાર્ય, રુચે કારક ફિરે રે, રુ૦**
**તેહિજ મૂલ સ્વભાવ, ગ્રહે નિજ પદ વરે રે. ગ્ર૦૫**

**સંક્ષેપાર્થ :—** અનાદિ અભ્યાસને લીધે પરપદાર્થને પોતાના માની પરનો રાગી, ભોગી બની આત્મા અનાદિથી પરકર્તાપણે રહે છે. પણ જ્યારે શુદ્ધ સ્વગુણ પ્રગટ કરવારૂપ કાર્યની રુચિ ઉત્પન્ન થાય છે કે તે આત્મસુખનો ભાસ થાય છે ત્યારે તે પરકર્તૃત્વ સ્વભાવને આદર આપતો નથી. તથા પોતાના શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિરૂપ કાર્ય કરવાની રુચિ ઉત્પન્ન થયે આ છ કારક ચક્ર ફરી જાય છે, અર્થાત્ છ કારક જે પર પૌદ્ગલિક સુખ માટે પ્રયત્નશીલ હતા તે હવે સ્વઆત્મસુખ પ્રગટાવવા માટે સ્વકાર્ય આશ્રિત બને છે. તે જ છ કારક હવે પોતાના મૂળ અવિનાશી આત્મસ્વભાવને ગ્રહણ કરી, પોતાના પરમાત્મપદને



વરે છે અર્થાત્ પામે છે. ।।૫।।

**કારણ કારજરૂપ, અછે કારક દશા રે, અ૦**
**વસ્તુ પ્રગટ પર્યાય, એહ મનમેં વસ્યા રે; એ૦**
**પણ શુદ્ધ સ્વરૂપ ધ્યાન, તે ચેતનતા ગ્રહે રે, તે૦**
**તવ નિજ સાધક ભાવ, સકલ કારક લહે રે. સ૦૬**

**સંક્ષેપાર્થ :—** આ છ કારક તે કારણ તથા કાર્યરૂપ છે અર્થાત્ કાર્યને સિદ્ધ કરવાના સાધનો છે. વસ્તુ કહેતા આત્મા તેના એ છ કારક તે પ્રગટ નિરાવરણ પર્યાય છે. આ શાસ્ત્રવચન હોવાથી મનમાં વસેલ છે. પણ જ્યારે ચેતન એવો આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપના ધ્યાનવડે શુદ્ધ સ્વભાવને ગ્રહે છે ત્યારે પોતાના સાધકભાવને પ્રાપ્ત થયેલ આ ષટ્કારક ચક્ર—ચક્રવર્તીના ચક્રની જેમ કર્મ શત્રુને નાશ કરી પોતાની પરમોત્તમ સમાધિરૂપ નિર્મળ સિદ્ધતાને વરે છે. ।।૬।।

**માહરું પૂર્ણાનંદ, પ્રગટ કરવા ભણી રે,પ્ર૦**
**પુષ્ટાલંબન રૂપ, સેવ પ્રભુજી તણી રે; સે૦**
**દેવચંદ્ર જિનચંદ્ર, ભક્તિ મનમેં ધરો રે,ભ૦**
**અવ્યાબાધ અનંત, અક્ષય પદ આદરો રે. અ૦૭**

**સંક્ષેપાર્થ :—** છએ કારક સાધકરૂપે પરિણમવાથી ભવ્યજીવને નિર્ધાર થયો કે મારા આત્માનું પૂર્ણાનંદ સ્વરૂપ-અવ્યાબાધ સુખ પ્રગટ કરવા માટે પુષ્ટ આલંબનરૂપ શ્રી જિનરાજ પ્રભુજીની સેવા એટલે આજ્ઞાનું પાલન છે. તે માટે શ્રી દેવચંદ્રજી પોતાને સંબોધીને કહે છે કે હે દેવચંદ્ર ! જિનોમાં ચંદ્ર સમાન શ્રી જિનેશ્વરની ભક્તિને મનમાં ધારણ કરો, તો જ્યાં બાધા પીડા નથી એવા અનંત અવ્યાબાધ આત્માના અનંત સુખને, કે જેનો કદી નાશ નહીં એવા અક્ષય પરમાત્મપદને તમે પણ પામો. ।।૭।।

---

## (૧૯) શ્રી મલ્લિનાથ સ્વામી

### શ્રી યશોવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(નાભિરાયાં કે બાગ—એ દેશી)

**તુજ મુજ રીઝની રીત, અટપટ એહ ખરીરી;**
**લટપટ નાવે કામ, ખટપટ ભાંજ પરીરી. ૧**

**અર્થ :—** હે પ્રભુ! તું મારા ઉપર રીઝે અર્થાત્ પ્રસન્ન થાય, તેની રીત ખરેખર અટપટી છે. તેમાં કોઈ લટપટ એટલે ખુશામત કામ આવે એવી નથી. પણ મનની વિશુદ્ધિ જોઈએ. માટે હે પ્રભુ! તમને રીઝવવાની બાહ્ય ખટપટ બધી ભાંગી નાખી મનની નિર્મળતા કેમ થાય અને આપના પ્રત્યે સાચી ભક્તિ કેમ પ્રગટે એવી કૃપા કરો.

**ભાવાર્થ :—** શ્રી મલ્લિનાથ પ્રભુની સ્તુતિ કરતાં શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે હે પ્રભુ! તમારે અને મારે અન્યોન્ય રીઝવું એટલે કે તમારે પ્રસન્ન થવું અને મારે સંતુષ્ટ થવું એ બન્ને બનવું બહુ મુશ્કેલ છે. આજ સુધી તમને રાજી કરવાના જે જે પ્રયાસો અજ્ઞાતદશાએ મેં કર્યા તે બધા નિષ્ફળ ગયા. તે ઉપરથી મને આમ લાગે છે કે તમને રીઝવવાની બાહ્ય ખટપટ કે ખુશામત કામ આવે એમ નથી. કોઈ રાજા કે શેઠ આદિને રીઝવવા હોય તો તેના વખાણના બે શબ્દો બોલીએ અથવા તેની આગળ પોતાની લઘુતા ગાઈએ એટલે તેઓ વશ થઈ જાય પણ તમારી આગળ એવો કોઈ ડોળ ટકતો નથી. ખરા હૃદયની ભક્તિ હોય તો જ તમે પ્રસન્ન થાઓ છો. કર્ત્તા ફરી પ્રભુને કહે છે કે તમને રીઝવવામાં અન્ય બાહ્યોપચાર-નૈવેદ્યાદિ ધરવું, ભેટણું મૂકવું અથવા વિલેપનાદિ વડે અંગપૂજા કરવી વગેરે કરવામાં આવે પણ તે વખતે હૃદય ભક્તિરસથી વંચિત હોય—અંદર પ્રભુ પ્રત્યે બહુમાન તથા તન્મયભાવ ન હોય તો તેનું મોક્ષરૂપ ફળ આવી શકતું નથી. દ્રવ્ય સામગ્રી ઓછી કે વધારે હોય તેના ઉપર પ્રભુની પ્રસન્નતાનો આધાર નથી, પણ ભાવની વિશુદ્ધિ—નિર્મળતા ઉપર એનો આધાર છે. માટે આત્માર્થી જીવોએ ભાવ વિશુદ્ધિ ઉપર લક્ષ રાખવા યોગ્ય છે. આ જ કારણથી કર્ત્તા છેવટે પ્રાર્થના કરે છે કે 'હે પ્રભુ! મારી આ તમને રીઝવવા સંબંધીની બધી ખટપટોને ભાંગી નાખો અને મારા મનની વિશુદ્ધિ કેમ થાય અને આપના પ્રત્યે ભક્તિ કેમ ઊગે એવી સદ્બુદ્ધિ આપો. ॥૧॥

**મલ્લિનાથ તુજ રીઝ, જન રીઝે ન હુએરી;**
**દોય રીઝણનો ઉપાય, સાહમું કાં ન જુએરી. ૨**

**અર્થ :—** હે મલ્લિનાથ પ્રભુ! લોકો રીઝે એટલા માત્રથી આપ રીઝતા નથી. પરંતુ આપ અને લોકો બન્ને રીઝો તેનો એક ઉપાય છે. તે એ કે હે પ્રભુ!



આપ મારી સામુ જુઓ. જો આપ મારી સામું જુઓ તો લોક પણ રીઝે. છતાં આપ મારી સામું કેમ જોતા નથી?

**ભાવાર્થ :—** હે પ્રભુ! લોકોને રીઝવવા માત્રથી તમો રીઝો નહીં એ હું જાણું છું. પણ મારો વિચાર તો લોકોને અને તમને બન્નેને રીઝવવાનો છે. તેનો એક ઉપાય મને બરાબર સૂઝ્યો છે; તે એ છે કે હે પ્રભુ! તમે મારી સામું કેમ જોતા નથી? જો તમે મારી સામું જુઓ તો તમે રીઝ્યા એ તો સ્પષ્ટ થયું. પછી લોક પણ રીઝે જ. કેમ કે જેની ઉપર પ્રભુ રીઝે તેની ઉપર લોક તો રીઝે જ! માટે કૃપા કરી મારી સામે નજર કરો. અમે તમારા ગુણના રાગી છીએ તો પછી તમે શા માટે અમારી સામું પણ જોતા નથી? અમારા ઉપર દૃષ્ટિપ્રસાદ કરી તમે રીઝો અથવા બીજો કોઈ ઉપાય બતાવો કે જેનો અમે ઉપયોગ કરી તમને રીઝવવા પ્રયાસ કરીએ. અમારે તો કોઈ પણ રીતે મોક્ષ આપનાર એવા તમને પ્રસન્ન કરવા છે. અન્ય કોઈ પદાર્થની અમને આકાંક્ષા નથી. ॥૨॥

**દુરારાધ્ય છે લોક, સહુને સમ ન શશીરી;**
**એહ દુહવાએ ગાઢ, જો એક બોલે હસીરી. ૩**

**અર્થ :—** લોકોને રીઝવવા કે વશ કરવા બહુ મુશ્કેલ છે. કારણ કે સહુને સરખો ચંદ્રમા પહોંચતો નથી. જો કોઈની સાથે હસીને બોલીએ તો બીજો વળી ગાઢ રીતે દુભાય એટલે નારાજ થાય. લોકો રાગીદ્વેષી હોવાથી એમ થાય છે.

**ભાવાર્થ :—** શ્રી યશોવિજયજી મહારાજ જણાવે છે કે આ જગતમાં લોકોને રીઝવવાનું કામ ઘણું મુશ્કેલ છે. કારણ કે સર્વને ચંદ્રમા સરખો પહોંચતો નથી. કોઈને બારમો અનુકૂળ હોય છે તો વળી કોઈને ચોથો અનુકૂળ હોય છે. જેમકે સંયોગના ઇચ્છકજનોને ચંદ્રનું દર્શન આહ્લાદવર્ધક થાય છે, જ્યારે ચોર અને જાર પુરુષોને તે દુઃખોત્પાદક થાય છે. આમ કર્મના પ્રકાર ભિન્ન ભિન્ન હોવાથી એકને જો હસીને બોલાવવામાં આવે તો બીજો તેના મનમાં અત્યંત દુભાય છે. તે એમ માને છે કે એના પર પ્રીતિ છે અને મારા ઉપર નથી. લોકોમાં આવી સ્થિતિ ચાલુ હોવાથી તેઓ મુશ્કેલીથી વશ થઈ શકે એવા છે. તો પછી લોકોત્તર મહાપુરુષને રીઝવવા એ તો એથી પણ વિશેષ મુશ્કેલ વાત છે. છતાં કોઈ ઉપાય વિશેષથી લોકોને તો રીઝવી શકાય, પણ હે પ્રભુ! આપને કેમ રીઝવવા? એ બાબત અમને કાંઈ માર્ગ સૂઝતો નથી. તેથી આપ તે દર્શાવો તો

જ આ વાત બની શકે એમ છે.

**લોક લોકોત્તર વાત, રીઝ છે દોય જુઈરી;**
**તાત ચક્ર ધુર પૂજ્ય, ચિંતા એહ હુઈરી. ૪**

**અર્થ :–** લોકોને રીઝવવાની લોકરીત અને પ્રભુને રીઝવવાની લોકોત્તર રીત છે. એ બન્નેની પદ્ધતિ સાવ જુદી છે. આજ કારણથી પ્રથમ, તાત એટલે પિતા શ્રી ઋષભદેવ પ્રભુને કેવળજ્ઞાન પ્રગટ્યું છે તે પૂજ્ય કે આયુધશાળામાં ચક્રરત્ન પ્રગટ્યું તે પૂજ્ય ? એ સંબંધી ચિંતવન થવા લાગ્યું.

**ભાવાર્થ :–** લોકોને રીઝવવાની રીત જુદી છે અને લોકોત્તર એવા પ્રભુને રીઝવવાની રીતિ જુદી છે. એ બાબતનો નિર્ણય કરવામાં સહાયરૂપ એક દૃષ્ટાંત આપે છે કે એકદા ભરત ચક્રવર્તીને સમકાળે બે બાબતની વધામણી મળી. એક તો ઋષભદેવ પિતાને કેવળજ્ઞાન પ્રગટ્યું તેની અને તે જ સમયે આયુધશાળામાં ચક્રરત્ન પ્રગટ્યું તેની. આ બન્નેમાં પ્રથમ માન કોને આપવું ? પ્રથમ મહોત્સવ કોનો કરવો ? એ સંબંધીની ચિંતા ઉત્પન્ન થઈ.

**રીઝવવો એક સાંઈ, લોક તે વાત કરેરી;**
**શ્રીનયવિજય સુશિષ્ય, એહિ જ ચિત્ત ધરેરી. ૫**

**અર્થ :–** પછી તેમણે પ્રથમ પ્રભુનો કેવળજ્ઞાન મહોત્સવ કરવાનો જ નિર્ણય કર્યો. કેમકે મારે તો એક સાંઈ એટલે પ્રભુને જ રીઝવવો છે. ભલે લોકો એ સંબંધી વાતો કરે. તેમ શ્રી નયવિજયજીના સુશિષ્ય એવા શ્રી યશોવિજયજી મહારાજ પણ કહે છે કે મારા પણ ચિત્તમાં એ જ નિર્ણય ધારી રાખેલ છે કે મારે પણ સૌથી પ્રથમ પ્રભુને જ રીઝવવા.

**ભાવાર્થ :–** ભરત મહારાજા પણ વિચાર કરી એ જ નિર્ણય પર આવ્યા કે પ્રથમ તો તાતનો કેવળજ્ઞાન મહોત્સવ જ કરવા યોગ્ય છે, કેમકે તે શાશ્વત સુખને આપનાર છે; જ્યારે ચક્ર તો અનેક પ્રકારના આરંભ વડે માત્ર રાજ્યલક્ષ્મી જ આપે છે. જે રાજ્યલક્ષ્મી આયુષ્યની પૂર્ણતાએ કાંઈ જ ઉપયોગી થતી નથી; પણ કદાચ મૂર્ચ્છા કરાવી માઠી ગતિમાં લઈ જાય. માટે મારે તો પ્રથમ પ્રભુને જ રીઝવવા. આ નિર્ણય થયો તે વખતે વચ્ચે તેમના મનમાં એમ પણ આવ્યું કે આ બાબત લોકો મારી ટીકા કરશે કે શું પ્રભુ કંઈ જતા રહેવાના હતા કે એમના જ્ઞાનોત્સવ માટે ચક્રના પ્રકટીકરણની ઉપેક્ષા કરી ! પણ સાથે તે જ વખતે મનમાં સમાધાન થયું કે લોકો તો વિચિત્ર સ્વભાવવાળા છે ! ભલે



એમને ફાવે તેમ કહે ! એમના કથન ઉપર ધ્યાન આપવા બેસીએ તો ખરો માર્ગ સાધી શકાય નહિ. આ પ્રમાણે તેમના ચિત્તમાં સમાધાન થવાની સાથે જ તેઓએ પ્રભુના કેવળજ્ઞાન મહોત્સવનો લાભ પહેલો લીધો.

આ દૃષ્ટાંત આપી શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે મેં પણ ભરત મહારાજાની પેઠે નિર્ણય કર્યો છે. મારે પણ લૌકિક રીઝની કાંઈ જરૂર નથી. ફક્ત સાંઈને એટલે માત્ર પ્રભુને જ રીઝવવા છે. એ રાજી થયે લોકો તો એની મેળે રીઝશે. તેને રીઝવવા પડશે નહીં.

આનો પરમાર્થ આમ પણ નીકળી શકે કે ચક્રાદિ પૌદ્ગલિક પદાર્થો ઉપરથી જેમ જેમ રાગ ઘટાડવામાં આવે તેમ તેમ પ્રભુ ઉપરનો રાગ વધતો જાય, અને જેમ જેમ પ્રભુ ઉપર રાગ વધતો જાય તેમ તેમ પ્રભુ પણ અધિક અધિક રીઝતા જાય એ તદ્દન સ્વાભાવિક છે. પણ પ્રભુ પ્રત્યે રાગ થાય ક્યારે ? તો કે સંસાર પ્રત્યેનો રાગ તૂટે તો. જેટલો જેટલો રાગ તૂટે તેટલી તેટલી ભગવાન પ્રત્યે પ્રીતિ-ભક્તિ ઊગે છે અને તે જ મોક્ષનો સાચો ઉપાય છે. ।।૩-૪-૫।।

---

# (૧૯) શ્રી મલ્લિનાથ સ્વામી

## શ્રી મોહનવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(થાહરા મોહલા ઉપર મેહ—દેશી)

**સુગુરુ સુણી ઉપદેશ, ધ્યાયો દિલમેં ધરી હો લાલ, ધ્યા૦**
**કીધી ભક્તિ અનંત, ચવી ચવી ચાતુરી હો લાલ; ચ૦**
**સેવ્યો રે વિશ્વાવીશ, ઊલટ ધરી ઉલસ્યો હો લાલ, ઉ૦**
**દીઠો નવિ દિદાર, કાં ન કિણ હિલસ્યો હો લાલ. કાં૦૧**

**અર્થ :–** સદ્ગુરુ ભગવંતનો ઉપદેશ સાંભળીને શ્રી મલ્લિનાથ ભગવાનનું મનમાં ધ્યાન ધર્યું તથા અનંતગુણને આપનારી એવી ભક્તિને અનેક પ્રકારે ચતુરાઈ આદરીને કરી. તેમજ વિશ્વાવીશ એટલે સંપૂર્ણ વિશ્વાસ કરવા લાયક એવા પ્રભુને ઊલટ ધરીને ઉલ્લાસભાવે સેવ્યા; તો પણ પ્રભુનો દિદાર એટલે પ્રભુના સ્વરૂપને હું ન પામી શક્યો. અથવા દર્શનમોહનીય કર્મના પંજામાંથી હિલસવું એટલે ચલાયમાન થઈને બાહર આવવું ન થયું.

**ભાવાર્થ :–** આગમધર ગુરુનો ઉપદેશ સાંભળી પ્રભુનું મેં ધ્યાન કર્યું.

પ્રભુને ધ્યેયરૂપે સ્થાપન કર્યાં. હું ધ્યાતા એટલે ધ્યાન કરનારો થયો, અને એકાગ્રતાપૂર્વક ધ્યાન પણ કર્યું, તથા આત્માના અનંતગુણને વધારનારી, અને ત્રણ જગતમાં પ્રસિદ્ધિને પામેલી એવી ખૂબ ભક્તિ કરી. વળી મન, વચન કાયાથી ઊલટ ધરી એટલે ઉમળકો આવવાથી ઉલ્લાસભાવે પ્રભુને સેવ્યા. છતાં પ્રભુનું સ્વરૂપ જોવામાં એટલે કે અનુભવવામાં આવ્યું નહીં. એ મારા દર્શનમોહનીય કર્મનો જ પ્રભાવ જણાય છે. ॥૧॥

**પરમેશ્વરશું પ્રીત, કહો કિમ કીજીએ હો લાલ, ક૦**
**નીમખ ન મેલે મીટ, દોષ કિણ દીજીએ હો લાલ; દો૦**
**કો ન કરે તકસીર, સેવામાં સાહિબા હો લાલ, સે૦**
**કીજે ન છોકરવાદ, ભગત ભરમાવવા હો લાલ. ભ૦૨**

**અર્થ :—** પ્રભુની સાથે મારે પ્રેમ કેવી રીતે કરવો. પ્રભુ તો નીમખ એટલે નિમિષમાત્ર અર્થાત્ આંખના પલકારા માત્ર પણ દૃષ્ટિની મીટ મારી સાથે મિલાવતા નથી. તે દોષ કોને આપીએ. તે મારી અયોગ્યતાને કે પ્રભુને. પ્રભુની સેવા કરવામાં કોણ તકસીર એટલે કસર રાખે. માટે હે પ્રભુ! હવે ભગતને ભરમાવવા છોકરવાદ કરશો નહીં.

**ભાવાર્થ :—** હે પ્રભુ! જ્યાં દૃષ્ટિનું મિલન પણ ન થાય તો પ્રીતિ કેમ રહે. આવા પ્રકારનો દોષ કોને દેવો. વળી પ્રભુની સેવા કરવામાં કોણ ખામી રાખે. માટે હે પ્રભુ! હવે છોકરવાદ કરી ભક્તોને ભરમાવો નહીં. પણ સરળતા રાખી દર્શન આપો. જેથી પ્રીતિ અને ભક્તિ બન્નેમાં વધારો થાય. ॥૨॥

**જાણ્યું તમારું જાણ, પુરુષે ન પારખું હો લાલ, પુ૦**
**સુગુણ નિર્ગુણનો રાહ, કરો શું સારિખું હો લાલ; ક૦**
**દીધે દિલાસે દીન,-દયાળ કહાવશો હો લાલ, દ૦**
**કરુણારસભંડાર, બિરુદ કિમ પાવશો હો લાલ. બિ૦૩**

**અર્થ :—** હે પ્રભુ! અમે આ જાણ્યું છે કે તમારું જાણ એટલે જ્ઞાન, તેને પુરુષો પારખી શકે નહીં. કેમકે તમે તો સદ્ગુણી કે નિર્ગુણી બન્ને પ્રત્યે એક સરખો વ્યવહાર રાખો છો. તો પછી અમને પણ દિલાસો આપો, જેથી તમે દીનદયાળ કહેવાશો. અને જો દિલાસો ન આપો તો આપ કરુણા રસના ભંડાર છો એ બિરુદ કેવી રીતે પામી શકશો.

**ભાવાર્થ :—** જાણ પુરુષો સર્વ વસ્તુને પારખી શકે, છતાં આપ તો



ગુણવાળા અને ગુણ વિનાના બન્નેને સરખા ગણો છો. તો અમને પણ દિલાસો આપો. જેથી આપ દીનદયાળ એટલે ગરીબો પ્રત્યે પણ દયાદૃષ્ટિ રાખનારા કહેવાશો. પરંતુ જો કૃપાદૃષ્ટિ ન કરો તો આપ કરુણારસના ભંડાર છો એ બિરુદ પણ કેવી રીતે રહી શકશે. ॥૩॥

**શું નીપજ્યા તુમે સિદ્ધ, સેવકને અવગણી હો લાલ, સે૦**
**ભાખો અવિહડ પ્રીત, જાવા દ્યો ભોળામણી હો લાલ; જા૦**
**જો કોઈ રાખે રાગ, નિરાગ ન રાખીએ હો લાલ. નિ૦**
**ગુણ અવગુણની વાત, કરી પ્રભુ દાખીએ હો લાલ. ક૦૪**

**અર્થ :—** હે પ્રભુ! સેવકની અવગણના કરીને શા માટે સિદ્ધ બની તમે મોક્ષસ્થાનમાં જઈ વિરાજ્યા. અમારી સાથે અવિહડ કહેતાં અપ્રતિહત એવી અખંડ પ્રીતિ દાખવો અને ભોલામણી કહેતાં ભોળવવારૂપ વર્તનને છોડી દ્યો. વળી જે કોઈ રાગ રાખે તેના સામે નિરાગદશા ન રાખીએ, પણ તેની સાથે ગુણ અવગુણની વાત કરી માર્ગદર્શન આપવું જોઈએ. તેની સર્વને જરૂર છે.

**ભાવાર્થ :—** સેવકને વિસારી દઈ એકલા મોક્ષ સ્થાનમાં જઈ બિરાજ્યા, એ આપે ઠીક કર્યું નહીં. વળી અખંડ પ્રીતિ પ્રભુ સાથે કરવા આપ જણાવો છો, તો આપે પણ અમારી સાથે ભોલામણીને છોડી દઈ એવી પ્રીત કરવી જોઈએ. વળી આપને એક વાતનું નિવેદન કરું છું કે જે કોઈ આપના ઉપર રાગ રાખે તેના ઉપર આપે પણ રાગ રાખવો જોઈએ; તો સેવકનું કાર્ય સિદ્ધ થાય. જગતમાં કહેવત છે કે કોઈ વેંત નમે તો આપણે હાથ નમવું. માટે કોઈ આપણા ઉપર પ્રેમ રાખે તો તેની સામે આપણે પણ અધિક પ્રેમ બતાવવો જોઈએ. તથા ગુણ અવગુણની વાત સમજાવીને તેનો ઉદ્ધાર કરવો જોઈએ. ॥૪॥

**અમચા દોષ હજાર, તિકે મત ભાળજો હો લાલ, તિ૦**
**તુમે છો ચતુર સુજાણ, પ્રીતમ ગુણ પાળજો હો લાલ; પ્રી૦**
**મલ્લિનાથ મહારાજ, મ રાખો આંતરો હો લાલ, મ૦**
**દ્યો દરિશણ દિલધાર, મિટે જ્યું આંતરો હો લાલ. મિ૦૫**

**અર્થ :—** હે પ્રભુ! અમચા એટલે અમારા દોષ તો હજારો છે. પણ તિકે એટલે તેને આપ જોશો નહીં. તમે તો ચતુર એટલે હોશિયાર અને સુજાણ એટલે સર્વ હકીકતને સમ્યક્જ્ઞાનના બળે જાણનાર છો. માટે અમારી આપના પ્રત્યેની સાચી પ્રીતિ જાણી તેને નિભાવજો. હે મલ્લિનાથ પ્રભુ! મારી સાથે આપ આંતરો

એટલે જુદાઈ રાખશો નહીં. પણ હે દિલદાર સ્વામી! મને સમ્યક્દર્શન આપો જેથી આપના વચ્ચે રહેલું અંતર નાશ પામે.

**ભાવાર્થ :–** મારા દોષ ઉપર દૃષ્ટિ કરશો તો સેવકનું કાર્ય થવું ઘણું મુશ્કેલ છે. કારણ કે હું તો અનંત દોષનું ભાજન છું. માટે મારા દોષ સામી દૃષ્ટિ કરશો નહીં. વળી આપ તો ચતુર અને સુજાણ છો. તેથી સેવકનો ભક્તિગુણ દેખીને તે ગુણોની કદર કરજો. વળી હે મલ્લિનાથ મહારાજ! તમે મારાથી કાંઈપણ આંતરો રાખશો નહીં; પણ મને દિલમાં સ્થાન આપી સમ્યક્દર્શન આપશો તો મને શાંતિ વળશે. અને આપણી વચ્ચેનું અંતર પણ મટી જશે. ।।૫।।

**મનમંદિર મહારાજ, વિરાજો દિલ મળી હો લાલ, વિ૦**
**ચંદાતપ જિમ કમળ, હૃદય વિકસે કળી હો લાલ; હૃ૦**
**રૂપવિબુધ સુપસાય કરો અમ રંગ રળી હો લાલ, ક૦**
**કહે મોહન કવિરાય, સકળ આશા ફળી હો લાલ. સ૦૬**

**અર્થ :–** હે પ્રભુ! મારા દિલ સાથે મેળાપ કરી આપ મારા મનમંદિરમાં પધારી બિરાજો. જેથી મારું હૃદય ચંદ્રને જોઈ જેમ કમળ ખીલી ઊઠે તેમ ખીલી ઊઠશે. અમારા ગુરુ પંડિત કવિ શ્રી રૂપવિજયજીના પસાયે હે મલ્લિનાથ પ્રભુ! આપ સાથે મારી પ્રીતિ બંધાણી અને ભક્તિ ઊગી છે. માટે હવે આપ અમારી સાથે જ્ઞાનધ્યાનરૂપ રંગની રેલમછેલ કરી દો, જેથી આ કવિવર શ્રી મોહનવિજયજીની સઘળી આશાઓ ફળીભૂત થઈ જાય.

**ભાવાર્થ :–** હે પ્રભુ! જો આપ મારા હૃદયમાં આવી વિરાજશો તો મારું ચંદ્ર વિકાસી કમળરૂપ હૃદય જરૂર ખીલી ઊઠશે. જેમ ચાંદની દેખીને ચંદ્ર વિકાસી કમળ વિકસ્વર થાય; તેમ ચાંદની સમાન પ્રભુ શ્રી મલ્લિનાથજીની કૃપાદૃષ્ટિ જાણવી, અને ચંદ્ર વિકાસી કમળ જેવું ભક્તનું હૃદય જાણવું. કવિ શ્રી રૂપવિબુધના શિષ્ય શ્રી મોહનવિજયજી કહે છે કે આપ મારા ઉપર કૃપાદૃષ્ટિ કરો તો સેવકની સઘળી આશાઓ જરૂર ફળીભૂત થાય. માટે તે કરવા અમારી આપને ભાવભરી વિનંતિ છે. ।।૬।।

---

## (૨૦) શ્રી મુનિસુવ્રત સ્વામી

### શ્રી આનંદઘનજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન



(રાગ કાફી, આઘા આમ પધારો પૂજ્ય– એ દેશી)

**મુનિસુવ્રત જિનરાય, એક મુજ વિનતિ નિસુણો;**
**આતમતત્ત્વ ક્યું જાણ્યું જગતગુરુ, એહ વિચાર મુજ કહિયો;**
**આતમતત્ત્વ જાણ્યા વિણ નિર્મલ, ચિત્ત સમાધિ નવિ લહિયો. મુ૦૧**

**સંક્ષેપાર્થ :–** હે મુનિસુવ્રત જિનરાજ! આપ એક મારી વિનતિ સાંભળો. હે જગતગુરુ! આપે આ આત્મતત્ત્વ એટલે આત્માના સ્વરૂપને કેવી રીતે જાણ્યું? તે બાબતનો વિચાર મને કહો, અર્થાત્ એ કેવી રીતે જણાય તેનો ઉપાય બતાવો.

કારણ કે આત્મતત્ત્વને જાણ્યા વિના નિર્મળ એવી ચિત્તસમાધિ એટલે ચિત્તની સ્વસ્થતાને હું પામી શકતો નથી. ।।૧।।

**કોઈ અબંધ આતમતત્ત માને, કિરિયા કરતો દીસે;**
**ક્રિયાતણું ફલ કહો કુણ ભોગવે, ઇમ પૂછ્યું ચિત્ત રીસે.**
**મુ૦ ૨**

**સંક્ષેપાર્થ :–** કોઈ એટલે સાંખ્યમતવાળા આત્મતત્ત્વને અબંધ માને છે. તેઓ કહે છે આત્માને સત્વગુણ, રજોગુણ અને તમોગુણ કાંઈ બાધા કરતા નથી. કારણ કે આત્મા એટલે પુરુષ, તે તો નિર્લેપ છે. અને બીજી બાજુ તે જ આત્મા બધી ધાર્મિક ક્રિયાઓ કરતો દેખાય છે.

તો તમે આ બધી ક્રિયાઓ કરો છો તેનું ફળ કોણ ભોગવશે? એમ પૂછવામાં આવતા તે રીસે ભરાય છે, અર્થાત્ તેમના ચિત્તમાં ક્લેશિત પરિણામ થાય છે. ।।૨।।

**જડ ચેતન એ આતમ એક જ, સ્થાવર જંગમ સરીખો;**
**દુઃખ સુખ સંકર દૂષણ આવે, ચિત્ત વિચારી જો પરીખો. મુ૦૩**

**સંક્ષેપાર્થ :–** વેદાંત દર્શનના અદ્વૈત મતાવલંબીઓ 'એકં ब्रह्म द्वितीयं नास्ति' અર્થાત્ 'એક બ્રહ્મ સિવાય જગતમાં બીજું કાંઈ નથી' આવો મત ધરાવનારા એમ કહે છે કે જડ એટલે નિર્જીવ પદાર્થ અને ચેતન એટલે સજીવ પદાર્થ જે કંઈ પણ દેખાય છે તે બધા આત્મારૂપ જ છે. સ્થાવર એટલે સ્થિર પદાર્થો જેમકે ચેતન એવા વૃક્ષો કે જડ એવા સોના, ચાંદી, હીરા, માણેક વગેરે અને જંગમ એટલે હાલતા ચાલતા ચેતન પ્રાણીઓ એ બધા સરખા જ છે. આ જે દેખાય છે તે અને પરમાણુ વગેરે જે નથી દેખાતા છતાં પણ તે બધા એક બ્રહ્મરૂપ જ છે.

તેમને આનંદઘનજી મહારાજ કહે છે આવી માન્યતાવડે સુખ દુઃખ

ભોગવવામાં સંકર એટલે સેળભેળરૂપ દૂષણ આવે છે. સુખ દુઃખનો અનુભવ તો આત્માને હોય છે. એ લક્ષણ આત્મામાં ઘટે છે. પણ આત્મા અને જડ સરખા માનવાથી સુખદુઃખનું વેદન જડમાં પણ પ્રવેશ પામશે. એમ ચેતન દ્રવ્યનું લક્ષણ જડમાં અને જડ દ્રવ્યનું લક્ષણ ચેતનમાં ભળી જવાથી સંકર નામનો મોટો દોષ આવે છે. કેમકે શ્રીમદ્જી પણ કહે છે—

**"જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;**
**કોઈ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ."**

બન્નેની સત્તા અલગ છે. માટે તમે પણ ચિત્તમાં મધ્યસ્થતાથી વિચાર કરીને પરિખો કહેતા પરીક્ષા કરશો તો તમને પણ એ વાત સત્ય જણાશે. ।।૩।।

**એક કહે નિત્ય જ આતમતત્ત, આતમ દરિશણ લીનો;**
**કૃત વિનાશ અકૃતાગમ દૂષણ, નવિ દેખે મતિહીણો. મુ૦૪**

**સંક્ષેપાર્થ :—** એક મત એમ માને છે કે આત્મતત્ત્વ તો હમેશાં નિત્ય જ છે. તે એકરૂપે જ રહે છે. આતમ દરિશણ લીનો કહેતા તે આત્મા તો હમેશાં પોતાના આત્મદર્શનમાં જ લીન રહે છે. તો રોજના કર્મો કોણ કરે છે?

પોતે આત્મસ્વરૂપમાં જ લીન હોય તો કૃતવિનાશ એટલે પોતાના જ કરેલા વ્રત, તપ, જપ, પરોપકાર વગેરે શુભ કૃત્યો કે અશુભ કૃત્યોનું ફળ પોતે ભોગવી ન શકે માટે કૃત એટલે કરેલા કર્મનો વિનાશ થયો, અર્થાત્ બધું નિષ્ફળ ગયું. એ રૂપ પ્રથમ દોષ ઊભો થયો. વળી સ્વરૂપમાં લીનતા હોવાથી તે શુભાશુભ કરણી કરી શકતો નથી. છતાં તેના શુભ અશુભ કર્મોના સુખ દુઃખરૂપ ફળને તો તે ભોગવે છે. તેથી અકૃતાગમ એટલે નહીં કરેલા કર્મોનું આગમન થયું. એ બીજું દૂષણ ઊભું થયું. એમ હોવા છતાં મતિહીણ અર્થાત્ બુદ્ધિહીન એવા તે એકાન્તપક્ષી મતાગ્રહીઓ તેને જોઈ શકતા નથી. એ દર્શનમોહનીયકર્મનો જ પ્રભાવ છે. ।।૪।।

**સૌગત મતિ રાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો;**
**બંધ-મોક્ષ સુખ-દુઃખ ન ઘટે, એહ વિચાર મન આણો. મુ૦૫**

**સંક્ષેપાર્થ :—** સૌગત એટલે બૌધમતના રાગી એવા વાદીઓ એમ કહે છે કે તમે આત્માને ક્ષણિક એટલે એક આત્માને ક્ષણ માત્ર જ રહેનાર જાણો. બીજી ક્ષણે બીજો આત્મા આવ્યો, એમ પ્રત્યેક ક્ષણે તેને બદલાતો જાણો.

એમ માનવાથી તો કર્મબંધ એક આત્મા કરે અને તેનું ફળ વળી બીજા



આત્માઓ ભોગવે. અથવા મોક્ષપુરુષાર્થ એક કરે અને મોક્ષ વળી બીજા આત્માનો જ થાય. સુખનો ઉદય એકને આવે તેટલામાં તો બીજો આત્મા આવી જાય. અથવા દુઃખરૂપ ફળ એક આત્માને આવે અને ભોગવે વળી બીજો આત્મા. એમ ક્ષણવારમાં જીવ કર્મબંધ કે મોક્ષનો શું પુરુષાર્થ કરે અથવા સુખદુઃખનો શો અનુભવ કરે? આમ એકાંતે આત્માને ક્ષણિક માનવાથી સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. પણ સ્યાદ્વાદતત્ત્વથી પર્યાયે જોતાં એ વાત સત્ય જણાય છે. કેમકે પ્રત્યેક દ્રવ્યની પર્યાય એક સમય માત્ર ક્ષણિક જ છે. જ્યારે દ્રવ્યદૃષ્ટિએ જોતાં આત્મા વગેરે કોઈ દ્રવ્ય ક્ષણિક નથી, પણ શાશ્વત છે. એમ મધ્યસ્થી બનીને આત્મતત્ત્વનો વિચાર મનમાં આણો તો વાસ્તવિક તત્ત્વનું જ્ઞાન થાય. ।।૫।।

**ભૂત ચતુષ્ક વર્જિત આતમતત્ત, સત્તા અળગી ન ઘટે;**
**અંધ શકટ જો નજર ન દેખે, તો શું કીજે શકટે? મુ૦૬**

**સંક્ષેપાર્થ :—** હવે નાસ્તિક મતવાદીઓ અથવા ચાર્વાકદર્શનના અનુયાયીઓ કહે છે કે ભૂત ચતુષ્ક એટલે પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ આ ચાર મૂળભૂત પદાર્થ વર્જિત એટલે એના સિવાય આત્મા નામના પદાર્થની કોઈ સત્તા અળગી એટલે જુદી ઘટે નહીં અર્થાત્ હોઈ શકે નહીં. આ પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુરૂપ ચાર ભૂતો મળવાથી જ ચૈતન્ય સત્તા ઉત્પન્ન થાય અને આ ચાર ભૂતો વિખરાઈ જતાં આત્માનો નાશ થાય. પણ આ વાત પ્રત્યક્ષ વિરોધ પામે છે. કારણ મડદામાં આ ચારે ભૂતો વિખરાઈ ગયા નથી, વિદ્યમાન છે છતાં તે આત્માનો કેવી રીતે નાશ થયો? બીજું પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુરૂપ ચારે ભૂતો મડદામાં વિદ્યમાન છતાં હવે તે કેમ હાલી ચાલી શકતું નથી? અર્થાત્ આત્મા નામનો પદાર્થ આ શરીરથી જુદો છે અને હવે તે શરીરમાં નથી માટે આ મડદું હાલી ચાલી શકતું નથી.

જેમ કોઈ અંધ માણસ શકટ એટલે ગાડાને ન જોઈ શકે તો એમાં ગાડાનો શો દોષ? તેમ આ દેહમાં વિચાર કરનાર, જ્ઞાનદર્શન પ્રત્યક્ષ હોવા છતાં વિચારે કરીને જો ન સમજી શકે તો આમાં બીજાનો શો વાંક? પોતાના જ ભારે કર્મોનો વાંક છે. ।।૬।।

**એમ અનેક વાદી મત વિભ્રમ, સંકટ પડિયો ન લહે;**
**ચિત્ત સમાધિ તે માટે પૂછું, તુમ વિણ તત્ત કોઈ ન કહે. મુ૦૭**

**સંક્ષેપાર્થ :—** એમ અનેક મતવાદીઓના મત એટલે જુદી જુદી

માન્યતાઓ સાંભળીને હું વિશેષ ભ્રમરૂપ સંકટમાં પડી ગયો છું. તેથી એમાં સત્યમત કયો તે હું જાણી શકતો નથી.

તે માટે મારા ચિત્તની સમાધિ એટલે શાંતિનો ઉપાય આપને પૂછું છું. કેમકે આપના વિના કોઈ મને વાસ્તવિક તત્ત્વ કહી શકે એમ જણાતું નથી. ।।૭।।

**વળતું જગગુરુ ઇણિપેરે ભાખે, પક્ષપાત સબ છંડી;**
**રાગદ્વેષ મોહ પખ વર્જિત, આતમશું રઢ મંડી. મુ૦૮**

**સંક્ષેપાર્થ :–** મારા પ્રશ્નના વળતા જવાબમાં જગતગુરુ શ્રી મુનિસુવ્રત ભગવાન એમ કહેવા લાગ્યા કે તું સર્વ ધર્મમતોના પક્ષપાત એટલે આગ્રહોને છોડી દઈ તેમજ રાગદ્વેષ અને મોહ એટલે અજ્ઞાનના પક્ષને પણ મૂકી દઈ હૃદયમાં એક માત્ર આત્માની જ ધુન જગાડ અર્થાત્ એક સહજાત્મસ્વરૂપની જ હૃદયમાં રટના લગાવ, જેથી તારું અવશ્ય કલ્યાણ થાય. ।।૮।।

**આતમ ધ્યાન કરે જો કોઉ, સો ફિર ઇણમેં નાવે;**
**વાગજાલ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્ત લાવે. મુ૦૯**

**સંક્ષેપાર્થ :–** જે કોઈ મુમુક્ષુ આત્માને ઓળખવા માટે સત્પુરુષના વચનનું સ્થિરચિત્તે વિચારરૂપ ધ્યાન કરશે. તે આત્મઅનુભવરૂપ આત્મધ્યાનને પામી ફરી આ સંસારમાં આવશે નહીં, અર્થાત્ જન્મમરણનો નાશ કરી મુક્તિને મેળવશે.

આત્મવિચાર કર્ત્તવ્યરૂપ ધર્મ સિવાયના અથવા સ્વરૂપલક્ષ વિનાના વાણી વિલાસને માત્ર જાળરૂપ જાણવા. અને આત્મતત્ત્વને જ હમેશાં ચિત્તમાં લાવવું કે જેથી દેહાધ્યાસ છૂટી જઈ સર્વકાળને માટે આત્મા સ્વરૂપ સમાધિને પામે. ।।૯।।

**જિણે વિવેક ધરી એ પખ ગ્રહિયો, તે તત્ત્વજ્ઞાની કહિયે;**
**શ્રી મુનિસુવ્રત કૃપા કરો તો, આનંદઘન પદ લહિયે. મુ૦૧૦**

**સંક્ષેપાર્થ :–** જે મુમુક્ષુઓએ સત્ અસત્ ધર્મનો વિવેક કરીને અથવા જડ ચેતનનો વિવેક કરીને અનુભવપૂર્વકનું આત્મજ્ઞાન મેળવવા માટે આત્મધ્યાની જ્ઞાનીપુરુષના પક્ષને ગ્રહણ કર્યો, તેનું શરણ લીધું; તેને જ તત્ત્વજ્ઞાની કહિએ અર્થાત્ સાચા તત્ત્વના જાણનાર કહિએ.

હે મુનિસુવ્રત પ્રભુ! આપ અમારા ઉપર પણ કૃપા કરો તો અમે પણ



આનંદઘનસ્વરૂપ એવા સ્વઆત્મપદને પામી પરમસુખી થઈએ. ।।૧૦।।

---

# (૨૦) શ્રી મુનિસુવ્રત સ્વામી

## શ્રી દેવચંદ્રજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(ઓલગડી ઓલગડી સુહે હો શ્રી શ્રેયાંસની રે.....૦એ દેશી)

**ઓલગડી તો કીજે શ્રી મુનિસુવ્રત સ્વામીની રે, જેહથી નિજ પદ સિદ્ધિ;**
**કેવલ કેવલ જ્ઞાનાદિક ગુણ ઉલ્લસે રે, લહીએ સહજ સમૃદ્ધિ. ઓ૦૧**

**સંક્ષેપાર્થ :–** હે ભવ્યો! ઓલગડી એટલે સેવા અથવા ગુણગ્રામ કરીએ, કોના? તો કે શ્રી મુનિસુવ્રત સ્વામીના. કેમકે એ પ્રભુની સેવા કરવાથી પોતાના પરમાનંદમય પરમાત્મપદની સિદ્ધિ થાય. વળી પોતામાં તિરોભાવે રહેલા કેવળજ્ઞાનાદિક ગુણો ઉલ્લસે કહેતા પ્રગટ થાય. તથા સહજ એટલે સ્વાભાવિક અકૃતિમ એવી પોતાના આત્માની સમૃદ્ધિ, તેની પ્રાપ્તિ થાય. ।।૧।।

**ઉપાદાન ઉપાદાન નિજ પરિણતિ વસ્તુની રે, પણ કારણ નિમિત્ત આધીન;**
**પુષ્ટ અપુષ્ટ દુવિધ તે ઉપદિશ્યો રે, ગ્રાહક વિધિ આધીન. ઓ૦૨**

**સંક્ષેપાર્થ :–** ઉપાદાન કોને કહે છે? તો કે વસ્તુની નિજ કહેતા પોતાની પરિણતિ તે ઉપાદાન. તે વસ્તુનો મૂળ ધર્મ છે. પણ તે નિમિત્ત કારણને આધીન છે. નિમિત્તના યોગે ઉપાદાન શક્તિ જાગ્રત થાય છે. તે નિમિત્તકારણના પુષ્ટ અને અપુષ્ટ એવા દુવિધ એટલે બે પ્રકાર આગમમાં ઉપદેશ્યાં છે. તેને ગ્રાહક એટલે કાર્યનો કર્ત્તા, કાર્યની જે વિધિ એટલે પ્રકાર, તેને આધીન રહીને નિમિત્તને પ્રવર્તાવે તો જ કાર્ય સિદ્ધ થાય; નહિ તો નિમિત્તકારણ કાર્ય કરી શકે નહીં. જેમ અરિહંત પ્રભુને આત્માર્થના લક્ષે સેવે તો જ તે મોક્ષનું નિમિત્તકારણ થાય, પુદ્ગલની આશાએ સેવે તો નહીં .।।૨।।

**સાધ્ય સાધ્ય ધર્મ જે માંહી હુવે રે, તે નિમિત્ત અતિ પુષ્ટ;**
**પુષ્પ પુષ્પ માંહી તિલવાસક વાસના રે, નવિ પ્રધ્વંસક દુષ્ટ. ઓ૦૩**

**સંક્ષેપાર્થ :–** હવે પુષ્ટ નિમિત્તનું સ્વરૂપ કહે છે :– સાધ્ય એટલે સાધવા યોગ્ય કાર્યધર્મ, તે જે કારણમાં હોય તેને પુષ્ટ કારણ કહીએ છીએ. જેમ તેલને સુગંધિત કરવારૂપ કાર્ય માટે પુષ્પ તે તેનું પુષ્ટ નિમિત્ત છે. પણ તેલની

વાસનાના દુષ્ટ પ્રધ્વંસક એટલે તેલની વાસનાનો નાશ કરનારા તે નથી પણ સુગંધ વધારનારા છે; માટે પુષ્ટ નિમિત્ત છે. તેમ અરિહંત પ્રભુ પણ મોક્ષરૂપ કાર્યના પુષ્ટ નિમિત્ત છે. કારણ કે તે પ્રભુમાં સાધ્ય કરવા યોગ્ય એવું પરમાત્મ પદ છે. માટે તેનું વિધિપૂર્વક સેવન થાય તો જરૂર મોક્ષરૂપ કાર્ય સાધ્ય થાય. ।।૩।।

**દંડ દંડ નિમિત્ત અપુષ્ટ ઘડા તણો રે, નવિ ઘટતા તસુમાંહી;**
**સાધક સાધક પ્રધ્વંસકતા અછે રે, તિણે નહિ નિયત પ્રવાહ. ઓ૦૪**

**સંક્ષેપાર્થ :–** હવે અપુષ્ટ નિમિત્તનું સ્વરૂપ કહે છે–જેમ દંડ છે તે ઘડો બનાવવાનું અપુષ્ટ નિમિત્તકારણ છે. કેમકે પુષ્પમાં જેમ સુગંધ છે તેમ દંડમાં કંઈ ઘડાપણું નથી. કર્ત્તા જે પ્રમાણે દંડને પ્રવર્તાવે તેમ પ્રવર્તે છે. કાર્યનો સાધક એવો કર્ત્તા-દંડને ઘડો બનાવવામાં પણ ઉપયોગમાં લઈ શકે છે અને તે ઘડાનો પ્રધ્વંસ એટલે સારી રીતે નાશ કરવો હોય તો પણ કરી શકે છે. તેથી દંડનો નિયત એટલે નિશ્ચિત કોઈ એક પ્રવાહ નથી કે જેથી ઘડો થાય જ. પણ શ્રી અરિહંત પરમાત્માનું સેવન તો નિશ્ચિતપણે સિદ્ધતાનું કારણ છે; પણ જે એમને મોક્ષાર્થે જ સેવે તે નિયમા સિદ્ધિ પામે છે. ।।૪।।

**ષટ્કારક ષટ્કારક તે કારણ કાર્યનાં રે, જે કારણ સ્વાધીન;**
**તે કર્તા તે કર્તા સહુ કારક તે વસુ રે, કર્મ તે કારણ પીન. ઓ૦૫**

**સંક્ષેપાર્થ :–** હવે છ કારકનું સ્વરૂપ કહે છે. ષટ્કારક એટલે છ કારક. તે કર્તા, કર્મ (કાર્ય), કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ છે. તે પ્રત્યેક કાર્ય કરવામાં કારણરૂપ છે. અર્થાત્ કર્ત્તા જ્યાં ક્રિયા કરે ત્યાં સહેજે આ છ કારક હોય છે. અહીં આત્મારૂપ કર્ત્તા, સિદ્ધતારૂપ કાર્ય કરવા ક્રિયા કરે ત્યારે આ છ કારક હોય છે. જે કારણ કે કારક કાર્ય કરવામાં સ્વાધીન હોય અને જેને બીજા બધા કારક વસુ એટલે વશ હોય, આધીન હોય, તેને કર્તાકારક કહીએ. જે કારણ અથવા કારકવડે કર્મ એટલે કાર્ય, પીન એટલે પુષ્ટ થાય અર્થાત્ કરેલું કાર્ય સિદ્ધ થાય તેને બીજું કર્મકારક કહે છે. ।।૫।।

**કાર્ય કાર્ય સંકલ્પે કારક દશા રે, છતી સત્તા સદ્ભાવ;**
**અથવા અથવા તુલ્ય ધર્મને જોયવે રે, સાધ્યારોપણ દાવ. ઓ૦૬**

**સંક્ષેપાર્થ :–** હવે કર્મકારક તે તો કાર્ય છે, તો તેને કારણ કેમ કહેવાય? તેનો ખુલાસો કરે છે–કર્તા પહેલા કાર્યનો સંકલ્પ કરે છે પછી કાર્ય કરે છે. જેમકે ઘડો બનાવવો છે તો આ માટીમાં ઘડારૂપ કાર્યની યોગ્યતાનો સત્તારૂપે સદ્ભાવ



છે કે નહીં, એમ વિચારી પછી ઘડો બનાવવાનું કાર્ય શરૂ કરે છે. એમ સત્તામાં રહેલું ઘડારૂપ કાર્ય તે જ ઘડો બનાવવાના કારણરૂપ બને છે. માટે તેને બીજું કર્મકારક કહેવું તે યુક્ત છે. અથવા જેમ ભગવાનના શુદ્ધસ્વરૂપને જોઈ પોતાનો પણ આવો જ તુલ્યધર્મ છે માટે મારે પણ તે પ્રગટાવવો છે એમ સાધ્યરૂપ કાર્યને કારણરૂપે આરોપણ કરવારૂપ દાવ તે જ કાર્યને કારણરૂપ છે. આ રીતે કાર્યને પણ કારણ કહી શકાય છે. ।।૬।।

**અતિશય અતિશય કારણ કારક કરણતા રે, નિમિત્ત અને ઉપાદાન;**
**સંપ્રદાન સંપ્રદાન કારણ પદ ભવનથી રે, કારણ વ્યય અપાદાન. ઓ૦૭**

**સંક્ષેપાર્થ :–** છ કારકમાં ઉત્કૃષ્ટ કારણ તે ત્રીજું કરણકારક છે. તેના બે ભેદ છે. એક નિમિત્તકારણ અને બીજું ઉપાદાન કારણ. તેમાં ઉપાદાન કારણ તે આત્માનો સત્તાગત ધર્મ છે. અને નિમિત્તકારણ તે શ્રી અરિહંતાદિક છે. હવે અરિહંતાદિક નિમિત્ત કારણ વડે કાર્યમાં અપૂર્વકારણ પર્યાયનું ભવન એટલે ઉત્પન્ન થવું તે ચોથું સંપ્રદાન કારક છે અને પૂર્વકારણ પર્યાયનો વ્યય થવો તે પાંચમું અપાદાન કારક છે. તે કેવી રીતે થાય છે તે આગળની ગાથામાં સમજાવે છે. ।।૭।।

**ભવન ભવન વ્યય વિણુ કારજ નવિ હુવે રે, જિમ દૃષદે ન ઘટત્વ;**
**શુદ્ધાધાર શુદ્ધાધાર સ્વગુણનું દ્રવ્ય છે રે, સત્તાધાર સુતત્ત્વ. ઓ૦૮**

**સંક્ષેપાર્થ :–** કોઈપણ કાર્ય કરતાં નવા પર્યાયની ઉત્પત્તિ તે ભવન અને પૂર્વ પર્યાયનો વ્યય એટલે નાશ થયા વિના કાર્ય નીપજતું નથી. જેમ દૃષદે એટલે પત્થરમાં ન ઘટત્વ એટલે પત્થરમાં ઘડો થવાની યોગ્યતા નથી. તેથી કુંભાર પત્થરમાંથી ઘડો બનાવવા પ્રયત્ન કરે તો પણ બની શકતો નથી. કારણ કે પત્થરમાં માટીની જેમ ભવન એટલે ઉત્પત્તિ અને વ્યયની ક્રિયા થઈ શકતી નથી માટે.

હવે છઠ્ઠું અધિકરણ અથવા આધારકારક કહે છે કે પોતાના આત્માના જ્ઞાનાદિ અનંત મૂળ ગુણોનો શુદ્ધ આધાર તો પોતાનું આત્મદ્રવ્ય જ છે. અને તે આત્મદ્રવ્યને પોતાની સત્તાનો આધાર છે. અને જે દ્રવ્યને પોતાની સત્તાનો આધાર છે તે જ સુતત્વ એટલે સમ્યક્ તત્ત્વ છે. ।।૮।।

**આતમ આતમ કર્તા કારજ સિદ્ધતા રે; તસુ સાધન જિનરાજ;**
**પ્રભુ દીઠે પ્રભુ દીઠે કારજરુચિ ઊપજે રે, પ્રગટે આત્મ સમાજ. ઓ૦૯**

**સંક્ષેપાર્થ :—** આત્મા સમ્યક્દર્શનાદિ પોતાના ગુણોનો જ કર્ત્તા થવાથી સિદ્ધતારૂપ કાર્ય નિપજાવે છે. પણ તેના પુષ્ટ નિમિત્તકારણરૂપ સાધન તે તો શ્રી જિનરાજ સર્વજ્ઞ પ્રભુ છે. એ પ્રભુના દર્શન વડે મોક્ષ પ્રાપ્ત કરવાની રુચિ ઊપજે છે. અને રુચિ ઊપજવાથી સંપૂર્ણ આત્મ સમાજ એટલે આત્મ સામ્રાજ્યની પ્રાપ્તિ થાય છે અર્થાત્ સંપૂર્ણ સિદ્ધતાની પ્રાપ્તિ થાય છે. મોક્ષની અભિલાષા જાગૃત થયા વિના મોક્ષરૂપ કાર્ય બની શકતું નથી. ।।૯।।

**વંદન વંદન સેવન નમન વળી પૂજના રે, સ્મરણ સ્તવન વળી ધ્યાન;**
**દેવચંદ્ર દેવચંદ્ર કીજે જિનરાજની રે, પ્રગટે પૂર્ણ નિધાન. ઓ૦૧૦**

**સંક્ષેપાર્થ :—** માટે શ્રી અરિહંત પ્રભુને સદા વંદન, નમન, સેવન એટલે તેમની આજ્ઞાનું પાલન તથા પૂજન, તેમજ વારંવાર તેમના ગુણોનું સ્મરણ, સ્તવન એટલે વચનવડે ગુણનું હર્ષથી કથન કરીએ. તથા એકાગ્રતા કરી પ્રભુના ગુણોમાં તલ્લીનતા રૂપ ધ્યાન કરીએ કે જેથી આત્માના અનંતગુણરૂપ નિધાનની પ્રાપ્તિ થાય. એમ શ્રી દેવચંદ્રજી મહારાજ પોતાના આત્માને સંબોધીને કહે છે. ।।૧૦।।

---

# (૨૦) શ્રી મુનિસુવ્રત સ્વામી

## શ્રી યશોવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

**મુનિસુવ્રત જિન વંદતાં, અતિ ઉલ્લસિત તન મન થાય રે;**
**વદન અનોપમ નિરખતાં, મારાં ભવભવનાં દુઃખ જાય રે;**
**મારાં ભવભવનાં દુઃખ જાય, જગતગુરુ જાગતો સુખકંદ રે;**
**સુખકંદ અમંદ આણંદ, પરમ ગુરુ દીપતો સુખકંદ રે. ૧**

**અર્થ :—** શ્રી મુનિસુવ્રત પ્રભુને વંદન કરવાથી મારા તન અને મન હર્ષથી ઉભરાય છે. ઉપમારહિત એવા પ્રભુના મુખને જોવાથી મારા ઘણા ભવના બાંધેલા દુઃખના કારણ એવા કર્મો પણ દૂર થાય છે; જગતગુરુ પોતાના શુદ્ધસ્વરૂપ વડે સદા જાગૃત છે, અને અમંદપણે સદા પરમ આનંદ સ્વરૂપમાં સદા લીન છે. તથા પરમગુરુ કેવળજ્ઞાનવડે સર્વકાળ દેદિપ્યમાન છે.

**ભાવાર્થ :—** શ્રી મુનિસુવ્રત સ્વામીને આગમમાં જણાવેલી વિધિપૂર્વક વંદન કરવાથી મારું તન એટલે શરીર હર્ષથી પુલકિત થઈ જાય છે અને મન



અતિ આનંદમગ્ન બને છે. વિધિ-બહુમાનપૂર્વક વંદન કરવાથી આખા શરીરમાં હર્ષની લહેર અને મનમાં પ્રસન્નતા છવાઈ જાય છે. એ પ્રભુના મુખને જગતના કોઈ પદાર્થની ઉપમા ઘટી શકતી નથી. તેવો પદાર્થ જ જગતમાં નથી કે જેની ઉપમા આપી શકાય. તેથી તે નિરૂપમ છે. પ્રભુના મુખનું નિરીક્ષણ સ્વરૂપદૃષ્ટિએ કરવાથી મારાં અનેક ભવનાં સંચિત પાપકર્મો દૂર થાય છે. દર્શનનો હેતુ સમજી દર્શન કરવું જોઈએ. તો જ કર્ત્તા કહે છે તેમ ભવભવનાં દુઃખ જાય. પ્રભુ દર્શનનું પોતામાં પ્રતિબિંબ પડે તેથી આત્મામાં સમ્યક્દર્શન પ્રગટે. વળી કહે છે કે એ ત્રણ જગતના ધર્મોપદેષ્ટા એવા પરમગુરુ મોક્ષનો સાચો માર્ગ બતાવવાથી સદા જાગૃત છે. પરમોત્કૃષ્ટ અપ્રમાદ દશાના ધારક હોવાથી સદા સ્વસ્વરૂપમાં જ રમી રહ્યા છે. વળી સુખના મૂળરૂપ છે એટલે સુખ માત્રના ઉત્પત્તિ સ્થાનરૂપ તેઓ છે. વળી પરમઆનંદમય છે. અને વર્તમાનમાં લોકના અગ્રભાગે સિદ્ધાલયમાં દીપી રહ્યા છે અર્થાત્ શોભી રહ્યા છે. ।।૧।।

**નિશિ દિન સૂતાં જાગતાં, હઇડાથી ન રહે દૂરરે;**
**જબ ઉપગાર સંભારીએ, તવ ઊપજે આનંદ પૂર રે. ત૦જ૦સુ૦ ૨**

**અર્થ :—** વળી એ પ્રભુ રાત્રિ અને દિવસ સૂતાં અને જાગતાં હૃદયથી દૂર થતા નથી. જ્યારે એમનો અમારા ઉપર કરેલો ઉપકાર યાદ કરીએ છીએ ત્યારે તો ભરપૂર આનંદ પ્રગટે છે.

**ભાવાર્થ :—** એ કૃપાળુ પ્રભુ અમોને હમેશાં યાદ આવે છે. અમે સુપ્ત કે જાગૃત અવસ્થામાં હોઈએ ત્યારે પણ તેઓ અમારા હૃદયમાંથી ક્યારે પણ દૂર ખસતા નથી. ઊઠતાં, બેસતાં, હરતાં, ફરતાં અને ટૂંકમાં કહીએ તો સર્વ સ્થિતિમાં એમને અમે અમારા હૃદયમાં વિરાજીત થયેલા જોઈએ છીએ. આ અમારા મનમંદિરમાં સ્થિતિ કરવારૂપ એમનો ઉપકાર તથા જે બોધથી અમે આવી ઉત્તમ સ્થિતિને પ્રાપ્ત થયા, તે બોધ પૂરો પાડવારૂપ ઉપકાર—માત્ર એકાંત હિતબુદ્ધિએ કે ફક્ત અમો આત્મ ઉન્નતિને કેમ પામીએ? સંસારમાંથી કેમ નિસ્તરીએ? એ જ ઉદ્દેશથી કરેલો ઉપકાર અમે જ્યારે જ્યારે સંભારીએ છીએ ત્યારે ત્યારે એ ઉપકારના ગર્ભમાં રહેલી નિઃસ્વાર્થતા જોઈ અમને અપૂર્વ આનંદનો સમૂહ પ્રગટ થાય છે. આ ગાથા શ્રી યશોવિજયજી મહારાજની પ્રભુમય તન્મયતાની ધ્યાનાવસ્થા સૂચવે છે, અન્યથા 'પ્રભુ હઇડાથી ન રહે દૂર રે' એ ઉદ્ગારો નીકળવાનું બની શકે નહીં. ।।૨।।

**પ્રભુ ઉપકાર ગુણે ભર્યા, મન અવગુણ એક ન માય રે;**
**ગુણ ગુણ અનુબંધી હુઆ, તે તો અક્ષય ભાવ કહાય રે. તે૦જ૦સુ૦ ૩**

**અર્થ :–** પ્રભુ નિસ્વાર્થ ઉપકારના ગુણથી ભરેલા છે અને એમના મનને વિષે એક પણ અવગુણ, સ્થાન મેળવી શકે તેમ નથી. પ્રભુના એ ગુણો અન્ય ગુણની પરંપરાને મેળવી આપે એવા અનુબંધવાળા છે. અને તે બધા ગુણો ક્ષાયિક ભાવવાળા જ કહેવા યોગ્ય છે અર્થાત્ કોઈ કાળે હવે તે નાશ પામનાર નથી.

**ભાવાર્થ :–** એ પ્રભુ ઉપકાર ગુણથી ભરેલા છે અને એમના મનને વિષે એક પણ અવગુણ સમાઈ શકતો નથી. પૂર્વ ગુણો ઉત્તર ગુણોને ખેંચી લાવે છે. અને જે નવા નવા ગુણો પ્રાપ્ત થતા આવે છે તે બધા મોહનીયાદિ કર્મના ક્ષયથી પ્રગટેલા હોવાથી તે અક્ષય ભાવવાળા એટલે નિરંતર રહેનારા જ હોય છે, અર્થાત્ આવ્યા પછી તે કદી જવાના નથી. ।।૩।।

**અક્ષય પદ દિયે પ્રેમ જે, પ્રભુનું તે અનુભવ રૂપ રે;**
**અક્ષર સ્વર ગોચર નહીં, એ તો અકલ અમાપ અરૂપ રે. એ૦જ૦સુ૦ ૪**

**અર્થ :–** પ્રભુ ઉપરનો પ્રેમ તે આપણને અક્ષયપદ આપે છે. અને પ્રભુનું જે અનુભવેલું શુદ્ધસ્વરૂપ તે તો અક્ષરમાં કે સ્વર એટલે વાણી દ્વારા પ્રકાશી શકાય એમ નથી. કારણ કે એ તો ન કળી શકાય, ન માપી શકાય કે ન જોઈ શકાય તેવું છે.

**ભાવાર્થ :–** પ્રભુ ઉપર માત્ર પોતાના સહજાત્મસ્વરૂપની પ્રાપ્તિ અર્થે જે પ્રશસ્ત રાગ કરવામાં આવે તેથી અનુક્રમે ભવ્ય પ્રાણીને અક્ષયપદ એટલે મોક્ષપદ મળે છે. રાગથી અક્ષયપદ કેમ મળે ? તો કે મોક્ષપદ મેળવવાની જીવને જ્યારે અભિરુચિ થાય છે ત્યારે તેનો સાંસારિક અપ્રશસ્તરાગ, ધીમે ધીમે ઘટી જઈ પ્રશસ્તરાગમાં ફેરવાઈ જાય છે. પછી તે જીવ જ્યારે સ્વસ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરે છે ત્યારે પ્રભુ ઉપરનો રાગ તે પોતાના શુદ્ધ આત્મામાં જ લય પામે છે અને તે મોક્ષ અપાવે છે. પણ તે પદની પ્રાપ્તિ થવામાં કારણરૂપે પ્રથમ પ્રભુ પ્રત્યેનો પ્રશસ્ત રાગ જ હતો તેથી એમ કહેવાય છે કે પ્રભુ ઉપરના શુભ રાગે અમને અક્ષય એવું મોક્ષપદ પ્રાપ્ત કરાવ્યું. કર્ત્તા કહે છે કે તે અક્ષય એવા શુદ્ધ આત્મપદને પ્રભુ સદા અનુભવે છે. તે પદનું સ્વરૂપ એટલું બધું ગૂઢ અને વિશાળ છે કે તેનું વર્ણન કરવા જેટલાં વ્યંજન અને સ્વર નથી અર્થાત્ તે વાણીથી અગોચર છે.



અનેક ભવો વ્યતીત થાય તો પણ તેનું સ્વરૂપ પૂર્ણ રીતે કથી શકાય તેમ નથી. કારણ કે તેની ગૂઢતા છદ્મસ્થથી ન જાણી શકાય તેવી અને સ્વરૂપસ્થિતિ પણ ન જોઈ શકાય તેવી છે. અક્ષય પદના પ્રત્યક્ષ જ્ઞાનવાળા કેવળી ભગવાન પણ તે શુદ્ધ સ્વરૂપને પૂર્ણ રીતે કહેવા સમર્થ થતા નથી તો પછી છદ્મસ્થ જીવ તેને પૂર્ણ રીતે કેમ કહી શકે ? ન જ કહી શકે ! તેથી જ તેને અકળ, અમાપ અને અરૂપ કહેવામાં આવે છે. કર્ત્તા છેવટની ગાથામાં પણ આનુજ સમર્થન કરે છે. ।।૪।।

**અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનના તે ન લિખાય રે;**
**વાચક યશ કહે પ્રેમથી, પણ મનમાંહે પરખાય રે. પ૦જ૦સુ૦૫**

**અર્થ :–** પ્રભુના ગુણ ઘણા છે પણ તે ગુણોનું સ્વરૂપ સમજાવવા માટે અક્ષરો થોડા છે. તેથી તે યથાર્થ રીતે વર્ણવી શકાય એમ નથી. પરંતુ વાચક શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે જો પ્રભુ ઉપર સાચો પ્રેમ હોય તો તે ગુણો મનથી જરૂર પારખી શકાય એમ છે.

**ભાવાર્થ :–** કર્ત્તાએ ચોથી ગાથામાં કહ્યું છે કે અક્ષયપદનું સ્વરૂપ વાણીથી ગોચર થાય તેવું નથી, તે જ પ્રમાણે અત્ર પણ કહે છે કે પરમાત્મામાં રહેલા ગુણો એટલા બધા છે કે તે સર્વનું યથાસ્થિત સ્વરૂપ સમજાવવા કદી પ્રયાસ કરવામાં આવે તો તેને માટે પૂરતા શબ્દો—અક્ષરો જ મળી શકે તેમ નથી, તેથી તે પૂરેપૂરા વર્ણવી શકાય તેમ નથી. વાચક શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે જો પ્રભુના ગુણો વાણી દ્વારા કહી શકાય તેમ નથી તો પણ જો પ્રભુ ઉપર ખરેખરો પ્રેમ હોય તો તે ગુણોની આપણા મનને ખાત્રી જરૂર થઈ શકે એમ છે. જગતમાં કેટલાક પદાર્થો એવા પણ હોય છે કે જેના ગુણો આપણે અનુભવદ્વારા જાણતા હોઈએ છતાં તેનું વર્ણન શબ્દદ્વારા કરવા અસમર્થ થઈએ છીએ. દાખલા તરીકે ઠંડી ગર્મીનું સ્વરૂપ અથવા ગોળ, સાકર, ખાંડ, દ્રાક્ષ વગેરે મિષ્ટતાના પૃથક્કરણો આપણને પૂછવામાં આવે તો પણ આપણે એટલું જ કહી શકીશું કે 'તે બધા પદાર્થો મીઠા-ગળ્યા છે પણ દરેકમાં રહેલી મિષ્ટતાની તરતમતા આપણે કહી શકીએ તેમ નથી' તેમ પ્રભુના ગુણ પણ પ્રેમ યોગે અનુભવદ્વારા જાણી શકાય પણ તેને વાણીદ્વારા વર્ણવી શકાય તેમ નથી. ।।પ।।

---

## (૨૦) શ્રી મુનિસુવ્રત સ્વામી

## શ્રી મોહનવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(હો પીઉ પંખીડા—એ દેશી)

**હો પ્રભુ મુજ પ્યારા, ન્યારા થયા કેઈ રીત જો,**
**ઓળગુઆને આલાલુંભન તાહરો રે લો;**
**હો૦ ભક્તવચ્છલ ભગવંત જો,**
**આઈ વસો મન મંદિર સાહિબ માહરે રે લો. ૧**

**અર્થ :—** હે મારા પ્યારા પ્રભુ! આપ મારાથી કઈ રીતે જુદા થયા. કેમકે ઓળગુઆ કહેતાં આશ્રિતને તો એક તમારો જ આલાલુંભન કહેતા આલંબન છે, આધાર છે. વળી આપ તો ભક્તવત્સલ એટલે ભક્તિમાન ઉપર વાત્સલ્યભાવ રાખનારા છો. માટે આપ મારા મનરૂપી મંદિરમાં પધારી હે સાહિબ આપ ત્યાં જ નિવાસ કરો. જેથી કંઈ જુદાપણું રહે નહીં.

**ભાવાર્થ :—** હે પ્રભુ! તમે મને ઘણા પ્યારા લાગો છો. આપની ઉપર મને ઘણો પ્રેમ આવે છે. તો પછી આપને પણ મારા ઉપર પ્રેમ રાખી એક સ્થળે રહેવું જોઈએ. તે છતાં જુદા થયા તો તેમાં મારે કઈ રીત સમજવી. વળી અરજદાર એવા મને તમારું જ આલંબન છે, તમે જ ટેકારૂપ છો. હે ભક્તવત્સલ ભગવંત! ભક્તની ભક્તિની કદર કરી તેને ભક્તિનું ફળ આપનાર આપ જ છો. વળી ભગવંત એટલે ત્રણ જગતની ઠકુરાઈવાળા છો. હે સાહિબ! મારા મનમંદિરમાં પધારી ત્યાં જ વાસ કરો. મારા મનમંદિર જેવું આપને રહેવાનું સ્થાન કોઈ ઠેકાણે મળશે નહીં. ।।૧।।

**હો૦ ખીણ ન વીસરું તુજ જો,**
**તંબોળીના પત્ર તણી પેરે ફેરતો રે લો;**
**હો૦ લાગી મુજને (તાહરી) માયા જોર જો,**
**દીણયરવાસી સુસાહિબ તુમને હેરતો રે લો. ૨**

**અર્થ :—** હે મારા પ્રાણપ્યારા પ્રભુ! એક ક્ષણ માત્ર હું તમને વિસરતો નથી. પણ તંબોળીના પાનની માફક વારંવાર તમારા નામને ફેરવ્યા કરું છું. હે પ્રભુ! મને તમારા પ્રત્યેની જોરદાર માયા લાગી છે. તેથી મારા દીણયરવાસી કહેતા દિલમાં વસનારા હે સાહિબ! તમારું નામ જ સદા રટ્યા કરું છું.

**ભાવાર્થ :—** જેમને ગુણ પ્રત્યે પ્રેમ હોય છે, તેમનો ગુણી પુરુષ ઉપરનો પ્રેમ વિસરાતો નથી. અહીં દૃષ્ટાંત આપે છે કે તંબોળી લોકો જેમ નાગરવેલના પાનને ફેરવ્યા કરે તેમ હું પણ તમારા નામને ફેરવ્યા જ કરું છું. વળી હે પ્રભુ! તમારા પ્રત્યે મને માયા કહેતાં જોરદાર પ્રીતિ લાગી છે. વળી હે સાહિબ! આપ મારા મનરૂપી ઘરમાં વસનારા થયા છો; તેથી તમારું નામ અહર્નિશ રહ્યા કરે છે. એક ક્ષણ પણ તમારા નામનો ભૂલાવો થતો નથી. કેમકે પ્રેમમાં એવું આકર્ષણ છે કે જેમ લોહચુંબક સોયને ખેંચે તેમ પ્રભુ તરફ ભક્તજનો પણ ખેંચાય છે. ।।૨।।



**હો૦ તું નિઃસનેહી જિનરાય જો,**
**એક પખી પ્રીતલડી કિણપરે રાખીએ રે લો;**
**હો૦ અંતરગતિની મહારાજ જો,**
**વાતલડી વિણ સાહિબ કેહને દાખીએ રે લો. ૩**

**અર્થ :—** હે મારા પ્યારા પ્રભુ! તમે તો નિઃસ્નેહી એવા જિનરાજ છો. જેથી આપની સાથે અમારી એક પખી એટલે એક પક્ષની પ્રીતડી કેવી રીતે રાખવી. વળી મારા પ્રાણ પ્યારા સાહિબ! આપના વિના અમારા અંતરની ગુપ્ત વાતો પણ કોને કહેવી.

**ભાવાર્થ :—** હે પ્રભુ! તમે મને પ્યારા છો. વળી તમે રાગદ્વેષ વિનાના છો. જિનરાજ છો. તમારા પ્રત્યેની એક પક્ષવાળી અમારી પ્રીતિ તે કેવી રીતે રાખીએ. કારણ કે પ્રીતિ રાખવામાં પરસ્પર બન્ને પક્ષની પ્રીતિ જોઈએ. પણ આપ રાગદ્વેષ વિનાના અને હું રાગદ્વેષવાળો છું. જે નિરાગી હોય તે રાગ કરે નહીં. અને રાગ કર્યા વિના બન્ને પક્ષે પ્રીતિ થાય નહીં. ભક્તો ભક્તિ કરતાં પણ પ્રભુ સાથે પ્રેમ મેળવવાનું કાર્ય સાધી શકે નહિં તો પછી અમારું કાર્ય કેવી રીતે સિદ્ધ થાય. પણ એ નિર્વિવાદ છે કે અંતરસ્થિતિની વાતો તે આપ જેવા સર્વજ્ઞ પ્રભુ સિવાય કોને કહેવાય. આવી અંતરગતિની વાત કરવાનું સ્થાન તો અમારા માટે એક આપ જ છો. ।।૩।।

**હો૦ અલખરૂપ થઈ આપ જો,**
**જાઈ વસ્યો શિવમંદિર માંહે તું જઈ રે લો;**
**હો૦ લાધ્યો તુમારો ભેદ જો,**
**સૂત્ર સિદ્ધાંત ગતિને સાહિબ તુમે લહી રે લો.૪**

**અર્થ :—** હે મારા પ્રાણ પ્યારા પ્રભુ! આપ અલક્ષ્ય એવા શુદ્ધ સ્વરૂપને પામી શિવમંદિરમાં જઈને વસ્યા છો. હે પ્રભુ! આ વાતનો ભેદ મને પ્રાપ્ત થઈ ગયો કે સૂત્ર સિદ્ધાંતમાં કહેલી પંચમ ગતિ એટલે મોક્ષને આપ પામ્યા છો.

**ભાવાર્થ :–** હો મારા પ્રાણ પ્યારા પ્રભુ! આપ અરૂપી એવા અલખ સ્વરૂપને પામી મુક્તિપુરીમાં પહોંચી ગયા. હે પ્રભુ! આપે મુક્તિપુરીમાં કેવી રીતે પ્રવેશ કર્યો તેનો ભેદ પણ મને પ્રાપ્ત થયો કે આપ સૂત્ર સિદ્ધાંતમાં કહેલ આત્મગતિને પામ્યા છો, અર્થાત્ જેમ સર્વ કર્મથી રહિત થયેલ આત્મા લેપરહિત તુંબડીની જેમ ઉપર ઊઠી લોકાન્તે જઈને વિરાજે છે તેમ આપે પણ કર્યું છે. ।।૪।।

**હો૦ જગજીવન જિનરાય જો,**
**મુનિસુવ્રત જિન મુજરો માનજો માહરો રે લો;**
**હો૦ પય પ્રણમી જિનરાય જો,**
**ભવ ભવ શરણો સાહિબ સ્વામી તાહરો રે લો. ૫**

**અર્થ :–** મુજને વહાલા એવા હે પ્રભુ! આપ જગતના જીવોને જીવવાના આધાર છો માટે જીવનરૂપ છો. વળી સર્વ જિનોમાં રાજા સમાન હોવાથી જિનરાજ છો. હે મુનિસુવ્રત ભગવાન! આપ મારો મુજરો માનજો. આપના પગમાં નમસ્કાર કરીને કહું છું કે હે સાહિબ સ્વામી! ભવોભવમાં મારે તો તમારું જ શરણ હોજો એવી આશા રાખું છું.

**ભાવાર્થ :–** હે પ્રભુ! આપ જગત જીવોના સાચા જીવનરૂપ છો. એક મુજરો કહેતાં મારી વિનંતિનો સ્વીકાર કરજો. વિનંતિ સ્વીકારવી એ આપનો અધિકાર છે. જ્યાં સુધી મુજરો નહિં સ્વીકારાય ત્યાં સુધી ભક્તના હૃદયમાં શાંતિ ઉત્પન્ન થાય નહિં. માટે આપના ચરણકમલમાં પડી પડીને વારંવાર એજ કહું છું કે ભવોભવ મને આપનું બળવાન શરણું હોજો. એ સિવાય હું બીજું કાંઈ ઇચ્છતો નથી. ।।૫।।

**હો૦ રાખશું હૃદય મોઝાર જો,**
**આપો શામળીયા દ્યો પદવી તાહરી રે લો;**
**હો૦ રૂપવિજયનો શિષ્ય જો,**
**મોહનને મન લાગી માયા તાહરી રે લો. ૬**

**અર્થ :–** હે પ્રાણ પ્યારા પ્રભુ! આપને અમે હૃદયમાં ધારણ કરીને રાખીશું. માટે હે શામળીયા નાથ! તમે જે મોક્ષપદને પામ્યા તે પદવી અમને પણ આપો. પંડિત શ્રી રૂપવિજયજી મહારાજના શિષ્ય મુનિશ્રી મોહનવિજયજી કહે છે કે મારા મનને તો તમારી જ માયા લાગી છે, જેથી આપ વિના મને ક્યાંય ગમતું નથી.



**ભાવાર્થ :–** હે પ્રભુ! આજથી મેં એવો નિશ્ચય કર્યો છે કે મારા મનમંદિરમાંથી આપને દૂર જવા દઉં નહીં. લોકો આપને શામળીયા ભગવાન એવું વિશેષણ આપે છે, કારણ કે ચોવીશ તીર્થંકરોમાં બે રાતા, બે ધોળા, બે લીલા, બે શામળા અને સોળ પીળા એટલે કંચનવર્ણી કાયાવાળા હોય છે. તેમાં શ્રી મુનિસુવ્રત સ્વામી કૃષ્ણ વર્ણવાળા હોવાથી શામળા કહેવાય છે. હે પ્રભુ! આપની પદવી જે મોક્ષગતિની છે, તેવી અમને પણ આપો. ભક્તજનો આપની ભક્તિ કરીને સંસારના દુઃખોમાંથી મુક્ત થવા ઇચ્છે; તેમાં આપ કૃપા કરી, જો મુક્તિપદ ન આપો તો બીજો કોણ આપશે. કવિશ્રી મોહનવિજયજી કહે છે કે તમારા પ્રત્યે મને ઘણો માયા મોહ થઈ ચૂક્યો છે; માટે મને મોક્ષ અપાવી આપની મોક્ષનગરીમાં જ સદા આપની સમીપે મને રહેવા દો. કેમકે અન્ય કોઈ સ્થળે મને ગમતું નથી. ।।૬।।

---

# (૨૧) શ્રી નમિનાથ સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(રાગ આશાવરી-ધન ધન સંપ્રતિ સાચો રાજા– એ દેશી)

**ષટ્ દરિશણ જિન અંગ ભણીજે, ન્યાસષડંગ જો સાધે રે;**
**નમિ જિનવરના ચરણ ઉપાસક, ષટ્ દરિશણ આરાધે રે. ષ૦૧**

**સંક્ષેપાર્થ :–** ષટ્ દરિશણ એટલે છ દર્શન, તે સાંખ્યદર્શન, યોગદર્શન, બૌદ્ધદર્શન, મીમાંસક દર્શન, ચાર્વાક દર્શન અને જૈન દર્શન. આ છ જગતમાં મુખ્ય પ્રચલિત દર્શનો એટલે ધર્મો છે. તે શ્રી જિનેશ્વર ભગવાનના અંગરૂપ જાણવા. પ્રભુના અંગમાં છએ દર્શનોની ન્યાસ એટલે સ્થાપના કરીને અર્થાત્ છ- એ દર્શનોનું યથાર્થ સ્વરૂપ સમજીને જે વીતરાગ જૈનદર્શનને આરાધે છે, તે શ્રી નમિ જિનવરના ચરણની સેવા કરનાર, છએ દર્શનોને આરાધે છે એમ જાણવું.

જૈન સિવાય બધા દર્શનો એક નયની અપેક્ષાએ વસ્તુ સ્વરૂપનું કથન કરનાર છે. જ્યારે જૈન દર્શન સર્વ નયોની અપેક્ષાએ વસ્તુસ્વરૂપને જણાવનાર છે. માટે સર્વ દર્શનો જૈન દર્શનમાં સમાય છે. તેથી તે તેના અંગરૂપ છે. જેમ

પગ, હાથ, પેટ, મસ્તક વગેરે મળીને આખું શરીર કહેવાય છે તેમ છ દર્શનની માન્યતાઓ જેને અપેક્ષાએ કરીને માન્ય છે એવું વીતરાગ પ્રરૂપિત જૈનદર્શન તે સર્વાંગે સંપૂર્ણ દર્શન છે. ।।૧।।

**જિન સુરપાદપ પાય વખાણું, સાંખ્ય જોગ દોય ભેદે રે;**
**આતમસત્તા વિવરણ કરતાં, લહો દુગ અંગ અખેદે રે. ૪૦૨**

**સંક્ષેપાર્થ :—** હવે બીજા દર્શનો એટલે ધર્મો કેવી રીતે જૈન દર્શનના અંગરૂપ છે તે આગળની ગાથાઓમાં જણાવે છે :—

જિનેશ્વરરૂપી કે જૈનદર્શનરૂપી સુરપાદપ એટલે કલ્પવૃક્ષના સાંખ્યદર્શન અને જોગ એટલે યોગદર્શન, આ બે ભેદોને તેના પગરૂપ જાણવા. કેમકે આ બેય દર્શનો આત્માની સત્તા એટલે આત્માના હોવાપણા વિષેનું વિવરણ કરનારા છે. માટે આ દુગ એટલે બેયને ભગવાનના અંગરૂપ, અખેદે એટલે ખેદ કર્યા વિના મનમાં અવધારો.

સાંખ્યદર્શનના પ્રણેતા કપિલમુનિ કહેવાય છે. સાંખ્યદર્શનમાં જૈનની જેમ અનેક આત્માઓ માનેલા છે. પ્રત્યેક શરીરે ભિન્ન આત્મા માનેલ છે. સાંખ્યમતના મૂળભૂત તત્ત્વો પચ્ચીસ છે. તેમાં પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ ભૂત, પાંચ તનમાત્ર તથા મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આ ચોવીશ તત્ત્વોથી ભિન્ન પચીસમું તત્ત્વ-પુરુષ આત્મા છે. તે આત્મા અકર્તા, અભોક્તા છે. ચોવીશ પ્રકૃતિના વિકારરૂપ આ જગત છે. માટે રાગદ્વેષાદિ મૂકી આ ચોવીશ પ્રકૃતિના કાર્યને પોતાના આત્માનું કૃત્ય ન માનીને તટસ્થ રહેવાથી તે આત્મા ક્લેશથી મુક્ત થાય છે, એમ માને છે. જગતનો કર્ત્તા ઈશ્વર નથી અને આત્માને કર્મબંધ પણ થતો નથી એમ એકાંતે માને છે. જૈનના અમુક કથનની અપેક્ષાએ તેનું કથન સત્ય હોવાથી તેને જૈનદર્શનના અંગરૂપ કહેલ છે.

યોગ અથવા નૈયાયિક દર્શનના પ્રણેતા પતંજલિ ઋષિ છે. તે યોગદર્શનમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ વિગેરે ઉપયોગથી ચિત્તને વશ કરી આત્મા મુક્તપણું પામી શકે છે. એમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ, કાળ, દિશા, આત્મા અને મન એમ નવ તત્ત્વો માનેલ છે. અપેક્ષાથી જોતાં જુદી જુદી રીતે આ બેય દર્શનો આત્માની સત્તાનું વર્ણન કરનાર હોવાથી જૈનમતનાં પાદ એટલે ચરણના અંગરૂપ તેમને માનેલ છે. ।।૨।।



**ભેદ અભેદ સૌગત મીમાંસક, જિનવર દોય કર ભારી રે;**
**લોકાલોક અવલંબન ભજીએ, ગુરુગમથી અવધારી રે. ૪૦૩**

**સંક્ષેપાર્થ :—** ભેદ એટલે ક્ષણે ક્ષણે બદલાઈને જુદા થવું તે ભેદ, અને હમેશાં એકરૂપે કાયમ વ્યાપેલું રહેવું તે અભેદ. સુગત એટલે બૌદ્ધમતવાળા તે આત્માને ભેદ સ્વરૂપ માને છે. અર્થાત્ આત્માને ક્ષણિક માને છે. એક ક્ષણના જ આયુષ્યવાળો તેને માને છે. બીજી ક્ષણે બીજો આત્મા આવ્યો એમ ભેદસ્વરૂપ માને છે. જૈન દર્શનના પર્યાયાર્થિકનય પ્રમાણે જોતાં બૌદ્ધ દર્શનની આ માન્યતા પણ સત્ય છે. કેમકે આત્માની વર્તમાન પર્યાય એક સમય માત્ર જ છે. બીજે સમયે તેની અવસ્થા બદલાઈ જાય છે. તેથી બૌદ્ધ દર્શનમાં પણ આંશિક સત્ય હોવાથી તેને જિનેશ્વર અંગના ડાબા હાથરૂપે સ્વીકારવામાં આવેલ છે.

હવે મીંમાસક મતના બે ભેદ છે. એક જૈમિની મુનિ પ્રણિત પૂર્વ મીંમાસા અને બીજી વ્યાસ મુનિ પ્રણિત વેદાન્તરૂપ ઉત્તર મીંમાસા. આ વેદાન્તવાળા આત્માને અભેદ સ્વરૂપ માને છે, અર્થાત્ સર્વ પ્રાણીમાત્રમાં એક જ આત્મા છે, તે નિત્ય છે અને અબંધ છે. જેમ ચંદ્ર એક હોવા છતાં પાણીથી ભરેલા હજારો ઘડાઓમાં તે હજારોરૂપે દેખાય છે તેમ. જૈન દર્શનના દ્રવ્યાર્થિકનય પ્રમાણે જોતાં અનંત આત્માઓ હોવા છતાં જ્ઞાનદર્શનાદિ ગુણ સ્વરૂપે જોતાં તો સર્વ આત્માઓ એકરૂપે જ છે. એમાં કોઈ ભેદ નથી. તેમજ નિશ્ચયનયે જોતાં સર્વ આત્માઓ ત્રણે કાળ રહેનાર છે, માટે નિત્ય જ છે. અને નિશ્ચયનયથી કર્મો કરવાં એ આત્માનો સ્વભાવ નથી, તેથી તે અબંધ છે. એમ મીંમાસક મતમાં પણ અપેક્ષાએ સત્યતા જણાવવાથી તેને પણ જિનેશ્વર અંગના જમણા હાથરૂપે માન્ય રાખવામાં આવ્યો છે. એમ બૌદ્ધમત અને મીંમાસક દર્શન દોય એટલે બેયને જિનેશ્વર ભગવાનના કર ભારી એટલે મોટા હાથરૂપે માન્ય રાખવામાં આવ્યા છે.

પુરુષાકારે લોક છે. ભગવાનનું જ્ઞાન લોકાલોક પ્રકાશક છે. એવા ભગવાનના જ્ઞાનનું અવલંબન લઈને ગુરુગમથી સ્યાદ્વાદપૂર્વક આત્માનું સ્વરૂપ જાણી તે શુદ્ધ સ્વરૂપની તમે ભજના કરો, ઉપાસના કરો. ।।૩।।

**લોકાયતિક કૂખ જિનવરની, અંશ વિચારી જો કીજે રે;**
**તત્ત્વ વિચાર સુધારસધારા, ગુરુગમ વિણ કેમ પીજે રે? ૪૦૪**

**સંક્ષેપાર્થ :—** લોકાયતિક એટલે નાસ્તિક દર્શન જે બૃહસ્પતિ દ્વારા પ્રણીત છે. તે જિનેશ્વર ભગવાનની કૂખ એટલે પેટ સમાન છે; એમ અંશ

વિચારી એટલે કોઈ અપેક્ષાથી તેનો વિચાર કરીએ તો લાગે છે. પેટ જેમ ખાલી છે, શૂન્ય છે તેમ તત્ત્વની સમજ વિના પ્રાણી નાસ્તિક જ છે.

પણ એવા તત્ત્વવિચારરૂપ સુધારસની ધારા તે ગુરુગમ વગર કેવી રીતે પી શકાય અર્થાત્ ગળે ઊતરે ? માટે ગુરુના ચરણકમળની સેવા કરવી યોગ્ય છે.

નાસ્તિક દર્શનવાળા શરીરથી ભિન્ન આત્મા જેવી કોઈ વસ્તુ માનતા નથી. આત્મા ન માને એટલે પુણ્ય, પાપ, ધર્મ, અધર્મ, સ્વર્ગ, નરક, બંધ, મોક્ષ કશું માનવાપણું રહેતું નથી. માત્ર ખાવું, પીવું અને ઇન્દ્રિયના ભોગોમાં લયલીન રહેવું. આવી માન્યતા રાખીને ધર્મથી ભ્રષ્ટ બની ઘોર પાપ આચરીને ભવોભવ અનંત દુઃખમય સંસારમાં ભટકતા ફરે છે. ।।૪।।

**જૈન જિનેશ્વર વર ઉત્તમ અંગ, અંતરંગ બહિરંગે રે;**
**અક્ષર ન્યાસ ધરા આરાધક, આરાધે ધરી સંગે રે ૪૦૫**

**સંક્ષેપાર્થ :–** જિનેશ્વર ભગવાને કહેલું દર્શન તે જૈનદર્શન. તે જૈનદર્શન ભગવાનનાં મસ્તકરૂપ છે. શરીરના સઘળા અવયવોમાં મસ્તક શ્રેષ્ઠ છે. તે આખા શરીરનો આધાર છે. માટે અંતરંગ કહેતાં તત્ત્વ વિચારણા કરવાનું સાધન પણ મસ્તક છે. જેથી મુક્તપણું પમાય છે. જ્ઞાનતંતુ જે કહેવાય તેનો મુખ્ય આધાર મસ્તક છે અને બહિરંગ કહેતાં મસ્તક એ બહારથી શરીરની શોભા છે. માટે બહિરંગ કે અંતરંગ બન્ને પ્રકારે મસ્તક ઉત્તમાંગરૂપ છે. અન્ય દર્શનો તો કોઈ જિનેશ્વરના પગરૂપ, કોઈ હાથરૂપ, કોઈ પેટરૂપ છે જ્યારે જૈન દર્શન તો ઉત્તમાંગ એવા મસ્તકરૂપ છે.

માટે ભગવાને જૈનદર્શનમાં જે જે અક્ષરોવડે બોધ આપ્યો છે તેને ધરા એટલે હૃદયરૂપી જમીનમાં ન્યાસ કહેતા સ્થાપિત કરીને જે સાચો આરાધક હોય તે તો ધરી સંગે એટલે જ્ઞાનીપુરુષના સંગે તેનો યથાર્થ અર્થ સમજીને મોક્ષની આરાધના કરે છે. ।।૫।।

**જિનવરમાં સઘળા દરિશણ છે, દર્શને જિનવર ભજના રે;**
**સાગરમાં સઘળી તટિની સહી, તટિનીમાં સાગર ભજના રે. ૪૦૬**

**સંક્ષેપાર્થ :–** જિનેશ્વર ભગવાને કહેલા જૈન દર્શનમાં બીજા સર્વ દર્શનો એટલે ધર્મો સમાય છે. જ્યારે બીજા દર્શનોમાં જિનેશ્વરે કહેલા સિદ્ધાંતની ભજના છે, અર્થાત્ કોઈ અંશે તેમાં સમાય છે અને કોઈ અંશે તેમાં નથી પણ સમાતા.



જેમ સમુદ્રમાં તો સઘળી તટિની એટલે સર્વ નદીઓનો સમાવેશ થાય છે, પણ નદીમાં સમુદ્ર હોય પણ ખરો અને ન પણ હોય. માટે સ્યાદ્વાદ છે પ્રાણ જેનો એવા જૈનધર્મના સિદ્ધાંતને જ માન્ય રાખવા યોગ્ય છે. ।।૬।।

**જિનસ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે;**
**ભૃંગી ઇલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે. ૪૦૭**

**સંક્ષેપાર્થ :–** અનંતાનુબંધી રાગદ્વેષ અજ્ઞાનને જિતે તે અવિરતિ સમ્યક્દૃષ્ટિ પણ જિનની કોટિમાં ગણાય છે. તેવા જિનરૂપ થઈને જે ભવ્યાત્મા જિનદેવની આરાધના કરે તે સહી એટલે નક્કી જિનવરના સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપને પામે છે.

જેમકે ભૃંગી એટલે ભમરી ઇલિકા એટલે ઈયળને, માટીનું ઘર બનાવી તેમાં લાવીને મૂકી ચટકા મારે છે. પછી બીજી માટી લાવી તે માટીનું ઘર બંધ કરી દે છે. તે ઈયળ ચટકો એટલે ડંખની વેદનાથી ભમરીનું ધ્યાન કરતી કરતી તે રૂપ બની જાય છે. અને મરીને તે જ કલેવરમાં ઉત્પન્ન થાય છે. તેને ભમરીના જેવી પાંખો અને ડંખ થાય છે. તે ડંખથી માટીના ઘરને ફોડી થોડા દિવસોમાં બહાર નીકળે છે. તેને જગવાસી જીવો ભમરીરૂપે જુએ છે. તેમ આત્માના અનુભવરૂપ ચટકાથી આત્માનું ધ્યાન કરતાં કરતાં, તે અંતર આત્મા પરમાત્મપદને પામે છે. ।।૭।।

**ચૂર્ણી ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર અનુભવ રે;**
**સમય પુરુષનાં અંગ કહ્યાં એ, જે છેદે તે દુર્ભવિ રે. ૪૦૮**

**સંક્ષેપાર્થ :–** ચૂર્ણી એટલે મહાપુરુષો દ્વારા કરેલ છૂટકપદની વ્યાખ્યા, ભાષ્ય એટલે કહેલ સૂત્રોના અર્થ, સૂત્ર એટલે ગણધર પુરુષો દ્વારા રચિત મૂળ પાઠ, નિર્યુક્તિ એટલે સૂત્રના અક્ષરોને છૂટા પાડી અર્થ સમજાવવાની પદ્ધતિ, વૃત્તિ એટલે સૂત્ર અને નિર્યુક્તિના રહસ્યોને જે વિસ્તારથી સમજાવે તે ટીકા, પરંપર અનુભવ એટલે ગુરુ પરંપરાથી મળેલ અનુભવ સહિતનું જ્ઞાન.

ઉપરોક્ત સર્વ સમય એટલે સિદ્ધાંતરૂપ પુરુષના અથવા આગમરૂપ પુરુષના અંગો છે. જે એ અંગોને છેદે અર્થાત્ જેમ છે તેમ માન્ય ન કરે તેને દુર્ભવિ એટલે અનંતકાળ સુધી સંસારમાં રઝળનાર જાણવો. ।।૮।।

**મુદ્રા બીજ ધારણા અક્ષર, ન્યાસ અરથ વિનિયોગે રે;**
**જે ધ્યાવે તે નવિ વંચીજે, ક્રિયા અવંચક ભોગે રે. ૪૦૯**

**સંક્ષેપાર્થ :–** હવે આ ગાથામાં આગમરૂપ પુરુષની આરાધના કેમ કરવી તેના છ અંગ કહે છે. જિનમુદ્રા કે યોગમુદ્રાઓ દ્વારા ગુરુ બીજ મંત્ર ૐકાર આદિની ચિત્તમાં ધારણા એટલે તેને ધારણ કરવો. તેના અક્ષર જે હોય તેની હૃદયકમળમાં કે બ્રહ્મરંધ્ર આદિમાં ગુરુમુખે સાંભળી ન્યાસ એટલે સ્થાપના કરવી. પછી તેનો વિનિયોગ એટલે તેના અર્થ ગુરુગમે વિચારવાં. એમ વિચારરૂપ ધ્યાન કરવું.

એમ જે આત્મતત્ત્વને ધ્યાવે તે કોઈ દિવસ કર્મરૂપ શત્રુઓથી વંચના પામશે નહીં, અર્થાત્ ઠગાશે નહીં; કેમકે તે અવંચક એવી ક્રિયાનો ભોગી છે માટે. પણ જે સંસારના સુખ મેળવવાને અર્થે ધર્મની ક્રિયા કરે તે પોતાના આત્માને ઠગનાર જાણવો. માટે સાચા સદ્ગુરુનો યોગ મેળવી અવંચક ક્રિયા કરવાથી જ જીવનો મોક્ષ થાય છે એમ દૃઢપણે માનવું. ।।૯।।

**શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરુ તથા વિધિ ન મિલે રે;**
**કિરિયા કરી નવિ સાધી શકીએ, એ વિષવાદ ચિત્ત સઘળે રે. ષ૦૧૦**

**સંક્ષેપાર્થ :–** શ્રુત એટલે શાસ્ત્રમાં કહ્યાં અનુસાર વિચારીને બોલું છું. તો આગમમાં કહ્યા અનુસાર ગુણોવાળા સદ્ગુરુ દેખાતા નથી. તો પછી જન્મ-મરણથી છૂટવારૂપ સત્ય મોક્ષમાર્ગનો વિધિ હું કેવી રીતે જાણી શકું?

માત્ર બાહ્ય ક્રિયાઓ કરી મુક્તિને સાધી શકીએ એમ નથી. આત્માર્થના લક્ષ વગરની ક્રિયાઓ કરી પુણ્ય બાંધી સંસારથી છૂટી શકાય એમ જણાતું નથી. એ વિષવાદ એટલે ખેદમય વાદવિવાદ સઘળા આત્માર્થીઓના હૃદયમાં સદા ચાલ્યા કરે છે. એ વિષે શ્રીમદ્જીએ પણ કહ્યું છે કે—**"શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે પણ મર્મ તો સત્પુરુષના અંતર્આત્મામાં રહ્યો છે."** ।।૧૦।।

**તે માટે ઊભા કર જોડી, જિનવર આગળ કહીએ રે;**
**સમય ચરણ સેવા શુદ્ધ દેજો, જિમ આનંદઘન લહીએ રે. ષ૦૧૧**

**સંક્ષેપાર્થ :–** ઉપરોક્ત કહ્યાં પ્રમાણે સાચા આત્મજ્ઞાની સદ્ગુરુનો યોગ આ કાળમાં મળતો નથી, તે માટે હે પ્રભુ! હું આપની સમક્ષ હાથ જોડીને ઊભો છું અને વિનયપૂર્વક કહું છું કે સમય એટલે શુદ્ધ આત્મારૂપ જ્ઞાનીપુરુષના ચરણની સેવા અર્થાત્ તેમની આજ્ઞાની ઉપાસના હું યથાર્થ રીતે કરી શકું એવો યોગ અને શક્તિ મને આપજો; જેથી હું પણ મારા આત્માના આનંદઘનસ્વરૂપ



શાશ્વત સુખને પામી સર્વ દુઃખથી મુક્ત થાઉં. ।।૧૧।।

---

# (૨૧) શ્રી નમિનાથ સ્વામી

## શ્રી દેવચંદ્રજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(પીછોલારી પાલ, ઊભા દોય રાજવી રે...એ દેશી)

**શ્રી નમિ જિનવર સેવ, ઘનાઘન ઉનમ્યો રે, ઘ૦**
**દીઠા મિથ્યારોર, ભાવિક ચિત્તથી ગમ્યો રે; ભા૦**
**શુચિ આચરણા રીતિ, તે અભ્ર વધે વડા રે, તે૦**
**આતમ પરિણતિ, શુદ્ધ, તે વીજ ઝબુકડા રે. તે૦૧**

**સંક્ષેપાર્થ :–** અનાદિકાળના પરિભ્રમણમાં પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી શ્રી નમિ જિનેશ્વરની સેવા એટલે આજ્ઞા ઉઠાવવાનો ભાવ ઊપજ્યો, તે તો ઘનાઘન એટલે વાદળાની ઘટા ઉનમ્યો એટલે ચઢી આવી એમ જાણવું. અને તેમ થવાથી મિથ્યાત્વરૂપી રોર એટલે દુષ્કાળનો ભય ભાવિક એવા ભવ્ય જીવોના ચિત્તમાંથી ગમ્યો એટલે ગયો, નાશ પામ્યો. તથા પ્રભુ ભક્તિરૂપ મેઘ આવવાથી શુચિ કેતાં પવિત્ર આશાતના રહિત એવી આચરણની રીત પ્રગટી, તે જાણે અભ્ર વધે વડા એટલે વાદળાના સમૂહ વધવા માંડ્યા તેમ જાણવું. તેમજ પ્રભુની સેવા કરવાથી આપણા આત્માની પરિણતિ કહેતાં ભાવની શુદ્ધિ થાય તે રૂપ વીજ એટલે વીજળીના ઝબૂકડા અર્થાત્ ઝબકારા જાણવા. ।।૧।।

**વાજે વાય સુવાય, તે પાવન ભાવના રે, તે૦**
**ઇંદ્ર ધનુષ ત્રિક યોગ, તે ભક્તિ ઇકમના રે; તે૦**
**નિર્મળ પ્રભુ-સ્તવઘોષ, ધ્વનિ ઘનગર્જના રે, ધ્વ૦**
**તૃષ્ણા ગ્રીષ્મ કાળ, તાપની તર્જના રે, તા૦૨**

**સંક્ષેપાર્થ :–** મેઘ વર્ષતા જેમ સુવાય એટલે અનુકૂળ વાયુ કહેતા પવન વાય છે, તેમ જિનભક્તિરૂપ મેઘવર્ષામાં ભગવાનના પવિત્ર ગુણોની ભાવના ભાવવી તે અનુકૂલ પવન સમાન છે. વર્ષાદમાં ત્રણ રેખાયુક્ત ઇન્દ્ર ધનુષ હોય છે, તેમ અહીં મન વચન કાયાના ત્રણયોગ પ્રભુની ભક્તિમાં તન્મય જાણવા. જેમ મેઘ વર્ષતાં ગર્જના થાય તેમ અહીં નિર્મળ એવા પ્રભુની ગુણ સ્તવનારૂપ ગર્જના ધ્વનિ જાણવો. તથા ગ્રીષ્મકાળ એટલે ગરમીના સમયે વર્ષાદ થવાથી

ગરમીનો તાપ જેમ શાંત થાય છે; તેમ પ્રભુ ભક્તિથી પર પદાર્થમાં સુખ બુદ્ધિએ રહેલી તૃષ્ણાના તાપની પણ તર્જના થાય છે અર્થાત્ તૃષ્ણાના ભાવનો તિરસ્કાર થાય છે. ।।૨।।

**શુભ લેશ્યાની આલિ, તે બગપંક્તિ બની રે,તે૦**
**શ્રેણી સરોવર હંસ, વસે શુચિ ગુણ મુનિ રે; વ૦**
**ચઉગતિ મારગ બંધ, ભવિક જન ઘર રહ્યા રે, ભ૦**
**ચેતન સમતા સંગ, રંગમેં ઉમહ્યા રે. રં૦૩**

**સંક્ષેપાર્થ :–** જેમ વર્ષાઋતુમાં બગલાની પંક્તિ હોય છે તેમ પ્રભુભક્તિ કરવાથી પદ્મ શુક્લ લેશ્યાના પંક્તિબદ્ધ શુભ પરિણામ પ્રગટે છે. તથા વર્ષાદમાં હંસ પક્ષીઓની શ્રેણી સરોવરમાં જઈ વસે છે, તેમ જિનભક્તિના યોગે હંસપક્ષી જેવા મુનિરાજ ધ્યાનારૂઢ થઈ ઉપશમ તથા ક્ષપક શ્રેણીરૂપ સરોવરમાં જઈને વાસ કરે છે. વર્ષાદના પૂરમાં ચારે દિશાઓના માર્ગ બંધ થાય છે તેમ જિનભક્તિના યોગે ચારગતિરૂપ સંસારનો માર્ગ બંધ થાય છે; અર્થાત્ સાચાભાવથી જે પ્રભુની આજ્ઞા ઉપાસે તે ભવિકજીવ ચારગતિના ભ્રમણને ટાળી પોતાના નિજ ઘર સમાન આત્મસ્વરૂપમાં સદા વાસ કરે છે. તથા તે ચેતન, સમતાના સંગે આનંદ પામી આત્મઅનુભવરૂપ રંગમાં સદા ઉમહ્યા કહેતાં ઉજમાળ રહી રમણ કરે છે. ।।૩।।

**સમ્યગ્દૃષ્ટિ મોર, તિહાં હરખે ઘણું રે, તિ૦**
**દેખી અદ્ભુત રૂપ, પરમ જિનવર તણું રે, પ૦**
**પ્રભુગુણનો ઉપદેશ, તે જલધારા વહી રે, તે૦**
**ધરમ રુચિ ચિત્તભૂમિ, માંહિ નિશ્ચલ રહી રે. માં૦૪**

**સંક્ષેપાર્થ :–** વર્ષાકાળમાં વાદળાને જોઈ, મોર જેમ ઘણો હર્ષિત થાય છે તેમ સમ્યગ્દૃષ્ટિરૂપ મોર જિનેશ્વર ભગવાનના ઉત્કૃષ્ટ, અદ્ભુત, પરમશીતલ, નિર્વિકાર રૂપને દેખીને પરમ હર્ષ પામે છે. સર્વ દેવતાઓ પોતાનું રૂપ ઉત્કૃષ્ટપણે વિકુર્વે તો પણ શ્રી અરિહંતના પગના અંગૂઠા સમાનરૂપ કરી શકે નહીં. તથા સમ્યક્દૃષ્ટિના મુખેથી પ્રભુના જે ગુણગાન થાય છે તે ઉત્કૃષ્ટ ગુણોના ગાનરૂપ મેઘની જળધારા વહે છે. તે વહીને ધર્મરુચિવંત એવા જીવોના ચિત્તરૂપી ભૂમિ ઉપર જઈને, ગુણરૂપી જળધારા નિશ્ચલ એટલે સ્થિર થઈ જાય છે અર્થાત્ તે ગુણો તેના હૃદયમાં સમાઈ રહે છે. ।।૪।।



**ચાતક શ્રમણ સમૂહ, કરે તવ પારણો રે; ક૦**
**અનુભવ રસ આસ્વાદ, સકલ દુઃખ વારણો રે; સ૦**
**અશુભાચાર નિવારણ, તૃણ અંકુરતા રે; તૃ૦**
**વિરતિતણાં પરિણામ, તે બીજની પૂરતા રે.તે૦૫**

**સંક્ષેપાર્થ :–** ચાતક પક્ષી વર્ષાદનું જ જળપાન કરે તેમ શ્રમણ એટલે મુનિઓનો સમૂહ પણ ચાતક પક્ષીની જેમ આત્મઅનુભવરૂપ રસવડે પારણું કરે છે. તે આત્મઅનુભવરસનો આસ્વાદ કેવો છે ? તો કે સંસારના સકળ દુઃખનું નિવારણ કરનાર છે. જેમ વર્ષાકાળમાં તૃણ એટલે ઘાસના અંકૂરો ફૂટે છે, ખેડૂતો તેનું યોગ્ય રીતે નિવારણ કરી ભૂમિને ખેડી તેમાં બીજ વાવે છે, તેમ જિનભક્તિ દ્વારા ભવ્યજીવો અશુભ આચારરૂપ ભૂમિને શુદ્ધ કરી શુભ આચારના પાલનરૂપ દેશવિરતિ કે સર્વ વિરતિના પરિણામરૂપ બીજની વાવણી કરે છે. ।।૫।।

**પંચ મહાવ્રત ધાન્ય, તણાં કર્ષણ વધ્યાં રે, ત૦**
**સાધ્યભાવ નિજ થાપી, સાધનતાએ સધ્યાં રે; સા૦**
**ક્ષાયિક દરિશણ જ્ઞાન, ચરણ ગુણ ઊપન્યા રે; ચ૦**
**આદિક બહુ ગુણ સસ્ય, આતમઘર નીપન્યા રે. આ૦૬**

**સંક્ષેપાર્થ :–** જેમ વર્ષાઋતુમાં ધાન્યના વાવેલા બીજ ઊગીને મોટાં કર્ષણ એટલે અનાજના ડૂંડા વધતા જાય છે તેમ જિનભક્તિરૂપ જળધારાના પ્રભાવે પંચમહાવ્રતોનું નિરતિચારપણે પાલન કરવાથી તેની વિશુદ્ધિ જેમ જેમ વધતી જાય છે, તેમ તેમ સાધ્યભાવ એવા સિદ્ધસ્વરૂપને પંચ મહાવ્રતરૂપ સાધનવડે સાધવાની શક્તિ વિકસિત થતી જાય છે. તેના ફળસ્વરૂપ ક્ષાયિક દર્શન, જ્ઞાન, ચારિત્ર ગુણ ઉત્પન્ન થાય છે. તથા આત્માના બીજા પણ બહુ એટલે ઘણા ગુણ આદિરૂપ સસ્ય કહેતાં ધાન્ય વડે આત્માનું પ્રદેશરૂપ ઘર પરિપૂર્ણ બને છે. ।।૬।।

**પ્રભુ દરિશણ મહામેહ, તણે પ્રવેશમેં રે, ત૦**
**પરમાનંદ સુભિક્ષ, થયા મુજ દેશમેં રે, થ૦**
**દેવચંદ્ર જિનચંદ્ર, તણો અનુભવ કરો રે ત૦**
**સાદિ અનંતોકાળ, આતમસુખ અનુસરો રે. આ૦૭**

**સંક્ષેપાર્થ :–** શ્રી નમિનાથ પ્રભુની મુદ્રાના દર્શન કરવાથી કે જૈન દર્શન વડે કે સમ્યક્દર્શન વડે જ્યારે પ્રભુ મહામેહ એટલે વર્ષાદિરૂપ બની ભક્તના હૃદયમાં પ્રવેશ કરે છે ત્યારે પરમાનંદ સ્વરૂપ સુભિક્ષ કેતાં સુકાળ મારા

અસંખ્યાત પ્રદેશરૂપ આત્મક્ષેત્રમય દેશમાં વ્યાપી જાય છે. જેથી શ્રી દેવચંદ્રજી મહારાજ પોતાને સંબોધીને કહે છે કે—હે દેવચંદ્ર ! જિનોમાં ચંદ્ર સમાન એવા શ્રી વીતરાગના જ્ઞાન દર્શનાદિ ગુણોનો અનુભવ કરો કે જેથી જેની આદિ છે પણ અંત નથી એવા આત્માના અનંતસુખને અનંતકાળ સુધી અનુસરો અર્થાત્ તે અવ્યાબાધ અક્ષયસુખનો સદા સર્વકાળ અનુભવ કરતા રહો. ॥૭॥

---

# (૨૧) શ્રી નમિનાથ સ્વામી

## શ્રી યશોવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

**શ્રી નમિજિનની સેવા કરતાં, અલિય વિઘન સવિ દૂર નાસેજી;**
**અષ્ટા મહાસિદ્ધિ નવનિધિ લીલા, આવે બહુ મહમૂર પાસેજી. શ્રી૦૧**

**અર્થ :—** શ્રી નમિનાથ ભગવાનની સેવા કરવાથી અલિય એટલે ખોટા સર્વ પ્રકારના વિઘ્નો નાશ પામે છે તથા અષ્ટ મહાસિદ્ધિ તેમજ નવનિધાન આદિ મહમૂર એટલે સંપત્તિના પ્રકારો તેની પાસે આવી મળે છે.

**ભાવાર્થ :—** શ્રી નમિનાથ પ્રભુની સેવા કરવાથી કોઈપણ ચીજ ન મળે એવું છે જ નહિ. ટૂંકમાં કહીએ તો જે ઇચ્છીએ તે મળે છે. પણ પ્રભુ ભક્તિ કરીને તેના ફળ તરીકે પૌદ્‌ગલિક પદાર્થોની ઇચ્છા કરીએ તો ભક્તિનું ખરેખરું ફળ હારી જવાય છે; તેથી એવી ઇચ્છા કદી કરવી નહીં. શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે શ્રી નમિનાથ પ્રભુની સેવા કરતાં, જેનાથી આપણને હાનિ થાય એવા શારીરિક, માનસિક, આર્થિક કે કૌટુંબિક નુકશાન થાય તેવા વિઘ્ન માત્ર સર્વથા દૂર થઈ જાય છે તો પછી સામાન્ય વિઘ્નો દૂર થાય તેનું કહેવું જ શું ? વળી આઠ મોટી સિદ્ધિઓ તથા નવનિધાનનો વૈભવ પ્રગટે છે અને તે ઉપરાંત અન્ય સંપત્તિના અનેક પ્રકારો પણ તેને આવી મળે છે. ॥૧॥

**મયમત્તા અંગણ ગજ ગાજે, રાજે તેજી તુખાર તેચંગાજી;**
**બેટાબેટી બંધવ જોડી, લહિયે બહુ અધિકાર રંગાજી. શ્રી૦૨**

**અર્થ :—** શ્રી નમિનાથ પ્રભુની સેવા કરવાથી પુણ્યોદયે રાજઋદ્ધિ પામી આંગણામાં મયમત્તા એટલે મદોન્મત્ત હાથીઓની ગર્જના સંભળાય તથા અનેક તેજથી દોડવાવાળા ચંગા એટલે ચતુર, તુખાર એટલે ઘોડાઓ, તેના રાજ્યની શોભાને વધારનાર મળી આવે. તેમજ બેટા, બેટી તથા બંધવ એટલે



ભાઈઓ પણ ઉત્તમ અધિકારને પામી સુખી થાય.

**ભાવાર્થ :—** એ પ્રભુની સેવા કરવાથી સેવકના ઘરના આંગણામાં મદોન્મત્ત બળવાન હાથીઓ ગાજે છે અને મનોહર-સુંદર તેજી ચાલાક ઘોડાઓ શોભી રહે છે. તેને પુત્રો, પુત્રી અને બંધુની જોડી તથા રાજ્યાદિમાં ઊંચા હોદ્દાઓ તથા માન ભરેલાં પદો પ્રાપ્ત થાય છે. પૂર્વ ભવે કરેલી સેવાનું ફળ તે જ ભવમાં, અથવા આવતા ભવમાં મળે છે. તેનો આધાર સેવકના ભાવ તથા કર્મની સ્થિતિ પર છે. ॥૨॥

**વલ્લભ સંગમ રંગ લહીજે, અણવાલહા હોય દૂર સહેજેજી;**
**વાંછા તણો વિલંબ ન દૂજો, કારજ સીઝે ભૂરિ સહેજેજી. શ્રી૦૩**

**અર્થ :—** પ્રભુની ભક્તિથી પોતાની જે વલ્લભ ચીજ હોય તે આવી મળે છે. અને અપ્રિયજન અથવા દુઃખ આદિ સહેજે દૂર થાય છે. તેમાં વાંછા કરવાની પણ જરૂર નથી. ભક્તના ભૂરિ એટલે મોટા કાર્ય પણ સહેજે ફળીભૂત થાય છે.

**ભાવાર્થ :—** પ્રભુની સેવા કરવાથી બીજાં શું શું મળે છે ? તે કહે છે. ઇષ્ટજન પતિ આદિ કે ઇચ્છિત પદાર્થ અથવા આરોગ્ય આદિનો ઇચ્છિત સંયોગ પ્રાપ્ત થાય છે. તથા અપ્રિયજન તથા અનિષ્ટ પદાર્થો જેવા કે રોગ આદિક સ્વાભાવિક રીતે દૂર થઈ જાય છે. આ સર્વ થવામાં માત્ર વાંચ્છાનો જ વિલંબ હોય છે પણ બીજા કારણે વિલંબ નથી. પણ ખરો આત્માર્થી આવા સંસારસુખને ઇચ્છી ભવભ્રમણ વધારે નહીં પણ માત્ર મોક્ષાભિલાષ રાખી જન્મમરણનો અંત આણે છે. વાસ્તવિક રીતે તો ઇચ્છા કરવી જ પડતી નથી. મોટા કાર્યો પણ પ્રભુએ આપેલા મંત્ર વડે સહેજે સિદ્ધ થાય છે. પણ પ્રભુ પ્રત્યેની સાચા અંતઃકરણની નિષ્કામભક્તિ જ મુક્તિનું કારણ બને છે. ॥૩॥

**ચંદ્રકિરણ ઉજ્જવલ યશ ઉલસે, સૂરજતુલ્ય પ્રતાપી દીપેજી;**
**જે પ્રભુભક્તિ કરે નિત્ય વિનયે, તે અરિયણ બહુ પ્રતાપીઝીપેજી. શ્રી૦૪**

**અર્થ :—** જે ભવ્યાત્મા પ્રભુની ભક્તિ સદૈવ વિનયપૂર્વક કરે છે તેનો યશ જગતના ચંદ્રના ઉજ્જવલ કિરણની જેમ ફેલાય છે. તેની નિર્મળતા સૂરજ સમાન પ્રતાપી બની દીપી ઊઠે છે. તે અરિયણ એટલે કર્મરૂપી શત્રુઓને પોતાના ભક્તિરૂપી અત્યંત પ્રતાપથી ઝીંપાવે છે અર્થાત્ તેમને નમાવી-જીતી મુક્તિ મેળવે છે.

**ભાવાર્થ :—** કર્ત્તા વળી આગળ જતાં કહે છે કે જે ભવ્ય જીવ નિરંતર

વિનય તથા બહુમાનપૂર્વક પ્રભુની સેવા ભક્તિ કરે છે, એક દિવસ પણ પ્રભુ ભક્તિ વિના જાય તે તેના અંતઃકરણને રુચતું નથી, તેનો યશ જગતમાં ચંદ્રમાના કિરણની જેવો ઉજ્જવલ ફેલાય છે. તે સદા નિષ્કલંક રહે છે. અહીં કવિએ ચંદ્રના કિરણની ઉજ્જવલતાની ઉપમા આપી છે પણ ચંદ્રની ઉજ્જવલતાની ઉપમા આપી નથી; કારણ કે જેમ કિરણો ચારે દિશાઓમાં ફેલાય છે તેમ તેનો યશ ચારે દિશાઓમાં ફેલાય છે. વળી તે ભવ્ય જીવનો ભક્તિનો પ્રતાપ સૂર્યની જેમ દીપી નીકળે છે. તે પોતાના સમસ્ત શત્રુઓને જીતી લે છે, અર્થાત્ પોતાની આજ્ઞાને શિરોધાર્ય કરનારા કરી મૂકે છે. ।।૪।।

**મંગલમાલા લચ્છી વિશાલા, બાલા બહુલે પ્રેમ રંગેજી;**
**શ્રીનયવિજય વિબુધ પયસેવક, કહે લહીએ સુખપ્રેમ અંગેજી૦ શ્રી૦૫**

**અર્થ :—** પ્રભુની સાચા ભાવે ભક્તિ કરવાથી મંગલમાલા એટલે આત્માના કલ્યાણમાં સહાય કરનાર અનેક સાધનો મળી આવે. તથા વિશાલ લક્ષ્મીની પ્રાપ્તિ થાય. બાલા એટલે પત્ની આદિ પરિવારમાં અને બહુલે કહેતા બધા સાથે પ્રેમનું વાતાવરણ સર્જાય. માટે શ્રી નયવિજયજી વિદ્વાનના પાદસેવક એવા શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે પ્રભુભક્તિ કરીને સર્વાંગે સુખ અને પ્રેમ પામીએ. બીજું આ નશ્વર જગતમાં કાંઈ પણ સારભૂત નથી.

**ભાવાર્થ :—** શ્રીનયવિજય પંડિતના ચરણસેવક વાચક યશોવિજયજી કહે છે કે પ્રભુ ઉપર પ્રેમ કરવાથી ઘરમાં મંગળની માળાઓ એટલે કલ્યાણની પરંપરા-શ્રેણીઓ પ્રગટે છે. તથા વિશાળ લક્ષ્મી એટલે ઘણા ધનની પ્રાપ્તિ થાય છે. તેમજ સ્ત્રી તથા કુટુંબ પરિવાર ઘણા પ્રેમપૂર્વક સર્વ સાંસારિક તેમજ ધાર્મિક કાર્યોમાં સદા અનુકૂળ થાય છે. દરેક કાર્યોમાં પોતાના સ્વજનો તથા સગાંવહાલાઓ અનુકૂળ હોય તો જ તે કાર્ય પાર પડે છે. આ આખા સ્તવનનો સાર એ છે કે પ્રભુની સેવા કરનાર પરલોકમાં તો સુખી થાય છે પણ આ લોકમાં પણ તે સર્વ પ્રકારના સુખને પામે છે. ।।૫।।

---

## (૨૧) શ્રી નમિનાથ સ્વામી

### શ્રી મોહનવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(આસણરા રે યોગી—એ દેશી)



**આજ નમિ જિનરાજને કહીએ,**
**મીઠે વચને પ્રભુ મન લહીએ રે, સુખકારી સાહેબજી;**
**પ્રભુ છો નીપટ નિઃસનેહીનગીના,**
**તો હિયડે છું સેવક આધીના રે, સુખકારીસાહેબજી. ૧**

**અર્થ :—** આજ શ્રી નમિ જિનરાજને નમીને કહીએ છીએ, અર્થાત્ વિનયપૂર્વક પ્રભુને અરજ કરીએ છીએ, તેમજ ભક્તિસહિત પ્રભુ સાથે આજે મીઠા વચનવડે વાર્તાલાપ કરીને પ્રભુના મનને અમારી તરફ આકર્ષીએ છીએ. જો કે પ્રભુ તો નીપટ એટલે તદ્દન, નગીના એટલે ચતુર હોવા છતાં પણ સ્નેહ વગરના છે; તો પણ સેવકને તો તે આધીન જ છે. કેમકે તેના હિયડે એટલે હૃદયમાં જ તે વિરાજમાન છે.

**ભાવાર્થ :—** ભક્તજન મીઠા વચનથી પ્રભુ પ્રત્યે એક અરજ કરે છે, તેને હે પ્રભુ! આપ ધ્યાનમાં લેજો. જો કે પ્રભુ તો ચતુર પુરુષ હોવા છતાં પણ સ્નેહ વિનાના છે, તો પણ સેવકને આધીન છે. કારણ કે ભક્તિમાં એવું આકર્ષણ છે કે જે પ્રભુને પણ ખેંચી લાવે છે. એવા ભક્તિના બળવડે આપ મારા મનરૂપી કબજામાં આવેલા છો, તેથી ભક્તને આધીન થયેલા છો. ।।૧।।

**સુનજર કરશો તો વરશો વડાઈ, શું કહેશે પ્રભુને લડાઈ રે; સુ૦**
**તુમે અમને કરશો મોટા, કુણ કહેશે પ્રભુ તુમે છોટા રે? સુ૦૨**

**અર્થ :—** હે પ્રભુ! આપ અમારા ઉપર સુનજર કરશો તો તેમાં આપની જ વડાઈ વધશે. અગર આપ અમારા ઉપર કૃપાદૃષ્ટિ નહીં કરો તો શું કોઈ પ્રભુ સાથે અમને લડાઈ કરવાનું કહેશે? કોઈ નહીં કહે. પણ હે નાથ! આપ અમને મોટા કરશો તેથી તમને કોણ કહેશે હે પ્રભુ! તમે છોટા છો. તમે તો સદૈવ મોટા જ છો. ખરી રીતે આપ અમને મોટા કરશો એમાં જ આપની મોટાઈ રહેલી છે. બીજાને મોટા કરવાથી પોતાની જ મોટાઈ દીપી નીકળે છે.

**ભાવાર્થ :—** જે પુરુષો ભક્તજન ઉપર સુનજર એટલે કૃપાદૃષ્ટિ રાખે છે, તે જ મોટાઈને પામે છે. પોતાની મેળે પોતાને મોટા માની લેવા તે યોગ્ય નથી. પણ બીજા ઉપર કૃપાદૃષ્ટિ કરાય કે તુરંત મોટાઈ આવવા માંડે છે; તેને આમંત્રણ આપવું પડતું નથી. પછી આપ અમારી ઉપર સુનજર માટે બેદરકારી રાખો તો પણ આપની સામે અમારે કાંઈ લડાઈ કરવી નથી; અર્થાત્ આપને આટલું કહી શકીએ છીએ તે પણ ઘણું છે. હે પ્રભુ! તમે મોટા થયા અને અમને

મોટા બનાવો તેમાં આપની જ યશકીર્તિ વધશે; પણ તેમાં કંઈ ઘટાડો થશે નહીં. ।।૨।।

**નિઃશંક થઈ શુભ વચન કહેશો, જગ શોભા અધિકી લહેશો રે, સુ૦**
**અમે તો રહ્યા છીએ તુમને રાચી, રખે આપ રહો મન ખાંચી રે. સુ૦૩**

**અર્થ :–** હે પ્રભુ ! અમારા પ્રત્યેની શંકા દૂર કરી અમારું કલ્યાણ થાય એવા શુભ વચનો કહેશો તો જગતમાં આપ અધિકી શોભાને પામશો. અમે તો તમારા પ્રત્યે જ રાચીને રહ્યા છીએ; માટે આપ પણ રખેને અમારા પ્રત્યે મનની ખેંચ રાખશો મા.

**ભાવાર્થ :–** જગતમાં અધિક શોભાને આપ ક્યારે પામી શકશો કે જ્યારે ભક્તને સંતોષ આપવા આપ સારભૂત તત્ત્વને જણાવશો ત્યારે. અમે તો અન્ય દેવોને તજી દઈ એક આપના પ્રત્યે જ રાચવાપણું કર્યું છે, તો આપે પણ અમારા તરફ મનની ખેંચ રાખવી જોઈએ; પણ વિમુખતા નહીં. હે સુખકારી સાહેબજી ! આ આપને અમારી વિનંતિ છે. ।।૩।।

**અમે તો કિશું અંતર નવિ રાખું, જે હોવે હૃદય કહી દાખું રે;સુ૦**
**ગુણી જન આગળ ગુણ કહેવાયે, જે વારે પ્રીત પ્રમાણે થાયે રે. સુ૦૪**

**અર્થ :–** અમે તો આપનાથી કાંઈપણ અંતર રાખતા નથી. જેવું મનમાં હોય તેવું જ કહી દઈએ છીએ. ગુણીજન આગળ ગુણોની જ વાત થાય. જેવા માણસો હોય અને જેવી પરસ્પર પ્રીતિ હોય તે પ્રમાણે કાર્ય સિદ્ધ થાય છે.

**ભાવાર્થ :–** જેમની સાથે અંતરની સાચી પ્રીતિ હોય, તેમાં એકબીજામાં આંતરૂ રહે નહીં. અને અંતર હોય તો સાચી પ્રીતિ કહેવાય નહીં. વળી ગુણીજનની આગળ ગુણની જ વાતો થાય. જો તેમની સાથે વિકથા કરવામાં આવે તો તે સાંભળે પણ નહીં. આપ તો હે પ્રભુ ! અનંતગુણના ધામ છો. માટે મારા ઉપર એવી પ્રીતિ રાખો કે જેથી સેવકનું કાર્ય સિદ્ધ થાય. વિશેષ કહેવાથી શું. અમારા મનમાં જેવું હોય તેવું જ વચનવડે કહીએ છીએ. અને તે પ્રમાણે કાયાથી વર્તવા પુરુષાર્થ કરીએ છીએ. તો હે પ્રભુ ! આપ પણ અંતર દૂર કરીને અમારી સાથે પ્રીતિ કરવામાં લક્ષ આપો, તો અમારું પણ કલ્યાણ થાય. ।।૪।।

**વિષધર ઈશ હૃદયે લપટાણો; તેહવો અમને મિળ્યો છે ટાણો રે; સુ૦**
**નિરવહેશો જો પ્રીત અમારી, કળિ કીરત થાશે તમારી રે. સુ૦૫**

**અર્થ :–** હે પ્રભુ ! જેમ વિષધર એટલે સર્પ તે ઈશ કહેતા મહેશ એવા



શંકરના હૃદય ઉપર લપટાણો હતો. એવો અવસર અમને પણ મળ્યો છે. એટલે કે વિષયમય વિષને ધારણ કરનાર એવા અમારા આ મનરૂપી સર્પને આપના ગુણોરૂપી હૃદય ઉપર લપટાવી રાખીએ અર્થાત્ આપનું જ શરણ રાખીએ તો જ અમારી કાર્યસિદ્ધિ થશે. જો એવી અમારી પ્રીતનો હે પ્રભુ ! આપ નિર્વાહ કરશો તો આવા ભયંકર કળિ એટલે કળિકાળમાં પણ તમારી કીર્તિ જામશે. માટે હે સુખકારી સાહેબજી ! જરૂર તેમ કરવા આપને વિનંતિ છે.

**ભાવાર્થ :–** અન્ય દર્શનની એક વાત છે કે શંકરના ગળામાં સર્પ વીંટાણો. તેમ અહિંયા સર્પના જેવો દુર્ગુણી હું છું અને અનંત ગુણનિધાન એવા વીતરાગદેવના સંબંધમાં હું આવ્યો છું. તો અમારી પ્રીતિને વધાવી લઈ અર્થાત્ ધ્યાનમાં લઈ અમને આપની પાસે જ રાખશો તો આ કળિકાળમાં પણ આપની કીર્તિ વધશે. અને હે સુખકારી સાહેબજી ! અમારું પણ કલ્યાણ થશે. ।।૫।।

**ધુત્તાઈ ચિત્તડે નવિ ધરશો, કાંઈ અવળો વિચાર ન કરશો રે; સુ૦**
**જિમતિમ કરી સેવક જાણજો, અવસર લહી શુધ લહેજો રે. સુ૦૬**

**અર્થ :–** હે પ્રભુ ! હવે ધૂર્તપણું ચિત્તમાં લાવશો નહીં. અમારી અયોગ્યતા જોઈને કોઈ અવળો વિચાર કરશો નહીં. મને તો આપ જેમ તેમ કરીને પણ સેવક જાણજો. અને અવસર જોઈ મારી જરૂર શુધ એટલે સંભાળ લેશો. કેમકે આપ જ અમારા એક સુખકારી સાહેબ છો.

**ભાવાર્થ :–** હે પ્રભુ ! અમને કંઈ સમજાવીને ધૂર્તપણું કરશો નહીં. વળી અમારા દુર્ગુણો જાણીને કંઈ આડો અવળો વિચાર પણ કરશો નહીં. હું જેવો તેવો છું પણ આપનો સેવક છું એમ જાણીને દયાદૃષ્ટિ ઓછી ન કરશો અને અવસરે અવસરે ખબર લેતા રહેશો. એમ કહેવાનું કારણ એ છે કે સંપૂર્ણ ગુણો પ્રાપ્ત થયા વિના તો મુક્તિ મળે તેમ નથી. મુક્તિ ન મળે ત્યાં સુધી તો અમારી ખબર હે પ્રભુ ! આપ જરૂર લેતા રહેજો. કદાચ અત્યારથી અમારા પ્રત્યે પરાઙ્મુખપણું કરશો તો બીજો કોઈ ઉપાય એવો નથી કે જેથી અમારો આ સંસારથી ઉદ્ધાર થાય. ।।૬।।

**આ સમે કહીએ છીએ તુમને, પ્રભુ દીજે દિલાસો અમને રે; સુ૦**
**મોહનવિજય સદા મનરંગે, ચિત્ત લાગ્યો પ્રભુને સંગે રે. સુ૦૭**

**અર્થ :–** આ સમે એટલે આવા દુઃખના સમયમાં અમે તમને આવી વાતો કહીએ છીએ. માટે જરૂર અમને દિલાસો આપજો. શ્રી મોહનવિજયજી

મહારાજ કહે છે કે મારા મનને તો એક માત્ર પ્રભુના સંગમાં જ રહેવાનો રંગ લાગ્યો છે. એ સિવાય મને બીજું કાંઈ જોઈતું નથી.

**ભાવાર્થ :–** આ સમે એટલે આવા કપરા સમયે આપના પ્રત્યેના સંબંધને લઈને કહીએ છીએ કે આપ અમને જરૂર દિલાસો આપ્યા જ કરજો. ઉત્સાહ વારંવાર આપ્યા કરશો તો અમારું કોઈ વખત પણ કાર્ય સિદ્ધ થશે. પૂર્વકાળમાં તીર્થંકર પ્રભુએ પણ ભક્તોને દિલાસો આપીને, ઉત્સાહ પ્રેરીને ભક્તોનું કાર્ય સિદ્ધ કરાવી આપ્યું છે. ચતુર્વિધ સંઘની સ્થાપના કરી હજારો લાખો જીવોને મોક્ષમાર્ગે ચઢાવ્યા છે. તો આપને વારંવાર વિનવીએ છીએ કે આપ પણ અમારા ઉપર મીઠી નજર રાખશો. કવિશ્રી મોહનવિજયજી કહે છે કે–હે પ્રભુ! આપના સંગમાં રંગપૂર્વક અમારું મનડું લાગ્યું છે. માટે જરૂર આપ અમારા પ્રત્યે કૃપાદૃષ્ટિ કરશો. એટલી હે સુખકારી સાહેબજી! આપની પાસે અમારી યાચના છે. વિશેષ અમારે કાંઈ જોઈતું નથી. ।।૭।।

---

## (૨૨) શ્રી નેમિનાથ સ્વામી

### શ્રી આનંદઘનજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(રાગ મારુણી–ધનરા ઢોલા–એ દેશી)

**અષ્ટભવાંતર વાલહી રે, તું મુજ આતમરામ મનરાવાલા;**
**મુક્તિ સ્ત્રીશું આપણે રે, સગપણ કોઈ ન કામ. મ૦૧**

**સંક્ષેપાર્થ :–** ભગવાન શ્રી નેમિનાથ પ્રભુ, મહાસતી રાજિમતી નામની ઉગ્રસેન રાજાની કન્યા સાથે પરણવા માટે જાન લઈને આવ્યા. તેમાં ભીલ લોકો પણ હતા. તેમની મિજબાની માટે લાવેલ પશુઓના પોકાર સાંભળી પરણવાનું બંધ રાખી પોતાનો રથ પાછો ફેરવીને જવા લાગ્યા. તે જોઈ દેવી રાજિમતીએ કહ્યું કે હે નેમિશ્વર! હું અષ્ટ ભવાંતર એટલે આઠ ભવ સુધી વાલહી કહેતાં વહાલી પ્રિય સ્ત્રીરૂપે રહી છું અને આપ મારા આતમરામ કહેતા સદૈવ મારા આત્મામાં જ રમનારા રહ્યા છો.

માટે હે મનના વહાલા સ્વામી! મુક્તિરૂપી સ્ત્રી સાથે આપને સગપણ સંબંધ બાંધવાનું કોઈ પ્રયોજન મને જણાતું નથી. ।।૧।।



**ઘર આવો હો વાલમ ઘર આવો, મારી આશાના વિશરામ; મ૦**
**રથ ફેરો હો સાજન રથ ફેરો, સાજન મારા મનોરથ સાથ. મ૦૨**

**સંક્ષેપાર્થ :–** હે વાલમ! કૃપા કરી આપ ઘરે પધારો, અમારે ઘેર પધારો. આપ મારી સર્વ આશાના વિશ્રામ સ્થાન છો. માટે હે સાજન! એટલે હે સ્વામી! રથને ફેરવો, રથને પાછો ફેરવો. હે સ્વામી! મારા બધા મનોરથો આપની સાથે જ સંલગ્ન છે. માટે મનના વહાલા પ્રભુ! જરૂર રથને પાછો ફેરવો. ।।૨।।

**નારી પખો શો નેહલો રે, સાચ કહે જગનાથ; મ૦**
**ઈશ્વર અર્ધાંગે ધરી રે, તું મુજ ઝાલે ન હાથ. મ૦૩**

**સંક્ષેપાર્થ :–** નારી પક્ષે શું સ્નેહ કરવો અર્થાત્ રાગ રાખવો એમ આપ જગતનાનાથ સાચું કહો છો, પણ જગતમાં મહાદેવ કહેવાતા એવા શંકરે પણ પોતાની અર્ધાંગનારૂપે એટલે ધર્મપત્નીરૂપે પાર્વતીને રાખેલ છે. તો મારા મનના વહાલા! તમે તો મારો હાથ પણ ઝાલતા નથી, અર્થાત્ મારી સાથે પાણિગ્રહણ કરતા નથી. ।।૩।।

**પશુજનની કરુણા કરી રે, આણી હૃદય વિચાર; મ૦**
**માણસની કરુણા નહીં રે, એ કુણ ઘર આચાર. મ૦૪**

**સંક્ષેપાર્થ :–** હે મનના વહાલા! આપે હૃદયમાં વિચાર કરીને પશુઓ ઉપર તો દયા કરી પણ મારા જેવી મનુષ્યણી કે જે પશુઓ કરતાં તો અતિશ્રેષ્ઠ છે, તેના ઉપર દયા કરતા નથી, એ કોના ઘરનો આચાર છે? માટે મારા ઉપર તો આપે અવશ્ય દયા કરવી જોઈએ! ।।૪।।

**પ્રેમ કલ્પતરુ છેદિયો રે, ધરિયો જોગ ધતૂર; મ૦**
**ચતુરાઈરો કુણ કહો રે, ગુરુ મિલિયો જગસૂર. મ૦૫**

**સંક્ષેપાર્થ :–** હે વહાલા પ્રભુ! આપે પ્રેમરૂપી કલ્પવૃક્ષને છેદી નાખી યોગરૂપી ધંતુરાનું ઝાડ વાવ્યું, અર્થાત્ મોક્ષની સાથે જોડાણ કરે એવા વૈરાગ્યમય યોગને ધારણ કર્યો.

આપની આ ચતુરાઈ એટલે હોશિયારીને કોણ પારખી શકે. પણ જરા કહો તો ખરા કે આઠ ભવની આવી પ્રીત તોડવાનું ચાતુર્ય શિખવવામાં આપને જગતમાં એવો કયો શૂરો ગુરુ મળી ગયો? ।।૫।।

**મારું તો એમાં ક્યુંહી નહિ રે, આપ વિચારો રાજ; મ૦**
**રાજસભામાં બેસતાં રે, કિસડી બધસી લાજ. મ૦૬**

**સંક્ષેપાર્થ :–** રાજિમતી કહે છે કે હે નેમિશ્વર ! આપે જે ઉપરોક્ત કાર્ય કર્યું તેમાં મારી કંઈ ઈજ્જતની હાનિ નથી પણ હે રાજકુમાર ! જરા એનો વિચાર કરો કે જ્યારે આપ રાજસભામાં બેસશો ત્યારે આવાં કૃત્યથી કિસડી એટલે કોની લાજ વધશે ? અર્થાત્ આપની શોભા કેમ રહેશે ? ।।૬।।

**પ્રેમ કરે જગ જન સહુ રે, નિર્વાહે તે ઓર;મ૦**
**પ્રીત કરીને છોડી દે રે, તેહશું ન ચાલે જોર.મ૦૭**

**સંક્ષેપાર્થ :–** જગતમાં સર્વ પ્રાણીઓ પ્રેમ કરી જાણે છે પણ તેનો નિર્વાહ કરે તે જ સાચા જાણવા. જે માણસ પ્રેમ કરીને છોડી દે, તો તેની સાથે મારું શું જોર ચાલી શકે ? અર્થાત્ જબરજસ્તીથી કંઈ પ્રેમ કરાવી શકાય નહીં. ।।૭।।

**જો મનમાં એહવું હતું રે, નિસપત કરત ન જાણ; મ૦**
**નિસપત કરીને છાંડતા રે, માણસ હુવે નુકસાન. મ૦૮**

**સંક્ષેપાર્થ :–** હે સ્વામી ! જો આપના મનમાં લગ્ન કર્યા વિના જ પાછું જવાનું હતું તો નિસપત એટલે સગાઈ સંબંધ જ કરવો જોઈતો નહોતો.

સગાઈ સંબંધ કરીને તેને પાછો છોડી દેવાથી મનુષ્ય અથવા સ્ત્રીને કેટલું નુકસાન થાય તે વિચારો. ।।૮।।

**દેતાં દાન સંવત્સરી રે, સહુ લહે વાંછિત પોષ; મ૦**
**સેવક વાંછિત નવિ લહે રે, તે સેવકનો દોષ. મ૦૯**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ ! આપ હવે અહીંથી જઈને સંવત્સર એટલે એક વર્ષ સુધી લોકોને દાન આપશો તેથી સર્વ જીવો વાંછિત એટલે ઇચ્છિત વસ્તુઓ મેળવીને પોતાની ઇચ્છાને પોષણ આપશે.

પણ આપની આ સેવક દાસી આપની સાથે લગ્ન કરવારૂપ ઇચ્છિત સિદ્ધિને પામતી નથી. એમાં આ સેવકનો અર્થાત્ મારા જ પૂર્વકર્મનો દોષ છે, આપનો કાંઈ દોષ નથી. ।।૯।।

**સખી કહે એ શામળો રે, હું કહું લક્ષણ સેત; મ૦**
**ઇણ લક્ષણ સાચી સખી રે, આપ વિચારો હેત. મ૦૧૦**

**સંક્ષેપાર્થ :–** મારી સખીઓ કહે છે કે એ નેમિકુમાર શામળા એટલે શ્યામ વર્ણના છે. ત્યારે હું કહેતી કે બાહ્ય વર્ણ ભલે શ્યામ છે, પણ એમના લક્ષણ એટલે રીતભાતથી જોતાં એમનું અંતઃકરણ તો ઉત્તમ ગુણોથી શ્વેત છે. પણ આ



રથને પાછા વાળવારૂપ લક્ષણથી તો આ સખીઓ જ સાચી ઠરે છે. હે વહાલા પ્રભુ ! આપ મારા પર હેત એટલે પ્રેમ લાવીને આ વાતને વિચારી જોજો. ।।૧૦।।

**રાગીશું રાગી સહુ રે, વૈરાગી શ્યો રાગ; મ૦**
**રાગ વિના કિમ દાખવો રે, મુક્તિ સુંદરી માગ ? મ૦૧૧**

**સંક્ષેપાર્થ :–** રાગી સાથે સહુ રાગ કરે એ વાત જગતમાં પ્રસિદ્ધ છે. પણ જેઓ વૈરાગી છે તેઓને શાની પ્રીતિ હોય ? એમ આપ કહો છો.

જ્યારે આપનામાં રાગ નથી તો મોક્ષરૂપી સુંદરીને પ્રાપ્ત કરવાનો માર્ગ બધાને શા માટે દેખાડો છો ? ।।૧૧।।

**એક ગુહ્ય ઘટતું નથી રે, સઘલોઈ જાણે લોક; મ૦**
**અનેકાંતિક ભોગવો રે, બ્રહ્મચારી ગત રોગ. મ૦૧૨**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ ! એક ગુહ્ય કહેતા ગુપ્ત કાર્ય આપને કરવું ઘટતું નથી. કારણ કે સઘળા લોકો તેને જાણે છે. માટે તે કાર્ય છાનું રહી શકે તેમ પણ નથી. તે આ કે આપ અનેક સિદ્ધોએ ભોગવેલી એવી અનેકાંતિક બુદ્ધિરૂપ સુંદરીને ભોગવવા ઇચ્છો છો. અને જગતમાં વળી જેનો કામરૂપી રોગ ગયો છે એવા આપ બ્રહ્મચારી કહેવાઓ છો, એ વાત મને બેસતી નથી. ।।૧૨।।

**જિણ જોણી તુમને જોઉં રે, તિણ જોણી જોવો રાજ; મ૦**
**એક વાર મુજને જુઓ રે, તો સીઝે મુજ કાજ. મ૦૧૩**

**સંક્ષેપાર્થ :–** હે નાથ ! હું આપને જે રાગદૃષ્ટિથી જોઉં છું. તેમ તમે પણ હે રાજકુમાર ! એકવાર મને રાગદૃષ્ટિથી જુઓ તો મારું કાર્ય સિદ્ધ થાય અર્થાત્ મારા મનને અપાર આનંદ થાય. ।।૧૩।।

**મોહદશા ધરી ભાવના રે, ચિત્ત લહે તત્ત્વવિચાર;મ૦**
**વીતરાગતા આદરી રે, પ્રાણનાથ નિરધાર. મ૦૧૪**

**સંક્ષેપાર્થ :–** હવે શ્રી રાજિમતીની મોહદશાની ભાવના ટળી જઈને ચિત્તમાં તત્ત્વવિચારણા ઉત્પન્ન થઈ. તેથી જાણ્યું કે અત્યાર સુધી મોહના કારણે હું ભગવાન નેમિનાથના સ્વરૂપને સમજી શકી નહીં. પણ હવે મને ખબર પડી કે પ્રાણનાથ એવા પ્રભુએ તો વીતરાગતા આદરી છે. તેઓ તો શુદ્ધ આત્મા છે. માટે કદી પણ રાગરૂપી જાળમાં તે ફસનાર નથી. ।।૧૪।।

**સેવક પણ તે આદરે રે, તો રહે સેવક મામ; મ૦**
**આશય સાથે ચાલીએ રે, એહી જ રૂડું કામ. મ૦૧૫**

**સંક્ષેપાર્થ :–** હે નેમિનાથ પ્રભુ ! આપ મારા સ્વામી છો અને હું આપની સેવિકા છું. જ્યારે સ્વામીએ વીતરાગતા આદરી છે. તો મારી પણ સેવિકા તરીકે ફરજ છે કે મારે પણ વીતરાગતા આદરવી જોઈએ. તો જ સેવકની મામ કહેતા લાજ રહે. સ્વામીના આશય સાથે ચાલવું એ જ મારા માટે રૂડામાં રૂડું કામ છે. સ્વામી જે પંથને સ્વીકારે તે જ પંથ મારા માટે પણ યોગ્ય છે એમ માનું છું. ।।૧૫।।

**ત્રિવિધ યોગ ધરી આદર્યો રે, નેમિનાથ ભરતાર; મ૦**
**ધારણ પોષણ તારણો રે, નવરસ મુક્તાહાર. મ૦૧૬**

**સંક્ષેપાર્થ :–** ત્રિવિધ યોગ એટલે મન વચન કાયાના ત્રણે યોગથી વીતરાગભાવે શ્રી નેમિનાથ પ્રભુને મારા ભરતાર અથવા સ્વામી સ્વીકાર્યા છે.

કેમ કે તે મારા ધારણ, પોષણ અને તારણ છે. ધારણ એટલે અશરણ એવા સંસારમાં તે મને આશ્રય આપનાર હોવાથી ધારણ છે. પોષણ એટલે મારા આત્માના અનંતગુણોને પ્રગટાવવામાં પોષણ આપનાર છે તથા તારણ એટલે અનંત અગાધ સંસાર સમુદ્રથી જે મને તારનાર છે.

વળી પ્રભુ તો નવરસરૂપ મુક્તાહાર એટલે મોતીઓના હાર સમાન છે. નવસરનો હાર પહેરવાથી કંઠની શોભા વધે પણ આપ તો પ્રભુ શાંતરસાદિ નવેસરથી ભરપૂર મોતીઓના હાર સમાન હોવાથી મારા હૈયાના હાર જાણી અંતરમાં ધારણ કરી રાખ્યા છે. ।।૧૬।।

**કારણરૂપી પ્રભુ ભજ્યો રે, ગણ્યો ન કાજ અકાજ; મ૦**
**કૃપા કરી મુજ દીજીએ રે, આનંદઘન પદરાજ. મ૦૧૭**

**સંક્ષેપાર્થ :–** જેનાથી કાર્યની સિદ્ધિ થાય તે કારણ કહેવાય. આ ભવમાં આત્મસિદ્ધિના નિમિત્ત કારણરૂપ પ્રભુ શ્રી નેમિનાથને માની, અંતઃકરણની સાચી ભક્તિથી એમને મેં ભજ્યા છે. તેમાં કાર્ય અકાર્યની દરકાર રાખી નથી, અર્થાત્ ભગવાન પ્રત્યે મારો પ્રશસ્તરાગ છે કે અપ્રશસ્તરાગ છે એવું મેં કંઈ વિચાર્યું નથી. મેં તો અકાર્યરૂપ ઓલંભા પણ પ્રભુને આપ્યા છે. છતાં આપના પ્રત્યેનો મારો પ્રેમ કિંચિત્ પણ ખંડિત થયો નથી.

માટે હે પ્રભુ ! મારા ઉપર કૃપા કરીને મને અનંત આનંદઘનસ્વરૂપ એવા મોક્ષપદનું રાજ્ય આપો. જાણે ખરા ભક્તની માંગણી પ્રભુએ સ્વીકારી



હોય તેમ મહાસતી રાજિમતીને કેવળજ્ઞાન આપી ભગવાને સ્વયં કરતાં પણ પહેલા મોક્ષે પહોંચાડી દીધાં. એવી પ્રભુની અનંતી દયા જગત પ્રસિદ્ધ છે. ।।૧૭।।

---

# (૨૨) શ્રી નેમિનાથ સ્વામી

## શ્રી દેવચંદ્રજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(પદ્મપ્રભ જિન જઈ અલગા વસ્યા—એ દેશી)

**નેમિ જિણેસર નિજ કારજ કર્યું, છાંડ્યો સર્વ વિભાવોજી;**
**આતમશક્તિ સકલ પ્રગટ કરી, આસ્વાદ્યો નિજ ભાવોજી. ને૦૧**

**સંક્ષેપાર્થ :–** શ્રી નેમિનાથ પ્રભુએ પોતાના આત્માનું સંપૂર્ણ કાર્ય સિદ્ધ કર્યું. કેવી રીતે ? તો કે પોતાથી પર એવા રાગદ્વેષ, વિષયકષાયોના સર્વ વિભાવોને ત્યાગી આત્માની જ્ઞાન દર્શન ચારિત્ર વીર્યાદિ સર્વ શક્તિને પ્રગટ કરીને પોતાના આત્મસ્વભાવનું આસ્વાદન કર્યું. ।।૧।।

**રાજુલ નારી રે સારી મતિ ધરી, અવલંબ્યા અરિહંતોજી;**
**ઉત્તમ સંગે રે ઉત્તમતા વધે, સધે આનંદ અનંતોજી. ને૦૨**

**સંક્ષેપાર્થ :–** મહાસતી એવી રાજુલનારીએ પણ સારી મતિને ધારણ કરી અર્થાત્ નેમિપ્રભુ પ્રત્યેના અશુભરાગને છોડી દઈ, પ્રભુને અરિહંતદેવ પદે સ્થાપી તેમનું શરણ ગ્રહણ કર્યું. એમ વિચારીને કે સર્વોત્તમ એવા પ્રભુના સંગે મારો આત્મા પણ ઉત્તમ સિદ્ધતાને પામશે, અર્થાત્ આત્માના અનંત આનંદને સાધ્ય કરશે. આપણે પણ એમ જ વિચારવું યોગ્ય છે. ।।૨।।

**ધર્મ અધર્મ આકાશ અચેતના, તે વિજાતિ અગ્રાહ્યોજી;**
**પુદ્‌ગલ ગ્રહવે રે કર્મ કલંકતા, વાધે બાધક બાહ્યોજી. ને૦૩**

**સંક્ષેપાર્થ :–** હવે રાજિમતી વિચારે છે કે જગતમાં રહેલા પંચાસ્તિકાયમાંથી ધર્મ, અધર્મ અને આકાશ દ્રવ્ય, તે તો અચેતન છે અને વિજાતીય દ્રવ્ય છે, તે જીવથી ગ્રહણ કરી શકાતા નથી; પણ પુદ્‌ગલ દ્રવ્ય અચેતન તથા વિજાતીય હોવા છતાં ગ્રહણ કરી શકાય છે. તેથી અનંતકાળથી અજ્ઞાનવશ જીવ પુદ્‌ગલને ગ્રહણ કરીને કર્મથી કલંકિત થયો છે. તથા બાહ્યભાવોની વૃદ્ધિ

કરીને આત્મસ્વભાવને અવરોધ કર્યો છે. માટે તે સર્વ પરભાવને હવે અવશ્ય તજી દેવા જોઈએ. ।।૩।।

**રાગી સંગે રે રાગ દશા વધે, થાયે તિણે સંસારોજી;**
**નીરાગીથી રે રાગનું જોડવું, લહીએ ભવનો પારોજી. ને૦૪**

**સંક્ષેપાર્થ :–** સંસારમાં રહેલા અજ્ઞાની જીવો રાગદ્વેષથી યુક્ત છે. એવા જીવોના સંગથી રાગદશાની જ વૃદ્ધિ થાય છે. અને તેનું ફળ પણ સંસારવૃદ્ધિ આવે છે. જ્યારે નિરાગી એવા વીતરાગ પરમાત્મા સાથે રાગનું જોડાણ કરવું અર્થાત્ પ્રેમભક્તિ વધારવી તે સંસાર સમુદ્રથી પાર ઊતારનાર સાચો માર્ગ છે. કેમકે પ્રભુ સામો રાગ કરતા નથી, તેથી અનુક્રમે આપણો પણ રાગ નાશ પામે છે. ।।૪।।

**અપ્રશસ્તતા રે ટાળી પ્રશસ્તતા, કરતાં આસ્રવ નાસેજી;**
**સંવર વાધેરે સાધે નિર્જરા, આતમભાવ પ્રકાશેજી. ને૦૫**

**સંક્ષેપાર્થ :–** સંસારી જીવો પ્રત્યેનો અપ્રશસ્ત એટલે અશુભરાગ ટાળીને પ્રભુ વીતરાગ પ્રત્યે પ્રશસ્ત એટલે શુભ રાગ કરવાથી અનુક્રમે આસ્રવ નાશ પામે છે, તથા નવીન કર્મબંધ અટકવારૂપ સંવર પરિણતિ વધે છે અને પૂર્વકૃત કર્મની નિર્જરાને સાધે છે. આમ સંવર નિર્જરા પ્રગટ થવાથી આત્માનો શુદ્ધ સ્વભાવરૂપ નિજધર્મ પ્રકાશ પામે છે. ।।૫।।

**નેમિ પ્રભુ ધ્યાને રે એકત્વતા, નિજ તત્ત્વે એકતાનોજી;**
**શુક્લ ધ્યાને રે સાધી સુસિદ્ધતા, લહિએ મુક્તિ નિદાનોજી. ને૦૬**

**સંક્ષેપાર્થ :–** મહાસતી રાજિમતીએ પ્રભુના ગુણોનો વિચાર કરી શ્રી નેમિનાથ પ્રભુનું અવલંબન લઈ, તે પ્રભુના ધ્યાનમાં એકત્વતાને સાધી, સ્વરૂપમાં રમણતા કરીને શુક્લધ્યાન વડે સંપૂર્ણ સ્વસિદ્ધતાને સાધી લીધી. આ પ્રમાણે મુક્તિના નિદાન એટલે કારણને આપણે પણ પુરુષાર્થ કરીને પામીએ એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના. ।।૬।।

**અગમ અરૂપી રે અલખ અગોચરુ, પરમાતમ પરમીશોજી;**
**દેવચંદ્ર જિનવરની સેવના, કરતાં વાધે જગીશોજી. ને૦૭**

**સંક્ષેપાર્થ :–** શ્રી નેમિનાથ પ્રભુ કેવા છે ? તો કે અગમ એટલે માર્ગના અજાણને ગમ ન પડે એવા છે. અરૂપી કેતાં પ્રભુ રૂપ,રસ, ગંધ, વર્ણ સંસ્થાનથી રહિત છે. પુદ્‌ગલાભિલાષી કે એકાન્તવાદીઓના લક્ષમાં આવે એવા નથી, માટે



અલખ છે. તથા ભગવાનનું ઇન્દ્રિયગોચર સ્વરૂપ નથી તેથી અગોચર છે. અને પરમાત્મસ્વરૂપને પામેલા હોવાથી પરમેશ્વર છે. એવા દેવોમાં ચંદ્રમા સમાન જિનેશ્વરની સેવના એટલે આજ્ઞાને ઉઠાવતાં સાધકની જગીશ કહેતાં સિદ્ધતારૂપ સંપત્તિ વૃદ્ધિને પામે છે. ।।૭।।

---

# (૨૨) શ્રી નેમિનાથ સ્વામી

## શ્રી યશોવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

**તોરણથી રથ ફેરી ગયા રે હાં,**
**પશુઆં શિર દેઈ દોષ મેરે વાલમા;**
**નવ ભવ નેહ નિવારિયો રે હાં,**
**શ્યો જોઈ આવ્યા જોષ મેરે વાલમા. તો૦૧**

**અર્થ :–** શ્રી નેમિનાથ પ્રભુને સંબોધીને રાજીમતિ જણાવે છે કે હે પ્રાણનાથ ! તમે તોરણ સુધી આવીને પશુઓની ઉપર દોષ દઈ એટલે પશુઓને નિમિત્ત બનાવીને પાછા ચાલ્યા ગયા. આપણી પૂર્વની નવ ભવ સુધીની પ્રીતને તોડી નાખી. મારામાં એવું આપે શું જોયું કે જેથી તમે જોશમાં આવીને તુરંત પાછા ફરી ગયા.

**ભાવાર્થ :–** રાજીમતિનો વિલાપ આ સ્તવનમાં ચિત્ર્યો છે. રાજીમતિ નેમિનાથ પ્રભુને ઉદ્દેશીને કહે છે કે "હે પ્રાણનાથ ! બીજી જાતિના ગૌરવ માટે એકઠાં કરેલા પશુ પક્ષીઓની ફરિયાદ સાંભળીને આપ તોરણ સુધી આવીને પાછા રથ ફેરવી ચાલ્યા ગયા. તે વખતે વડીલજનોએ અનેક રીતે વિનવ્યા છતાં એઓની વિનતિ ઉપર આપે લક્ષ્ય આપ્યું નહીં અને મારી સાથેના નવ ભવના સ્નેહનો અંત આણ્યો. તો એવો કેવી જાતનો જોષ જોઈને આવ્યા હતા ? લગ્નને યોગ્ય મુહૂર્ત બરાબર જોયું નહોતું કે શું ? નહિતર આમ કેમ બને ?" ।।૧।।

**ચંદ્ર કલંકી જેહથી રે હાં, રામ ને સીતા વિયોગ; મે૦**
**તેહ કુરંગને વયણડે રે હાં, પતિ આવે કુણ લોગ. મે૦ તો૦૨**

**અર્થ :–** ચંદ્રમાં હરણનું ચિહ્ન દેખાય છે, તેથી તે કલંકી થયો. રામને પણ હરણના કારણે જ સીતાનો વિયોગ થયો. તે જ કુરંગને વયણડે એટલે તેજ હરણના વચનથી મને પણ તમારો વિયોગ થયો. આ વાત ઉપર લોકોને કેમ

પતિ આવે અર્થાત્ કેમ પ્રતીત આવે કે હા વાત સાચી છે. લોકોને આ વિષે શંકા રહે છે કે આમાં કોઈ કારણ બીજું છે.

**ભાવાર્થ :–** હરણના ચિહ્નથી ચંદ્ર કલંકિત લાંછનવાળો છે. અને જેના નિમિત્તે શ્રી રામને પણ સીતાનો વિયોગ થયો. રામાયણમાં પણ એ હકીકત પ્રસિદ્ધ છે કે હરણના વચનમાત્રથી આકર્ષાઈને શ્રી રામ વનમાં ગયા. એ વાતની કોને પ્રતીતિ આવે ? લોકો તો એમાં કાંઈક બીજું પ્રબળ કારણ હશે એવી કલ્પના કરે છે. તેમ આપ પણ મૃગ આદિ પશુઓના વચન સાંભળી તોરણથી પાછા ફર્યા. એ વાત ઉપર મને પણ શંકા ઉત્પન્ન થાય છે અને તેમાં કાંઈક બીજું જ કારણ હોય એમ લાગે છે. હરણાદિની દયા તો એમાં એક બહાનારૂપ છે. લોકોને દેખાડવા, સમજાવવા માટે છે. પણ લોકો એટલા બધા ભોળા નથી કે આપની એ યુક્તિ ન સમજે. ।।૨।।

**ઉતારી હું ચિત્તથી રે હાં, મુક્તિ ધૂતારી હેત; મે૦**
**સિદ્ધ અનંતે ભોગવી રે હાં, તેહશ્યું કવણ સંકેત. મે૦ તો૦૩**

**અર્થ :–** હવે મને ખબર પડી કે તમે મને ચિત્તમાંથી કેમ ઉતારી દીધી. કેમકે તમને મુક્તિરૂપી ધૂતારી સ્ત્રી સાથે પ્રીતિ થઈ ગઈ છે. પણ જેને અનંત સિદ્ધોએ ભોગવી છે. તેવી સ્ત્રી પ્રત્યે તમારે શા માટે સંકેત કરવો.

**ભાવાર્થ :–** રાજીમતિને જે શક ઉત્પન્ન થયો તેનું કારણ હવે તે જણાવે છે કે હે સ્વામિન્ ! આપે મને ચિત્તથી કેમ ઉતારી દીધી તેનું કારણ આ જ છે કે અનંત સિદ્ધોએ ભોગવેલી અને અનેક મુમુક્ષુઓને પણ પોતાના તરફ આકર્ષનારી એવી મુક્તિરૂપી ધૂતારી સ્ત્રીને મેળવવાની આપને ઇચ્છા થઈ છે. પણ મને મુકીને તમારે તેના પ્રત્યે સંકેત કરવો તે યોગ્ય છે ? તેનો વિચાર કરો. ।।૩।।

**પ્રીત કરંતાં સોહિલી રે હાં, નિરવહેતાં જંજાળ; મે૦**
**જેહવો વ્યાલ ખેલાવવો રે હાં, જેહવી અગનની ઝાળ. મે૦ તો૦૪**

**અર્થ :–** કોઈની સાથે પ્રીતિ કરવી સહેલી છે. પણ તેને ઠેઠ સુધી નિરવહેતાં એટલે નિભાવવી તે જંજાળ સમાન છે. જેમ વ્યાલ એટલે સાપ સાથે ખેલવું કે અગ્નિની જ્વાળાને પકડવી સહેલી નથી તેમ કરેલા પ્રેમને નિભાવવો પણ સહેલો નથી પણ ઘણું અઘરું કામ છે.

**ભાવાર્થ :–** હે પ્રભુ જગતમાં કોઈ સાથે પ્રીતિ કરવી તે તો સહેલુ કાર્ય છે પણ તેને છેવટ સુધી નિભાવી રાખવી તે ઘણું અઘરું કામ છે. પ્રીતિ કરનારા



તો ઘણા મનુષ્યો હોય છે પણ તેને ટકાવી રાખનારા બહુ થોડા હોય છે. જેમ સર્પને રમાડવો અને અગ્નિની જ્વાલા પકડવી એ સહેલાં કાર્યો નથી તેમ પ્રીતિ નિર્વાહવા અંગે પણ સમજવું. આમ કહેવાનો આશય એ છે કે કાં તો આપે પ્રીતિ કરવી નહોતી ! પણ જ્યારે કરી તો તેને પૂર્ણ રીતે નિભાવવી હતી. આમ અધવચ્ચે છોડીને ચાલ્યા જાઓ તે કેમ યોગ્ય ગણાય. ।।૪।।

**જો વિવાહ અવસરે દિયો રે હાં, હાથ ઉપર નવિ હાથ;મે૦**
**દીક્ષા અવસર દીજીએ રે હાં, શિર ઉપર જગનાથ મે૦તો૦૫**

**અર્થ :–** જેમ વિવાહ અવસરે હાથ ઉપર હાથ મૂકવામાં આવે છે. તે તો બન્યું નહીં. પણ હવે મને દીક્ષા લેવાનો અવસર આપી મારા શિર ઉપર હે જગનાથ ! જરૂર હાથ મૂકી મારા કલ્યાણ માટે આશીર્વાદ આપજો એવી મારી આપને વિનંતિ છે.

**ભાવાર્થ :–** રાજીમતિએ જ્યારે જાણ્યું કે પ્રભુ તો નીરાગી છે એટલે હવે તેમના વર્તન સંબંધી કાંઈપણ બોલવું એ તદ્દન નિષ્ફળ છે. ત્યારે તેણે છેવટે સંતોષ પકડી, ધૈર્ય ધારણ કરી, એક પ્રાર્થના કરવી ઉચિત ધારી અને કહ્યું કે "હે જગન્નાથ ! લગ્ન વખતે આપે મારા હસ્ત ઉપર આપનો હાથ તો મૂક્યો નહિ પણ હવે મને દીક્ષાનો અવસર આપી મારા મસ્તક ઉપર હાથ ધરવા આપ અવશ્ય કૃપા કરજો. ગુરુ, દીક્ષા આપતી વખતે વાસક્ષેપ નાખે ત્યારે મસ્તક ઉપર હાથ આવે છે એ હકીકતને યાદ કરીને રાજીમતિએ આ પ્રાર્થના કરી છે. ।।૫।।

**ઇમ વિલવતી રાજુલ ગઈ રે હાં, નેમિ કને વ્રત લીધ; મે૦**
**વાચક યશ કહે પ્રણમિયે રે હાં, એ દંપતી દોય સિદ્ધ. મે૦ તો૦૬**

**અર્થ :–** ઉપર પ્રમાણે વિનવતી થકી રાજુલ શ્રી નેમિનાથ પ્રભુ પાસે ગઈ અને પંચ મહાવ્રત ધારણ કર્યા. વાચક શ્રી યશોવિજયજી મહારાજ કહે છે સંયમને ધારણ કરી સિદ્ધ ગતિને પામેલા આ બેય દંપતીને આપણે મનના ખરા ભાવપૂર્વક હજારોવાર પ્રણામ કરીએ.

**ભાવાર્થ :–** એમ વિલાપ કરતી રાજુલ (રાજીમતિ) શ્રી નેમિનાથ ભગવાન પાસે જઈને, પ્રભુનો હાથ પોતાના મસ્તક ઉપર ધરાવી સંયમ ગ્રહણ કરીને પોતાની ઇચ્છા પૂર્ણ કરી. વાચક શ્રી યશોવિજયજી મહારાજ કહે છે એ બન્ને દંપતી અંતે સિદ્ધ થયેલા હોવાથી આપણે તેઓને બે હાથ જોડી ભક્તિભાવથી નમસ્કાર કરીએ. ।।૬।।

# (૨૨) શ્રી નેમિનાથ સ્વામી

## શ્રી મોહનવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

દક્ષિણ દોહિલો હો રાજ—એ દેશી)

**કાં રથ વાળો હો રાજ, સામું નિહાળો હો રાજ,**
**પ્રીત સંભાળો રે વહાલા યદુકુળ સેહરા;**
**જીવન મીઠા હો રાજ, મત હોજો ધીઠા હો રાજ,**
**દીઠા અળજે રે વહાલા નિવહો નેહરા. ૧**

**ભાવાર્થ :—** રાજુલ સતી પોતાના માનેલા પતિ એવા પ્રભુ શ્રી નેમીશ્વરને કહે છે કે—તોરણે આવેલ રથને આપ પાછો કેમ વાળો છો. મારી સામે કૃપાદૃષ્ટિ કરો. આપ તો છપ્પન કુળ કોટિ શહેરના અને બહોંતેર કુળ કોટિ પરાના જે યાદવકુળના સમૂહ છે, તેમાં સેહરા કહેતાં શિરતાજ છો. માથાના મુગટ સમાન છો. તો મારી આપના પ્રત્યેની પ્રીતને સંભારો અને તેનું રક્ષણ કરો.

મારા જીવનમાં આપ મધુર રસ આપનાર છો. માટે હે મનના રાજા! આવા કદાગ્રહ ધારણ કરી, ધીઠા થઈ મારા રંગમાં ભંગ પાડશો નહીં. આપને મેં અળજે એટલે ઘણી હોંશપૂર્વક જોયા છે. તેથી મારા વહાલા પ્રભુ! આપની ઉપર મારો જે સ્નેહ છે તેનો નિર્વાહ કરો, અર્થાત્ તે સ્નેહનું હવે પાલન કરો. ।।૧।।

**નવભવ ભજ્જા હો રાજ, તિહાં શી લજ્જા હો રાજ ?**
**તજત ભજ્જા રે કાંસે રણકા વાજીઆ;**
**શિવાદેવી જાયા હો રાજ, માની લ્યો માયા હો રાજ,**
**કિમહીક પાયા રે વહાલા મધુકર રાજીઆ. ૨**

**ભાવાર્થ :—** હે પ્રભુ! આપને અને મારે નવભવથી ભજ્જા એટલે પ્રીતિ છે. નવભવથી હું તમને જ ભજું છું, સેવું છું. તો તેમાં તમારે લજ્જા એટલે શરમ રાખવાની શી હોય ? તમે પ્રીત તોડવાના કાંસે એટલે કારણે મારા અવાજનો રણકો ધ્રુજતો થઈ ગયો છે. ઓ શિવાદેવીના જાયા, મારા રાજ! આ મારી આપના પ્રત્યેની મોહમાયાને માન્ય કરો. કેમકે તમને કિમહીક એટલે કેમે કરીને ઘણી મુશ્કેલીએ પામ્યા છીએ. મારા વહાલા જેમ મધુકર એટલે ભમરો રાજીયા એટલે કમળને જોઈ રાજી થાય તેમ હું પણ આપને જોઈ ઘણી રાજી થઈ છું. માટે મારી પ્રીતનો નિર્વાહ કરો; પણ ઠોકર મારશો નહીં. ।।૨।।



**સુણી હરણીનો હો રાજ, વચન કામિનીનો હો રાજ,**
**સહી તો બીહનો રે વાહલો આઘો આવતાં;**
**કુરંગ કહાણા હો રાજ, ચૂક ન ટાણા હો રાજ,**
**જાણો વહાલા રે દેખી વર્ગવિરંગતા. ૩**

**ભાવાર્થ :—** હે પ્રભુ! આપે હરણીના પોકાર સાંભળી અર્થાત્ કામિનીના વચનો સાંભળી ભયવાળા બની, બીક પામીને અમારી તરફ રથ ચલાવવાને બદલે, રથ ગિરનારજી તરફ હંકાર્યો. તિર્યંચપશુના ઉપર કરુણા કરી અને હું આપની પતિવ્રતા જે સાચા પ્રેમને ધારણ કરનારી, સંપૂર્ણ અનુકૂળપણે વર્તનારી એવી પોતાની નારી ઉપર કરુણા ન કરી. તે સારું કર્યું ન કહેવાય. વળી એ તો કુરંગ કહેતા હરણ છે. જેણે રામ અને સીતાના રંગમાં ભંગ પાડી, વિયોગ કરાવવામાં કારણભૂત એ જ હતો અને મારા અને આપના રંગમાં પણ ભંગ પડાવનાર આ વખતે પણ હરણ જ છે. તેથી હે સ્વામી! આપને કહું છું કે આ ટાણા એટલે આ અવસરને આપ ચૂકશો નહીં. વળી વર્ગ કહેતાં યાદવ લોકોના સમૂહની અને તેની વિરંગતા એટલે ખેદ ખિન્નતાને જાણીને પણ હે વહાલા! આપે ઘટિત કરવું જોઈએ. ।।૩।।

**વિણ ગુન્હે અટકી હો રાજ, છાંડો મા છટકી હો રાજ,**
**કટકી ન કીજે હો વહાલા કીડી ઉપરે;**
**રોષ નિવારો હો રાજ, મહેલે પધારો હો રાજ**
**કાંઈ વિચારો વહાલા ડાબું જીમણું. ૪**

**ભાવાર્થ :—** સતી રાજુલ શ્રી નેમિપ્રભુને જણાવે છે કે હે પ્રભુ! મારા ગુન્હા વિના કેમ અટકી ગયા. આવી રીતે છટકી જવું તે ઠીક નહીં; તેને હવે છોડી દો. મારા જેવી કીડી ઉપર કટકી એટલે આવો દુઃખરૂપ હુમલો કરવો તે કોઈ રીતે ઠીક નથી. હે પ્રભુ! મારા ઉપરના રોષ એટલે રીસને નિવારો-દૂર કરો અને મહેલમાં પધારો. વળી કાંઈ ડાબું જમણું વિચારો અર્થાત્ સાર અસારનો વિચાર કરો. ઘણું શું કહેવું. આ બધા ઉદ્‌ગારો રાજુલ સતીના છે. તે પ્રભુને વિનવે છે. પણ દયાના સાગર, ભોગકર્મ જેનું ક્ષીણ થઈ ગયું છે, જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી જેનું મન સંયમ તરફ વળ્યું છે એવા શ્રી નેમિપ્રભુ પાછા કેમ ફરે; ન જ ફરે. ।।૪।।

**એ શી હાંસી હો રાજ, હોય વિખાસી હો રાજ,**
**જુઓ વિમાસી રે અતિશે રોષ ન કીજીએ;**

**આ ચિત્રશાળી હો રાજ, સેજ સુંઆળી હો રાજ,**
**વાત હેતાળી હો વહાલા મહારસ પીજીએ. ૫**

**ભાવાર્થ :–** હે પ્રભુ! આવી હાંસી કરતાં તેમાંથી વિખાસી એટલે વિખવાદ અર્થાત્ તકરાર ઊભી થઈ જાય. માટે તેના ઉપર આપ ઘણું વિમાસીને એટલે વિચારીને નિર્ણય કરો પણ કોઈ જાતનો મારા ઉપર રોષ કરશો નહીં. હે પ્રભુ! આપના રહેવા માટે આ ચિત્રશાળા છે, શયન કરવા માટે આ શય્યા પણ સુંઆળી છે, વળી વાત હેતાળી એટલે પ્રેમરસથી ભરેલી છે. માટે હે વહાલા પ્રભુ! હું આપને કહું છું કે, આ પ્રેમરૂપી મહારસનું પાન કરો અને મને સંતોષ આપો. ।।૫।।

**મુક્તે વહિતા હો રાજ, સામાન્ય વનિતા હોરાજ,**
**તજી પરિણીતા રે વહાલા કાં તુમે આદરો?**
**તુમને જે ભાવે હો રાજ, કુણ સમજાવે હો રાજ,**
**કિમ કરી આવે રે તાણ્યો કુંજર પાધરો! ૬**

**ભાવાર્થ :–** હે પ્રભુ! મુક્તે વહિતા એટલે મુક્તિપુરીમાં જાતાં ત્યાં મુક્તિ રૂપી વનિતા એટલે સ્ત્રી તે તો સામાન્ય સ્ત્રી જ છે, જેને ઘણાનો સંગ છે. તો તમો મારા જેવી પતિવ્રતાને કે જે મન વચન કાયાથી તમને જ આદરનારી છે, જેના મનના વિચારોમાં પણ આપ સિવાય બીજા કોઈને સ્થાન નથી. તેવી પરણવા તૈયાર થયેલી સ્ત્રીને છોડીને મુક્તિરૂપી સ્ત્રીને કેમ આદરો છો, અર્થાત્ તેનો સંગ કરવાની કેમ ઇચ્છા ધરાવો છો. હે નાથ! હવે હું તો તમારાથી હારી જઈને જણાવું છું કે તમને જે ભાવે એટલે જે રુચે તેમ કરો. આપને કોણ સમજાવવા સમર્થ છે. કારણ કે કોઈ જોરાવર કુંજર એટલે હાથી હોય તો તે ખેંચવાથી કંઈ પાધરો એટલે સીધી રીતે હાથમાં આવે નહીં; તેમ તમો કંઈ હાથમાં આવો એવા લાગતા નથી. ।।૬।।

**વચને ન ભીનો હો રાજ, નેમ નગીનો હો રાજ,**
**પરમ ખજાનો રે વહાલા નાણ અનુપનો;**
**વ્રત શિવ સ્વામી હો રાજ, રાજુલ પામી હો રાજ,**
**કહે હિત કામી રે મોહન રૂપ અનુપનો. ૭**

**ભાવાર્થ :–** નગીના એટલે ચતુર પુરુષ એવા શ્રી નેમિનાથ પ્રભુ રાજુલ સતીના વચન વડે ભીના નહીં અર્થાત્ પીઘળ્યા નહીં. કારણ કે તે તો



અનુપમ એવા સમ્યક્જ્ઞાનદર્શનચારિત્રરૂપ પરમ ખજાનાથી ભરપૂર છે. અંતે સતી એવી રાજુલે પણ બોધ પામી શિવ એટલે મોક્ષના સ્વામી એવા શ્રી નેમિપ્રભુ પાસે પંચ મહાવ્રત ધારણ કરી પોતાના આત્માનું હિત કર્યું. પંડિત શ્રી રૂપવિજયજીના શિષ્ય પોતાના હિતના કામી એવા શ્રી મોહનવિજયજીએ આ સ્તવનમાં ઉપરોક્ત ભાવ કહ્યો છે. ।।૭।।

---

# (૨૩) શ્રી પાર્શ્વનાથ સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(રાગ સારંગ, રસિયાની દેશી)

**ધ્રુવપદ રામી હો સ્વામી માહરા, નિઃકામી ગુણરાય, સુજ્ઞાની;**
**નિજગુણ કામી હો પામી તું ધણી, ધ્રુવ આરામી હો થાય. સુ૦ધ્રુ૦૧**

**સંક્ષેપાર્થ :–** હે મારા સ્વામી પાર્શ્વનાથ પ્રભુ! આપ તો ધ્રુવપદ રામી કહેતા શાશ્વત એવા મોક્ષપદમાં અથવા શુદ્ધ આત્મપદમાં સદૈવ રમણતા કરનાર છો. વળી કોઈપણ પ્રકારની ઇચ્છા વિનાના હોવાથી નિષ્કામી છો, સર્વગુણ સંપન્ન હોવાથી ગુણરાય કહેતા ગુણોના રાજા છો તથા કેવળજ્ઞાનયુક્ત હોવાથી આપ સુજ્ઞાની છો.

જે પોતાના આત્મગુણોને વિકસાવવાના કામી છે એવા ભવ્યાત્માઓને આપ જેવા પરમાત્મસ્વરૂપને પામેલા ધણી મળી જવાથી પરંપરાએ ધ્રુવ એવા મોક્ષસ્થાનને પામી અનંતસુખમાં આરામ કરનારા થાય છે. ।।૧।।

**સર્વવ્યાપી કહો સર્વ જાણંગપણે, પરિપરિણમન સ્વરૂપ; સુ૦**
**પરરૂપે કરી તત્ત્વપણું નહીં, સ્વસત્તા ચિદ્રૂપ. સુ૦ધ્રુ૦૨**

**સંક્ષેપાર્થ :–** હે સ્વામી! આપ કેવળજ્ઞાનના બળે ત્રણે કાળના સર્વ પદાર્થોને સર્વભાવે જાણનાર હોવાથી આપને સર્વ વ્યાપી કહ્યા. આપનું જ્ઞાન સર્વ જ્ઞેય પદાર્થોના આકારે પરિણમે છે. તેથી તે જ્ઞાન સર્વત્ર પરિણમ્યું એમ કહેવાય.

પણ ખરી રીતે તો આત્માનો જ્ઞાનગુણ પરરૂપે પરિણમી જાય એમ હોય તો પછી આત્માનું સ્વતત્ત્વપણું જ રહે નહીં; તે જડરૂપે થઈ જાય. જ્યારે એ સિદ્ધાંત છે કે કોઈપણ દ્રવ્ય પોતાના સ્વભાવને કદી મૂકે નહીં; તેવી રીતે

આત્મદ્રવ્ય પણ સ્વસત્તાપણે ત્રિકાળ ચૈતન્યરૂપે જ રહે છે. તે કોઈકાળે પર એવા જડ દ્રવ્યને જોતાં છતાં પણ જડરૂપે પરિણમે નહીં. કેમકે આત્માનો જ્ઞાન ગુણ સદા રહે છે એ પ્રમાણભૂત છે. અને તે જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે અને જ્ઞેય લોકાલોક પ્રમાણ છે. તેથી તે લોકાલોકના સર્વ પદાર્થને જાણવા છતાં પણ કદી જડરૂપે પરિણમતું નથી. ।।૨।।

**જ્ઞેય અનેકે હો જ્ઞાન અનેકતા, જલભાજન રવિ જેમ; સુ૦**
**દ્રવ્ય એકત્વપણે ગુણ એકતા, નિજપદ રમતા હો ખેમ. સુ૦પ્રુ૦૩**

**સંક્ષેપાર્થ :–** જ્ઞેય કહેતાં જાણવા યોગ્ય પદાર્થો, જે જ્ઞાનનો વિષય બની શકે. એવા જગતમાં અનેક છે. જ્ઞેય પદાર્થ અનેક હોવાથી જ્ઞાનની પર્યાય પણ અનેક છે. જેમ સૂર્ય એક હોવા છતાં જોનારને જુદા જુદા જળભાજનમાં સૂર્યના અનેક પ્રતિબિંબ જણાય છે.

તેમ આત્મદ્રવ્યનું એકત્વપણું એટલે એકલાપણું છે. તે દ્રવ્ય સ્વતંત્ર છે. અને તેના જ્ઞાનાદિ અનેક ગુણોનું આશ્રયસ્થાન અથવા ઘર તે દ્રવ્ય જ છે. તે જ્ઞાનાદિ ગુણો તે દ્રવ્યની સાથે એકતા પામીને રહેલા છે. છતાં પણ તે જ્ઞાન જ્યારે જ્ઞેયાકારે પરિણમે ત્યારે તેના પર્યાય પૃથક્ પૃથક્ જણાય છે. પણ સર્વગુણ પોતપોતાનું ક્ષેત્ર જે દ્રવ્ય છે તેમાં જ રમતા થકા ખેમ એટલે ક્ષેમકુશળ રહે છે, અર્થાત્ કોઈપણ દ્રવ્યનો ગુણ બીજા દ્રવ્યના ગુણરૂપે પરિણમતો નથી. ।।૩।।

**પરક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે, પરક્ષેત્રે થયું જ્ઞાન, સુ૦**
**અસ્તિપણું નિજ ક્ષેત્રે તુમે કહ્યું, નિર્મલતા ગુણ માન. સુ૦પ્રુ૦૪**

**સંક્ષેપાર્થ :–** પરક્ષેત્રે એટલે પરક્ષેત્રોમાં રહેલા જીવ અજીવાદિ પદાર્થોને જાણવાથી આત્માનું જ્ઞાન પોતાના સ્વઅવગાહનારૂપ ક્ષેત્રને મૂકી પર દ્રવ્યોના ક્ષેત્રમાં ચાલ્યું ગયું એમ જણાય.

જ્યારે આપે તો હે પ્રભુ! તે જ્ઞાનનું અસ્તિપણું એટલે હોવાપણું પોતાના સ્વઅવગાહનારૂપ નિજક્ષેત્રમાં કહેલું છે, કારણ કે ગુણ ગુણીથી અભેદ હોય. આત્માનો જ્ઞાનગુણ નિજક્ષેત્ર કહેતા આત્મામાં જ વ્યાપકપણે રહેલો હોય. તેથી જ તેનું અસ્તિપણું આપે કહેલું છે. છતાં આરિસાની જેમ જ્ઞાનગુણની નિર્મળતા હોવાથી તે દૂર રહેલા પદાર્થોને પણ જાણી શકે છે, એમ આપે માનવા કહ્યું તે યથાર્થ છે. દર્પણની જેમ સર્વ દ્રવ્યો આત્માના જ્ઞાનમાં ભાસ્યમાન થાય છે, તેથી કંઈ આત્માના જ્ઞાનક્ષેત્રમાં જ્ઞેય પદાર્થો ભળી જતા નથી અને



જ્ઞેય પદાર્થમાં આત્માનું જ્ઞાન ભળી જતું નથી. સર્વ દ્રવ્ય પોતપોતાના સ્વભાવમાં જ સ્થિત રહે છે. ।।૪।।

**જ્ઞેય વિનાશે હો જ્ઞાન વિનશ્વરુ, કાળ પ્રમાણે રે થાય, સુ૦**
**સ્વકાળે કરી સ્વસત્તા સદા, તે પર રીતે ન જાય. સુ૦પ્રુ૦૫**

**સંક્ષેપાર્થ :–** જે જ્ઞેય પદાર્થ, જ્ઞાનમાં જણાતા હતા તેનો કાળ પ્રમાણે વિનાશ થવાથી તેના આકારે થયેલા આત્માના જ્ઞાન પર્યાયનો પણ વિનાશ થાય છે. અને નવું જ્ઞેય ઉત્પન્ન થતાં ફરી તેના નવા પર્યાયો જ્ઞાનમાં જણાય છે.

પણ સ્વકાળે એટલે પ્રતિ સમયે પોતાના આત્મદ્રવ્યમાં અનાદિ અનંતકાળ સુધી પર્યાયો પ્રવર્તતા છતાં પણ આત્મા પોતાની સ્વસત્તામાં જ સર્વકાળ રહે છે. તે કદી પણ પર રીતે કહેતા પર દ્રવ્યસ્વરૂપે પરિણમે નહીં એવો વસ્તુનો સ્વભાવ છે.

આત્મા પોતે જ્ઞાતા છે, જાણવા યોગ્ય પદાર્થો તે જ્ઞેય છે, અને જે વડે તે પદાર્થોનો બોધ થાય તે જ્ઞાન છે. જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે અને સ્વભાવનો ત્રણેયકાળમાં અભાવ નથી. પણ જ્ઞેય પદાર્થની જ્ઞાનપર્યાય જે થાય તેનો નાશ થાય છે; અર્થાત્ દ્રવ્ય શાશ્વત છે પણ તેની પર્યાય નાશવંત છે. ।।૫।।

**પરભાવે કરી પરતા પામતા, સ્વસત્તા થિર ઠાણ, સુ૦**
**આત્મ ચતુષ્કમયી પરમાં નહીં, તો કિમ સહુનો રે જાણ. સુ૦પ્રુ૦૬**

**સંક્ષેપાર્થ :–** આત્મા પરભાવોને જાણવાથી પરતાપણું પામવા છતાં પણ તે આત્માની પોતાની સત્તા તો પોતાના ઠેકાણે જ સ્થિર જાણવી.

કેમકે આત્માની જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યરૂપ ચતુષ્કમયી તે પરદ્રવ્યમાં નથી. હવે પોતાની સત્તા પોતાના ઠેકાણે જ છે, તો તે સર્વ પદાર્થનો જાણનાર કેવી રીતે થયો? આ પ્રશ્નનું સમાધાન આગળની ગાથામાં કરે છે. ।।૬।।

**અગુરુલઘુ નિજ ગુણને દેખતાં, દ્રવ્ય સકલ દેખંત, સુ૦**
**સાધારણ ગુણની સાધર્મ્યતા, દર્પણ જલને દૃષ્ટાંત. સુ૦પ્રુ૦૭**

**સંક્ષેપાર્થ :–** દ્રવ્યમાત્રમાં અગુરુલઘુ નામનો એક સાધારણ ગુણ છે. આત્મા જ્યારે કેવળજ્ઞાન પામે છે ત્યારે પોતાના આ અગુરુલઘુ ગુણને જ્ઞાનબળે જુએ છે. અને લોકાલોકમાં રહેલા સર્વ દ્રવ્યોને પણ જુએ છે.

એ અગુરુલઘુ નામનો ગુણ સાધારણ એટલે સર્વ દ્રવ્યોમાં વ્યાપેલ હોવાથી આત્મા સાથે પણ તેની સાધર્મ્યતા એટલે સમાન ધર્મતા રહેલી છે. તેથી દર્પણ કે

જળમાં જેમ સામેનો પદાર્થ પ્રતિબિંબિત થાય છે તેમ આત્મા સ્વદ્રવ્ય ક્ષેત્રકાળભાવમાં રહીને પણ જ્ઞેય પદાર્થોને જાણે અને જુએ છે. જ્ઞેયનો જ્ઞાનમાં અથવા જ્ઞાનનો જ્ઞેયમાં પ્રવેશ થયા વિના જ આત્માને પ્રત્યેક પદાર્થોનું જ્ઞાન થાય છે. તેમજ જ્ઞાનમાં પ્રતિભાસતા જ્ઞેય પદાર્થોનો નાશ થઈ જાય તો પણ આત્માના જ્ઞાન સ્વભાવનો નાશ થઈ જતો નથી, તે અખંડ જ રહે છે. ।।૭।।

**શ્રી પારસજિન પારસ રસ સમો, પણ ઇહાં પારસ નાંહિ સુ૦**
**પૂરણરસીઓ હો નિજગુણ પરસનો, આનંદઘન મુજમાંહિ. સુ૦પ્રુ૦૮**

**સંક્ષેપાર્થ :–** શ્રી પાર્શ્વનાથ ભગવાન પારસમણિરૂપ રસાયન સમાન છે. પણ અહીંયા તો પારસમણિરૂપ પાષાણની વાત નથી. કારણ કે પારસમણિ તો માત્ર લોઢાનું સોનું કરે, પણ તે કાંઈ તેના સ્પર્શ કરનારને પારસમણિ બનાવે નહીં.

જ્યારે પ્રભુ તો જે નિજ આત્મગુણ સ્પર્શવાનો પૂર્ણ રસિક હોય તેને પોતા સમાન પરમાત્મા બનાવી દે છે; અર્થાત્ નિશ્ચયનયે સર્વ આત્મામાં જે આનંદઘનનો રસ ભરેલો છે તેને પ્રગટ કરાવી તે રૂપ બનાવી દે છે. એવા સુજ્ઞાની ધ્રુવપદમાં રમણતા કરનાર શ્રી પાર્શ્વપ્રભુ મારા સ્વામી છે. ।।૮।।

(૨)

**પાસ જિન તાહરા રૂપનું, મુજ પ્રતિભાસ કેમ હોય રે;**
**તુજ મુજ સત્તા એકતા, અચલ વિમલ અકલ જોય રે. પાસ૦૧**

**સંક્ષેપાર્થ :–** હે પાર્શ્વનાથ પ્રભુ! તારા સ્વરૂપનો મને પ્રતિભાસ કહેતા સાક્ષાત્ અનુભવ કેવી રીતે થાય? સત્તા અપેક્ષાએ જોતા તો તારામાં જ્ઞાનદર્શન ચારિત્રાદિ ગુણો છે, તેવા જ મારામાં પણ મૂળ સ્વરૂપે રહેલા છે. તું અચલ એટલે સ્વરૂપથી ચલાયમાન થતો નથી, તેમ હું પણ સ્વરૂપને કદી છોડતો નથી. તું સદા વિમળ કહેતા નિર્મળ છો તેમ હું પણ નિશ્ચયનયે કર્મોથી રહિત એવો નિર્મળ છું. હે પ્રભુ! તું અકળ અર્થાત્ કોઈ તારા સ્વરૂપને કળી શકે એમ નથી, તેમ મારા સ્વરૂપને પણ કોઈ કળી શકે એમ નથી. એમ સત્તા અપેક્ષાએ જોતાં, તારામાં અને મારામાં સરખાપણું જ છે; તો તારા શુદ્ધ સ્વરૂપનો મને પણ સાક્ષાત્કાર કેવી રીતે થાય તેનો ઉપાય દર્શાવો. ।।૧।।



**મુજ પ્રવચન પક્ષથી, નિશ્ચય ભેદ ન કોય રે;**
**વ્યવહારે લખી દેખીએ, ભેદ પ્રતિભેદ બહુ લોય રે. પાસ૦૨**

**સંક્ષેપાર્થ :–** હવે પ્રભુ તેનો જવાબ આપે છે. અમારા સ્યાદ્વાદયુક્ત પ્રવચનથી નિશ્ચયનયે જોતાં તારામાં અને મારા સ્વરૂપમાં કાંઈ તફાવત નથી. પણ વ્યવહારનયની અપેક્ષાથી, મારામાં અને તારામાં અનેક ભેદ પ્રતિભેદરૂપે તફાવત છે.

જૈન દર્શનમાં દ્રવ્યનું સ્વરૂપ બતાવનાર તે દ્રવ્યાનુયોગ છે. તેમાં નિશ્ચય અને વ્યવહાર એવા બે પ્રકારના મુખ્ય દૃષ્ટિબિંદુઓ છે. એકને દ્રવ્યાર્થિકનય અને બીજાને પર્યાયાર્થિકનય કહેવાય છે. દ્રવ્યાર્થિકનયવડે સત્તાગત અપેક્ષાએ એટલે શક્તિરૂપે જોઈએ તો મારામાં અને તારામાં જરાપણ તફાવત નથી. પણ જો પર્યાયાર્થિકનયે વિચારીએ તો ભેદ અને પેટાભેદનો પાર નથી. જેમકે દેવ, મનુષ્ય, નારકી અને તિર્યંચરૂપે એના ભેદ છે. અને દેવમાં પણ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક વગેરે તેના પેટા ભેદો છે. તેમ તિર્યંચમાં પણ હાથી, ગાય, બળદ, પોપટ, કાગડો, કબૂતર, સર્પ, શિયાળ વગેરે એના અનેક પેટા ભેદો છે. દૃષ્ટિબિંદુનો તફાવત એ જૈન દ્રવ્યાનુયોગનો મહત્વનો વિષય છે. તેને સ્યાદ્વાદ અથવા અપેક્ષાવાદ કે અનેકાન્તવાદ કહેવામાં આવે છે. તેથી જુદા જુદા દૃષ્ટિકોણથી વસ્તુનું સ્વરૂપ વિચારવાથી તેનું વાસ્તવિક સ્વરૂપ જાણવામાં આવે છે. ।।૨।।

**બંધ ન મોક્ષ નહિ નિશ્ચયે, વ્યવહારે ભજ દોય રે;**
**અખંડિત અબાધિત સોય કદા, નિત અબાધિત સોય રે. પાસ૦૩**

**સંક્ષેપાર્થ :–** નિશ્ચયનયથી જોતાં આત્માને બંધ પણ નથી અને મોક્ષ પણ નથી. અને વ્યવહારનયથી જોતાં બંધ પણ છે અને તેથી છૂટવારૂપ મોક્ષ પણ છે. કદા એટલે કથંચિત્=કોઈ અપેક્ષાએ=નિશ્ચયનયની અપેક્ષાએ,સોય એટલે છે, તે આત્મા અખંડિત છે, અબાધિત છે. જ્યારે વ્યવહારનયની અપેક્ષાએ એટલે પર્યાયનયની અપેક્ષાએ તે આત્મા એક દેહ છોડી બીજા દેહમાં ઊપજે છે, તેથી ખંડિત પણ છે. કર્મોના ફળરૂપ શાતા અશાતાને ભોગવવાથી તે આત્મા બાધિત પણ છે; અને આત્માના આઠ રુચકપ્રદેશ હમેશાં નિર્મળ હોવાથી તે આત્મા નિત એટલે નિત્ય અબાધિત પણ છે.

મુંબઈમાં શ્રી લલ્લુજી મુનિ, શ્રી દેવકરણજી મુનિ તથા ડૉ. પ્રાણજીવન-

દાસ હતા, ત્યારે રેવાશંકર જગજીવનની પેઢી ભૂલેશ્વરના નાકા ઉપર ચોકી પાસે હતી. તે વખતે સિદ્ધાંતોના કૃપાળુદેવ એવા અર્થ નિરૂપણ કરતા કે જે અપૂર્વ હતા. આઠ રૂચક પ્રદેશ સંબંધી વાત થઈ હતી. કૃપાળુદેવે જણાવ્યું, ''આત્મા અસંખ્ય પ્રદેશી છે. તે અવરાયેલ છે તો પણ આઠ પ્રદેશ ખુલ્લા છે. પણ અમુક જ આઠ પ્રદેશ ખુલ્લા છે તેમ નહીં; અસંખ્યાત પ્રદેશમાં બધો મળી આઠ પ્રદેશ જેટલો ખુલ્લો અવકાશ છે. જેમ ફાનસ પર રંગીન કાચ હોય તેની પાર થઈ આવતા અજવાળાનું માપ અમુક કેંડલ પાવર કે વાંચી શકાય તેવું જણાવીએ છીએ તેમ,'' વગેરે ઘણો બોધ કર્યો હતો. ।।૩।।

**અન્વય હેતુ વ્યતિરેકથી, અંતરો તુજ મુજ રૂપરે;**
**અંતર મેટવા કારણે, આત્મસ્વરૂપ અનુપ રે. પાસ૦૪**

**સંક્ષેપાર્થ :–** અન્વય અને વ્યતિરેકના હેતુથી હે પાર્શ્વનાથ પ્રભુ! આપના અને મારા સ્વરૂપમાં અંતર પડી ગયું છે. તે પડેલા અંતરને મટાડવા માટે કારણ શું છે? તો કે અનુપમ એવા આત્મસ્વરૂપની પ્રાપ્તિ. તે આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય તો વચમા રહેલ અંતરનો અવશ્ય નાશ થાય.

હવે અન્વય એટલે એકના સદ્ભાવમાં બીજાનું અવશ્ય હોવાપણું તે. જેમ 'यत्र यत्र धूमः तत्र तत्र वह्निः' એટલે કે જ્યાં જ્યાં ધૂમાડો હોય ત્યાં ત્યાં અગ્નિ હોય. તે અન્વય કહેવાય.

વ્યતિરેક એટલે સાધ્યના અભાવમાં સાધનનો પણ અભાવ. જેમકે 'यत्र वह्नयाभावः तत्र धूमाभावः' એટલે જ્યાં અગ્નિનો અભાવ છે ત્યાં ધૂમાડાનો પણ અભાવ છે. તે વ્યતિરેક કહેવાય. એકના અભાવમાં બીજાનું ન હોવું તે.

અહીં આ ગાથામાં અન્વય એટલે 'यत्र यत्र स्वरूपः तत्र तत्र परमात्मभावः' અર્થાત્ જ્યાં જ્યાં સ્વરૂપ પ્રાપ્તિ છે ત્યાં ત્યાં પરમાત્મભાવ પ્રગટે છે અને વ્યતિરેક એટલે જ્યાં સ્વરૂપનો અભાવ છે ત્યાં પરમાત્મભાવનો પણ અભાવ છે.

એમ મારો આત્મા અન્વય સ્વરૂપે અર્થાત્ સ્વસ્વરૂપે પરમાત્મસ્વરૂપ હોવા છતાં પણ વ્યતિરેક એટલે આત્મસ્વરૂપ પ્રાપ્તિના અભાવના કારણે તારા અને મારા વચ્ચે સાત રાજુ પ્રમાણનું અંતર પડી ગયું છે.

હવે તે અંતર મેટવાને માટે, અનુપમ એવું આત્મસ્વરૂપ જ્યારે પ્રગટે છે, ત્યાં તેની સાથે જ રહેલું અન્વયરૂપ એવું પરમાત્મપણું પણ પ્રગટે છે. અને આમ થવાથી બન્ને વચ્ચેનું અંતર પણ મટી જાય છે. ।।૪।।



**આતમતા પરમાત્મતા, શુદ્ધ નય ભેદ ન એક રે;**
**અવર આરોપિત ધર્મ છે, તેહના ભેદ અનેક રે. પાસ૦૫**

**સંક્ષેપાર્થ :–** આત્મા અને પરમાત્મામાં શુદ્ધ નયથી કહેતા નિશ્ચયનયથી જોતાં તેમાં કાંઈ પણ ભેદ નથી. આ આત્મા છે, બહિરાત્મા છે, અંતર્આત્મા છે કે પરમાત્મા છે એવા મૂળ સ્વરૂપમાં કોઈ ભેદ નથી. પણ હું મનુષ્ય છું, હું દેવ છું, હું ધનવાન છું વગેરે કર્મજનિત એવા આરોપણ કરાયેલા ધર્મો છે અને તે રીતે જોતાં, તેના અનેક પર્યાય ભેદ થાય છે.

નિશ્ચયનયથી જોતાં આત્મતા અને પરમાત્મતા બન્ને એક રૂપે જ છે, બીજા એના જે ધર્મો છે તે માત્ર આરોપણ કરેલા છે અર્થાત્ તેના ઉપર લાદેલા ધર્મો છે. એવા તો અનેક પર્યાયો છે. તે પ્રત્યેક પર્યાય તેના પ્રકારો છે.

નિશ્ચયનયની દૃષ્ટિથી આગળ જણાવ્યું તેમ, આત્મા એ જ પરમાત્મા છે. એ બન્ને વચ્ચે જરાપણ તફાવત નથી. બાકી કર્મોથી એ દેવ થાય, મનુષ્ય થાય, નારક થાય કે તિર્યંચ થાય, તેમજ એકેન્દ્રિય થાય, દ્વિઇન્દ્રિય થાય, ગરીબ થાય કે તવંગર થાય, તેમજ રોગી થાય કે નીરોગી થાય, સૂક્ષ્મ થાય કે બાદર થાય, કીર્તિમાન થાય કે અપકીર્તિમાન થાય વગેરે અનેક ભેદ પડે છે; પણ એ કર્મે કરેલા આરોપિત ધર્મો છે. આત્મા એની મૂળ દશામાં તો નિઃકર્મા છે, શુદ્ધ દશામાં એ અને પરમાત્મા બન્ને સરખા છે, એમાં જરાપણ તફાવત નથી. ।।૫।।

**ધરમી ધરમથી એકતા, તેહ મુજ રૂપ અભેદ રે;**
**એક સત્તા લખી એકતા, કહે તે મૂઢમતિ ખેદ રે. પાસ૦૬**

**સંક્ષેપાર્થ :–** ધરમી એવો આત્મા તે પોતાના સ્વસ્વભાવરૂપ ધર્મથી એકતા પામેલો છે, અર્થાત્ આત્મસ્વભાવી એવા સર્વ આત્માઓ સ્વભાવની અપેક્ષાએ એક જ છે; અને તે શુદ્ધ સ્વરૂપ એ જ મારું મૂળ સ્વરૂપ છે. તે સ્વરૂપ મારાથી અભેદ છે, જુદું નથી.

પણ એકાન્તવાદી એવા અદ્વૈતવાદીઓ સર્વ જીવોમાં એક જ આત્માની સત્તા છે, એમ માનીને સર્વનું એકત્વપણું અર્થાત્ સર્વનો આત્મા એક જ છે એમ કહે છે તે મૂઢમતિ છે. તે વાત શ્રી આનંદઘનજી મહારાજને ખેદરૂપ લાગે છે. જો સર્વનો આત્મા એક જ હોય તો એકનો મોક્ષ થાય તો સર્વનો મોક્ષ થઈ જવો જોઈએ; પણ તેમ થતું નથી. માટે એ વાત મિથ્યા હોવાથી અંતરમાં ખેદ ઉત્પન્ન કરે છે. ।।૬।।

**આતમધર્મ અનુસરી, રમે જે આતમરામ રે;**
**આનંદઘન પદવી લહે, પરમાતમ તસ નામ રે. પાસ૦૭**

**સંક્ષેપાર્થ :—** આત્માનો ધર્મ એટલે સ્વભાવ, તે જ્ઞાન, દર્શન, ચારિત્રમય છે. તેને અનુસરી કહેતા તે ધર્મો અનુસાર વર્તીને જે પોતાના શુદ્ધ આત્મસ્વભાવમાં રમે અર્થાત્ રમણતા કરે છે; તે આત્માના અનંત આનંદઘનસ્વરૂપ એવા મોક્ષપદને પામે છે. એવા મુક્તપદને પામેલા આત્માનું નામ પરમાત્મા છે.

હે પાર્શ્વનાથ પ્રભુ! આપ તો એવા મુક્તપદને પામેલા હોવાથી આપનું તે જ સ્વરૂપ છે. તે સહજાત્મસ્વરૂપમય પરમાત્મસ્વરૂપનો અમને પણ અનુભવ થાય એવી આપ અમારા ઉપર કૃપા કરો. ॥૭॥

(૩)

**પ્રણમું પદપંકજ પાર્શ્વના, જસ વાસના અગમ અનુપ રે;**
**મોહ્યો મન મધુકર જેહથી, પામે નિજ શુદ્ધ સ્વરૂપ રે. પ્રણમુ૦૧**

**સંક્ષેપાર્થ :—** ત્રેવીસમા શ્રી પાર્શ્વનાથ ભગવાનના ચરણકમળમાં હું વંદન કરું છું કે જેના ચરણરૂપી કમળની વાસના એટલે સુગંધ પામવી અગમ્ય છે કારણ કે અનુપમ છે. તેની ઉપમા કોઈની સાથે આપી શકાય એમ નથી. જેનો મનરૂપી ભમરો આ ચરણકમળની વાસનામાં મોહ પામ્યો તે આત્મા, જરૂર પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને પામશે; અર્થાત્ ભગવાન પાર્શ્વનાથની આજ્ઞાને જે જીવ ઉઠાવશે તે જરૂર સમ્યક્દર્શનને પામશે. ॥૧॥

હવે સમ્યક્દર્શન પામવાની યોગ્યતા બતાવે છે :—

**પંક કલંક શંકા નહીં, નહિ ખેદાદિક દુઃખ દોષ રે;**
**ત્રિવિધ અવંચક જોગથી, લહે અધ્યાત્મ સુખ પોષ રે. પ્રણમુ૦૨**

**સંક્ષેપાર્થ :—** પંક એટલે કીચડ-કાદવ. જેના હૃદયમાં વિષયરૂપી કાદવ નથી, કષાયરૂપી કલંક નથી અને શંકા, કાંક્ષા આદિ મિથ્યાત્વના દોષ નથી તથા ખેદના કારણોમાં દુઃખ તેમજ સુખના કારણોમાં હર્ષ વગેરે પામવારૂપ દોષ નથી. તેમજ જેના મન, વચન, કાયાના ત્રિવિધ યોગ અવંચક છે, અર્થાત્ મન સત્પુરુષની આજ્ઞામાં અને સત્પુરુષના વચનનો વિચાર કરવામાં પ્રવર્તાવે છે, વચનથી જ્ઞાનીની આજ્ઞાએ સત્ય, હિત, મિત અને પ્રિય બોલે છે, તથા કાયાથી વંદન આદિ ઉત્તમ ક્રિયાને જે આચરે છે, તે જીવના યોગ આ પ્રમાણે યોગાવંચક,



ક્રિયાવંચક હોવાથી તેનું ફળ પણ શ્રેષ્ઠ આવે છે. તેથી ફળાવંચક પણ થાય છે. તે જીવ અધ્યાત્મ એટલે આત્મા સંબંધી નિર્દોષ સુખના પોષણને પામે છે અર્થાત્ કાલાન્તરે આત્માના સુખનો અનુભવ કરનાર એવા ફળને પામે છે. ॥૨॥

**દુરંદશા દૂરે ટળે, ભજે મુદિતા મૈત્રી ભાવ રે;**
**વરતે નિત્ય ચિત્ત મધ્યસ્થતા, કરુણામય શુદ્ધ સ્વભાવ રે. પ્રણમુ૦૩**

**અર્થ :—** તે જીવની ચતુર્ગતિમાં ભ્રમણ કરવારૂપ દુર્દશાનો નાશ થાય છે. તેનો આત્મા બીજાના ગુણો જોઈને મુદિતા એટલે આનંદ પામે છે અને સર્વ જીવ પ્રત્યે મૈત્રીભાવવાળો થાય છે. તેના ચિત્તમાં હમેશાં અધાર્મિક અથવા પાપી જીવો પ્રત્યે પણ મધ્યસ્થભાવ હોય છે. તેમજ દુઃખી જીવો પ્રત્યે જેને કરુણામય ભાવ ઊપજે છે. એ ચાર મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ ભાવનાવાળો જીવ પોતના શુદ્ધ સ્વભાવને પામે છે. ॥૩॥

**નિજ સ્વભાવ સ્થિર કરી ધરે, ન કરે પુદ્ગલની ખેંચ રે;**
**સાખી હુઈ વરતે સદા, ન કદી પરભાવ પ્રપંચ રે. પ્રણમુ૦૪**

**અર્થ :—** તે જીવ પોતાના આત્મસ્વભાવને જાણવા અર્થે મનને સ્થિર કરવાનો અભ્યાસ કરે છે અને ભૌતિક એવા પૌદ્ગલિક પદાર્થો મેળવવાની મનમાં ખેંચ રાખતો નથી, અર્થાત્ પરપદાર્થની ઇચ્છા કરતો નથી. પણ સાક્ષીભાવે એટલે જ્ઞાતાદૃષ્ટાપણે વર્તવાનો હમેશાં અભ્યાસ કરે છે અને પરભાવરૂપ પ્રપંચમાં કદી પડતો નથી. પ્ર+પંચ એટલે પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં લાગી રહેવું તે બધો પ્રપંચ છે. તેમાં આસક્ત થતો નથી. ॥૪॥

**સહજદશા નિશ્ચય જગે, ઉત્તમ અનુભવ રસ રંગ રે;**
**રાચે નહીં પરભાવશું, નિજભાવશું રંગ અભંગ રે. પ્રણમુ૦૫**

**સંક્ષેપાર્થ :—** તેવા ભવ્ય આત્માને સહજદશા એટલે સ્વાભાવિક આત્મદશાનો અનુભવ નિશ્ચય એટલે નક્કી થાય છે. તે આત્મદશાનો અનુભવ ઉત્તમ આનંદરસમાં રેલાવનાર છે. પછી તે આત્મા પરભાવમાં રાચતો નથી. અને નિજ આત્મસ્વભાવના આનંદમાં અભંગપણે એટલે અનુભવ અથવા લક્ષ અથવા પ્રતીતપણે તેમાં નિરંતર સ્થિત રહે છે. ॥૫॥

**નિજગુણ સબ નિજમાં લખે, ન ચખે પરગુણની રેખ રે;**
**ખીર નીર વિવરો કરે, એ અનુભવ હંસશું પેખ રે. પ્રણમુ૦૬**

**અર્થ :–** તે સમ્યક્દૃષ્ટિ મહાત્મા પોતાના સર્વ આત્મિક ગુણોને પોતામાં જ જુએ છે. પરવસ્તુના ગુણો પ્રત્યે હવે તેને આસક્તિ નથી. હંસ જેમ ક્ષીર એટલે દૂધ અને નીર એટલે પાણીને વિવરો એટલે જુદા કરે, તેમ આ મહાત્મા દેહ અને આત્માને ભિન્ન અનુભવે છે. ।।૬।।

**નિર્વિકલ્પ ધ્યેય અનુભવે, અનુભવ અનુભવની પ્રીત રે;**
**ઓર ન કબહું લખી શકે, આનંદઘન પ્રીત પ્રતીત રે. પ્રણમુ૦૭**

**અર્થ :–** જે ભવ્યને નિર્વિકલ્પસ્વરૂપ આત્માને પ્રાપ્ત કરવાનો ધ્યેય હતો, તે તેનો અનુભવ કરે છે. તે આત્મઅનુભવવડે અનુભવ પ્રત્યેની પ્રીતિ વૃદ્ધિ પામે છે. હમેશાં તે આત્મઅનુભવમાં જ રહેવાનું મન થાય છે. આનંદઘનસ્વરૂપ એવા શુદ્ધ આત્મા પ્રત્યેનો તેમનો પ્રેમ કબહું એટલે કદી પણ કોઈ લખી શકે નહીં અર્થાત્ જાણી શકે નહીં. કારણ કે આત્મઅનુભવ તે અનુભવનો જ વિષય હોવાથી વાણીગોચર કે દૃષ્ટિગોચર થાય તેમ નથી. બીજી રીતે આનંદઘન નામથી આ સ્તવનના રચયિતા શ્રી આનંદઘનજી મહારાજનું પણ નામ અત્રે સૂચિત થયું છે. ।।૭।।

---

# (૨૩) શ્રી પાર્શ્વનાથ સ્વામી

## શ્રી દેવચંદ્રજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(કડખાની દેશી)

**સહજ ગુણ આગરો, સ્વામી સુખ સાગરો, જ્ઞાન વયરાગરો પ્રભુ સવાયો;**
**શુદ્ધતા, એકતા, તીક્ષ્ણતા ભાવથી, મોહરિપુ જીતી જય પડહ વાયો. સ૦૧**

**સંક્ષેપાર્થ :–** શ્રી પાર્શ્વનાથ પ્રભુ કેવા છે? તો કે સહજ જ્ઞાનાદિક ગુણના આગર એટલે ઘર છે. તથા સ્વાધીન, અતિન્દ્રિય, અવિનાશી એવા આત્મસુખના સાગર છે. તેમજ કેવળજ્ઞાનરૂપ વયર કહેતાં વજ્ર જેવા હીરાની આગર એટલે ખાણરૂપ છે. અને સવાયો કહેતાં પ્રભુ સર્વથી ઉત્કૃષ્ટ છે. કારણ કે આત્મસ્વરૂપની શુદ્ધતા કરી સ્વરૂપ સાથે એકત્વ સાધી, આત્મવીર્યની તીક્ષ્ણતાવડે શુક્લભાવની શ્રેણી માંડી, મોહરૂપી શત્રુને જીતી, અનંત ચતુષ્ટયમય પોતાનો સ્વભાવ પ્રગટાવીને જગતમાં વિજયનો પડહ એટલે ડંકો વગાડી દીધો. ।।૧।।



**વસ્તુ નિજભાવ, અવિભાસ નિકલંકતા, પરિણતિ વૃત્તિતા કરી અભેદે;**
**ભાવ તાદાત્મ્યતા શક્તિ ઉલ્લાસથી, સંતતિ યોગને તું ઉચ્છેદે. સ૦૨**

**સંક્ષેપાર્થ :–** જીવાદિ છ દ્રવ્યરૂપ વસ્તુના યથાર્થ ભાવને અવિભાસ એટલે જાણવા તે નિષ્કલંક સમ્યક્જ્ઞાન છે; તેને શુદ્ધતા કહી છે. તથા વિભાવની પરિણતિને તજી આત્મસ્વભાવમાં વૃત્તિની અભેદતા કરવી તેને એકતા કહી છે. તથા આત્મભાવમાં તાદાત્મ્યપણે રહેલી વીર્યશક્તિને ઉલ્લસિત કરવી તે તીક્ષ્ણતા છે. એમ ગુણોની શુદ્ધતા, એકતા અને તીક્ષ્ણતાએ કરીને આપે કર્મરૂપ સંતતિના યોગને એટલે સંબંધને જડમૂળથી ઉચ્છેદ એટલે છેદન કરીને આત્માને નિરાવરણ કર્યો છે. એ શક્તિ હે પ્રભુજી! આપના જેવામાં છે, બીજામાં નથી. ।।૨।।

**દોષ ગુણ વસ્તુની, લખિય યથાર્થતા, લહી ઉદાસીનતા અપરભાવે;**
**ધ્વંસિ તજ્જન્યતા ભાવ કર્તાપણું, પરમ પ્રભુ તું રમ્યો નિ સ્વભાવે. સ૦૩**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! આપે તો વસ્તુના દોષ કે ગુણને યથાર્થપણે લખિય એટલે જાણીને, પોતાથી અપરભાવ એટલે અન્યભાવોમાં ઉદાસીનતા પ્રાપ્ત કરી છે. તથા તે પુદ્ગલના સંબંધે તજ્જન્ય એટલે તેથી જન્મેલ વિભાવભાવના કર્ત્તાપણાનો ધ્વંસ એટલે નાશ કરીને હે પરમોત્કૃષ્ટ પ્રભુ! તમે પોતાના શુદ્ધ સ્વભાવમાં જ રમણતા કરનારા થયા છો. ।।૩।।

**શુભ અશુભ ભાવ, અવિભાસ તહકીકતા, શુભઅશુભ ભાવ તિહાં પ્રભુ ન કીધો;**
**શુદ્ધ પરિણામતા, વીર્ય કર્ત્તા થઈ, પરમ અક્રિયતા અમૃત પીધો. સ૦૪**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ! શુભઅશુભ ભાવની અવિભાસ એટલે ઓળખાણ કરીને તહકીકપણે એટલે તેનો નિર્ધાર કરીને આપે શુભ અશુભ પદાર્થોમાં રાગદ્વેષ કર્યો નહીં. પણ પોતાના શુદ્ધ પારિણામિકભાવે રહેલ વીર્યગુણના કર્ત્તા થઈ ઉત્કૃષ્ટ અક્રિયપણારૂપ અમૃતનું પાન કર્યું છે. એમ હે પ્રભુ! આપ સર્વકાળને માટે શુભાશુભ ક્રિયાના ત્યાગી થયા છો. ।।૪।।

**શુદ્ધતા પ્રભુ તણી આત્મભાવે રમે, પરમ પરમાત્મતા તાસ થાયે;**
**મિશ્ર ભાવે અછે ત્રિગુણની ભિન્નતા, ત્રિગુણ એકત્વ તુજ ચરણ આયે. સ૦૫**

**સંક્ષેપાર્થ :–** પ્રભુએ સર્વકર્મનો ક્ષય કરી જે આત્મશુદ્ધતા પ્રગટ કરી છે, તે પ્રભુની શુદ્ધતાનું ચિંતન, મનન કે ધ્યાન કરી જે જીવ પોતાના આત્મભાવમાં રમણ કરે છે, તે તેવી જ પરમ પરમાત્મદશાને પામે છે. મિશ્રભાવે એટલે ક્ષાયોપશિકભાવે જોઈએ તો સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ત્રણેય ગુણ ભિન્ન

છે. સાધકને એ ભેદ રત્નત્રયી સવિકલ્પ છે; પણ આપની ક્ષાયિક યથાખ્યાત ચારિત્ર દશાને પ્રાપ્ત થતાં એ ત્રણેય ગુણ જ્ઞાન, દર્શન, ચારિત્ર અભેદ થઈ એકતાને પામે છે. ।।૫।।

**ઉપશમ રસ ભરી, સર્વ જન શંકરી, મૂર્ત્તિ જિનરાજની આજ ભેટી;**
**કારણે કાર્યનિષ્પત્તિ શ્રદ્ધાન છે, તિણે ભવભ્રમણની ભીડ મેટી. સ૦૬**

**સંક્ષેપાર્થ :–** કષાયના અભાવથી પ્રગટેલ ઉપશમરસથી ભરપૂર, સર્વજનોને શંકરી એટલે કલ્યાણની કરનારી એવી જિનરાજની મૂર્ત્તિને આજે મેં ભેટી અર્થાત્ તેના ભાવપૂર્વક દર્શન કર્યાં. કારણવડે કાર્યની નિષ્પતિ થાય છે એવી જેને શ્રદ્ધા છે, તેને પ્રભુ મળવાથી જો પ્રભુ પ્રત્યે ભક્તિ પ્રગટી તો તેના ભવભ્રમણની ભીડ અવશ્ય મટશે, અર્થાત્ ચારગતિરૂપ સંસારમાં ભટકવાનું તેને મટી જઈ તેના આત્માની સિદ્ધિ થશે એમાં શંકાને કોઈ સ્થાન નથી. ।।૬।।

**નયર ખંભાયતે, પાર્શ્વ પ્રભુ દર્શને, વિકસતે હર્ષ ઉત્સાહ વાધ્યો;**
**હેતુ એકત્વતા, રમણ પરિણામથી, સિદ્ધિ સાધકપણો આજ ।ધ્યો. સ૦૭**

**સંક્ષેપાર્થ :–** શ્રી દેવચંદ્રજી મહારાજ કહે છે કે ખંભાતનગરમાં શ્રી પાર્શ્વપ્રભુના દર્શન કરતાં મારા રોમે રોમ પુલકિત થઈ ગયા અને આત્મામાં અપૂર્વ હર્ષ તથા ઉત્સાહ વૃદ્ધિ પામ્યો. તથા મોક્ષના હેતુરૂપ શ્રી અરિહંતપ્રભુના સ્વરૂપ સાથે એકતા થવાથી આત્મામાં રમણતા પ્રાપ્ત થઈ. તેથી આત્મા, આત્મસિદ્ધિની સાધકતાને પામ્યો એવું અનુમાન થયું, અર્થાત્ હવે મારો આત્મા મોક્ષને જરૂર પામશે એવો મને નિર્ધાર થયો. ।।૭।।

**આજ કૃતપુણ્ય ધન્ય દિહ માહરો થયો, આજ નરજન્મ મેં સફલભાવ્યો;**
**દેવચંદ્ર સ્વામી ત્રેવીશમો વંદીઓ, ભક્તિભર ચિત્ત તુજ ગુણ રમાવ્યો. સ૦૮**

**સંક્ષેપાર્થ :–** શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ પોતા વિષે કહે છે કે આજે મારો દિવસ પરમ પુણ્યોદયે ધન્ય બન્યો. આજ મારો મનુષ્યજન્મ સફળપણાને પામ્યો. આજે મેં દેવોમાં ચંદ્ર સમાન ત્રેવીશમા શ્રી પાર્શ્વનાથ પ્રભુને ભાવપૂર્વક ભેટ્યા તથા ભક્તિભર ચિત્તને પ્રભુના ગુણમાં રમાવ્યું જેથી મારું આત્મસાર્થક થયું. ।।૮।।

---

# (૨૩) શ્રી પાર્શ્વનાથ સ્વામી



## શ્રી યશોવિજયજીકૃત સ્તવન

(દેખી કામિની દોય–એ દેશી)

**વામાનંદન જિનવર, મુનિમાંહે વડો રે, કે મુ૦**
**જિમ સુરમાંહિ સોહે, સુરપતિ પરવડો રે; કે સુ૦**
**જિમ ગિરિમાંહિ સુરાચલ, મૃગમાંહે કેસરી રે, કે મૃ૦**
**જિમ ચંદન તરુમાંહિ, સુભટમાંહિ મુરઅરિ. કે૦ સુ૦ ૧**

**અર્થ :–** વામામાતાના નંદન શ્રી પાર્શ્વનાથ ભગવાન, સર્વ મુનિઓમાં વડા છે. જેમ દેવતાઓમાં સુરપતિ એટલે ઇન્દ્ર, પર્વતોમાં સુરાચલ એટલે મેરુપર્વત, મૃગ એટલે હરણાદિ પશુઓમાં કેસરી સિંહ, તરુ એટલે વૃક્ષોમાં ચંદનવૃક્ષ અને સુભટ એટલે યોદ્ધાઓમાં મુરઅરિ એટલે ત્રણખંડના અધિપતિ વાસુદેવ શોભે છે. તેમ ભગવાનની મહાનતા સર્વોપરિ છે.

**ભાવાર્થ :–** જીવાજીવાદિ સમસ્ત ભાવોને જાણનાર એવા શ્રી પાર્શ્વ-પ્રભુની કર્ત્તા સ્તુતિ કરે છે કે સામાન્ય કેવળીઓમાં પણ શ્રેષ્ઠ એવા શ્રી વામા રાણીના પુત્ર, સમસ્ત મુનિઓમાં સૌથી મોટા છે. સમસ્ત મુનિઓ છદ્મસ્થ અથવા સામાન્ય કેવળી હોય છે, જ્યારે શ્રી પાર્શ્વપ્રભુ તો તીર્થંકર કેવળી છે. તેથી સૌમાં ઉત્કૃષ્ટ પદે વિરાજે છે. આ ઉત્કૃષ્ટતાના સમર્થનમાં કર્ત્તા ભિન્ન ભિન્ન દૃષ્ટાંતો આપે છે કે જેમ દેવો માંહે ઇંદ્ર શ્રેષ્ઠ રીતે શોભે છે, જેમ પર્વતોમાં મેરુપર્વત, જે એક લાખ યોજન ઊંચો છે, જેની ઉપર ઇંદ્રાદિ દેવો તીર્થંકરોના જન્મકલ્યાણક મહોત્સવો કરે છે. જે અનેક શાશ્વતાં જિનમંદિરોથી વિભૂષિત છે અને જે સોના, રૂપા તથા રત્નો વડે મંડિત હોવાથી શોભે છે, જેમ મૃગ આદિ સર્વ વનચર પશુઓમાં કેસરી સિંહ શોભે છે, જેમ વૃક્ષોમાં ચંદન-સુખડનું વૃક્ષ સુગંધી અને શીતળતા કરનાર હોવાથી શોભે છે અને જેમ લડવૈયાઓમાં શત્રુઓનું નિકંદન કરનાર વાસુદેવ શોભે છે તેમ સર્વ મુનિઓમાં પ્રભુ શોભે છે. ।।૧।।

**નદીયમાંહિ જિમ ગંગ, અનંગ સુરૂપમાં રે, કે અ૦**
**ફૂલમાંહિ અરવિંદ, ભરતપતિ ભૂપમાં રે, કે ભ૦**
**ઐરાવત ગજમાંહિ, ગરુડ ખગમાં યથા રે, કે ગ૦**
**તેજવંતમાંહિ ભાણ, વખાણમાંહિ જિનકથા રે. કે વ૦૨**

**અર્થ :–** ઉપર પ્રમાણે નદીઓમાં જેમ ગંગાનદી શ્રેષ્ઠ છે, અનંગ એટલે કામદેવ સુરૂપવાન પુરુષોમાં શ્રેષ્ઠ, ફૂલમાં અરવિંદ એટલે કમળનું ફૂલ,

રાજાઓમાં ભરતેશ્વર, હાથીઓમાં ઐરાવત હાથી, ખગ એટલે પક્ષીઓમાં ગરુડ, તેજવાળા પદાર્થોમાં ભાણ એટલે સૂર્ય અને કથાઓમાં વખાણવા લાયક રાગ દ્વેષ જેના જિતાઈ ગયા છે એવા જિનેશ્વર ઉપદિષ્ટ કથાઓ શ્રેષ્ઠ છે; તેમ ભગવાન જગતના સર્વ પદાર્થોમાં શ્રેષ્ઠ છે.

**ભાવાર્થ :—** તે જ પ્રમાણે જેમ નદીઓમાં ગંગાનદી જે અન્ય મતમાં પતિતપાવની અને અધમોદ્ધારિણી નામે ઓળખાય છે તે શોભે છે, જેમ સ્વસ્વરૂપવાન પુરુષોમાં અનંગ એટલે કામદેવ, જે લૌકિક મતમાં અદ્વિતીય રૂપવાન અને રતિ અને પ્રીતિ નામની બે અતિ સુરૂપા સ્ત્રીઓવાળો કહેવાય છે તે શોભે છે. જેમ પુષ્પોમાં અરવિંદ એટલે કમળનું પુષ્પ શોભે છે; જેમ રાજાઓમાં ભરત ચક્રવર્તી, છ ખંડ પૃથ્વીના જીતનાર તથા આદિનાથના પુત્ર અને ભાવચારિત્રે મોક્ષ લેનારા હોવાથી શોભે છે, જેમ હસ્તીઓમાં ઐરાવત-ઇંદ્રનો ઉજ્જવળ હાથી શોભે છે, જેમ પક્ષીઓમાં ગરૂડ તે પક્ષીઓનો રાજા હોવાથી શોભે છે, જેમ તેજસ્વી—પ્રકાશવાળી વસ્તુઓમાં ભાણ એટલે સૂર્ય શોભે છે અને જેમ વ્યાખ્યાનો અને કથાઓમાં તીર્થંકર કથિત વ્યાખ્યાનો અને કથાઓ શોભે છે. બીજાં વ્યાખ્યાનો અને કથાઓ જ્યારે રાગ તથા દ્વેષની વર્ધક હોય છે ત્યારે જિનકથા રાગ અને દ્વેષની ઉચ્છેદક હોય છે તેથી શોભે છે. તેમ મુનિઓમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ અગ્રપદે શોભે છે. ॥૨॥

**મંત્રમાંહિ નવકાર, રત્નમાંહિ સુરમણિ રે, કે રત્ન૦**
**સાગરમાંહિ સ્વયંભૂ,-રમણ શિરોમણિ રે; કે રમ૦**
**શુક્લધ્યાન જિમ ધ્યાનમાં, અતિ નિર્મલપણે રે, કે અ૦**
**શ્રી નયવિજય વિબુધ પય, સેવક ઇમ ભણે રે. કે સે૦૩**

**અર્થ :—** ઉપરોક્ત ગાથાઓમાં કહ્યા મુજબ મંત્રમાં નવકાર મંત્ર શોભે છે. સર્વ રત્નોમાં સુરમણિ એટલે દેવતાઈ મણિની જેમ રત્નચિંતામણિ શોભે છે. સાગરમાં સ્વયંભૂરમણ શિરોમણિ છે, સર્વ ધ્યાનમાં શુક્લધ્યાન અત્યંત નિર્મળ હોવાથી સર્વશ્રેષ્ઠ છે. તેમ ત્રણેય લોકમાં પૂજનીય એવા ભગવાન પાર્શ્વનાથ સમવસરણમાં સર્વશ્રેષ્ઠ શોભાને પામી રહ્યા છે. એમ શ્રી નયવિજયજી વિબુધ એટલે પંડિતના પાદસેવક શ્રી યશોવિજયજી મહારાજ ભક્તિથી એમ ભણે છે.

**ભાવાર્થ :—** ઉપર મુજબ મંત્રોમાં પંચ નમસ્કાર મંત્ર તે ચૌદ પૂર્વનો સાર અને અનાદિ હોવાથી શોભે છે, જેમ રત્નસમૂહમાં ચિંતામણિ રત્ન, મનોવાંછિત પદાર્થોને પૂરનાર હોવાથી શોભે છે, જેમ સમુદ્રોમાં સ્વયંભૂરમણ સમુદ્ર, સૌથી મોટો હોવાથી શોભે છે. અને સર્વ ધ્યાનોમાં શુક્લધ્યાન મોક્ષપદ પ્રાપ્ત કરાવનાર હોવાથી અતિ નિર્મળપણે શોભે છે; તેમ સમસ્ત મુનિઓમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ ઉત્કૃષ્ટ પદને ધરાવે છે. એમ શ્રી નયવિજયજી પંડિતના ચરણકમળના સેવક શ્રી યશોવિજયજી મહારાજ કહે છે. ॥૩॥



---

# (૨૩) શ્રી પાર્શ્વનાથ સ્વામી

## શ્રી મોહનવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(કાનુડો વેણ વજાવે રે, કાળી નદીને કાંઠે—એ દેશી)

**વામાનંદન હો પ્રાણ થકી છો પ્યારા,**
**નાંહી કીજે હો નયણથકી ક્ષણ ન્યારા.**
**પુરિસાદાણી શામળ વરણો, શુદ્ધ સમકિતને ભાસે;**
**શુદ્ધ પુંજ જિણે કીધો તેહને, ઉજ્જવળ વરણ પ્રકાશે. વા૦૧**

**ભાવાર્થ :—** હે વામાનંદન ! એટલે વામા માતાના પુત્ર પ્રભુ પાર્શ્વનાથ ! તમે મારા પ્રાણ થકી પણ વિશેષ પ્યારા છો. આપની વીતરાગ મુદ્રા મારા નજર આગળથી ક્ષણમાત્ર પણ દૂર થશો નહીં એવી મારી ભાવના છે. આપ પુરુષોમાં પ્રધાન હોવાથી કલ્પસૂત્રાદિ ગ્રંથમાં 'પુરિસાદાણી' વિશેષણથી વિખ્યાત છો. આપ શામળા એટલે શ્યામ વર્ણના છો, છતાં શુદ્ધ સમકિતના ભાસનથી, શુદ્ધ ભાવનો પુંજ એટલે ઢગલો આપે કરેલો હોવાથી અંતરથી તો ઉજ્જવળ વર્ણમાલા જ છો. તથા જગતને જ્ઞાનનો પ્રકાશ આપનાર છો. આપે મિથ્યાત્વ મોહનીય કર્મના દલીયાને સંપૂર્ણ ક્ષય કરી શુદ્ધ સમકિત પામી આત્માની ઉજ્જવલતા પ્રાપ્ત કરી છે. માટે આપ ગુણોથી કરીને સદા ઉજ્જવલ જ છો. ॥૧॥

**તુમ ચરણે વિષધર પિણ નિરવિષ, દંસણે થાયે બીડોજા;**
**જોતાં અમ શુદ્ધ સ્વભાવ કાં ન હુવે, એહ અમે ગ્રહ્યા છોજા.વા૦૨**

**ભાવાર્થ :—** હે પ્રભુ ! તમારા ચરણે વિષધર એવો સર્પ પણ ક્રોધરૂપ ઝેર વિનાનો થઈ ગયો. વળી આપના ભાવથી દંસણ એટલે દર્શન કરવા માત્રથી તે સર્પનો જીવ બીડોજા એટલે ઇન્દ્ર-ધરણેન્દ્ર બની ગયો.

આપ છદ્મસ્થ અવસ્થામાં હતા ત્યારે કમઠ તાપસે અજ્ઞાન કષ્ટવાળું તપ

આદર્યું. ત્યાં કાષ્ટમાં બળતા સર્પને નવકાર મંત્ર આપે સંભળાવી ધરણેન્દ્ર બનાવ્યો. સર્પ તો આપના ફક્ત ભાવથી દર્શન કરવાથી ધરણેન્દ્ર બની ગયો અને સમકિત પામી સંસારના ઝેરથી પણ રહિત થયો; તો અમે પણ આપના દર્શન કરવાથી શુદ્ધ સ્વભાવવાળા કેમ નહીં થઈએ? અર્થાત્ થઈશું જ. માટે અમે પણ આપનું જ શરણ ગ્રહી તેને જ વળગી રહ્યા છીએ. તેથી શ્રદ્ધારૂપ દર્શન માત્રથી સર્પ ઉપર આપે જેમ ઉપકાર કર્યો એવો ઉપકાર અમારા ઉપર પણ કરજો. ॥૨॥

**કમઠરાય મદ કિણ ગિણતીમાં, મોહતણો મદ જોતાં;**
**તાહરી શક્તિ અનંતી આગળ, કેઈ કેઈ મર ગયા ગોતાં. વા૦૩**

**ભાવાર્થ :–** હે પ્રભુ! આપે અનંતકાળનો શત્રુ જે મોહરાજા તેને જીતી લીધો, તેનું મદ ઉતારી નાખ્યું. એવા મોહરાજાનો મદ જોતાં બિચારા કમઠ તાપસનો મદ ઉતારવો તે કાંઈ ગણત્રીમાં નથી અર્થાત્ એ કાંઈ વિશિષ્ટ વાત નથી.

વળી આપની અનંતી શક્તિ આગળ અન્ય દર્શનકારો જે એકાંત મિથ્યાત્વ નામના દોષથી ભરેલા છે, તે પણ હાર ખાઈ ગોથાં ખાતાં ખાતાં ભવસાગરમાં રઝળી મુઆ. આપ બાહ્યથી અને અભ્યંતર દૃષ્ટિથી ઘણા બળવાન છો. છએ દર્શનમાં વિખ્યાત છો. એવા મારા પ્રાણ પ્યારા પ્રભુ આપની પ્રશાન્ત મુદ્રા મારા નજર આગળથી ક્ષણ માત્ર પણ દૂર થશો નહીં. ॥૩॥

**તેં જિમ તાર્યા તિમ કુણ તારે, કુણ તારક કહું એહવો;**
**સાયરમાન તે સાયર સરિખો, તિમ તું પિણ તું જેહવો. વા૦૪**

**ભાવાર્થ :–** જેવી રીતે હે પ્રભુ! ચતુર્વિધ સંઘની સ્થાપના કરી અનેક જીવોને આપે તાર્યા, એવો આપના જેવો બીજો તારક કોણ હોઈ શકે? જેમ સમુદ્રની ઉપમા સમુદ્રને જ અપાય, તેમ હે પ્રભુ! તમે કેવા? તો કે તમારા જેવા જગતમાં બીજા કોઈ છે નહીં. 'वीतराग समो देवो न भूतो न भविष्यति' વીતરાગ ભગવાન સમાન બીજા કોઈ દેવ જગતમાં છે નહીં અને ભવિષ્યે પણ થવાના નથી. માટે તમારી ઉપમા તમને જ છાજે; અન્ય કોઈને પણ નહીં. ॥૪॥

**કિમપિ ન બેસો તુમે કરુણાકર, તેહ મુજ પ્રાપ્તિ અનંતી;**
**જેમ પડે કણ કુંજરમુખથી, કીડી બહુ ધનવંતી. વા૦૫**

**ભાવાર્થ :–** હે કરુણાના કરનાર પ્રભુ! કોઈ પણ રીતે આપ મારી પાસે ન બેસો તો પણ આપના ભાવથી દર્શનમાત્ર કરવાથી અનંત ગુણનો ભંડાર એવો આત્મા તેની પ્રાપ્તિ મને થઈ શકે. જેમકે કુંજર એટલે હાથીના



મુખમાંથી પડેલ એક કણ માત્ર કીડીને મળવાથી તે બહુ ધનવંતી ગણાય. કારણ કે તેના ગજા પ્રમાણે ઘણું બધું ભોજન તેને પ્રાપ્ત થઈ ગયું કે જેથી તેના કુટુંબોનું પણ પોષણ થાય. માટે હે પ્રભુ! મને સમ્યગ્દર્શન આપો. અને તે મેળવવા માટે મારા પ્રાણ પ્યારા પ્રભુ! મારા નજર સમક્ષથી ક્ષણ માત્ર પણ આપ વેગળા ન થાઓ. ॥૫॥

**એક આવે એક મોજાં પાવે, એક કરે ઓળગડી;**
**નિજગુણ અનુભવ દેવા આગળ, પડખે નહિ તું બેઘડી.વા૦૬**

**ભાવાર્થ :–** હે પ્રભુ! આપની પાસે એક આવીને સમ્યક્દર્શનરૂપ મોજાં એટલે આનંદને પામે છે. અને બીજો શુદ્ધ સ્વરૂપના લક્ષ વિના માત્ર ક્રિયા જડપણે આપની ઓળગડી એટલે સેવા ચાકરી કરનાર સમ્યક્દર્શનને પામતો નથી. તો સર્વને આપ પોતાના આત્મગુણનો અનુભવ કરાવવા માટે બે ઘડી એટલે અડતાલીસ મીનીટ માત્ર તેમના પડખે એટલે તેમના સાનિધ્યમાં કેમ ઊભા રહેતા નથી. માત્ર બે ઘડીની સહાયથી ભક્તનું કાર્ય સિદ્ધ થતું હોય તો આપે જરૂર તેમાં મદદ કરવી જોઈએ. ॥૬॥

**જેહવી તુમથી માહરી માયા, તેહવી તુમે પિણ ધરજો;**
**મોહનવિજય કહે કવિ રૂપનો, પરતક્ષ કરુણા કરજો. વા૦૭**

**ભાવાર્થ :–** હે પ્રભુ! આપના સાથે જેવી મારી માયા એટલે પ્રીતિ ભક્તિ છે. તેવો પ્રેમ તમે પણ મારા પ્રત્યે રાખજો. કવિ શ્રી રૂપવિજયજીના શિષ્ય શ્રી મોહનવિજયજી કહે છે કે આપ મારા પર પ્રત્યક્ષ કરુણા કરીને સમ્યક્દર્શન આપજો. હે વામાનંદન પ્રભુ! આપ મારા પ્રાણથી પણ વિશેષ પ્યારા છો. માટે મારા નયણ સમક્ષથી ક્ષણ માત્ર પણ ન્યારા થશો મા અર્થાત્ મારી નજર સમક્ષ આપની વીતરાગમુદ્રાના દર્શન સદૈવ બની રહેજો. જ્યાં જ્યાં મારી નજર ફરે ત્યાં ત્યાં આપ જ દૃષ્ટિગોચર થજો. એ જ અમારી આપને વિનંતિ છે. ॥૭॥

---

# (૨૪) શ્રી મહાવીર સ્વામી

## શ્રી આનંદઘનજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(રાગ ધન્યાશ્રી)

**વીરજીને ચરણે લાગું, વીરપણું તે માંગુ રે;**
**મિથ્યા મોહતિમિર ભય ભાગ્યું, જીત નગારું વાગ્યું રે. વી૦૧**

**સંક્ષેપાર્થ :–** જેણે પોતાનું અનંત આત્મવીર્ય પ્રગટ કર્યું છે એવા શ્રી વીર પરમાત્માના ચરણકમળમાં હું નમસ્કાર કરું છું. તથા આવું વીરપણું હું પણ પામું એવી આપ પ્રભુ પ્રત્યે યાચના કરું છું.

જે વીરત્વવડે, મિથ્યા મોહાદિરૂપ તિમિર એટલે અંધકારથી ઉત્પન્ન થતો એવો જન્મમરણાદિનો ભય સર્વથા ભાગી ગયો અને વિષયકષાય ઉપર જીત મેળવવાથી વિજયનો ડંકો વાગ્યો; એવા આત્મવીર્યને હું પણ પ્રભુને નમસ્કાર કરીને માંગું છું કે જેથી મારો પણ મિથ્યાત્વરૂપ દર્શનમોહ અને ક્રોધાદિ કષાયરૂપ ચારિત્રમોહ નષ્ટ થઈ કેવળજ્ઞાનની મને પ્રાપ્તિ થાય. ।।૧।।

**છઉમથ્થ વીર્ય લેશ્યા સંગે, અભિસંધિજ મતિ અંગે રે;**
**સૂક્ષ્મ સ્થૂલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે રે. વી૦૨**

**સંક્ષેપાર્થ :–** છઉમથ્થ કહેતા છદ્મસ્થ. છદ્મસ્થ એટલે જેમને હજુ કેવળજ્ઞાન પ્રગટ્યું નથી તે પહેલાની દશાવાળા યોગી. તે દશામાં ક્ષાયોપશમિક વીર્યવાળી લેશ્યા એટલે આત્મપરિણામનો સંગ હોવાથી, અભિસંધિજ મતિ એટલે બુદ્ધિપૂર્વક વિચાર કરીને ઉપયોગસહિત યોગક્રિયાઓ કરવામાં તે છદ્મસ્થનું વીર્ય પ્રવર્તે છે.

વળી મનથી સૂક્ષ્મક્રિયા અને કાયાથી સ્થૂલ ક્રિયાઓને રંગે એટલે ભાવથી કરતાં, સમ્યક્દર્શનજ્ઞાનચારિત્રરૂપ પરમયોગને સાધવા માટે ઉમંગથી એટલે ઉલ્લાસથી જે યોગી થયા છે, જેથી શીઘ્ર કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય. ।।૨।।

**અસંખ્ય પ્રદેશે વીર્ય અસંખે, યોગ અસંખિત કંખે રે;**
**પુદ્ગલ ગણ તેણે લે સુવિશેષે, યથાશક્તિ મતિ લેખે રે. વી૦૩**

**સંક્ષેપાર્થ :–** આત્માના અસંખ્યાત પ્રદેશો છે. તે એક એક પ્રદેશમાં અસંખ્ય વીર્યશક્તિ છે. પણ જેના મન વચન કાયાના યોગ અસંખિત કંખે એટલે અસંખ્યાતા કાંક્ષા એટલે ઇચ્છાઓવાળા છે, તે જીવ કર્મ પુદ્ગલોના ગણ એટલે સમૂહને અર્થાત્ કાર્મણવર્ગણાઓને સુવિશેષે કહેતા વિશેષપણે ગ્રહણ કરે છે. તે કાર્મણવર્ગણાઓ, યથાશક્તિ મતિ લેખે એટલે બુદ્ધિના તારતમ્ય પ્રમાણે ગ્રહણ થાય છે, અને નવા નવા કર્મબંધ કરાવે છે.

તે વીર્યશક્તિને સદ્ગુરુ આજ્ઞાએ સવળી કરીને આત્માર્થમાં વાપરે તો



પ્રતિ સમયે કર્મોની નિર્જરા કરતો તે જીવ થઈ જાય અને કાળાંતરે મુક્તિને પણ મેળવી લે છે. ।।૩।।

**ઉત્કૃષ્ટે વીર્યનિવેસે, યોગ ક્રિયા નવિ પેસે રે;**
**યોગ તણી ધ્રુવતાને લેશે, આતમશક્તિ ન ખેસે રે. વી૦૪**

**સંક્ષેપાર્થ :–** જ્યારે આત્મા પોતાના ઉત્કૃષ્ટ ક્ષાયિક વીર્યમાં નિવાસ કરે છે ત્યારે મન વચન કાયાના યોગની ક્રિયાઓ કર્મબંધનરૂપે આત્મામાં પ્રવેશ કરી શકતી નથી.

જેમ જેમ આત્મા ઉચ્ચ ગુણસ્થાનોની ભૂમિકાઓ ઉપર ચઢતો જાય છે તેમ તેમ મનવચનકાયાના યોગ પણ ધ્રુવતાને એટલે સ્થિરતાને પામતા જાય છે. ત્યારે તેની આત્મશક્તિને કોઈ ન ખેસે રે કહેતા કોઈ ખેંચી શકતું નથી, અર્થાત્ તેની સ્થિરતાને કોઈ ભંગ કરી શકતું નથી. જેથી અંતે ચૌદમા ગુણસ્થાને મેરુપર્વત જેવી અડોલ સ્થિરતાને પ્રાપ્ત કરી તે આત્મા મુક્તિને પામે છે. ।।૪।।

**કામ વીર્ય વશે જેમ ભોગી, તેમ આતમ થયો ભોગી રે;**
**શૂરપણે આતમ ઉપયોગી, થાય તેહણે અયોગી રે. વી૦૫**

**સંક્ષેપાર્થ :–** જેમ કામ વીર્યને વશ થયેલો ભોગી સ્ત્રીમાં આસક્ત અથવા તન્મય થાય છે, તેમ સ્વઆત્મગુણોનો ભોગી એવો અંતર્આત્મા પોતાના શુદ્ધ આત્મસ્વરૂપમાં તન્મય થાય છે.

જ્યારે તે આત્મા શૂરવીરપણે કહેતા અત્યંત સ્થિરતાપૂર્વક શ્રેણી માંડે છે ત્યારે તે ક્રમપૂર્વક પોતાના મૂળ શુદ્ધ આત્મપદને પામી અયોગી થાય છે; અર્થાત્ મનવચનકાયાના યોગને ત્યાગી શાશ્વત એવી સિદ્ધદશાને પામી અનંત સુખમાં વિરાજમાન થાય છે. ।।૫।।

**વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું તુમચી વાણે રે;**
**ધ્યાન વિન્નાણે શક્તિ પ્રમાણે, નિજ ધ્રુવપદ પહિચાણે રે. વી૦૬**

**સંક્ષેપાર્થ :–** વીરપણું એટલે આત્માનું મહાવીરત્વ અથવા મહાવીરપણું તે પોતાના આત્મામાં જ રહેલું છે. એમ તુમચી વાણે કહેતા તમારી કેવળજ્ઞાનયુક્ત વાણી દ્વારા જાણ્યું.

તે આત્માનું મહાવીરપણું, ગુરુ આજ્ઞાએ આત્મવિચારરૂપ ધ્યાન કરતા અને ગુરુગમ દ્વારા આત્મા સંબંધી વિન્નાણ એટલે વિશેષજ્ઞાન મેળવતા અને શક્તિપ્રમાણે ગુરુઆજ્ઞામાં વર્તતાં, નિજ ધ્રુવપદ એટલે પોતાનું શાશ્વત એવું

આત્મપદ તેની પહિચાણ કહેતા ઓળખાણ થાય છે, અર્થાત્ તે મહાવીર સ્વરૂપ આત્માનો પોતાને સાક્ષાત્ અનુભવ થાય છે. ।।૬।।

**આલંબન સાધન જે ત્યાગે, પર પરિણતિને ભાગે રે;**
**અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે, આનંદઘન પ્રભુ જાગે રે. વી૦૭**

**સંક્ષેપાર્થ :–** જે ભવ્યાત્મા સત્‌દેવગુરુધર્મના આલંબનરૂપ સાધનનો ત્યાગ કરશે, તે પરપરિણતિ કહેતા આત્માથી પર એવા રાગદ્વેષરૂપ પરભાવના ભાંગામાં ચાલ્યો જશે.

પણ જે સત્પુરુષને ઓળખી તેના બોધનું અવલંબન લઈ તેમની આજ્ઞાથી અક્ષય એટલે અનંત એવા દર્શન કહેતા દૃઢ શ્રદ્ધાને, જ્ઞાન કહેતા આત્મા સંબંધી સમ્યક્‌જ્ઞાનને અને વૈરાગ્ય કહેતા વિષય-કષાયને દૂર કરવારૂપ ઉપશમભાવને આરાધશે તેનો આનંદઘનમય પ્રભુ એવો શુદ્ધ આત્મા જાગૃત થશે અર્થાત્ સમ્યક્‌દર્શનને પામશે.

સમ્યક્‌દર્શન પામ્યા પછી જેમ જેમ આગળ દશા વધતા ઉપરોક્ત આલં-બન સાધનનો સહજે ત્યાગ થઈ પરપરિણતિને સર્વથા ભાંગી, અનંત દર્શન જ્ઞાન ચારિત્રમય આત્મામાં નિશદિન રમણતા કરતા એનો આત્મા આનંદમય પ્રભુ બનીને સદા જાગૃત રહેશે. અને આયુષ્યના અંતે સિદ્ધદશાને પામી સર્વકાળ પરમાનંદને પામશે. ।।૭।।

---

(૨)

**ચરમ જિણેસર વિગત સ્વરૂપનું રે, ભાવું કેમ સ્વરૂપ ?**
**સાકારી વિણ ધ્યાન ન સંભવે રે, એ અવિકાર અરૂપ. ચરમ૦૧**

**સંક્ષેપાર્થ :–** છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીરનું દેહધારી પરમાત્મ-સ્વરૂપ આજે આપણી નજર સમક્ષ નથી. તો હું તે શુદ્ધ સ્વરૂપને કેવી રીતે ભાવું અર્થાત્ કેવી રીતે જાણી શકું ? દેહધારી પરમાત્મા વિના ધ્યાન થઈ શકતું નથી. અને આપ તો જ્ઞાનાવરણીયાદિ આઠેય કર્મ નષ્ટ થવાથી અવિકારી અને અરૂપી એવી સિદ્ધ દશાને પામેલા છો. એવા ચરમ જિનેશ્વરના અલખ સ્વરૂપનું ચિંતવન હું કેવી રીતે કરી શકું ?



**આપ સ્વરૂપે આતમમાં રમે રે, તેહના ધુર બે ભેદ;**
**અસંખ ઉક્કોસે સાકારી પદે રે, નિરાકારી નિરભેદ. ચરમ૦૨**

**સંક્ષેપાર્થ :–** જે પોતાના શુદ્ધ આત્મસ્વરૂપમાં રમણતા કરે છે એવા પરમાત્માના ધુર એટલે પ્રથમ બે ભેદ છે. એક તો ઘનઘાતી ચાર કર્મ ખપાવી, અઘાતી ચાર કર્મ જેના શેષ રહે તેવા સાકારી પરમાત્મા, અને બીજા જેના ચાર ઘનઘાતી તેમજ ચાર અઘાતી કર્મો પણ નાશ પામી ગયા છે એવા નિરાકારી સિદ્ધ પરમાત્મા. તેમાં વળી સાકારી પરમાત્માના પણ બે ભેદ છે. એક તીર્થંકર નામ કર્મઉદયી સાકારી પરમાત્મા અને બીજા અતીર્થંકર નામકર્મોદયી એવા સાકારી પરમાત્મા તે કેવળી ભગવંત. તેઓ ઉક્કોસે એટલે ઉત્કૃષ્ટ અસંખ્ય વર્ષો સુધી પણ સાકારી પદે રહીને અંતે નિરાકારી સિદ્ધ પરમાત્મા બને છે. સિદ્ધ બન્યા પછી તે બધા સિદ્ધો મધ્યે કોઈ પ્રકારનો ભેદ નથી; ત્યાં સર્વ નિરાકારી નિરભેદ પરમાત્મા છે.

તીર્થંકરો એક સાથે ઉત્કૃષ્ઠા ૧૭૦ હોઈ શકે છે. અને કેવળી ભગવાન ઉત્કૃષ્ઠા એક સાથે નવ ક્રોડ હોઈ શકે છે.

**સુખમ નામકરમ નિરાકાર જે રે, તેહ ભેદે નહિ અંત;**
**નિરાકાર જે નિરગતિ કર્મથી રે, તેહ અભેદ અનંત. ચરમ૦૩**

**અર્થ :–** સૂક્ષ્મ નામકર્મના ઉદયથી અનંત જીવો સૂક્ષ્મ એવી નિરાકારતાને પામેલ છે. પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાયને આ સૂક્ષ્મ નામકર્મનો ઉદય હોય છે. તેથી તેમનું શરીર દેખાય નહીં. 'તેહ ભેદે નહીં અંત' એટલે કર્મ અપેક્ષાએ જીવો અનંત હોવાથી આ જીવોમાં જે ભેદ પડે છે તેનો પણ અંત નથી.

તથા સર્વ કર્મનો નાશ થવાથી જે નિર્ગતિ એટલે જેમને હવે ચાર ગતિમાંની કોઈપણ ગતિ થવાની નથી એવા સિદ્ધ અવસ્થાને પામેલા આત્માઓ પણ નિરાકાર છે. તેઓ સર્વ પોતાના શુદ્ધ સ્વભાવને પામેલા હોવાથી સ્વભાવની અપેક્ષાએ અભેદ છે પણ સર્વ સિદ્ધોની સત્તા ભિન્ન ભિન્ન હોવાથી તે અપેક્ષાએ જોતાં તેઓ અનંત પણ છે.

**રૂપ નહીં કંઈયેં બંધન ઘટ્યું રે, બંધ ન મોક્ષ ન કોય;**
**બંધ મોક્ષ વિણ સાદિ અનંતનું રે, ભંગ સંગ કેમ હોય ? ચરમ૦૪**

**સંક્ષેપાર્થ :–** આત્મા અરૂપી છે, રૂપી નથી તો તેને કર્મનું બંધન કેવી

રીતે ઘટે ? અને કર્મબંધ ન હોય તો તેનાથી આત્માની મુક્તિ અર્થાત્ મોક્ષ પ્રાપ્ત કરવાનું પ્રયોજન પણ ક્યાં રહ્યું ? અને મોક્ષ જ નથી તો તેના અભાવે મોક્ષ પ્રાપ્તિની આદિ થાય અને વળી તેનો કોઈ કાળે અંત આવે નહીં. એવો તે મોક્ષ અનંત છે અને તે સાદિ અનંતના ભાંગે છે એમ કહેવાય છે; એવા સાદિ અનંત ભાંગાનો સંગ આત્માને કેવી રીતે હોઈ શકે ? અર્થાત્ સર્વ સિદ્ધો સાદિ અનંતના ભાંગે છે એ વાતનો આત્મા સાથે કેવી રીતે મેળ બેસે, તે મને સમજાવો.

ભાંગાના કુલ ચાર પ્રકાર છે. (૧) અનાદિ અનંત, (૨) અનાદિ સાંત (૩) સાદિ અનંત અને (૪) સાદિ સાંત.

**અનાદિ અનંત :–** સર્વ જીવોની અપેક્ષાએ મોક્ષ અનાદિ અનંત છે. અનાદિકાળથી જીવો મોક્ષ પામતા આવ્યા છે અને અનંતકાળ સુધી પામતા રહેશે માટે.

**અનાદિ સાંત :–** જીવની સાથે કર્મના સમૂહ અનાદિથી છે પણ ભવ્યને તે કર્મોનો અંત પણ છે. તેથી સાંત એટલે અંતસહિત છે.

**સાદિ અનંત :–** સિદ્ધ પર્યાયની આદિ એટલે શરૂઆત થઈ પણ તેનો કોઈ કાળે અંત નથી માટે સાદિ અનંત છે.

**સાદિ સાંત :–** સાદિ એટલે આદિસહિત અને સાંત એટલે અંતસહિત. મનુષ્ય, દેવાદિ પર્યાયની ઉત્પત્તિ હોવાથી તેની આદિ છે અને તેનો અંત પણ છે. માટે સાદિ સાંત કહેવાય છે.

**દ્રવ્ય વિના તેમ સત્તા નવિ લહે રે, સત્તા વિણ શો રૂપ;**
**રૂપ વિના કેમ સિદ્ધ અનંતતા રે, ભાવું અકલ સ્વરૂપ. ચરમ૦૫**

**સંક્ષેપાર્થ :–** દ્રવ્ય એટલે વસ્તુ. વસ્તુ વિના તેની સત્તા એટલે તેનું હોવાપણું હોય નહીં. અને સત્તા વગર તેનું રૂપ કેમ હોઈ શકે ? અને રૂપ વિના સિદ્ધનું અનંતપણું પણ કેવી રીતે સંભવે ? આવું જે આપનું અકળ સ્વરૂપ છે તેને હે પ્રભુ ! હું કેવી રીતે ભાવું ? અર્થાત્ તેનું ધ્યાન કેવી રીતે કરી શકું ? તે આપ સમજાવો.

શંકાનું સમાધાન કરવા માટે પૂછે છે કે જેમ કોઈ મનુષ્યને કોઈએ પૂછ્યું કે આ પૃથ્વીતલ ઉપર ઘડો છે ? ત્યારે તેણે પૃથ્વીતલ સામું જોઈને ત્યાં ઘડાનું સ્વરૂપ ન જોયું તેથી કહ્યું કે ત્યાં ઘડો નથી. તેમજ આત્મદ્રવ્ય દેખાતું નથી તો તેની સત્તા પણ કેમ હોઈ શકે. અને તેની સત્તા ન હોય તો તેના અભાવે તેનું



રૂપ પણ શું હોઈ શકે ? આમ રૂપના અભાવે વસ્તુનો અભાવ થયો અને વસ્તુના અભાવે તેની ગણત્રી એક બે ત્રણ ચાર વગેરેની કેમ હોઈ શકે ? જો આમ છે તો પછી અનંતા સિદ્ધ કહ્યાં તે વાત કેવી રીતે સંભવે ? માટે આપના એવા અકલ્પ્ય સ્વરૂપને કેમ ધ્યાવવું તે આપ સમજાવો.

**આતમતા પરિણતિ જે પરિણમ્યા રે, તે મુજ ભેદાભેદ;**
**તદાકાર વિણ મારા રૂપનું રે, ધ્યાવું વિધિપ્રતિષેધ. ચરમ૦૬**

હવે ભગવાન તેનો જવાબ આપે છે :–

**સંક્ષેપાર્થ :–** પોતાના આત્માની અસલ મૂળ પરિણતિમાં એટલે પોતાના સ્વભાવમાં જે આત્માઓ પરિણમ્યા છે અર્થાત્ સ્વભાવમાં સ્થિરતાપણે જે તદ્રુપ થયા છે તે જીવો મારા સ્વરૂપને પામ્યા છે. અને તે જ અભેદ સ્વરૂપે છે. પણ જે બહિરાત્મદશાએ વર્તે છે તે જીવો અને મારી વચ્ચે તો ભેદ રહેલો જ છે.

પ્રભુ કહે—મારી સાથે તદાકાર એટલે તન્મય થયા વિના મારા સ્વરૂપને જે ધ્યાવે છે તે વિધિનો પ્રતિષેધ એટલે ઉલ્લંઘન કરવા બરાબર છે; અર્થાત્ ભગ-વાનના કહેવા પ્રમાણે પોતાની યોગ્યતા વધારી આત્મિક પરિણતિમાં પરિણમવું અને બાહ્ય સાંસારિક ભાવનો ત્યાગ કરવો અર્થાત્ જગતને ભૂલી આત્મસ્વરૂપમાં તન્મય થવું તો જ પોતાના આત્માનો ઉદ્ધાર થશે,બીજી રીતે નહીં.

**અંતિમ ભવગ્રહણે તુજ ભાવનું રે, ભાવશું શુદ્ધ સ્વરૂપ;**
**તઈયેં આનંદઘન પદ પામશું રે, આતમરૂપ અનુપ. ચરમ૦૭**

**સંક્ષેપાર્થ :–** હવે શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે જ્યારે મારે અંતિમ એટલે છેલ્લો ભવ ધારણ કરવાનો થશે ત્યારે આપના શુદ્ધ સ્વરૂપનું અખંડપણે ધ્યાન કરીશું. અને તે વડે આનંદના સમૂહરૂપ એવા અનુપમ આત્મસ્વરૂપને સંપૂર્ણ પામીશું. અંતિમ ભવ ગ્રહણ એટલે જે પછી બીજા ભવ ધારણ કરવાના હોય નહીં ત્યારે ક્ષપકશ્રેણી પર આરૂઢ થઈને ઘાતીયા અઘાતીયા સર્વ કર્મોને હણી આનંદઘનમય એવા આત્માના અનુપમ સ્વરૂપને વિષે સર્વ કાળને માટે સ્થિતિમાન થઈશું. તે દિવસ અમારો પરમ કલ્યાણમય થશે.

(૩)

**વીર જિનેશ્વર પરમેશ્વર જયો, જગ જીવન જિન ભૂપ;**
**અનુભવ મિત્તે રે ચિત્તે હિત કરી, દાખ્યું તાસ સ્વરૂપ. વીર૦૧**

**સંક્ષેપાર્થ :—** શ્રી વીર જિનેશ્વર પરમાત્માનો સદા જય જયકાર હો, કે જે જગત જીવોના જીવનરૂપ છે, અર્થાત્ સર્વ સુખના આધારભૂત છે. અને જિન ભૂપ એટલે સર્વ સમ્યક્દૃષ્ટિ જિન, દેશવિરતિ જિન, સર્વવિરતિ જિન વગેરેમાં જે રાજા સમાન છે અર્થાત્ જિનેશ્વર છે. તથા આત્મ અનુભવરૂપી મિત્રવડે પોતાના આત્માનું હિત કરી જેણે જગતના જીવોને પણ શુદ્ધ આત્મસ્વરૂપ પ્રાપ્તિનો યથાર્થ માર્ગ દર્શાવ્યો છે. એવા મહાવીર પ્રભુ ત્રિકાળ જયવંત વર્તો.

**જેહ અગોચર માનસ વચનને, તેહ અતીન્દ્રિય રૂપ;**
**અનુભવ મિત્તે રે વ્યક્તિ શક્તિશું, ભાખ્યું તાસ સ્વરૂપ. વીર૦૨**

હવે તે આત્મસ્વરૂપ કેવું છે તેનું વર્ણન આગળની ગાથાઓમાં કરે છે.

**સંક્ષેપાર્થ :—** જે આત્મસ્વરૂપ માનસ એટલે મનથી અને વચનથી પણ અગોચર છે. તેમજ અરૂપી દ્રવ્ય હોવાથી અતીન્દ્રિય છે. અનુભવરૂપી મિત્રવડે, તે આત્મસ્વરૂપની વ્યક્તિ એટલે પ્રગટતા કરીને, તે શુદ્ધસ્વરૂપનું વર્ણન જેટલું કરી શકાય તેટલું ભવ્યોના હિત માટે પ્રભુએ કર્યું. એ પ્રભુની અનંત દયા છે.

**નયનિક્ષેપે રે જેહ ન જાણિયે, નવિ જિહાં પ્રસરે પ્રમાણ;**
**શુદ્ધ સ્વરૂપે રે તે બ્રહ્મ દાખવે, કેવળ અનુભવ ભાણ. વીર૦૩**

**સંક્ષેપાર્થ :—** નયનિક્ષેપવડે તે આત્મસ્વરૂપ જાણી શકાય નહીં. તેમજ પ્રમાણવડે પણ તે શુદ્ધસ્વરૂપને જણાવી શકાય નહીં.

મુખ્ય સાત નય છે. તે નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય, ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢ નય અને એવંભૂત નય. તેથી અથવા નિક્ષેપ ચાર છે—નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. તેથી પણ તે આત્મસ્વરૂપ જાણી શકાય નહીં. અથવા પ્રમાણ કે જે વસ્તુના પૂર્ણ સ્વરૂપને બતાવે તે પણ શુદ્ધ આત્મસ્વરૂપને જણાવી શકે નહીં. પણ જેને કેવળ આત્મઅનુભવરૂપ ભાણ એટલે સૂર્ય પ્રગટ થયો છે, તે જ તે બ્રહ્મ એટલે શુદ્ધ આત્મસ્વરૂપને જણાવી શકે.

**અલખ અગોચર અનુપમ અર્થનો, કોણ કહી જાણે રે ભેદ;**
**સહજ વિશુદ્ધયે રે અનુભવવચણ જે, શાસ્ત્ર તે સઘળો રે ખેદ. વીર૦૪**

**સંક્ષેપાર્થ :—** અલખ એટલે જે લક્ષમાં આવી શકે નહીં. અને અગોચર એટલે દૃષ્ટિગોચર થઈ શકે નહીં. એવા અનુપમ અર્થનો અર્થાત્ જેની ઉપમા જગતના કોઈપણ અર્થ એટલે પદાર્થ સાથે કરી શકાય નહીં, એવું જે આત્મસ્વરૂપ તેનો ભેદ કહેતા રહસ્યને કોણ કહી શકે?



પણ સહજ સ્વભાવની વિશુદ્ધિ જેને થઈ છે તે મહાત્મા જ પોતાના અનુભવ-યુક્ત વચનો વડે આત્મસ્વરૂપનો મર્મ જણાવી શકે. જેમકે **'શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે પણ મર્મ તો સત્પુરુષના અંતર્આત્મામાં રહ્યો છે'**, એમ શ્રીમદ્ રાજચંદ્ર જણાવે છે તેથી ગુરુગમ વગર તે સઘળા શાસ્ત્ર ખેદરૂપ અથવા શસ્ત્રરૂપ થઈ પડે છે.

**દિશિ દેખાડી રે શાસ્ત્ર સવિ રહે, ન લહે અગોચર વાત;**
**કારજ સાધક બાધક રહિત જે, અનુભવ મિત્ત વિખ્યાત. વીર૦૫**

**સંક્ષેપાર્થ :—** શાસ્ત્રો માત્ર અંગૂલી નિર્દેશની જેમ મોક્ષમાર્ગની દિશા બતાવનાર છે, પણ આત્મઅનુભવની અગોચર વાત જણાવી શકતા નથી. જ્યારે નિર્વિઘ્નપણે આત્મકાર્ય સાધવામાં તો અનુભવ મિત્ત એટલે મિત્ર જ જગતમાં વિખ્યાત કહેતાં પ્રસિદ્ધ છે.

**અહો ચતુરાઈ રે અનુભવ મિત્તની, અહો તસ પ્રીતપ્રતીત;**
**અંતરજામી સ્વામી સમીપ તે, રાખી મિત્રશું રીત. વીર૦૬**

**સંક્ષેપાર્થ :—** અહો! અનુભવ મિત્રની ચતુરાઈ! અહો! તે પ્રત્યેની પ્રીતિ, અહો! તે પ્રત્યેની શ્રદ્ધા. પણ તે અનુભવ, અંતરજામી એવા શ્રી વીરજિનેશ્વર પરમાત્મા સમીપે મિત્રની સમાન રહેલ છે, અર્થાત્ વીર પરમાત્મા તે આત્મ અનુભવરસમાં સદૈવ રમણતા કરી રહ્યાં છે.

**અનુભવ સંગે રે રંગે પ્રભુ મલ્યા, સફળ ફળ્યા સવિ કાજ;**
**નિજ પદ સંપદ જે તે અનુભવે રે, આનંદઘન મહારાજ. વીર૦૭**

**સંક્ષેપાર્થ :—** શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે આત્મઅનુભવ સમયે પ્રભુના શુદ્ધ સ્વરૂપનો મને મેળાપ થયો, અને મારા સર્વ કાર્ય સિદ્ધ થયા.

જે પ્રાણી પોતાના આત્મસ્વભાવરૂપ સંપત્તિનો ભોક્તા બને છે, તે જ પ્રાણી પોતાના આનંદઘનસ્વરૂપ એવા પરમાત્મપદને પામે છે.

---

# (૨૪) શ્રી મહાવીર સ્વામી

## શ્રી દેવચંદ્રજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(કડખાની દેશી)

**તાર હો તાર પ્રભુ, મુજ સેવક ભણી, જગતમાં એટલું સુજશ લીજે;**
**દાસ અવગુણ ભર્યો, જાણી પોતા તણો, દયાનિધિ દીન પર દયા કીજે. તા૦૧**

**સંક્ષેપાર્થ :–** હે દીનદયાળ પ્રભુ ! મુજ સરીખા પામર સેવક ભણી દયા દૃષ્ટિ કરીને મને આ સંસાર સમુદ્રથી તારો, અવશ્ય પાર ઉતારો. મને તારીને જગતમાં એટલું સુજશ એટલે કીર્તિ મેળવો. મારા જેવા રાગદ્વેષ અજ્ઞાન આદિ દોષથી ભરેલા સેવકને પણ પોતાનો જાણી હે દયાના ભંડાર ! આ દીન, રંક, અશરણ, તત્ત્વશૂન્ય ઉપર જરૂર દયા કરો. કારણ આપના સિવાય મારે બીજો કોઈ આધાર નથી. ।।૧।।

**રાગદ્વેષે ભર્યો, મોહ વૈરી નડ્યો, લોકની રીતિમાં ઘણુંયે રાતો;**
**ક્રોધવશ ધમધમ્યો, શુદ્ધ ગુણ નવિ રમ્યો, ભમ્યો ભવમાંહિ હું વિષયમાતો. તા૦૨**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ ! હું રાગદ્વેષથી ભરેલો છું. આ મોહરૂપી વેરી મને સમકિત પ્રાપ્તિમાં નડતરરૂપ થયો છે. તેથી આ લોકના રીત રીવાજોમાં મગ્ન છું. લોકરંજનમાં ઘણો રાચીમાચીને રહ્યો છું. તથા અહં મમત્વને પોષવા ક્રોધવશ ધમધમી જઉં છું. આત્માના શુદ્ધ ગુણોમાં કદી રમણતા કરતો નથી, પણ પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં જ લુબ્ધ બની ચારગતિરૂપ સંસારમાં ભમ્યા કરું છું. ।।૨।।

**આદર્યું આચરણ, લોક ઉપચારથી, શાસ્ત્ર અભ્યાસ પણ કાંઈ કીધો;**
**શુદ્ધ શ્રદ્ધાન વળી, આત્મ અવલંબવિનુ, તેહવો કાર્ય તિણે કો ન સીધો. તા૦૩**

**સંક્ષેપાર્થ :–** હે પ્રભુ ! મારા જીવે લોકોના કહેવાથી કે દેખાદેખી ધાર્મિક છ આવશ્યકતાદિ ક્રિયાઓ કરી તથા જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થવાથી ધાર્મિક શાસ્ત્રોનો અભ્યાસ પણ કંઈક કર્યો, પણ છ પદના શુદ્ધ શ્રદ્ધાન વિના તથા આત્મા છે પ્રાપ્ત જેને એવા સત્પુરુષના અવલંબન વગર સાધન કર્યા. જેથી આત્માનું કાર્ય સિદ્ધ થયું નહીં; અર્થાત્ સમ્યક્દર્શન પ્રાપ્ત થાય એવું કોઈ કાર્ય કર્યું નહીં. ।।૩।।

**સ્વામી દરિશણસમો, નિમિત્ત લહી નિર્મલો, જો ઉપાદાન એ શુચિ ન થાશે;**
**દોષ કો વસ્તુનો, અહવા ઉદ્યમ તણો, સ્વામી સેવા સહી નિકટ લાશે. તા૦૪**

**સંક્ષેપાર્થ :–** અઢાર દૂષણ રહિત વીતરાગ શ્રી મહાવીર સ્વામી ઉપદિષ્ટ જૈનદર્શન સમાન ઉત્તમ નિર્મળ નિમિત્ત પામીને પણ જો ઉપાદાન એવો મારો આત્મા શુચિ એટલે પવિત્ર અર્થાત્ શુદ્ધ થશે નહીં તો તે વસ્તુ એટલે આત્માનો



જ કોઈ દોષ છે. અહવા એટલે અથવા મારા ઉદ્યમની જ ખામી છે. માટે હવે શ્રી સ્વામીનાથની સેવા એટલે આજ્ઞા જ ઉપાસુ કે જે વડે મને જરૂર પ્રભુની નીકટતા પ્રાપ્ત થાય, અર્થાત્ મને પણ મોક્ષની પ્રાપ્તિ થાય. ।।૪।।

**સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે, દરિશણ શુદ્ધતા તેહ પામે;**
**જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી, કર્મ ઝીપી વસે મુક્તિ ધામે. તા૦૫**

**સંક્ષેપાર્થ :–** જે આત્મા પ્રભુના જ્ઞાનાદિક ગુણોને ઓળખી એટલે સમજીને તેમની ભક્તિ કરશે તે આત્મા દરિશણ એટલે સમ્યક્દર્શનની શુદ્ધતાને પામશે. સમકિત પામ્યા પછી જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્યના ઉલ્લાસભાવથી સર્વ કર્મને ઝીપી એટલે ખપાવીને તે ભવ્યાત્મા મુક્તિધામમાં સર્વકાળને માટે જઈ નિવાસ કરશે. ।।૫।।

**જગત વત્સલ મહાવીર જિનવર સુણી, ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો;**
**તારજો બાપજી બિરૂદ નિજ રાખવા, દાસની સેવના રખે જોશો. તા૦૬**

**સંક્ષેપાર્થ :–** ત્રણેય લોકનું હિત કરનાર હોવાથી જગત વત્સલ એવા શ્રી મહાવીર જિનેશ્વરની વીતરાગ વાણીને સાંભળીને મારું ચિત્ત પણ આપ પ્રભુના ચરણના શરણમાં વાસ કરીને રહ્યું છે. પણ આપની સર્વ આજ્ઞાને ઉઠાવવા આ પામર શક્તિમાન નથી છતાં હે બાપજી એટલે હે તાત ! આપ આપના તારક બિરૂદને રાખવા માટે પણ આ સેવકને તારજો. પણ આ દાસની સેવા ભક્તિ સામું રખેને નિહાળશો મા કે આ સેવક મારી સેવા-ભક્તિ બરાબર કરતો નથી; એમ જાણીને મારી ઉપેક્ષા કરશો નહીં. ।।૬।।

**વિનતિ માનજો, શક્તિ એ આપજો, ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ ભાસે;**
**સાધી સાધક દશા, સિદ્ધતા અનુભવી, દેવચંદ્ર વિમલ પ્રભુતા પ્રકાશે. તા૦૭**

**સંક્ષેપાર્થ :–** હે કૃપાળુ પ્રભુ ! મારી આટલી વિનતિને માન્ય રાખી મને એવી શક્તિ આપજો કે જેથી હું સર્વ દ્રવ્યોના ભાવધર્મને શુદ્ધ સ્યાદ્વાદથી એટલે અપેક્ષાવાદથી જેમ છે તેમ સમજી શકું. અને તેના ફળસ્વરૂપ સાધકદશાને સાધી હું સ્વસ્વભાવગત સિદ્ધતાને અનુભવી દેવોમાં ચંદ્રમા સમાન વિમળ કહેતા નિર્મળ એવી પ્રભુની પ્રભુતા એટલે આત્મ ઐશ્વર્યનો પ્રકાશ કરું. એવી આપ પ્રભુ પ્રત્યે મારી ભાવભીની નમ્ર વિનતિ છે. ।।૭।।

## કલશ

**ચોવીશે જિનગુણ ગાઈએ, ધ્યાઈએ તત્ત્વસ્વરૂપોજી;**
**પરમાનંદ પદ પાઈએ, અક્ષય જ્ઞાન અનૂપોજી. ચો૦૧**

**અર્થ :—** શ્રી દેવચંદ્રજી મહારાજ આખી ચોવીશી લખીને અંતમાં કહે છે કે હે ભવ્યો ! આ અવસર્પિણી કાલમાં શ્રી ઋષભદેવ ભગવાનથી માંડીને શ્રી મહાવીર ભગવાન પર્યંત શાસનના નાયક, ગુણરત્નાકર, મહામાહણ, મહાગોપ, મહાવૈદ્ય એવા ચોવીશ તીર્થંકર થયા છે. તેમના ગુણ ગાઈએ એટલે ગુણગ્રામ કરીએ. કેમકે એ બધા સંપૂર્ણ શુદ્ધ આત્મસ્વરૂપને પામેલા પરમ પુરુષો છે. એમના શુદ્ધ આત્મસ્વરૂપનું આપણે ધ્યાવન કરીએ અર્થાત્ ચિંતન કરીએ, ધ્યાન કરીએ; કે જેથી આપણા આત્માનું પરમાનંદમય જે સિદ્ધ પદ છે તેને આપણે પણ પામીએ, અર્થાત્ પ્રગટ કરીએ. એ સિદ્ધ ભગવાનને પ્રગટેલ કેવળજ્ઞાન તે અક્ષય છે, કોઈ કાળે એનો નાશ થવાનો નથી. તથા અનુપમ છે કે જેની ઉપમા આપવા લાયક ત્રણેય લોકમાં કોઈ પદાર્થ નથી. ।।૧।।

**ચૌદહસેં બાવન ભલા, ગણધર ગુણ ભંડારોજી;**
**સમતામયી સાહુ સાહુણી, સાવય સાવઈ સારોજી. ચો૦૨**

**અર્થ :—** ચૌદહસેં બાવન એટલે ૧૪૫૨ આ ચોવીશ જિનરાજોના ભલા એવા ગણધર પુરુષો થયા. તે ગુણના ભંડારરૂપ છે. તથા તેમના ચતુર્વિધ સંઘમાં મોક્ષદાયી એવી સમતાને ધારણ કરનારા સાહુ એટલે સાધુ અને સાહુણી એટલે સાધ્વીઓ તથા સાવય સાવઈ એટલે શ્રાવક શ્રાવિકાઓ પણ સારા એવા આત્મિક ગુણોને ધારણ કરી મોક્ષ પ્રાપ્તિ અર્થે આત્મઆરાધના કરતા હતા. ।।૨।।

**વર્દ્ધમાન જિનવર તણો, શાસન અતિ સુખકારોજી;**
**ચઉવિહ સંઘ વિરાજતાં, દુસમ કાલ આધારોજી. ચો૦૩**

**અર્થ :—** વર્તમાનમાં ચાલી રહેલ ધર્મનું શાસન તે શ્રી વર્ધમાન ભગવાન મહાવીરનું છે. તે શાસન સંસારની ત્રિવિધ તાપાગ્નિથી દગ્ધ જીવોને અત્યંત સુખશાંતિને આપનાર છે. આવા ભયંકર હુંડાઅવસરપિણી કાળમાં પણ ચઉવિહ એટલે ભગવાનને માનવાવાળા સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ વિરાજમાન એટલે પ્રત્યક્ષ હોવાથી આ દુઃસમકાલના જીવોને ભગવાન મહાવીરની



ગેરહાજરીમાં પણ તે પરમ આધારરૂપ છે. ।।૩।।

**જિન સેવનથી જ્ઞાનતા, લહે હિતાહિત બોધોજી;**
**અહિત ત્યાગ હિત આદરે, સંયમ તપની શોધોજી. ચો૦૪**

**અર્થ :—** જિન એટલે રાગદ્વેષ અને અજ્ઞાન જેના જિતાઈ ગયા છે એવા સમ્યક્દૃષ્ટિ જિનસ્વરૂપ સદ્ગુરુ કે જિનેશ્વરની સેવા એટલે એમની આજ્ઞાથી ઉપાસના કરતાં મુમુક્ષુને સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જેથી જીવને પોતાના હિત અહિતનો બોધ મળે છે. હિતાહિતનું ભાન થવાથી ભવ્યાત્મા, આત્માના અહિતના કારણો મિથ્યાત્વ, અસંયમ આદિનો ત્યાગ કરી આત્માના કલ્યાણસ્વરૂપ એવા ઇન્દ્રિયસંયમ અને પ્રાણીસંયમને આદરી ઇચ્છાઓનો નિરોધ કરવા અર્થે બાર પ્રકારના તપની શોધ કરે છે. પછી તે પ્રમાણે વર્તન કરે છે. ।।૪।।

**અભિનવ કર્મ અગ્રહણતા, જીર્ણ કર્મ અભાવોજી;**
**નિઃકર્મીને અબાધતા, અવેદન અનાકુલ ભાવોજી. ચો૦૫**

**અર્થ :—** સંયમ, તપની આરાધના કરવાથી આત્મા અભિનવ એટલે નવીન કર્મને ગ્રહણ કરતો નથી. અને જીર્ણ એટલે જુના બંધાયેલા કર્મોનો અભાવ એટલે નાશ કરે છે. એવા નિઃકર્મી એટલે કર્મથી રહિત શુદ્ધાત્માને કોઈ કર્મો બાધારૂપ નહીં હોવાથી તે પોતાના સહજાત્મસ્વરૂપના અનાકુલ એટલે નિરાકુલ અર્થાત્ વિષયકષાયના આકુલિતભાવોથી રહિત પોતાના સહજ શુદ્ધ આત્મસ્વરૂપના આનંદમાં સદા મગ્ન રહે છે. તેથી શુભાશુભ કર્મના ફળનું ભાવથી તેમને વેદન નથી. માત્ર ઉદયાધીન જ્ઞાતાદૃષ્ટાપણે વર્તન કરે છે. ।।૫।।

**ભાવરોગના વિગમથી, અચલ અક્ષય નિરાબાધોજી;**
**પૂર્ણાનંદ દશા લહી, વિલસે સિદ્ધ સમાધોજી. ચો૦૬**

**અર્થ :—** ઉપરોક્ત જ્ઞાનીપુરુષોને વિષયકષાયરૂપ ભાવરોગના વિગમ એટલે નાશથી અચલ એટલે સ્થિર રહે એવી અક્ષય આત્માની નિરાબાધ એટલે બાધાપીડારહિત એવી પરમ સુખમય આત્મરિદ્ધિને પામે છે. તે આત્મજ્ઞાનના બળે આગળ વધી આત્માની પૂર્ણાનંદમય કેવળદશાને પ્રગટાવી આયુષ્યના અંતે સિદ્ધ દશાને પામી સર્વકાળને માટે સ્વરૂપ સમાધિમાં વિલાસ કરે છે, અર્થાત્ આત્માના અનંત આનંદના સર્વકાળને માટે ભોક્તા થાય છે. ।।૬।।

**શ્રી જિનચંદ્રની સેવના, પ્રગટે પુણ્ય પ્રધાનોજી;**
**સુમતિ સાગર અતિ ઉલ્લસે, સાધુરંગ પ્રભુ ધ્યાનોજી. ચો૦૭**

**અર્થ :–** જિનોમાં ચંદ્રમા સમાન એવા વીતરાગ પરમાત્માની સેવા એટલે એમની આજ્ઞા ઉઠાવવી એ તો ઘણા ઘણા પુણ્યના ઢગલા ભેગા થાય ત્યારે બને છે. સાધુ શ્રી સુમતિસાગર પુણ્યના પ્રભાવે સાધુઓની સેવા કરવામાં કે પ્રભુનું ધ્યાન ધરવામાં અતિ ઉલ્લાસ પરિણામના ધરનાર છે. ।।૭।।

**સુવિહિત ખરતર ગચ્છવરુ, રાજસાગર ઉવઝાયોજી;**
**જ્ઞાન ધર્મ પાઠક તણો, શિષ્ય સુજસ સુખદાયોજી.ચો૦૮**

**અર્થ :–** સુવિહિત એટલે સારી રીતે શાસ્ત્રના જાણકાર અને ખરતર ગચ્છમાં વરુ એટલે શ્રેષ્ઠ એવા શ્રી રાજસાર નામના ઉપાધ્યાય થયા. તેમના પછી શ્રી જ્ઞાનધર્મ નામના પાઠક એટલે ઉપાધ્યાય થયા. તેમના શિષ્ય શ્રી સુજસ એટલે રૂડા યશના ધણી એવા ઉપાધ્યાય શ્રી દીપચંદ્રજી મુનિ સર્વને સુખના આપનાર થયા. ।।૮।।

**દીપચંદ્ર પાઠક તણો, શિષ્ય સ્તવે જિનરાજોજી;**
**દેવચંદ્ર પદ સેવતાં, પૂર્ણાનંદ સમાજોજી. ચો૦૯**

**અર્થ :–** તે શ્રી દીપચંદ્રજી ઉપાધ્યાયના શિષ્ય શ્રી દેવચંદ્રજી મહારાજ આ ચોવીશ જિનેશ્વરોના સ્તવનો લખી તેમની ભાવપૂર્વક સ્તવના કરે છે અર્થાત્ સાચા અંતઃકરણના ભાવપૂર્વક તે ગુણોને મેળવવા અર્થે ભક્તિપૂર્વક તેમનું ગુણગાન કરે છે. કેમકે દેવોમાં ચંદ્રમા સમાન એવા વીતરાગ પરમાત્માના પદ એટલે ચરણકમળની સેવા કરતાં ભવ્યો, પૂર્ણાનંદના સમાજ એટલે સમૂહને સર્વકાળને માટે પામે છે, અર્થાત્ આત્માના અનંત આનંદને પામી શાશ્વત સુખસ્વરૂપ એવા મોક્ષપદને મેળવે છે.

---

# (૨૪) શ્રી મહાવીર સ્વામી

## શ્રી યશોવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(રાગ ધનાશ્રી)

**ગિરુઆ રે ગુણ તુમ તણા, શ્રી વર્દ્ધમાન જિનરાયા રે;**
**સુણતાં શ્રવણે અમી ઝરે, મારી નિર્મલ થાયે કાયા રે. ગિ૦૧**

**અર્થ :–** હે શ્રી વર્ધમાન જિનરાજ ! આપના ગુણો ગિરુઆ એટલે મોટા વિશાલ છે તેનું વર્ણન સાંભળતાં મારા કર્ણમાં જાણે અમૃત રેડાતું હોય તેવો



આનંદ આવે છે અને મારો દેહ પવિત્ર થાય છે.

**ભાવાર્થ :–** જન્મથી માંડીને જ્ઞાનાદિ ગુણે વૃદ્ધિ પામતા એવા શ્રી વર્દ્ધમાન પ્રભુ અપરનામ શ્રી મહાવીર સ્વામીની કર્ત્તા પુરુષ ખાસ તેમના ગુણને ઉદ્દેશીને સ્તુતિ કરે છે, તેમના ગુણ ગાય છે કે હે વર્દ્ધમાન જિનરાજ ! આપનામાં વિશિષ્ટ, ઉત્તમોત્તમ જ્ઞાન, દર્શન અને ચારિત્ર આદિ અનંત ગુણો રહ્યા છે, જેને લીધે આપ ત્રિજગતના જીવાજીવાદિ સૂક્ષ્મ તથા બાદર સમસ્ત પદાર્થોને, તેના ગુણો તથા પર્યાયોને સવિશેષપણે જાણી શકો છો, અને સ્વસ્વરૂપમાં રમણતા કરો છો. પૌદ્ગલિકભાવની રમણતાને તો સદાને માટે આપે તિલાંજલિ આપી દીધી છે. આવા આપના અનુપમ ગુણોનું વર્ણન કોઈ મુખેથી સાંભળતાં તો હું પરમ તૃપ્તિને પામું છું અને મારા કાનમાં જાણે અમૃત ઝરતું હોય એમ લાગે છે. તે વખતે ખાન, પાન, માન કે અપમાન સર્વ ભૂલી જાઉં છું. અને અસ્ખલિતપણે આપના ગુણોનું વર્ણન સાંભળ્યા જ કરું એમ મને થાય છે. તે વખતે આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ ત્રણે તાપમાત્રને ભૂલી જઈ અલૌકિક અને અવર્ણનીય આનંદ અનુભવુ છું, જે માત્ર મારું હૃદય જ સમજી શકે છે. અને આ સ્થિતિ થાય છે ત્યારે વગર સ્નાને, માત્ર આવા ઉત્તમ શ્રવણમાં મનની લીનતા થવાથી અને તે સાથે માનસિક ક્ષોભમાત્ર દૂર થવાથી મન ઉપરનું મલિન સંકલ્પ વિકલ્પરૂપ આવરણ ખસી જાય છે એટલે કાયા પણ નિર્મળ થાય છે. આ ભાવસ્નાન કર્યા વિનાનું દ્રવ્યસ્નાન નકામું છે. કહ્યું પણ છે કે ''અંતર મેલ મિટ્યો નહિ મનકો, ઉપર તન ક્યા ધોયા રે ?'' ઇત્યાદિ. ।।૧।।

**તુમ ગુણગણ ગંગાજલે, હું ઝીલીને નિર્મળ થાઉં રે;**
**અવર ન ધંધો આદરું, નિશદિન તોરા ગુણ ગાઉં રે. ગિ૦૨**

**અર્થ :–** તમારા ગુણના સમૂહરૂપી ગંગાજળમાં હું ઝીલીને નિર્મળ થાઉં છું, બીજો કોઈ ધંધો આદરવા ઇચ્છા નથી પણ રાતદિવસ એક માત્ર તમારા ગુણગાનમાં લીન રહું છું.

**ભાવાર્થ :–** કર્ત્તા કહે મને કોઈ પૂછે કે ''ભાઈ ! નિર્મળ તો ગંગાજળમાં સ્નાન કરવાથી થવાય'' તો હું એમ ઉત્તર આપું છું કે, હું પ્રભુના ગુણરૂપી ગંગાજળમાં સ્નાન કરું છું. એના ચિંતનમાં અવગાહન કરું છું, અને તેથી નિર્મળ થાઉં છું એટલે કર્મમળથી મુક્ત થાઉં છું. ખરું સ્નાન એ જ છે. રાત્રિ અને દિવસ પ્રભુના ગુણ ગાયા સિવાયનો કોઈ પણ ધંધો-પ્રવૃત્તિ હું કરતો નથી. ।।૨।।

**ઝીલ્યા જે ગંગાજળે, તે છિલ્લર જળ નવિ પેસે રે;**
**જે માલતી ફૂલે મોહીઆ, તે બાવળ જઈ નવિ બેસે રે. ગિ૦૩**
**એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યાને વળી માચ્યા રે;**
**તે કેમ પરસુર આદરું, જે પરનારી વશ રાચ્યા રે. ગિ૦૪**

**અર્થ :–** જે ગંગાજળમાં નાહ્યા હોય તે પછી ખાબોચીયાના મલિન જળમાં કેમ પેસે ? જે માલતીના ફૂલ ઉપર મોહિત થયો હોય તે ભમરો બાવળ ઉપર જઈને કેમ બેસે ? ન જ બેસે. એમ તમારા ગુણની વાર્તામાં રસપૂર્વક લીન થયેલા, રાચેલા માચેલા એવા અમે, જેઓ પરનારીને વશ થઈ તેમાં આસક્ત થયા છે એવા અન્ય દેવોને અમે કેમ સ્વીકારીએ ?

**ભાવાર્થ :–** વળી કહે છે કે જે મનુષ્યો ગંગા નદીના ઊંડા અને નિર્મળ જળમાં નાહ્યા હોય તેઓ ખાબોચીયાના છીછરા અને મેલા પાણીમાં સ્નાન કરવા પેસે નહીં અને માલતીના સુગંધી પુષ્પ ઉપર મોહિત થયેલો ભમરો બાવળના સુગંધરહિત પુષ્પ ઉપર જઈ બેસે નહીં.

તેમ હે પ્રભુ ! અમે તમારા ગુણની કથામાં આનંદપૂર્વક એકચિત્તવાળા થયા છીએ અને તેમાંજ અહોનિશ મશગુલ બન્યા છીએ તો હવે આપ જ કહો કે અમે હરિહરાદિ (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આદિ) અન્ય દેવો કે જેઓ પરનારીમાં આસક્ત બન્યા છે તેવા દેવોને કેમ ગ્રહણ કરીએ ? કેમ માન આપીએ ? કદી પણ ગ્રહણ ન કરીએ. કદી પણ માન ન આપીએ. આ સ્થિતિ સમ્યક્ત્વ ઉપરના દૃઢ રંગ-રાગને સૂચવે છે. સર્વગુણી તો વીતરાગ છે; તેમના ગુણોમાં જેનું ચિત્ત ચોંટી જાય તે પછી ગુણહીન અને દુર્ગુણી એવા અન્ય દેવને દેવ તરીકે કેમ સ્વીકારે ? કુદેવમાં દેવબુદ્ધિ કેમ ધરે ? ન જ ધરે ! એ લેશ પણ ખોટું કે અતિશયોક્તિ ભરેલું કથન નથી પણ વિવાદ વગરનું સત્ય છે. ॥૩-૪॥

**તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે;**
**વાચક યશ કહે માહરે, તું જીવ-જીવન આધારો રે. ગિ૦૫**

**અર્થ :–** હે ભગવંત ! તું જ મારી ગતિનો આધાર છો અને તું જ મારી મતિ એટલે સમ્યક્ત્વબુદ્ધિનો આધાર છો તથા તુંજ મને પરમ અવલંબનરૂપ છો તેમજ તારા પ્રત્યે જ મને અત્યંત પ્રેમ આવે છે. વાચક શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે મારા જીવને જીવવાના આધારરૂપ પણ તું જ છો.



**ભાવાર્થ :–** પ્રભુ ઉપર ગાઢ પ્રીતિ એ સમ્યક્ત્વનું ખાસ લક્ષણ છે. તે પ્રકટ થયું હોય ત્યારે આ છેલ્લી ગાથામાં જણાવ્યા પ્રમાણેના ઉદ્ગારો જીવને સ્વાભાવિક રીતે ઉદ્ભવે છે. વાચક શ્રી યશોવિજયજી કહે છે કે હે પ્રભુ ! મને તમારા ઉત્તમ ગુણોમાં એટલો બધો રાગ ઉત્પન્ન થયો છે કે તમારી પાસે વારંવાર આવવાનું સ્વાભાવિક રીતે વલણ થાય છે. અન્ય સ્થળે કે અન્ય દેવની પાસે જવાનું મન જ થતુ ંનથી. મારી બુદ્ધિ અન્ય વિચારને છોડી દઈ તમારામાં જ, તમારા સ્વરૂપની વિચારણામાં જ લીન થયેલી છે. કોઈપણ પ્રકારની માનસિક ચંચળતાના વખતે મને તમારો જ આશ્રય છે. તમારા આશ્રયે આવું છું ત્યારે મારા મનના તમામ ઉભરાઓ શમી જાય છે અને તેને સ્થાને અનહદ શાંતિ પ્રગટે છે. તે વખતે જાણે આપના તરફથી મને કોઈ ગુપ્ત દિલાસો મળતો હોય એવો અનુભવ થાય છે. વળી મુક્તિસ્થાન મેળવતાં સુધી તમે મને પરમ આલંબન–નિમિત્તરૂપ છો. એ નિમિત્ત વડે હું અનુપમ મોક્ષસુખ મેળવી શકીશ એવી મને પૂર્ણ પ્રતીતિ છે. તેમજ જગતમાં કોઈપણ સર્વોત્કૃષ્ટ ઇષ્ટ હોય તો એક વીતરાગ દેવ તમે જ છો. વિષય, કષાય, વિકથા, સ્નેહ અને નિદ્રારૂપ પાંચ પ્રમાદે કરી અહોનિશ આશ્રવમાં પડેલા એવા મને, ક્ષણે ક્ષણે કર્મબંધનોથી જે ભયંકર ભાવમરણ થાય છે તેમાંથી બચવા માટે, તમારો જ મને પૂર્ણ આધાર છે. જો તમારો આધાર ન હોય તો, દીર્ઘકાળ પર્યંત પુનઃ પુનઃ જન્મમરણ વડે થતાં ભવભ્રમણથી મારી શી વલે થાય ? તે હું કલ્પી શકતો નથી. આ ગાથામાં પ્રભુને માટે એક વચન વાપરેલું છે તે પ્રભુ પ્રત્યેની પરમભક્તિના કારણે છે.

આ સ્તવનમાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ પોતાની શુદ્ધ સમ્યક્ત્વદશા બતાવી છે. તેવા ઉજ્જવળ આત્માઓ પ્રભુ પ્રત્યે આ ગાથામાં બતાવ્યા પ્રમાણેનો ભાવ ધરાવી શકે. ઉત્તમ જીવોએ આ ગાથાનું વારંવાર મનન કરી તેમાં બતાવેલો જિનરાજ પ્રત્યેનો ભક્તિભાવ હૃદયમાં પ્રગટ થાય તેવો પ્રયત્ન કરવા યોગ્ય છે. નિરંતર તેવા પ્રકારના ચિંતનથી એ ભાવ પ્રગટ થઈ શકે એમ છે. પરિત્તસંસારી જીવ સિવાય અન્ય બહુલ સંસારી જીવોના હૃદયમાં આવો અપૂર્વ ભક્તિભાવ પ્રગટ થઈ શકે નહીં. ખરી આવશ્યકતા તો પરમાત્માના ગુણો ઉપર પ્રીતિ ઉત્પન્ન કરવાની છે. એવી પ્રીતિ જે જીવને ઉત્પન્ન થાય તેને કેવળજ્ઞાનનું બીજ એવું સમ્યક્દર્શન પ્રાપ્ત થવા યોગ્ય છે. એ વિષયમાં શ્રીમદ્જી જણાવે છે કે :–

"પરપ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં;
વહ કેવળકો બીજ ગ્યાની કહે, નિજકો અનુભૌ બતલાઈદિયે."

---

## (૨૪) શ્રી મહાવીર સ્વામી

### શ્રી મોહનવિજયજીકૃત વર્તમાન ચોવીશી સ્તવન

(પછેડાની દેશી)

**દુર્લભ ભવ લહી દોહિલો રે, કહો તરીએ કવણ ઉપાય રે;**
**પ્રભુજીને વીનવું રે;**
**સમકિત સાચા સાચવું રે, વાલા તે કરણી કિમ થાય રે. પ્ર૦૧**

**અર્થ :—** હે પ્રભુ! દુર્લભ મનુષ્ય ભવ પામ્યા છીએ તો કયા ઉપાયથી અમે સંસાર સમુદ્રને તરીએ. અને સમકિતને કેમ સાચવીએ. તે માટેની અમારે શી કરણી કરવી જોઈએ. તે જાણવા અર્થે પ્રભુજીને વિનંતિ કરું છું.

**ભાવાર્થ :—** આ ગાથામાં પ્રશ્ન કરાય છે કે હે પ્રભુ! અત્યંત દુર્લભ એવા મનુષ્યભવને પામી કયા ઉપાયે અમે આ સંસારરૂપી સમુદ્રને તરી શકીએ અને સાચા એવા સમકિતને કેવી રીતે સાચવીએ. અને તેની કરણી કેવા પ્રકારે થાય, તેનું સ્વરૂપ અમને બતાવો, એવી આપ પ્રભુને અમારી વિનંતિ છે. તેનો જવાબ હવે પછીની ગાથામાં આપવામાં આવ્યો છે. ।।૧।।

**અશુભ મોહ જો મેટીએ રે, કાંઈ શુભ પ્રભુને જાય રે; પ્ર૦**
**નીરાગે પ્રભુ ધ્યાઈએ રે, કાંઈ તો પિણ રાગ કહાય રે.પ્ર૦૨**

**અર્થ :—** જવાબમાં પ્રભુ કહે—જો અશુભ મોહનો ત્યાગ થાય તો કાંઈ શુભ રાગ પ્રભુ પ્રત્યે થાય. નીરાગે એટલે સંસારનો રાગ છોડી પ્રભુનું ધ્યાવન કરીશું ત્યારે પણ તે રાગ જ કહેવાશે. પણ તે શુભ રાગ હોવાથી અશુભ રાગનો નાશ કરનાર થશે, અને શુદ્ધ ભાવની પ્રાપ્તિનું કારણ બનશે. માટે પ્રથમ પ્રભુ પ્રત્યે રાગ એટલે પ્રેમ ભક્તિ કર્તવ્ય છે.

**ભાવાર્થ :—** અશુભ મોહને તજી દઈ મોહ રહિત પ્રભુનું અવલંબન લઈ તેમનો સહવાસ કરીએ તો તેમાં પણ શુભ રાગ તો રહે જ છે. રાગ જતો નથી. પણ અશુભને દૂર કરવા માટે પ્રથમ શુભ રાગની જરૂર છે. તે વિના શુદ્ધ ભાવ પ્રાપ્ત થતો નથી. ।।૨।।



**નામ ધ્યાતાં જો ધ્યાઈએ રે, કાંઈ પ્રેમ વિના નવિ તાન રે; પ્ર૦**
**મોહ વિકાર જિહાં તિહાં રે, કાંઈ કિમ તરીએ ગુણધામ રે. પ્ર૦૩**

**અર્થ :—** પ્રભુના નામનું ધ્યાન કરીએ તો પણ પ્રેમ વિના તે ભક્તિમાં તાન આવતી નથી. મોહના વિકારો જગતમાં જ્યાં ત્યાં પથરાયેલા છે માટે હે ગુણના ધામરૂપ પ્રભુ! અમે કેવી રીતે આ સંસારસમુદ્રને તરી શકીએ. તેનો ઉપાય મેળવવા આપને વિનવીએ છીએ.

**ભાવાર્થ :—** રાગદ્વેષ દૂર કરવામાં પણ પ્રભુ પ્રત્યેનો પ્રશસ્ત પ્રેમ જોઈએ. પ્રશસ્ત પ્રેમ અપ્રશસ્ત પ્રેમને હઠાવે છે. પછી શુદ્ધ ભાવની પ્રાપ્તિ થઈ સંપૂર્ણ નિરાગી અવસ્થા પ્રાપ્ત થાય છે. અત્યાર સુધી તેવી અવસ્થા પ્રાપ્ત થઈ નથી. પ્રશસ્ત પ્રેમ વિના ભક્તિમાં તલ્લીનતા આવતી નથી. આવો કારણ કાર્ય સંબંધ વિચારવા યોગ્ય છે. આટલી અવસ્થા પ્રાપ્ત થયે છતે પણ મોહના વિકારો દરેક સ્થળે મુંઝવ્યા કરે છે. તો હે ગુણના ધામરૂપ પ્રભુ મહાવીર દેવ! આપને પૂછીએ છીએ કે આ સંસાર સમુદ્રથી અમારે કેવી રીતે પાર ઊતરવું. ।।૩।।

**મોહ બંધ જ બાંધીઓ રે, કાંઈ બંધ જહાં નહિ સોય રે;પ્ર૦**
**કર્મ બંધ ન કીજીએ રે, કાંઈ કર્મબંધન ગયે જોય રે. પ્ર૦૪**

**અર્થ :—** પ્રભુ જવાબમાં કહે છે કે અનાદિકાળથી જીવ મોહના બંધનથી બંધાયેલો છે. પણ જ્યાં કર્મબંધ નથી તે મુક્ત અવસ્થા છે. હવે તે મુક્ત અવસ્થારૂપ મોક્ષ મેળવવો હોય તો નવીન કર્મબંધ કરવા નહીં. અને જુના બંધાયેલા કર્મો પણ કેવી રીતે જાય, નાશ પામે તેનો ઉપાય શોધવો જોઈએ.

**ભાવાર્થ :—** ઉપરની ગાથામાં પ્રશ્નના જવાબરૂપે જાણે પ્રભુ આપણને કહી રહ્યા છે કે હે ભક્તજન! તું મોહથી બંધાયેલો છું. જ્યાં નવીન કર્મનો બંધ ન હોય, ત્યાં શિવસુખરૂપ ધ્યેય પ્રાપ્ત કરી શકાય. માટે નવીન કર્મબંધ કરવો નહીં. કર્મબંધના હેતુઓ પાંચ છે. તે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ છે. તે મિથ્યાત્વ, કષાય આદિને નિવારવા માટે પ્રયત્ન કરવો જોઈએ. જેથી મોહના વિકારો નાશ પામી આત્મસિદ્ધિની પ્રાપ્તિ થાય. ।।૪।।

**તેહમાં શો પાડ ચડાવીએ રે, કાંઈ તુમે શ્રી મહારાજ રે; પ્ર૦**
**વિણ કરણી જો તારશો રે, કાંઈ સાચા શ્રી જિનરાજ રે. પ્ર૦૫**

**અર્થ :—** હે પ્રભુ! અમે અમારા કર્મોને, પુરુષાર્થ વડે દૂર કરીએ, તેમાં આપનો શો ઉપકાર ? પણ કાંઈ કરણી વગર અમને જો તારશો તો આપ સાચા

જિનરાજ કહેવાશો. અને આપનો ઘણો ઉપકાર અમે માનીશું.

**ભાવાર્થ :–** જ્યારે અમે અમારી સ્વયંમેવ શક્તિથી કર્મના બંધ હેતુ અટકાવી દઈએ, અને શિવસુખરૂપ ધ્યેય મેળવીએ, તો તેમાં પ્રભુ આપનો શો પાડ માનીએ અથવા શો ઉપકાર માનીએ ? પરંતુ અમે કર્મને અટકાવવા કંઈ પુરુષાર્થ ન કરીએ, અને આપ અમારા ઉપર ઉપકાર કરીને અમને તારો, તો તેમાં અમે તમારો જરૂર ઉપકાર માનીએ. આવા શબ્દો પ્રભુને ઓલંભારૂપ છે. પ્રીતિ અને ભક્તિ વધારવામાં કારણભૂત છે. એમ જાણી તર્ક, વિતર્ક કે આશાતના, શંકા કરવા યોગ્ય નથી. ।।૫।।

**પ્રેમ મગન નીભાવતા રે, કાંઈ ભાવ તિહાં ભવનાશ રે; પ્ર૦**
**ભાવ તિહાં ભગવંત છે રે, કાંઈ ઉપદિશે આતમ સાસ રે. પ્ર૦૬**

**અર્થ :–** પ્રભુ ભક્તિમાં મગ્ન થવાની ભાવનાને સદૈવ નીભાવવી એ જ સાચી ભાવના છે. અને એવા ભાવથી જ ભવનો નાશ થાય છે. સાચા અંતરના ભાવ છે ત્યાં ભગવાનનો વાસ છે. એમ જેને શ્વાસોશ્વાસે આત્મધ્યાન છે એવા જ્ઞાનીપુરુષોએ ઉપદેશ્યું છે.

**ભાવાર્થ :–** જ્યારે આત્મા પ્રભુ પ્રેમમાં મગ્ન થઈ જાય છે ત્યારે જેના પ્રત્યે તે પ્રેમમગ્ન થયો, તેનો તે ભાવુક બની ગયો. તેને નીભાવતા તે સ્વરૂપની ભાવનાવાળો થાય છે. જ્યાં ઉત્તમ ભાવ છે ત્યાં ભવનો એટલે સંસારનો નાશ છે. જ્યાં ભાવ છે ત્યાં ભગવાન છે. ભગવાન ભાવનાના ભૂખ્યા છે. માટે ભગવાન સાથે એકમેક થવાને અર્થે વિશેષ શુભભાવ કેળવવો જોઈએ. એમ શ્વાસોશ્વાસે આત્મામાં રમનારા પુરુષો ઉપદેશે છે. ।।૬।।

**પૂરણ ઘટાભ્યંતર ભર્યો રે, કાંઈ અનુભવ અનુહાર રે; પ્ર૦**
**આતમ ધ્યાને ઓળખી રે, કાંઈ તરશું ભવનો પાર રે. પ્ર૦૭**

**અર્થ :–** અનુભવજ્ઞાનના આધારે વિચારતાં, આપણો આત્મા પૂર્ણ ઘટ એટલે ઘડો હોય અર્થાત્ ગુણરૂપ પાણીથી પૂર્ણ ભરેલો હોય, એવો ચિતાર ખડો કરે છે, એવા પૂર્ણ સુખના સ્થાનરૂપ આ આત્માને આપની કૃપાએ આત્મધ્યાનથી ઓળખી અમે સંસાર સમુદ્રનો પાર પામીશું.

**ભાવાર્થ :–** અનુભવજ્ઞાનથી વિચાર કરવામાં આવે તો જેમ ઘટ અંદરથી જલપૂર્ણ હોય, તેમ આત્મારૂપી ''ઘટ'' ગુણરૂપ જળથી ભરેલો છે. ઘડાની અંદર જેમ પાણી હોય પણ બહારથી ઘડાની ઠીકરી દેખાય. તેમ બાહ્યદૃષ્ટિથી તો



આત્મા શરીરધારી જ દેખાય છે. પરંતુ અભ્યંતર દૃષ્ટિથી જોતાં તે આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ વગેરે ગુણોથી ભરેલો છે. એમ તત્ત્વજ્ઞાનીઓને અનુભવાય છે. એવા આપ તત્ત્વજ્ઞાનીઓના માર્ગદર્શનથી અમે પણ અનુભવજ્ઞાનથી અર્થાત્ આત્મધ્યાનથી આત્માને ઓળખી, સંસારનો પાર પામીશું. એવું આપને મનના આનંદ માટે વિનવીએ છીએ. ।।૭।।

**વર્ધમાન મુજ વિનતી રે, કાંઈ માનજો નિશદિશ રે; પ્ર૦**
**મોહન કહે મનમંદિરે રે, કાંઈ વસિયો તું વિશ્વાવીશ રે. પ્ર૦૮**

**અર્થ :–** હે મહાવીર પ્રભુ ! મારી કરેલી વિનંતિને આપ હમેશાં માન્ય રાખજો. કવિ શ્રી મોહનવિજયજી પોતાના અનુભવથી કહે છે કે પ્રભુ મહાવીર મારા મનરૂપી મંદિરમાં વિશ્વાવીશ એટલે સંપૂર્ણપણે વસેલા છે.

**ભાવાર્થ :–** હવે સ્તવનના ભાવનો ઉપસંહાર કરતાં કવિ શ્રી મોહન-વિજયજી મહારાજ કહે છે કે મારી વિનંતિને આપ નિરંતર ધ્યાનમાં રાખજો. હે પ્રભુ ! મારા મનમંદિરમાં આપે વાસ કર્યો છે તેથી જ હું વ્યવહારનયને કે નિશ્ચય-નયને યથાસ્થાને આપની ભક્તિના બળે સ્તવનમાં ગૂંથી શક્યો છું. એવી ભક્તિ સદા સર્વદા અખંડપણે મારા અંતર્આત્મામાં બની રહો એવી આપ પ્રભુ પ્રત્યે મારી નમ્ર પ્રાર્થના છે, જે ફળીભૂત થાઓ. ।।૮।।

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

## શ્રી આનંદઘનજીનું જીવનચરિત્ર

શ્રી આનંદઘનજી મહારાજે નથી પોતાનું જીવનચરિત્ર લખ્યું કે નથી માતાપિતા કે ગામનું નામ જણાવ્યું. બહુ મહેનત કરતા માત્ર એટલું જાણવા મળ્યું કે તેઓ બુંદેલખંડમાં જન્મ્યા હતા. બાળવયમાં જ વૈરાગી હોવાથી તેમણે જૈન મુનિ પાસે દીક્ષા લીધી હતી. એમનું નામ લાભાનંદ રાખવામાં આવ્યું હતું. એ સ્વાધ્યાય અને ધ્યાનમાં જ સદા મગ્ન રહેતા હતા. નીડર અને ચારિત્રવાન હોવાથી એમને જોતાં જ હરકોઈના હૃદય પર પવિત્રતાની છાપ પડતી. એ લાભાનંદ શ્રી આનંદઘનજીના નામથી પછી ઓળખાયા.

સંવત્‌૧૭૦૦ અને સં.૧૮૦૦ વચ્ચેની આ વાત છે. મારવાડમાં મેડતા મોટું શહેર ગણાતું. ત્યાં શ્રી આનંદઘનજી મહારાજ વિહાર કરતા કરતા આ શહેરમાં આવ્યા. ત્યાંના શ્રાવકો એમનું ભવ્ય લલાટ જોઈ મુગ્ધ થતા અને એમની સમતારસથી ભરપૂર આંખો જોઈ નમી પડતા.

### વ્યાખ્યાન તો વ્યાખ્યાનની વેળા એ જ શરૂ થાય

એક ગામમાં એક શેઠ હતા. તે આનંદઘનજીની આહારપાણી વગેરેથી બહુ ભક્તિ કરતા. એવામાં પર્યુષણ પર્વ આવ્યા. એ ગામમાં એવો રિવાજ કે એ શેઠ આવ્યા પછી જ વ્યાખ્યાન શરૂ થાય.

એક દિવસ વ્યાખ્યાનનો સમય થતાં શ્રી આનંદઘનજી મહારાજે વ્યાખ્યાન શરૂ કર્યું. ત્યાં બેઠેલા શ્રાવકો કહેવા લાગ્યા કે શેઠ આવ્યા નથી; એ આવ્યા પછી વ્યાખ્યાન શરૂ કરો. ત્યારે શ્રી આનંદઘનજી બોલ્યા—વ્યાખ્યાન તો વ્યાખ્યાનની વેળાએ જ શરૂ થાય, એમ કહી વ્યાખ્યાન શરૂ કર્યું. શેઠ મોડા આવ્યા. વ્યાખ્યાન પૂરું થયે, શેઠ શ્રી આનંદઘનજીને કહેવા લાગ્યા કે થોડીવાર થોભવું તો હતું, મારા આવ્યા પહેલાં વ્યાખ્યાન શરૂ કરી દીધું. શ્રી આનંદઘનજી બોલ્યા—મહાનુભાવ ! આગમોમાં કહેલા સમયે સૂત્ર વાંચવું જોઈએ તે પ્રમાણે કર્યું છે.

શેઠ કહે—અહીં તો રિવાજ છે કે મારા આવ્યા પછી જ આ ઉપાશ્રયમાં વ્યાખ્યાન શરૂ થાય, નહીં તો આ ઉપાશ્રયમાં રહી શકે નહીં. વળી હું આપને આહારપાણી કપડાં વગેરે વહોરાવું છું એનો ખ્યાલ પણ આપે કરવો જોઈએ.

શેઠના આવા અયોગ્ય વચનો સાંભળી શ્રી આનંદઘનજીએ શાંતિથી કહ્યું—ભાઈ ! તારો આપેલો આહાર તો ખવાઈ ગયો. આ રહ્યા કપડાં. તારી ઇચ્છાથી વિરુદ્ધ ઉપાશ્રયમાં રહેવું નથી. એમ કહી તેઓ જંગલમાં ચાલ્યા ગયા.



### બાદશાહકા બેટા ખડા રહે

એકવાર દિલ્હીના બાદશાહના પુત્ર શાહજાદાએ શ્રી આનંદઘનજીને જોયા ત્યારે કહ્યું—કેમ સાંઈબાવા મફતની રોટી પચાવવા જંગલમાં ઘૂમો છો ? ના ભાઈ ! હું તો ખુદાને ઢુંઢનારો છું. શાહજાદો કહે—ખુદા વળી છે જ ક્યાં ? ખુદા હોય તો પણ તમારા જેવા જોગટાઓને મળતા હશે ? શ્રી આનંદઘનજી કહે—હે જુવાન ! સાધુ સંતોની હાંસી કરવાનું પરિણામ સારું નથી.

તમે તો ભારે ચબરાક લાગો છો ? શ્રી આનંદઘનજીની મશ્કરી કરતાં તે બોલ્યો. શ્રી આનંદઘનજી બોલ્યા—"શા માટે બાળચેષ્ટા કરે છે ? સંતો અને ફકીરોને ખીજવી તું શું સાર કાઢવાનો ?

ત્યારે શાહજાદો કહે—તમે મને શું કરવાના હતા ? તમારા જેવા સેંકડોને મેં સીધા કરી દીધા છે સમજ્યા ?

શ્રી આનંદઘનજીએ મનમાં વિચાર કર્યો કે આ કોઈ રીતે માનવાનો નથી. સાધુ સંતોને હમેશાં પજવતો હશે. માટે તેને જરા પરચો બતાવવો જોઈએ. આમ વિચારી તેમણે પોતાનો જમણો હાથ ઊંચો કર્યો અને બોલ્યા : "બાદશાહ કા બેટા ખડા રહે."

એમ બોલતા જ ઘોડાની પીઠ પર શાહજાદો ચોંટી ગયો. તે વિચારવા લાગ્યો કે આ કેવો ચમત્કાર ! ઊંચો નીચો થવા ઘણો પ્રયત્ન કર્યો છતાં કાંઈ વળ્યું નહીં. બે ત્રણ કલાક થયા છતાં શાહજાદો આવ્યો નહીં. તેથી તેના અંગરક્ષકો આવ્યા અને જોયું તો તે ચોંટી ગયો છે. તેને પૂછ્યું ત્યારે કહ્યું કે મે એક યતિની મશ્કરી કરી તેથી આવી દશા થઈ છે. તે તો બાદશાહ કા બેટા ખડા રહે એમ કહી ઉત્તર તરફ ચાલ્યા ગયા છે. સૈનિકો શ્રી આનંદઘનજીને શોધતાં તેઓ એક ગુફામાં મળી આવ્યા. ત્યાં તેઓ ધ્યાનમાં મગ્ન હતા. પછી આંખ ખોલી અને બોલ્યા—'વત્સો ! શાહજાદા પાસેથી આવ્યા લાગો છો. કહો શું સમાચાર છે ! 'પ્રભો ! શાહજાદો અને તેનો ઘોડો ચોંટી ગયા છે. તેના પર અનુગ્રહ કરો.

શ્રી આનંદઘનજીએ કહ્યું—તેના પર અનુગ્રહ જ છે. તેને કહેજો કે સાધુ સંતોની છેડતી ન કરે. "જાવ આનંદઘનનો બોલ છે કે બાદશાહકા બેટા ચલેગા."

### ગુફાઓ તથા સ્મશાનમાં નિડરપણે ધ્યાન

શ્રી આનંદઘનજી આબુજી વગેરેની અનેક ગુફાઓમાં ધ્યાન કરતા. ત્યાં

અનેક યોગીઓ આવતા અને શ્રી આનંદઘનજી સાથે વાર્તાલાપ કરતા; ત્યારે શ્રી વીતરાગધર્મનો તેઓને ઉપદેશ આપતા. તેથી તેઓ આનંદ પામતા હતા.

કોઈ વખત રાત્રિમાં સર્પો, સિંહ આદિ હિંસક પ્રાણીઓ પણ શ્રી આનંદઘનજી પાસે આવી બેસી રહેતા. સ્મશાનમાં પણ કાઉસગ્ગ ધ્યાનમાં નિર્ભય દશામાં તેઓ બેસી રહેતા હતા.

## પતિ સાથે બળી, સતી થતી બાઈને શ્રી આનંદઘનજીનો ઉપદેશ

**સતી થવા તૈયાર થયેલ બાઈનું દૃષ્ટાંત –** મેવાડમાં શ્રી આનંદઘનજી મહારાજ વિચરતા હતા. જંગલમાં જતાં સ્મશાન ભૂમિ આવી. ત્યાં એક મોટી ચિતા ખડકેલી જોઈ અને પાસે એક શબ પડેલું દીઠું. આજુબાજુ શોકાતુર ચહેરે ડાઘુઓ બેઠેલા હતા. નજીકમાં જ એક શેઠની પુત્રી વિધવા થયેલી પોતાના મરણ પામેલા પતિ સાથે બળી સતી થવા તૈયાર થઈને ઊભી હતી. તે જોઈ આનંદઘનજીએ તે બાઈને પૂછ્યું કે તું તારા ખરા પતિને ઓળખે છે? ઓળખ્યા વિના કોની સાથે બળવા તૈયાર થઈ છું?

તે સાંભળી સ્ત્રીએ જવાબ આપ્યો કે 'હું મારા પતિને ઓળખું છું. આ શબ તેમનું જ છે. તેમની સાથે સતી થઈ તેમને સ્વર્ગમાં ભેટવા જઉં છું.

શ્રી આનંદઘનજીએ જવાબમાં કહ્યું કે બાઈ તું ભૂલે છે. આ પતિપત્નીનો સંબંધ આ જન્મ પૂરતો જ છે. મૃત્યુ પછી સૌ જીવો પોતપોતાના કર્મ અનુસાર ગતિને પામે છે. આમ સતી થવાથી તેનાથી મેળાપ થાય જ એવું ચોક્કસ નથી. તું તેના આત્માને પતિ માનતી હોય તો તે આત્માનો નાશ નથી, તે આત્મા તો બીજી ગતિને પામેલ છે. અને તું તેના શરીરને જ પતિ માનતી હોય તો તે આ રહ્યું. અને જો તે તારો સાચો પતિ જ હોત તો તને અહીં એકલી મૂકીને પરલોકે કેમ જાત! માટે આવા નાશવંત જગતના પતિનો મોહ છોડી, શાશ્વત સુખસ્વરૂપ એવા પરમાત્મારૂપ પતિ સાથે સ્નેહ સંબંધ જોડ કે જેથી તારું સર્વકાળનું દુઃખ સર્વ પ્રકારે નષ્ટ થાય; અને ફરી કદી જન્મ ધારણ કરીને આવી રીતે બળવાનો પ્રસંગ આવે નહીં.

આ ઉપદેશ શેઠની પુત્રીને ગળે સોંસરો ઊતરી ગયો. સતી થવાનો વિચાર માંડી વાળ્યો અને ત્યાગધર્મ સ્વીકારી પ્રભુ ભક્તિમાં તે તન્મય થઈ ગઈ.



શ્રી આનંદઘનજી મહારાજ આ જ પ્રસંગને ભગવાન ઋષભદેવના સ્તવનમાં આલેખે છે કે :

**"ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;**
**રીઝ્યો સાહેબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત." -ઋ૦**

## સુવર્ણ સિદ્ધિથી આત્મજ્ઞાન થાય?

શ્રી આનંદઘનજીને એક યોગી સાથે પરિચય હતો. તેથી તેણે સુવર્ણ બનાવવા માટે રસ એક બોટલમાં ભરી શ્રી આનંદઘનજી પાસે એક શિષ્યને મોકલ્યો. તે રસ શ્રી આનંદઘનજી ધ્યાનમાંથી ઊઠ્યા ત્યારે તેમની આગળ મૂક્યો. તે લઈ સીસો ઢોળી નાખ્યો અને બોલ્યા—સુવર્ણ બનાવવાથી આત્મજ્ઞાન થવાનું છે? શિષ્ય કહે—લોકોને વશ કરવા માટે બનાવ્યું છે. ત્યારે શ્રી આનંદઘનજીએ કહ્યું: લોકોને વશ કરવાથી આત્માનું કલ્યાણ નથી, અને રસ વડે સુવર્ણ બનાવવું એ કાંઈ મોટી વાત નથી. એમ કહી એક મોટી શિલા ઉપર લઘુશંકા કરવાથી આખી શિલા જ સોનાની બની ગઈ. જ્ઞાનીઓને મન સુવર્ણની કિંમત નથી. પણ એમના મનમાં તો આત્મા જ અમૂલ્ય છે. તે આત્મધ્યાનમાં રહી અનંત નિરાકુળ સુખ અનુભવવું એ માટે જ તેમનો સદા પુરુષાર્થ હોય છે.

## કપડાંમાં તાવના પુદ્ગલો

શ્રી આનંદઘનજીના આવા ચમત્કારો, બાવા વગેરે દ્વારા લોકોમાં ફેલાઈ ગયા. જોધપુરના રાજાને ખબર પડવાથી તે મુનિરાજના દર્શન કરવા આવ્યો. શ્રી આનંદઘનજીના શરીરમાં સખત તાવ હતો. રાજાનું આગમન જાણી શ્રી આનંદઘનજીએ પોતાના કપડામાં તાવને ઉતારી જરા દૂર કોઈ વસ્તુ પર તે કપડું મૂક્યું. અને પોતે શાંતિથી રાજાને ઉપદેશ દેવા લાગ્યા. થોડીવાર પછી રાજાની નજર એ પત્થર પર પડી ત્યારે તે વસ્ત્ર ધ્રૂજતું જોયું. તેથી રાજાએ શ્રી આનંદ-ઘનજીને પૂછ્યું કે આ કેમ ધ્રુજે છે? ત્યારે શ્રી આનંદઘજીએ કહ્યું—કપડાંમાં તાવના પુદ્ગલો મૂક્યા છે. રાજન્ તારી સાથે વાત કરવી હતી તેથી મેં કપડાંને દૂર કર્યું હતું. હવે તેને લઈશ. એવી અનેક શક્તિઓ એમનામાં પ્રગટ હતી. એ બધી શક્તિઓ પ્રત્યેક આત્મામાં રહેલી છે.

## રાજારાણી મિલે ઉસમેં આનંદઘનકું ક્યા?

એકવાર જોધપુરના રાજાની પટ્ટરાણીને રાજા સાથે અણબનાવ થયો.

તેથી રાણીએ રાજાને વશ કરવા માટે અનેક ઉપાય કર્યા, છતાં કંઈ થયું નહીં. પછી શ્રી આનંદઘનજીની પ્રશંસા સાંભળીને તેમની પાસે આવી અને કહ્યું કે મારા પર કૃપા કરી કોઈ યંત્ર કરી આપો કે રાજા મારા પર પ્રીતિવાળો થાય. ત્યારે શ્રી આનંદઘનજીએ એક કાગળ પર લખી આપ્યું કે "રાજારાણી મિલે ઉસમેં આનંદઘનકું ક્યા ?" એ કાગળ લઈ રાણીએ યંત્ર જાણી માદળીયામાં મઢાવી હાથે બાંધી દીધું. તે દિવસથી રાજા તેની પાસે આવ્યો. એક દિવસ બીજી રાણીઓએ રાજાને કહ્યું કે શ્રી આનંદઘનજી પાસેથી યંત્ર બનાવી લાવી રાણીએ તમને વશ કર્યા છે. તેથી રાજાએ તે માદળીયાને ખોલીને જોયું તો તેમાં ઉપર પ્રમાણે લખેલું હતું. તે વાંચી રાજા આશ્ચર્ય પામ્યો. -શ્રીઆનંદઘનજીના જીવનચરિત્રમાંથી

## શ્રી દેવચંદ્રજીનું જીવનચરિત્ર

મારવાડમાં બિકાનેર પાસેના એક ગામમાં ઓસવાલ વંશીય લૂણીયા ગોત્રના શાહ તુલસીદાસજી વસતા હતા. તેને ધનબાઈ નામની ભાર્યા હતી. ઉપાધ્યાય રાજસાગરજી આવતાં ધનબાઈએ તેમને જણાવ્યું કે પોતાને જો પુત્ર થશે તો તે ગુરુને ભાવપૂર્વક વહોરાવશે. ધનબાઈને ગર્ભ વધતો ચાલ્યો, અને શુભ સ્વપ્નો આવવા લાગ્યાં. ત્યાં આચાર્ય શ્રી જિનચંદ્રસૂરિ વિહાર કરતાં કરતાં તે ગામે આવી ચડ્યા, અને તેમને દંપતીએ આવેલ સ્વપ્નો જણાવ્યા. તે પરથી તેમણે સ્વપ્નશાસ્ત્રના આધારે જણાવ્યું કે આ પુત્ર એક મહાન વિભૂતિ થશે, કાં તો તે છત્રપતિ થશે અને કાં તો દીક્ષા લેશે. જિનચંદ્રસૂરિ ગયા પછી સં. ૧૭૪૬માં પુત્ર જન્મ્યો અને તેનું નામ દેવચંદ્ર રાખવામાં આવ્યું.

વિહાર કરતાં કરતાં રાજસાગરજી વાચક પધાર્યા, માતાપિતાએ દેવચંદ્રને વહોરાવ્યો. શુભ મુહૂર્તે ગુરુએ સં.૧૭૫૬માં તેને લઘુદીક્ષા આપી. પછી જિનચંદ્રસૂરિએ વડી દીક્ષા આપી. નામ રાજવિમલ રાખવામાં આવ્યું.

શ્રી રાજસાગરજીએ દેવચંદ્રજીને સરસ્વતી એટલે વિદ્યા મંત્ર આપ્યો. તેનું ધ્યાન બેલાડા ગામમાં ભૂમિગૃહમાં યથાર્થ કરતાં વિદ્યાએ રસનામાં વાસ કર્યો. પછી શાસ્ત્રાભ્યાસ શરૂ કર્યો.

વિહાર કરતા કરતા રાજનગર (અમદાવાદ) આવ્યા. ત્યાં અમૃત સમાન ઉપદેશના શ્રવણથી માણેકલાલજી નામે એક શ્રાવકને ઢુંઢક સાથે પરિચય હોવાથી પ્રતિમા પૂજા કરવાની શ્રદ્ધા ડગી ગયેલી, તેને આ બોધથી ઘણી જ ઉત્તમ અસર



થઈ. શ્રી દેવચંદ્રજીએ પણ તેને ઉપદેશ આપી પ્રતિમા પૂજાની દૃઢ શ્રદ્ધા કરાવી, અને તેના મિથ્યાત્વની કાશ કાઢી નાખી. શ્રી માણેકલાલજીએ નવીન ચૈત્ય કરાવ્યું અને તેમાં પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

અમદાવાદમાં શ્રી રત્નસિંહજી ભંડારી, મુસલમાન બાદશાહ તરફના ગુજરાતના સૂબા હતા. તેમને દેવચંદ્રજીએ પ્રતિબોધ્યા તથા ધર્મમાર્ગમાં ઉદ્યમવંત કર્યાં. ભંડારી વિચારવા લાગ્યા કે આ ગુરુ સમાન હાલમાં અન્ય કોઈ ગુરુ નથી.

### અમદાવાદમાં મરકીનો રોગ નિવાર્યો

અમદાવાદમાં મરકીનો ઉપદ્રવ ફાટી નીકળ્યો. ઘણા લોકો કાળને શરણ થવા લાગ્યા. આથી સર્વે વ્યવહારીઓને સાથે લઈ શ્રી રત્નસિંહજી ભંડારી ગુરુમહારાજ પાસે પધાર્યા. શિર નમાવી મરકીના ઉપદ્રવ સંબંધી હકીકત સંભળાવી બોલ્યા કે રાજનગરમાં આ ઉપદ્રવે ઘણો ઉત્પાત મચાવ્યો છે. એની શાંતિ માટે આપ સરખા ગુરુ પાસે અમે આવ્યા છીએ. ગુરુશ્રીએ પણ જૈનમાર્ગના મંત્રાદિથી મંત્રેલા લોહ ખીલા ઠોક્યા તેથી અમદાવાદમાંથી મરકીનો ઉપદ્રવ દૂર થયો. એથી શ્રી દેવચંદ્રજીની ભારે પ્રશંસા થવા લાગી કે આવા દુખમાં પંચમઆરે જિનશાસનના ઉદ્ધાર કરનાર તથા મહા ઉપદ્રવોને દૂર કરનાર, સર્વના દુઃખ ટાળનાર શ્રી દેવચંદ્રજી મહારાજ છે.

ચાતુર્માસ પૂર્ણ થયે શ્રી દેવચંદ્રજી વિહાર કરી ધોળકા આવ્યા. ત્યાં અન્ય મતનું પ્રબળ જોર હતું. અહીં સત્ય ધર્મની પ્રરૂપણા કરતાં ઉપદેશામૃત વરસાવતા ત્યાં વસે છે. ત્યાં જિનશાસનના રત્ન સમાન શેઠ જયચંદ્ર વસે છે. તેમણે ગુરુ પ્રતાપે ચર્ચાવાદમાં એક યોગીને જીતી તેને ગુરુશ્રી પાસે આણ્યો અને પગે લગાડ્યો. ગુરુશ્રીએ પણ તેનું મિથ્યાત્વશલ્ય ઉપદેશ આપી દૂર કર્યું અને બુઝાવ્યો. તથા જૈનધર્મમાં દૃઢ શ્રદ્ધાવંત બનાવ્યો.

### પાલીતાણામાં વીશ વિહરમાન વીશીના સ્તવનોની રચના

એમ ભવ્યજીવો ઉપર બહુ ઉપકાર કરતાં વિચરતાં વિચરતાં સં.૧૭૯૫માં શ્રી પાલીતાણા આવ્યા. અહીં શ્રી દેવચંદ્રજી મહારાજે વીશ વિહરમાન વીશીના સ્તવનો બનાવ્યા.

### પ્રતિમાપૂજક ન હતા તેમને પ્રતિમાપૂજક કર્યા

નવાનગરમાં ૧૭૯૬-૯૭ના બે ચાતુર્માસ શ્રી દેવચંદ્રજીએ કર્યા. ત્યાં

ઢૂંઢક મત વિશેષ પ્રસરેલો હોવાથી ઢૂંઢકોના સંગથી જૈનોનો કેટલોક ભાગ શ્રી જિન ચૈત્યોમાં પૂજા વગેરે કરતો બંધ પડેલો, તેમને શ્રી દેવચંદ્રજી મહારાજે પોતાના પ્રખર ઉપદેશ, શાસ્ત્ર વગેરે પ્રમાણોથી બુઝવી પુનઃ તેમને જિન ચૈત્યોમાં પૂજા કરવા વગેરે સત્કાર્યોમાં જોડ્યાં. ઢૂંઢક સાધુઓને જીતી જેઓ પ્રતિમાપૂજક ન હતા તેમને પ્રતિમાપૂજક બનાવ્યા. જિનશાસનનો યશ પરિમલ વિસ્તારી પરધરી ગામના ઠાકોરને બુઝવી જિનભક્ત કર્યો તથા તે એમનો અનુયાયી બન્યો. સ્યાદ્‌વાદ શૈલીના જાણ પુરુષો સ્વપરને અતિશય ઉપકારી થઈ શકે છે.

### વ્યાખ્યાનમાં સિદ્ધાંતની રસપૂર્વક વ્યાખ્યા

જ્યારે શ્રી દેવચંદ્રજી મહારાજ અમદાવાદમાં હતા ત્યારે દોશીવાડાની પોળના ઉપાશ્રયે થોકબંધ શ્રોતા-શ્રાવકો અતિ ઉત્સાહપૂર્વક શ્રી દેવચંદ્રજી મહારાજનું વ્યાખ્યાન શ્રવણ કરવા આવતા. વ્યાખ્યાનમાં સિદ્ધાંતની વ્યાખ્યા અતિ રસપૂર્વક થતી હતી; જ્ઞાનરસની ઝડીઓ વરસતી હતી.

### અંત વખતે શિષ્યોને ભલામણ

અમદાવાદમાં શ્રીદેવચંદ્રજીને વાયુ પ્રકોપથી વમનનો અકસ્માત વ્યાધિ થયો. તેથી શરીરે અસમાધિ ઉત્પન્ન થઈ. તથા અંગોપાંગ શિથિલ થતાં શરીરની ક્ષીણતા થવા લાગી. તેથી પોતાના શિષ્યોને પાસે બોલાવી શિખામણ આપવા માંડી અને જણાવ્યું કે મારી અવસ્થા નરમ છે, શરીર ક્ષીણ થતું જાય છે, પુદ્‌ગલનો સ્વભાવ સદા એવો જ છે. માટે તમો શોક કરશો નહીં અને ધર્મમાર્ગમાં લીન રહેજો. ફરી શિખામણ દેવા માંડી કે તમે સર્વે સંપથી ચાલજો. સમયાનુસાર વર્તજો. હૃદયમાં પાપબુદ્ધિ બિલકુલ ધરશો નહીં. શ્રી સંઘની આજ્ઞા શિરોધાર્ય હમેશાં કરજો. સૂરિશ્વરની આજ્ઞા પ્રમાણે વર્તજો. વળી સૂત્રશાસ્ત્રનું જ્ઞાન હમેશાં પ્રાપ્ત કરતા રહેજો. તથા હે મનરૂપજી! તમે મારી પાછળ સમર્થ છો. મને કોઈપણ જાતની બિલકુલ ચિંતા નથી. આ બધો પરિવાર તાહરા ખોળે મૂકું છું; તેમને સંભાળજો. સાધુ ધર્મ બરોબર પ્રતિપાલન કરજો.

### દોશીવાડાનાં ઉપાશ્રયમાં સમાધિપૂર્વક દેહત્યાગ

પછી વિનીત એવા શિષ્યોએ ગુરુદેવને દશવૈકાલિક સૂત્ર તથા ઉત્તરાધ્યયન-સૂત્ર સંભળાવવા માંડ્યાં. જે શ્રીમદે ઉપયોગપૂર્વક સાંભળ્યા. તે તમામ સૂત્રોમાં જેવું કહે છે તેવું જ સત્ય યથાર્થ જાણતા થકા શ્રી અરિહંતનું એકાગ્ર ચિત્તે ધ્યાન



હૃદયમાં ધરવા લાગ્યા. આમ આરાધનાપૂર્વક મંત્રનું સ્મરણ કરતાં સં.૧૮૧૨ના ભાદ્રપદ અમાવસ્યાની એક પ્રહર રાત વ્યતીત થયે દોશીવાડાના ઉપાશ્રયમાં સમાધિપૂર્વક દેહત્યાગ કર્યો. સંઘમાં સર્વત્ર હાહાકારપૂર્વક શોક છવાઈ ગયો.

લોકો વિચારવા લાગ્યા કે કલ્પતરુ સમાન આ શ્રી દેવચંદ્રજી સદ્‌ગુરુસમ વિશ્વમાં બહુ જ થોડા હશે. જેમના મસ્તકે મણિ હતો. જે દેહને દહન કરતી વેળાએ અગ્નિમાંથી ઉછળી પડ્યો, અને પૃથ્વીમાં ચાલ્યો ગયો. આવો મણિ કોઈ મહાન પુરુષના મસ્તકને વિષે સંભવે. જેના મસ્તકમાં આ મણિ હોય તે વિશ્વમાં આદર્શ મહાપુરુષ હોય.

શ્રી દેવચંદ્રજી મહારાજની કવિતા તે કવિના હૃદયનો અરિસો છે. ભક્તની સ્તવના એ ભક્તનું હૃદય છે. જ્ઞાનીના ગ્રંથો એ જ્ઞાનીનું અભ્યંતર જીવન છે. વર્તમાન ચોવીશી વગેરેમાં એમની ભગવાન પ્રત્યેની ભક્તિ અને સિદ્ધાંત પણ ભરપૂર ભરેલાં છે.

અનેક મનુષ્યોના મુખેથી સાંભળેલી વિગતો :–

### શ્રી દેવચંદ્રજી મહાવિદેહ ક્ષેત્રમાં

શ્રી દેવચંદ્રજીના રાગી અધ્યાત્મજ્ઞાની શ્રાવકે પાટણમાં મહાન તપ કર્યું હતું. તે તપના પ્રભાવે ભુવનપતિ દેવે તેમને સાક્ષાત્ દર્શન આપ્યા. તે વખતે તે શ્રાવકે ભુવનપતિ દેવને દેવચંદ્રજી કઈ ગતિમાં ગયા એવો પ્રશ્ન કર્યો. તેના ઉત્તરમાં દેવે કહ્યું કે શ્રી દેવચંદ્રજી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ્યા છે. અને હાલ કેવલજ્ઞાની તરીકે વિચરે છે અને અનેક ભવ્યજીવોને દેશના દઈ તારે છે.

### શ્રી આનંદઘનજી અને શ્રી યશોવિજયજી એકાવતારી

આત્મજ્ઞાની ધ્યાની પરમ વૈરાગી શ્રી મણિચંદ્રજી નામના યતિ-સાધુ હતા. મહા તપસ્વી ધ્યાની હતા. તેમના તપના પ્રભાવે ધરણેન્દ્રે સાક્ષાત્ દર્શન આપ્યું. મણિચંદ્રજીને કોઢ, રક્તપિત્તનો મહા ભયંકર રોગ હતો. દેવે તેમને વરદાન માગવા કહ્યું ત્યારે તેઓએ કહ્યું કે તે રોગ ભોગવ્યા વિના છૂટકો નથી. કર્યાં કર્મ ઉદયમાં આવે છે, માટે મારે પણ ભોગવવા જ જોઈએ કે જેથી પરભવમાં કર્મનું લેણુદેણું રહે નહીં. શ્રી મણિચંદ્રજીએ ધરણેન્દ્રદેવને શ્રી દેવચંદ્રજી, શ્રી આનંદઘનજી અને શ્રી યશોવિજયજીની ગતિ વિષે પૂછ્યું. દેવે કહ્યું શ્રી દેવચંદ્રજી મહાવિદેહ ક્ષેત્રમાં કેવલી તરીકે વિચરે છે. શ્રી આનંદઘનજી અને શ્રી યશોવિજયજી

એકાવતારી છે. આ હકીકત એક વૃદ્ધ શ્રોતા-શ્રાવકે અમને એ પ્રમાણે પરંપરાથી ચાલતી આવેલી કહી હતી.

## શ્રી દેવચંદ્રજીના ચમત્કારો

એક વૃદ્ધ યતિજી વગેરેએ કહેલી વિગતો :—

શ્રી દેવચંદ્રજીએ બાલ્યાવસ્થામાં દીક્ષા લીધી હતી. એક વખતે કાયોત્સર્ગમાં બેઠા હતા ત્યારે એક ભયંકર સર્પ આવ્યો અને તેઓના શરીર પર ચઢવા લાગ્યો અને ચઢીને ખોળામાં જઈ બેઠો. આજુબાજુના સાધુઓ ગભરાવા લાગ્યા. પણ તેઓ ચળાયમાન થયા નહીં. તેઓએ કાઉસગ્ગ પાર્યો ત્યારે તે સર્પ ફુત્કાર કરતો ખોળામાંથી ઉતર્યો અને સામે બેઠો. શ્રી દેવચંદ્રજીએ તેને સમતાભાવના વચનો કહ્યાં. તે તેણે મસ્તક ડોલાવીને સાંભળ્યાં. બીજા સાધુઓ તેઓના ધૈર્યની પ્રશંસા કરવા લાગ્યા. તેઓ બાલ્યાવસ્થામાં એક દિવસમાં બસો શ્લોકો મુખપાઠે કરતા હતા અને વિસરી જતા નહોતા.

## ધરણેન્દ્રનું વ્યાખ્યાન સાંભળવા માટે બ્રાહ્મણરૂપે આગમન

શ્રી દેવચંદ્રજી મારવાડમાં મોટાકોટ મરોટમાં ચોમાસું રહેલા. તેમની દેશના આત્મસ્વરૂપની હતી. દરરોજ વ્યાખ્યાનમાં સર્વ દર્શનના લોકો આવતા. એક વૃદ્ધ બ્રાહ્મણ જેવો માણસ આવતો. તેના વિષે કોઈ જાણતું નહીં. શ્રી યશોવિજયજી કૃત જ્ઞાનસારનું વ્યાખ્યાન કરવામાં આવતું. એમના અનુભવની વાણીવડે શ્રોતાઓના આત્માઓમાં જ્ઞાનરસ છલકાઈ જતો હતો. પેલો વૃદ્ધ બ્રાહ્મણ પણ આનંદ પામતો, પણ બોલતો ન હતો. વ્યાખ્યાન પૂર્ણ થયા પછી ક્યાં જતો તેની ખબર પડતી નહીં. એક વખત રાત્રિએ તે બ્રાહ્મણ ઉપાશ્રયમાં આવ્યો અને શ્રી દેવચંદ્રજીને વંદના કરી બેઠો ત્યારે બીજા સાધુઓ પણ જાગતા હતા. વૃદ્ધ બ્રાહ્મણે જણાવ્યું કે હું ધરણેન્દ્ર છું. તમારી આત્મસ્વરૂપની દેશના મેં ચાર માસ સુધી સાંભળી. ભરતક્ષેત્રમાં તીર્થંકરની પેઠે આત્મસ્વરૂપની વ્યાખ્યા કરો છો તેથી હું ઘણો પ્રસન્ન થયો છું. ધરણેન્દ્રે શ્રી દેવચંદ્રજીને કંઈ માંગવાનું કહ્યું ત્યારે તેઓએ કહ્યું—અનંત દુઃખનો નાશ કરનાર અને અનંત સુખને પ્રગટાવનાર આત્માના શુદ્ધ ઉપયોગ વિના મારે અન્ય કોઈ વસ્તુની ચાહના નથી. દેવે આવું સાંભળીને ધન્યવાદ આપ્યો. દેવે સર્વ સાધુઓને પોતાની પ્રતીતિ થવા માટે વૈક્રિય શરીર પ્રગટ કરી દેખાડ્યું. તેથી સર્વની આંખો અંજાઈ ગઈ. પછી



સાધુઓને લાગ્યું કે શ્રી દેવચંદ્રજી મહારાજ આત્મજ્ઞાની પુરુષ છે, આરાધવા યોગ્ય છે.

## સિંહ શાંત થઈ પગે લાગ્યો

શ્રી દેવચંદ્રજી પંજાબ તરફ વિહાર કરતા હતા. પર્વત પાસે થઈ જવાનો રસ્તો હતો. પર્વતની નીચે એક સિંહ બેઠેલો હતો. મનુષ્યોને તે ખાઈ જતો. એ તરફ તેઓ વિહાર કરવા લાગ્યા. લોકોએ વાર્યા પણ પાછા વળ્યા નહીં. અને કહેવા લાગ્યા કે મારે સર્વજીવોની સાથે મૈત્રીભાવ છે; માટે ભય નથી. જ્યાં સિંહ બેઠો હતો ત્યાં આવી પહોંચ્યા. તેઓને દેખી સિંહ બરાડા પાડી ઊઠ્યો. તેમની પાસે આવ્યો અને પગે પડી સામે ઊભો રહ્યો. તેને શાંત કર્યો, પછી તે ચાલ્યો ગયો. પાછળ આવનાર ગૃહસ્થો આવું દેખી આશ્ચર્ય પામ્યા.

## જામનગરમાં જૈન દેરાસરના તાળાં ઉઘડ્યાં

એક વખત જામનગરમાં મુસલમાનોનું સામ્રાજ્ય વધી ગયું હતું. એક જૈન દેરાસરમાં તેની મૂર્તિઓને ભોંયરામાં સંતાડવામાં આવી હતી. મુસલમાનોએ જબરાઈથી દેરાસરનો કબજો લઈ મસ્જીદ તરીકે તેનો ઉપયોગ કર્યો હતો, તે ત્યાંની અઢારવર્ણ જાણતી હતી; પણ ચમત્કાર વિના નમસ્કાર થાય નહીં. એવામાં શ્રી દેવચંદ્રજી મહારાજ વિહાર કરતા કરતા ત્યાં આવી પહોંચ્યા. તેમણે રાજાની સમક્ષ જૈન દેરાસર સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો અને મુસલમાનોએ મસ્જીદ સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો. છેવટે રાજાએ એવો ઠરાવ કર્યો કે દેરાસરને તાળાં લગાવવામાં આવે અને જે પોતાના પ્રભુના નામે પ્રાર્થના કરી ઉઘાડે તેને તેનો કબજો સોંપવામાં આવશે. આ પ્રમાણે ઠરાવ કરીને ફકીરોને પહેલી તક આપી. ફકીરોએ ખુદાના નામે કુરાન વાંચી પ્રાર્થના કરી પણ તાળા ઉઘડ્યા નહીં. પછી શ્રી દેવચંદ્રજીનો વારો આવ્યો. તેમણે જિનેન્દ્ર પરમાત્માની સ્તુતિ કરી તેથી તાળા તૂટીને હેઠે પડ્યાં. ભોંયરામાંથી ઘણી મૂર્તિઓ નીકળી તે પાછી વિધિપૂર્વક દેરાસરમાં સ્થાપન કરવામાં આવી. એમના આવા ચમત્કારો દેખી જામનગરના રાજા તથા પ્રજા ખુશ થઈ અને જૈનધર્મની પ્રશંસા સર્વત્ર પ્રસરી. આત્મજ્ઞાની મહાત્માઓ સ્વયં ચમત્કારરૂપ છે. આત્માની અનંતશક્તિ છે. વૃદ્ધ શ્રાવકો પાસેથી સાંભળેલી હકીકતો અત્રે લખી છે. આવા પુરુષોને અનેક લબ્ધિઓ પ્રગટે એમાં આશ્ચર્ય નથી.

## થોડી રસોઈમાં ઘણા જમ્યા

શ્રી દેવચંદ્રજીએ મારવાડમાં સંઘ જમણ પ્રસંગે ગૌતમસ્વામીના ધ્યાનથી

એક હજાર શ્રાવકો જમે તેટલા જમણમાં આઠ હજાર શ્રાવકોને જમાડવાની મંત્રશક્તિ વાપરી હતી. તેમને સિદ્ધાંતોનો તીક્ષ્ણ ઉપયોગ હતો. અનેક પ્રકારની અવધાન શક્તિઓ તેમનામાં ખીલી હતી. પરંતુ તેઓ કોઈની આગળ પ્રસંગ વિના જણાવતા નહીં. જ્યાં ચોમાસું કરતા ત્યાં લોકોમાં શાંતિ પ્રસરતી. તેમનામાં વચનસિદ્ધિ પ્રગટી હતી. તેઓ વૈરી મનુષ્યોના વેરનો સહજમાં ઉપદેશ આપી નાશ કરતા. ગચ્છોના ખંડનમંડનમાં તેઓ પડતા નહોતા.

-'શ્રી દેવચંદ્રજીના જીવનચરિત્ર'માંથી

## શ્રી યશોવિજયજીનું જીવનચરિત્ર

શ્રી યશોવિજયજી મહારાજનો જન્મ વિ.સં. ૧૬૮૦માં ઉત્તર ગુજરાતમાં આવેલ કલોલ ગામ પાસેના કનોડા નામના ગામમાં થયો હતો. તેમનું નામ જશવંત રાખવામાં આવ્યું હતું. તેમના પિતાનું નામ નારાયણજી અને માતાનું નામ સોભાગદે હતું. માતાપિતા બન્ને જૈનધર્મની પ્રીતિવાળા હતા. લગભગ ૫-૬ વર્ષની ઉંમરે તેમને ગુરુએ દીક્ષા આપી હતી. થોડા વર્ષમાં સૂત્રો વગેરે બધું ભણી ગયા હતા.

અમદાવાદમાં શાહ ધનજી સુરા નામે એક જૈન શ્રીમંત હતા. તેઓ દાનવીર હતા. શ્રી યશોવિજયજી મહારાજનો બુદ્ધિ પ્રભાવ જોઈ શેઠે ગુરુજીને કહ્યું કે એમને કાશી ભણવા મોકલો તો એનો જે ખર્ચ થશે તેનો બંદોબસ્ત હું કરીશ. એમણે બે હજાર દિનાર ઉપરાંત પંડિતનો ખર્ચ થાય તે આપવાનું કબૂલ્યું. શ્રી યશોવિજયજી અને શ્રી વિનયવિજયજી બેય સાધુ સાથે કાશી જવા રવાના થયા. અનેક સંકટો વેઠતાં તેઓ કાશી પહોંચ્યા. કાશી તો સરસ્વતીનું ધામ ગણાય. ત્યાં માર્તંડ ભટ્ટાચાર્ય પાસે સાતસો શિષ્યો અભ્યાસ કરતા; પણ બધા વેદધર્મી હતા. જૈનોનું ત્યાં સ્થાન નહોતું.

આ બન્ને સાહસિક સાધુઓએ વેશ બદલી નાખ્યો. એક યશોલાલ અને બીજા વિનયલાલ બની ગયા.

શ્રી યશોવિજયજીએ ન્યાયનો વિષય મુખ્યપણે લીધો અને શ્રી વિનય-વિજયજીએ વ્યાકરણનો વિષય લીધો. ગંગા નદીના રમ્ય કિનારા પર બેસી તેમણે સરસ્વતી એટલે વિદ્યા મંત્રનું આરાધન કર્યું. ન્યાય, મીંમાસા, બૌદ્ધ, જેમિની, વૈશેષિક વગેરેના સિદ્ધાંતો, ચિંતામણિ ન્યાય વગેરે ગ્રંથોના અધ્યયનથી



તેઓ અજેય વિદ્વાન અને પંડિતોમાં ચૂડામણિ સમાન થયા. હમેશાં અધ્યાપકને તેઓ એક રૂપિયો આપતા હતા.

### એક રાતમાં સાતસો શ્લોક મુખપાઠ

આમ ત્રણ વર્ષ સુધી એકચિત્તે અભ્યાસ કરી સકલ શાસ્ત્રમાં પારંગત અને ન્યાયના વિષયમાં એક્કા થયા. ગુરુની સેવા બરાબર ઉઠાવવાથી ગુરુએ પ્રસન્ન થઈ સર્વ વિદ્યાઓ શીખવી. માત્ર એક અપૂર્વ ગ્રંથ તેમની પાસે હતો તે ન શીખવ્યો. એ ગ્રંથ કોઈને તેઓ બતાવતા નહોતા. એ ગ્રંથ કોઈ ઉપાયથી ગુપ્ત રીતે તેમણે મેળવ્યો. એમાં ૧૨૦૦ શ્લોક હતા. તેમાંથી એક જ રાતમાં ૭૦૦ શ્લોક શ્રી યશોવિજયજીએ અને ૫૦૦ શ્લોક શ્રી વિનયવિજયજીએ મુખપાઠ કર્યાં. એમ એક રાતમાં આખો ગ્રંથ મુખપાઠ કરી લીધો પણ ગુરુની રજા વિના યાદ કરવાથી મનમાં તે ખટકવા લાગ્યું. આ એક જાતની ચોરી છે. ગુરુ જે શિક્ષા આપશે તે લઈશું. એમ વિચારી એક દિવસ ગુરુને પ્રસન્ન મુખવાળા જોઈ એ ગ્રંથ સંબંધી વાત કરી અને માફી માગી. તે સાંભળી ગુરુએ તેમની જ્ઞાનપિપાસા અને એક જ રાતમાં આખો ગ્રંથ યાદ કરી લેવાની શક્તિ જોઈ ખુશ થઈને માફી આપી.

### વાદમાં સંન્યાસીને હરાવ્યો

એકવાર દક્ષિણ દેશમાંથી એક સંન્યાસી ભારે ઠાઠથી વાદવિવાદ કરવા કાશીમાં આવ્યો. તેણે વારાણસીના પંડિતોની એક સભા ભરી. પોતાની સાથે વાદ કરવા પડકાર કર્યો. બધા પંડિતો ડરી ગયા. બ્રાહ્મણના વેશમાં રહેલા શ્રી યશોવિજયજી બોલ્યા : હું એ સંન્યાસી સાથે વાદ કરવા તૈયાર છું પણ હું આગળ અને બધા પંડિતો મારી પાછળ ચાલે તો વાદ કરું. પંડિતોએ એ વાત માન્ય રાખી. પછી તરત જ શ્રી યશોવિજયજીએ ગુપ્તવેશનો ત્યાગ કર્યો અને સાધુનો વેશ ધારણ કર્યો. પછી સંન્યાસી સાથે વાદવિવાદ શરૂ થયો. પોતાના અદ્ભુત ક્ષયોપશમથી સંન્યાસીને હરાવ્યો. કાશીના બધા પંડિતો પ્રસન્ન થયા. શ્રી યશોવિજયજીને 'ન્યાયવિશારદ'ની પદવી આપી તેમનું બહુમાન કર્યું.

### સંઘ સમક્ષ ઉપાધ્યાય પદનું આરોપણ

પછી ગુરુની આજ્ઞા લઈ કાશીથી આગ્રા આવ્યા. ત્યાં ચાર વર્ષ રહી તર્ક અને પ્રમાણના સિદ્ધાંતોનો વિશેષ અભ્યાસ કર્યો. સંવત્ ૧૭૧૮માં તેમને શ્રી વિજયપ્રભસૂરિએ સંઘ સમક્ષ વાચક-ઉપાધ્યાય પદ આપ્યું. - શ્રી યશોવિજયજીના જીવનચરિત્રમાંથી

## આ છોકરો ગૃહસ્થને ત્યાં ન શોભે

પૂજ્યશ્રી બોધામૃત ભાગ-૧માં જણાવે છે :– "યશોવિજયજીનાં દાદી રોજ 'ભક્તામર' એક મુનિ પાસે જઈને સાંભળીને પછી જમતાં, એવો એમનો નિયમ હતો. એટલામાં ચોમાસાના દિવસો આવ્યા. આઠ દિવસ લાગટ વરસાદ વરસ્યો તેથી ભક્તામર સાંભળવા જઈ ન શક્યાં. યશોવિજયજી તે વખતે પાંચ વર્ષના હતા. તેઓ પણ જ્યારે દાદીમાં ભક્તામર સાંભળવા જાય ત્યારે સાથે જતા. બે ત્રણ ઉપવાસ થયા ત્યારે યશોવિજયજીએ પૂછ્યું કે કેમ નથી ખાતાં? તેમણે કહ્યું, ભક્તામર સાંભળ્યા વગર ખાવું નહીં એવો મારો નિયમ છે. વરસાદ બહુ પડે છે તેથી સાંભળવા જવાતું નથી. યશોવિજયજીએ કહ્યું, લ્યો હું સંભળાવું. તેમણે કહ્યું, ત્યારે તો સારું, સંભળાવ. યશોવિજયજીએ કહ્યું મને ઊંચે આસને બેસાડો. ડોશીમાએ યશોવિજયજીને ઊંચકીને તાકામાં બેસાડ્યા અને પછી બોલવા કહ્યું ત્યારે યશોવિજયજી ભક્તામર સ્તોત્ર પૂરું બોલી ગયા. પછીથી વરસાદ બંધ થયો ત્યારે ડોશીમા યશોવિજયજીને સાથે લઈ મુનિ પાસે ગયાં. મુનિએ પૂછ્યું કે આટલા દિવસ કેમ ન આવ્યાં? ડોશીમાએ કહ્યું કે આ મારો જસીયો છે તે રોજ મને સંભળાવતો હતો. મુનિને લાગ્યું કે એ છોકરો ગૃહસ્થને ત્યાં શોભે એવો નથી. મુનિ થાય તો શાસનનો ઉદ્ધાર થાય. એમ વિચારી ડોશીમાને કહ્યું, આ છોકરો અમને સોંપી દ્યો. ડોશીમાએ હા કહી. પછી મુનિએ યશોવિજયજીને દીક્ષા આપી. થોડા વર્ષોમાં સૂત્રો વગેરે બધું ભણી ગયા. પછી ગુરુએ તેમને કાશી મોકલ્યા. ત્યાં યશોવિજયજી બહુ ભણ્યા. ભણીને પાછા પોતાના જ ગામમાં આવ્યા.

## ગણધરો કેટલી ધજાઓ રાખતા હતા?

તેઓ ઉપરાઉપર બે પાટ મુકાવી ઊંચે બેસી વ્યાખ્યાન કરતા અને પાટ ઉપર ઘણી ધજાઓ લગાવરાવતા. તે મનમાં એમ માનતા હતા કે મારા જેવો કોઈ નથી. એ વાતની ડોશીમાને ખબર પડી. તેમને લાગ્યું કે કાશી ભણી આવ્યો તેથી આવડો ડોળ શું કરે છે? અભિમાનમાં ચઢી ગયો છે. તેથી એને શિખામણ આપું. એમ કરી તે ઉપાશ્રયે ગયાં. ત્યાં યશોવિજયજી વ્યાખ્યાન કરતા હતા. ડોશીમાએ પૂછ્યું, પહેલાંના ગણધરોને કેટલાં જ્ઞાન હતાં? યશોવિજયજીએ કહ્યું, ચાર. ડોશીમાએ પૂછ્યું કે વર્તમાનમાં કેટલાં? ત્યારે



યશોવિજયજીએ કહ્યું કે મતિ શ્રુત બે. ડોશીમાએ પૂછ્યું કે ગણધરો કેટલી ધજાઓ રાખતા હતા? એટલે યશોવિજયજી સમજી ગયા અને બધી ધજાઓ ઉતારી લીધી. એમના ગુરુને પણ લાગ્યું કે અભિમાનમાં ચઢી ગયો છે, તેથી બોલાવીને કહ્યું કે તમે આનંદઘનજીને મળજો. ગુરુના વચન ઉપર વિશ્વાસ, તેથી મનમાં રહેતું કે આનંદઘનજીને મારે મળવું.

## ત્રણ દિવસ અને ત્રણ રાત એક ગાથાનો અર્થ

એક દિવસે જંગલમાં ગયા ત્યાં આનંદઘનજી મળ્યા. નમસ્કાર કરીને યશોવિજયજી ત્યાં બેઠા. આનંદઘનજીએ પૂછ્યું કે તમને દશવૈકાલિક સૂત્ર આવડે છે? યશોવિજયજીએ કહ્યું, હા આવડે છે. ત્યારે આનંદઘનજીએ કહ્યું કે એની પહેલી ગાથાનો અર્થ કરો.

**धम्मो मंगलमुक्किठं अहिंसा संजमो तवो ।**
**देवा वि तं नमंस्संति जस्स धम्मे सया मणो ॥**

એ આખી ગાથાના દશબાર અર્થ કર્યા. આનંદઘનજીએ કહ્યું, બસ આટલું જ આવડે છે? ત્યારે યશોવિજયજીએ કહ્યું કે તમે અર્થ કરો. આનંદઘનજીએ ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી એ ગાથાના અર્થ કર્યા તેથી યશોવિજયજીને લાગ્યું કે આ તો બહુ ભણ્યા નથી, છતાં મારા કરતાં વધારે જાણે છે. હું કાશી ભણી આવ્યો છું, છતાં આટલું જાણતો નથી. બધું અભિમાન ગળી ગયું. આ પાંડિત્યમાં તો કાંઈ નથી. આત્માનું હિત એનાથી થાય એમ નથી. તેથી આનંદઘનજીને કહ્યું કે મારું આત્મહિત થાય એમ કરો. પછી આનંદઘનજીએ બોધ કર્યો. એ વખતે યશોવિજયજીને બહુ પ્રસન્નતા થઈ હતી તેથી આનંદઘનજીના ઉપકારવાળાં ચાર પાંચ પદો પણ રચ્યાં. પછી યશોવિજયજીએ 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથમાંથી સંક્ષેપમાં 'આઠ દૃષ્ટિની સજ્ઝાય' લખી અને આનંદઘનજીને તે બતાવી. સંસ્કૃતનો ગર્વ મૂકીને ગુજરાતીમાં લખ્યું તેથી આનંદઘનજી રાજી તો થયા પણ સાથે કહ્યું કે સમજ્યા તે શમાયા. સમજીને બીજાને કહેવાનું નથી, બહાર ફેંકી દેવાનું નથી." -બો.ભા.૧ (પૃ.૨૭૬)

## વૃદ્ધ ડોસા અમારા વિદ્યાગુરુ

એક વખત ખંભાતમાં તેઓ વ્યાખ્યાન વાંચતા હતા, ત્યારે એક વૃદ્ધ ડોસા જેવા વ્યક્તિ સભામાં આવ્યા. દૂરથી તેને જોતાં જ શ્રી યશોવિજયજીએ ઊભા

નમસ્કાર કર્યા. બધાને વિચાર આવ્યો કે મહાસમર્થ ઉપાધ્યાયજી આ ભૂખડીબારસ જેવા ડોસાને શા માટે નમસ્કાર કરતા હશે. તેમને સન્માનપૂર્વક આસન આપ્યું. પછી શ્રોતાઓને જણાવ્યું કે આ વૃદ્ધ ડોસા અમારા વિદ્યાગુરુ છે. કાશીમાં અમે એમની પાસે રહી ન્યાય અને વ્યાકરણનો અભ્યાસ કર્યો હતો. તેમનો યોગ્ય સત્કાર કરશો. ઉપાધ્યાયની આટલી સૂચના થતાં જ ખંભાતના શ્રાવકોએ ફાળો કર્યો. સીત્તેર હજાર રૂપિયા તે જમાનામાં ભેગા કરી ગુરુદક્ષિણા તરીકે વૃદ્ધ પંડિતને અર્પણ કર્યા.

### પ્રતિમાની આવશ્યકતા સિદ્ધ કરવા પ્રયત્ન

તે સમયમાં પ્રતિમાને નહિ માનનાર નવા સંપ્રદાયનું જોર જ્યાં ત્યાં વધતું જતું હતું. ઉપાધ્યાયજીને મૂર્તિપૂજાનો આ વિરોધ ગમ્યો નહીં. તેની સામે વ્યાખ્યાનો અને લખાણો દ્વારા તેમણે નવા મતનું યુક્તિપૂર્વક ખંડન કર્યું. સંસ્કૃતમાં પ્રતિમા-શતક અને ગુજરાતીમાં સાડા ત્રણસો ગાથાનું સ્તવન રચી પ્રતિમાની આવશ્યકતા સિદ્ધ કરવા તેમણે સબળ પ્રયત્ન કર્યો.

### ડભોઈમાં સમાધિમરણ

શ્રી યશોવિજયજીએ એકંદરે ૧૦૮ ગ્રંથ અને બે લાખ શ્લોક રચ્યા છે. વિક્રમ સં.૧૭૪૩માં તેમણે ગુજરાતના સુપ્રસિદ્ધ પ્રાચીન શહેર ડભોઈમાં ચાતુર્માસ કર્યું. આ વખતે તેમની તબિયત ઘણી ક્ષીણ થઈ. પોતાનું આયુષ્ય સમાપ્ત થવા આવ્યું છે એમ તેમને લાગ્યું. તેથી અનશન ગ્રહણ કરી ડભોઈમાં જ સમાધિપૂર્વક દેહત્યાગ કરી સ્વર્ગે સિધાવ્યા. ધન્ય છે આવા પવિત્ર આત્માઓને કે જેણે પોતાનું હિત કરી બીજાઓને પણ કલ્યાણ કરવામાં સહાય આપી.

---

શ્રી મોહનવિજયજીનું જીવનચરિત્ર મળ્યું નથી. તેઓ પણ શ્રી આનંદ-ઘનજી, શ્રી દેવચંદ્રજી અને શ્રી યશોવિજયજી મહાપુરુષોના સમકાલીન થયા છે એમ જાણવા મળ્યું છે.



## સ્તુતિઓ

''જયદેવ જિનેન્દ્ર મહાન, જય અહો ! જિનેન્દ્ર મહાન.
લાખો સુર-નર-પશુપંખીને ઉપકારી ભગવાન,
ક્ષુદ્ર સાધન-સામગ્રી મુજ, શું કરી શકું તુજ ગાન ?
જય અહો ! જિનેન્દ્ર મહાન, જય દેવ જિનેન્દ્ર મહાન.''

''આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા;
મરુદેવી માયા, ધોરી લંછન પાયા;
જગત થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા;
કેવળ શ્રી રાયા, મોક્ષ નગરે સિધાયા.''

''ત્રાસી લાખ પૂરવ ઘરવાસે, વસિયા પરિકર યુક્તાજી,
જન્મથકી પણ દેવતરુ ફલ, ક્ષીરોદધિ જલ ભોક્તાજી;
મઈ સુય ઓહિ નાણે સુજત્ત, નયણ વયણ કજ ચંદાજી,
ચાર સહસહું દીક્ષા શિક્ષા, સ્વામી શ્રી ઋષભ જિણંદાજી.''

''શાંતિ સુહંકર સાહેબો સંજમ અવધારે,
સુમિત્રને ઘેર પારણું, ભવ પાર ઉતારે;
વિચરંતા અવની તલે, તપ ઉગ્ર વિહારે,
જ્ઞાન ધ્યાન એક તાનથી, તિર્યંચને તારે.''

''દર્શન અલૌકિક આપનું સ્થિર હે પ્રભુ, મુજ ઉર વસો,
વીતરાગતારૂપ વદન તુજ, મુજ નજરથી દૂર ના ખસો;
એ આત્મદૃષ્ટિ આપની મુજ મન વિષે ચોટી રહો,
શ્રુત ભાનરૂપી કાનનું નહીં ભાન ભૂલાશો અહો !''

''પરિપૂર્ણ જ્ઞાને પરિપૂર્ણ ધ્યાને, પરિપૂર્ણ ચારિત્ર બોધિત્વદાને;
નીરાગી મહાશાંત મૂર્તિ તમારી, પ્રભુ પ્રાર્થના શાંતિ લેશો અમારી.''

''છે પ્રતિમા મનોહારિણી દુઃખહરી, શ્રી વીર જિણંદની,
ભક્તોને છે સર્વદા સુખકરી, જાણે ખીલી ચાંદની,
આ પ્રતિમાના ગુણ ભાવ ધરીને, જે માણસો ગાય છે,
પામી સઘળા સુખ તે જગતનાં, મુક્તિ ભણી જાય છે.''

''અન્યથા શરણમ્ નાસ્તિ, ત્વમેક શરણં મમ,
તસ્માત્ કારુણ્ય ભાવેન, રક્ષ રક્ષ જિનેશ્વર.''

''દુરિતભયનિવારં મોહતિધ્વંસકારં, ગુણવંતમવિકારં પ્રાપ્તસિદ્ધિમુદારં;
જિનવર જયકારં કર્મસંક્લેશહારં, ભવજલનિધિતારં નૌમિ નેમિકુમારં.''

''નહિ ત્રાતા નહિ ત્રાતા, નહિ ત્રાતા જગત્ત્રયે;
વીતરાગાત્ પરો દેવો ન ભૂતો ન ભવિષ્યતિઃ''

''સુણો ચંદાજી! સીમંધર પરમાતમ પાસે જાવજો;
મુજ વિનતડી પ્રેમ ધરીને એણિપરે તુમે સંભળાવજો;
જે ત્રણ ભુવનનો નાયક છે, જસ ચોસઠ ઇંદ્ર પાયક છે,
નાણ દરિશણ જેહને ખાયક છે, સુણો ચંદાજી!......''

''શ્રી સીમંધર જિનવર સ્વામી, વિનતડી અવધારો;
શુદ્ધ ધર્મ પ્રગટ્યો જે તુમચો, પ્રગટો તેહ અમારો રે સ્વામી,
વીનવીએ મન રંગે.''